[illegible]

અમૃતલાલ સુંદરજી.

સ્વર્ગનો આનંદ.

લેખક અને પ્રકાશક

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર.

ઠે. કાલબાદેવી-મુંબઈ.

" હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે;
હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે."

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૫૦૦.

સંવત્ ૧૯૭૩. સને ૧૯૧૭.

કિંમત રૂપિયો એક.

પઢીયારનાં પુસ્તકો મળવાનાં ઠેકાણાં:—

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર.

હાથી બીલ્ડીંગ, કાલબાદેવી રોડ—મુંબઇ.

બુકસેલર્સ:—ઝવેરભાઇ ઉમેદભાઇ પટેલ ઠે. રીચીરોડ-અમદાવાદ.

બુકસેલર:—બેચર મેઘજી—રાજકોટ.

બુકસેલર:—અબદુલહુસેન આદમજી—ભાવનગર.

બુકસેલર:—એન. એમ. ત્રીપાઠી પ્રીન્સેસ સ્ટ્રીટ—મુંબઇ.

બુકસેલર:—મોહનલાલ મનસુખરામ—વડોદરા.

આ પુસ્તક મુંબાઈ નં. ૯૩, ચીંચપોકલી પરેલ રોડ પર લેડી નૉર્થકોટ હિન્દુ
ઑર્ફનેજ કે. એન. સેલર પ્રેસમાં ધોંડીબા નારાયણ વનારસેએ
છાપ્યું છે: અને વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયારે
હાથી બીલ્ડિંગ, કાલબાદેવી રોડ, નં. ૨
મુંબઈમાં પ્રસિદ્ધ કર્યું છે.



સ્વર્ગવાસી શેઠ રણછોડદાશ વેલજી પાકીતવાલા.

આ પુસ્તક જેના આશ્રયથી છપાએલું છે તે સ્વર્ગવાસી શેઠ રણછોડદાસ વેલજી પાકીટવાળાની ઓળખાણ.

બાજુના પાનામાં છબી આપેલી છે; તે સદ્ગૃહસ્થનું નામ રણછોડદાસ વેલજી પાકીટવાળા છે. તે કચ્છમાં આવેલા જખૌ ગામના રહેવાશી હતા. જાતે કચ્છી લુહાણા હતા, અને મુંબાઇમાં જકરીયા મસીદ પાસે કેનવાસનો વેપાર કરતા હતા. તેઓ પોતાની બેંતાળીસ વરસની જુવાન ઉમરમાં ન્યુમોનીયા તાવની બીમારીથી સંવત્ ૧૯૭૦ ના આસો શુદી ૧૩ તે દિવસે પોતાની પાછળ પોતાની પત્ની વૃદ્ધ માતુશ્રી તથા એક પુત્રાને છોડીને મુંબાઇમાં સ્વર્ગવાસી થયા હતા.

શેઠ રણછોડદાસ બહુ સાદા ને ભલા હતા. તેમને ભજનમાં બહુ પ્રીતી હતી તેથી મરણ અગાઉના ઘણા વખત સુધી તેઓ એક ભજન મંડળમાં જતા હતા અને શાન્તિથી પ્રેમપૂર્વક ભજન કરતા હતા. તેમને ઈશ્વરમાં ઘણો પ્રેમ હતો અને પોતાથી બની શકે તે પ્રમાણે પરમાર્થ કરવામાં પણ ભાવ રાખતા હતા. મરતી વખત પોતાની શક્તિ પ્રમાણે બીજા જુદા જુદા પરમાર્થની સાથે એક ભજન મંડળીને પણ એક સારી રકમ આપવાનું તેઓ કહી ગયા હતા એ પૈસા ભક્તિ વધારવામાં ઉપયોગી થાય, તેમાંથી થયેલુ કામ હરિજનોને ઉપયોગી થાય અને સ્વર્ગવાસી શેઠ રણછોડદાસ વેલજીની યાદગીરી રહે એવા હેતુથી એ મંડળીમાં કામ કરનાર ભક્તરાજ મહારાજ તથા શેઠ રણછોડદાસના સગાઓએ સત્સંગ મંડળમાં ભાગ લેતા સૌ હરિજનોને તથા એ મંડળને

લગતા બીજા દેશપરદેશના મંડળોને તથા ડાકોરજીમાં, ગીરનારમાં અને સિદ્ધપુરમાં ભેગા થતા ભગતોના મંડળને ઉપયોગી થઇ પડે એવા હેતુથી આ સ્વર્ગનો આનંદ નામે ભક્તિમાર્ગનું પુસ્તક છપાવેલું છે. અને આ પુસ્તક છપાવવાનું ખર્ચ તેમનાં માતુશ્રી તથા પત્નીએ આપેલું છે. માટે તેમને ધન્યવાદ ઘટે છે.

છેવટે એજ કે, સત્સંગનો મહીમા સમજનાર, અંતકાળે પણ સત્સંગ મંડળીને ટેકો આપવાની ઇચ્છા રાખનાર, સ્વર્ગવાસી શેઠ રણછોડદાસ વેલજીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાન્તિ આપવાની કૃપા કરો.

અમૃતલાલ સુંદરજી પઢીયાર.

મુંબઇ, તા. ૨૬-૧૨-૧૬.

આ પુસ્તકને લગતી જાણવા લાયક હકીકત.

જે હરિજનો સાથે મળીને ઘણા વરસો થયા સત્સંગ કરે છે અને દરરોજ ઘણા કલાકો સુધી શાન્તિ રાખીને માળા ફેરવ્યા કરે છે તથા પરમકૃપાળુ પરમાત્માના મહા મંગળકારી પવિત્ર નામનું સ્મરણ કર્યા કરે છે, જે હરિજનો પોતાના અંતરમાં રહેલાં છુપાં પાપોને કાઢવાને કોશિષ કર્યા કરે છે, જે હરિજનોમાં દિનપ્રતિદિન અનંત બ્રહ્માંડના નાથનો પ્રેમ વધતો જાય છે, જે હરિજનો ઉત્તમમાં ઉત્તમ પવિત્રતાની મહત્તા સમજતા જાય છે અને પોતે પણ થોડા થોડા પવિત્ર થતા જાય છે, જે હરિજનો સર્વ શક્તિમાન્, સર્વવ્યાપક અને અનંત બ્રહ્માંડોનું અનંતકાળ થયા પોષણ કરી રહ્યા છે તે પાલણહાર પ્રભુને અર્થે દાન આપવાની મહત્તા સમજ છે, જે હરિજનો અંતરના સાચા ત્યાગ તરફ ઢળતા જાય છે અને તેમ છતાં પોતાની સંસારિક ફરજો બજાવ્યા કરે છે, જે હરિજનોમાં બહારનો બનાવટી નહીં, પણ પ્રભુમાંથી આવેલો અને આત્મથી ઉત્પન્ન થતો આત્મભાવ વધતો જાય છે, તથા જેને સર્વાત્મ ભાવના દર્શન થતાં જાય છે, જે હરિજનો પ્રભુપ્રેમના અશ્રુની ગંગામાં અને પશ્ચાતાપના અશ્રુના તીર્થમાં વખતો વખત સ્નાન કર્યા કરે છે, જે હરિજનો અનંત બ્રહ્માંડના નાથનો મહિમા સમજવાની અને તેને પોતાના અંતરમાં ઉતારવાની કોશીષ કર્યા કરે છે, જે હરિજનો અસલના મહાન ભગતોના જીવનનું અમૃત પીધા કરે છે, જે હરિજનો આત્મા વડે પરમાત્માને પકડવાની કુંચી શીખતા જાય છે, જે હરિજનો પરમકૃપાળુ પરમાત્માના પવિત્ર નામ સ્મર્ણમાંથી સહજ સમાધીના જેવો આનંદ મેળવ્યા કરે છે, જે હરિજનો પ્રભુના જ્ઞાન સ્વરૂપમાં, પ્રભુના પ્રેમ, સ્વરૂપમાં, તથા પ્રભુના આનંદ સ્વરૂપના સમુદ્રમાં ડુબકી માર્યા કરે છે અને તેમાંથી જીંદગીની સાર્થકતા કરનારાં અલૌકિક મોતી વીણ્યા કરે છે, તથા જે હરિજનોની દિનપ્રતિદિન એવી સ્થીતિ થતી જાય છે કે,

કયા બોલે! અબ કયા બોલે?
મન મગન ભયા અબ કયા બોલે?

તે હરિજનો માટે, તથા એવીજ રીતે રહેતા બીજા ભકતોના મંડળો જુદા જુદા ગામમાં જેવાં કે, ગીરનાર, ડાકોર, સિદ્ધપુર, દ્વારકાં વિગેરેમાં તથા ગુજરાત કાઠીયાવાડના ગામડાઓમાં મંડળીઓ કરીને પોતાની ભકિત પોતાની શકિત અને પોતાના જ્ઞાનના પ્રમાણમાં ઈશ્વર અર્થે કંઇ કંઇ કરી રહ્યા છે, એવાઓને માટે આ "સ્વર્ગના આનંદ" નું પુસ્તક લખાયલું છે. એટલે ભકતોના પ્રકાર, ભક્તિ કરવાની જરૂરીયાત, પાપથી બચવાના ઉપાયો અને પ્રભુ મહિમાની વાતોજ મુખ્યતાથી આ પુસ્તકમાં આવે છે.

આ પુસ્તકમાં આવતા દોહરાઓ તથા ભજનો વિષે.

આ પુસ્તકમાં ઘણી વખત કેટલાક દોહરાઓ વારંવાર આવેલા છે, તથા કોઇ કોઇ ભજન પણ એકથી વધારે વખત આવેલાં છે, તેનું કારણ એ છે કે, જુદા જુદા દ્રષ્ટાંત નીચે જે દોહરા બંધબેસતા થાય તે ત્યાં મુકેલા છે. કારણ કે અમારો વિચાર એવો છે કે, ભકિતનાં દરેક અંગો ગોખાવી ગોખાવીને પક્કાં કરાવવાં જોઇએ. એક વખત કહી ગયા એટલે બસ થયું, એમ કંઇ ચાલે નહિ. પણ જેમ વિદ્યાર્થી પાસે માસ્તરો કેટલાક પાઠ મોઢે ગોખાવવા ઇચ્છે છે તેમ, કેટલાક હરિજનો પાસે કેટલાક દોહરાઓ, કેટલાંક પદો, અને કેટલાક સિદ્ધાન્તો અમે મોઢે કરાવવા ઇચ્છીએ છીએ. માટે એ બધું યાદ રહે તે સારૂ ફરી ફરીથી એની એ વાત કહેવી પડે છે. એટલે આવા હેતુસર એકનો એક દોહરો એકને એક પુસ્તકમાં ઘણી વખત આવે છે, એટલુંજ નહીં પણ એ દોહરો પક્કા કરાવવા માટે ખાસ ચાહીને વારંવાર જુદે જુદે ઠેકાણે, જુદા જુદા રૂપમાં તેને ગોઠવવામાં આવે છે, અને તેનું કારણ એજ છે કે, ભકિતના અમૂલ્ય સિદ્ધાંતો ભગતોના મનમાં દ્દઢ થવા જોઇએ. તે સારૂ પુનરૂકિતદોષ કરવો પડે છે.

ભજનો જુદા જુદા માણસોને મોઢેથી મંડળમાં ગવાતાં હોય તેની નોટ જુદા જુદા માણસોએ કરેલી હોય છે, એટલે તેમાં ભુલો રહેવા સંભવ છે; તેમજ કોઇ ભજન અધુરાં હોય, અગર કોઇ ભજનમાંથી જરૂર જેટલી લીટીઓ લીધેલી હોય તેમાં કંઇ નવાઇ નથી. કારણુ કે સાહિત્યની દ્રષ્ટિએ જોઇને કંઇ આ પુસ્તક લખવામાં આવ્યું નથી, પણ ભકિતની દ્રષ્ટિએ આ પુસ્તક લખવામાં આવ્યું છે. એટલે ભકિત વધે તેવી રીતે તેમાં આવતાં

ભજનોનો ઉપયોગ કરવાનો છે. આમ હોવાથી તેમાં ભૂલચૂક રહી જાય એ સ્વાભાવિક છે. એ માટે સજ્જનો અમારા શુભ હેતુ તરફ જોશે એમ અમે આશા રાખીએ છીએ. અને ભજનોના કર્તાઓનો તથા તે છપાવનારાઓનો ઉપકાર માનીએ છીએ.

આ પુસ્તકમાં જે કંઇ ખૂબી હોય તે ભજન મંડળ ચલાવનાર ભકતરાજ મહારાજની ખૂબિ છે, અને તેમાં કંઇ જે ખામી હોય તે મારી પોતાનીજ ખામી છે, એમ સમજવું.

લડાઇને લીધે કાગળોની અતિશય મોંઘારતના વખતમાં આવું મોટું પુસ્તક સાધારણ ખર્ચે બહાર પાડી શકાત નહીં, પણ સ્વર્ગવાસી શેઠ રણછોડદાસ વેલજી-પાકીટવાળાની ઉદારતાથી, તથા તેમના સ્નેહિની અને ભકતરાજ મહારાજની મદદથીજ હરિજનોની આ ટાણે આ સેવા બની શકી છે. માટે હું તેમનો ઉપકાર માનું છું.

છેવટે જે કહેવાનું છે તે એજ કે, જો પ્રેમપૂર્વક ને સમજણપૂર્વક આ "સ્વર્ગનો આનંદ" વંચાય અને તેને હૃદયમાં ઉતારી તે પ્રમાણે જીંદગી ગાળતાં આવડે તો આ ઉપાધિવાળા સંસારમાં રહ્યા છતાં પણ અંતરમાંથી સ્વર્ગનો આનંદ ભોગવી શકાય તેમ છે. કારણ કે સ્વર્ગનો આનંદ કંઇ માત્ર આ દુનિયાની બહારના કોઇક સ્વર્ગમાંજ છે એમ નથી, પણ મહાત્માઓ તથા શાસ્ત્રો એમ કહે છે કે, પ્રભુપ્રેમમાં સ્વર્ગનો આનંદ છે, ઉંચી જાતની સત્યભકિતમાં સ્વર્ગનો આનંદ છે, ઉત્તમ પ્રકારની શ્રદ્ધામાં સ્વર્ગનો આનંદ છે, સત્સંગમાં સ્વર્ગનો આનંદ છે, હરિજનોની, સાધુઓની, વૈષ્ણવોની, ભકતોની તથા સદ્‌ગુરૂની સેવામાં સ્વર્ગનો આનંદ છે. પરમકૃપાળુ પરમાત્માના પવિત્ર નામ સ્મરણમાં સ્વર્ગનો આનંદ છે, અને પોતાના અંતરનાં પાપ ઓછાં કરી જીંદગી સુધારવી અને પવિત્ર જીવન ગાળવું તેમાં સ્વર્ગનો આનંદ છે. અને એ બધા ઉપાયો આ પુસ્તકમાં બહુજ ખાત્રીપૂર્વક રીતે બતાવેલા છે, માટે જો આ "સ્વર્ગના આનંદ"નો લાભ લેતાં આવડે તો તેમાંથી સત્ય સ્વર્ગનો દિવ્ય આનંદ ભોગવી શકાય તેમ છે. અને પરમકૃપાળુ પરમાત્મા સૌ હરિજનો ઉપર એવી કૃપા કરે એમ મારી પ્રાર્થના છે.

મુંબઇ, કાલબાદેવી,
હાથી બીલ્ડીંગ,
તા. ૧-૧-૧૭.

વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર.

અનુક્રમણિકા.

આમાં કેટલાક દાખલાઓ બબ્બે ત્રણ ત્રણ મથાળા નીચે આવેલા છે. જેમકે કોઇ દાખલો પ્રભુ પ્રેમમાં લાગુ પડતો હોય તો પ્રભુપ્રેમ નીચે પણ તેનો નંબર મૂકેલો છે; અને તેજ દાખલો સત્સંગમાં લાગુ પડતો હોય તો સત્સંગનાં મથાળા નીચે મૂકેલો છે, અને ભગત લક્ષણના લાગુ પડતો હોય તો તે નીચે પણ મૂકેલો છે, એક ને એક દાખલો બે ત્રણ મથાળાં નીચે જોઇને વાંચનારને ગુંચવાડો ન થાય માટે આટલો ખુલાસો લખવાની જરૂર છે.

ॐ

नारायण नारायण नारायण

अर्पणपत्रिका

હે
પ્રભુ!
તમો એક
છો, અખંડ છો,
અનંત છો, વ્યાપક છો,
નિર્વિકાર છો, સર્વાધાર છો,
સકળ વિશ્વના સ્વામી છો, અને
સર્વશક્તિમાન્ છો. તમે સર્વ ગુણના
નિધિ છો, તમે દયાના સાગર છો, અને
તમે અધમ ઉદ્ધારક છો. તમારો મહિમા અગાધ
છે, તમારૂં ડહાપણ અપાર છે, તમે રાજાઓના
રાજા તથા દેવોના પણ દેવ છો, અને તમારી અકળ ગતિનો
કોઇ પાર પામી શકતું નથી. હે મહા મંગળકારી
અખંડ સચ્ચિદાનંદ પરમ કૃપાળુ પવિત્ર પિતા મહાન્
ઇશ્વર! તમારા એવા ગુણો ને મ્હોટાઇમાં
મ્હારૂં મન લય કરવા માટે તથા
તમારી સત્ય સેવા કરવાને ખાતર
શુદ્ધ અંતઃકરણના પ્રેમથી માન-
પૂર્વક હજારો હજાર
વાર દંડવત્ સાથે
આ પુસ્તક આપને
અર્પણ કરૂં
છું.

આપના દાસાનુદાસ.

અમૃતલાલ સુંદરજી.

સ્વર્ગનો આનંદ.

૧–આ દુનીયામાં સૌથી મોટામાં મોટી શોધ કઇ ?

કોઇ લોકો એમ સમજે છે કે, સોનાની ખાણો શોધવી એનું નામ મોટી શોધ છે. કોઇ લોકો એમ સમજે છે કે, ધૂળમાંથી સોનું બનાવવું નું નામ મોટી શોધ છે. કોઇ લોકો એમ સમજે છે કે, સમુદ્રની અંદરથી નવો મુલક શોધી કહાડવો તેનું નામ મોટી શોધ છે. કોઇ લોકો એમ સમજે છે કે, આકાશના તારાઓને શોધવા તેનું નામ મોટી શોધ છે. કોઇ લોકો એમ સમજે છે કે, જુવાની જાળવવાની યુક્તિઓ શોધવી તેનું નામ મોટી શોધ છે. કોઇ લોકો એમ સમજે છે કે, નવી જાતનાં વાહનો શોધી કહાડવાં તેનું નામ મોટી શોધ છે. અને કોઇ લોકો એમ સમજે છે કે, "મરેલાંને જીવતાં કરવાં" તેનું નામ મોટી શોધ છે. આવી રીતે જુદા જુદા માણુસો જુદી જુદી બાબતોને મોટી શોધ સમજ્યા કરે છે, પણ મહાત્માઓ કહે છે કે, એ બધી શોધો નાની છે. એ બધી શોધો થોડો થોડો ફાયદો આપનારી છે. એ બધી શોધો અહિંજ રહી જાય તેવી છે. અને એ કોઇ પણ શોધ તેની મહેનતના પ્રમાણુમાં આનંદ આપી શકતી નથી. પણ જે ખરેખરી મોટી શોધ છે તે તો કાંઇક જુદીજ છે. એ શોધ કઇ ? તે તમે જાણો છો ?

જે અનંત બ્રહ્માંડનો નાથ છે, જે હમેશાં રહેવાવાળો છે, જેના સ્વરૂપમાં કદી પણ કોઇ પણ જાતનો ફેરફાર થતો નથી, જે જ્ઞાન સ્વરૂપ છે, જે આનંદ સ્વરૂપ છે, જે શાન્તિદાતા છે, જે અનંત કાળ થયા અનંત બ્રહ્માંડોને નીભાવી રહ્યા છે, અને અનંતકાળ

સુધી અનંત બ્રહ્માંડોને નીભાવ્યા કરશે, જે બુદ્ધિદાતા છે, જે જીવોને જીવન આપનાર છે અને જે મોક્ષદાતા છે, એવા અદ્વિતિય, અવિનાશી ઇશ્વરને શોધવો તેનું નામ મોટામાં મોટી શોધ છે. કારણ કે તે મોટામાં મોટો છે, તે નાનામાં નાનો છે. તે સર્વ વ્યાપક છે, તે આપણી આંખોમાં પણ છે, તે આપણી બુદ્ધિમાં પણ છે, અને તે સર્વ ઠેકાણે છે; છતાં પણ કોઇને દેખાતો નથી. એવા અલૌકિક, અદૃષ્ય, સર્વવ્યાપી પરમાત્માને શોધવો એ સૌથી મોટામાં મોટી શોધ છે. અને જેને એ શોધ કરતાં આવડે તેનું કામ થઇ જાય છે. કારણ કે,

પરમાત્માની શોધ કરવાથી અમરપણું મળી જાય છે, પરમાત્માની શોધ કરવાથી હંમેશના આનંદના દરવાજા ઉઘડી જાય છે, પરમાત્માની શોધ કરવાથી જીંદગીમાં મીઠાશ આવી જાય છે, પરમાત્માની શોધ કરવાથી જન્મ મરણના ફેરામાંથી છુટી જવાય છે, પરમાત્માની શોધ કરવાથી મોક્ષ મેળવી શકાય છે અને પરમાત્માની શોધ કરવાથી પરમાત્મા જેવા બની શકાય છે. માટે આ જગતમાં જે સૌથી મોટામાં મોટી શોધ છે તે એજ છે કે, પરમકૃપાળુ પરમાત્માને શોધવો. જો એ એકને શોધતાં આવડે તો તેની અંદર બીજી અનેક શોધ પોતાની મેળેજ થઇ જાય છે. કારણ કે જેના અંતઃકરણમાં પરમાત્મા પધારે તેની જીંદગીમાં પવિત્રતા આવી જાય છે. તેની બુદ્ધિમાં ઉંડાણ આવી જાય છે. તેના વિશ્વાસમાં દૃઢતા આવી જાય છે. તેની ઇંદ્રિયોમાં નવું જોર આવી જાય છે. તેનું મન એકાગ્ર થઇ શકે છે. અને અદૃષ્ય રહેલી કુદરતની ઘણી ચીજો તેની આગળ પ્રત્યક્ષ થઇ જાય છે. તેથી તે ઘણી જાતની અજબ જેવી મહાન્ શોધો કરી શકે છે, અને નહીં વળી શકે તેવાં કઠોર માણસોના મનને પણ પરમાત્માની તરફ વાળી દે છે. માટે જો સૌથી મોટામાં મોટી શોધ કરવી હોય અને તેના મોટામાં મોટા આનંદો ભોગવવા હોય તો હે હરિજનો ! પરમકૃપાળુ પરમાત્માની શોધ કરો. પરમકૃપાળુ પરમાત્માની શોધ કરો. કારણ કે એજ સાચી શોધ છે, અને એજ મોટામાં મોટી શોધ છે. એના જેવી મોટી શોધ જગત્માં બીજી કોઇ પણ નથી એ યાદ રાખજો.

દોહરા.

જો યહ એકે જાનીઆ, તો જાના સબ જાન;
જો યહ એક ન જાનીયા સબહી જાન બીજાન.

૨–અભિમન્યુને છ કોઠા જીતવાની ખબર હતી પણ સાતમો કોઠો જીતવાની ખબર નહોતી, તેમજ આપણને દુનિયાંદારીની ઘણી બાબતોની ખબર છે પણ આત્માના કલ્યાણની છેલ્લી વાતની ખબર નથી.

એક ભક્તરાજ મહારાજ પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે, અર્જુનનો દીકરો અભિમન્યુ છ કોઠા જીતવાની વિદ્યા જાણતો હતો તેથી કૌરવોને હરાવીને તેણે છ કોઠા જીતી લીધા હતા, પણ સાતમા કોઠાને જીતવાની વિદ્યા તે જાણતો ન હતો તેથી સાતમા કોઠા આગળ તે હારી ગયો હતો અને માર્યો ગયો હતો. હવે વિચાર કરો કે, છેલ્લા એક કોઠાની વિદ્યા ન જાણવાથી તેને બીજા છ કોઠાની વિદ્યા પણ કાંઇ કામ લાગી નહીં, કારણ કે છ કોઠા જીત્યા છતાં પણ અંતે સાતમાં કોઠા આગળ તેને મરવું પડયું, એટલે જે છ કોઠા તેણે જીતેલા હતા તેનો લાભ પણ તે લઇ શકયો નહીં. ભાઇઓ, આવીજ રીતે આપણે પણ આ દુનિયાદારીના છળ પ્રપંચના ઘણાએ કોઠાઓની વિદ્યા જાણીએ છીએ અને એવા કોઠાઓમાં જીત પણ મેળવીએ છીએ, પણ જે છેવટનો એક જાણવા જેવો કિલ્લો છે તે કિલ્લાની હકીકત આપણે જાણતા નથી. એ કિલ્લાની અંદર આપણે જઇ શકતા નથી, અને એ કોટને આપણે તોડી શકતા નથી, તેથી બીજા ઘણાએ કિલ્લાઓ જીત્યા હોય તે પણ નકામા થઇ પડે છે. માટે હવે તો આપણે એ છેવટનો કિલ્લો જીતી શકાય એવા ઉપાયો કરવા જોઇએ અને એ છેલ્લા કોઠાની અંદરના ભેદો સમજવાની કોશીષ કરવી જોઇએ. કારણ કે બીજા બહારના કોઠાઓની હકીકત જાણવી અને બહારના કિલ્લાઓને જીતવા

એમાં કંઈ મોટી વાત નથી, કે એમાં કાંઇ નવાઇની વાત નથી. કારણ કે એ માટે તો મહાભારતમાં એમ કહેલું છે કે, અભિમન્યુ પોતાના જન્મની અગાઉ જ્યારે તેની માતાના પેટમાં હતો ત્યારથીજ છ કોઠા જીતવાની વિદ્યા તો જાણતો હતો. તેવીજ રીતે અમે તમને કહીએ છીએ કે, આ દુનિયાદારીની વાતો જાણવી તથા તેમાં આવતી અડચણો સમજવી અને તેની સામે થવું તથા તેમાં ફત્તેહ મેળવવી એ સંસ્કાર તો પરાપૂર્વના હોય છે. તેથી એવું જ્ઞાન તો જીવની સાથે જડેલુંજ હોય છે, એટલે જન્મની પહેલાંનુંજ હોય છે, એમાં કંઇ નવાઇ નથી. પણ જે સાતમા કોઠાનું જ્ઞાન મેળવવું એટલે કે આત્માનું ને ઇશ્વરનું જ્ઞાન મેળવવું એજ વાત મુશ્કેલ છે, અને એજ વાત સૌથી વધારે જરૂરની છે. કારણ કે જ્યારે એ છેવટનું જ્ઞાન મળે ત્યારેજ અમરપણું આવી શકે છે, ને એ જ્ઞાન ન મળે ત્યાં સુધી તો બીજું દુનિયાદારીનું ગમે એટલું જ્ઞાન હોય છતાં પણ મૃત્યુના મોઢામાંજ રહેવું પડે છે. માટે મૃત્યુના મુખમાંથી છોડાવનારૂં જે છેવટનું જ્ઞાન છે, જે સત્ય જ્ઞાન છે, અને જે સર્વોપરી જ્ઞાનછે, તે જ્ઞાન મેળવવું જોઇએ. કારણ કે જ્યારે એ ઇશ્વરી જ્ઞાન મળે ત્યારેજ જીંદગીની સાર્થકતા થાય છે. જ્યારે એ ઇશ્વરી જ્ઞાન મળે ત્યારેજ જન્મ મરણના બંધનમાંથી છૂટી શકાય છે. જ્યારે એ અંતરનું ઉંડું જ્ઞાન મળે ત્યારેજ ખરો ઇશ્વરી આનંદ ભોગવી શકાય છે અને જ્યારે એ મહાન્ છુપું જ્ઞાન મળે ત્યારેજ મોક્ષ મેળવી શકાય છે. માટે હે હરિજનો! હવે તો આપણે આવું છેવટનું જ્ઞાન મેળવવાની કોશીષ કરવી જોઇએ. હવે તે દુનિયાંદારીની બહારની વાતોમાં ને બહારની ફત્તેહોમાંજ ક્યાં સુધી પડયા રહેશું? હવે તો ઇશ્વરની કૃપાથી આપણી આંખો ઉઘડી છે, હવે તો આપણને ભજનમાં પ્રેમ લાગે છે, હવે તો આપણે આવી બાબતો સમજી શકીએ છીએ, અને હવે તો આપણો અંતરાત્મા કાંઇક વધારે ઉંડાણની ઇચ્છા રાખે છે ને તે માટે તરફડે છે. માટે હવે તો આપણે આપણા અંતરના વધારે ઉંડાણમાં જવું જોઇએ, અને છેલ્લા સાતમા કોઠાની અભયપણાની ને અમરપણાની આનંદરૂપ વિદ્યા આવડે તેમ કરવું જોઇએ. કારણ કે બહારના છ કોઠા જીત્યા છતાં જેમ અભિમન્યુનું કાંઇ વળ્યું નહીં, તેમ આપણે પણ દુનિયાદારીની બીજી ગમે

એટલી વાતોમાં ગમે એટલી ફત્તેહ મેળવીએ પણ જ્યાં સુધી ઇશ્વરી જ્ઞાનમાં ફત્તેહ મેળવશું નહીં અને એ બાબતમાં ઉંડા ઉતરશું નહીં ત્યાં સુધી આપણને ખરેખરી તૃપ્તિ અને અખંડ આનંદ મળી શકશે નહીં. માટે ભાઇઓ, હવે એવી છેવટની સાતમા કોઠાની ઇશ્વરી વિદ્યા જાણવાની મહેનત કરો. ઇશ્વરી વિદ્યા જાણવાની મહેનત કરો. એજ અમારી વિનંતિ છે.

દોહરા.

જો યહ એક ન જાનીયા, બહુ જાને કયા હોય;
એકૈ તે સબ હોત હૈ, સબસે એક ન હોય.

૩–ધર્મનું રહસ્ય, પ્રથમ પ્રભુની સેવા કરો અને પછી જગત્‌ની સેવા કરો.

બહુ આનંદની વાત છે કે હાલના વખતમાં ઘણા લોકોની અંદર ભ્રાતૃભાવની લાગણી વધતી જાય છે અને પરમાર્થની ભાવના વધતી જાય છે. તેથી ઘણા સજ્જનો પોતપોતાને અનુકૂળ આવે તેવી લાઇનમાં પરમાર્થનાં કાંઇ કાંઇ કામો કર્યા કરે છે, એ બહુ ખુશીની વાત છે. પણ તેમાં બીજી પણ એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે અને તે એ કે, પરમાર્થના કામોની સાથે પ્રભુનું જ્ઞાન, પ્રભુનો સ્નેહ, અને પ્રભુથી કૃપાનું સ્મર્ણ પણ હમેશાં તાજું રહેવું જોઇએ અને જે કાંઇ શુભ કામો કરીએ તે બધાં કામો પ્રભુને અર્થે જ કરવાં જોઇએ. જો એમ કરતાં ન આવડે તો એકલા લુખા પરમાર્થની કાંઇ બહુ મોટી અસર નથી, પણ જો પરમાર્થની સાથે પ્રભુની યાદગીરી હોય અને પ્રભુને અર્થેજ તે બધું થતું હોય તો તેની ખરી કીંમત છે. પ્રભુની મહત્તા સમજ્યા વિનાના પરમાર્થથી કાંઇ બહુ મોટો ફાયદો થતો નથી. એ વાત સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના સત્સંગ મંડળમાં કહેતા હતા કે,

શેઠની સાથે ગાડાંવાળો આવ્યો હોય તે ગાડાંવાળાની ખાતર બરદાસ રાખવાની જરૂર છે, પણ ગાડાંવાળાની ખાતર બરદાસમાંજ રહી જવાય અને શેઠને ભૂલી જવાય એમ ન થવું જોઇએ. તેમજ જગત્‌ની સેવામાંજ રહી જવાય અને પ્રભુને ભૂલી જવાય

એમ ન થવું જોઇએ. પણ પ્રભુની સેવાની સાથે સાથેજ જગત્‌ની સેવા થાય તેમ કરવું જોઇએ. કેટલાક લોકો જ્યારે શેઠને ભૂલીને ગાડાંવાળાનેજ પીરસવામાં રહી જાય છે ત્યારે બીજા કેટલાક હરિજનો એમ કરે છે કે, શેઠને રાજી રાખવામાંજ રોકાઇ જાય છે, અને તેના ગાડાંવાળાનો મુદ્દલ ભાવ પૂછતા નથી. એટલે કે માત્ર પ્રભુની બહારની સેવામાંજ રહી જાય છે અને મનુષ્ય જાતને મદત કરવાના પોતાનાથી બની શકે તેવાં કામો પણ કરતા નથી. પણ યાદ રાખજો કે, એમ કરવું એ અધૂરો ધર્મ છે. કારણ કે ધર્મનાં મુખ્ય બે અંગ છે. એક અંગ પ્રભુ તરફની ફરજ છે, અને બીજું અંગ જગત્ તરફની ફરજ છે. એ બન્ને અંગ જ્યારે બરોબર રીતે પાળીએ ત્યારેજ ખરો ફાયદો થાય છે. એ વિના તેમાંનું એકક અંગ પાળવાથી કાંઇ પૂર્ણ લાભ મળતો નથી. છતાં પણ આપણે જોઇએ છીએ કે, જુદા જુદા ઘણાએ ભગતો પોતાને જે અંગ બહુ ફાવી ગયું હોય તે એક અંગમાંજ રચ્યા પચ્યા રહે છે, અને એ સિવાયનાં બીજાં અંગની જરા પણ દરકાર રાખતા નથી. તેથી પરિણામ એ થાય છે કે, એવા ભગતની ભકિત એકઅંગી રહી જાય છે, એટલે તેઓને ખરો લાભ મળતો નથી. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણ છે કે, શેઠની સગવડો સાચવતાં ગાડાંવાળા ભૂખે ન રહી જાય એ સંભાળજો, તેમજ ગાડાંવાળાની સેવામાંજ રહી જવાય ને શેઠને ભૂલી જવાય એમ ન થાય તે પણ સંભાળજો. જો એ બન્ને અંગનું રહસ્ય સમજીને ભક્તિ કરશો તો બહુ ટુંક વખતની અંદર તમને ઘણોજ લાભ થશે, અને જો સમજ્યા વિના એકઅંગી ભક્તિ કરશો તો બહુજ થોડો લાભ મળશે, માટે જે કરો તે પ્રભુને અર્થે કરતાં શીખજો અને પ્રભુને પ્રથમ માન આપીને તથા તેનો મહીમા સમજીને તેના પ્રેમને અર્થેજ ભલાં કામો કરજો, એજ અમારી ભલામણ છે. કારણ કે એમાંજ કલ્યાણ છે. એમાંજ કલ્યાણ છે.

દોહરા.

બે જણ નીગ્યા હોય ત્યાં, એકે સરે ન અર્થ,
બે કમાડને બારણે, વાસ્યું એક તે વ્યર્થ.

૪–ઇશ્વર સ્મર્ણ તથા જન સેવા વિષે.

કોઇ માણસ પિતા સાથે પ્રેમ રાખે અને તેના છોકરાંઓ ઉપર હેત ન રાખે તો તે જેમ પેલા પિતાને ગમતો નથી, તેમજ જે ભગતો ભગવાનની સેવા સ્મર્ણ કરે છે, પણ મનુષ્યો સાથે સ્નેહથી નથી વર્તતા તે તેવા જાણવા.

આજકાલના વખતમાં ઘણાંક માણસો પોતાની મંડળીની, પોતાની જાતની, પોતાના ધર્મવાળાની કે પોતાના દેશની સેવા કરવા ચાહે છે, પણ ઇશ્વર કીર્ત્તન કે ઇશ્વર સ્મર્ણ કરવા ચાહતા નથી. તેઓ ઇશ્વરના પુત્રો સાથે હેત કરે છે, અને ખુદ ઇશ્વર પોતા સાથે હેત નથી રાખતા એવા જાણવા.

દેશ સેવાની વાતો કરવી ને ભજન કરવા બેદરકાર રહેવું એ તો કોઇ શેઠના નોકરને સન્માન દેવું અને ખુદ શેઠને સન્માન દેતાં ભૂલી જવું તેવું જણાય છે.

માટે દરેક ડાહ્યા માણસે જન સેવા તેમજ ઇશ્વર સેવા ને ઇશ્વર સ્મર્ણ એ બેઉ બાબતો એક સરખી રીતે બની શકે એમ કરવું જોઇએ.

દોહરા.

તુલસી આ જુગ આયકે, કર લીજે દો કામ;
દેનેકા ટુકડા ભલા, લેનેકા હરિનામ.
કબીરા કહે કમાલકું, દો બાતાં લીખ લે;
કર સાહેબકી બંદગી, ભુખેકું કુછ દે.

૫–ભગતોનો મહિમા.

શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, ભગતોની બલીહારી છે. ભગતો ભાગ્યશાળી છે, અને જેના અનેક જન્મના પુણ્ય ઉદય થાય તે ભગત થઇ શકે છે. માટે ભગતપણું બહુ દુર્લભ છે. કારણ કે

ભગત થવાથી શું શું ફાયદાઓ થાય છે એ તમે જાણોછો? એ માટે મહાત્માઓ એમ કહે છે કે,

જે માણુસ ભગત થાય તેની જીંદગી બદલાઇ જાય છે. જે માણુસ ભગત થાય તેનામાં દૈવી ગુણો આવી જાય છે. જે માણુસ ભગત થાય તેના અંતઃકરણમાંથી પાપ જતાં રહે છે. જે માણુસ ભગત થાય તેનામાં સહનશીલતા આવી જાય છે, તેનામાં તપ કરવાનું બળ આવી જાય છે, તેનામાં ધીરજ આવી જાય છે, તેનામાં દ્રઢતા આવી જાય છે, તેનામાં વિશ્વાસ આવો જાય છે, અને તેની પરમાર્થ ભાવના જાગૃત થઇ જાય છે.

જે માણુસ ભગત થાય તેનાં નાનાં નાનાં પ્રપંચીક કર્મો છૂટી જાય છે. જે માણુસ ભગત થાય તેના અંતરમાં હુમેશાં આનંદ રહે છે. જે માણુસ ભગત થાય તેનું માનસિક બળ વધી જાય છે, તેની ઇંદ્રિયો કબજામાં આવી જાય છે, તેની બુદ્ધિ ખીલી જાય છે અને દુનીયાના સામાન્ય લોકોને જે વસ્તુઓ ન દેખાતી હોય તે તેઓને દેખાઇ જાય છે; તથા બીજા સામાન્ય લોકોને જે વસ્તુઓ ન સમજાતી હોય તે તેઓને સમજાઇ જાય છે.

જે માણુસ ભગત થાય છે તેને ભગવાનની ઇચ્છા પ્રમાણે રહેતાં આવડે છે. જે માણુસ ભગત થાય છે તેના અંતરમાં ભગવાનનો નવો પ્રકાશ આવી જાય છે. જે માણુસ ભગત થાય છે તેના સંશયો મટી જાય છે. જે માણુસ ભગત થાય છે તેનાં હ્રદય ખુલી જાય છે, તેનામાં નવું સામર્થ્ય આવી જાય છે, તેનામાં નવી તેજી આવી જાય છે, તેનામાં અતીશય નમ્રતા આવી જાય છે, અને તેમ છતાં નમ્રતાની સાથે ભકિતનું બેપવારઇપણું પણ આવી જાય છે.

જે માણુસ ભગત થાય છે તેને ભગવાન્ અણધારી મદદ કરે છે, જે માણુસ ભગત થાય છે તેના પિતૃઓ તરી જાય છે, અને તેના વંશ વારસોને પણ બેહદ ફાયદો થઇ જાય છે. જે માણુસ ભગત થાય છે તેઓ કાંઇ પોતાની જીંદગી સુધારીનેજ બેસી રહેતા નથી પણ તેઓને જોઇને બીજા ઘણા માણસોના જીવન સુધરે છે અને જે માણુસ ભગત થાય તે જન્મ મરણના દુઃખમાંથી છૂટી જાય છે.

બંધુઓ, સાચા ભગત થવામાં આટલી બધી ખુબી છે. માટે સંતો એમ કહે છે કે, જે સામાન્ય ભગતો છે તેઓ હમેશાં ભગવાનની સ્તુતિ કરે છે, પણ ભગવાન્ પોતે હમેશાં કોની સ્તુતિ કરે છે? એ તમને ખબર છે?

જે અનંત બ્રહ્માંડનો નાથ છે, જે નિરંજન છે, જે નિરાકાર છે, જે સદાય પૂર્ણ છે, જે શુદ્ધ સ્વરૂપ છે, જે ચેતનરૂપ છે, જે પાલનહાર છે, જે ઉત્પત્તિ તથા પ્રલયકર્ત્તા છે, જે જીવોનો ઈન્સાફ કરનાર છે, અને જે સચ્ચિદાનંદસ્વરૂપ છે; તે પરમ કૃપાળુ પરમાત્મા પોતે હમેશાં ભગતોની સ્તુતિ કર્યા કરે છે, અને કહ્યા કરે છે કે, ભગતોને ધન્ય છે, ભગતોને ધન્ય છે. ભગતો બેઠા હોય તો હું તેની પાસે ઉભો રહું છું. ભગતો ઉભા હોય તો હું તેની પાસે નાચ્યા કરૂં છું. ભગતો સુતા હોય તો હું તેની ચોકી કર્યા કરૂં છું. ભગતોની ઉપર કાંઇ આફત આવવાની હોય તો હું તેઓની તરફથી લડું છું અને ભગતોનો બધો ભાર હું મારી પોતાની ઉપર ઉપાડી લઉં છું. આવી રીતે ભગવાન્ પોતે ભગતોની સ્તુતિ કરે છે ને ભગતોની સેવા કરે છે. માટે ભગત થવું એ બહુ મોટી વાત છે. તેથી હે હરિજનો! અમે તમને વિનંતિ કરીએ છીએ કે, જો જીંદગીની સાર્થકતા કરવી હોય, જીંદગી આનંદમય કરવી હોય, અને જન્મ મરણના બંધનમાંથી છુટવું હોય તો પરમકૃપાળુ પરમાત્માના શુદ્ધ અંતઃકરણથી સાચા ભગત થાઓ, સાચા ભગત થાઓ.

૬–સત્સંગમાં જાઓ ત્યાંથી કાંઇક મેળવી આવજો, ખાલી હાથે ચાલ્યા આવશો માં.

એક ભક્તરાજ મહારાજ એમ કહેતા હતા કે, કેટલાક માણસો માત્ર મુંબઇ જોવા માટે આવે છે અને કેટલાક માણસો કાંઇક ખરીદી કરવા માટે મુંબઇમાં જાય છે. જેમ કે, કોઇ વેપારી મુંબઇથી રેશમી કાપડ લઈ જાય છે, કોઇ સુતરાઉ કાપડ લઇ જાય છે, કોઇ સંચાઓ લઇ જાય છે, કોઇ રમકડાંઓ લઇ જાય

છે, કોઇ કાચનો સામાન લઇ જાય છે, કોઇ હથીયારો લઇ જાય છે, કોઇ અનાજ લઈ જાય છે, કોઇ લાકડાં લઇ જાય છે, કોઇ મીઠાઈ લઇ જાય છે, કોઇ ગાડીઘોડા લઇ જાય છે, કોઇ પુસ્તકો લઇ જાય છે, કોઈ ધાતુનાં વાસણો લઇ જાય છે, કોઇ દવાઓ લઇ જાય છે, અને કોઈ ચાંદી, સોનું, મોતી, હીરા, માણેક વાગેરેની ખરીદી કરી જાય છે. આવી રીતે ખરીદી કરવા ગયેલા વેપારીઓ પોતાની શક્તિ પ્રમાણે પોતે જે જાતનો વેપાર કરતા હોય તે જાતનો માલ ખરીદ કરી આવે છે, પણ જે લોકો માત્ર મુંબઇ જોવા સારૂજ જાય છે તેઓ તો મુંબઈના બજારોમાં ફરી આવે છે, નાટકશાળાઓમાં જઇ આવે છે, સીનેમેટોગ્રાફ જોય છે, વીકટોરીયા ગાર્ડનમાં ફરી આવે છે, ઇસ્પીતાલ જોય છે, અને દીવાનાશાળા જોઇને તથા ગાંઠના ઘણાએ રૂપીયા ખરચીને ખાલી હાથે ચાલ્યા આવે છે.

આ દાખલો આપીને એ ભકતરાજ મહારાજ એમ સમજાવતા હતા કે, જેમ મુંબઇમાં ઘણાં માણસો આવે છે તેમજ સત્સંગના મંડળોમાં પણ ઘણાં માણસો આવે છે; પણ તેમાંથી પોતાને કામ લાગતી ચીજની ખરીદી કરી જાય ને તેમાંથી નફો મેળવે એવા હોશીયાર માણસો બહુજ થોડા હોય છે; બાકી ઘણા માણસો તો સત્સંગ જોવા સારૂજ આવે છે. જેમ કે, સત્સંગ કેમ ચાલે છે? સત્સંગમાં શું શું વાતો થાય છે? સત્સંગમાં કોણ કોણ માણસો આવે છે? સત્સંગ કયે ઠેકાણે થાય છે? સત્સંગ કરાવનાર માણસ કેવો છે? સત્સંગમાં જનાર માણસો કેવી રીતે બેસે છે? કેવી રીતે ભજન કરે છે? કેવી રીતે કથા સાંભળે છે? કેવી રીતે તાળીઓ પાડે છે? અને સ્ત્રીઓ કયાં બેસે છે? છોકરાંઓ સંત્સંગમાં કેવી રીતે અડચણ કરે છે? ઓચ્છવના દિવસે સત્સંગમાં કેવી ધામધૂમ થાય છે? અને કોઇ સારો માણસ સત્સંગમાં આવવાનો હોય ત્યારે કેટલાં બધાં માણસોની ત્યાં ભીડાભીડ થાય છે? એ બધું જોવા માટે ઘણા માણસો સત્સંગમાં જાય છે. પણ યાદ રાખજો કે, એવા જોવા જનારાઓને કાંઇ ખરો લાભ થતો નથી, પણ જે સત્સંગમાં ખરીદી કરવા જાય તેઓનેજ ખરો લાભ થાય છે. જેમ કે જે હરિજનો ખરીદી કરવા માટે સત્સંગમાં

૬૭૧૧

જાય છે તેઓમાંથી કોઈ પ્રભુ પ્રેમને પકડી લેય છે, કોઇ ભગતોની જાણવા જેવી જૂની વાતો યાદ રાખી લેય છે, કોઇ જપ કરવાનું શીખી લેય છે, કોઈ તપ કરવાનું શીખી લેય છે, કોઈ દાન દેવાની મહત્તા સમજી જાય છે, કોઇ પવિત્રતાના ફાયદા સમજી જાય છે, કોઇ સારાં ભજનો શીખો જાય છે, કોઇ ભાષણ આપવાની શકિત મેળવા લેય છે. કોઇ પ્રભુની પૂજા કરવાની વિધિઓ જાણી લેય છે, કોઇ ભગતોનું સન્માન કરતાં શીખે છે અને કોઇને ચિત્તની એકાગ્રતા કરતાં આવડી જાય છે. આવા આવા જુદા જુદા ગુણો જુદા જુદા હરિજનો સત્સંગમાંથી મેળવી લેય છે.

બંધુઓ, આ વાતો સમજાવીને અમે તમને એમ કહેવા ઇચ્છીએ છીએ કે, સત્સંગમાં જાઓ ત્યારે ત્યાંથી કાંઇક ખરીદી કરી આવવાની મહેરબાની કરજો. વખત ગુમાવીને, ફોગટ ફેરો ખાઇને આવતા રહેશો માં. કારણ કે દુનીયામાં સૌથી સારામાં સારી ખરીદી કરવાની જગ્યા તે સત્સંગ છે, અને બીજે કોઇ ઠેકાણે જે વસ્તુઓ ન મળી શકે તેવી અમૂલ્ય ચીજો સત્સંગમાં મળે છે. માટે એવાં પવિત્ર ને મહાન્ ઠેકાણે જઇને ખાલી હાથે ચાલ્યા આવશો માં, ખાલી હાથે ચાલ્યા આવશો માં. એજ અમારી વિનંતિ છે.

દોહરો.

હીરા પડા બજારમેં, રહા છાર લપટાય;
કૈઇક મૂરખ ફિર ગયે, પારખ લિયા ઉઠાય.

૭–ભકિતના ભેદો ને ભગતોના પ્રકારો.

ભક્તિ એ આત્માની મહાન્ શક્તિ છે. ભકિત એ ધર્મનું ફળ છે. ભક્તિ એ જીંદગીની મીઠાશ છે, ભક્તિ એ ઇશ્વરની કૃપા છે, ભકિત એ મનુષ્યનું મનુષ્યત્વ છે. ભકિત એ પારસમણી છે અને ભકિત એ ઇશ્વરનું અંગ છે. માટે ભકિતમાં સર્વસ્વ રહેલું છે. આવી અમૂલ્ય ભકિત છે, માટે સૌ હરિજનો ભકિતની

પાછળ પાછળ ફરે છે, અને ભકત થવાની કોશીષ કરે છે પણ ઘણાં માણુસો ભકિતનું ખરૂં સ્વરૂપ જાણતાં નથી તેથી અધુરી ભકિતમાં રહી જાય છે, બહારની ભકિતમાં રહી જાય છે, અને થોડા વખત પછી ઉડી જાય તેવી ભકિતમાં રહી જાય છે, અને તેમ છતાં પોતાને ભગત સમજ્યા કરે છે. આવી ભૂલ ન થાય માટે એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોને સમજાવતા હતા કે,

જ્યારે જમીનમાં નવો કુવો ખોદવામાં આવે છે ત્યારે કેટલુંક ખોદ્યા પછી પહેલું પાણી દેખાય છે, એટલે એ પાણી જોઇને અજાણ્યા લોકો એમ સમજે છે કે, આ કુવામાં નવું પાણી આવી ગયું છે ને કુવો હવે ખોદાઇ ગયો છે. પણ અનુભવીઓ જાણે છે કે, કુવાના ઉપલા તળીયામાંથી આવેલું પહેલું પાણી કાંઇ ઝાઝો વખત રહેતું નથી. કારણ કે એ પાણી કાંઇ જમીનની અંદરની સાથી સરવાણીનું પાણી હોતું નથી, પણ એ તો આશા આપનારૂં ને વધારે ઉંડો કુવો ખોદવાનું સમજાવનારૂં ઉપલકીયું પાણી હોય છે. તેમજ ભકિતમાં એવું બને છે કે, ઘણા હરિજનોમાં જ્યારે ભકિતનું પૂર આવે છે ત્યારે તેઓ ભકિતના બહુ બહારમાં દેખાય છે. એ વખતે તેઓની સ્થિતિ જોવા જેવી હોય છે. કારણ કે એ વખતે તેઓમાં ભકિતનો નવો જોસ હોય છે. એ વખતે તેઓમાં કેટલોક વૈરાગ્ય હોય છે, એ વખતે ભક્તિના નીયમો પાળવાનું ઘણું બળ હોય છે અને એ વખતે તેઓ એક જાતના ભકિતના વેગમાં હોય છે. તેથી તેઓને જોઇને ઘણાં માણુસોને એમ લાગે છે કે, આ માણુસ હવે ભગત થઇ ગયો છે. પણ અનુભવી ભગતો સમજે છે કે, આ હજી ઉપલા પડનું પહેલું પાણી છે, એટલે એ ભકિત કાંઇ ઝાઝો વખત ટકી શકે એમ નથી, અને ઘણુંકરીને એમજ બને છે. તેથી પરિણામ એ થાય છે કે, થોડા વખતમાં એવા ભગતોની ભકિત ઉડી જાય છે, અને પાછા જેવા હતા તેવા બની જાય છે. પણ તેમ છતાં પણ જો એ ભગતો ભકિતમાં મંડયા રહે તો આગળ જતાં ભકિતનું નવું પડ ઉખડે છે, અને તેમાંથી અંતરની સાચી ભકિત મળી જાય છે. પછી એ ભકિત જતી નથી. કારણ કે એવી તળીયાની ઉંડી ને સાચી ભકિતનો સંબંધ પરમાત્માની સાથે હોય

છે. એટલે પછી એવા ભગતોમાં જે ભકિત આવે છે તે ભકિત ભગવાનમાંથી આવે છે એટલે પછી એ ભકિત ખૂટતી નથી, પણ કાયમ રહે છે. જેમ કુવાના ઉંડા તળીયામાંથી સાચું પાણી આવે છે તેમ અંતઃકરણના ઉંડાણમાંથી જે ભકિત આવે છે તે ભકિત ટકી રહે છે. પણ જે ભકિત દેખાદેખીથી આવે છે, જે ભકિત કોઇના કહેવા સાંભળવાથી આવે છે, જે ભકિત લોકાચારના રીવાજોમાંથી આવે છે, જે ભકિત કુટુંબના કે ગુરૂઓના દબાણથી આવે છે અને જે ભકિત ચોક્કસ પ્રકારના સંજોગોને લીધે આવે છે, તે ભકિત એ ઉપલકીયા ભકિત કહેવાય છે. કારણ કે તે કુવાના ઉપલા પડના પાણી જેવી છે. એટલે એ ભકિત છેવટ સુધી ટકી શકતી નથી. માટે તમે પોતે જ્યારે પોતાને ભગત સમજો અગર બીજા કોઇ માણસને ભગત સમજો ત્યારે તપાસ કરજો ને વિચાર કરજો કે, એ ભકિત ઉપરની છે કે અંદરની છે? અને ઉડી જાય તેવી છે કે ટકી શકે તેવી છે? એ પ્રમાણે ભકિતના પ્રકાર ઓળખશો તો આગળ જતાં સાચી ભકિત મેળવી શકશો, ને પ્રભુના વ્હાલા ભગત થઇ શકશો. ને એમ થાય એ અમારી આશીષ છે.

૮–ઢોંગી ભગતો વિષે.

ઝેરની ગોળીઓ સાકરથી ગલેફેલી હોય છે, તેમ હે હરિજનો! ધર્મમાં પણ એવા ઘણા ઢોંગી હોય છે માટે તેની સુરત રાખજો.

ઘણાક રૂપાળા દેખાતા માણસો જેમ અંદરથી સ્વભાવના બગડેલા હોય છે, તેમ ઘણાક બહારના આડંબરીઓ અંતરમાં પ્રભુ પ્રેમ વિનાના હોય છે.

ઢોંગીયોનો પ્રેમ ને ઘાસનો ભડકો એ બેઉને સરખાં સમજવાં.

સમુદ્રનાં માછલાં, કૂદકો મારે ત્યારે સમુદ્રથી ઉંચા ચ્હડેલા જણાય છે પણ તે પાછાં અંતે સમુદ્રમાંજ પડી જાય છે, તેમ ઢોંગીઓ પણ જરાક વાર ભક્તિમાં જામીને અંતે જેવા હોય તેવાજ પાછા થઇ જાય છે.

સાંઝની વખતે ગામમાં જ્યારે દીવા થાય છે ત્યારે એક આંધળો પણ પોતાના ઘરમાં દીવો કરી બેસે છે પણ તેથી કાંઇ તે દેખતો થયો એમ કહેવાય નહીં. તેમ ઢોંગીઓ ભકતોની સમાજમાં ભળીને દેખાદેખીએ ભક્તિ કરે તેથી તેઓ ભગત થયા સમજવા નહીં.

નદીનાં નવાં પુર થોડો વખત ટકે છે, તેમ ઘણાકોની ભક્તિ પણ તેવી હોય છે.

દાણા સાથે કાંકરાઓ ભળી જાય ખરા, પણ છેવટ સુધી તેમાં રહી શકતા નથી, તેમ ઢોંગીઓ સત્સંગમાં ભળી જશે, પણ ટકવાના નથી, એમ જાણજો.

ઘણા માણસો ભગતોમાં ભળેલા હોય છે પણ પોતે ભગત હોતા નથી.

નકશામાં ગામ જોવાથી કાંઇ વળે નહીં, તેમ અનુભવમાં ઉતર્યા વિનાનાં એકલાં શાસ્ત્રોથી પણ કાંઈ થવાનું નથી, એમ જાણજો.

આંધળાના હાથની મસાલ તો પારકા માટે હોય, તેમ ઘણાઓનું જ્ઞાન તો બીજાઓને માટે હોય છે, પોતા માટે હોતું નથી.

ધર્મના ઢોંગીઓ.

નકસા ઉપરથી ગામ જાણવું અને ગામમાં પગે ચાલીને ફરી આવવું તેમાં જેમ ફેર છે, તેમજ શાસ્ત્ર વાંચીને વાતો કરવી અને અનુભવ લઇને વાતો કરવી તેમાં એટલો ફેર છે.

ઘીનું પાવળું હમેશાં ઘીની બરણીમાં પડયું રહે છે પણ તે ઘીનો સ્વાદ લઇ શકતું નથી, તેમજ ઘણા લોકો શાસ્ત્રો તથા તેના સિદ્ધાંતોની વાતો કરતા રહે છે પણ તેનો ખરો રસ જે પ્રભુ પ્રેમ તે તેઓમાં હોતો નથી, માટે એ બધાઓ આંધળાના હાથમાં ફાનસ અને ઉંટ માથે ગોળના માટલાં જેવા છે.

સુજેલો હાથ જાડો દેખાય છે પણ તેમાં જોર હોતું નથી, તેમ ધર્મમાં ડોળ કરનારા તીલક માળા ને જટા ભસ્મધારીઓ બહારથી

સારા દેખાય છે, પણ અંતરમાંથી ઘણી વખત ધર્મ પાળનારા હોતા નથી.

પડઘમ જે બહુ અવાજ કરે છે તે પેટમાં પોલી હોય છે, તેમ ધર્મની ઝાઝી વાતો કરનારા તથા બહારથી ગાવા બજાવનારાને બોધ દેનારા ઘણી વખત અંદરથી પોલવાળા હોય છે.

દોહરો.

કરની બીન કથની કથે, અજ્ઞાની દિન રાત;
કુક્કર જ્યો ભુંકત ફીરે, સુની સુનાઇ બાત.

આ ઉપરથી સમજવાનું એ છે કે, આપણાથી સાચું થવાય તો સારી વાત છે.

સાચ વિષે.

ખરાબ નોકરોને જેમ શેઠીયાઓ પોતાની નોકરીમાં રાખવા ચહાતા નથી તેમ આપણા જગતનો ધણી ઈશ્વર પણ કોઇ ખોટા ભગતને પોતાના પવિત્ર ભકિતમાર્ગમાં પ્રસિદ્ધતામાં આણવા ચહાતો નથી.

ખોટો રૂપીઓ બજારમાં થોડાક દહાડા સુધી ચાલે છે, પણ જ્યારે સાચા સરાફને હાથે જાય છે ત્યારે તરત ઓળખાઇ જાય છે અને કપાઈ જાય છે, તેમ ખોટા ભગતો પણ અંતે હરિની હજુરમાં સપડાઇ જવાના છે.

માટે આપણુ દરેકથી સાચું થવાય તેમ કરવું. બુઢાઓ પોતાનું જુવાનપણું દેખાડવાને પોતાની દાઢી મુછને કલપ લગાડી કાળા કરે છે, પણ તે તરતજ પાછાં ધોળાં થઈ જાય છે, તેમ પ્રભુ પાસે પણ આપણો ખોટાડો ઝાઝા દહાડા ટકવાનો નથી.

સાહેબકે દરબારમેં, સાચેકું શીરપાવ;
જુઠ તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.
સાંઇ આગે સાચ હે, સાંઇ સાચ સુહાય;
ભાવે લંબે કેશ કર, ભાવે મુંડ મુંડાય.

જપમાળા છાપા તિલક, સરે ન એકે કામ;
મન કાચે નાચે વૃથા, સાચે રાચે રામ.
જેસો દીલ હરામમેં, તેસો હરિસેં હોય.
ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોય.

ઢોંગી ભગત.

જપ માલા છાપા તીલક, સરે ન એક કામ;
મન કાચે નાચે વૃથા, સાચે રાચે રામ.
આસન મારે કયા હુવા, મરી ન મનકી આશ;
તેલી કેરા બેલ જયોં, ઘરહી કોસ પચાસ.
સાધુ ભયા તો કયા ભયા, માલા પહેરી ચાર;
બાહીર ભેખ બનાઇકે, ભીતર ભર્યા ભંગાર.
ડાઢી મુછ મુંડાય કર, હુવા ઘોટમ ઘોટ;
મનકો કયું નહીં મુંડીએ, જામે ભરી હય ખોટ.
પદ ગાયે મન હરખીયા, સાખી કહે આનંદ;
સત્ય નામ નહીં જાનીઆ, ગલેમેં પડ ગયા ફંદ.
મનકા ફેરત જન્મ ગયો, ગયો ન મનકો ફેર;
કરકા મનકા છોડકર, મનકા મનકા ફેર.
મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ;
તાતે તો કૌઆ ભલા, તન મન એકહી રંગ.
જો ગૃહ કરે તો ધર્મ કર, નહીં તો કર વૈરાગ્ય;
વૈરાગી બંધન કરે, તાકો બડો અભાગ.

૯–મહાત્માઓ વ્યવહારમાં કેવી રીતે રહે છે તેનો ખુલાસો.

જગતના સામાન્ય લોકોમાં અને ભગતોમાં બહુ મોટો તફાવત હોય છે. કારણ કે સામાન્ય લોકો જયારે માત્ર છાલ ગોટલામાંજ રહી જાય છે ત્યારે ભગતો અંદરનો ઉત્તમ રસ

ચુસ્યા કરે છે. સામાન્ય લોકો જ્યારે વ્યવહારની વસ્તુઓને મોટી મોટી માન્યા કરે છે ત્યારે ભગતો એવી વસ્તુઓની કાંઇ પણ કીંમત ગણતા નથી, પણ ભગવાનમાંજ રચ્યા પચ્યા રહે છે. વ્યવહારીક લોકો જ્યારે માયાના મોહમાં ફસાઇ રહે છે ત્યારે ભગતો ભગવાનના આનંદમાં નિમગ્ન રહે છે, અને સાધારણ લોકો જ્યારે ખાવામાંથી, પીવામાંથી, સુવામાંથી, બેસવામાંથી, કપડાંમાંથી, ઘરમાંથી, અને સગાંઓમાંથી સુખ મેળવવાની માથાકુટ કરે છે, ત્યારે મહાત્મા ભગતો ભગવાનમાંથી અને ભગવાન અર્થે પળાતા ધર્મની ક્રિયાઓમાંથી સુખ મેળવવાની તજવીજ કરે છે. આવી રીતે ભગતોમાં અને વ્યવહારીક લોકોમાં બહુ મોટો તફાવત છે, માટે ભગતોમાં અને વ્યવહારીક લોકોમાં એટલો બધો ફેર કેમ પડે છે? તેનાં કારણો જાણવાં જોઇએ. કારણ કે,

ઘણા લોકોને એમ લાગે છે કે, જેમ દુનીયાના ઘણા લોકો વરતે છે તેમજ ભગતો પણ વરતતા દેખાય છે. જેમ કે, જેમ વ્યવહારીક લોકો ખાય પીએ છે તેમજ ભગતોને પણ ખાવું પીવું પડે છે. જેમ વ્યવહારીક લોકોને સગાંવહાલાં હોય છે તેમ ભગતોને પણ સગાંવહાલાં હોય છે. જેમ વ્યવહારીક લોકોને ઘરબાર હોય છે અને ઘરસંસારી ચીજોનો ઉપયોગ કરવો પડે છે, તેમજ ભગતોને પણ ઘરબાર હોય છે અને ઘણી ચીજોનો ઉપયોગ કરવો પડે છે. ત્યારે ભગતોમાં ને વ્યવહારીક લોકોમાં ફેર શું? આ પ્રમાણે બહારથી ઉપલકપણે જોનારાઓને લાગે છે, પણ એ વાતનો બહુ સારો ખુલાસો જાણનાર સંતો એમ કહે છે કે,

કેટલીક જાતનાં પક્ષીઓ થાય છે તેઓ હમેશાં ઝાડ ઉપર રહે છે, પણ તેઓનો ખોરાક જમીન ઉપર હોય છે; તેથી તેઓને જ્યારે ખોરાકની જરૂર પડે ત્યારે તેઓ ઝાડ ઉપરથી નીચે ઉતરે છે, અને ઝડપ મારી ખોરાક પકડી લઈ તુરતજ પાછાં ઝાડ ઉપર જઇ બેસે છે. તેમજ જે સાચા ભગતો છે, જે સાચા મહાત્માઓ છે, અને જે તત્વને સમજી ગએલા જ્ઞાનીઓ છે તેઓ પણ એમજ કરે છે એટલે કે પોતાના સ્થૂલ દેહને સ્થૂલ ખોરાક દેવા માટે જ્યારે નીચે વ્યવહારમાં ઉતરવું પડે ત્યારે તેઓ વ્યવહારમાં ઉતરે છે, પણ પોતાનું કામ થઇ જાય કે તુરતજ તેઓ પાછા પોતાના જ્ઞાન

ધ્યાનમાં લાગી જાય છે, સેવા સ્મરણમાં લાગી જાય છે, અને જ્ઞાનનો તથા ભક્તિનો આનંદ ભોગવ્યા કરે છે. એવો આનંદ ભોગવતી વખત કાંઇ તેઓ વ્યવહારના પ્રપંચોમાં હોતા નથી, પણ એ વખતે તો તેઓ એકાંતીક સ્થળમાં હોય છે. એ વખતે તેઓ જગતથી જુદા હોય છે, અને જગતની અંદર રહેવા છતાં તથા વ્યવહારની વચ્ચે રહેવા છતાં એટલો વખત તેઓ વ્યવહારથી અને જગતથી જુદા હોય છે. આવો મહાત્માઓમાં અને વ્યવહારિક લોકોમાં તફાવત છે. માટે હે હરિજનો! અમે તમને જે સમજાવવા ઇચ્છીએ છીએ તે એજ છે કે, સ્થૂલ દેહને કાંઇ સ્થૂલ ખોરાક વિના ચાલવાનું નથી, તેમજ આ દુનીયા મૂકીને કોઇ બીજી દુનીયામાં ભાગી જવાય તેમ પણ નથી, માટે આ દુનીયામાં રહ્યા છતાં અને વ્યવહારનો બોજો ઉપાડતાં છતાં ભગવાનના આનંદો ભોગવી શકાય તેમ કરો અને જ્યારે જરૂર પડે ત્યારેજ તેમાં આવો, બાકી બને ત્યાં સુધી ઉત્તમ દશામાંજ રહો, એજ અમારી ભલામણ છે.

૧૦–સંસારની ઉપાધીઓ વચ્ચે રહીને પણ જે ભક્તિ કરી શકે તેજ ખરા ભગતો છે.

ઘણાં માણસોને ભક્તિ કરવી ગમે છે, છતાં પણ આપણે જોઇએ છીએ કે, બહુજ થોડાં માણસો સાચી ભક્તિ કરી શકે છે, અને બાકી કરોડો માણસો ભક્તિ વિનાના રહી જાય છે. એનું કારણ શું? એ સમજાવવા માટે એક મહાત્મા પોતાના મંડળવાળાઓને કહેતા હતા કે, ભક્તિ કરવી સહુને ગમે છે એ વાત ખરી છે, છતાં પણ ઘણાં માણસોથી ભક્તિ બનતી નથી. તેનું કારણ એ છે કે, તેઓ વાયદા ઉપર રહી જાય છે. જેમ કે,

કોઇ કહે છે કે, ઘરડા થશું ત્યારે ભક્તિ કરશું, કોઇ કહે છે કે, ખાવા જેટલા પૈસા મળી જાય એટલે ભક્તિ કરશું. કોઇ કહે છે કે, છોકરાંઓ મોટાં થઇ જાય ને પોતપોતાનું સંભાળી લેય એટલે ભક્તિ કરશું. કોઇ કહે છે કે, ખૂબ વખત મળે એવી નોકરી મળી જાય તો ભક્તિ થાય, કોઇ કહે છે કે, શરીર માંદું સાજું રહે

છે ત્યાં સુધી કાંઇ સૂઝતું નથી, શરીર સારૂં થઇ જાય તો ભકિત બને. કોઇ કહે છે કે અમે બધા ભેળા છીએ ત્યાં સુધી કાંઇ બને એમ નથી, હવે જ્યારે નોખા થશું ત્યારે ભકિત કરશું. કોઇ કહે કે આ ગામજ ખરાબ છે, આ ગામમાં રહીએ ત્યાં સુધી ભકિત બને નહીં, જ્યારે કોઇ તીર્થના સ્થળમાં જઇને રહેશું ત્યારે ભકિત બનશે. કોઇ કહે છે કે, હજી હાલનો વખત ભકિતને માટે અનુકૂળ નથી, અનુકૂળ વખત આવશે ત્યારે વાત. કોઇ કહે છે કે, અમારે તો ઘણીએ ભકિત કરવી છે પણ અમારા ગુરૂમાં કાંઇ માલ નથી, એટલે કાંઇ બનતું નથી. જ્યારે લાયક ગુરૂ મળશે ત્યારે ભકિત બની શકશે. અને કોઇ કહે છે કે, હજી વાર છે, હજી વાર છે. આ પ્રમાણે ઘણા માણસોની ભકિત વાયદા ઉપર રહી જાય છે, અને તે બધી જુદી જુદી બાબતોનું એક મુખ્ય કારણ એજ છે કે, સૌ લોકો એમજ ઇચ્છે છે કે, અમારી સંસારીક ઉપાધીઓ મટે ત્યારે અમે ભકિત કરશું. પણ સાચા ભગતો એમ કહે છે કે,

જે માણસ એમ કહે છે કે, મારે સમુદ્રમાં નહાવું છે, પણ જ્યારે દરીયાનાં મોજાં બંધ થાય ત્યારે હું નહાઇશ તો એ વાત કાંઇ બનવા જોગ નથી. કારણ કે સમુદ્રનાં મોજાં કોઇ દીવસ બંધ થાય નહીં ને એ માણસ નાહી શકે નહીં. તેમજ જે માણસો એમ કહે છે કે, દુનીયાદારીની અમારી અમુક અડચણો મટે તે પછી અમે ભકિત કરશું, તેઓથી પણ કાંઇ ભકિત બની શકે તેમ નથી. કારણ કે દરીયામાં જેમ મોજાં બંધ થાય નહીં તેમ સંસારની જંજાળોનો પણ છેડો આવતોજ નથી. એક જંજાળ મટે તેની પાછળ બીજી નવી જંજાળ ઉભેલીજ હોય છે. માટે સંસારની ઉપાધીઓ મટયા પછી ભકિત કરશું એમ વાયદા ઉપર રહેનારાઓથી કાંઇ ભક્તિ બની શકે તેમ નથી. કારણ કે પચાસ, સાઠ, કે સીતેર વરસની આ એક જીંદગી તે શું હિસાબમાં છે? પણ એવી હજારો જીંદગી ચાલી જાય તો પણ સંસારની જંજાળો મટતી નથી એવી સંસારની રચના છે, અને એવો જીવનો સ્વભાવ છે. માટે જો વાયદા ઉપર રહી જશો તો મોતના પંજામાં સપડાઇ જઇએ ને યમના હાથમાં જઇ પડીએ ત્યાં સુધી પણ ભકિત બની શકશે

નહીં. માટે બંધુઓ, આવી આવી સમજણ છતાં પણ વાયદા ઉપર ન રહી જાઓ, પણ જરાક વધારે જોર રાખીને જે બને તે જલદીથી ભકિત કરી લો. કારણ કે મહાન્ ભગતો એમ કહી ગયા છે કે,

ભકિત કરવા માટે જેવી આ દેહ ઉત્તમ છે તેવી ઉત્તમ બીજી કોઇ પણ દેહ નથી. ભકિત કરવા માટે આપણે સારૂ જેવો આ

કાળ ઉત્તમ છે તેવો બીજો એકે કાળ ઉત્તમ નથી. ભકિત કરવા માટે જેવો આ દેશ અનુકૂળ છે તેવો બીજો એકે દેશ અનુકૂળ નથી. ભકિત કરવા માટે તમારી આ અવસ્થા ઉત્તમ છે તેવી ઉત્તમ બીજી એકે અવસ્થા નથી. ભકિત કરવા માટે તમારા હાલના સંજોગો જેટલા સારા છે તેટલા સારા સંજોગો ફરીથી મળવા મુશ્કેલ છે. ભકિત કરવા માટે જેવો તમારો ધર્મ યોગ્યતાવાળો છે તેવી યોગ્યતાવાળો બીજો ધર્મ તમોને મળાવો મુશ્કેલ છે અને ભકિત કરવા માટે જેવો આજનો દીવસ ઉત્તમ છે તથા જેવી આ પળ ઉત્તમ છે તેવી પળો અને તેવા દિવસો ફરી ફરીથી મળવા મુશ્કેલ છે. માટે હે હરિજનો! જો ડાહ્યા હોય તો ખોટા ખોટા વાયદાઓ ઉપર રહી જાઓ માં, પણ આજ ક્ષણેથી ભકિતમાં લાગી જાઓ, ભકિતમાં લાગી જાઓ ને એમ સમજી લો કે, જેમ મોજાં વિનાનો સમુદ્ર હોય નહીં તેમજ ઉપાધી વિનાનો સંસારનો વ્યવહાર હોય નહીં. માટે જેમ સમુદ્રમાં લહેરો આવતી હોય છતાં પણ તેમાં નાહી લઇએ છીએ તમજ સંસારની જંજાળો હોય છતાં પણ વચમાંથી વખત મેળવીને ભકિત કરી લો, ભકિત કરી લો. એજ અમારી ભલામણ છે.

પ્રભુ ભજનમાં જલદી કરવા વિષે.

દોહરા.

આજ કહે મેં કલ ભજુ, કાલ કહે પુની કાલ,
આજ કાલતે કરતહી, અવસર જાસી ચાલ.
શ્વાસે શ્વાસે રામ ભજ, મીથ્યા શ્વાસ મત ખોય,
ના જાનું એ શ્વાસકી, આવન ફીર ન હોય.

તુલસી વીલંબ ન કીજીએ, ભજ લીજે રઘુવીર,
તન તરકસતેં જાત હે, શ્વાસ સારખે તીર.
પાવ પલકકી ખબર નહીં, કરે કલકી બાત,
જીવ ઉપર જમ ફીરત હે, જયું તેતર પર બાજ.
કહતા હું કહ જાત હું, કહા બજાઉં ઢોલ,
શ્વાસા ખાલી જાત હે, તીન લોકકા મોલ.

પદ.

હરિ ભજયાનું ટાણું, આ છે રામ ભજયાનું ટાણું;
આ છે કૃષ્ણ ભજયાનું ટાણું;
ભૂલ્યા શિદ ભમો છોરે, આ છે હરિ ભજયાનું ટાણું.
હરતાં ને ફરતાં હરિ ન સમર્યા, શું બેસે છે નાણું;
વહાલા શું બેસે છે નાણું;
સમી સાંજના સુઇ રહ્યા છો, હમણા વ્હાશે વાણું--ભૂલ્યા૦
ઠાલે રે ઠાલે ભરીયે ભરાયે, માયા મોટું માણું;
વહાલા માયા મોટું માણું;
ઓચિંતો આવીને પકડશે, પડયું રહેશે કરિયાણું—ભૂલ્યા૦
માથે આવ્યું નહીં મટે, વહાલા ઘુંઘુટમાં ઘેરાણું;
વહાલા ઘુંઘટમાં ઘેરાણું;
બળ કરી બોલાશે નહિ, જ્યારે બેઠું જમનું થાણું—ભૂલ્યા
દીધા વિના કયાંથી પામે, વહાલા એ વાતો હું જાણું;
વહાલા એ વાતો હું જાણું;
ગોવિંદરામ કહે અહીંયા ન સમર્યા, ઉવાં નથી ઠેકાણું--ભૂ૦

૧૧–જુદા જુદા ભગતોની જુદી જુદી સ્થિતિ હોય છે, તેથી તેઓની વચ્ચે કોઇ જાતનો ફેર તો રહેવાનોજ.

કેટલાક માણસો પોતાના મનમાં એમ મુંઝાયા કરે છે કે, ફલાણો માણસ જેવો ભગત છે તેવો આ ભગત નથી. પેલો ભગત તો કાંઇ ધામધુમ કરતો નથી અને આ નવો ભગત તો દોડાદોડ

કરે છે. એક વરસમાં ચાર વાર તો નાસીક જઇ આવ્યો, બે વાર ડાકોર જઇ આવ્યો, દર અગીયારસે તેને ત્યાં ભજન થાય છે, અને અમાસે અમાસે સત્યનારાયણની કથા કરાવે છે. ત્યારે બીજા કોઇ લોકો કહે છે કે, અમારા ગામમાં એક ભગત છે તે જ્ઞાનની વાતો બહુ કરે છે પણ બહુ વિધિનિષેધ પાળતા નથી, અને બીજો એક ભગત છે તે જ્ઞાનમાં સમજતો નથી પણ કર્મકાંડ બહુ કર્યા કરે છે. આવી રીતે જુદા જુદા ભગતો માટે જુદા જુદા લોકો જુદી જુદી જાતની ટીકા કર્યા કરે છે. તેથી કેટલાક હરિજનોને એમ લગે છે કે, આમાં સાચા ભગત કોણ અને ખોટા ભગત કોણ? એ વાત સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોને કહેતા હતા કે,

સ્ટેન્ડર્ડ ટાઇમ અને મુંબઇ ટાઇમ વચ્ચે જેમ ફેર છે, મદ્રાસ ટાઇમમાં અને મુંબઇ ટાઇમમાં જેમ ફેર છે, અને કલકત્તાના ટાઇમમાં તથા મુંબઇના ટાઇમમાં જેમ ફેર છે, તેમજ જુદા જુદા ભગતોની સ્થિતિઓમાં અને તેઓના લક્ષણોમાં ફેર તો રહેવાનોજ કારણ કે કેટલાક ભગતો શરૂઆતના હોય છે, કેટલાક ભગતોમાં ભકિતનું પૂર આવેલું હોય છે, કેટલાક ભગતો સારી સ્થિતિવાળા હોય છે, અને કેટલાક ભગતો વ્યસન દશાવાળા હોય છે, એટલે એ બધાની સ્થિતિ કાંઇ એક સરખી હોય નહીં. તેઓની રીતભાતમાં ને તેઓની રહેણી કરણીમાં ફેર તો રહેવાનોજ. કારણ કે તેઓના સંજોગો જુદા હોય છે, તેઓના ગુરૂઓ જુદા હોય છે, તેઓને મળતું શિક્ષણ જુદા જુદા પ્રકારનું હોય છે, અને તેઓની ભકિતની સ્થિતિ પણ જુદી જુદી જાતની હોય છે, એટલે બધા ભગતોની રહેણી કરણી કાંઇ એક સરખી હોય નહીં. બધા ભગતોના વિચારો કાંઇ એક સરખા હોય નહીં અને બધા ભગતોની ભકિતમાં કાંઇ સમાનતા હોય નહીં. કારણ કે જુદા જુદા ભગતોમાં ભકિતના જુદા જુદા અંગનું બળ હોય છે. જેમ કે કોઇ ભગતમાં નામ સ્મરણનું બળ વધારે હોય છે, કોઇ ભગતમાં તીર્થ યાત્રાનું બળ વધારે હોય છે, કોઇ ભગતમાં ભગવાનની મૂર્તિ ઉપરનો પ્રેમ વધારે હોય છે, કોઇ ભગતમાં તપ કરવાની શકિત વધારે હોય છે, કોઇ ભગતમાં પ્રેમ વધારે હોય છે, કોઇ ભગતમાં જ્ઞાન વધારે

હોય છે, કોઇ ભગતમાં સહનશીલતા વધારે હોય છે, કોઇ ભગતમાં દયા વધારે હોય છે, અને કોઇ ભગતમાં પરમાર્થનું જોર વધારે હોય છે આવી રીતે જુદા જુદા ભગતોમાં જુદી જુદી જાતનાં મુખ્ય અંગ હોય છે. તે પ્રમાણે તેઓ વર્ત્યા કરે છે, તેથી તેઓની વચ્ચે કોઇને કોઇ પ્રકારનો થોડો થોડો તફાવત તો રહેવાનોજ. કારણ કે નવા ભગતો, જુના ભગતો, પૂર આવેલા ભગતો, અને વ્યસન દશાવાળા ભગતો, એ બધાની સ્થિતિ કાંઇ એક સરખી થઇ શકે નહીં. માટે જુદા જુદા ભગતોમાં જુદો જુદો ફેર દેખાય તે સારૂ મનમાંથી મુંઝાવું નહીં કે તેઓની વિરૂદ્ધની ટીકા કરવી નહીં. પણ એમ સમજવું કે, ભગતોમાં એવા ફેર હોય તેમાં કાંઇ નવાઇ નથી. એટલુ જ નહીં પણ આપણે કાંઇ એવા બહારના ફેરફાર સામે જોઇનેજ રહેવાનું નથી, પણ આપણે તો તેઓની અંદર આવી ગએલી ભકિત સામે જોવાનું છે એ વાત યાદ રાખજો. એટલે ખોટી ટીકામાં કે ખોટી ભૂલમાં રહી જશો નહીં.

દોહરા.

તુલસી કહે ઇસ જગતમેં સબસે મીલીએ ધાય;
કયા જાણે કીસ બેશસે રામચંદ્ર મીલી જાય.
કબીર મેરે સાધકી નિંદ કરો મત કોય;
જો પૈ ચંદ્ર કલંક હય તૌ ઉજીઆરા હોય.

હરિજનને ઓળખવાની જરૂર.

દોહરા.

નરતન ધરી જાકું નહીં, સંત અસંત પિછાન;
મુકત કહે તાકો નહી, કોટી જન્મ કલ્યાન.
બડ ભાગીસે હોત હે, સાચે સંતકી સેવ;
મુકત કહે તેહી રીજત, અલખ નિરંજન દેવ.

૧૨–નિંદા ન કરવા વિષે.

દોહરા.

નારાયણ નીજ હૃદયમેં, અપનો દોષ નિહાર,
તા પીછે તું ઓરકો, અવગુન ભલે બીચાર.

મન ચાહે સોઇ કરે, ભલો બુરો સંસાર;
નારાયણ તું બેઠકે અપનો ભુવન સંભાર.
તુજે બીરાની ક્યા પડી, તું અપની નીવેડ;
તેરી ઝાઝ દરીઆવમેં, ડુબે નહીં ત્યું ખેડ.

જેનો તને પ્રભુ પાસે હિસાબ દેવો ન હોય તેની પંચાત તે તું શું કરવા કરે છે?

પાડોશીના દોષ તે શું જોય છે? તારા દોષ જો, ને પાડોશીના ગુણ જો, ત્યારે તું ડાહ્યો.

બીજાઓના ધર્મની જવાબદારી કાંઇ તમારી ઉપર નથી ત્યારે પારકી પંચાત શા માટે કરો છો? માટે પારકી પંચાત છોડ ને તું તારૂં ઉકેલ.

જે પારકાના દોષ જોવામાં દહાડા કાઢે છે, તે પારકાની એઠ ખાઇને જીવે છે એમ જાણવું.

ભસકણા કૂતરા ને ચોર ને સાહુકાર સૌ સરખા હોય છે.

આપણે સૌને યાદ રાખવાની વાત છે તે એ કે, ગધેડાં સામે ભુંકે તે તો ગધેડો હોય.

દરેક ભસતા કુતરા સામે હાથી જો ભાષણ દેવા ઉભો રહે તો તેનાથી આગળ વધી શકાય નહીં, તેમ હે હરિજનો! તમે પણ જો વાદવિવાદ કરનારા નિંદકો સાથે તકરારમાં પડશો તો તમે તમારી ભક્તિમાં આગળ વધી શકશો નહીં.

જેઓ બીજાની ભુલો કહાડવામાંજ રહી જાય છે તેઓને પોતાની ભૂલો જણાતી નથી.

જે પોતે ગુન્હેગાર હોય તેને બીજાનાં કામોનો ઇન્સાફ કરવાનો હક નથી.

દોહરા.

કબીરા તેરી ઝુંપડી, ગલા કટનકે પાસ,
કરેગા સો પાવેગા, તું ક્યું રહત ઉદાસ?

જેઓ બીજાની ખોડ જોવામાં વખત ગુજારે છે, તેઓને પોતાની ખામી જોવાની ફુરસદ મળતી નથી.

ફૂટેલો ઘંટ જેમ બરાબર અવાજ આપતો નથી તેમ જેના અંતરો બગડેલાં હોય છે, તેઓજ પારકાની નિંદામાં પોતાના દહાડા ગુજારે છે.

કુતરાઓ જેમ સારા નરસા સાને ભસતા રહે છે તેમ નિંદકો પણ નિંદા કરવાના શોખને લીધે અમે શું કરીએ છીએ અને કોને કહીએ છીએ તે સમજી શકતા નથી.

કાગડાઓ જેમ ગધેડાંની પીઠ ઉપર પડેલાં ભાઠાંને ચુંથ્યા કરે છે, તેમ નિંદકો પણ સદાય પારકાઓના દોષોનુંજ વર્ણન કરતા રહે છે ને તેમાંજ પોતાના દહાડા કહાડતા રહે છે.

કમળાવાળાને જેમ બધું પીળું દેખાય છે ને ચકરીવાળાને જેમ બધું ચક્ક ચકકર ફરતું દેખાય છે, તેમ નઠારાઓને બધું નઠારૂં નઠારૂંજ દેખાયા કરે છે.

ગાયના આંચળમાં રહેલી બગાને આંચળમાં રહેલું દૂધ કામ આવતું નથી પણ લોહી કામ આવે છે, તેમ નઠારા મનુષ્યોને કોઇના સારા ગુણો કામ આવતા નથી પણ તેમાં રહેલા દુર્ગુણોની વાતો કર્યા કરવી ગમે છે.

ઉંદરો કે જેનું કાંઇ પણ કરડી ખાવાનુંજ કામ છે તેઓ કાંઇ એમ સમજતા નથી કે, આ તે સુતર, રેશમ કે જરીનું ભારે કપડું કરડીએ છીએ, તેમ બકબકીયાઓ પણ આ તે કોનું ભુંડુ કરીએ છીએ અને શું કરીએ છીએ, એનો વિચાર રાખી શકતા નથી.

મુકત કહે મતિમંદ નર, સંતકે અવગુન ગાત;
જ્યું બગલા ગંગા ગયે, તદપી મછલી ખાત.

ઝેરી સરપોને મોટા મહેલનું સુંદર દીવાનખાનું ગમતું નથી પણ તેને ખુણામાં પડેલાં ગાબડાઓમાં રહેવું ગમે છે, તેમ દુરિજનોને સદાય પારકાઓના ગુણ ન જોતાં સજ્જનોમાં રહેલા દોષોની વાતો કરવામાં મજે બની રહે છે.

ટુંકમાં હરિજનોએ દુર્ગુણ ગ્રહણ કરનારી ચાળણી જેવા ન થવું પણ સાર ગ્રહણ કરનારાં સુપડાં જેવા થવું.

કુવાની અંદર ઘણો કચરો પડેલો હોય છે તોપણ આપણે તે કચરા તરફ ખ્યાલ કરતા નથી પણ તેના મીઠા પાણી તરફ લક્ષ રાખીએ છીએ તેમ હરિજનોથી પણ કોઇના દોષ તરફ ન જોતાં ગુણ તરફ જોવાનું બની આવે તો ઘણી સારી વાત છે.

મુંબાઇના ઉંચી જાતના હાપુસ આંબાઓમાં પણ કીડા તો થાય છે, તેમ જીવ તરીકે જન્મેલા હરિજન, સાધુ, વૈષ્ણવો અને મહાત્માઓમાં પણ કોઇક ટાણે ખામી તો જણાશે; પણ તેઓના દોષ તરફજ નીઘા બની રહે અને ગુણો લક્ષમાંથી વીસરી ન જવાય તેની સુરત રાખવાની છે, એ દરેક સમજુ માણસનું કામ છે. માટે કબીર સાહેબ કહે છે કે,

દુહો.

કબીર મેરા સાધકી, નીંદ કરો મત કોય,
જોકે ચંદ્ર કલંક હે, તો ઉજીયારા હોય.

૧૩–પારકાના દોષ જોવા નહીં તે વિષે.

લોટ ચાળવાની ચાળણી એક દિવસ દરજીની સોયને કહેવા લાગી કે, આ તારા પેટમાં કાણું છે તે બહુજ ખરાબ છે. ત્યારે સોઇએ ઉત્તર આપ્યો કે બાઇ, મારા પેટમાં તો એક કાણું છે પણ તારા પેટમાં કેટલા કાણાં છે તે તેં કોઇ દિવસ ગણી જોયાં છે?

જેની પોતાની આંખો દુઃખતી હોય તે બીજાનું મ્હોડું સાફ જોઇ શકતો નથી, તેમ જેનું અંતર બગડેલું હોય છે તેવાઓજ હમેશાં બીજાઓની ખામીઓની વાતો કરતા જણાય છે.

મનગમતી રીતે પોતાના મનના વિચાર બાંધીને પારકાઓ વિષે ગમે તેમ બકયા કરવું, એ તો જાણે ઇશ્વરને ઇનસાફ કરવાની જગ્યામાંથી ઇશ્વરને ઉઠાડીને પોતેજ ઇનસાફ કરનાર થઇ બેસવું તેના જેવું છે.

દીનતાવાળો હરિજન તો પોતાને હમેશાં મોટો ગુનેહગાર સમજીને કદી પણ કોઈના કર્મો વિષે ઈનસાફ કરનાર થઇ બેસવા ચહાતો નથી.

કુવાના ખોદનારને નિચે ઉતરવું પડે છે, અને મેહેલના ચણુનારને માથે ચ્હડવું પડે છે, તેમ જે પારકાની ખોદણી કરે છે તે પોતેજ બગડતો જાય છે, ને જે પારકાનું ભલું કરે છે તે પોતાનું પણ સાથે ભલું કરતો જાય છે.

જે તોપને મોઢે બંધાવાને જતો હોય તે જ્યારે રસ્તા ઉપરના પડેલા કચરાની ફરીયાદ કરે છે ત્યારે લોકો તેને હસે છે ને કહે છે કે, જુઓ તો ખરા, પોતે તો તોપને મોઢે બંધાઈ મરવા જાય છે ને આ રસ્તા સાથે જ્યાં પાછું કોઇ દહાડે આવવું નથી તેની માથે પડેલા કચરાની પંચાત કરે છે.

તેમજ પરાયા દોષ જોનાર પ્રપંચીઓ પોતે મરી જવાના છે, તેની તો બીલકુલ યાદ જ કરતા નથી, પણ જ્યાં ફરીને પાછું નથી આવવું તેવા સંસારમાં રહેલા ખામી ભરેલાઓની ખામીઓ ખોળી કાઢવામાં પોતાના દહાડા ગુજારે છે.

આ બધું હરિજનને હોય નહીં, એમ દરેક હરિજને યાદ રાખવાનું છે.

જેસી મીઠી લગત હે, ગામ કથાકી ગાથ;
એસી લાગે હરિકથા, તો તરવો કયા બાત.

૧૪–આસકિત વિનાના ભકતો વિષે.

કમળ જેમ જળમાં રહે પણ તેને જળનો સ્પર્શ થતો નથી, તેમ ભગત જગતમાં રહે છે પણ તે સંસારી બાબતોમાં લુબ્ધ થઇ જતો નથી. તેનું મન તો પ્રભુમાંજ લાગેલું રહે છે.

માખણ છાશમાંથી થાય છે, પણ માખણ થઇ ગયા પછી પાછું તે છાશમાં મળી શકતું નથી, તેમ ભગત પણ સંસારી જીવોમાંથીજ થાય છે, પણ ભગત થયા પછી તે પાછા સંસારની ખોટી માયામાં મળી શકતા નથી.

ઝાડો પેસાબ કર્યા પછી જેમ માણસો તેને ફરીથી જોવા ઇચ્છતા નથી, તેમ જેઓએ એક વખત જગતને છોડી દીધું છે તેવા ત્યાગી સાધુઓ તથા ખરા ભગતો પણ ફરીથી સંસારના મોહમાં પડવા ઇચ્છતા નથી.

જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે ને ડાળ પાંદડાં ઉંચા રહે છે, તેમ ભક્તજનોનો વ્યવહાર મનુષ્યોમાં ફેલાએલો હોય છે, પણ તેનું મન તો ઇશ્વરમાંજ ચોંટેલું હોય છે.

જે છોકરો પોતાના બાપની સાથે મુસાફરી કરતો હોય તેને ટીંમણ ભાતાંની ઝાઝી ફીકર રહેતી નથી, કારણ કે તેનો બાપ એ બાબતની તજવીજ રાખે છે, તેમજ જે ભગતો હમેશાં પ્રભુની સાથે રહે છે એટલે કે પ્રભુને પોતાના હૃદયમાં રાખે છે તેને પણ ખાવા પીવાની બહુ કાળજી રાખવી પડતી નથી, કારણ કે પ્રભુ પોતે તેને જરૂરની સર્વ ચીજો પૂરી પાડે છે.

દુહા.

ભોજન છાજનકી નહીં, શોચ કરે હરિદાસ;
વિશ્વ ભરન પ્રભુ કરત હે, સો ક્યું રખે નિરાસ.

જપ તપ તિરથ જાત્રા, જોગ જગ્ન વ્રત દાન;
મુક્ત તાઇ હોવત સદા, જેહી ઉર શ્રી ભગવાન.

સબહી દેવ તેંહી પાસ હે, સબ તીરથ તિંહી પાસ;
મુકત કહે જેહી સંત ઉર, શ્રી હરિ કીન નિવાસ.

નવધા ભકિત હોત હેં, આઠો પહોર એક તાગ;
મુકત કહે જેહી સંત ઉર, રહત સદા કીરતાર.

ભગત લક્ષણ.

તુલસી જગમેં યું રહે, જ્યું જીભ્યા મુખ માંહી;
ઘીવ તણા ભક્ષણ કરે, તોબી ચીકણી નાહીં.

કોટી વિઘન દુ:ખમેં સુજન, તજે ન હરીકો નામ;
જેસે સતી હુતાસકુ, ગીને અપનો ધામ,

પહેંચાના તબ જાનીઆ, હરિસે લાગે મન;
  રાત દિવસ ન વિસરે, જયું કરપનકું ધન.
ભકતી બીજ પલટે નહીં, જો જુગ જાય અનંત;
  ઉંચ નીચ ઘર અવતરે, તોઉ સંતકો સંત.
હરીજન તો હાર્યા ભલા, જીતન દે સંસાર;
  હાર્યા સો હરીસેં મીલે, જીત્યા જમકે દ્વાર.
ભરત અપની જનની તજી, પીતા તજે પ્રલ્હાદ;
  વિભીષણુ અપના ભાઈ તજે, શ્રી રામકે કાજ.
ચાહ ગઈ ચીંતા ગઇ, મનમેં નહીં પરવાહ;
  જાકે મનમેં ચાહ નહીં, વો શાહનકો શાહ.
ધન્ય ભૂમી ધન્ય ગામ તેં, જ્યાં સંત બીરાજે આઇ;
  સબી ભૂમી પાવન કરે, હીલી મીલી હરી જશ ગાઇ.
જપ તપ તીરથ જાત્રા, જોગ યજ્ઞ વૃત દાન;
  મુકત તાહી હોવત સદા, જેહી ઉર શ્રી ભગવાન.
ગાંઠી દામ ન બાંધઇ, નહીં નારીસો નેહ;
  કહે કબીર તા સાધકી, હમ ચરનનકી ખેહ.
જાન બુજ જડ હો રહે, બળ તજી નિર્બળ હોય;
  કહે કબીર તા દાસકો, ગાંજ સકે નહીં કોય.

હરિજન ભગતોની પરિક્ષા જાણે છે.

હીરા પડયા બજારમેં, રહા છાર લપટાય;
  કંઇક મુરખ ફીર ગયે, પારખ લીયા ઉઠાય.
જો જાકે ગુણ જાણત, સો તાકો ગુણ લેત;
  કોયલ આંબરી ખાતહે, કાગ લીંબોરી લેત.

૧૫-ભગતોની રીતભાત.

હરીજનથી આસ્તે આસ્તે હું ને મારૂં ભુલાતું જાય છે, અને મનુષ્ય જાતીને મદદ કરવામાં પોતાના પ્રભુની સેવા સમજે છે.

પ્રભુના ભગતો દુનિયાથી ડરતા નથી.

હરિજને સદાય ઇશ્વરનું સ્મર્ણ કરતા રહેવું ને પોતાના મન, વચન ને કર્મ ઇશ્વરને અર્પણ કરવાં.

ભગત હમેશાં પોતાના ભગવાનને પોતાના હૃદયમાં રાખીને ફરે છે.

હરિજનો ઇશ્વર સિવાય બીજા કોઇની આશા રાખતા નથી.

હરિજનથી પાપ થઇ જાઇ છે પણ તેનું દીલ પાપમાં હોતું નથી.

જેવું તમે તમારૂં ઇચ્છો છો તેવું સૌનું ઇચ્છતા થશો ત્યારે તમે પ્રભુના ભગત ગણાશો.

તરી જાણનારો પાણીમાં પડી જાય, પણ બુડી મરે નહીં, તેમ હરિજનથી પાપ થઇ જાય પણ પાપમાં પડયું રહેવાય નહીં.

હરિજનોનો સઘળો વહેવાર પ્રભુ પ્રીત્યર્થે હોય છે.

હરિજનો સદાય પોતાનો દોષ ને પારકાના ગુણ જોય છે, અને સંસારીયો પોતાના ગુણ ને પારકાના દોષ જોયા કરે છે.

હરિજનોનો ભરૂસો કેવળ ઇશ્વરમાંજ હોય છે.

ભગવાનના ભગતો હમેશાં દિનતાવાળા હોય છે.

એક ચેલાએ ગુરૂને પુછયું કે, મહારાજ! ભગતમાં જે ચીજ બીલકુલ ન હોય તે શું ? ત્યારે ગુરૂએ કહ્યું કે, પોતાપણું.

ધર્મ કરતાં અધર્મ ન થાય તેની સુરત રાખજો.

આગબોટ ચારે બાજુ દરિયાથી ઘેરાએલી રહે છે પણ દરિયાને પોતાની અંદર આવવા દેતી નથી, તેમ હરિજનો હમેશાં સંસારમાંજ રહે છે પણ સંસારને પોતાના મનમાં આવવા દેતા નથી.

વિદ્વાનોની નજર ન્યાય સુધી પહોંચે છે, પણ ભગતોની દૃષ્ટિ તો તેની માથે દયા સુધી જાય છે.

જ્ઞાનિઓ હોશીયાર અને અભિમાની હોય છે અને ભગતો ભલા ને દિનતાવાળા હોય છે.

હરિજનો તમને ખબર છે કે લખમીદાસ અને ભગવાનદાસ એ બંનેને આ જગતમાં કોઇ દિવસ સંપ થયો નથી અને થવાનો પણ નથી.

જે તમારૂં બુરૂં કરે તેનું તમે રૂડું કરો ત્યારે તમે ભગત થયા એમ જાણજો.

સારૂં કરે તેનું સારૂં કરવું એ તો સૌ જાણે છે, પણ નરતું કરે તેનું સારૂં કરવું એ ધર્મ તો ભગતોનાજ ઘરનો હોય છે.

ભગતો ભગતોને ઓળખે છે.

હથિયારબંધ વટેમાર્ગુ કોઇથી ડરતા નથી, તેમ ભગવત નામનું સ્મર્ણ કરતા હરિજનોએ પણ કોઇથી ડરવું નહીં.

નર્કમાં પડનારો ચાર ઘોડાની ગાડીમાં ફરે છે ને ઇંદ્રપુરીને ઉલ્લંઘી જનાર ભક્ત લોકો ચીંથરે હાલે ફરતા જણાય છે તે દેખીને કોઇ હરિજન હીંમત હારશો નહીં.

દુનિયા તો દુનિયાદારીઓને માન આપે છે, ભગતોને માન આપતી નથી.

ભગતોને ભગવાનમાંથી એટલો બધો આનંદ આવે છે કે, તેમને બીજી કોઇ વસ્તુની ઇચ્છા રહેતી નથી.

સાચા ભગતો સેવા કરવા ચાહે છે, પોતાની સેવા કરાવવા ચાહતા નથી.

ભગતો હાલમાં અહીં સાંકડી શેરીમાં ભમતા દેખાય છે, પણ અંતે તેઓ રાજમહેલમાં જઈ પહોંચવાના છે.

માછલાંને પાણીથી બહાર આવવું ગમતું નથી, તેમ હરીજનોને સત્સંગથી અલગ થવું ગમતું નથી.

સંસારીયોનો ભગવાન ધન છે, અને ભગતોનું ધન ભગવાન છે.

સારો ઘોડો પણ વખતે ઠોકર ખાઇ જાય છે પણ પડયો રહેતો નથી, તેમજ હરિજનથી પણ કોઈ વખત પાપ થઇ જાય છે પણ તેઓ પાપને વળગી રહેતા નથા.

હરિજનો દુઃખમાં નિરાશ થતા નથી ને સુખમાં છકી જતા નથી.

સંતો પોતાના પ્રભુમાં સર્વસ્વ જુએ છે.

બીજાને દુઃખ થાય તે કરતાં પોતેજ દુઃખ ખમી લેવું એ હરિજનોનો ધર્મ છે.

પ્રભુના ભગતો સૌને પોતાના જેવા બનાવવા ઇચ્છે છે.

જ્યારે તમારા સગા તથા મિત્રોને તમારે ઘેર તેડો ત્યારે તમારી શક્તિ પ્રમાણે સત્કાર કરજો, પણ જ્યારે રાજાને ને તેના કારભારીઓને તેડો ત્યારે તો તમારા ગજા પ્રમાણે નહીં પણ તેઓની લાયકી પ્રમાણે વરતજો, તોજ તમે તેની કિંમત સમજ્યા એમ જણાશે. તેમજ પ્રભુ અને પ્રભુના જનો માટે તો જેનાથી જેટલું બને એટલું કરવું, તેમાં કોઇ વાતની કચાસ રાખવી નહીં.

૧૬–જે માણસો આપણને નકામા લાગતા હોય તેમાં પણ કાંઇક માલ હોય છે, માટે કોઇ પણ માણસને ખરાબ સમજવો નહીં કે તેનો તિરસ્કાર કરવો નહીં.

ભગતોના અને સામાન્ય લોકોના ભેદો જાણવાથી આપણી ભક્તિ દ્રઢ થાય છે અને ભગત બનવાનું મન થાય છે, માટે એ ભેદો જાણવાની જરૂર છે. તે સમજાવવા માટે એક સંત કહેતા હતા કે,

જે ખરા ભગતો હોય છે તેઓ દરેક જીવોને પોતાના આત્મા જેવાજ સમજે છે, અને તેમાં પણ મનુષ્યની ઉપર તો તેઓને ખાસ પ્રેમ હોય છે, તેથી માણસોનું ભલું કરવા સારૂ તો તેઓ જાણે મરી પડે છે. કારણ કે તેઓ બહુ ચોખ્ખી રીતે એમ સમજે છે ને એમ અનુભવે છે કે, જન સેવામાંથીજ અમારૂં કલ્યાણ થવાનું છે. કારણ કે પ્રભુની સેવાનું એક મોટામાં મોટું અંગ જનસેવા છે, અને તે અમારાથી બહુજ સહેલાઇથી પકડી શકાય ને બની શકે તેવું અંગ છે. માટે તેઓ જનસેવા ઉપર બહુ ભાર મૂકે છે. કારણ કે તેઓને સૌ માણસોમાંથી આત્મદર્શન થાય છે. પણ એને બદલે જેઓ સંસારીક લોકો છે તેઓ જેવી કરવી જોઇએ તેવી માણસોની સેવા કરી શકતા નથી. કારણ કે તેઓને ઘણાં માણસોમાં ઘણી જાતના દુર્ગુણો દેખાય છે. જેમકે,

કોઇ માણુસ લોભી દેખાય છે, કોઇ માણુસ ક્રોધી દેખાય છે, કોઇ માણુસ કામી દેખાય છે, કોઇ માણુસ અભીમાની દેખાય છે, કોઈ માણુસ અદેખા દેખાય છે, કોઇ માણુસ આળસુ દેખાય છે, કોઇ માણુસ જૂઠા બોલા દેખાય છે, કોઈ માણુસ હીંસા કરનારા દેખાય છે, કોઇ માણુસ નીંદાખોર દેખાય છે, કોઇ માણુસ જુદી જુદી જાતના વ્યસનવાળા દેખાય છે, કોઇ માણુસ બ્હીકણુ જણાય છે, કોઇ માણુસ જેની તેની સાથે વાત વાતમાં લડી પડે તેવા દેખાય છે, કોઇ માણુસ બોલવામાં પથરા ફેંકી દે તેવા હોય છે, કોઇ માણુસ અતીશય અફસોસ કરનારા હોય છે, અને કોઈ માણુસ તેઓને સોંપેલું કામ પાર પાડી શકે નહીં તેવા હોય છે. આવું આવું જોઇને સંસારીક મોહવાદી માણસોને એમ લાગી જાય છે કે, આ માણસોમાં કાંઇ માલ નથી. માટે એવાંઓની સેવા કરવામાં તે કોણ વખત ગુમાવે? એમ ધારીને તેઓ ભલાઇનાં કામો કરતા અટકી પડે છે, પણ ભગતોની દૃષ્ટિ કાંઇક જુદીજ હોય છે. એ દૃષ્ટિ સમજાવવા માટે એક સંત કહેતા હતા કે,

એક સોનીને ત્યાં રાખનો ઢગલો પડેલો હતો. તે ઢગલો જોઇને બીજા ત્યાં બેસવા આવનારા લોકો કહેતા હતા કે, આ રાખના ઢગલાને કાં રાખી મૂકો છો? પણ તે સોની કહેતો કે, ભાઇ, આ રાખની અંદર તો સોનું છે, માટે એ સોનું લેવા સારૂ રાખ રાખેલી છે. પણ એ વાત ઘણા લોકોથી સમજાતી નહીં. પછી એક દિવસ તે સોનીએ એ રાખને ચાળી નાંખી, ઝાટકી નાંખી, ધોઇ નાંખી, અને તેમાંથી સોનું કહાડીને બતાવ્યું ત્યારે તે જોઇને જોનારાઓ બહુ અજબ થયા. તેમજ યાદ રાખજો કે, માણુસોની અંદર જે દુર્ગુણો દેખાય તે એક જાતની રાખ છે, પણ એ રાખની અંદર આત્મારૂપી સોનું રહેલું છે, પ્રભુના અંશરૂપી સોનું રહેલું છે, અને પરમ તત્વરૂપી સોનું રહેલું છે. એ કાંઇ માત્ર ખાલી દુર્ગુણોરૂપી રાખ નથી. આ સિવાય બીજી એ વાત પણ સમજવા જેવી છે કે, જે માણુસોમાં કાંઇ પણ ખાસ ગુણ આપણને ન દેખાતા હોય તેવા માણુસોમાં પણ ઘણી જાતના ગુણો હોય છે, અને જે માણુસોને માટે આપણને એમ લાગતું હોય કે, આ

માણસો કાંઈજ કરી શકે તેમ નથી, તેવાં માણસો પણ તક મળે ઘણું કામ કરી જાય છે, અને જે માણસોને માટે આપણને એમ લાગતું હોય કે આ લોકો તો કીસ્મતના ફૂટેલાજ છે, તેઓમાંથી કાંઇ શુકરવાર થાય તેમ નથી, એવા માણસોનાં કીસ્મત પણ વાત વાતમાં બદલાઇ જાય છે, અને તેઓ કાંઇનું કાંઇ કરી શકે છે. માટે હે હરિજનો! અમારી તમને એવી ભલામણ છે કે, માણસોના અવગુણો જોઇને તેઓને ધિક્કારશો માં, અને તેઓની મદદમાંથી ખસી જશો માં, પણ એ અવગુણોની પાછળ બીજા ઘણાએ ગુણો રહેલા છે, એમ સમજીને જેમ બને તેમ આત્મિક ભાવ વધારજો, અને સૌનું ભલું થાય તેમ કરજો. એટલે પરમકૃપાળુ પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે.

દોહરા.

તુલસી આ સંસારમેં, ભાત ભાતકે લોક;
સબસે હીલી મીલી ચાલીએ, નદી નાવ સંજોગ.

તુલસી કહે ઇસ જગતમેં, સબસે મીલીએ ધાય;
કયા જાને કીસ બેશસે, રામચંદ્ર મીલી જાય.

તુલસી જો જન હેતસે, સેવા જાને કોય;
નરકો વશ કરવો કહાં, નારાયણ વશ હોય.

કબીર ગર્વ ન કિજીએ, રંક ન હસીએ કોય;
અબ તો નાવ સમુદ્રમેં, ના જાને કયા હોય.

૧૭–સત્સંગથી થતા લાભો વિષે.

એક શ્રીમંતનો છોકરો હતો. તેને ભણાવવા માટે બહુ સારી સગવડો હતી. જુદી જુદી વિદ્યા શીખવવા માટે જુદા જુદા વખતે જુદા જુદા માસ્તરો થોડો થોડો વખત આવ્યા કરતા હતા. એ માસ્તરોને બહુ મોટો પગાર આપતા હતા અને તેઓ ઘણી મહેનત લેતા હતા. તેમ છતાં એ શ્રીમંતનો દીકરો તેમની મહેનતના પ્રમાણમાં કાંઇ શીખી શકતો ન હતો, અને તેના

પાડોશમાં રહેતા ગરીબ વિદ્યાર્થીઓને શીખવવા માટે કોઇ માસ્તર આવતા ન હોતા છતાં પણ તે વિદ્યાર્થીઓ પેલા શ્રીમંતના છોકરા કરતાં વધારે હોશિયાર દેખાતા હતા. એ જોઇને એક દિવસ તે શ્રીમંતે એક હોશિયાર પ્રોફેસરની સલાહ પૂછી કે મારા દીકરા માટે હું આટલી બધી મહેનત લઉં છું ને આટલું બધું ખરચ કરૂં છું છતાં પણ તે બરાબર શીખતો નથી, અને અમારી પાડોશના ગરીબ વિદ્યાર્થીઓને બીજી કોઇ પણ જાતનાં સારાં સાધનો નથી છતાં પણ તેઓ બહુ આગળ વધી જાય છે. તેનું કારણ શું ?

આ સાંભળીને તે પ્રોફેસરે કહ્યું કે, તમારો છોકરો એવી રીતે શીખી શકશે નહીં. કારણ કે સોબતીઓ વિના એકલે એકલે છોકરાઓ શીખી શકતા નથી, પણ દેખાદેખીથી ઘણું કરી શકે છે. માટે જો એને ભણાવવો હોય તો સ્કુલમાં મૂકો, એટલે ઘણા છોકરાઓને ભણતા જોઇને તેનામાં નવો ઉત્સાહ અને નવું બળ આવશે. ગરીઓના છોકરાઓ તમારા દીકરા કરતાં વધારે શીખી જાય છે તેનું કારણ એ છે કે, તેઓ સ્કુલમાં જાય છે એટલે તેઓને બીજા ઘણા છોકરાઓની સોબત મળી જાય છે, તેથી તેઓ આગળ વધી જાય છે. કારણ કે મનુષ્યનો એવો સ્વભાવ છે કે, બીજાઓની મદદ વિના, દેખાદેખી વિના અને સારી સોબત વિના તેઓ આગળ વધી શકતા નથી. માટે જો તમારે તમારા છોકરાને બરોબર રીતે ભણાવવો હોય તો તેને સ્કુલમાં મૂકો. બીજા વિદ્યાર્થીઓની સોબતમાં રાખો, એટલે તે જલદીથી શીખી શકશે. કારણ કે, જેમ એકલું લાકડું કે એકલો કોલસો સળગતો નથી, પણ વધારે લાકડાં કે વધારે કોલસા હોય તો એક બીજાની મદદથી જલદી સળગે છે, તેમજ એકલાં જમવા બેસીએ તો કાંઇ ખાસ મજા પડતી નથી પણ ઘણા મિત્રોની સાથે જમવા બેસીએ તો બહુ મજા પડે છે. અને એકલા ચાલ્યા જઇએ તો ઘડીકમાં રસ્તો ખૂટતો નથી ને ઉલટો લાંબો પડે છે; પણ ચાલતે ચાલતે જો કોઇ સારો સાથ મળી જાય તો જલદીથી પહોંચી શકાય છે, ને રસ્તો ટુંક લાગે છે. તેમજ એકલા વિદ્યાર્થીઓ ભણી શકતા નથી, પણ સારા સંગથી તેઓ જલદીથી શીખી શકે છે. માટે તમને મારી સલાહ એવી છે કે,

છોકરાને એકલા રાખવાને બદલે સ્કુલમાં મૂકો, એટલે સારા સંગને લીધે તે બહુ જલદીથી શીખી શકશે.

એ પછી તે પ્રોફેસરની સલાહ માનીને એ ગૃહસ્થે પોતાના છોકરાને સ્કુલમાં મૂકયો, ત્યાં બીજા વિદ્યાર્થીઓની દેખાદેખીથી તથા પોતાનો નંબર ઉંચો રાખવાની હોંશથી તે ઝપાટાબંધ શીખવા લાગ્યો.

બંધુઓ ! આ દાખલો આપીને એક મહાત્મા એમ સમજાવતા હતા કે, ભાઇઓ! જો તમે એકલા એકલા ભકિત કરવા ઇચ્છશો તો તે બરાબર રીતે કરી શકશો નહીં. એમાં તમને કંટાળો લાગશે, અને ઘણા સવાલોમાં તમારા મનનું સમાધાન થઇ શકશે નહીં તેથી તમે શંકાઓમાં ને ડામાડોળ સ્થિતિમાં રહી જશો; પણ જો કોઇ સારા સત્સંગમાં ભળી જશો તો તમારા મનના ઘણા ખુલાસા થઇ જશે અને બીજાઓના જોરથી તમારામાં પણ નવું જોર આવી જશે. માટે જો ટકી શકે એવી ભકિત કરવી હોય તો એકલા નહીં રહેતાં હરિજનોની સત્સંગની મંડળીઓમાં મળી જાઓ, મળી જાઓ. એટલે સત્સંગથી જાણ્યે અજાણ્યે અનેક પ્રકારના લાભો થઈ શકશે, એમાં કાંઇ પણ શક નથી. માટે સત્સંગ કરો, સત્સંગ કરો.

પદ.

સુખ કહ્યું ન જાય સત્સંગનું રે,
આઠે અંગમાં આનંદ થાય—સુખ૦

અડસઠ તીરથ એને સૌ આંગણે રે,
સત્સંગેથી ભેળાં થાય—સુખ૦

એ સુખ ઇંદ્રના લોકથી અધિક છે રે,
વૈકુંઠેથી વધતું જાય—સુખ૦

એ સુખ બ્રહ્માના લોકથી ભારે ઘણું રે,
એ તો વેદ પુરાણે વંચાય—સુખ૦

મહેતો નરસિંહ એમાં તો એમ ભણે રે,
એ તો ઓળખાવે અવિનાશ—સુખ૦

૧૮–પ્રભુ ભજવાની જરૂરીયાત વિષે.

જે છોકરો બાપને ખરચે ભણે, ગણે, પરણે અને કમાતો થાય, અને તે જ્યારે મોટો થાય ત્યારે જો બાપની સેવા ન કરે તો તે જેમ નઠારો છોકરો કહેવાય છે તેમ જે માણસો ઇશ્વરના નિભાવ્યા નીભિને જે ઇશ્વરનો ઉપકાર માનતા નથી તે પેલા ખરાબ છોકરા જેવા છે એમ જાણવું.

કોઇ પણ સ્ત્રી પોતાના પતિના આપેલા દાગીના-લૂગડાં પહેરે એના ઘરમાં બેઠી બેઠી ખાય, અને પતિવ્રતપણાથી વરતે નહીં તો તે જેમ વ્યભિચારિણી નઠારી સ્ત્રી કહેવાય છે, તેમ જે મનુષ્યો ઈશ્વર તરફના અગણિત લાભો લઈ તેને ભજતા નથી તે પણ પેલી વ્યભિચારિણી કુલટા જેવા છે એમ જાણવું.

કોઈ પણ નોકર શેઠનો માલ ખાય અને તે શેઠની બરાબર નોકરી ન કરે તો તે જેમ નીમકહરામ નોકર કહેવાય છે, તેમ જે મનુષ્ય પ્રભુ તરફથી ખાનપાન આદિક પામ્યા છતાં પણ તેને ભજતા નથી, તે પેલા નિમકહરામ નોકરથી પણ વધારે ખરાબ છે એમ સમજવું.

ઘોડા, ગધેડા અને કુતરા જેવાં જનાવરો પણ પોતાના ધણીઓને ઓળખે છે અને તેનું કહ્યું કરતા જણાય છે, ત્યારે આપણે મનુષ્યદેહ પામીને આપણા ધણી પ્રભુને ન ઓળખીએ અને તેના કહેલા નિયમો ન પાળીએ તો આપણે પેલા જનાવરો જેવા પણ નથી એમ થયું.

તેમાં પણ વળી હાલ તો ઝેરી સરપો અને ફાડી ખાનારા વાઘ તથા સિંહો જેવા ઘાતકી પ્રાણીઓ પણ પોતાના પાલન કરનારનું કહ્યું નાટકોમાં કરતાં જણાય છે, ત્યારે આપણે મનુષ્યો જો આપણા પેદા કરનાર પ્રભુના સેવા સ્મર્ણમાં ન રહીએ તો કેટલું ખોટું કરીએ છીએ તે દરેક માણસે પોતે પોતાના મનમાં સમજવાનું છે.

દોહરા.

રામ નામ રટતે રહો, જબ લગ ઘટમેં પ્રાન;
કબહુક દિન દયાળકુ, શબ્દ પડેગો કાન.

રામ નામ કહુતે રહો, ધરે રહો મન ધીર;
કબહુ કાજ સુધારહીં, કૃપાસિંધુ રઘુવીર.
જન્મ લિયો હરિ ભજનકો, દિયો વિષયમેં ખોય;
ગયો લૈન પાયો ન ગજ, આયો પંગુલ હોય.
જો પ્રભુ ભવજલ તરનકું, દિયો મનુષ તન નાવ;
મુકત કહે ભજ તાહીકું, મત ચૂકે અબ દાવ.
રામનામ આરાધવો, તુલસી વૃથા ન જાય;
લડકાઇકો પોખનો, આગે હોત સહાય.

૧૯—ભકિત કરવાની જરૂરીયાત વિષે.

પ્રભુ ભજન વિષે.

જેના વડે જીવો છો તેના અર્થે જીવતાં શીખશો, ત્યારેજ ' જી 'વો છો એમ જાણજો; નીકર જીવતાં મુવેલાંજ છો.

ધરતીકંપ, રેલ, મોટી આગો, હુલ્લડો, લડાઇઓ, દુકાળો ને મરકીઓ થવાનું કારણ શું, એ તમારે જાણવું છે? તો તે એજ છે કે, લોકો પોતાના ધર્મ પાળતા નથી તે.

મનુષ્યાદેહ પામીને મૂવા પછી નર્કમાં જવું તે કરતાં ન જન્મવું એ સારૂં છે.

બેંકમાં જમે રાખેલા પૈસા જયારે જોઇએ ત્યારે કામ આવે છે, તેમ મુખથી લીધેલું ભગવત નામ પણ આ ટાણે ને અંતે બેઉ વખતે કામનું છે.

સમુદ્રમાં ઝોકાં ખાતું વહાણ જેમ ખાડામાં આવ્યાથી નિર્ભય થઇ જાય છે, તેમ આપણો જીવ પણ જગતની જંજાળથી છુટો થઇ પ્રભુ ભજનને વખતે શાંતિ પામે છે.

સો કામ પડતાં મૂકીને નહાવું, હજાર કામ પડતાં મૂકીને ખાવું, લાખ કામ પડતાં મૂકીને દાન કરવું, ને કરોડ કામ પડેતાં મૂકીને હરિ ભજવા.

મુંબાઇ ગામમાં જેની સારા માણસ સાથે ઓળખાણ હોય છે તે ફાવે છે, તેમ આ ભવમાં જેને પ્રભુ સાથે ઓળખાણ હશે, તેજ અંતે ફાવી જવાના છે, એમ જાણજો.

ઇશ્વર આપણને દેવા બંધાએલા છે, પણ જો આપણે મહેનત કરશું તો.

ઇશ્વર નાળીએર આપશે પણ કોપરૂં તો તમારેજ કાઢવું પડશે.

જે ઇશ્વરને ભજે છે, તે એક મોટા શેઠને સેવે છે

માણસોનું મુખ્ય કામ પ્રભુની ભકિત કરવી એજ છે.

પ્રભુએ માણસોને પોતાને અર્થે સરજેલાં છે, માટે ગમે તો તમે આખી દુનિયાને પોતાની કરી લો, તો પણ જ્યાં સુધી ઇશ્વરને ભજશો નહીં ત્યાં સુધી સંતોષ મળવાનો નથી.

આ જગતમાં આપણું સૌથી મોટું કામ મોક્ષ મેળવવો એજ છે.

ભકિત વિષે.

ભગવાનની ભક્તિ માણસોને બહુ ઉત્તમ ગુણવાળા બનાવે છે.

જ્ઞાનથી મગજ સુધરે છે, અને ભક્તિથી અંતર સુધરે છે.

અરે! જ્યાં કૃષ્ણદાસ અને રામદાસ એ બેઉ પણ મળીને રહેતા નથી ત્યાં તે વળી લક્ષ્મીદાસ ને ભગવાનદાસની વાતજ શું કરવી ?

હે હરિજનો ! તમોને જો મોક્ષનો માર્ગ જાણવો હોય તો તે ભકિત છે.

અગ્નિના તણખા સમુદ્રમાં પડવાથી જેમ હોલાઇ જાય છે, તેમ પ્રભુના શરણમાં જવાથી આપણાં સઘળાં પાપો નાશ પામે છે.

પ્રાર્થનાનો અર્થ ભગવાન સાથે વાતો કરવી એવો થાય છે.

જે ઇશ્વરમાં સદાય રાજી રહે છે, તેના માથે ઇશ્વર પણ સદાય રાજી રહેશે.

ભકિતનું ફળ ભકિત છે.

જે ચૌદ ભૂવનમાં અમલ કરે છે, તેના માથે એક ભકિત અમલ કરે છે.

ભલાં કામમાં કોઇએ નાહિંમત થવું નહીં, કારણ કે સારા ઝાડનાં ફળ સારાંજ થશે.

૨૦–અંતરમાં આવી ગયેલા પ્રભુ પ્રેમને ઉડાવી દેવાનું જગતમાં કાંઇ પણ સાધન નથી.

કેટલાક ભગતોને એમ લાગે છે કે, પ્રભુ ઉપરનો અમારો પ્રેમ ઉડી જશે તો ? પણ મહાત્માઓ કહે છે કે, સાચા ભગતોને કદી પણ એ જાતની ફીકર લાગતી નથી. કારણ કે મહાન્ પ્રભુના પ્રેમમાં એટલું બધું બળ છે કે, જો શુદ્ધ પ્રેમ પૂરેપૂરો હૃદયમાં આવી ગયો હોય તો પછી તે જઇ શકતોજ નથી. આ વાત બહુ સારી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના સત્સંગ મંડળમાં કહેતા કે,

મહાત્મા તુકારામમાં પ્રભુનો પ્રેમ આવી ગયો હતો. તે પ્રેમ ઓછો કરવા માટે ઘણા લોકોએ તેમને કેટલા બધા હેરાન કર્યા હતા એ કાંઇ ભગતોથી અજાણ્યું નથી; પણ તેમ છતાં ભકતરાજ તુકારામનો પ્રભુ પ્રેમ જરા પણ ઓછો થયો નહોતો. એટલુંજ નહીં પણ જેમ જેમ તેમનો પ્રેમ ઓછો કરવા માટે બ્રાહ્મણો મહેનત કરતા, તેમ તેમ ઉલટો તેમનો પ્રભુ પ્રેમ વધતો જતો હતો.નરસીંહ મેહતાનો પ્રભુ પ્રેમ છોડાવવા માટે પણ તેમનાં સગાંવહાલાંઓએ તથા તેમની નાતે તેમને બહુ હેરાન કર્યા હતા છતાં પણ તેમનો પ્રભુ પ્રેમ કોઇ ઓછો કરી શકયું નહોતું. મીરાંબાઇનો પ્રભુ પ્રેમ ભુંસી નાંખવા માટે તેમનાં સગાંવહાલાંઓ તથા તેમના પતિ રાણાજીએ બહુ મહેનત કરી હતી, પણ તેમ છતાં એ બાબતમાં તેઓનું કાંઇજ ચાલ્યું ન હોતું અને પ્રલ્હાદનો પ્રભુ પ્રેમ તજાવવા માટે તેના પિતા હિરણ્યકશ્યપે તેની ઉપર અતિશય જુલમ ગુજાર્યો હતો. છતાં પણ તેઓ તેના પ્રેમને તલભાર પણ ઓછો કરી શકયા નહોતા. એટલુંજ નહીં પણ જેમ જેમ એવા સાચા ભગતોના પ્રેમ છોડાવવા માટે લોકો મહેનત કરતા હતા તેમ તેમ તેઓનો પ્રભુ પ્રેમ ઉલટો વધતો જતો હતો.

આ શિવાય દુનીયાના દરેક ધર્મોમાં ઘણા ભગતોના પ્રેમ છોડાવવા માટે ઘણી જાતના જુલમો કરેલા છે. એ જુલમોનાં વર્ણનો સાંભળીએ તો આપણને ત્રાસ લાગ્યા વિના રહે નહીં.

જેમકે, યૂરોપમાં કેટલાક ભગતોને એમ કહેવામાં આવતું હતું કે, તમારો ધર્મ તમે છોડી દો, નહીં તો તમને રીબાવી રીબાવીને મારી નાંખવામાં આવશે અને યાદ રાખજો કે આ કાંઇ માત્ર ખાલી ધમકી નહોતી પણ ખરેખર એમજ બનતું હતું, અને તે એટલી હદ સુધી કે, કોઇ ભગતોને ઉંધે માથે ગરેડી ઉપરથી લટકાવીને નીચે લોખંડના ખીલાઓમાં તેમનાં માથાં પછાડતા હતા, કોઇ ભગતોના આખા શરીરની ચામડી જીવતાં ઉતારી લેતા હતા, કોઇ ભગતના હાથ પગ વિગેરે અંગો સંચાઓથી તાણીને તોડી નાંખતા હતા, કોઇ ભગતોને જીવતા બાળી નાંખતા હતા, કોઈ ભગતોને જમીનમાં માથું બહાર રાખીને તે મરી જાય ત્યાં સુધી દાટી મૂકતા હતા, કોઇ ભગતને ભૂખે મારી નાંખતા હતા, કોઇ ભગતને જંગલી જનાવરો પાસે મારી નંખાવતા હતા, કોઇ ભગતોને જુદાં જુદાં અંગો કાપીને મારતા હતા, કોઇ ભગતોને હાથે તેનાં સગાંઓને મરાવતા હતા, અને કોઇ ભગતોને ઉકળતા તેલમાં નાંખતા હતા તથા કોઇ ભગતોને ઘાણીમાં ઘાલીને તેલ પીલતા હતા. આવી આવી અનેક રીતે જુદા જુદા ભગતોને તેઓનો પ્રભુ પ્રેમ તજાવવા માટે જુદાં જુદાં દુઃખો દેતા હતા, પણ એવાં દુઃખોથી પણ સાચા ભગતો કદી પણ કાયર થતા નહીં કે પોતાના પ્રેમને છોડતા નહીં; પણ એવા દુઃખને વખતે તો તેઓનો પ્રભુ પ્રેમ ઉલટો ઘણોજ વધારે પ્રકાશતો હતો.

પ્રભુ સાથે લય લીનતા.

પ્રેમ પ્રેમ સબ કોઇ કહે, પ્રેમ ન ચિન્હે કોઈ;
આઠ પ્રહર ભી ના રહે, પ્રેમ કહાવે સોય.

પ્રેમ ન બાડી ઊપજે, પ્રેમ ન હાટ બીકાય;
રાજા રાના જો રૂચે, શિશ દેય લે જાય.

પ્રેમ છીપાયા ના છીપે, જો ઘટ પ્રગટહી હોય;
જો કે મુખ બોલે નહીં, નયન દેત હે રોય.

લાગી લાગી કયા કરે, લાગી નાંહી એહ;
લાગી સોઇ જાનીએ, કરે કલેજે છેહ.

માંસ ગયા પીંજર રહ્યા, તાકું ન લાગે કાગ;
સાહેબ અજહુ ન આઇઆ, મંદ હમારા ભાગ્ય.

પ્રીય ચહો કે મત ચહો, મેં તો પ્રીયકી દાસ;
પ્રીય રંગ રાતી ફીરૂં, જગમેં રહું ઉદાસ.

આજ્ઞાકારી પ્રીયકી, રહત પ્રીયકે સંગ;
તનમનસે સેવા કરે, ઓર ન દુજો રંગ.

તું તું કહેતા તું ભયા, મુજમેં રહી ન હું;
વારી તેરે નામ પર, જીત દેખું તીત તું.

કહેના થા સો કહ ચુકે, અબ કુછ કહા ન જાય;
એક રહા દુજા ગયા, દરીઆ લહેર સમાય.

કબીર મન પર્વત હુતા, અબ મેં પાયા જાન;
ટાંકી લાગી પ્રેમકી, નીકસી કંચન ખાન.

સૂલી ઉપર ઘર કરે, વિષકા કરે અહાર;
તીનકો કાલ કહા કરે, આઠ પ્રહર હોંશીઆર.

યહ તો ઘર હય પ્રેમકા, બાલાકા ઘર નાહીં;
શીશ ઉતારે ભોંય ધરે, તબ પેઠે ઘરમાંહી.

શીશ ઉતારે ભોંઇધરે, ઉપર રાખે પાવ;
દાસ કબીરા યું કહે, એસા હોય તો આવ.

શૂરે કે તો શીર નહીં, દાતાકે ધન નાંહી;
પતિવૃતાકે તન નહીં, સુરત બસે પીયુમાંહી.

કબીર પ્યાલા પ્રેમકા, અંતર લીયા લગાય;
રોમ રોમમેં રમ રહ્યા, ઓર અમલ કયા ખાય?

૨૧–હે હરિજનો! આત્માનાં સુખોને છોડીને દેહનાં સુખોમાંજ ન રહી જાઓ.

ઘણાં માણસોને ધર્મ પાળવાની બહુ હોંસ હોય છે, અને ઘણાં માણસોને ધર્મ પાળવો બહુ ગમે છે. છતાં પણ આપણે જોઇએ

છીએ કે, બહુજ થોડાં માણુસો સત્ય ધર્મ પાળી શકે છે. બાકી તો બધા બહારના બહારજ રહી જાય છે. એમ થવાનું કારણ શું તે સમજાવતાં એક મહાત્મા એમ કહેતા હતા કે, એક ગાંડો માણુસ હતો. તેને ભાતનું હાંડલું મળ્યું ત્યારે તેણે તેમાંથી ભાતને ફેંકી દીધો ને હાંડલાને ચાવવા લાગ્યો. બીજો એક ગાંડો માણુસ હતો તેને કેળા મળ્યાં, એટલે કેળાંની છાલ છોલીને તેમાંથી ગર્ભને ફેંકી દીધો ને છાલ ચાવવા લાગ્યો. ત્રીજા એક જંગલી માણુસને નાળીયેર મળ્યું. તેને અંદરના ફળના સ્વાદની ખબર નહોતી, એટલે તે નાળીયેરની ઉપરનાં છોતલાં ચૂસવા લાગ્યો. આ બધા ગાંડાઓની અને અજ્ઞાનીઓની જેવી દયા ખાવા લાયક સ્થિતિ છે તે કરતાં પણ જે માણુસો દેહનાં સુખોમાંજ રહી જાય છે અને આત્માનાં સુખોની દરકાર કરતા નથી તેઓ બહુ વધારે દયા ખાવાજોગ છે. કારણ કે પેલા ગાંડાઓ તથા અજ્ઞાનીઓને હાંડલાના કટકામાં ને નાળીયેરના છોતલામાં જ્યારે રસ નહીં પડે ત્યારે તેઓ તેને ફેંકી દેશે, અગર કોઇ માણુસ તેને બતાવશે કે, આ વસ્તુ ખાવાલાયક નથી, પણ ખાવાલાયક વસ્તુ તો કાંઇ જુદીજ છે, અને તે એની અંદરજ રહેલી છે. ત્યારે તેઓ જલદીથી ઠેકાણે આવી જશે અને છોતલાંઓ તજીને ખાવાલાયક વસ્તુનો લાભ લઇ શકશે. પણ જેઓ દેહનાં સુખોમાં મોહવાઇ જાય છે, જેઓ દેહનાં સુખોમાં લોભાઇ જાય છે, જેઓ દેહના સુખોથીજ રાજી થઇ જાય છે, અને જેઓ દેહનાં સુખો ભોગવવામાંજ મોટાઇ માન્યા કરે છે, તેઓ આત્માના સુખ સુધી પહોંચી શકતા નથી. તેથી તેઓની જીંદગી ભાત છોડીને હાંડલાને ચાટયા કરવા જેવીજ રહી જાય છે.

બંધુઓ! ઉત્તમ મનુષ્ય અવતાર મળ્યા છતાં રૂડો ધર્મ મળ્યા છતાં, સારા સંજોગો મળ્યા છતાં, અને આત્માનું જ્ઞાન મેળવી શકીએ તેવા અધિકારી છતાં પણ દેહના સુખોમાંજ પડયા રહીએ, ને અંતે દેહનાં દુઃખો ભોગવતે ભોગવતેજ મરી જઇએ એ શું દીલગીરીની વાત નથી? જે આત્મા અમર છે, જે આત્મા નિર્વીકાર છે, જે આત્મા પ્રેમ સ્વરૂપ છે, જે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, અને જે આત્મા આનંદ સ્વરૂપ છે, તે આત્માનો આનંદ કેટલો બધો

હશે, એ જરા ખ્યાલ તો કરો? અને એવા અખંડ આનંદરૂપ અમર આત્માને પણ જે મહાન્ પરમાત્મામાંથી આનંદ મળ્યા કરે છે તે અનંત બ્રહ્માંડના નાથનો આનંદ કેવો અલૌકીક હશે? એ જરા વિચાર તો કરો? અને તેની સાથે એ પણ સરખાવો કે, દેહનાં સુખો આત્માના આનંદની આગળ અને પરમાત્માના આનંદની આગળ શું બિસાતમાં છે? માટે હે હરિજનો, જો ધર્મના રસ્તામાં આગળ વધવું હોય અને જીંદગીની સાર્થકતા કરવી હોય તો છાલ ગોટલા જેવા એકલા દેહનાં સુખોમાંજ છેવટ સુધી રહી જશો માં, પણ દેહનાં સુખો કરતાં આત્માનાં સુખો લાખો ગણાં શ્રેષ્ટ છે એમ સમજીને તથા એમ અનુભવીને આત્માનાં ને પરમાત્માનાં સુખો મેળવવાની ભાવના રાખજો, ને મહેનત કરજો એજ અમારી ભલામણ છે.

પદ.

ધન્ય જેણે હરિગુણ ગાયા-સંસારીયામાં ધન્ય૦
બીજા સૌ જાણજો ભવાયા-સંસારીયામાં ધન્ય૦
હાથી ઘોડા ને સુખપાલ બેઠે શું થયું (૨)
શું થયું મેળવી માયા-સંસારીયામાં ધન્ય૦
કંઠ સાહીને જમ કાઢશે પલકમાં (૨)
દૂર રહેશે સુત વિત્ત દારા-સંસારીયામાં ધન્ય૦
દયાના પ્રીતમ ભજો નંદના કુંવરને (૨)
સફળ થાશે તારી કાયા-સંસારીયામાં ધન્ય૦

૨૨-દરેક માણસે હમેશાં સત્સંગમાં રહેવાની જરૂર છે.

જે વહાણને બહારથી તોફાન લાગતું હોય ને તળીયાંમાં ગાબડું પડયું હોય, તે વહાણ તરીને પાર થઇ શકે નહીં, તેમજ આપણાં મન અંદરથી બગડેલાં છે, ને બહારથી દુઃસંગરૂપી તોફાન ફરી વળેલું છે તેથી ભવસાગર તરવો બહુ મુશ્કેલ છે માટે દરેક માણસે સત્સંગ કરવો જોઇએ.

આકાશમાંથી પડતું વરસાદનું પાણી સમુદ્રમાં ભળવાથી ખારૂં થઇ જાય છે, અને મીઠા સરોવરમાં ભળવાથી મીઠું થઇ જાય છે, તેમજ જે માણુસ જેવો સંગ કરે છે તેવો તે થઇ જાય છે.

કુદરતનો એવો કાયદો છે કે, જો આપણે સફાઇ ન રાખીએ તો બધી વસ્તુઓ પોતાની મેળેજ ખરાબ થતી જાય છે. વાસણને જો ન ઘસીએ તો તેની ઉપર કાટ ચ્હડે છે, પુસ્તકો ને કપડાં ન સંભાળીએ તો તેમાં જંતુઓ લાગી જાય છે, ઘરમાંથી ઝાડુ ન કાઢીએ તો તે વાસ મારી જાય છે, ગાયને ઘણા દહાડા સુધી ન દોહીએ તો તે વસુકી જાય છે, ઘોડાને ઘણા દહાડા સુધી ન ફેરવીએ તો તે મસ્તીખોર થઇ જાય છે, અને ફળને ઝાડ ઉપરથી વખતસર ન તોડી લઇએ તો તે એની મેળેજ ટુટી પડીને સડતાં જાય છે. તેમજ આપણાં મનને પણ જો ન સંભાળીએ તો તે સ્વભાવથીજ પોતાની મેળે મેળેજ ખરાબ થતું જાય છે, માટે તેને સત્સંગમાં જોડી રાખવું જોઇએ.

ઘડીયાલને બરાબર રીતે ચલાવવા માટે જેમ હમેશાં તેને ચાવી આપવાની જરૂર છે, તેમ જીવને પવિત્રતામાં રહેવા સારૂ દરરોજ સત્સંગની જરૂર છે.

નીચે ઉભેલા માણુસની દૃષ્ટિ ઉંચે ઉભેલા માણુસના જેટલી લાંબી જતી નથી, તેમજ સત્સંગી હરિજનોને ઇશ્વરી જ્ઞાનની જેવી ચોખ્ખી સમજણ હોય છે, તેવી સાધારણ સંસારીઓને હોતી નથી.

ગમે તેવો જોરાવર માણુસ હોય પણ જો તે એક દિવસ ખોરાક ખાય નહીં તો તે શરીરમાં ઢીલો પડી જાય છે, તેમજ ગમે તેવો ભગત કે પ્રેમી હોય પણ જો તે સત્સંગ ન કરે તો ભક્તિમાં મોળો પડી જાય છે.

શિયાળામાં તળાવમાં નાહતી વખત પ્રથમ બહુ ટાઢ વાય છે, પણ ડુબકી માર્યા પછી તેમાં તરવાની મરજી થાય છે, તેમજ દરેક માણુસને પહેલ વેહેલાં સત્સંગનો કંટાળો લાગે છે, પણ માંહી ભળી પછી ગયા બહુ આનંદ આવ્યા કરે છે.

કોઇ ભારી ચીજને ઉંચી જગ્યા ઉપર લઇ જવી હોય તો બહુ મહેનત પડે છે પણ જો નીચે ઉતારવી હોય તો તે સ્હેજમાં ગબડી પડે છે, તેમજ દુઃસંગ કરવો એ તો મનનો સ્વભાવજ છે પણ તેને સત્સંગમાં રાખવું એજ ખુબી છે.

ટોપલીમાં પાણી ભરીએ તો તેમાં રહેતું નથી પણ જો વારંવાર તેને પાણીમાં ઝબોળ્યા કરીએ તો તે ટોપલી પોચી ને સાફ થયા વિના રહેતી નથી. તેમજ કદી આપણને ઇશ્વરનું પુરૂં જ્ઞાન ન થાય તોપણ સત્સંગથી અંતરની શુદ્ધિ ને પવિત્રતા તો કદી પણ આવ્યા વિના રહેશે નહીં.

લોઢાનો સાદો તાર જો સારંગીની સાથે જોડાઇ ગયો હોય તો તેમાંથી સુંદર મધુર અવાજ ઉત્પન્ન થઇ શકે છે, તેમજ સત્સંગમાં ભળેલાં અણઘડ માણસો પણ દિન પર દિન વિવેકી ને સમજણવાળાં થતાં જાય છે.

કોઇ ગરીબ માણસને શેઠીયાની દોસ્તી થઇ જાય તો તેની મદદથી થોડા વખતમાં તે સુખી થઇ જાય છે, તેમ સત્સંગને રસ્તે જ્ઞાની મહાત્માઓના સંગમાં આવ્યાથી સાધારણ બુદ્ધિના માણસો પણ ઇશ્વરી જ્ઞાનનો પ્રસાદ પામે છે.

આંબાના મૂળમાં ગએલા પાણીનો મીઠો રસ થાય છે અને એજ પાણી લીંબુડીના મૂળમાં જાય ત્યારે તેમાંથી ખાટો રસ થાય છે, તેમજ માણસોને જેવો સંગ થાય છે તેવો તેને રંગ લાગી જાય છે. સારા સંગથી સારાં થાય છે ને ખરાબ સંગથી ખરાબ થઇ જાય છે. માટે ભાઇઓ! જેમ બને તેમ દુઃસંગથી બચીને સત્સંગનો લાભ લેવાય તેમ કરજો.

દોહરો.

મિલન ચાહો પરિબ્રહ્મકું, તો કરના સત્સંગ;
મુક્ત કહે સદ્ગ્રંથકો, એ સિદ્ધાંત અભંગ.

૨૩–સત્સંગ વિષે.

એક હાથે તાળી પડે નહીં, તેમ એકલા માણસથી બરાબર ભકિત થઇ શકે નહીં.

ચુલામાં એક લાકડું કે સગડીમાં એક કોલસો હોય તો તે બરાબર સળગી શકે નહીં, પણ જો વધારે હોય તો તે એકદમ સળગી ઉઠે છે, તેમજ જ્યાં ઘણાં માણુસો ભેળાં થઇને ભજન કરે છે ત્યાં બહુ પ્રભુ પ્રેમ દેખાય છે.

એક હાથને ધોવામાં જેમ બીજો હાથ મદદ કરે છે, તેમ સત્સંગી હરિજનો એક બીજાને ઘણુજ મદદગાર થઈ પડે છે.

કુવામાં પડી ગયા હોય તેઓને બહાર કાઢવા માટે બીજા માણુસની જરૂર છે, તેમ આપણે સૌ માયામાં ડુબેલ સંસારીઓને ઇશ્વરના રસ્તામાં લઇ જવા માટે પવિત્ર હરિજનોના સંગની ઘણીજ જરૂર છે.

મુસાફરીમાં એકલા માણસને ચાલવાનો બહુ કંટાળો લાગે છે, પણ જો સાથે બીજા કોઇ હોય તો જલદી જલદી આનંદથી ચાલી શકાય છે, તેમ પ્રભુભકિતમાં પણ જો બીજા હરિજનો મળી ગયા હોય તો બહુ મજે પડે છે.

ઘરમાં એકલા જમીએ તે કરતાં ઘણા દોસ્તોની સાથે બેસીને ઉજેણી કે પાર્ટીમાં જમવાની મજે પડે છે, તેમજ ઘણા હરિજનોની સાથે મળીને ભજન કરવામાં હરિજનોને બહુ આનંદ થાય છે.

જ્યાં ફૂલ કે અત્તર વેચાતું હોય ત્યાં જઇને ઉભીએ તો કાંઇ પણ ખર્ચ કર્યા વિના એની મેળેજ સુગંધી ચાલી આવે છે, તેમજ જે સત્સંગમાં જાય છે તેને પોતાની મેળે મેળે સ્હેજમાં ઉત્તમ ઇશ્વરી જ્ઞાન મળતું જાય છે. માટે કોઇએ પણ સત્સંગનો લાભ લીધા વિના રહેવું નહીં.

દોહરા.

બીન સત્સંગ ન હરી કથા, તા બીન મોહ ન જાત;
મોહ ગયે બીન રામ પદ, હોય ન દ્દઢ અનુરાગ.

સર્વ સ્વર્ગ અપવર્ગ સુખ, ધરી તુલા એક સંગ;
તુલે ન તાહી સકલ મીલી, જો સુખ લવ સત્સંગ.
એક ઘડી આધી ઘડી, આધીમેં પુની આધ;
તુલસી સંગત સાધકી, કટે કોટિ અપરાધ.
સતસંગકો ફલ એહી હે, સંશય રહે ન લેશ;
રહે સ્થિર સુચી સરલ ચિત્ત, જાને નાહીં કલેશ.
કોટિ જનમકે પુણ્ય જબ, ઉદય હોત એક રંગ;
છૂટત મનકી મલીનતા, અરૂ ભાવત સત્સંગ.
મીલન ચાહો પરબ્રહ્મકું, તો કરના સત્સંગ;
મુકત કહે સબ ગ્રંથકો, એ સિદ્ધાંત અભંગ.
મુની નારદ કહી વ્યાસસે, પૂર્વ જનમકી બાત;
મુકત કહે સત્સંગસે, શઠ સુધરત સાક્ષાત.
ધન્ય ભૂમી ધન્ય ગામ તે, જ્યાં સંત બીરાજે આઇ;
સબી ભૂમી પાવન કરે, હોલી મીલી હરિ જશ ગાઇ.
કથા કીરતન કલિ વિષે, ભવસાગરકી નાવ;
કહે કબીર જગ તરનકો, નાંહી ઓર ઉપાય.

સાધુ સંગ.

કબીર દર્શન સાધકા, સાહેબ આવે યાદ;
લેખે મેં સોય ઘડી, બાકી કે દિન બાદ.
સાધ મીલે સાહેબ મીલે, અંતર રહી ન રેખ;
મનસા વાચા કર્મણા, સાધુ સાહેબ એક.
તનકર મનકર વચનકર, દેત ન કબહુ દુઃખ;
તુલસી પાતક જલતહે, દેખત ઉનકો મુખ.

સત્સંગ વિષે.

દૂધમાં ભળેલું પાણી જેમ દૂધને ભાવે વેચાઇ જાય છે તેમ સારાને સંગે નઠારા પણ સારા ગણાય છે.

ગુલાબના ઝાડને પાણી નહીં પાઓ તો તે સૂકાઇ જશે, તેમ હે હરિજનો! તમે પણ જો દરરોજ સત્સંગ નહીં કરો તો ભક્તિમાં મોળા પડી જશો.

સંગ કરો ત્યારે સુરત રાખજો. કારણ કે હમણા જેવો સંગ કરશો તેવો સંગ અંતે તમોને મળશે.

જે દૂધ ઘીવાળો સારો ખોરાક ખાય છે, તે મજબૂત થાય છે, ને કાચું પાકું ખાનારો ભીખારી જેમ નબળો દેખાય છે, તેમ સત્સંગ કરનાર હરિજનો સારા જણાય છે, ને દુઃસંગ કરનાર સંસારીઓ માઠા દેખાય છે.

જે સત્સંગ વિનાનો રહેશે તેને મોક્ષ માર્ગમાં બહુ અડચણ આવશે.

જગતની સગાઇ કરતાં સત્સંગની સગાઇ મોટી છે.

૨૪–મંદીરોમાં ને સત્સંગમાં પણ ખરાબ માણસો તો હોયજ છે, માટે સંભાળીને ચાલજો.

એક મહાત્મા એમ કહેતા હતા કે, બહુ સુંદર બગીચા હોય તેમાં પણ કોઇ કોઇ કાંટાના ઝાડ તો હોયજ, અને ઘઉં ચોખા વીગેરે કીંમતી અનાજના ઢગલા પડેલા હોય તેમાં પણ કાંકરા તો હોયજ. તેમજ તમે જે જે સત્સંગમાં જશો, જે જે મંડળોમાં જશો, જે જે સભાઓમાં જશો, જે જે કૉન્ફરન્સોમાં જશો, જે જે કલબમાં જશો અને જે જે મંદીરોમાં જશો, ત્યાં ત્યાં બધે ઠેકાણે ઘણાં માણસોમાંથી કોઇ માણસ વ્યભિચારી હશે, કોઇ માણસ જોડા ચોરનારા હશે, કોઇ માણસ ઢોંગ કરનારા હશે અને કોઇ માણસ ટંટો ફીસાદ કરનારા હશે એમાં કાંઇ શક નથી. કારણ કે જ્યાં ઘણાં માણસો ભેળાં થાય ત્યાં એવા લુચ્ચા લોકો પણ જરૂર જાય છે, માટે તેઓથી સંભાળીને ચાલવું જોઇએ.

બંધુઓ ! જ્યાં ચોખ્ખી ચાંદીનાં વાસણો વેચવાની દુકાન હોય ત્યાં તેની પડોશમાંજ હલકી ચાંદી, ત્રાંબાના ભેળવાળી ચાંદીની દુકાનો પણ હોય છે. એટલુંજ નહીં પણ તેની પાસે જરમન સીલ-વરવાળાઓની દુકાનો પણ હોય છે. અને તેઓનો માલ પણ

ચાંદીના વાસણના જેવાજ સફેદ ને ચકચકીત લાગ્યા કરે છે; પણ ચાંદીની અને જરમન સીલવરની કીંમતમાં ઘણોજ તફાવત હોય છે. તેમજ દુર્ગુણી, ઢોંગીઓ, બહારનો આડંબર કરીને સજ્જનોના મંડળોમાં ભળી જાય છે, પણ તેઓના આચાર વિચાર, તેઓની રીતભાત, અને તેઓની રહેણી કરણી તદન જુદીજ હોય છે. માટે એવા માણસોથી કાંઇ મંદીરોને કે મંડળોને હલકા સમજી લેવાની ભૂલ કરવી નહીં. કારણ કે એમાં કાંઇ મંડળોનો, સત્સંગનો, સભાઓનો કે મંદીરોનો વાંક હોતો નથી, પણ એવા દુષ્ટ સ્વભાવના ખોટા આડંબરવાળા ઘુસી જનારા ઢોંગી લોકોનોજ વાંક હોય છે. માટે સત્સંગ ઉપર, મંદીર ઉપર કે મંડળ ઉપર ગુસ્સો કરવાને બદલે એવા નાલાયક લોકોથી બચીને ચાલવું જોઇએ, અને તેઓ સુધરે અગર એવી જગ્યાઓથી તેઓ દૂર થાય તેવા ઉપાયો કરવા જોઇએ, અને શાંતિ રાખવી જોઇએ, તથા તેઓને નીભાવી લેવા જોઇએ. એમ કરતાં આવડે એજ હરિજનોની ખુબી છે, ને એજ ભગતોનું લક્ષણ છે. માટે એવાઓને સુધારજો, ને તેઓને નીભાવી લેતાં શીખજો એજ અમારી ભલામણ છે.

૨૫–જેનાં પ્રભુ સાથે લગ્ન થાય તે ભગતોને કોઇ દુઃખ દઇ શકે નહીં.

ભકિત એવી અમૂલ્ય વસ્તુ છે કે તેનાં જેટલાં વર્ણન કરીએ એટલાં થોડાંજ છે, અને તેના જેટલા ગુણ ગાઇએ તેટલા ઓછાજ છે. કારણ કે ભકિતથી ભગતોની અંદર એટલું બધું બળ આવી જાય છે કે, તેને ઘણા પ્રકારનાં દુઃખો નડી શકતાં નથી. કારણ કે જે સાચા ભગતો હોય છે, તેઓની અંદર પ્રભુનો પ્રેમ આવી ગએલો હોય છે, તેથી જગતના કોઇ પણ માણસો તેમને ખરેખરૂં દુઃખ દઇ શકતા નથી, અને કદી વહેવારીક લોકોને એમ લાગે કે, ફલાણા ફલાણા ભગતને ફલાણો માણસ દુઃખ દેય છે, તો પણ યાદ રાખવું કે, બહારથી લોકો જેટલું ધારે છે તેટલું દુઃખ અંતરમાંથી ભગતને થતું નથી.

કારણ કે દુઃખને દૂર કરવાની ચાવી તેઓને મળી ગએલી હોય છે. દુઃખને ઉડાવી દેવાની કળા તેઓને હાથ આવી ગએલી હોય છે અને દુઃખને દૂર રાખવાની યુક્તિ તેઓની પાસે હોય છે. તેથી લોકો ધારે છે તેટલું દુઃખ તેઓને થતું નથી અને લોકો માને છે તેવી બાબતોમાં ભગતો દુઃખ માનતા નથી, તેથી ઘણી જાતના દુઃખોને તેઓ અદ્ધર ને અદ્ધર ઉડાવી દેય છે, અને બહુ વિરૂદ્ધ સંજોગોની વચ્ચે પણ તેઓ સુખમાં રહી શકે છે. એટલુંજ નહીં પણ બહુ આગળ વધી ગએલા ભગતોની અંદર તો એટલું બધું બળ આવી જાય છે કે, તેમના મ્હોટામાં મ્હોટા અને કટ્ટામાં કટ્ટા દુશ્મનો પણ તેમને દુઃખ દેવાની હિમ્મત કરી શકતા નથી. આ બધું જોઇને એક જીજ્ઞાસુએ કોઇ સંતને પૂછયું કે મહારાજ? ભગતોને દુઃખ દઇ શકાતું નથી તેનું કારણ શું ?

ત્યારે તે સંતે કહ્યું કે ભાઇ, જ્યાં સુધી નાની છોકરી કુંવારી હોય ત્યાં સુધી ઘણા લોકો તેને ટપલા મારે છે, અને રાંડ રાંડ કરે છે, પણ એજ છોકરીનું જયારે લગ્ન થઇ જાય અને તે પોતાના વરની પાસે જાય તે પછી કોઇ પણ માણસ તેને રાંડ કહી શકતો નથી કે તેને આંગળી લગાડવાની હિમ્મત કરી શકતો નથી. તેમજ ભગતોનું ભગવાનની સાથે લગ્ન થઇ ગએલું હોય છે, તેથી ભગતોને બીજા માણસો દુઃખ દઇ શકતા નથી. માટે જો સંસારનાં ઘણી જાતનાં દુઃખોમાંથી બચવું હોય તો પ્રભુની સાથે લગ્ન કરવું જોઇએ, એટલે કે પ્રભુની સાથે જોડાઇ જવું જોઇએ. જો એ પ્રમાણે કરતાં આવડે તો ઘણી જાતના દુઃખમાંથી બચી શકાય છે. માટે ભાઇઓ અને બ્હેનો! શરીરના દુઃખોમાંથી બચવા સારૂ, મનનાં દુઃખોમાંથી બચવા સારૂ, વહેવારનાં દુઃખોમાંથી બચવા સારૂ, જગતની જંજાળનાં દુઃખોમાંથી બચવા સારૂ, પ્રારબ્ધના ભોગે આવી પડતાં દુઃખોમાંથી બચવા સારૂ, અને અકસ્માતથી આવી પડતાં દુઃખોમાંથી બચવા સારૂ પ્રભુ સાથે જોડાઇ જાઓ. પ્રભુની અંદર મનને પરોવી દો. પ્રભુને તમારા હૃદયની અંદર પધરાવો, અને પ્રભુ સાથે તન્મય થાઓ. મતલબ કે, પ્રભુ સાથે તમારૂં લગ્ન કરી દો એટલે એની મેળે મેળે ઘણી જાતનાં દુઃખોમાંથી

છૂટી શકશો. માટે ભાઈઓ, આવા અનેક પ્રકારનાં દુઃખોમાંથી છૂટવા સારૂ આ પ્રભુના સાચા ભગત થાઓ, પ્રભુના સાચા ભગત થાઓ.

૨૧–ઝાઝું જીવવામાંજ કાંઈ ખુબી નથી, પણ જીંદગીનો રૂડો ઉપયોગ કરી લેવો તેમાંજ ખુબી છે. માટે ભલે થોડું જીવો પણ સાર્થકતા કરી લો.

શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, મનુષ્યની જીંદગી અમૂલ્ય છે, અને આ જગતમાં ચોરાસી લાખ જાતના જીવો છે તેમાં મનુષ્યોનો અવતાર ઉત્તમમાં ઉતમ છે. એનું કારણ શું ? બંધુઓ, તેનું કારણ એજ છે કે, માણસો પોતાની જીંદગીની સાર્થકતા કરી શકે છે. માણસો બીજાઓને અર્થે પોતાની ખુશીથી સમજપૂર્વક રીતે પોતાના સ્વાર્થનો ભોગ આપી શકે છે. માણસો જન્મ મરણના ફેરામાંથી છૂટી શકે છે, અને માણસો અનંત બ્રહ્માંડના નાથનું જ્ઞાન મેળવી શકે છે, તથા તેને પગલે ચાલી તેની ભક્તિ કરી શકે છે. માટે મનુષ્યનો અવતાર જગતના બીજા બધા જીવો કરતાં શ્રેષ્ઠ ગણાય છે. પણ અફસોસની વાત એ છે કે, મનુષ્ય જીંદગીની આવી ઉત્તમતા બહુજ થોડા ભગતો સમજે છે, બાકી ઘણાં માણસો તો ખૂબ ખાવું પીવું, અને ઘણા વરસો જીવવું, એટલીજ ઈચ્છા રાખે છે. પણ મહાત્માઓ કહે છે કે,

ઘણા વરસ જીવવું એમાંજ કાંઈ ખુબી નથી પણ જીંદગીની સાર્થકતા કરી લેવી તેમાંજ ખુબી છે. એ માટે કુદરતની સામે જોશો તોપણ જણાશે કે, ઘણી જાતનાં ફૂલ બહુજ થોડા કલાકો જીવી શકે છે પણ એટલી થોડી વારમાં પણ તે કોઈકને શોભાવી જાય છે. અગર બત્તી કે ધૂપ જલદીથી બળી જાય છે પણ પોતે બળતે બળતે પણ સુગંધી ફેલાવી જાય છે અને ઘણી જાતનાં ફળ જલદીથી બગડી જાય તેવાં હોય છે તેથી તુરતજ ખવાઇ જાય છે, પણ એટલી થોડી વારના જીવનમાં પણ તે ખાનારને શક્તિ

આપી જાય છે. તેમજ બંધુઓ, તમારે પણ કોઇકના ઉપયોગમાં આવવું જોઇએ, અને તમારી જીંદગીની સાર્થકતા થાય તેમ તમારે કરવું જોઇએ. કારણ કે આપણી જીંદગીથી જો કોઇને પણ લાભ ન થાય તો એ જીંદગી શું કામની? કોઇના પણ ઉપયોગમાં આવ્યા વગર ઘણાં વરસ જીવીએ તેથી પણ શું ફાયદો? એને બદલે કદી થોડું જીવાય તો ફીકર નહીં, પણ જીંદગીની સાર્થકતા થાય તેવી રીતે જીવન ગાળવું જોઇએ, અને એમ કરવું એજ જીંદગીની ઉત્તમતા છે.

બંધુઓ! ઝાડ સામે જુઓ, પહાડ સામે જુઓ, પૃથ્વી સામે જુઓ, પાણી સામે જુઓ, પવન સામે જુઓ, અગ્નિ સામે જુઓ, અને એ શિવાય જગત્‌ની બીજી કોઈ પણ વસ્તુઓની સામે જુઓ તો તમને બહુ ચોખ્ખી રીતે જણાશે કે, જગત્‌ની દરેક વસ્તુઓ તથા કુદરતનાં બધાં તત્ત્વો જાણે અજાણે કાંઇકને કાંઇક પરમાર્થ કરી રહેલાં છે. માટે આપણે પણ કાંઇક પરમાર્થ કરવાં જોઇએ. આપણામાં રહેલી શકિતઓ કાંઇક શુભ કામોમાં વપરાય તેમ કરવું જોઇએ અને આપણા અંતરાત્માને સંતોષ થાય તેવી રીતે આપણે આપણી જીંદગી ગાળવી જોઇએ. એમ કરવું એજ હરિજનોનું લક્ષણ છે, અને એમ કરવું એજ હરિજનોની ખુબી છે. માટે જીંદગીનો સદ્‌ઉપયોગ થાય તેમ કરો, જીંદગીનો સદ્‌ઉપયોગ થાય તેમ કરો.

દોહરો.

કરવું સારૂં કોઇનું, એજ ધર્મનું કર્મ,
બાકી કલ્પીત ધર્મ છે, મનમાં સમજો મર્મ.

૨૭—આપણી પ્રાર્થનાઓ સફળ કરવાની કુંચી.

આ દુનીયાની રચના એવી છે અને મનુષ્ય સ્વભાવ એવા પ્રકારનો છે કે, આ જીંદગીમાં તેને ઘણી ચીજોની જરૂર પડે છે, અને એ બધી ચીજો કાંઇ તેને સહેલાઇથી મળતી નથી.

તે મેળવવા માટે ઘણી જાતની મહેનત કરવી પડે છે. તેમાં ઘણી વખત ઘણી જાતની વસ્તુઓ ઘણીએ મહેનત કરવા છતાં પણ ઘણાએ માણસોને મળતી નથી, અને પોતાની મનગમતી વસ્તુઓ માણસોને ન મળે ત્યાં સુધી તેઓને તૃપ્તિ થતી નથી. તેથી તે મેળવવા માટે ઘણી જાતના પ્રયત્નો કરે છે, પણ તેમ છતાં જ્યારે પોતાના પ્રયત્નોથી પોતાનું કાંઇ ન વળે ત્યારે તેને બીજા કોઇની મદદ લેવાનું મન થાય છે, અને દુનીયાના બીજા લોકો તથા વસ્તુઓની મદદ લેતાં છતાં પણ જ્યારે તેનું મનમાન્યું ન થાય, ત્યારે તેને અનંત બ્રહ્માંડના નાથની મદદ લેવાનું મન થાય છે. તેથી તે પોતાનું કામ સિદ્ધ થાય માટે પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરે છે. કારણ કે પ્રાર્થનાના બળ માટે દુનીયાના બધા ધર્મોના શાસ્ત્રમાં એમ કહેલું છે કે,

જે કામ કરોડો માણસોની મદદથી ન થઇ શકે તે કામ પ્રભુ પ્રાર્થનાથી થઇ જાય છે. જે કામ જગતની હજારો વસ્તુઓથી પણ ન થઇ શકે, તે કામ પ્રભુની પ્રાર્થનાથી થઇ શકે છે. જે કામ બુદ્ધિબળથી ન થઇ શકે, જે કામ લાગવગથી ન થઇ શકે, જે કામ શરીર બળથી ન થઇ શકે, જે કામ ભયંકર હથીયારોથી ન થઇ શકે, જે કામ અફસોસ કરવાથી, ચીંતાતુર રહેવાથી કે રોયા કરવાથી ન થઇ શકે, અને જે કામ દેવતાઓની મદદથી પણ ન થઇ શકે તે કામ પરમકૃપાળુ પરમાત્માની શુદ્ધ અંતઃકરણની પ્રાર્થના કરવાથી થઇ જાય છે. આવું અજબ જેવું મહાન્ બળ પ્રાર્થનામાં છે. માટે દુનીઆના સૌ સંતો કહે છે કે, તમારા મનોરથ પૂર્ણ કરવા હોય તો પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરો. પ્રાર્થના કરો.

શાસ્ત્રો તથા સંતોના હુકમને લીધે તથા પોતાના અંતરની પ્રેરણાથી દોરાઇને ઘણાં માણસો ઘણી વખત ઘણી જાતની પ્રાર્થનાઓ કરે છે, પણ આપણે જોઇએ છીએ કે બહુજ થોડા માણસોની પ્રાર્થના સફળ થાય છે. બાકી તો બધા આખી જીંદગી સુધી કોઇને કોઇ બાબત માટે રોતાં ને રોતાંજ રહે છે. આમ શા માટે થાય છે? તેનું કારણ આપણે જાણવું

જોઇએ. એ જાણવાથી આપણને રસ્તો મળે છે, આપણામાં નવું બળ આવે છે, અને આપણી પ્રાર્થનાઓ સફળ થઇ શકે છે. માટે આપણી પ્રાર્થનાઓ સફળ થાય તેવા ઉપાયો આપણે જાણવા જોઇએ. તે ઉપાય માટે એક સંત એમ કહેતા હતા કે,

મુંબઇમાં, મદ્રાસમાં, કલકત્તામાં વીગેરે મોટાં શહેરોમાં વીજળીની ટ્રામ ચાલે છે, એ તમે જોઇ છે? વીજળીના તાર સાથે ટ્રામની ગરેડી લાગી જાય એટલે ટ્રામ ચાલવા માંડે છે. પછી એ ટ્રામમાં ગમે તો માણસો બેઠાં હોય, ગમે તો ઉંચો માલ ભરેલો હોય, અને ગમે તો હલકો માલ ભરેલો હોય, પણ જ્યારે તેમાં વીજળી આવે ત્યારે ટ્રામ ચાલવા માંડે છે. અને ટ્રામમાં વીજળી આવવા માટે વીજળીના તાર સાથે ટ્રામની ગરેડીનો સંબંધ થવો જોઇએ. વીજળી સાથે ટ્રામનો સંબંધ થયા વિના કાંઇ ટ્રામ ચાલી શકે નહીં. તેમજ જો આપણી પ્રાર્થનાઓ સફળ કરવી હોય તો આપણો પરમ કૃપાળુ પરમાત્માની સાથે સંબંધ થવો જોઇએ. જો પ્રભુની સાથે જીવ જોડાઇ જાય તો તુરતજ તેની બધી જાતની પ્રાર્થનાઓ મંજુર થાય છે. કારણ કે વીજળીને જેમ ટ્રામને ખેંચી જવામાં મુશ્કેલી પડતી નથી તેમજ સર્વશક્તિમાન્ મહાન્ પરમાત્માને આપણી પ્રાર્થનાઓ મંજુર કરવામાં જરાએ મહેનત પડતી નથી. પણ ટ્રામને વીજળીની મદદ મળવા માટે જેમ વીજળીના તાર સાથે ટ્રામની ગરેડીનો સંબંધ થવાની જરૂર છે, તેમજ મનુષ્યોના જીવાત્માને પરમાત્માનો સંબંધ થવાની જરૂર છે. જો એનો સંબંધ કરતાં આવડે તો ગમે તેવી મુશ્કેલ પ્રાર્થના પણ તુરતજ સફળ થાય છે. માટે આજથી યાદ રાખજો કે, આપણી પ્રાર્થનાઓ સફળ થતી નથી તેનું મુખ્ય કારણ એજ છે કે, આપણે પ્રભુ સાથે જોડાયા વિના પ્રાર્થના કરીએ છીએ, તેથી તે પ્રાર્થનાઓ ફળીભૂત થતી નથી. માટે યાદ રાખજો કે, આપણી પ્રાર્થનાઓને સફળ કરવાનો મુખ્ય ઉપાય એ છે કે, જેમ બને તેમ સર્વશકિતમાન મહાન્ ઇશ્વરની સાથે આપણે જોડાઇ જવું જોઇએ, અને તેની સાથેનો સંબંધ વધારવો જોઇએ. જો એમ કરતાં આવડે તો આપણી બધી જાતની પ્રાર્થનાઓ બહુજ

સહેલાઈથી ને તુરતજ મંજુર થઇ જાય છે. માટે પ્રાર્થના સફળ કરવાની આ કુંચી ધ્યાનમાં રાખજો, ધ્યાનમાં રાખજો. એજ અમારી વિનંતિ છે.

જે ફળ ઝાડની ડાળને ચોંટી રહે છે તે ફળ મોટું થાય ને પાકે છે, પણ જે ફળ ઝાડ માથેથી નીચે પડી જાય છે તે ફળ પાકતું નથી ને ખરાબ થઇ જાય છે; તેમજ જે ભગતો ભગવાન સાથે જોડાએલા રહે છે તેની પ્રાર્થના મંજુર થાય છે અને જે પ્રભુથી જુદા પડીને પ્રાર્થના કરે છે તેની પ્રાર્થના ફળીભૂત થતી નથી. માટે પ્રાર્થના ફળીભૂત કરવાની કુંચી એ છે કે, પ્રભુ સાથે તન્મય થવું, પ્રભુ સાથે તન્મય થવું.

૨૮–વિદ્વાનો તથા ભગતોની વચ્ચે શું ફેર હોય છે તેનો ખુલાસો.

બંધુઓ ! યાદ રાખજો કે, શાસ્ત્રના સિદ્ધાંતો સાંભળી લેવા અને તેને યાદ રાખવા, તથા તેની ઉપર તર્કવિતર્ક કરવો, તેની ઉપર વાદવિવાદ ચલાવવો, અને તેમાંથી ખૂબીઓ તથા ખામીઓ બતાવવી એ જૂદી વાત છે, અને શાસ્ત્રના હુકમો પ્રમાણે વરતવું એ જૂદી વાત છે. શાસ્ત્રના નિયમો શીખીને તે બીજાઓને શીખવવા, તથા કુદરતના નિયમો જાણી લઇને તે નિયમો બીજાઓની આગળ કહી બતાવવા એ જૂદી વાત છે. અને એ નિયમો પ્રમાણે તથા એ સિદ્ધાંતો પ્રમાણે પોતાની જીંદગી ગાળવી એ જૂદી વાત છે. આમ હોવાથી શાસ્ત્રનો અભ્યાસ કરનારા પંડીતો, તથા કુદરતના નિયમો તપાસનારા વિદ્વાનો, અને પ્રભુના નિયમો પ્રમાણે વરતનારા ભગતોની અંદર બહુ તફાવત હોય છે. કારણ કે જેઓ પંડીતો છે, જેઓ વિદ્વાનો છે, જેઓ વકતાઓ છે, જેઓ હરિકથા કરનારાઓ છે, જેઓ પુરાણો કે વેદ વાંચનારાઓ છે, અને જેઓ બીજા લોકોને ઉપદેશ દેનારાઓ છે, તેઓ છાપાના રિપોર્ટરો જેવા છે. કારણ કે, છાપાના રિપોર્ટરો પણ જ્યારે કોઇ

મોટો માણસ મરી જાય ત્યારે બહુ અસરકારક ભાષામાં તેનાં વર્ણનો લખી મોકલે છે. એ વર્ણનો વાંચીને ઘણા માણસો ઉપર ઘણી જાતની અસર થાય છે. તેથી એવી અસર થયલો કોઇ માણસ એ રિપોર્ટ લખનાર રિપોર્ટરને મળે અને તેને પૂછે કે, સાહેબ, તમને એ ગૃહસ્થની સાથે બહુજ મોટી ઓળખાણ હશે? ત્યારે એ રિપોર્ટર કહે કે, નહીં. હું તેને કદી પણ મળ્યો નથી, અને આખી જીંદગીમાં મેં તેને જોયેલ નથી. ત્યારે પેલો માણસ પૂછે કે, તમે એના ઉઠમણામાં ગયા હશો? ત્યારે રિપોર્ટર કહે છે કે, નહીં નહીં, હું એના ઉઠમણામાં પણ ગયો નથી. એ સાંભળીને પેલો બિચારો ભોળો માણસ અજબ થઇને પૂછે કે, ત્યારે આ બધું તમે લખ્યું ક્યાંથી? એ સાંભળીને તે રિપોર્ટરે કહ્યું કે, બીજા રોજીંદા છાપાઓ ઉપરથી તે બધી હકીકત અમે મેળવી લીધી, અને તેમાં કાંઇક સેજસાજ ફેરફાર કરીને છાપી નાખી. એમ તો અમારા છાપામાં કોઇ વખત કોઇ શેઠીઆઓના લગનોના રસ ભરેલાં વર્ણનો આવે છે, કોઇ વખત કોઈ રાજાઓની સભાઓનાં રસીક વર્ણનો આવે છે, કોઇ વખત કોઇ ઠેકાણે કાંઇ મોટો અકસ્માત થયો હોય તેનાં વર્ણનો આવે છે, અને કોઇ વખત કોઇ ઠેકાણે લડાઈ ચાલતી હોય તેનાં વર્ણનો આવે છે, એ બધે વખતે ને બધે ઠેકાણે કાંઇ અમે હમેશાં હાજર હોતા નથી. કોઇ કોઇ વખતે કોઈ કોઇ ઠેકાણે પહોંચી જઇએ એ જૂદી વાત છે, બાકી તો ઘણે ભાગે અધરને અધરજ ચલાવ્યા કરીએ છીએ, અને અહિંથી તહીંથી અફડંચી તફડંચી કરીને છાપો ભરી દઇએ છીએ.

બંધુઓ! આવા રિપોર્ટરોની પેઠેજ કેટલાક પંડીતો, વિદ્વાનો, વ્યાસો, તથા વક્તાઓ પણ કરે છે. એટલે કે તેઓ શાસ્ત્રમાંથી તથા પુરાણોમાંથી અને લોકકથાઓમાંથી કેટલીક વાતો ગોખી, યાદ રાખીને બીજાઓને કહે છે, પણ એ કહેવા પ્રમાણે તેઓ પોતે જાતે વર્તતા નથી. તેઓમાંથી કદાચ કોઈ કોઇ માણસો એ પ્રમાણે વરતતા હોય એ જૂદી વાત છે, પણ બાકી ઘણે ભાગે તો તેઓના હાલ છાપાઓના રિપોર્ટરો જેવાજ હોય છે. પણ એને બદલે જે સાચા ભગતો હોય છે તેઓની સ્થિતિ તો કાંઇક જુદીજ હોય છે. કારણ કે ભગતોએ તો ભગવાનના આનંદો

ભોગવેલા હોય છે. ભગતો વિશ્વાસના તાર ઉપર ચાલનારા હોય છે. ભગતો પ્રભુની ખાતર ઘણી જાતના કષ્ટ સહન કરનારા હોય છે. ભગતોની દૃષ્ટિમાં એક પ્રકારનું અમૃત આવી ગએલું હોય છે. ભગતોની અંદર અતિશય સહનશીળતા હોય છે. અને ભગતો પ્રભુને ખાતર પોતાના ઘણા સ્વાર્થનો ભોગ આપી શકે છે, તથા જે ભૂમિકાઓનો અને જે દિશાઓનો વિદ્વાનોને ખ્યાલ પણ ન હોય તે ઠેકાણે ભગતો જઇ શકે છે. માટે વિદ્વાનો કરતાં ભગતો શ્રેષ્ઠ છે. માટે ભાઇઓ અને બ્હેનો! લુખીપૂખી બહારની વાતોમાંજ નહીં રહી જતાં અંતરમાંથી સાચા ભગત થવાય તેમ કરો. સાચા ભગત થવાય તેમ કરો. કારણ કે ભક્તિનો આનંદ કાંઇ ઓરજ છે, અને ભક્તનો મહિમા કાંઇક જૂદોજ છે.

દોહરા.

નામ લીયા ઊને સબ લીયા, સકળ શાસ્ત્રકો ભેદ;
 નામ વીના નરકે ગયા, પઢ પઢ ચારો વેદ.
પઢનેકી હદ સમજ હે, સમજણકી હદ જ્ઞાન;
 જ્ઞાનકી હદ હરી નામ હે, એ સિદ્ધાંત ઉર આન.

૨૯–પ્રભુ સ્મર્ણ વિષે.

ગામમાં જ્યારે મોટો રાજા આવવાનો હોય ત્યારે ગામના મોટા રસ્તા સાફ રાખવામાં આવે છે, તેમ આપણે જ્યારે પ્રભુ ભજન કરવા બેસીએ ત્યારે આપણા મનમાં બીજી કોઇ વસ્તુ ન આવે તેની સુરત રાખવી જોઇએ.

જેના ઘરમાં દીવો બળતો હોય છે તેના ઘરમાં ચોર આવી શકતા નથી, તેમ જેના અંતરમાં પ્રભુ સ્મર્ણ થતું હોય તેને કામ ક્રોધાદિક ઝાઝું સતાવી શકતા નથી.

પીપર ગાંધીને હાટે સસ્તી મળે છે, પણ તેને ખરલમાં નાંખીને ઘણાક દહાડા ઘુંટી હોય તો વૈદક નિયમ પ્રમાણે તે બળે

ઉંચે ભાવે વેચાય છે, તેમ આપણા અંતરરૂપી ખરલમાં પ્રભુ નામ પણ ઘણા દહાડા સુધી લીધું હોય તો તે બહુ લાભકારી થઇ પડે છે.

વડનું બીજ રાઇના દાણાથી પણ દેખાવમાં નાનું હોય છે, પણ તેમાંથી જ્યારે ઝાડ થાય છે ત્યારે એક બહુજ મોટો વડલો થઇ પડે છે, તેમ આપણને ભગવત નામ કદાપી શરૂઆતમાં નાનું દેખાતું હશે પણ પરિણામે વડના ઝાડની માફક બહુજ મોટું લાભદાયક થઇ પડે છે.

જેને આંગણે ચોકીદાર સીપાઇ ચોકી કરતો હોય તેના ઘરમાં ચોર પેસી શકતો નથી તેમજ જે પ્રભુ નામના લેનાર હોય છે તેના હ્રુદયમાં સહેલાઇથી પાપ ઘુસી શકતાં નથી.

છોકરો બાપની હજુરમાં, નોકર શેઠની હજુરમાં ને નિશાળીયો જેમ માસ્તરની હજુરમાં માઠું કામ કરી શકતો નથી, તેમ જે હરિજનો હમેશાં હરિ નામની લેહમાં રહ્યા કરે છે તેનાથી ઝાઝાં પાપ થઇ શકતાં નથી.

જે જંગલમાં વાઘ કે સીંહનો વાસ થાય છે, ત્યાંથી ઘણાંક નાનાં નાનાં જનાવરો જેમ દૂર ભાગી જાય છે તેમ જેના અંતરમાં પ્રભુ સ્મર્ણ કરવાની ટેવ પડતી જાય છે તેમાં પછી ઝાઝા દુર્ગુણો કે ખરાબ વ્યસનો રહી શકતાં નથી.

એક છોકરો પોતાના ખીસામાં હમેશાં પોતાના બાપની છબી રાખીને ફરતો. તેને એક બીજા માણસે કહ્યું કે, ભલા, બાપની છબી શા માટે ગજવામાં લઇને ફરે છે? ત્યારે તે છોકરે કહ્યું કે, મને સદાય મારા બાપની યાદ બની રહે કે, એ મારો બાપ આવો રૂડો છે, અને એણે ખવરાવવા પીવરાવવા આદી ઘણા ઉપકારો કર્યા છે, તે ભૂલી ન જવાય તે માટે હું સદાય મારા બાપની છબીને સાથે રાખું છું.

આ વાતનો સાર એ છે કે, હરિજનોએ હમેશાં પોતાના પેદા કરનાર પ્રભુનાં નામ સ્મર્ણ રૂપી છબીને અંતરમાં રાખીને ફરતા રહેવું, અને તેને વિસરવો નહીં.

જેમ લોભીને ધન વ્હાલું લાગે છે, કામીને કામ વ્હાલો લાગે છે, તથા જેમ ગાયનું ચિત્ત પોતાના વાછરડામાં બન્યું રહે છે, અને જેમ પાણી ભરનારીનું મન પોતાના માથાં માથેના પાણીના ઘડામાં લાગ્યું રહે છે, તેમ દરેક હરિજનોએ એવીજ રીત પ્રમાણે સ્મરણ કરવાની ટેવ પાડવી જરૂરની છે. જેના ઘણાક લાભો નીચેથી જણાશે:—

નામ મહાત્મ્ય.

નામ સમોવડ કોઇ નહીં, તપ તીરથ વ્રત જોગ;
  નામે પાતક છાંડીએ, નામે નાસે રોગ.

રામ નામકી ઓખદી, ખરી નીતસે ખાય;
  અંગ પીડા વાધે નહીં, મહા રોગ મીટ જાય.

રામ નામ અમૂલ્ય હય, બીના દામ બીકાય;
  તુલસી અચરજ દેખીયો, કોઇ ગ્રાહક નવ થાય.

રામ નામ આધી રતી, કોટિક પાપ પહાડ;
  બલીહારી વા નામકી, પાપ કરે સબ છાર.

જબહી નામ હૃદયે ધરા, ભયો પાપકો નાશ;
  માનો ચીનગી આગકી, પડી પુરાની ઘાસ.

નામ લીયા જીને સબ લીયા, સકળ શાસ્ત્રકો ભેદ;
  નામ વીના નરકે ગયા, પઢ પઢ ચારો વેદ.

નીસરણી નીજ નામકી, ધર્મ ગગન બીચ એક;
  રામ નામકી ટેકસે, ચઢ ગયે સંત અનેક.

પઢનેકી હદ સમજ હે, સમજણકી હદ જ્ઞાન;
  જ્ઞાનકી હદ હરી નામ હે, એ સિદ્ધાંત ઉર આન.

સ્મરણ વિષે.

સમ્મરણ સિદ્ધિ યું કરો, જેસી કામી કામ;
  એક પલક વીસરે નહીં, નીશદીન આઠો જામ.

સમરણ સિદ્ધિ યું કરો, જ્યું ગાગર પનીહાર;
  હાલે ચાલે સુરતમેં, કહે કબીર વીચાર.

સમરણ સિદ્ધિ યું કરો, જ્યું સુરભી સુત માંહી;
કહે કબીર ચારો ચરી, બીસરે કબુ નાંહી.
સમરણ સિદ્ધિ યું કરો, જેસે દામ કંગાળ;
કહે કબીર બીસરે નહીં, પલ પલ લે સંભાળ.
સુમરનસે સુખ હોત હે, સુમરનસે દુઃખ જાય;
કહે કબીર સુમરન કીએ, સાંઇ માઇ સમાય.
સમરન બુટ્ટી પ્રેમકી, હૃદયામાંહી નીચોવ;
કાયા કંચન હોત હે, ઉસ બુટ્ટીકે જોર.

સ્મર્ણ.

લશ્કરના સીપાઈઓ જેમ પોતાના હથિયાર પોતાની સાથે રાખે છે, તેમ પ્રભુના ભગતે સદાય સ્મર્ણયુકત રહેવું.

જેમ વારંવાર કસરત કરવાથી શરીર સુધરે છે, તેમ વારંવાર સ્મર્ણ કરવાથી જીવ સુધરે છે.

જેમ ધમણ અગ્નિને પ્રદીપ્ત કરે છે, તેમ સ્મર્ણ જીવને નવું જીવન આપે છે.

જે ઇશ્વરને યાદ કરે છે, તે પાપને ભૂલતો જાય છે.

ચોરને ઘરમાં ન આવવા દેવો હોય તેણે આખી રાત દીવો રાખવો ને હોશીઆરીમાં રહેવું, તેમજ જેને પાપથી દૂર રહેવું હોય તેણે સદાય હરિ સ્મર્ણ કરતા રહેવું.

માણસ સાથેનો ઝાઝો સહવાસ તેના દોષ દેખાડે છે, ને ઇશ્વર સાથેનો ઝાઝો સહવાસ તેના ગુણો દેખાડે છે ને તેમનો વધારો કરે છે.

કોઇ એક મોટા મહાત્માના મરણને સમયે તેના ચેલાએ હાથ જોડીને કહ્યું કે, મહારાજ ? મને કાંઈ ગુપ્ત વાત કહેતા જાઓ. ત્યારે તે ગુરૂએ કહ્યું કે, બેટા, હું પણ રામ રામ કરતો ને તું પણ રામ રામ કરતો રહેજે.

જો તમારે મોક્ષ માર્ગે જવું હોય તો સારો ને સેહેલો રસ્તો રામ રામ રામ રામ રામ રામ રામ કરતા રહેજો એજ છે.

વડનું બીજ નાનું હોય છે, પણ તેનું ઝાડ સૌથી મોટું થઇ જાય છે, તેમ રામ નામ ઘણું નાનું લાગે છે, પણ પરિણામે બહુજ ફળદાયી છે.

૩૦-મંદિરમાં દર્શન કરવા જવાની સફળતા ક્યારે થાય ? તેનો ખુલાસો.

પોત પોતાના ધર્મની રીત પ્રમાણે પ્રભુના દર્શન કરવા માટે ઘણા લોકો મંદિરોમાં દોડે છે, પણ તેમાંથી ખરાં દર્શન તો કોઇકનેજ થાય છે, બાકી તો બધા મંદિરમાં ફેરા ખાઇને પાછા ફરે છે. કારણ કે શાસ્ત્રોમાં એમ કહેલું છે કે,

જેને પ્રભુના દર્શન થાય ત્હેના ચહેરાનું તેજ બદલાઇ જાય છે. જેને પ્રભુના દર્શન થાય તેની આંખોમાં નવું નૂર આવી જાય છે. જેને પ્રભુના દર્શન થાય તેના આચાર વિચાર બદલાઇ જાય છે, જેને પ્રભુના દર્શન થાય તેની રહેણી કરણી બદલાઈ જાય છે, જેને પ્રભુના દર્શન થાય તેની સોબત બદલાઇ જાય છે. જેને પ્રભુના દર્શન થાય તેની વાણીમાં અજબ જેવું બળ આવી જાય છે. જેને પ્રભુના દર્શન થાય તેનામાં ઘણી જાતની નવી શકિતઓ આવી જાય છે, જેને પ્રભુના દર્શન થાય તેનામાં કેટલીક જાતની સ્વાભાવિક સિદ્ધિઓ આવી જાય છે અને જેને પ્રભુના દર્શન થાય તેનો જગતનો વધારે પડતો ખોટો મોહ મટી જાય છે. તેથી જેને પ્રભુના દર્શન થાય તે પ્રભુની દૃષ્ટિ પડતાંજ ન્યાલ થઇ જાય છે. અને મહાત્મા બની જાય છે. આવું પ્રભુના દર્શનનું ફળ છે. પણ આપણે જોઇએ છીએ કે, પ્રભુના દર્શન કરવા જનારા લાખો માણસમાંથી કોઇકજ માણસની સ્થિતિ આવી હોય છે, બાકી બધાં માણસો મંદિરોમાં દર્શન કર્યા છતાં હંમેશના જેવાંજ હોય છે. એમ બનવાનું કારણ શું ? આપણાં દર્શન શા માટે ફળીભૂત થતાં નથી? એનું કારણ સમજાવવા માટે એક મહાત્મા પોતાના હરીજનો આગળ એમ કહેતા હતા કે,

ભગવાન પોતે દરેક ક્ષણે આપણને જોયા કરે છે એ વાત જો પ્રથમ બરાબર રીતે આપણને સમજાય તો પછી આપણને ભગવાનનાં સાચાં દર્શન થઇ શકે. મતલબ કે જ્યાં સુધી ભગવાનનું સત્ય સ્વરૂપ આપણને સમજાય નહીં ત્યાં સુધી ભગવાનનાં સાચાં દર્શન થઇ શકતાં નથી. અને યાદ રાખજો કે, ભગવાનની મૂર્તિનાં દર્શન એ જુદી વાત છે, અને સાક્ષાત ભગવાનનાં દર્શન એ જુદી વાત છે. એ બન્ને દર્શન વચ્ચે જમીન આસમાનનો ફેર છે. કારણ કે મૂર્તિનાં દર્શન તો જે ધારે તે સૌને થઇ શકે છે. પણ ભગવાનનાં સાક્ષાત સ્વરૂપનાં દર્શન તો કરોડો મહાભાગ્યશાળીઓમાંથી કોઇ-કજ ભાગ્યશાળીને કવચિતજ થાય છે. કારણ કે સામાન્ય લોકો જે દર્શન કરે છે અને મહાત્માઓ જે દર્શન કરે છે તેની વચ્ચે ઘણો ફેર છે. જેમ કે,

સામાન્ય લોકો ઉપલકપણેજ દર્શન કરે છે, પણ જ્ઞાનીઓ તો અંતરમાં ઉંડા ઉતરીને દર્શન કરે છે. સામાન્ય લોકો પ્રભુનો મહિમા સમજ્યા વિના દર્શન કરે છે, પણ જ્ઞાની ભગતો તો પ્રભુનો મહિમા સમજીને પ્રભુના દર્શન કરે છે. સામાન્ય લોકો પ્રેમ વિના દર્શન કરે છે, પણ પ્રેમી ભગતો તો અંતરના ઉમળકાથી દર્શન કરે છે. અને સામાન્ય લોકો તો એમ સમજે છે કે, ભગવાન કોણ જાણે કયાંના કયાં છે? સ્વર્ગમાં હશે? કે વૈકુંઠમાં હશે? કે ગોલોકમાં હશે? કે અક્ષર ધામમાં હશે? કે સાતમા આસમાનમાં હશે? એમ ધારીને દર્શન કરે છે, પણ દિવ્યચક્ષુવાળા જ્ઞાની ભગતો તો પ્રભુને હાજરાહજુર સમજીને દર્શન કરે છે. તેથી તેઓને સાચાં દર્શન થાય છે. માટે પ્રભુનાં સાચાં દર્શન કરવાની સહેલામાં સહેલી કુંચી એ છે કે, પ્રભુ પોતે દર પળે આપણને જોઇ રહ્યા છે, એમ સમજીને જો આપણે દર્શન કરવા જઇએ તો આપણને સાચાં દર્શન થઇ શકે છે કારણ કે પ્રભુ દર પળે આપણને જોયા કરે છે એવી ભાવના જો આપણા મનમાં જાગૃત હોય તો ઘણી જાતનાં પાપથી બહુ સહેલાઇથી બચી શકાય છે, એટલે પવિત્ર જીવન વખતે પ્રભુના સાચાં દર્શન થાય તેમાં કાંઈ નવાઇ નથી. માટે જો પ્રભુના સાચાં દર્શન કરવાં હોય તો પ્રભુ પોતે દરેક ક્ષણે તમોને જોઇ રહ્યા છે એ વાત ધ્યાનમાં

રાખજો. એજ અમારી ભલામણ છે. કારણ કે પ્રભુ પોતે દરેક પગે તમને જોઇ રહ્યા છે એ વાત જો અંતરના ઉંડાણમાંથી સમજશો તો પછી તમને હમેશાં સાચાં દર્શન થયા કરશે.

આ વાત પણ જો બરાબર ન સમજાતી હોય ને એટલી તસ્દી પણ જો ન લેવી હોય તો હમણા જેમ ચલાવો છે તેમ ચલાવ્યા કરજો, એટલે પ્રભુ દયાળુ છે તેથી કોઇક દીવસ પણ કૃપા કરશે. માટે છેલ્લી વિનંતી એ છે જે હાલ જે બની આવે છે તે પણ છૂટી ન જાય એ સંભાળજો.

૩૧-પરમકૃપાળુ પરમાત્માએ જીભ આપણને શામાટે આપી છે? એનો કોઇ દિવસ તમે વિચાર કર્યો છે?

બંધુઓ! યાદ રાખજો કે, પ્રભુએ દયા કરીને આપણને જીભ આપેલી છે, તે કાંઇ કોઇને કડવાં વચનો કહેવા માટે આપી નથી. પ્રભુએ આપણને જીભ આપેલી છે, તે કાંઇ કોઇને ધમકાવવા માટે આપેલી નથી. પ્રભુએ આપણને જીભ આપેલી છે, તે કાંઇ કોઇને ગાળો દેવા માટે આપેલી નથી. પ્રભુએ આપણને જીભ આપેલી છે, તે કાંઇ કોઇની નિંદા કરવા માટે આપેલી નથી. પ્રભુએ જીભ આપેલી છે, તે કાંઇ કોઇને મેહેણાં મારવા માટે આપેલી નથી. પ્રભુએ જીભ આપેલી છે તે કાંઇ કોઇની લાગણી દુઃખાવવા માટે આપી નથી. અને પ્રભુએ જીભ આપેલી છે તે કાંઇ પ્રભુની વિરૂદ્ધની વાતો કરવા માટે આપી નથી. અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે, ઘણે ઠેકાણે જીભનો આવો માઠો ઉપયોગજ થાય છે. એમ ન થાય માટે હરિજનોએ યાદ રાખવું જોઇએ કે,

પરમકૃપાળુ પરમાત્માએ જીભમાં હાડકું મૂક્યું નથી તે એવીજ ઇચ્છાથી કે, જો હાડકાંવાળી જીભ હોત તો તેનામાં કઠોરતા આવી જાત, અને તેને જેમ વાળવી હોય તેમ વળી શકત નહીં, પણ માણસો પોતાની મરજી પ્રમાણે જીભને સારે રસ્તે વાળી શકે

તે સારૂ તેને હાડકાં વિનાની બનાવેલી છે. માટે આપણે જીભનો સદ્ઉપયોગ કરતાં શીખવું જોઇએ, અને જેમ બને તેમ આપણી જીભે કરીને સારાં કામો થાય તેમ કરવું જોઇએ.

આપણી જીભનો કેવાં કામોમાં ઉપયોગ કરવો એ માટે સંતો કહે છે કે, દુઃખીઓને દિલાસો આપવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. અજ્ઞાનીઓને જ્ઞાન આપવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. ભૂલા પડેલાઓને રસ્તો બતાવવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. રોગીઓને શાંતિના શબ્દો સંભળાવવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. આળસુઓને ઉત્સાહી બનાવવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. પોતાની ફરજ ચુકી ગએલાઓને તેઓની ફરજ સમજાવવામાં તમારી જીભનો ઉપયોગ કરજો. કોઇ પણ શુભ કામોમાં ટેકો અપાય તેવી રીતે તમારી જીભનો ઉપયોગ કરજો. કોઇ વિદ્યાર્થીઓને ઉત્તેજન અપાય તેવી રીતે તમારી જીભનો ઉપયોગ કરજો. તમારૂં બોલવું સાંભળીને સારા માણસો રાજી થાય તેવી રીતે તમારી જીભનો ઉપયોગ કરજો.

બંધુઓ ! યાદ રાખજો કે, શબ્દો એ કાંઇ ફેંકી દેવાની વસ્તુ નથી, પણ જેમ કેટલીક બહુ કીંમતી ચીજો તોળી તોળીને, માપી માપીને, અને સાચવી સાચવીને વપરાય છે; તેમજ તમારી જીભમાંથી પણ તોળી તોળીને, માપી માપીને, અને વિચારી વિચારીને શબ્દો નિકળે તેમ કરજો.

બીજું, એ પણ યાદ રાખજો કે, જેમ ધનના ભંડાર હોય છે, જેમ અનાજના કોઠારો હોય છે, જેમ પાણીનાં સરોવરો હોય છે, અને જેમ માણસોનાં લશ્કર હોય છે, તથા એ બધું જેની પાસે જેટલું વધારે હોય તેટલો એ વધારે મોટો ગણાય છે, અને જેમ તેનો વધારે ઉપયોગ કરતાં આવડે તેમ તે માણસ વધારે ઉપયોગી થઇ પડે છે, તેમજ જે માણસની જીભમાં શબ્દોનો ભંડાર ભરેલો હોય છે, અને જે વખતે જે શબ્દ જોઇએ તે વખતે તે શબ્દ જે માણસ વાપરી શકે છે તે માણસ પણ મહાન્ થઇ શકે છે, અને બીજા લોકોની ઉપર ચમત્કારિક અસર કરી શકે છે. અને યાદ રાખજો કે, આ બધી મહાન્ શક્તિ

જીભની અંદર રહેલી છે. માટે બીજાં ઘણી જાતનાં સાધનોની મદદ વિના પણ એકલી જીભથીજ પોતાનું તથા બીજાઓનું ઘણું કલ્યાણ થઇ શકે છે. આવી અમૂલ્ય શક્તિવાળી જીભ છે, માટે એવી ઉત્તમ જીભનો જેમ બને તેમ સારામાં સારો ઉપયોગ કરવો જોઇએ.

બંધુઓ! જીભથી શું શું કામો થઇ શકે છે એ તમોને ખબર છે? હજારો માણસોના લશ્કરથી જે કામ ન થઇ શકે, તે કામ એક સારા માણુસની જીભથી થઇ શકે છે. સેંકડો પુસ્તકો વાંચવાથી જે જ્ઞાન ન મળી શકે, તે જ્ઞાન કોઇ મહાત્માની જીભના થોડાક શબ્દો સાંભળવાથી મળી જાય છે. જપ, તપ, તિર્થ, યાત્રા, દેવપૂજા, વિગેરે ઘણા વરસો કર્યાં છતાં જે પાપ ન મટતાં હોય તે પાપ કોઇક સાધુ સંતના શબ્દોથી સ્હેજ વારમાં છૂટી જાય છે, જે વેરો ઘણાં વરસ થયાં ન મૂકાતાં હોય, તે વેરો શાંતિવાળા માણસની જીભના શબ્દોથી મૂકાઇ જાય છે. જે માણસોના મનમાં ધર્મની ભાવના જાગી શકતી ન હોય કે શ્રદ્ધા ન આવતી હોય તે માણુસોના અંતરમાં કોઇ ભગતોના શબ્દોથી તુરતજ શ્રદ્ધા આવી જાય છે. જે માણુસો બીજી કોઇ પણ રીતે ન સમજતા હોય, લાખો પૈસા ખરચ્યાથી જે કામ ન થતાં હોય, બહુ લાગવગ વાપર્યા છતાં જે કામ ન થતાં હોય, અને બહુ જોર-જુલમ કર્યા છતાં જે કામો ન થતાં હોય, તે કામો એક આત્મિક બળવાળા માણુસની જુબાનથી થઇ જાય છે. આવું જીભની અંદર બળ રહેલું છે, અને એ બળ જેટલું વધારવા માગીએ તેટલું વધી શકે તેમ છે. એટલુંજ નહીં પણ ઘણુંકરી સૌ માણુસની ઉપર એ એક કુદરતી બક્ષિસ ઉતરેલી છે. માટે જેમ બને તેમ જીભનો સારામાં સારો ઉપયોગ કરવો જોઇએ. અને એમાંથી આપણા આત્માનું કલ્યાણ થાય, બીજાઓનું ભલું થાય, તથા આપણા પિતા પરમકૃપાળુ પરમાત્મા રાજી થાય એમ કરવું જોઇએ. અને જ્યારે એમ કરી શકાય ત્યારેજ જીભની ખરી સાર્થકતા થાય છે. માટે જીભની એવી ખરી સાર્થકતા કરવાની તજવીજ કરો. એવી ખરી સાર્થકતા કરવાની તજવીજ કરો.

જીભને કેટલાક મહાત્માઓ નીસરણીની સાથે સરખાવે છે અને કહે છે કે, જેમ નિસરણીથી ઉપર ચ્હડી શકાય છે અને નીચે

પણ ઉતરી જવાય છે, તેમજ જીભના સદ્ઉપયોગથી ઉપર ચ્હડી જવાય છે, ને જીભના દુરૂપયોગથી નીચે ઉતરી જવાય છે, માટે જો મોક્ષ માર્ગમાં જવું હોય તો એ કામમાં પણ જીભ મદદ કરે છે, અને નર્કમાં જવું હોય તો ત્યાં જવા માટે પણ જીભનો ઉપયોગ કરી શકાય છે માટે જેમ તેનો રૂડો ઉપયોગ થાય તેમ કરજો એજ અમારી ભલામણ છે.

૩૨–પ્રભુને ઘરે જવાના અનેક માર્ગ છે, તેમાંથી કોઇ પણ રસ્તે ત્યાં પહોંચવું જોઇએ.

પ્રભુને ત્યાં જવા માટે અનેક રસ્તા છે. જેમકે, તપ કરીને પ્રભુ પાસે પહોંચી શકાય છે, દાન આપીને પ્રભુ પાસે પહોંચી શકાય છે, યજ્ઞો કરીને પ્રભુ પાસે પહોંચી શકાય છે, યોગ સાધીને પ્રભુ પાસે પહોંચી શકાય છે, પ્રભુને અર્થે નિષ્કામ કર્મો કરીને પ્રભુને પહોંચી શકાય છે, પ્રભુના નામનો જપ કરીને પ્રભુને પહોંચી શકાય છે, વર્ણાશ્રમના ધર્મ પાળીને પ્રભુને પહોંચી શકાય છે, ત્યાગના બળથી પ્રભુને પહોંચી શકાય છે, અને ભકિતના બળથી પ્રભુને પહોંચી શકાય છે. આવી રીતે પ્રભુ પાસે પહોંચવાના અનેક માર્ગો છે, અને તે બધા માર્ગો બહુજ સારા છે. જુદી જુદી પ્રકૃતિના માણસોને જુદા જુદા માર્ગો સારા લાગે તે સારૂ મહાત્માઓએ પ્રભુને ઘરે પહોંચવાના સેંકડો રસ્તાઓ બતાવેલા છે, માટે તેમાંથી જે રસ્તો આપણને અનુકૂળ હોય તે રસ્તે આપણે ત્યાં પહોંચવું જોઇએ. પ્રભુ કાંઇ આપણને એમ પૂછતા નથી કે, તમે કયે રસ્તેથી અહિં આવ્યા? પણ તે તો માત્ર એટલુંજ ઇચ્છે છે કે, કોઇ પણ રસ્તે આપણે ત્યાં પહોંચવું જોઇએ. તેની પાસે આપણે પહોંચી શકીએ તેથીજ તે આપણી ઉપર રાજી થાય છે, અને આપણું કલ્યાણ કરે છે, રસ્તા ઉપર કાંઇ ભાર મૂકતા નથી. કારણ કે દુનિયામાં સત્ય ધર્મના જેટલા રસ્તા છે તે બધા રસ્તા પ્રભુના ઘરના છે. એટલે પ્રભુને કાંઇ અમુક રસ્તાનો મોહ નથી. પણ પ્રભુની ઇચ્છા તો એટલીજ છે કે, દરેક ભકતોએ કોઇ પણ રસ્તે મારી પાસે પહોંચવું જોઇએ. માટે

આપણે કોઇ પણ રસ્તે પ્રભુ પાસે પહોંચાય તેમ કરવું જોઇએ. એને બદલે કેટલાક કાચા ભકતો જુદા જુદા રસ્તાઓમાં ચાલનારાઓને હલકા સમજે છે, અને કોઇ કોઇ વખત તેમની સાથે લડી પડે છે. જેમ કે,

યોગ માર્ગવાળાઓ એમ સમજે છે કે, અમારો માર્ગ સૌથી ઉંચો છે, અને બીજા બધા માર્ગો હલકા છે. આમ સમજીને કેટલાક શરૂઆતના નેતિ ધોતીવાળા યોગીયો કર્મ કરનારાઓને હલકા સમજે છે. ગૃહસ્થાશ્રમીઓને અને પાઠપૂજા કરનારાઓને હલકા સમજે છે, લૂગડાં રંગાવીને કે મુંડ મુંડાવીને ઘરબાર તજી બેઠેલાને એટલામાંજ બધો ત્યાગ સમજી લેનારા ત્યાગીઓ ગૃહસ્થાશ્રમીઓને હલકા સમજે છે. જ્ઞાનીઓને હલકા સમજે છે, અને બીજા ઘણા માર્ગવાળાઓને પોતાના માર્ગથી નીચા સમજે છે. શાસ્ત્રની કેટલીક વાતો યાદ રાખી બીજાઓની પાસે તે વાતો કહી બતાવનારા, ને એ માટેજ પોતાને જ્ઞાની સમજનારા જ્ઞાનીઓ કર્મકાંડીયોને હલકા સમજે છે. પ્રભુનું નામસ્મરણ કરનારા તથા ભજન કીર્તન કરનારાને હલકા સમજે છે, અને ત્યાગીઓને પણ હલકા સમજે છે. કેટલાક ધુણી તાપનારા તપસ્વી બાવાઓ હોય છે, તેઓ કેટલીક જાતનાં કઠીન તપ કરી શકે છે. પણ જ્ઞાનની બાબતમાં બીલકુલ મીંડું હોય છે એવા તપસ્વીઓ પોતાના તપના માર્ગનેજ ઉંચામાં ઉંચો સમજે છે, અને જ્ઞાનીઓને બહુજ નીચા સમજે છે, કર્મકાંડીયોને હલકા ગણે છે, અને ભકિતમાર્ગવાળાઓની પણ દયા ખાય છે. પણ યાદ રાખજો કે, આમ કરવું એ ઘણુંજ ખોટું છે. કારણ કે એમ કરવાથી પ્રભુના માર્ગની અવગણના થાય છે, અને જુદે જુદે રસ્તે પ્રભુને ભજી રહેલા ભગતોનો દ્વેષ થાય છે, માટે એવી ખરાબીમાંથી છૂટવાની દરેક ભગતોએ કોશીષ કરવી જોઇએ.

બંધુઓ ! પ્રભુના કોઇ પણ માર્ગને હલકો કહેવાનો આપણને કાંઇ પણ હક નથી. એટલુંજ નહીં પણ આપણે બીજાઓના માર્ગ જોયા વિના તેઓને હલકા કહીએ છીએ, તેથી આપણે ઠગાઇએ છીએ, અને બીજાઓને ગેરઇન્સાફ કરીએ છીએ. આવી ભયંકર ભૂલ માત્ર પક્ષપાતને ખાતરજ કરવી એ કાંઇ સારી વાત નથી, અને

તેમ છતાં આપણે જોઇએ છીએ કે, ઘણાએ સારા સારા ભગતો પણ એ જાતની ભૂલો કર્યા કરે છે, અને પોતાના માર્ગને ઉંચો સમજી બીજા માર્ગોને હલકા ગણ્યા કરે છે. આપણા માર્ગને આપણે ઉંચો સમજીએ એ સારી વાત છે, પણ બીજાના માર્ગને હલકો માનવાનો આપણને કાંઇ હક નથી. એટલુંજ નહીં પણ બીજા ભગતોના માર્ગોને હલકા સમજવાને હલકા કહેવા તેમાં ખાસ પાપ છે. કારણ કે એ માર્ગો કાંઇ કોઇ અમુક માણસોનાજ નથી, પણ એ માર્ગો પ્રભુનાજ છે, અને પ્રભુના કોઇ પણ માર્ગને પોતાના મનમાંથી હલકો સમજવો કે મોઢેથી હલકો કહેવો તેમાં બહુજ મોટું પાપ છે. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણ છે કે, આવી જાતની વિના કારણ બહુ મોટી ભૂલ ન થાય ને નાહકનું મહાન પાપમાં ન પડાય એ સંભાળજો, ને પ્રભુના સૌ માર્ગ તરફ ઉદાર દૃષ્ટિથી જોતાં શીખજો, તથા સૌ ભગતો પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે પોતપોતાના સંજોગો પ્રમાણે અને પોતપોતાની સ્થિતિ પ્રમાણે પ્રભુના માર્ગમાં ચાલી રહ્યા છે, એમ સમજી તેઓની તરફ પ્રેમથી અને માનથી જોતાં શીખજો, એજ અમારી વિનંતિ છે.

સરકારી જુદાં જુદાં ખાતાંઓ હોય છે. જેમકે, ન્યાય ખાતું, પોલીસ ખાતું, રેવન્યુ ખાતું, લશ્કરી ખાતું વીગેરે બધાં જુદાં જુદાં ખાતાં હોય પણ તે બધામાં કામ કરનાર માણસો સરકારી નોકરો કહેવાય છે; તેમ જુદાં જુદાં મત પંથના ભગતો પણ ભગવાનના ભગતો છે એમ જાણી તેઓને હલકી નજરથી જોવા નહીં અને પોતાના મનમાં સમજવું કે,

દોહરા.

હરેક પંથ વિષે હતા, વડા વડા વિદ્વાન;
કેનામાં કહીએ કહો, હતું ન પૂરૂં જ્ઞાન.

ગ્રંથો તેના વાંચતાં, અચરજ ઉપજે આજ;
આપણથી નવ બની શકે, કીધાં એવાં કાજ.

જે ગુરૂના ઉપદેશથી, મન ઇંદ્રિય વશ થાય;
શુદ્ધ પંથ સર્વોપરી, ગણતાં એજ ગણાય.

એકજ નદી તળાવ નહિ, દુકાન પણ નહિ એક;
ધરણી ઉપર ધર્મના, એમજ પંથ અનેક.
ભલે ભજે ભગવાનને, જે જેની રૂચી જેમ;
ગુણ ઇશ્વર ગાય સૌ, કહીએ જુદા કેમ?

(ક. દ. ડા.)

૩૩–પરમાર્થ વિષે.

એક કવિ ધનની સીડી સાથે સરખામણી કરીને કહે છે કે, જેમ સીડીથી નીચે ઉતરાય છે ને ઉપર ચ્હડાય છે, તેમ ધનથી ગમે તો માઠાં કામ કરીને નર્કમાં જાઓ અને ગમે તો પરમાર્થનાં રૂડાં કામો કરીને હરિની હજુરમાં જાઓ.

સારી બઁકમાં રાખેલાં નાણાં જેમ વ્યાજ સાથે સહીસલામત પાછાં મળે છે, તેમ પ્રભુ અર્થે વાપરેલાં ધનનો ઘણોજ સારો બદલો મળે છે.

કુવામાંથી જેટલું પાણી કાઢીએ તેટલું પાછું ભરાઇ જાય છે, તેમ પરમાર્થ અર્થે વાપરેલાં નાણાં ફોગટ જતાં નથી.

ખેતરમાં નાખવા માટે એકઠું કરેલું ખાતર એક જગ્યામાં પડયું રહે તો તેમાંથી બદબો છૂટે છે, પણ જો તેને વેરી નાખ્યું હોય તો તે ઝાડોનાં મૂળને બહુ ઉપયોગી થઇ પડે છે. તેમ ધન પણ એકઠું કરી રાખ્યાને બદલે પ્રભુને અર્થે ગરીબોને આપ્યાથી તે ઘણોજ ફાયદો કરી શકે છે.

બહાર ગામ જતી વખતે બોજો લઇ જવા માટે જેમ ગરીબ મજુરો થોડે પૈસે આપણને ઘણા કામ આવે છે, તેમ પરલોકમાં જવા માટે ગરીબોમાં કરેલી સખાવત આપણને ઘણી મદદગાર થઇ પડશે.

પાણીના મોટા તળાવમાંથી થોડાંક ચકલાંઓ ચાંચ ભરીને પાણી પી જાય તો તેથી કાંઇ તળાવ નાનું થઇ જતું નથી, તેમજ

ઇશ્વરને અર્થે જો આપણે ગરીબોને આપ્યું હોય તો તેથી કાંઇ ઓછું થઇ જતું નથી.

મોટા હાથીના ખોરાકમાંથી નાની કીડીઓ થોડું લઇ જાય તો તેથી કયે ઠેકાણેથી કેટલું ઘટ્યું તેનું પણ તેને ભાન રહેતું નથી, તેમજ શ્રીમંતો જો ગરીબોની તરફ દયાની નજર રાખે તો તે બની શકે તેમ છે.

જમીનમાં વાવેલાં બીજ જેમ ઉગી નીકળે છે અને એકમાંથી ઘણાં થઇ જાય છે, તેમ ઇશ્વર અર્થે ખરચેલું ધન પણ અંતે ઘણું થઇને મળે છે.

ઝાડનાં ફળ જો ઝાડ પોતેજ ખાઇ જતાં હોત તો તે આપણને મળત નહીં, નદીઓ જો પોતાનું પાણી પોતેજ પી જતી હોત તો તે આપણને મળત નહીં, અને જો પૃથ્વી પોતાથી ઉત્પન્ન થતું અન્ન પોતેજ ખાઇ જતી હોત તો તે આપણને ખાવા મળત નહીં; પણ જેમ ઝાડનાં ફળ, નદીનાં પાણી અને પૃથ્વીનું અનાજ પરોપકારને માટેજ છે, તેમજ ધનવાળાઓનું ધન પણ પરોપકારને માટેજ છે, એમ દરેક ધનવાળાઓએ સમજી રાખવું જોઇએ.

પરમાર્થ કરવા વિષે.

માયા મેરે રામકી, ધરણીધરકી દેહ;
પુંજી બીરાને સાહકી, કરસે જશ કર લે.

પાની બાઢો નાવમેં, ઘરમે બાઢો દામ;
દોનો હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.

ધન દીયે ધન ના ઘટે, નદી ન ઘટે નીર;
અપની આંખે દેખલો, યોંકથી કહે કબીર.

રામ નામકે કારણે, સબ ધન ડાલ્યો ખોય;
મુરખ જાણે ગીર પડયો, દીન દીન દુણો હોય.

તુલસી પંછીનકે પીએ, ઘટે ન સરીતા નીર;
ધર્મ કીયે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

કુંજર મુખતેં ગીર પડયો, ઘટયો ન ગજકો આહાર;
લાખો કીડી લે ચલી, પોષનકો પરવાર.

ગાંઠી હોય સો હાથ કર, હાથ હોય સો દેહ;
આગે હાટ ન બાનીઆ, લેના હોય સો લેહ.

દેહ ધરેકો એહી ફલ, દેહ દેહ કછુ દેહ;
દેહ ખેહ હો જાયગી, ફીર કોન કહેગા દેહ?

ખાય ખીલાય લુટાયદે, કરલે અપના કામ;
ચલતી વખતે રે નરો, સંગ ન ચલે બદામ.

તુલસી દેવો કઠણ હય, જો ઠાહુકો દેત;
સુરજ હોત સંસારમેં, ફેર આપનો લેત.

પરમાર્થ વિષે.

હરીજને જીંદગીનો કોઇ પણ દહાડો પરમાર્થ કર્યા વિના જવા દેવો નહીં.

વેપારીઓ જેટલો માલ બહારગામ મોકલે છે તેટલો અવેજ તેનો પાછો મળે છે, તેમ તમે જેટલું પ્રભુને અર્થે કરશો તેટલું પાછું મેળવશો, એમ જાણજો.

તમે ખાઇ શકો તે કરતાં ઇશ્વરે તમને ઘણું વધારે આપ્યું છે, તેનું કારણ એજ છે કે, તે તમે બીજાને આપો.

મહાપુરૂષો સદાય પરાયા કામોમાંજ મચેલા હોય છે.

જેની કૃપાથી તમે ધન પામ્યા છો, તેની સેવામાં તમારૂં ધન વાપરજો. એ ધનની શોભા છે.

જેને નાસ્તિકો મદદ ન કરે તેની મદદમાં તમે રહેજો.

પ્રભુ અર્થે વાપરેલું તે આપણે અર્થે સંગ્રહેલું જાણજો.

જે આપણી પાસે છે તે બધું દઇ દઇએ તો પણ આપણને પ્રભુએ જે આપ્યું હતું તે આપ્યું, એમાં વધારે તે શું કર્યું ?

જેની કૃપાથી પૈસા મળ્યા છે તેનાં નામને ખાતર તે ખરચવા એ કરતાં બીજું મોટું કામ કયું ? અને એ કરતાં બીજું વધારે ભાગ્યશાળીપણું કયું ?

મોક્ષ માર્ગમાં પુન્ય વિના બીજો કોઇ પણ બોજો ઉપાડી શકાતો નથી.

ગરીબોને આપવું તે ઈશ્વરને ઉધાર આપવા બરાબર છે.

આપવું ને વાવવું બરાબર છે.

જેને પ્રભુ કૃપા જોતી હોય તેણે બીજાઓ ઉપર કૃપા રાખતાં શીખવું.

પૈસા કમાવાની સાર્થકતા એજ છે કે, જે તંગીમાં હોય તેને મદદ કરવી.

ઇશ્વરે જેને દીધું હોય તેણે સદાય દેતા રહેવું.

૩૪–ધર્મથી જેવી શાન્તિ મળવી જોઇએ તેવી શાન્તિ ઘણા ભગતોમાં દેખાતી નથી, તેનું કારણ શું ?

દુનિયાંના બધા શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, ધર્મ છે તે અમૃત છે. તે અમૃતનું જે પાન કરે છે તેને અતિશય તૃપ્તિ મળી જાય છે. ધર્મ ધારણ કરનાર ભગતના હૃદયમાં અમૂલ્ય શાન્તિ આવી જાય છે. ધર્મ પાળનાર ભગતના અંતરમાંથી આનંદના ઉભરાઓ છૂટવા માંડે છે, અને ધર્મ પાળનાર ભગતના શોક મોહ કપાઇ જાય છે, એથી તે સદાય પ્રભુના મહાન્ આનંદમાં રહી શકે છે. આ પ્રમાણે ભગતોનાં લક્ષણ માટે દરેક શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે વર્ણન કરેલું છે, અને ધર્મના બોધ માટે પણ ધર્મના દરેક પુસ્તકોમાં તથા દરેક સંતોએ બહુ ભાર મૂકીને એમજ કહેલું છે કે, જગત્‌ની કોઈ પણ વસ્તુથી, બાબતોથી, કે જીવોથી જેટલી શાન્તિ મળી શકે તે કરતાં ધર્મ પાળવામાંથી ઘણીજ વધારે શાન્તિ મળી શકે છે. છતાં પણ હાલના વખતમાં આપણે ઘણે ઠેકાણે એમ જોઇએ છીએ કે, જે માણસો ભકત ગણાય છે, ભકિતનો ડોળ રાખે છે, ભકિતનાં બહારનાં ચિન્હ ધારણ કરે છે, અને ભક્તિની બહુ મ્હોટી મ્હોટી વાતો કરે છે તેઓના

અંતરમાં પણ શાન્તિ હોતી નથી, એનું કારણ શું? ધર્મ આવો બળવાન હોવા છતાં, અને ભગતોના હ્રદયમાં ભગવાન પોતે પધારે છે, એ ભકિતમાર્ગનો સિદ્ધાંત છતાં ઘણાએ ભગતોના હ્રદયમાં શાન્તિ કેમ હોતી નથી? એના ખુલાસામાં એક સંત એમ કહેતા હતા કે,

પાણી પાણી બોલ્યા કરવાથી કાંઇ તરસ મટી જાય નહીં, પણ જ્યારે જરૂર જેટલું પાણી પીએ ત્યારેજ તરસ મટે છે. તેમજ યાદ રાખજો કે, ધર્મની અને ભકિતની વાતો કર્યા કરવાથીજ કાંઇ અંતરની શાન્તિ મળી જતી નથી, પણ જ્યારે ધર્મ પાળીએ ત્યારેજ અંતરની શાન્તિ મળે છે, અને ત્યારેજ ખરો આનંદ મળે છે. માટે યાદ રાખજો કે, જે ભગતને પોતાના અંતરાત્મામાંથી આનંદ મળતો નથી તે ભગતો હજી વાતોમાંજ રહી ગયેલા છે અને એવા વાતુડા ભગતોની માત્ર વાણીમાંજ ધર્મ હોય છે, કાંઇ અંતરમાં ધર્મ હોતો નથી. એવા વાતુડા ભગતોની જીભમાંજ માત્ર ધર્મ દેખાય છે, પણ તેઓના આચરણમાં ધર્મ દેખાતો નથી. અને એવા વાતુડા ભગતના બહારના દેખાવમાં ને છાપાતિલકમાંજ ભક્તિ દેખાય છે, પણ તેઓનાં કામોમાં કાંઇ ભકિત દેખાતી નથી. આવા જે ભગતો છે તેઓને અંતરની શાન્તિ મળતી નથી કે તેઓને ઇશ્વરી આનંદ મળતો નથી. તેથી પાણીની વાતો કર્યાં છતાં પણ પાણી પીધા વિનાનો માણસ જેમ તરસો ને તરસોજ રહે છે, તેમજ ધર્મની ને ભકિતની ઘણીએ વાતો કર્યાં છતાં પણ જે ભગતો ધર્મ પાળતા નથી તેઓ શાન્તિ વિનાનાજ રહે છે. અને હે હરિજનો! યાદ રાખજો કે, હાલના વખતમાં આવા વાતુડા ભગતો ઘણાજ હોય છે, અને અંતરમાંથી વસ્તુ સમજીને તાળી લાગેલા ભગતો કોઇકજ છે. માટે જે ભગતના ચહેરા ઉપર શાન્તિ દેખાય નહીં, જે ભગતના અંતરમાં આનંદ દેખાય નહીં, જે ભગતના કામોમાં ઉંચતા દેખાય નહીં, જે ભગતના વિચારોમાં ઉદારતા દેખાય નહીં, જે ભગતોની રહેણી કહેણીમાં સ્વાભાવિકતા દેખાય નહીં, અને જે ભગતોના જીવનમા અનંત બ્રહ્માંડના નાથનું બળ દેખાય નહી, તે ભગતોને કાચા સમજવા. તે ભગતોને અધુરા સમજવા અને તે ભગતોને તરસ્યા રહી ગયેલા સમજવા, અને તેમાંથી

એમ શીખી લેવું જોઇએ કે, આપણે પોતે એવા લુખા, સુકા, વાતુડા અને તરશ્યા ન રહી જઇએ તેની સંભાળ રાખવી જોઇએ. કારણ કે, કાંઇ ધર્મથીજ કલ્યાણ થતું નથી, પણ જ્યારે ધર્મ પાળી બતાવીએ ત્યારેજ કલ્યાણ થાય છે. પણ હાલના વખતમાં ઘણા હરિજનો માત્ર ધર્મની વાતો કર્યા કરવામાંજ રહી જાય છે, ને ધર્મ પાળવાની બાબતોમાં તેઓ ઢીલા પોચા રહી જાય છે. તેથીજ તેઓ ધર્મના રસ્તામાં આગળ વધી શકતા નથી, માટે હે ભાઇઓ! તમારાથી એવી ભૂલ ન થાય એ સંભાળજો, એજ અમારી વિનંતી છે.

૩૫–કોઇ માણસ અગાઉના વખતમાં કદી પાપી હોય તો પણ ભગત થયા પછી તેનાં આગલાં પાપ જોવાય નહીં.

ભકિતમાં એવું બળ છે કે તે અનેક જાતનાં પાપને અને અનેક જન્મનાં પાપને બહુ ટુંક વખતમાં બાળી નાંખે છે. ભકિતની શકિત અજબ જેવી છે. એટલુંજ નહીં પણ કેટલાક મહાત્માઓ તો એમ કહે છે કે, બીજી સંસારીક બાબતોમાં ભક્તિની સિદ્ધિ કદી મોડી દેખાતી હોય તો એ જુદી વાત છે, પણ ભગતોના આગલાં પાપને કાપી નાંખવાની બાબતમાં તો ભકિતની સિદ્ધિ તુરતજ દેખાય છે. કારણ કે ભકિત કયારે સૂઝે છે? અને પરમ કૃપાળુ અનંત બ્રહ્માંડના નાથનો પ્રેમ હ્રદયમાં કયારે આવે છે? એ તમે જાણો છો? એ માટે સંતો એમ કહે છે કે,

જેનાં પૂર્વનાં પૂણ્ય ઉદય થાય તેના હ્રદયમાં ભકિત આવે છે. જેનાં સદ્‌કર્મ વધી જાય તેની ઉપર ભકિત દેવીની કૃપા ઉતરે છે. જેની ઉપર પ્રભુની કૃપા ઉતરે તેનામાં ભકિત આવે છે. જેના સંસ્કારો સારા હોય અને જેનું અંતઃકરણ ચોખ્ખું હોય તેનામાં ભકિત આવે છે. જેનો જીવ જાગેલો હોય અને જેને અંદરથી સાચો તરફડાટ થતો હોય તેનામાં ભકિત આવે છે. જેના અંદરના દરવાજા ઉઘડેલા હોય અને જે પોતાના અંતર્યામીના હુકમોને પકડી શકતો હોય તેનામાં ભકિત આવે છે. જેને સત્સંગનો પ્રેમ હોય અને

જેણે સાધુ સંતની સેવા કરી હોય તેનામાં ભકિત આવે છે, અને જેના હૃદયમાં દીનતા હોય તથા જેની લાગણીઓમાં કોમળતા હોય તેનામાં ભકિત આવે છે. ટુંકામાં એજ કે મહા ભાગ્યશાળી હોય તેનામાંજ ભકિત આવે છે. અને એવા ભાગ્યશાળી માણસોનાં પાપ કપાઇ જાય તેમાં કાંઇ નવાઇ નથી. અરે! ભકિતથી તો માણસોમાં અને દુનીઆમાં એટલા બધા ફેરફાર થઇ જાય છે કે એ વાતનો ખ્યાલ કરતાં પણ આપણને આનંદ થાય છે. જેમકે,

ભકિતથી માણસોના જીવન બદલાઇ જાય છે. એટલે જે પાણી ખારા સમુદ્રમાં ફોગટ વહ્યાં જતાં હતાં તે પાણીથી સેંકડો બાગબગીચાઓ બની જાય છે. ભકિતથી ઘણી જાતની રિદ્ધિ સિદ્ધિ મળી જાય છે. ભગતોનાં કામ જાણે અજાણે બહુ મહેનત વિના અધરથી ઉકલી જાય છે. ભગતોના હૃદયબળથી અને ભગતોનાં ભલાં કામોથી સેંકડો માણસોનાં જીવન બદલાઇ જાય છે. ભગતોથી દુનીયાં આબાદ થાય છે. ભગતોથી સૃષ્ટિનું સૌંદર્ય વધે છે. ભગતોથી જગત્‌માં દયા, ધર્મ ને પ્રેમધર્મ વધે છે. ભગતોની ભકિતથી જગત્‌માંથી પાપ ઓછાં થાય છે. ભકિતથી અનેક જીવો જાગે છે ને પોતાના આત્માના કલ્યાણની બાબત તરફ વળે છે. એટલુંજ નહીં પણ ભકિતથીજ આ જગત્‌માં ભગવાનનો મહીમા વધે છે, અને ભકિતથીજ ભગતોના હૃદયમાં ભગવાન પધારે છે. આવું ભકિતનું બળ છે, માટે એવી અલૌકીક ભકિત ભગતોનાં અગાઉનાં પાપ કાપી નાંખે તેમાં કાંઇ નવાઇ નથી. આ વાત બરોબર રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક વખત કોઇ એક ગામની નદીમાં બહુ મોટું પૂર આવ્યું. તેમાં ઘણાં માણસો તણાઇ ગયાં, પણ એ તણાઇ ગયેલાં માણસોમાંથી એક માણસ કોઈ દૂરના ગામમાં નીકળ્યો. તેણે ત્યાં ધંધો રોજગાર કર્યો અને તે મોટો શેઠીયો બની ગયો. એ પછી ઘણાં વરસો બાદ તેના અસલ ગામનાં માણસો તેને મળ્યાં, ત્યારે તેઓએ કહ્યું કે, અમે તો જાણતા હતા કે તમે તણાઇ ગયા છો તેથી મરી ગયા હશો, પણ તેને બદલે તમે તો ઉલટા શેઠીયા બની ગએલા છો,

ત્યારે એ સાંભળીને તે માણસે કહ્યું કે, હા ભાઈ, મને તો બહુજ લાભ થયો છે. અત્યારે હું બહુ સુખી છું અને મને દરેક રીતે બહુ આનંદ છે.

આ દાખલો આપીને તે ભકતરાજ મહારાજ એમ સમજાવતા હતા કે, જેઓ પાપમાં પડેલા છે અને પાપમાંજ તણાતા જાય છે તેઓ તો મરવાનાજ છે, એમાં કાંઇજ શક નથી; પણ જેઓ પાપમાંથી બચી જાય છે ને ભગત બની જાય છે તેઓ શેઠીયા થઇ જાય છે, એટલે કે તેઓની સ્થિતિ સુધરી જાય છે અને તેઓની સમૃદ્ધિ વધી જાય છે. એ સમૃદ્ધિ બે જાતની હોય છે. એક જગતૂની સમૃદ્ધિ. જેમકે, ધન, માલ, વૈભવ, આબરૂ, કુટુંબ સુખ, ધંધા રોજગાર, માન મરતબો વીગેરે. અને બીજી, અંતરના સદ્દગુણોની સમૃદ્ધિ. જેમકે, દયા, પરોપકાર, પ્રેમ, જ્ઞાન, ઇંદ્રિયનિગ્રહ, જપ, તપ વીગેરે. આ બે પ્રકારની સમૃદ્ધિ છે, તેમાં કોઇ કોઇ ભગતોની પાસે એ બન્ને જાતની સમૃદ્ધિ વધે છે, અને કોઈ કોઇ ભગતોમાં અંતરની સમૃદ્ધિ વધે છે. બેમાંથી ગમે તે એક અથવા બન્ને સમૃદ્ધિમાં ઘણા ભગતો બહુ આગળ વધી જાય છે, ને એમાં તેઓ શેઠીયા જેવા બની જાય છે. અને યાદ રાખજો કે, આ બધું કોઇ પાપ કપાયા વિના થતું નથી. કારણ કે શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે, જ્યાં ખરેખરૂં પાપ હોય ત્યાં ખરેખરી ભકિત કદી પણ રહી શકતીજ નથી. માટે સંતોનો એવો સિદ્ધાંત છે કે, જ્યાં સાચી ભકિત હોય ત્યાં પાપ હોયજ નહીં, અને જ્યાં પાપ હોય ત્યાં સાચી ભકિત હોયજ નહીં. માટે યાદ રાખજો કે, કોઇ પણ માણસમાં જ્યારે ભકિત આવવા માંડે ત્યારે તેનાં પાપ ભાગતાં જાય છે, અને જેમ જેમ પાપનો નાશ થતો જાય છે, તેમ તેમ ભકિતનું જોર વધતું જાય છે. માટે જે લોકો સાચા ભગતો થાય છે તેઓનાં પાપ કપાઇ જાય છે, એટલે તેઓનાં આગલાં પાપ સામું જોવાય નહીં, અને આગલાં પાપો સારૂ કરીને કાંઇ તેઓને હલકા ગણાય નહીં. કારણ કે, એ પાપ તો નાશ પામી ગએલાં છે. એ પાપનાં પૂરમાંથી તો તેઓ બચી ગએલા છે, અને ભકિત હાથ લાગ્યા પછી તો તેઓનું જીવન બદલાઇ ગએલું છે, અને તેઓ ઉલટા જ્ઞાન ધ્યાનમાં મોટા શ્રીમંત થઇ પડેલા

છે, અને આપણા કરતાં તેઓ પ્રભુના વધારે કૃપાપાત્ર બની ગએલા છે. માટે તેઓનાં આગલાં પાપો સામે જોવાય નહીં, એ વાત યાદ રાખજો.

દોહરો.

કબીર મેરે સાધકી, નિંદા કરો મત કોય,
જો પૈ ચંદ્ર કલંક હૈ, તઉ ઉજિયારા હોય.

૩૬–શ્રીમંતો, અધિકારીઓ, વિદ્વાનો તથા સાધુઓ કરતાં પણ ભગતો શ્રેષ્ઠ છે.

બંધુઓ ! જે સાચા ભગતો હોય છે તેઓ કોઇના તેજમાં અંજાઇ જતા નથી. કારણ કે, જે ભગતો હમેશાં પ્રેમપૂર્વક પ્રભુનું ભજન કરતા હોય તેઓની અંદર એક જાતનું ખાસ અલૌકીક બળ હોય છે, કે જેવું બળ શ્રીમંતોમાં હોતું નથી. તેવું બળ અધિકારીઓમાં હોતું નથી. તેવું બળ વિદ્વાનોમાં હોતું નથી, અને તેવું બળ કેટલાક સાધુઓમાં પણ હોતું નથી. કારણ કે એ બધા લોકોમાં એક એક જાતનું બળ હોય છે. જેમકે, શ્રીમંતોના પાસે પૈસાનું બળ હોય છે, અધિકારીઓની પાસે અધિકારનું બળ હોય છે, વિદ્વાનોની પાસે વિદ્યાનું બળ હોય છે, અને સાધુઓની પાસે ત્યાગનું બળ હોય છે. પણ યાદ રાખજો કે, એ બધા બળ કરતાં વિશ્વાસનું બળ ઘણું વધારે મોટું હોય છે, અને પ્રભુના પ્રેમનું બળ એ કરતાં પણ ઘણું વધારે મોટું હોય છે. અને વિશ્વાસ તથા પ્રેમને લીધે હૃદયમા પ્રભુ પધારવાથી જેના હૃદયમાં પ્રભુનો આનંદ આવી ગયો હોય તેનું બળ વળી અદ્દભૂતજ હોય છે. અને એ બધાં બળ ભજન કરનારા ભગતોની અંદર હોય છે, તેથી ભગતો બીજા કોઇના તેજમાં અંજાઇ જતા નથી. કારણ કે તેઓ એમ સમજે છે કે, અમે જે સર્વશકિતમાન પરમકૃપાળુ પરમાત્માનું ભજન કરીએ છીએ તે કરતાં વધારે ઉંચી બાબત આ જગત્‌માં બીજી કઇ છે? ભજન કરતાં વધારે ઉત્તમ વસ્તુ આ દુનિયામાં બીજી કોઇ પણ નથી. આમ હોવાથી ભગતો વિદ્વાનોથી,

શ્રીમંતોથી કે અધિકારીઓથી ડરતા નથી. વિવેકને ખાતર તેઓને માન આપે એ જુદી વાત છે. પોતાની અંદર રહેલી કુદરતી દીનતાને લીધે તેઓ નમ્રતા બતાવે એ જુદી વાત છે. તેઓના પોઝીશનનો વિચાર કરીને તેઓને વ્યવહારીક બાબતોમાં આગળ રાખે એ જુદી વાત છે. અને આત્મભાવે સૌને સરખા સમજીને એવા લોકોને ભગતો નમ્યા કરે એ જુદી વાત છે, પણ ખરી રીતે જોતાં પોતાના અંતરમાંથી તો તેઓ એમજ સમજે છે કે, પ્રભુના ભજન જેવું ઉત્તમ કામ આ દુનિયામાં બીજું કોઇ પણ નથી. માટે જે માણસ સૌથી વધારેમાં વધારે ભજન કરે તેજ માણસ સૌથી વધારેમાં વધારે શ્રેષ્ઠ છે, અને તેજ માણસ સૌથી વધારેમાં વધારે માનને પાત્ર છે, અને ઇશ્વર કૃપાથી એવી તકો અમને મળે છે માટે અમો ભાગ્યશાળી છીએ. ભાઇઓ, ભગતોની અંદર સ્વાભાવિક રીતેજ અતિશય દીનતા આવી જાય છે, એટલે એ દીનતાને લીધે તેઓ સૌને નમી પડે એ જુદી વાત છે, પણ તેઓના અંતરમાં ઇશ્વરી આનંદની એવી ખુમારી હોય છે કે, બીજા ગામઠી લોકોની પેઠે તેઓ શ્રીમંતોના, અધિકારીઓના, વિદ્વાનોના કે સાધુઓના તેજમાં અંજાઇ જતા નથી. કારણ કે એવાઓની પાસેથી તેઓને કાંઇ સ્વાર્થ સાધવાનો હોતો નથી. તેઓનું યોગ ક્ષેમ તો પ્રભુ પોતેજ ચલાવે છે એટલે એ માટે તેઓને કાંઇ ફીકર હોતી નથી, તેથી તેઓ પ્રભુના ભજનમાં મસ્ત રહી શકે છે ને કહેતા રહે છે કે,

જીસીકા રામ ધની હૈજી
ઉસીકુ કયા કમી હૈજી? ટેક.

દોહરા.

તીન ટુક કૌપીનકો, અરૂ ભાજી બીન લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઇંદ્ર બાપરો કોન?
જાત હમારી આતમા, પરમેશ્વર પરિવાર;
સગા હમારા સંત હય, શીરપર સરજનહાર.
કબીર સબ જગ નિર્ધના, ધનવંતા નહીં કોય;
ધનવંતા સોહી જાનીએ, રામનામ ધન હોય.

૩૭—ભગવદ્ધ્યાન ધરવા વિષે.

यज्ञानाम् जपयज्ञोऽस्मि પ્રભુ કહે છે કે, સર્વ યજ્ઞમાં જપ યજ્ઞ તે હું છું.

ઝાડને જેમ પાણીની જરૂર છે અને શરીરને જેમ ખોરાકની જરૂર છે, તેમ જીવને ઇશ્વર ધ્યાનની ઘણી જરૂર છે. પાણી વિના જેમ ઝાડ સૂકાઇ જાય છે, અને અન્ન વિના જેમ શરીર નબળું પડી જાય છે, તેમ જપ તથા ધ્યાન વિના જીવ પણ ઇશ્વર ભકિતમાં મોળો પડી જાય છે.

ધ્યાન ધરવું એટલે પ્રભુની સાથે વાતો કરવી અથવા કાંઇ પણ કહેવું. મોટાં માણસો જેવાં કે, રાજાઓ, જડજો, પ્રધાન વીગેરે કોઇ પણ નાનાં કે હલકાં માણસો સાથે વાતો કરવા ચહાતાં નથી, પણ ઇશ્વર જે સર્વથી મ્હોટામાં મ્હોટો, રાજાઓનો રાજા અને દેવોનો પણ દેવ છે, તે તો ધ્યાનને રસ્તે સૌની સાથે વાતો કરવા ચાહે છે.

જે માણસ પ્રભુનું ધ્યાન ધરે છે તેને પ્રભુ પોતાનો કરી લેય છે, અને પોતે તેના થઇ જાય છે. માટે સર્વે નાના મોટા, બાઇઓ ભાઈઓ, ભણેલાઓ, તથા વગર ભણેલા સર્વજનોએ જપ તથા ધ્યાન કરતાં શીખવું જોઇએ.

ધ્યાન કરવાથો પવિત્ર માણસની પવિત્રતા જળવાય છે, તથા વધતી જાય છે, અને પાપીઓનાં પાપ રોજ રોજ ઓછાં થતાં જાય છે.

જેમ સુરજ ઉગવાથી અજવાળું થાય છે, તેમ પ્રભુનું ધ્યાન ધરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે, અને સત્ય જ્ઞાનનો ઉદય થાય છે.

જેમ અંધારામાં દીવો કરવાથો ઉંદરો નાશી જાય છે, તેમ પ્રભુનું ધ્યાન ધરનાર માણસના અંતરમાંથી દુર્ગુણો જતા રહે છે.

જેમ નિરોગી માણસોને બહુ ભૂખ લાગે છે, તેમ પવિત્ર માણસોને પ્રભુનું ધ્યાન ધરવાની બહુ ઇચ્છા થયા કરે છે.

જેમ નાનાં બાળકોને વારંવાર ધાવવાનો ઇચ્છા થયા કરે છે, તેમ પવિત્ર માણસોને પ્રભુનું ધ્યાન તથા જપની ઇચ્છા થયા કરે છે.

જેમ ફૂલમાં દોરો રહે છે અને દોરામાં ફૂલ રહે છે, તેમ પ્રભુનું ધ્યાન ધરતી વખત આપણો જીવ ઇશ્વરમાં અને ઇશ્વર આપણા જીવમાં જોડાઇ જાય છે.

જેમ નદી સમુદ્રમાં મળવા પછી પોતે ગુમ થઇ જાય છે, તેમ ધ્યાન ધરતી વખતે જીવ ઈશ્વરમાં ઇશ્વરમય થઇ જાય છે.

પ્રભુનું ધ્યાન ધરતી વખતે આપણો જીવ જાણે આનંદના સમુદ્રમાં તરતો હોય તેમ જણાય છે. જે માણસને એકાગ્રચિત્તથી ધ્યાન ધરતાં આવડે છે, તેને ધ્યાન વખતે જાણે સ્વર્ગનાં વિમાનમાં બેસીને આસમાનમાં ઉડતા હોય એવો આનંદ થાય છે.

તું જીનસેં પ્રભુ મેં મીલે, અરૂ મીલે પ્રભુ તુજ માંહી;
એસો સાધન ધ્યાન બીન, દુસરો દીસત નાંહીં.

૩૮–આપણા હૃદયમાં ધર્મ જામ્યો છે કે નહીં તે સમજવાની કુંચી.

ઘણા માણસોમાં ઘણી જાતના વિકારો હોય છે, છતાં પણ તેઓ પોતે પોતાને ભગત સમજ્યા કરે છે. એથી પરિણામ એ થાય છે કે, તેઓ ખરેખરો ધર્મ પાળી શકતા નથી. કારણ કે તેઓને પોતાની ભુલો સમજાતી નથી તેથી તેઓ સત્ય રસ્તે જઇ શકતા નથી. માટે દરેક ભગતોએ પોતાનું હૃદય તપાસતાં શીખવું જોઇએ, અને તેમાં કઇ કઇ જાતની ભુલો રહેલી છે તેની શોધ કરવી જોઇએ. એ માટે એક સંત કહેતા હતા કે,

આપણા હૃદયમાં ધર્મ જામ્યો છે કે નહીં એ સમજવાની કુંચી એ છે કે, જ્યારે આપણા મનમાં કોઇની ઉપર વેર ઝેર ન ઉપજે ત્યારે જાણવું કે આપણાનાં ધર્મ જામેલો છે. જ્યારે મનમાં રાગ દ્વેષનાં દુઃખો ન થાય ત્યારે જાણવું કે ધર્મ જામેલો છે. જ્યારે મનમાંથી ભૂત ભવિષ્યની ફીકરો મટી જાય ત્યારે જાણવું કે હવે આપણે કાંઇક ઠીક થયા છીએ. જ્યારે મનમાંથી કામ, ક્રોધ, લોભ વિગેરે વિકારોનું બળ ઓછું થઇ જાય ત્યારે જાણવું કે આપણામાં

હવે ધર્મ આવતો જાય છે. જ્યારે આપણાં અંતરમાંથી લોકલાજનો ભય ઓછો થઈ જાય ત્યારે જાણવું કે આપણામાં ધર્મનું બળ આવતું જાય છે. જ્યારે ધર્મ સંબંધી બાબતોમાં શંકાઓ મટી જાય ને વિશ્વાસ આવી જાય ત્યારે જાણવું કે હવે આપણા હૃદયમાં ધર્મ ઠરેલો છે. જ્યારે જગતના સૌ જીવોમાં આત્મભાવ આવી જાય ત્યારે જાણવું કે ધર્મ જામેલો છે. જ્યારે જગત્‌ની મોહક વસ્તુઓનું મિથ્યાપણું સમજાઇ જાય છે, ત્યારે જાણવું કે ધર્મ જામેલો છે. સંતોની સેવા કરવાનું સ્વાભાવિક રીતેજ મન થયા કરે ત્યારે જાણવું કે હવે આપણાં નસિબ ખુલતાં જાય છે. જ્યારે અધર્મની બાબતો ઉપર અતિશય ગ્લાની આવે અને એ રસ્તે જવાનું મનજ ન થાય ત્યારે જાણવું કે ધર્મ જામેલો છે. જ્યારે આપણા દેહને તથા આપણી ઈંદ્રિયોને રાજી રાખવાના ખ્યાલો ઓછા થઈ જાય અને તેને બદલે પરમકૃપાળુ પરમાત્માને રાજી રાખવાના વિચારો વધી જાય, ત્યારે જાણવું કે હવે આપણું કામ થતું જાય છે. જ્યારે પ્રભુને અર્થેજ બધાં કામો થયા કરે અને એ કામોમાં આનંદ મળ્યા કરે ત્યારે જાણવું કે હવે આપણી સેવા અંગીકાર થતી જાય છે. જ્યારે અંતરમાંથી એમ લાગે કે, હજી મ્હારાથી ધર્મની બાબતમાં કાંઇ બનતું નથી, એમ સમજીને અંદરથી સ્વાભાવિક રીતેજ જીવ તરફડયા કરે ત્યારે જાણવું કે હવે સત્ય ધર્મની પધરામણી થતી જાય છે. જ્યારે સગાંવ્હાલાંનો મોહ ઓછો થાય, ધનનો મોહ ઓછો થાય, અને દેહનો મોહ પણ ઓછો થાય, અને એ બધી વસ્તુઓ આપણા કલ્યાણનાં સાધન તરીકે વાપરવાની છે એમ ખાત્રી થઇ જાય ને એ પ્રમાણે વર્ત્તાય ત્યારે જાણવું કે હવે સાચી સમજણ આવતી જાય છે. જ્યારે વિધિનિષેધની જાળ પાતળી પડતી જાય ને ઓછી થતી જાય અને તેની પાછળ સ્વાભાવિકતા આવતી જાય ત્યારે જાણવું કે હવે ધર્મનું બળ વધતું જાય છે. જ્યારે વખતની કીંમત સમજાય ને જરા પણ વખત નકામો ન જાય ત્યારે જાણવું કે હવે આપણું કામ થઇ જાય છે, અને જ્યારે પ્રભુની ખાતર જીંદગી અર્પણ કરવાનું મન થઇ જાય, એટલુંજ નહીં પણ એ પ્રમાણે વર્તવાનું હૃદયમાં બળ આવી જાય ત્યારે જાણવું કે હવે આપણને ધર્મની કુંચી મળતી જાય છે.

બંધુઓ ! આવી રીતે પોતાનું અંતર તપાસવું અને તેમાં કેટલે દરજ્જે ધર્મ જાગ્યો છે, કેટલે દરજ્જે પ્રભુપ્રેમ આવેલો છે, કેટલે દરજ્જે વિકારો ઓછા થયા છે, અને કેટલે દરજ્જે સત્ય રસ્તામાં આગળ વધાયું છે, તેની તપાસ કરવી ને તેની ખાતરી કરવી તેનું નામ ધર્મ સમજવાની કુંચી છે. માટે તમારા હૃદયમાં ધર્મ જાગ્યો છે કે નહીં તેની ખાત્રી કરવા માટે આ બધા સવાલોનો વિચાર કરજો, અને એનો જવાબ જો તમને સંતોષકારક મળે તો આનંદમાં રહેજો ને પ્રભુનો ઉપકાર માનજો. પણ એનો જવાબ તમને એવો મળે કે, આ બધી બાબતોમાં તો હજી પોલાણ છે, તો જેમ બને તેમ વિચારી વિચારીને પગલાં ભરજો, ને ખોટા મોહમાં પડયા રહેશો માં, અને તમારામાં ધર્મ આવેલો ન હોય છતાં પણ અમે બહુ ધર્મવાળા છીએ એમ સમજવાની ભૂલ કર્યા કરજો માં, ને એવા ગોટાળામાં રહી જશો માં. એજ અમારી ભલામણ છે.

દોહરા.

જૈસી મીઠી લગત હૈ, ગામ કથા કી ગાથ;
  એસી લાગે હરિ કથા, તો તરવો કયા બાત.
જૈસી પ્રીતિ હરામ સે, તૈસી હરિસેં હોય;
  ચલા જાય વૈકુંઠ મેં, પલ્લા ન પકડે કોય.

૩૯–તમારી મોટાઇ કોઇના પણ ઉપયોગમાં આવે તેમ કરજો, નહીં તો મોટા છતાં પણ જ્યાંના ત્યાંજ રહી જશો.

અનંત બ્રહ્માંડનો નાથ પરમકૃપાળુ પરમાત્મા જગત્‌ના જુદા જુદા માણસોને પોતાનું જુદી જુદી જાતનું ઐશ્વર્ય આપે છે, તે એવી ઇચ્છાથી કે, એ ઇશ્વરનું ઐશ્વર્ય જગત્‌માં ફેલાય અને તેનો લાભ બીજા અનેક માણસોને મળે, તથા તેમાંથી બીજા ઘણાએ માણસો એવી જાતની મોટાઈવાળા થાય, તે સારૂ દયાળુ પ્રભુ જુદા જુદા માણસોને જુદા જુદા પ્રકારની મોટાઇ આપે છે. પણ

આપણે જોઇએ છીએ કે, ઘણાં માણસોને પોતાની મોટાઇનો લાભ લેતાં આવડતો નથી, તેથી તેઓ મોટા હોવા છતાં પણ જ્યાંના ત્યાંજ રહી જાય છે. આ વાત બહુ સારી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના હરિજનોને એવો દાખલો આપતા હતા કે,

પોરબંદરમાં પથ્થરની ખાણો છે. તે ખાણમાં એક બહુ મોટો ને સુંદર પથ્થર હતો. તે પથ્થર એક રાજાના મોટા મંદીરના પાયામાં મૂકવા ધાર્યું હતું, પણ એ મોટો પથ્થર ત્યાંથી ઉપડી શક્યો નહીં, તેથી એ પથ્થર એ ખાણમાંજ પોતાની જગ્યા ઉપરજ પડયો રહ્યો, અને એની આસપાસના બીજા નાના પથ્થરો મંદીરમાં ચણાઇ ગયા, ઉપયોગમાં આવી ગયા ને શોભી નીકળ્યા. તેમજ હે હરિજનો! અમે તમને એમ કહીએ છીએ કે, અમે પરમાર્થનાં મંદીર બાંધીએ છીએ, તેમાં કાંઇ પણ કામે લાગો તો સારૂં નહીં તો તમે મોટા છતાં પણ જો ઉપડશો નહીં ને કોઈના ઉપયોગમાં આવશો નહીં તો જ્યાંના ત્યાંજ રહી જશો. એમ ન થાય એ સંભાળજો.

બંધુઓ ! આ દાખલો બહુ વિચારવા જેવો છે. કારણ કે આ જગત્માં મોટા માણસોની કાંઇ ખોટ નથી. કારણ કે આપણે જોઈએ છીએ કે, કોઇ માણસો ધનમાં મોટા હોય છે, કોઇ માણસો સત્તામાં મોટા હોય છે, કોઈ માણસો શરીર બળમાં મોટા હોય છે, કોઇ માણસો બુદ્ધિબળમાં મોટા હોય છે અને કોઇ માણસો વ્યવહારની ચતુરાઇમાં તથા પોતપોતાના ધંધારોજગારમાં બહુ મોટા હોય છે. પણ અફસોસની વાત એ છે કે, તેઓ ઉપડયા ઉપડતા નથી, તેથી તેઓ પોતપોતાના કામમાં પણ આવી શકતા નથી અને બીજાઓના કામમાં પણ આવી શકતા નથી. તેથી પરીણામ એ થાય છે કે, મોટા છતાં પણ તેઓ જ્યાંના ત્યાંજ રહી જાય છે. કેમકે, એવા મોટા માણસોમાંથી કોઈનામાં અભીમાનનો ભાર વધારે હોય છે, કોઇનામાં સ્વાર્થનો ભાર વધારે હોય છે, કોઇનામાં લોકલાજનો ભાર વધારે હોય છે, કોઇનામાં અજ્ઞાનતાનો ભાર વધારે હોય છે, કોઈનામાં વૈભવનો ભાર વધારે હોય છે, કોઇનામાં બહારના વધારે પડતા વિવેકોનો ભાર વધારે હોય છે, કોઇ-

નામાં ખોટી મોટાઈનો ભાર વધારે હોય છે, કોઈનામાં ક્રોધનો ભાર વધારે હોય છે, અને કોઈનામાં બનાવટી નાજુકાઈનો ભાર વધારે હોય છે. તેથી એ બધા ભારને લીધે તેઓ પોતાને ઠેકાણેથી ઉપડી શકતા નથી. એટલે પરમકૃપાળુ પરમાત્માના સુંદર મંદીરમાં જે ઠેકાણે તેઓને સ્થાન મળવું જોઇએ તે ઠેકાણે તેઓને સ્થાન મળી શકતું નથી. તેથી છતાં સાધનોએ તેઓ જયાંના ત્યાંજ રહી જાય છે. માટે હે હરિજનો ! મારી તમને એજ વિનંતિ છે કે, આવી નાની નાની ભૂલો સારૂ કરીને ખાડામાં પડયા રહેશો માં, અને તમારી મોટાઇને લીધેજ તમને નર્કમાં જવું પડે એમ થવા દેશો માં; પણ જેમ બને તેમ તમારી મોટાઈ તમારા પોતાના તથા બીજાના ઉપયોગમાં આવે તેમ કરજો, અને તમે પરમકૃપાળુ પરમાત્માના મંદીરમાં કોઇ પણ ઠેકાણે શોભી શકો તેમ કરજો. એજ અમારી વિનંતિ છે.

રાત ગમાયી સોયકર, દિવસ ગમાયો ખાય;
હીરા જન્મ અમોલ થા, કોડી બદલે જાય.

૪૦–હરિજનો સાચું સુખ કોને કહે છે ?

આ દુનીયામાં સૌ જીવોને સુખ જોઇએ છે, અને તેમાં પણ માણુસો તો સુખ મેળવવા સારૂ અતીશય ફાંફાં મારે છે. જીવજંતુ, પશુપક્ષી વીગેરે પ્રેરણાશકિતને આધીન છે અને વંશપંરપરાના સંસ્કારો તથા રીવાજો પ્રમાણેજ તેઓ ચાલ્યા કરે છે. તેથી તેઓની પ્રકૃતિમાં, તેઓના શરીરના બંધરણમાં, તેઓના સ્વભાવમાં કે તેઓના આચાર વિચારમાં ઘણો ફેર પડતો નથી, તેથી સુખને માટે તેઓને મનુષ્યના જેટલાં ફાંફાં મારવાં પડતાં નથી. કારણ કે તેઓનું સુખ હદમાં રહેલું છે, પણ માણુસો માટે કાંઇ એમ નથી. કારણ કે માણુસોએ તો પોતાના રીત રીવાજો બદલી નાંખેલા છે, પોતાની પ્રેરણાશકિતને દાબી દીધેલી છે, અને હમેશાં નવી નવી ચીજો જોઇએ એવી જાતની પોતાની વૃત્તિઓને બનાવી દીધેલી છે. એટલે સુખ મેળવવા સારૂ તેઓને ઘણી

વધારે દોડાદોડ કરવી પડે છે, અને અનેક જાતના ઉપાયો કરવા પડે છે, તથા અનેક જાતનાં સાધનો શોધવાં પડે છે. છતાં પણ હરિજનોને જેવું સુખ મળે છે, તેવું સુખ જગતના બીજા વ્યવહારીક લોકોને મળી શકતું નથી. આ વાત બરાબર રીતે સમજાવવા માટે એક સંત એક ભજનમાં એમ કહેતા હતા કે,

જો આપણે સાચું સુખ મેળવવું હોય તો પ્રથમ સુખનું સ્વરૂપ સમજવું જોઇએ. માટે એ સ્વરૂપ બહુજ ટુંકામાં સમજાવવા સારૂ મહાત્માઓ એમ કહી ગયા છે કે, બહારનાં કોઇ પણ જાતનાં સાધનો વિના અંતરમાંથી સુખ મેળવી શકાય તેજ સાચું સુખ છે. પણ અફસોસની વાત એ છે કે, આવાં સાચાં સુખની પાછળ કોઇ દોડતા નથી, પણ ઘણી જાતનાં સાધનો ભેળાં થાય ત્યારે જરાક સુખ મળે એવાં સુખની પાછળજ સૌ દોડે છે. જેમકે,

કોઇને ધન મેળવીને તેમાંથી સુખ જોઇએ છે, કોઇને વૈભવો ભોગવીને તેમાંથી સુખ જોઇએ છે, કોઇને છોકરાંઓ ઉત્પન્ન કરીને તેમાંથી સુખ જોઇએ છે, કોઇને ગાવા બજાવવામાંથી સુખ જોઇએ છે, કોઇને સત્તામાંથી સુખ જોઇએ છે, કોઇને બીજાઓ પાસેથી માન મેળવવામાંથી સુખ જોઇએ છે, કોઇને સ્ત્રીઓમાંથી સુખ જોઇએ છે, અને કોઇને પોતાનાં જુદાં જુદાં વ્યસનોમાંથી સુખ જોઇએ છે. આવી રીતે બધા માણસોને જુદી જુદી જાતનાં સાધનોની મદદથી મળી શકે તેવી જાતનાં સુખો જોઇએ છે. પણ ધર્મશાસ્ત્રો એમ કહે છે કે, આવાં બહારનાં સાધનોથી જે સુખો મળે તે સુખો અપૂર્ણ છે. તે સુખો તેમનો માટે લીધેલી મહેનતના પ્રમાણમાં બહુજ થોડાં છે, અને તે સુખો અંતરાત્માને તૃપ્તિ આપી શકે તેવાં નથી. માટે બહારનાં સાધનોથી મળનારાં સુખોને શાસ્ત્રમાં કનિષ્ટ પ્રકારનાં સુખો કહેલાં છે, અને એવાં બહારનાં સાધનો વિના અંતરમાંથી જે સુખ મળી શકે તે સુખને ઉત્તમ માનેલું છે. અને યાદ રાખજો કે, દુનીયાદારીના મોહમાં સપડાઇ ગયેલા વ્યવહારીક માણસો કાંઇ એવું સુખ મેળવી શકતાં નથી, પણ જે સાચા ભગતો હોય તેજ બહારનાં સાધનો વગરનું પોતાના અંતરનું સાચું સુખ મેળવી શકે છે. એ સુખ કયું? એ તમે જાણો છો? એ માટે એ સુખના અનુભવી મહાત્માઓ એમ કહી ગયા છે કે,

જે ભક્તિનાં સુખો છે, જે પ્રભુ પ્રેમનાં સુખો છે, જે અંતઃકરણની પવિત્રતાનાં સુખો છે, જે જ્ઞાનનાં સુખો છે, જે ફરજ બજાવ્યાનાં સુખો છે, જે વૈરાગ્યનાં સુખો છે, અને જે સહજ સમાધીનાં સુખો છે તે સુખજ સત્ય છે, અને તેજ સુખ ઉત્તમમાં ઉત્તમ છે. માટે હે હરિજનો! એવી જાતનાં સાચાં સુખો મેળવવાની તજવીજ કરો, એવી જાતનાં સાચાં સુખો મેળવવાની તજવીજ કરો. કારણ કે એ અમૂલ્ય સુખો એવાં છે કે, કોઇ પણ જાતના બહારનાં સાધનો વિના પણ એ સુખો ભોગવી શકાય છે. માટે એવાં અંતરનાં સુખો મેળવો, એવાં અંતરનાં સુખો મેળવો, એજ અમારો આશીર્વાદ છે.

ભૂપ દુઃખી અવધુ દુઃખી, દુઃખી રંક વિપરીત;
કહે કબીર યે સબ દુઃખી, સુખી સંત મનજીત.
નહીં શીતલ હૈ ચન્દ્રમા, હીમ ન શીતલ હોય;
કબીર શીતલ સંત જન, નામ સ્નેહી હોય.
કબીર સબ જગ નિર્ધના, ધનવન્તા નહિં કોય;
ધનવંતા સોઇ જાનિયે, રામ નામ ધન હોય.
સબહી દેવ તેહિ રીઝત, સબહી તીરથ તેહિ પાસ;
મુકત કહે જેહિ સંત ઉર, શ્રીહરિ કીન્હ નિવાસ.

૪૧–પ્રભુ ભજવામાં તત્પર રહો.

નર્કમાં પડેલા જીવો એમજ ઇચ્છી રહ્યા છે જે, અમને જો હરિ ભજવાનો પાછો વખત મળે તો અમે એક પળ પણ નકામી જવા દઇએ નહીં. પણ અફસોસની વાત છે કે, આપણામાંના ઘણાકો હજી સુધી હરિ ભજવાના ઠરાવ ઉપર આવ્યા હોય એમ જણાતું નથી.

કરોડો રૂપીઆ ખરચને મનુષ્યાદેહની એક ઘડી પણ પાછી મળી શકે નહીં. એવી ઘણીક ઘડીયો અને ઘણાક દહાડાઓ તો શું પણ ઘણાંક વર્ષો આપણે પ્રભુભક્તિ વિનાનાં ગુજારી દીધાં છે, પણ યાદ રાખવાનું છે કે, વાવણી વખતે જે ખેડુતો પોતાના ખેતરમાં

વાવવાને આળસ કરે છે, તે ચોમાસાં પછી ઘણોજ પસ્તાય છે, તેમ આપણા મનુષ્ય દેહરૂપી વાવણી કરવાની મોટી મોસમ આળસમાં ન વહી જાય તેની સુરત રાખવી જોઇએ.

મોટી અદાલતમાં જેનો એક ઘણો જોખમ ભરેલો ભારી કેસ હોય અને જો તે કેસની તે માણસ બરાબર હોશીઆરીથી તજવીજ ન રાખે તો હારી જાય છે; તેમ આપણે મનુષ્યો પણ આ ટાણે પ્રભુ ભજવાની તક જવા દેશું તો હરિની હજુરમાં આવેલો મનુષ્યાદેહનો મોટો કેસ હારમાં પડી જશે અને પરીણામમાં લખ ચોરાશીના મોટા ફેરાનો ખર્ચ માથે પડશે. માટે,

જો પ્રભુ ભવજલ તરનકું, દીયો મનુષ્ય તન નાવ;
મુક્ત કહે ભજ તાહીકું, મત ચુકે અબ દાવ.
રામ નામકી લૂટ હૈ, લૂટ સકે તો લૂટ;
અંતકાલ પસ્તાયગા, પ્રાણ જાયગા છૂટ.

પ્રભુ ભજનમાં જલદી કરવા વિષે.

આજ કહે મેં કલ ભજું, કાલ કહે પુની કાલ;
આજ કાલ તેં કરતહીં, અવસર જાસી ચાલ.
સ્વાસે સ્વાસે રામ ભજ, મીથ્યા સ્વાસ મત ખોય;
ના જાનું એ સ્વાસકી, આવન ફીર ન હોય.
તુલસી વીલંબ ન કીજીએ, ભજ લીજે રઘુવીર;
તન તરકસતેં જાત હે, સ્વાસ સારખે તીર.
પાવ પલકકી ખબર નહીં, કરે કલકી બાત;
જીવ ઉપર જમ પ્રીરત હે, જ્યું તેતર પર બાજ.
કહતા હું કહે જાત હું, કહા બજાઉં ઢેલ;
શ્વાસા ખાલી જાત હે, તીન લોકકા મોલ.
કાલ કરંતો આજ કર, આજ કરંતો અબ;
અવસર વીત્યો જાત હે, ફીર કરેગો કબ?
એ દુનીયા મેં આયકે, છોડ દેહી તું એંટ;
લેના હોય સો લેહી લે, ઉઠ જાત હે પેંઠ.

જલદી કરો.

જુવાનીમાં ગમે તેમ મોજ મારવી ને અંતે ઘડપણમાં માળા લઇને પ્રભુ ભજવા બેસવું એ તો આંબા ખાઇ જઇને ગોટલાનું દાન કરવા જેવું છે.

ઘડીનો ભરૂસો નથી, માટે સમજુ માણુસે આજનું કામ કાલ ઉપર રાખવું નહીં.

લાખો દેતે પણ ગએલો વખત પાછો આવતો નથી માટે કોઇએ પણ નકામો વખત ગુમાવવો નહીં.

હજી સુધી આપણે પાપ કરીએ છીએ છતાં પણ ઇશ્વર આપણને જીવાડે છે તે એટલાજ સારૂ કે, આપણે પાપનો પસ્તાવો કરી તેની હજુરમાં જવા લાયક થઇ શકીએ.

કરોડો ખરચતાં પણ પાછું ન મળે એવું આપણું આયુષ્ય છે, તેને આપણે ભજન વિના નકામું ગુમાવી દઇએ છીએ.

૪૨–મનને નિયમમાં રાખતાં આવડે ત્યારેજ સાચી ભકિત થઇ શકે છે.

ઘણા માણસો ભકિત કરવા માટે ઘણી જાતનાં ફાંફાં માર્યા કરે છે, છતાં પણ પરિણામ સામે જોતાં એમ જણાય છે કે, તેઓથી કાંઇ પણ બની શકતું નથી, અને બહુ દોડાદોડી કરવા છતાં પણ તેઓ જ્યાં હોય ત્યાંના ત્યાંજ રહી જાય છે. આમ થવાનું કારણ શું ? એ સમજાવવા માટે એક સંત એમ કહેતા હતા કે,

ભકિત કરવામાં સૌથી મોટી મદદ આપણા મનની જોઇએ છે. જો મન સરળ હોય તો સારી રીતે ભકિત બની શકે છે જો મન કહ્યાગરૂં હોય તો ઉત્તમ પ્રકારે ભકિત બની શકે છે અને જો મન કાબુમાં હોય તો તુરતજ ફળ આપનારી ભકિત બની જાય છે. પણ જો મન કાબુમાં ન હોય તો સાચી ભકિત બની શકતી નથી. માટે જો અંતરના ઉંડાણુની તાળી લાગેલી શુદ્ધ ભકિત કરવી હોય તો પ્રથમ મનને જીતવું જોઇએ. કારણુ કે મનને વશ

કર્યા વિના ધર્મની બહારની જે જે ક્રિયાઓ કરવામાં આવે, તે ક્રિયાઓની કાંઇ બહુ મોટી કીંમત નથી. એટલુંજ નહીં પણ સાચા સંતો તો આગળ વધીને એમ પણ કહે છે કે, મનને કાબુમાં રાખ્યા વિના ભકિત બની શકતીજ નથી; માટે જીવાત્માનો ઉદ્ધાર થાય એવી ભક્તિ જો કરવી હોય તો પ્રથમ મનને કાબુમાં રાખવાની કોશીષ કરવી જોઇએ ને તેની યુક્તિઓ જાણી લેવી જોઇએ. એ બાબત સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના હરિજનોના મંડળમાં કહેતા હતા કે,

મીજાગરા ઉપર જ્યારે દરવાજો ચ્હડી જાય છે ત્યારે પછી બાળક પણ તે મોટા દરવાજાને ઉઘાડી શકે છે. પણ એજ લોખંડી દરવાજા જો મીજાગરા ઉપર ચડેલા ન હોય તો સેંકડો માણસોના બળથી પણ તે દરવાજા ઉઘડી શકતા નથી. સમુદ્રની અંદરના ગોદીઓના દરવાજા તમે જોયા છે? નદીઓ ઉપરના ખેસવી શકાય તેવા જબરદસ્ત પૂલો તમે જોયા છે? એવા પૂલને એવા દરવાજા એક હાથે હલાવવાથી કે એક બટન દાબવાથી ઉઘડી જાય છે ને બંધ થઇ જાય છે. તેનું કારણ શું? યાદ રાખજો કે, યોગ્ય ગોઠવણી અને મીજાગરા ઉપર તેનું આવી જવું, એજ વાત મુખ્ય હોય છે. તેમજ આપણા મન માટે પણ એમ સમજવાનું છે કે,

જે મન છે, તે બહુજ જોરાવર છે. તે અતીશય ચંચળ છે. સહેલાઇથી પોતાની મેળે મેળે નીચે ઉતરી જાય ને ખરાબીઓમાં દોડયું જાય તેવું છે. જ્યાં કંઇ પણ તોફાન દેખાતું ન હોય, ત્યાં પણ ભયંકર તોફાન ઉભું કરી દેય તેવું છે. એક સેકન્ડમાં આકાશમાં ને પાતાળમાં પહોંચી જાય તેવું છે, અને ઘણાં વરસોની ઘણી જાતની મહેનતને જરાક વારમાં ધૂળમાં મેળવી દેય તેવું છે. માટે જેમ બને તેમ મનને સંભાળવું જોઇએ અને તેને કાબુમાં રાખતાં શીખવું જોઇએ. તેને કાબુમાં રાખવાની સહેલી ને સાચી યુકિત એ છે કે, મનને મીજાગરા ઉપર ચડાવવું જોઇએ. પણ એ મીજાગરૂં કયું? મનરૂપી વિચિત્ર શકિતને, મહાબળવાન્ શકિતને સહેલાઇથી આપણી મરજી પ્રમાણે ફેરવી ફેરવી શકાય એવું મીજાગરૂં કયું?

બંધુઓ ! નિયમ એ મનનું મીજાગરૂં છે. ધર્મના નિયમો પાળવામાં અજબ જેવું બળ રહેલું છે. જો ઘણી જાતના સાદા સાદા, સહેલા સહેલા ને અગત્યના નિયમો પાળતાં આવડે, ને એ નિયમોના મીજાગરા ઉપર જો મન ચ્હડી જાય તો પછી તેને બહુ સહેલાઇથી વશ કરી શકાય છે. કારણ કે મનનું મીજાગરૂં તે નિયમ છે, માટે મનને વશ રાખતાં શીખવાની સહુથી સહેલામાં સહેલી ને ઉંચામાં ઉંચી કુંચી એ છે કે, મનને નિયમમાં રાખવું જોઇએ અને એ માટે ભકિતના ને ધર્મના જુદા જુદા નિયમો પાળવાની કોશીષ કરવી જોઇએ. જેમકે, પ્રભુનું નામ સ્મરણ કરવાનો નિયમ રાખવો, દાન આપવાનો નિયમ રાખવો, શરીરની તથા મનની પવિત્રતા જાળવવાનો નિયમ રાખવો, ધર્મનાં સારાં સારાં પુસ્તકો વાંચવાનો નિયમ રાખવો, સત્સંગ કરવાનો નિયમ રાખવો, પ્રભુનું ધ્યાન ધરવાનો નિયમ રાખવો, પ્રભુના ગુણ ગાવાનો નિયમ રાખવો, અને જીંદગીની જરૂરનાં જે જે કામો કરવાં પડે તે તે કામો કરવામાં પણ બની શકે તેટલો નિયમ રાખવો. આવી રીતે જીંદગી નિયમવાળી બની જશે તો નિયમના મિજાગરા ઉપર મન ચડી જશે. તેથી પછી મનને જેમ વાળવું હશે, તેમ વાળી શકાશે ને જ્યારે એમ થશે ત્યારેજ સાચી ભકિત થઇ શકશે. માટે મનને નિયમના મીજાગરા ઉપર ચડાવતાં શીખો, મનને નિયમના મીજાગરા ઉપર ચડાવતાં શીખો, અને એમ કરવા સારૂ હમણાથીજ મનને નિયમમાં રાખો. મનને નિયમમાં રાખો, એજ અમારી ભલામણ છે.

દોહરો.

મન કે હારે હાર હે, મન કે જીતે જીત;
મન મિલાવે રામકૂં, મન હી કરૈ ફજીત.

૪૩-દુર્ગુણોમાં જેટલું બળ છે તે કરતાં સદ્‌ગુણોમાં ઘણુંજ વધારે બળ છે, તેથી દુર્ગુણોની ઉપર સદ્‌ગુણો ફાવી શકે છે.

ધર્મનું મ્હોટામાં મ્હોટું કામ એ છે કે, સદ્‌ગુણો અને દુર્ગુણો વચ્ચે લડાઇ કરાવવી, અને તેમાં સદ્‌ગુણોને જીતાડવા ને દુર્ગુણોને હરાવવા. આમ કરવા માટેજ ધર્મની દરેક જાતની ક્રિયાઓ છે. જેમકે, ધર્મને અર્થે દાન દેવું, તપ કરવું, જપ કરવા, વ્રત રાખવું, યાત્રા કરવી, નિયમો પાળવા, નિત્ય નૈમિત્તિક કર્મો કરવાં, સત્સંગ કરવો, મહાત્માઓની સેવા કરવી, વિગેરે બધી બાબતોના મુખ્ય હેતુઓ એજ હોય છે કે, દુર્ગુણોને તજવા અને સદ્‌ગુણો મેળવવા. એ સારૂજ બધી જાતની ક્રિયાઓ કરવામાં આવે છે, અને તેનું પરિણામ એ થાય છે કે, એમ કરનાર ભગતોમાંથી ધીમે ધીમે દુર્ગુણો ઓછા થતા જાય છે અને સદ્‌ગુણો વધતા જાય છે. છતાં પણ ઘણા માણસો એમ સમજ્યા કરે છે કે, દુર્ગુણોને તજવા એ બહુ મુશ્કેલ છે. કારણ કે સદ્‌ગુણોમાં જેટલું બળ છે, તે કરતાં દુર્ગુણોમાં ઘણુંજ વધારે બળ છે એમ તેઓ માને છે. તેથી દુર્ગુણો તજવાની બાબતમાં તેઓ ઢીલા થઇ જાય છે. એમ ન થાય માટે એક ભકતરાજ મહારાજ સદ્‌ગુણો તથા દુર્ગુણોનું યથાર્થ સ્વરૂપ સમજાવવા માટે કહેતા હતા કે,

અમે જોયું છે કે, જે લોકોને તમાકુનાં વ્યસન હતાં તેનાં એ વ્યસનો છૂટી ગયાં છે, જેને અફિણનાં બંધાણ હતાં તેનાં અફિણ છૂટી ગયાં છે, જે દારૂડીયા હતા તેઓના દારૂ મૂકાઇ ગયા છે, જેઓ જુગારી હતા તેઓએ જુગાર તજી દિધેલા છે, જેઓ વ્યભિચારી હતા તેઓએ પોતાની એ બૂરી ટેવો છોડી દીધેલી છે, જેઓ અભક્ષ કરવાવાળા હતા તેઓએ પોતાના એ ખરાબ ખોરાક તજી દીધા છે અને જેઓને જુઠું બોલવાની ટેવ હતી તેઓએ જુઠું બોલવાની ટેવ છોડી દીધી છે. આવી રીતે ઘણાએ માણસોએ પોતાની બૂરી આદતો છોડી દીધી છે. કારણ કે દુર્ગુણો જલદીથી છૂટી શકે છે, પણ સત્યવાનોના સત્ય એમ કોઇના છોડાવ્યાં છૂટતાં

નથી. એ માટે હરિશ્ચંદ્રનો દાખલો દુનિયામાં મોજુદ છે. પતિવૃતાઓનાં પતિવૃત છોડાવ્યાં છૂટતાં નથી એ માટે સીતાજીનો દાખલો મશહુર છે. ભગતોની ભક્તિ છૂટની નથી, તપસ્વીઓનાં તપ છૂટતાં નથી, અને જ્ઞાનીઓનાં જ્ઞાન ભૂલાઇ જતાં નથી. એ માટે સેંકડો દાખલાઓ પૂરાણોમાંથી મળી આવે છે, અને આપણી આસપાસ પણ એવા ઘણા બનાવો જોઇ શકીએ છીએ એ ઉપરથી સમજી શકાય છે કે, ખરાબ ટેવોને છોડી શકાય છે, પણ સારી ટેવો જામી ગયા પછી તજી શકાતી નથી. કારણ કે દુર્ગુણો કરતાં સદ્દગુણોમાં ઘણુંજ વધારે બળ રહેલું છે, માટે દુર્ગુણોની ઉપર સદ્દગુણો ફાવી શકે છે. તેથીજ આપણો ઉદ્ધાર થઇ શકે છે. દુર્ગુણોનું વધારે જોર હોત અને સદ્દગુણોનું ઓછું જોર હોત તો કદી પણ આપણો ઉદ્ધાર થઇ શકત નહીં, પણ પરમકૃપાળુ પરમાત્માની એ દયા છે કે, તેણે દુર્ગુણોને નબળા બનાવ્યા છે, અને સદ્દગુણોને શ્રેષ્ઠ તથા બળવાન બનાવેલા છે. તેથી દુર્ગુણોની ઉપર સદ્દગુણો ફાવી શકે છે, માટે હે હરિજનો! જેમ બને તેમ તમારામાં રહેલા દુર્ગુણો ઓછા થાય તેમ કરો અને ખાત્રીપૂર્વક એમ સમજો કે, દુર્ગુણો તજવાનું મહાન્ બળ તમારામાં છેજ, પણ તેમ છતાં તમને હમણાં જે એમ લાગે છે કે, અમે અમારી ટેવોને તજી શકતા નથી એ તમારા મનની નબળાઇ છે, અને એ બાબતમાં તમારો પુરૂષાર્થ ઢીલો છે, તથા તમારી સમજણ ઓછી છે, તેને લીધે તમે દુર્ગુણો તજી શકતા નથી. અને દુર્ગુણો તજાય નહીં ત્યાં સુધી ધર્મના રસ્તામાં આગળ વધી શકાતું નથી ને પ્રભુને પગલે પગલે ચાલી શકાતું નથી. માટે એ નબળાઇને દૂર કરો અને સદ્દગુણોની સારી ટેવો જામે તેમ કરો એટલે કલ્યાણ થશે એમાં કાંઇ શક નથી. એટલુંજ નહીં પણ પ્રભુ પોતે પણ એ બાબતમાં સહાય કરવા સદા તૈયાર છે. માટે દુર્ગુણોથી દબાઇ જશો માં ને હીંમત હારી જશો માં પણ સદ્દગુણોને ખીલવજો એટલે પરિણામે રૂડુંજ થશે એ ખાત્રી રાખજો.

૪૪-ભગતોમાં અને સામાન્ય લોકોમાં શું ફેર હોય છે તેનો ખુલાસો.

ઘણી વખત અને ઘણે ઠેકાણે એમ બને છે કે, કેટલાક ભગતો પાસે ધન હોતું નથી, કેટલાક ભગતોને બાયડી હોતી નથી, કેટલાક ભગતો બહુ ભણેલા હોતા નથી, કેટલાક ભગતોની પોતાની જાતની કાંઇ કિંમત હોતી નથી, કેટલાક ભગતોને છોકરાંઓ હોતાં નથી, કેટલાક ભગતની નીંદા કરનારા ઘણા લોકો હોય છે, કેટલાક ભગતો વિદ્યા વિનાના હોય છે, અને ઘણા ભગતો રાજ્યસત્તા વિનાના હોય છે; પણ એને બદલે ઘણાએ વ્યવહારિક માણસોમાં ઉપલી ઘણી બાબતો હોય છે, ત્યારે હવે સવાલ એ છે કે, બીજા સામાન્ય લોકોના કરતાં ભગતોમાં વિશેષતા શું છે? એના જવાબમાં એક મહાત્મા એમ કહેતા હતા કે,

ભગતો પાસે કદી ધન ન હોય, માન ન હોય, સત્તા ન હોય, અને તેઓ બીજી ઘણી રીતે દુઃખી હોય, છતાં પણ તેઓમાં પાપ હોતું નથી અને બીજા વ્યવહારીક લોકોમાં બીજી ઘણી બાબતની સગવડો હોય છતાં પણ તેઓમાં પાપ હોય છે. સામાન્ય લોકોમાં અને ભગતોમાં જે તફાવત છે તે એજ છે. કારણ કે ધર્મના રસ્તામાં નડતાવાળી જે વસ્તુ છે તે પાપ છે. પવિત્રતાના માર્ગમાં આડી આવનારી જે વસ્તુ છે તે પાપ છે. અંતઃકરણમાં વિરોધ જગાડનારી જે વસ્તુ છે તે પાપ છે, અને પ્રભુની તથા આત્માની વચ્ચે અંતરાય રાખનારી જે વસ્તુ છે તે પાપ છે. એ પાપ જેટલાં સામાન્ય લોકોમાં હોય છે, તેટલાં ભગતોમાં હોતાં નથી, એજ ભગતો અને સંસારીક લોકોની વચ્ચે તફાવત છે.

હવે આ સાંભળીને કોઇ માણસને એવો સવાલ ઉઠશે કે, શું ભગતોમાં પાપ હોયજ નહીં? કોઈ પણ પ્રકારનું પાપ ન હોય એ કેમ બને? એના જવાબમાં બીજા અનુભવી ભગતો કહે છે કે,

જેમ ભકિત વધતી જાય અને ભગતોની સ્થિતિ ઉંચી થતી જાય, તેમ તેમ તેઓનાં પાપ ઓછાં થતાં જાય છે. તેમ છતાં એટલી

વાત તો સાચીજ છે કે, જ્યાં સુધી દેહની સાથે જીવનનો સંબંધ છે, અને જ્યાં સુધી વ્યવહારીક કામકાજોમાં મન ગુંથાએલું રહે છે ત્યાં સુધી બધી જાતનાં પાપ પૂરેપૂરાં મટતાં નથી. પણ તેમ છતાં તેમાં એટલો ફરક છે કે, સાચા ભગત થયા પછી તેઓનાં મોટાં પાપો છૂટી જાય છે, પણ સ્થિતિઓનાં ન્હાનાં ન્હાનાં પાપો રહી જાય છે અને તે પાપો જેમ જેમ જ્ઞાન, ભકિત વધતાં જાય તેમ તેમ ધીમે ધીમે દૂર થતાં જાય છે ને પવિત્રતા વધતી જાય છે. એજ ભગતોની ખૂબી છે. કારણ કે શાસ્ત્રમાં એમ કહેલું છે કે,

ધન, માલ, વૈભવ, છોકરાં છૈયાંનું સુખ, સત્તાનું સુખ, અને દેહનાં તથા ઇંદ્રિઓનાં સુખો, એ બધી બાબતો તો નીચને ત્યાં પણ હોય છે, અને પશુ પક્ષીઓમાં પણ હોય છે. એવાં સુખો ભોગવવાં એમાંજ કાંઇ બહુ મોટી વાત નથી, પણ પાપ વિનાની જીંદગી ગાળવી એજ સૌથી મોટામાં મોટી વાત છે અને એમાંજ પ્રભુ રાજી છે. માટે જેનામાં પાપ તજવાનો ગુણ આવેલો હોય ને પાપ તજવાનું બળ આવેલું હોય તે ભગતોને સૌથી શ્રેષ્ટ સમજવા. કારણ કે પ્રભુના દરબારમાં કાંઇ જગત્‌ના વૈભવો સામે જોવામાં આવશે નહીં, પણ ત્યાં તો ઇન્સાફ વખતે પુણ્ય પાપની સામેજ જોવામાં આવશે. માટે જેનામાં પાપ ન હોય તેજ ભાગ્યશાળી છે, અને તેજ પ્રભુના પ્રિતિપાત્ર છે. પાપ તજવાનું અદ્દભૂત બળ ભગતોમાં હોય છે, પણ એવું બળ સંસારીક લોકોમાં હોતું નથી. માટે યાદ રાખજો કે, હરિજનો વચ્ચે અને સંસારીક લોકો વચ્ચે જે ફરક છે તે એજ છે કે, સંસારીક લોકોમાં જેવાં મ્હોટાં પાપો હોય છે તેવાં મ્હોટાં પાપો હરિજનોમાં હોતાં નથી, અને આ ફેર કાંઇ જેવો તેવો નથી. માટે ભગતો તથા સંસારીઓને એક હારે ગણવાની ભૂલ કરશો માં, પણ નિષ્પાપ ભગતોને તેઓના દરજ્જા પ્રમાણે માન આપજો, અને તમારાથી બની શકે તેવી રીતે તેને મદદ કરજો. એજ અમારી ભલામણ છે. કારણ કે પ્રભુને અર્થે પ્રભુના ભગતોને મદદ કરવાથી પ્રભુ જેટલો રાજી થાય છે, તેટલો રાજી તે બીજી કોઇ પણ બાબતથી થતો નથી એ વાત ધ્યાનમાં રાખજો, અને તે પ્રમાણે વર્તવાની કોશીષ કરજો. એજ અમારી ભલામણ છે.

દોહરા.

નરતન ધરિ જાકૂં નહીં, સન્ત અસંત પિછાન;
મુકત કહે તાકો નહીં, કોટિ જન્મ કલ્યાન.
બડ ભાગીસે હોત હૈ, સાચે સન્તકી સેવ;
. મુકત કહેતે હી રિઝત, અલખ નિરંજન દેવ.

૪૫-જગત્‌નાં ખોટાં સુખો વિષે.

એક અજ્ઞાન બાળકને જો સોનામોહોર આપી હોય તો દાંત વડે ચાવીને ફગાવી દેય છે, પણ જો પેંડો કે પતાસું આપ્યું હોય તો તે તેને મીઠું લાગે છે તેથી તે તેને મૂકવા ચાહતું નથી, તેમ આપણે અજ્ઞાની સંસારીઓ પણ સોનામહોરરૂપી ઇશ્વરસ્મર્ણને લેવા ચહાતા નથી પણ મીઠા મીઠા લાગતા સંસારી વૈભવો પાછળ ફાંફાં મારતા રહીએ છીએ.

પણ યાદ રાખવાનું છે કે મોટા વરઘોડા કે ફુલેકાંને ટાણે સોનેરી સામાનથી શણગારેલા ઘોડાને તો થોડી વારજ એ ફુલેકામાં ફરવું છે, પછી તો પાછું અંધારા તબેલામાં જઇને પડવું છે, તેમ આપણા સૌ જીવોને અહીંના સુખ તો થોડીક વારનાંજ છે, ને અંતે તો ચોરાશી અને નર્ક છે.

ધન કે સુખ મેળવવા જઇએ તો ધાર્યા પ્રમાણે મળે નહીં, ને જો કદાપી સારા ભાગ્યે મળી ગયું તો કેટલા દહાડા રહેશે તેનું નક્કી નહીં, અને જો પ્રભુ કૃપાથી તે કદાપી કાયમનું થઇ જાય તો આપણો પોતાનો સદાય રહેવાનો ભરૂસો નહીં, એવા એવા વિચારો કરીને સંત પુરૂષો સંસારી સુખોથી અલગ રહીને આ ફૂટેલા ઘડામાં હમેશાં પાણી રહેવાનું નથી એવું ધારીને સંસારથી અને તેના વૈભવોથી દૂર દૂર રહેતા હતા.

અગ્નિમાં જેમ ઘી નાંખ્યાથી વધારે સળગી ઉઠે છે, તેમ માણસને જગત્‌ના વૈભવો પ્રાપ્ત થયા પછી તે કરતાં પણ વધારે વધારે મેળવવાની ઇચ્છા થાય છે.

સીકંદર બાદશાહને ઘેરે દુનિયાંનો મોટો ભાગ હતો તોપણ મરણ વખતે જે કાંઇ થોડો ભાગ મેળવવો બાકી રહ્યો હતો તેને માટે વાસના રહી ગઇ હતી.

ગરમીથી આવતા તાવના દરદમાં પાણી પીવાની વધારે વધારે ધાંખના થાય છે તેમ બીચારા અસંતોષી સંસારીને જીવન ગાળાના અંત પર્યંત તૃષ્ણા છૂટતી નથી.

કાચના કટકાને હીરો માની બેસનાર મૂર્ખો જેમાં અંતે પસ્તાઇને કહેવા લાગ્યો હતો કે, મેં તો જાણ્યું કે, આ સાચો હશે, પણ આ તો ખોટો, અને જાળવી રાખવાની મારી મહેનત બધી ફોગટ ગઇ, તેમ સંસારી માયાવાદીઓનું પણ એમજ થવું છે.

ખોટી બનાવટનાં કરેલાં ફૂલો જેમ દેખાવમાં શોભે છે પણ સુગંધ આપી શકતાં નથી, તેમ જગત્‌ના વૈભવો પણ બહારથી સારા સારા ભલે દેખાય, પણ અંતઃકરણને શાંતિ આપી શકતા નથી.

છોકરાઓને રમવા માટે બનાવેલાં આંબા, કેળાં ને જામફળો જેમ ખાવામાં કામ આવતાં નથી, તેમ જગત્‌નાં સુખો પણ જીવને નકામાં છે.

મોટા પુરૂષો કહે છે કે, આ દુનિયાની સઘળી વસ્તુ પ્રભુએ માણસ માટે ઉત્પન્ન કરી છે, પણ માણસનું અંતઃકરણ તો પ્રભુએ પોતા માટેજ ઉત્પન્ન કર્યું છે. માટે આપણા અંતઃકરણમાં સદાય પ્રભુનો વાસ બન્યો રહે ને અખંડ સ્મર્ણ થયા કરે તો એ ઘણુંજ સારૂં છે.

માટે જેને આનંદના સમુદ્રમાં સદાય ઝીલવું હોય, તેણે તો સત્‌ચિત્‌ આનંદના સ્મર્ણમાં મચ્યા રહેવું.

પારસમણી અરૂ કામ ધેન, કલ્પ તરૂકી વાડ;
તુલસી હરિકે ભજન બીન, તાતે ભલો ઉજાડ.
અરબ ખરબશેં દ્રવ્ય મીલે, ઉદય અસ્તસેં રાજ;
તુલસી હરિકે ભજન બીન, સબી નરકકો સાજ.
તુલસી સોહી ચતુરતા, રામ ચરણ લયલીન;
પરધન પરમન હરનકું, બેશ્યા બડી પ્રવીણ.

જતગ મિથ્યા વિષે.

જાના હે રહનાં નહીં, મરના બીસવા બીસ;
　દો દિન દુનિયાં કે લીએ, મત ભૂલો જગદીશ.
કા કરીએ કા જોડીએ, થોડે જીવન કાજ;
　છાંડી છાંડી સબ જાત હે, દેહ ગેહ ધન રાજ.
એક દિન એસા હોયગા, કોઊ કીસીકા નાંહી;
　ઘરકી ગાડી કોન કહે, તનકી નાડી નાંહી.
આયા હે સો જાયગા, રાજા રંક ફકીર;
　કો સિંહાસન ચઢ ચલે, કો બાંધા જંજીર.
ધન જોબન યું જાયગો, જા વિધિ ઉડત કપુર;
　નારાયણ ગોપાલ ભજ, ક્યું ચાખે જગ ધુર.

૪૬–આપણે આપણી ભૂલો સુધારવા માટે આવ્યા છીએ, કાંઇ બીજાઓને શિક્ષા કરવા માટે આવ્યા નથી.

આ દુનિયાની રચના એવા પ્રકારની છે કે, માણસોથી તથા બીજાં પ્રાણીઓથી ભૂલ થયા વિના રહેજ નહીં. માયાનું સ્વરૂપ એવા પ્રકારનું છે, ને તેનો મોહ એવા પ્રકારનો છે, કે માણસોથી ભૂલ થયા વિના રહેજ નહીં. જનસ્વભાવ એવા પ્રકારનો છે તથા તેમાં સ્વાર્થના અંશો એટલા બધા ઘુસી ગયેલા છે કે, મનુષ્યોથી ભૂલો થયા વિના રહેજ નહીં. માણસોનું બુદ્ધિબળ એવું કાચું છે અને માણસોના મનની ચંચળતા એટલી બધી છે કે, ભૂલ થયા વિના રહેજ નહીં. અને માણસોની આસપાસના સંજોગો તથા અકસ્માતો એવા છે કે, તેઓથી કોઇને કોઇ પ્રકારની ભૂલ થયા વિના રહેજ નહીં. આમ હોવાથી સ્વાભાવિક રીતેજ માણસોની ભૂલો તો થવાનીજ. એમાં કોઇ વખત માની ભૂલ હોય, કોઇ વખત બાપની ભૂલ હોય, કોઇ વખત બ્હેનની ભૂલ હોય, કોઇ વખત બાયડીની ભૂલ હોય, કોઇ વખત છોકરાની ભૂલ હોય, કોઇ વખત વરની ભૂલ હોય, કોઇ વખત સાસુની ભૂલ હોય, કોઇ વખત

સસરાની ભૂલ હોય, કોઇ વખત મામા માસીની ભૂલ હોય, કોઇ વખત પાડોશીની ભૂલ હોય, કોઇ વખત વેહેવાઇઓની ભુલ હોય, કોઇ વખત દૂરનાં સગાંઓની ભૂલ હોય, કોઇ વખત નોકરોની ભૂલ હોય, કોઇ વખત શેઠોની ભૂલ હોય, કોઇ વખત નાતોની ભૂલ હોય, કોઇ વખત અમલદારોની ભૂલ હોય, કોઇ વખત ગુરૂઓની ભૂલ હોય અને કોઇ વખત કોઇની ભૂલ ન હોય છતાં પણ આપણને ભયંકર ભૂલ લાગ્યા કરે એવા સંજોગો હોય ત્યારે આપણે શું કરવું? એ બધાંઓની સામે થવું ને લડવું કામ આવશે કે? નહીંજ. માટે સાચા ભગતો એમ કહે છે કે,

બંધુઓ! આપણે આપણી ભૂલો સુધારવા માટે અહિં આવેલા છીએ, કાંઇ રામનો કે કૃષ્ણનો અવતાર લઇ બીજાઓને શિક્ષા કરવા માટે આવેલા નથી. માટે જેઓની ભૂલો હોય તેઓ સાથે હરિજનોથી કાંઇ વેર રખાય નહીં, અને તેને શિક્ષા કરાય નહીં, પણ તેઓને પોતાનાથી બની શકે તે સારામાં સારી રીતે ઉપદેશ આપી શકાય, અને તેઓ ભૂલોમાંથી બચે એવા ઉપાયો કરી શકાય; પણ કાંઇ તેઓની ઉપર જુલમ કરાય નહીં. કારણ કે આપણે કાંઇ કોઇને શિક્ષા કરવા માટે અહિં આવેલા નથી, પણ આપણે તો ક્ષમા કરવા માટે આવેલા છીએ. અને જે જાતની ભૂલો બીજાઓ કરે છે તે જાતની ભૂલો આપણાથી ન થાય તેની તપાસ રાખવા માટે તથા જે ભૂલો થતી હોય તેને સુધારવા માટે આવેલા છીએ. માટે બીજાઓની ભૂલોથી દીલગીર થવું નહીં, તેઓની ઉપર ગુસ્સે થવું નહીં, તેઓની સાથે વેર રાખવું નહીં, અને તેઓની સાથે લડાઇ કરવી નહીં, પણ જેમ બને તેમ એવે વખતે શાન્તિ રાખવી, અને આપણી પોતાની ભૂલ સુધરે તેની ખાસ કાળજી રાખવી. કારણ કે આપણી પોતાની ભૂલો સુધારવા માટેજ આપણે આ દુનિયામાં આવેલા છીએ. આપણે કાંઇ બીજાઓની ભૂલો સુધારવા માટે ને તેઓને શિક્ષા કરવા માટે આવેલા નથી. એટલુંજ નહીં પણ ઈશ્વરના દરબારમાં જ્યારે આપણો ઇન્સાફ થશે ત્યારે આપણને કાંઇ એમ નહીં પૂછવામાં આવે કે તમે બીજાઓની ભૂલો માંટે કેટલી લડાઇ કરી? પણ એ વખતે આપણને માત્ર એમજ પૂછવામાં આવશે કે, તમે તમારી

ભૂલો સુધારી છે? અને જે પ્રમાણે આપણે આપણી ભૂલો સુધારી હશે તે પ્રમાણે આપણને પ્રભુ તરફથી ઇનામ મળશે, અને આપણા અંતરાત્માનો સંતોષ મળશે. માટે આપણે આપણી ભૂલો સુધારવાની તજવીજ રાખવી જોઇએ. એજ આપણી ફરજ છે, એજ ધર્મનું લક્ષણ છે, ને એમાંજ પ્રભુ રાજી છે. માટે બીજાઓની ભૂલો શોધવામાંજ નહીં પડયા રહેતાં તમારી પોતાની ભૂલો દૂર થાય તેમ કરજો. એજ અમારી ભલામણ છે.

દોહરા.

નારાયણ નિજ હીય મેં, અપનો દોષ નિહાર;
ता પીછે તું ઔર કે, અવગુન ભલે વિચાર.

મન ચાહે સોઇ કરે, ભલો બુરો સંસાર;
નારાયણ તું બૈઠ કે, અપનો ભુવન સંભાર.

તુઝે વિરાની કયા પડી, તૂં અપની હિ નિબેડ;
તેરી જહાજ દરિયાવ મેં, ડુબે નહીં ત્યૌં ખેવ.

૪૭–બાલકપણમાં ને જુવાનીમાં પ્રભુની ભકિત કરીએ તેની કીંમત ઘણીજ વધારે છે.

એક બહુ મોટો શેઠીયો હતો. તેણે વીસ વરસની ઉમરના એક જુવાન છોકરાને કહ્યું કે, જો તું મારો દીકરો થા તો હું તને મારો વારસદાર બનાવું, અને મારી પાસે લાખો રૂપીયાની દોલત છે તે હું તને આપું. ત્યારે એ જુવાનીઆએ કહ્યું કે, હમણાં નહીં, આગળ ઉપર વાત. એ પછી દસ વરસ બાદ જ્યારે તે છોકરો ત્રીસ વરસનો જુવાન થયો ત્યારે તેને પેલા શેઠીયાએ કહ્યું કે, જો તું મારો દીકરો થા તો મારી બધી દોલત તને આપું. એ વખતે પણ તે જુવાનીઆએ કહ્યું કે, હમણાં નહીં. એ પછી દસ વરસ બાદ જ્યારે તેની ઉમર ચાલીશ વરસની થઇ ત્યારે પેલા શેઠીયાએ કહ્યું કે, હજી પણ જો તું મારો દીકરો થા ને મારે ખોળે બેસ તો હું તને મારી લાખો રૂપીયાની દોલત આપી દઉં, પણ એ વખતે પણ તેણે ના પાડી. એ પછી જ્યારે તે સાઠ વરસનો

થયો ત્યારે હાર્યો પછી, થાકયા પછી અને નીરાશ થઈ ગયા પછી તે શેઠીયાને પોતે ચાહીને સામો કહેવા ગયો કે, હવે મને દત્તક લો, હું હવે તમારો દીકરો થવા તૈયાર છું ! ત્યારે પેલા શેઠીયાએ કહ્યું કે, હવે તને દત્તક લઇને શું કરૂં ? કારણ કે હવે તો તું ઘરડો થયો છે એટલે હવે મારૂં શું કામ કરી શકીશ ? જ્યારે તું કામ કરી શકે તેવી ઉમરનો હતો ત્યારે તો આવ્યો નહીં, અને હવે હથીયાર હેઠે પડયા પછી બુઢ્ઢો થયા બાદ આવ્યો તેમાં શું વળે ?

બંધુઓ ! આ દાખલો આપીને એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે, જ્યારે આપણામાં નિર્દોષતા હોય, જ્યારે આપણામાં સરળતા હોય, જ્યારે આપણા મનમાં માયાનો બહુ કચરો ઘુસી ગયેલો ન હોય, જ્યારે આપણું શરીર મજબૂત હોય, જ્યારે સેવા કરવાને આપણી ઇંદ્રિયો બળવાન હોય, જ્યારે આપણી બુદ્ધિ તેજસ્વી હોય, અને જ્યારે આપણી આસપાસના સંજોગો સારા હોય, તેવા જુવાનીના સોનેરી વખતમાં જો આપણે પ્રભુના પુત્ર થવા ઇચ્છીએ તો એ વખતે પ્રભુ તુરતજ આપણને અંગીકાર કરી લેય છે. પણ એ અમૂલ્ય વખત ગુમાવી નાંખીએ અને પછી ઘડપણના વખતમાં તેનું શરણું લેવા જઇએ તો એ કાંઇ તે કબૂલ કરે નહીં, અને એવા ઘડપણના શરણાથી કાંઈ આપણો શુક્રવાર થાય નહીં. કારણ કે ઘડપણમાં વૃત્તિઓ કઠોર થઇ જાય છે. ઘડપણમાં કુટુંબનો મોહ વધી જાય છે. ઘડપણમાં દુનીયાદારીની આસકિત વધી જાય છે. ઘડપણમાં શરીરમાં નબળાઇ આવી જાય છે. ઘડપણમાં મન ઢીલું પડી જાય છે, તેથી કોઇ પણ જાતના મોટાં કામો બની શકતાં નથી. ઘડપણમાં બુદ્ધિ મંદ પડી જાય છે. ઘડપણમાં સ્મરણશકિત ઓછી થઇ જાય છે. ઘડપણમાં સ્વભાવ ઉપરનો કાબુ ઓછો થઇ જાય છે. ઘડપણમાં ઇંદ્રીઓ શકિત વિનાની થઇ જાય છે. ઘડપણમાં મરી જવાનો ભય લાગ્યા કરે છે, તેથી ખાવા પીવાની ઇચ્છા વધી જાય છે. અને આવી રીતે બધા સંચાઓ નબળા પડવાથી ઘડપણમાં ભક્તિ કરવાની શક્તિ ઓછી થઇ જાય છે, તેથી એ વખતની ભકિતની કાંઇ બહુ કીંમત હોતી નથી. કારણ કે કેરીનો રસ ચૂસી લીધા પછી છોતલાં ગોટલાં બાકી રહ્યાં હોય તેના જેવી એ

અવસ્થા છે, એટલે એવી અવસ્થામાં પ્રભુને અર્પણ થવાથી પ્રભુ ખરા પ્રેમથી સ્વીકારતા નથી. માટે જો સાચી ભકિત કરવી હોય તો બાલકપણથીજ ભકિતમાં લાગી જવું જોઇએ અને જુવાનીમાં ભકિતના વૃક્ષને ખીલવી દેવું જોઇએ. અને જે વખતે પ્રભુ આપણને પોતાના પુત્ર તરીકે સ્વીકારવા તૈયાર છે, તેજ વખતે તેના ખોળામાં બેસી જવું જોઇએ. એમ કરવું એજ ડહાપણનું કામ છે, એમાંજ ખરી મરદાઇ છે, એમાંજ ખરી લાયકાત છે, અને એમાંજ ઉંચા પ્રકારની ભકિત છે. માટે બંધુઓ ! ભકિત કરવા સારૂ ઘડપણની વાટ જોયા કરો માં, પણ હમણાથીજ ભગત થાઓ, હમણાંથીજ ભગત થાઓ.

દોહરા.

કાલ કરંતો આજ કર, આજ કરંતો અબ;
  અવસર બીત્યો જાત હૈ, ફેર કરેગો કબ?
આજ કહે મૈં કલ ભજૂ કાલ કહે પુનિ કાલ;
  આજકાલ તૈં કરત હી, અવસર જાસી ચાલ.

૪૮–જેના હૃદયમાં ભગવાન્ પધારેલા હોય છે તેની વાણીની ભભક કાંઇક જુદીજ હોય છે.

સામાન્ય માણસોને એમ લાગે છે કે, ભગતોને તે કેમ ઓળખી શકાય? કારણ કે એ પણ બીજાઓના જેવાજ હોય છે. ખાવામાં. પીવામાં, પહેરવામાં, ઓઢવામાં, અને બીજી ઘણી બાબતોમાં સંસારિક લોકોના જેવાજ ભગતો પણ હોય છે, એટલે તેઓને કેમ ઓળખી શકાય? પણ જેઓ જરા વધારે ઉંડાણથી જોનારા છે તેઓ એમ કહે છે કે, ભગતો ઘણી વાતોમાં સંસારિક લોકોના, જેવા દેખાતા હોય છતાં પણ ઘણી બાબતોમાં તેઓ સંસારિક લોકોથી જુદા પડી જાય છે. તેમાં એક બાબત એ છે કે, ભગતોની વાણીનો ખુબી કાંઇ અજબ જેવી હોય છે. જેમકે,

કોઇ ભગતોની વાણીમાં અતિશય મીઠાશ હોય છે. કોઇ ભગતોની વાણીમાં અજબ જેવું બળ હોય છે. કોઇ ભગતોની વાણીમાં ખાસ ચમત્કૃતિ હોય છે. કોઇ ભગતોની વાણી મારફત ભક્તિનો પ્રવાહ વહ્યા કરે છે. કોઇ ભગતોની વાણીમાં જ્ઞાનનો પ્રકાશ ચમકયા કરે છે. કોઇ ભગતોની વાણી કઠોર હોય છે, છતાં એ કઠોરતામાં પણ સત્ય હોય છે, અને એ કઠોરતા પણ ઘણા માણસોને ગમી જાય તેવી હોય છે. કોઇ ભગતોની વાણીમાં અતિશય દાસભાવ હોય છે. કોઇ ભગતોની વાણીમાં કોઇ કોઇ પ્રકારની નાની મોટી સિદ્ધિ હોય છે, એટલે કે કોઇ કોઇ વખત તેઓ બોલે તે પ્રમાણે બનાવો બની જાય છે. કોઇ કોઇ ભગતોની વાણીમાં ભુત ભવિષ્યના બનાવોની વાતો હોય છે, અને કોઇ કોઇ ભગતોની વાણીમાંથી શ્રદ્ધાળુ સાચા હરિજનોને પ્રભુનું દર્શન થયા કરે છે. ભગતોની વાણીમાં આવી ખુબી હોય છે તેનું કારણ શું છે? એ સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક નાની છોકરી હતી, તે બહુ સારૂં ગાયન ગાતી હતી. એક વખત એક સભામાં તેના બાપે કહ્યું કે, દીકરી ગા, ત્યારે બાપના હુકમથી બાપની હજુરમાં તેણે ગાયું. એથી બધી સભા ખુશી ખુશી થઇ ગઇ. એ પછી એક વખત તે છોકરીની ઓળખાણવાળા બીજા કોઇ માણસે કહ્યું કે, છોકરી, તને બહુ સારૂં ગાતાં આવડે છે માટે જે ભજન તેં પેલી સભામાં ગાયું હતું તે ફરીથી હમણા ગા જોઇએ? તેથી એ છોકરીએ તે ગાયન ગાઇ બતાવ્યું; પણ તેમાં એ વખતે કાંઇ બરાબર રસ જામ્યો નહીં, અને એ માણસને તેમાં કાંઇ મીઠાશ પડી નહીં. એ પછી એ છોકરીના બાપને તે વાતની ખબર પડી, ત્યારે તેણે કહ્યું કે, કેમ દીકરી? તું બરાબર ગાઇ શકી નહીં? ત્યારે તે છોકરીએ કહ્યું કે, બાપા, તમે મારી પાસે નહોતા એટલે હું કેમ સારૂં ગાઇ શકું? તમે મારી પાસે હોય ત્યારે મારામાં જોર આવે છે, અને ત્યારે મારૂં ગાયન સારૂં હોય છે; પણ જયારે તમે પાસે ન હોય ત્યારે હું શરમાઇ જાઉં છું, ત્યારે હું બ્હી જાઉં છું, અને ત્યારે મારી ભભક ઓછી થઇ જાય છે, તેથી હું સારૂં ગાઇ શકતી નથી. એ પછી તેણે

ત્રીજી વખત પોતાના બાપની હજુરમાં ગાયું અને તે ઘણુંજ સરસ રીતે ગવાયું.

આ દાખલો આપીને એક ભક્તરાજ મહારાજ એમ સમજાવતા હતા કે, એ છોકરી જેમ પોતાના બાપની હાજરીને લીધે સારૂં ગાઈ શકતી હતી અને બાપની હાજરી વિના સારૂં ગાઈ શકતી નહોતી, તેમજ યાદ રાખજો કે, સાચા ભગતોના અંતઃકરણની અંદર ભગવાનની હાજરી હોય છે, તેથી તેઓની વાણીમાં મીઠાશ હોય છે, અને બીજી ઘણી જાતની ખુબી હોય છે. પણ મોહવાદી માણસોની પાસે કાંઇ સીધી રીતે પરમકૃપાળુ પિતા પરમાત્માનો હાજરી હોતી નથી, અને અદૃશ્ય રીતે જે હાજરી હોય તે હાજરી કાંઇ તેઓને દેખાતી નથી, તેથી તેઓની વાણીમાં રસ હોતો નથી, કે બળ હોતું નથી.

બંધુઓ ! ભગતોની વાણીમાં અને સંસારિક લોકોની વાણીમાં આવો તફાવત હોય છે માટે વ્યવહારની બીજી ઘણી રીતોમાં ભગતોમાં અને સંસારિક લોકોમાં સરખાપણું દેખાય તેથી ઠગાશો માં, અને ભગતોને મોહવાદી સંસારીઓના જેવા સમજવાની ભૂલ કરશો માં; પણ તેઓની વાણી ઉપરથી તથા તેઓનાં કામો ઉપરથી તેઓને ઓળખવાની કોશીષ કરજો, તેઓની મદદમાં રહેજો, અને તેવા સાચા ભગત થવાની તજવીજ કરજો. એજ અમારી છેવટની ભલામણ છે.

૫૬.

સદ્‌ગુરુના તે શબ્દ વિચારતાં (૨)
મટે માયા મોહ વિકાર—હરિરસ પીજીએ.

બાળી ભસ્મ કરે બીજી વાસના (૨)
ઉર પ્રગટે પ્રેમ અપાર—હરિરસ૦

એવો અજર અમી રસ જે પીયે (૨)
તેના નેણા વેણા પલટાય—હરિરસ૦

લાગી બ્રહ્મખુમારી ન ઉતરે (૨)
સુખ મુખે કહ્યું નવ જાય—હરિરસ૦

તેને સંભવ નથી રે શરીરનો (૨)
થયો આતમ દ્રષ્ટે ઉઘાડ—હરિરસ૦
મરજીવો થઇ હરિને મળે (૨)
ગળે જ્ઞાન હિમાળે હાડ—હરિરસ૦
બ્રહ્મજ્ઞાને ગગનવત્ થઇ રહે (૨)
જેમ કુંભ મહા જળ માંહે—હરિરસ૦
કૃષ્ણ પોતામાં પોતે શ્રીકૃષ્ણમાં (૨)
કૃષ્ણ વિના ન દીસે કાંઇ—હરિરસ૦
જઇ સરિતા સાગરમાં ભળે (૨)
તેનું નામ નદી ટળી જાય—હરિરસ૦
કહે પ્રીતમ સદ્ગુરુ સેવતાં (૨)
ટળે અંતર એક રસ થાય—હરિરસ૦

૪૯—ભગવત્ માહાત્મ્ય.

ઘરનો બાંધનાર મીસ્ત્રી જેમ ઘરની પેહેલાંજ હૈયાત હોય છે, તેમજ ઇશ્વર પણ આ જગત્‌ની અને અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ પેહેલાં હૈયાત હતો એમ સમજવું.

જેમ એક ઇન્જીન ઘણા ઘણા ડબા ખેંચી જાય છે, તેમ ઇશ્વર અનંત બ્રહ્માંડોને ચલાવે છે.

આપણા આખા ઘરની મુખત્યારી જેમ એકજ આગેવાન માણસના હાથમાં હોય છે, અને જેમ વહાણની મુખત્યારી એકજ કપ્તાનના હાથમાં હોય છે તેમજ આ જગત્‌નું ધણીપણું પણ એકજ પ્રભુના હાથમાં છે.

આપણા આખા શરીરમાં રહેલો જીવ અથવા આત્મા શરીરના જુદા જુદા અંગમાં એટલે કે નાકમાં, કાનમાં, હાથમાં, પગમાં, મોંમાં અને સૌ અંગમાં થોડો થોડો નથી પણ સર્વ અંગમાં પરિપૂર્ણતાથી વ્યાપી રહેલો છે, તેમ ઇશ્વર પણ આખા જગત્‌માં પોતાના સર્વ રૂપે સર્વદા પરિપૂર્ણતાથી વ્યાપી રહેલો છે.

આકાશની બહાર જેમ કોઇ પણ પદાર્થ નથી, તેમ સર્વવ્યાપક મહાન્ પ્રભુની દૃષ્ટિ બહાર કોઇ પણ ચીજ નથી.

આકાશમાં ઉડતાં પક્ષી જેમ ચોતરફથી આકાશથી ઘેરાએલાં રહે છે, તેમ આપણે પણ જ્યાં હોઇએ ત્યાં સર્વત્ર ઇશ્વરના રાજ્યમાં છીએ.

જેમ ફૂલમાં દોરો છે અને દોરામાં ફૂલ છે, તેમ ઇશ્વર આપણા અંતરમાં છે અને આપણે પોતે પણ તે ઈશ્વરમાંજ રમી રહ્યા છીએ.

કોઇ પણ પિતા પોતાના પુત્રને મારી નાંખવા ઇચ્છતો નથી, તેમ ઈશ્વર પણ પોતાના ભક્તોનું બુરૂં કરવા ચ્હાતો નથી.

જેમ લુલાં લંગડાં આંધળાં છોકરાં ઉપર માનો વધારે પ્રેમ હોય છે, તેમ કોઇ ભગતથી તેના આગલા વખતમાં કદી અપરાધો થઇ ગયા હોય તો તે માફ કરી પ્રભુ તેની ઉપર પેલી માની માફક વધારે હેત રાખે છે; તથા એવાં છોકરાંઓને પણ પ્રેમથી મા ઉછેરે છે તેમ કૃપાળુ પ્રભુ અધમ પાપીઓ માથે પણ કૃપાદૃષ્ટિ વરસાવી રહ્યા છે.

ઇશ્વર એટલો બધો મોટો છે કે, અનંત બ્રહ્માંડોમાં પણ સમાઇ શકે તેમ નથી, પણ જીવ ઉપરની કૃપાને લીધે તે એટલો બધો નાનો થઇ જાય છે, કે સાધારણ ભક્તના હૃદયમાં પણ તે સમાઇ જાય છે.

જેમ મોટા રાજાઓ નાની ચીજોની ભેટ લઇને મોટી બક્ષીસો આપી દેય છે, તેમ ભક્તોની થોડીક સેવા લઇને ઇશ્વર તેઓને મોટું ફળ આપી દેય છે.

વૈદને ખબર હોય કે આ દરદી હવે મરી જશે, પણ તે પોતે કાંઇ તેને મારી નાંખતો નથી, તેમ આપણી માથે, જે કાંઇ અડચણો અને દુઃખો આવવાનાં હોય તે સર્વ અગાઉથીજ પ્રભુ જાણે છે; પણ તેથી એ બધાં પ્રભુએજ મોકલેલાં છે એવો ઉંધો વિચાર લેવો નહીં.

જેમ સૂરજને બીજા કોઇ પણ પદાર્થમાંથી તેજ લેવાની જરૂર નથી પણ તે પોતે પોતાનાજ તેજથી પ્રકાશીત છે, તેમ પ્રભુ પણ સર્વ ગુણથી શોભાયમાન અને સ્વયંપ્રકાશ છે.

૫૦–ઇશ્વર આપણો સર્વસ્વ છે.

દોહરો.

સબ ધરતી કાગજ કરૂં, લેખન સબ વનરાય,
સાત સીંધુ સાહી કરૂં, હરિ ગુણ લીખ્યા ન જાય.

એની ઇચ્છાથી આપણે ઉત્પન્ન થયા છીએ, માટે તે આપણો કર્ત્તા છે.

એજ આપણને નીભાવે છે, માટે આપણો પાલન કર્ત્તા પણ તેજ છે.

આપણા માબાપના અંતરમાં તેણે પ્રેમ આપ્યો છે, માટે તે આપણો ખરો પિતા છે.

આપણને સારાં કામ કરવાની તે બુદ્ધિ આપે છે, માટે તે આપણો ગુરૂ છે.

મુવા પછી તે આપણો ઉદ્ધાર કરનાર છે, માટે તારનાર પણ તેજ છે.

તે આપણો કર્ત્તા છે, પાલન કર્ત્તા છે, બુદ્ધિ દાતા છે, રક્ષક છે, તારનાર છે, માતાપિતા છે, સાચો સગો છે, સ્વામી છે, શેઠ છે, મિત્ર છે, અને સર્વસ્વ છે માટે મહાત્મા તુલસીદાસજી કહે છે કે :—

ઇશ્વર વિષે.

જેમ સાગરનું પાણી નાની ગાગરમાં સમાઇ શકે નહીં, તેમ ઇશ્વરનું મ્હોટું મહાત્મ્ય અલ્પ જીવથી યથાર્થ રીતે જાણી શકાય નહીં.

જેમ કોઇ પણ માણસ આખા આકાશને પોતાના હાથમાં પકડી શકે નહીં, તેમ કોઇ પણ જીવથી ઇશ્વર જાણ્યો જાય તેમ નથી.

જેમ સોયના ઝીણાં નાકામાં મોટું દોરડું આવી શકે નહીં, તેમ માયાથી ભરેલાં માણસનાં સાંકડાં મનથી પૂર્ણ રીતે ઇશ્વરને પકડી શકાય નહીં.

કોઇ માણુસ એવી ઇચ્છા રાખે કે. નાની હોડીથી મોટા મહા- સાગરને તરી જાઉં પણ એ જેમ બની શકે નહીં, તેમ નજીવા સાધનોથી આપણે ઇશ્વરને જાણુવા ચ્હાઇએ તે પણ બની શકે એમ નથી.

પોપટ મોઢેથી રામ રામ કહે છે પણ રામ એટલે શું ? એનું તેને ભાન હોતું નથી, તેમજ આપણા સૌનું ઇશ્વરી જ્ઞાન પણ પઢાવેલા પોપટના જેવું જીભનુંજ છે, એમ સમજવું.

કોઇ નાનો છોકરો ચંદ્રમાને રૂપાળો જોઇને તેને આકાશમાંથી પકડી લાવવા ચ્હાય તો તે જેમ તેનાથી બની શકે નહીં, તેમ ઇશ્વર સંબંધી આપણા પ્રયત્નો પણ એવાજ જાણુવા.

જે માણુસ ઉંચી ટેકરી ઉપર ઉભો રહીને દરીયાની તરફ જોય છે તેની નજર ઘણી લાંબી પહોંચે છે ખરી, પણ તે કાંઇ દરીયાની આરપાર સામેના કિનારા સુધી પહોંચી શકે નહીં, તેમજ કોઇ પણ માણુસ ઈશ્વરને જાણુવાની તજવીજ કરે તો તે ચોક્કસ હદ સુધી જાણી શકે ખરો, પણ ઇશ્વરનો મહિમા જાણી શકે નહીં.

સૂરજની સામે જોનાર માણુસ જેમ તેના તેજમાં અંજાઇ જાય છે, તેમ મહાન્ પ્રભુના અલૌકિક અદ્ભૂત રૂપને જાણુવા ઇચ્છનાર માણુસ પણ પ્રભુના અલૌકિક ગુણો તથા શોભાથી વચમાંજ ગુમ થઇ જાય છે, પણ તેનો પાર પામી શકતો નથી.

જેમ તારાઓને આપણે દિવસે દેખી શકતા નથી પણ રાતે ખુલ્લેખુલ્લા દેખી શકીએ છીએ, તેમ ઇશ્વરને પણ આ દેહથી આપણે દેખી શકતા નથી, પણ જો તેના ગુણ ગાન કરીએ તો મરણ પછી તેને જાણી શકીએ તેમ છીએ.

જેમ એક નાની કીડીથી મોટા સમુદ્રનો તાગ લઇ શકાય નહીં, તેમ આપણાથી ઇશ્વરનો પાર પામી શકાય નહીં.

કોઇ માણુસ ચાહે તો સમુદ્રના મોજાઓ ગણી શકે, આસમાનના તારાઓ ગણી શકે, અને જોકે બની શકે તેમ નથી તો પણ કદી કોઇ વરસાદનાં ટીપાંઓ પણ ગણી શકે, પણ અનંત બ્રહ્માંડના નાથ મહાન્ પ્રભુના અનંત ગુણો તો કોઇથી પણ ગણી શકાય તેમ નથી.

જેમ એક નાના ચમચા વતી સમુદ્ર ઉલેચી શકાય નહીં, તેમ જીવથી પ્રભુનો પાર લેવાઇ શકાય નહીં. માટે સુંદરદાસ કહે છે કે:-

સવૈયો.

વેદ થકે કહિ તંત્ર થકે કહિ ગ્રંથ થકે નિસિવાસર ગાતે,
શેષ થકે શિવ ઇંદ્ર થકે પુનિ ખોજ કિયો બહુ ભાંતિ વિધાતે.
વીર થકે પુની મીર થકે પુની ધીર થકે બહુ બોલી ગિરાતે;
સુંદર મૌનગ્રહી સિદ્ધ સાધક કૌન કહે ઉસકી મુખ બાતે.

૫૧—ઘણા માણસોને પૈસા મેળવતાં આવડે છે પણ પૈસા ખરચતાં આવડતા નથી, તે વિષે.

જીંદગી સુધારવા માટે અને પ્રભુના રસ્તામાં આગળ વધવા માટે ઘણી જાતનાં સાધનો છે, તેમાં પૈસા મેળવવા ને તેને ધર્મમાં ખરચવા એ પણ એક બહુ મોટું સાધન છે. કારણ કે પૈસાને લીધે પણ ઘણી જાતની સગવડો ભોગવી શકાય છે. જેમકે,

પાસે પૈસા હોય તો ગરીબોને મદદ કરી શકાય છે, સુપાત્રોને દાન આપી શકાય છે, નાતનું ભલું થાય તેવાં કામો કરી શકાય છે, દેશની આબાદી વધે તેવાં રૂડાં કામો કરી શકાય છે ને જ્ઞાન મેળવવાની તકો લઇ શકાય છે. જેમકે, ઘરમાં લાયબ્રેરી રાખવી, જુદી જુદી બાબતો શીખવનાર માસ્તરો રાખવા, જોવા લાયક જગ્યાઓ જોવા માટે જવું, દેશ પરદેશની મુસાફરી કરવી, પ્રદર્શનો જોવા જવું, યાત્રાઓ કરવી, અને એવાં બીજાં ઘણાં કામો પૈસાની સગવડને લીધે થઇ શકે છે. એ શિવાય પૈસાની મદદથી કીર્તિ પણ મેળવી શકાય છે, પૈસાની મદદથી લાગવગ પણ વધારી શકાય છે, પૈસાની મદદથી અમલદાર વર્ગને પણ રાજી રાખી શકાય છે, અને પૈસાની મદદથી ઘણી બાબતોમાં વખતનો તથા મહેનતનો બચાવ થાય છે. અને જો પૈસાનો ઉપયોગ કરતાં આવડે તો તંદુરસ્તી સુધારવામાં તથા જીંદગી લંબાવવામાં પણ તેનો લાભ લઈ શકાય છે. આવા આવા ઘણા ફાય-

દાએ હોવાથી બધા માણસો પૈસા મેળવવાની દોડાદોડ કરે છે. તેમાં કેટલાક માણસોને પૈસા મેળવવાની સગવડો મળી જાય છે, કેટલાક માણસોને કીસમતની યારી મળી જાય છે, અને કેટલાક માણસોને પૈસા મેળવવાની યુકિતઓ આવડી જાય છે, તથા એ બાબતની કુંચીઓ મળી જાય છે, તેથી તેઓને સારી રીતે પૈસા મળી જાય છે. પણ બંધુઓ ! યાદ રાખજો કે, પૈસા મેળવવા એ જુદી વાત છે, અને પૈસા ભલાં કામોમાં ખરચવા એ જુદી વાત છે. એ વાત સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક શેઠીયો હતો. તેને ત્યાં ઘોડા ગાડી હતી, તેથી ફરવા જવા માટે તે શેઠ ઘોડાવાળાને કહેવરાવતો કે, ગાડી જોડી લાવ, એટલે તે ગાડીવાળો ગાડી જોડીને શેઠની દુકાન પાસે આવીને ગાડી ઉભી રાખતો, પણ એટલા વખતમાં તે અતી જંજાળી અને અતિ ઉપાધીવાળા શેઠીયાની પાસે કોઇને કોઇ ઘરાક આવી નીકળતું, અગર કોઇને કોઇ ગામ ગપાટા મારનાર ઓળખાણુ પીછાણુવાળા માણસો આવી નીકળતાં, તેથી તેમના સાથે વાતો કરવામાં વખત ચાલ્યો જતો, એટલે ફરવા જવાનો ટાઇમ રહેતો નહીં. તેથી કલાક દોઢ કલાક ગાડી રખાવ્યા પછી ગાડીવાળાને શેઠ કહેતા કે, જા, હવે ગાડી છોડી નાંખ, આજે હવે ફરવા જવું નથી. આ પ્રમાણે દરરોજ થતું હતું, તેથી ઘોડાવાળાએ એક દિવસ એ શેઠના એક દોસ્તને પૂછયું કે, શેઠ આમ કાં કરે ? ત્યારે તે બીજા શેઠીયાએ કહ્યું કે, શેઠને ગાડી જોડાવતાં આવડે છે પણ તેમાં બેસીને ફરવા જતાં આવડતું નથી, તેનો લાભ લેતાં આવડતું નથી, એટલે ફરવા કયાં જઇ શકે ?

બંધુઓ ! આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે, એ બહુ ઉપાધીવાળા શેઠીયાને જેમ ગાડી જોડાવતાં આવડતી હતી પણ તેનો લાભ લેતાં આવડતો નહોતો, તેમજ ઘણા માણસોને ધન મેળવતાં આવડે છે, પણ ધર્મના કામમાં ધન ખરચીને તેનો આનંદ ભોગવતાં આવડતું નથી. તેથી એમ બને છે કે, પોતાની પાસે ધનની બહુ સગવડો હોય છતાં પણ તેઓ કાંઇ કરી શકતા નથી, અને છતાં સાધનોએ કાંઇ પણ ભેટ લીધા વિના,

કે કાંઇ પણ ખરેખરા લ્હાવા લીધા વિના ખાલી હાથે ફોગટ ફેરો ખાઇને ચાલ્યા જાય છે.

હે હરિજનો ! યાદ રાખજો કે, ધર્મના રસ્તામાં આગળ વધવા માટે ગૃહસ્થાશ્રમ વખતે જુવાનીમાં જેમ ધન મેળવવાની જરૂર છે, તેમજ મોક્ષ મેળવવા માટે આખર અવસ્થામાં ધન તજવાની પણ જરૂર છે. કારણ કે મનમાંથી બધી જાતની વાસનાઓ કાઢી નાંખ્યા વિના કદી પણ મોક્ષ થઇ શકતો નથી, એ દુનીયાના બધા ધર્મનો મહાન્ સિદ્ધાંત છે. પણ યાદ રાખજો કે, નાનપણથીજ જો યથાશકિત આપવાની ટેવ ન પાડી હોય, ખુલ્લો હાથ ન રાખ્યો હોય, તેજુરીનાં બારણાં ન ઉઘાડયાં હોય, ખીસાં ઉપર કાતર મૂકતાં ન શીખ્યા હોય, અને પ્રસંગોપાત દાન આપવાની ટેવ ન પાડી હોય તો ઉત્તર અવસ્થામાં કાંઇ એકદમ એવી ટેવ પડી જતી નથી. માટે નાનપણથીજ પોતાની શકિત પ્રમાણે ધર્મનાં કામોમાં ધન વાપરતાં શીખવું જોઇએ. કારણ કે જ્ઞાનિઓનો એવો સિદ્ધાંત છે કે, ધન મેળવવું એ નાની વાત છે, પણ ધન ખરચવું એ બહુ મોટી વાત છે. આમ હોવાથી ધન મેળવવાથીજ કાંઇ પ્રભુ રાજી થતા નથી, પણ ધર્મના કામમાં વિવેકબુદ્ધિ વાપરીને ધન ખરચવાથીજ પ્રભુ રાજી થાય છે. માટે બંધુઓ ! અમારી તમને એજ ભલામણ છે કે, જેમ બને તેમ ન્યાયને રસ્તે ધર્મને બાજુમાં રાખીને જેટલું મેળવાય એટલું ધન મેળવજો, અને તેમાંથી પોતાને હાથે કરીને શુભ કામોમાં જેમ વધુમાં વધુ ખરચાય તેમ કરજો. પરમકૃપાળુ પરમાત્માએ પૂરતાં સાધનો આપ્યા હોય છતાં પણ ખાલી હાથે ન ચાલ્યું જવાય એ સંભાળજો, ખાલી હાથે ન ચાલ્યું જવાય એ સંભાળજો.

પરમાર્થ કરવા વિષે.

દોહરા.

માયા મેરે રામકી, ધરણી ધરકી દેહ;
  પુંજી બીરાને સાહકી, ઠરસે જશ કર લે.
પાની બાઢો નાવમેં, ઘરમેં બાઢો દામ;
  દોનો હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.

ધન દીયે ધન ના ઘટે, નદી ન ઘટે નીર;
અપની આંખે દેખલો, યોં કથી કહે કબીર.

રામ નામકે કારણે, સબ ધન ડાલ્યો ખોય;
મુરખ જાણે ગીર પડયો, દીન દીન દુણો હોય.

તુલસી પંછીનકે પીએ, ઘટે ન સરીતા નીર;
ધર્મ કીયે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

કુંજર મુખતેં ગીર પડયો, ઘટયો ન ગજકો આહાર;
લાખો કીડી લે ચલી, પોષનકો પરીવાર.

ગાંઠી હોય સો હાથ કર, હાથ હોય સો દેહ;
આગે હાટ ન બાનીઆ, લેના હોય સો લેહ.

દેહ ધરેકો એહી ફલ, દેહ દેહ કછુ દેહ;
દેહ ખેહ હો જાયગી, ફીર કોન કહેગા દેહ?

ખાય ખીલાય લુટાય દે, કરલે અપના કામ;
ચલતી વખતે રે નરો, સંગ ન ચલે બદામ.

તુલસી દેવો કઠણ હય, જો કાહુકો દેત;
સૂરજ હોત સંસારમેં, ફેર આપનો લેત.

૫૨–મૃત્યુ આવવાની પહેલાંજ આપણે આપણી સાર્થકતા કરી લેવી જોઇએ.

અમે એમ જોએલું છે કે, આ દુનીયામાં જે માણસો બહુ ડાહ્યા ગણાય છે, જેઓ પોતાના કુટુંબમાં મોટેરા ગણાય છે, જેઓ પોતાની નાતમાં પટેલીઆ ગણાય છે, જેઓ પોતાના ગામના પંચમાં નીમાય છે, અને જેઓને સરકારી અમલદારો માન આપે છે તથા સાધુ સંતો પણ જેનાં વખાંણ કરે છે એવા માણસો પણ પોતાની બાબતમાં બેદરકાર રહે છે, અને જે કામો હમણાંજ કરી લેવા જેવાં હોય તે કામોને પણ આગળ ઉપર ધકેલ્યા કરે છે. એથી પરિણામ એ થાય છે કે, તેઓથી ખરેખરી રીતે જે બનવું જોઇએ તે બની શકતું નથી, અને દુનીયાદારીની બહુ ચતુરાઇ છતાં પણ

ધર્મનો લાભ લેવાની બાબતમાં તેઓ પછાત રહી જાય છે. આવી જાતની ભૂલ ન થાય માટે એક મહાત્મા પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે,

એક રાજા હતો. તે એક ભીખારી ઉપર એક દિવસ રાજી થયો. તેથી તેણે તે ભીખારીને પોતાનો ખજાનો ખોલી આપ્યો અને કહ્યું કે, આજે સાંજ સુધીમાં તારાથી આમાંથી જેટલું લેવાય તેટલું લઇ જા, જેટલું ઉપડે તેટલું ઉપાડી જા, અને એ ખજાનામાંથી જે જે ચીજો તેને ગમે તે લઇ જા. એ સાંભળીને તે ભીખારી બહુજ રાજી થઇ ગયો અને સારાં સારાં રત્નો, હીરા, મોતી, માણેક, સોનું વીગેરે પોતાથી લઇ શકાય તેટલું લેવા લાગ્યો. એટલામાં સાંજ પડી ગઇ ને સૂર્ય અસ્ત થયો, ત્યારે સીપાઇએ કહ્યું કે, હવે ટાઇમ ખલાસ થઇ ગયો, હવે કાંઇ લેવાશે નહીં.

બંધુઓ! આવીજ રીતે આ દુનિયારૂપી ખજાનો પરમકૃપાળુ પરમાત્માએ આપણી આગળ ખુલ્લો મૂકેલો છે. એમાંથી પ્રેમ, જ્ઞાન, તપ, જપ, દાન વીગેરે કઇ જાતનાં રત્ન લેવાં તે આપણા અખત્યારની વાત છે, પણ તેમાં એટલી શરત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, આપણી જીંદગીનો સૂર્ય અસ્ત થાય તેની પહેલાંજ એ બધું લેવાનું છે. જીંદગીનો સૂર્ય અસ્ત થયા પછી બીજું કાંઇ પણ બની શકે તેમ નથી. કારણ કે રાજાઓના રાજા, દેવોના દેવ અને પરમકૃપાળુ પરમાત્માએ આપણને એવી આજ્ઞા આપેલી છે કે, જ્યાં સુધી તમારી જીંદગી કાયમ છે અને તમે આ દુનીયામાં મનુષ્યરૂપે જ્યાં સુધી હયાત છો ત્યાં સુધી તમારાથી જેટલું લેવાય એટલું લઇ લો, પણ એ વખત ગયા પછી કાંઇ પણ લઇ શકાશે નહીં. એ વખતે યમના દૂતો આડા આવશે અને કહેશે કે, હવે ખેલ ખલાસ. હવે કોઇ પણ ચીજને અડી શકશો નહીં. એ વખતે પસ્તાવું ન પડે તેમ કરવાની જરૂર છે.

બંધુઓ! આપણે સૌ આ વાત જાણીએ છીએ કે, મરી ગયા પછી કંઇ પણ બની શકતું નથી. જે કાંઇ કરી લેવાનું છે તે હમણાંજ કરવાનું છે, અને તેમ છતાં અફસોસની વાત એ છે કે, આપણે સૌ એવી બાબતોમાં બહુજ બેદરકાર રહીએ છીએ.

આપણે એમ પણ ખાતરીપૂર્વક સમજીએ છીએ કે, મૃત્યુ નકકી છે, એમાં કાંઇ ફેર પડે તેમ નથી. મોડું કે વહેલું જવુંજ પડશે, છતાં પણ અમૂલ્ય ખજાનો આપણે મેળવી શકીએ તેમ છીએ અને જે ખજાનો લેવા માટે આપણા પરમકૃપાળુ પિતાએ આપણને ખુશીથી રજા આપેલી છે, તે ખજાનો પણ આપણે લેતા નથી, એજ અફસોસની વાત છે. માટે હે હરિજનો ! મારી તમને એજ વિનંતિ છે કે, જેમ બને તેમ આ જીંદગીની અંદર સુકૃત્ય થઇ શકે તેમ કરો. પરમાર્થનાં કામો થઇ શકે તેમ કરો. ધર્મનાં કામો થઇ શકે તેમ કરો. પ્રેમ વધારવાનાં કામો થઇ શકે તેમ કરો. જ્ઞાન વધારવાનાં કામો થઇ શકે તેમ કરો. ઇશ્વરનું ઐશ્વર્ય વધારવાનાં કામો થઇ શકે તેમ કરો અને ઇશ્વરનું સત્ય સ્વરૂપ જણાય તથા તેની સાથે એકતા થઇ શકે તેમ કરો. એજ અમારી ભલામણ છે.

પદ.

ભજોને ભગવાનને, પછી દિલમાં થાશે ઓરતો;
કરશો કુડાં કામ, વાલીડાનો વસ્તુ નથી હારનોરેજી—ભ૦
જીભલડી જુઠાં બોલશે, તેને વશ કરીને વારજો;
જેનારે પડે કામ, તેને સવાયાં સંભારજોરેજી--ભ૦
જ્યારે બુઢ્ઢાપણુ આવશે, ત્યારે સારાં ભોજન ભાવશે;
કાળા મટી કેશ, માથે ધોળાં ફરી આવશેરેજી—ભ૦
જાવુ રે અકાએકને, સાથે લેજો સદાશિવને;
સ્મરણ કરો શ્યામનું, ધોખો નહીં થાય તારા જીવનેરેજી-ભ૦
સ્મરણ કરો શ્યામનું, ટ હું થાય જો તારા તનમાં;
મૂળદાસ કહે મહારાજ, મે હન રહેજો મારા મનમાંરેજી-ભ૦

૫૭—વ્યવહારિક માણસોમાં અને ભગતોમાં શું ફેર હોય છે ? તેનો ખુલાસો.

વ્યવહારિક માણુસોને તથા ભગતોને એ બંનેને દુનિયાદારીના બધા વહેવારો ચલાવવા પડે છે. જેમકે, ખાવું, પીવું, સુવું, બેસવું, ઉઠવું, ફરવું, હરવું, સૌની સાથે વાતચિત કરવી, ધંધો

રોજગાર કરવો, વર વેહેવાઇ થવું, વીગેરે દરેક બાબતો કરવી પડે છે. એટલે એ બધા બહારના વ્યવહારોમાં ભગતો પણ વ્યવહારિક માણસોના જેવાજ લાગે છે. તેથી કેટલાક જીજ્ઞાસુઓને એમ લાગે છે કે, સંસારિક લોકોમાં અને ભગતોમાં ફેર શું? અમને તો તેમની બધી વાતો સરખીજ દેખાય છે. માટે સંસારિક લોકોના કરતાં ભગતોમાં શું વિશેષતા હોય છે, તે કહેવાની મહેરબાની કરો; એમ એક સંતને કહ્યું ત્યારે તે સંતે કહ્યું કે,

ભાઇ, ભગતોમાં અને સંસારીઓમાં ઘણોજ ફેર છે. તેઓના અંતરના વિચારોમાં બહુ મોટો ફેર હોય છે. તેઓની ભાવનાઓમાં પણ બહુ ભારી ભેદ હોય છે અને તેઓની રહેણી કરણીમાં પણ ઘણોએ તફાવત હોય છે. જેમકે, સંસારિક લોકોને કાંઇ આપવું પડે ત્યારે શરમને ખાતર, વિવેકને ખાતર, લોક લાજને ખાતર, અગર રિવાજને ખાતર જે ન ચાલે તે આપવું પડે છે. પણ એવી રીતે આપ્યા પછી પણ તેઓ મનમાંથી દિલગીર થાય છે અને તેઓને એમ લાગ્યા કરે છે કે, આને ન અપાણું હોત તો એટલા પૈસા બચી જાત. પણ એને બદલે જયારે કોઇ ભગતને કાંઇ આપવાનો વખત આવે ત્યારે ભગતો બહુ રાજી થાય છે. પ્રભુના ઉપકાર માને છે અને આવા ધર્મના કામમાં હજીએ કાંઇક વધારે અપાય તો ઠીક, એમ ઇચ્છા રાખે છે. આવો ભગતમાં અને સંસારિક લોકોમાં ફેર હોય છે.

સંસારિક લોકોનો જયારે કોઈ માણસ કાંઇ અપરાધ કરે ત્યારે તે લોકો વેર લેવાની ઇચ્છા રાખે છે, અને જયાં સુધી સામા માણસનું કંઇ પણ નુકશાન ન કરે ત્યાં સુધી તેઓને ચેન પડતું નથી. પણ જે ખરા ભગતો હોય છે તેઓ પોતાને નુકશાન કરે તેને પણ માફ કરવાની ઇચ્છા રાખે છે. માત્ર ઇચ્છા રાખે છે એટલુંજ નહીં પણ જયાં સુધી અરેખરી રીતે માફ કરી શકે નહીં ત્યાં સુધી તેનું મન તેને ડંખ્યા કરે છે અને તેને એમ લાગે છે કે, હું કેટલો બધો અભાગ્યો છું કે હજી સુધી માફ કરી શકતો નથી? એ વાત મને હજી સુધી કેમ યાદ આવ્યા કરે છે? એ વાત હજી કેમ ભૂલાતી નથી? આવી રીતે ભગતોના મનમાં ખટકો રહ્યા કરે છે. એટલુંજ નહીં પણ જયારે તેઓ માફ કરી શકે ત્યારેજ

તેઓને આનંદ થાય છે. આવો ભગતોમાં અને વ્યવહારિક માણસોમાં ફેર હોય છે.

સંસારિક લોકોને જ્યારે કોઇ હરિકથામાં, મંદીરમાં, કે તીર્થમાં જવું પડે અને ત્યાં ધાર્યા કરતાં વધારે વખત રોકાવું પડે અગર ધાર્યા કરતાં વધારે ખર્ચ કરવું પડે ત્યારે તેઓ પોતાના મનમાં ને મનમાં મુંઝાયા કરે છે, અને તેને એમ લાગે છે કે, અહિં આવીને ઉલટા ફસાઇ ગયા છીએ. એમ સમજીને તેઓ પોતાના મનમાંથી દિલગીર થાય છે અને પોતાના સ્નેહીઓ આગળ પણ કહ્યા કરે છે કે, આટલા બધા દહાડા ભાંગી જાય તે કેમ ચાલે? આવી જાત્રા આપણને તો બહુ ભારે પડી જાય. હવે તો જલદી ઘરભેળા થઇએ તો સારૂં. આવા ખર્ચ કાંઇ આપણને પાલવે નહીં. એમ કહીને તેઓ વારંવાર એ વાતનો અફસોસ કર્યા કરે છે. પણ જે સાચા ભગતો હોય છે, તેઓ આવે પ્રસંગે ઉલટા બહુ રાજી થાય છે અને પોતાના મનમાંથી એમ સમજે છે કે, આપણે આપણી ખુશીથી આવા પવિત્ર સ્થળમાં વધારે દિવસ રહી શકત નહીં, પણ આ અડચણ આવી પડી તેને લીધે હવે અહિં રહેવાશે ને પાંચ પૈસા તીર્થમાં ખર્ચાશે, એ બહુ સારી વાત છે. ભગવાન્ દયાળુ છે, તેથી અણધારી આવી તક આપી દે છે. એમ સમજીને તેઓ ઉલટા રાજી થાય છે, અને બહુ આનંદમાં પોતાનો વખત ગુજારે છે. આવી રીતનો ભગતોમાં અને સંસારિક લોકોમાં તફાવત હોય છે.

સંસારિક લોકોની પાસે બહુ પૈસા હોય તો પણ તેઓને સંતોષ આવતો નથી બહુ પૈસા હોય છતાં પણ તેઓ તેનો બહુ લાભ લઇ શકતા નથી. બહુ પૈસા હોય છતાં પણ પૈસાની ચીંતા છોડતા નથી, અને બહુ પૈસા હોય છતાં પણ તેઓ પૈસાનો સદ્‌ઉપયોગ કરી શકતા નથી. પણ એને બદલે જે માણસ ભગત હોય તે માણસ કદી બહુ ગરીબ હોય તો પણ પોતાની ગરીબીમાં પણ સંતોષથી રહે છે. પોતાની ગરીબી છતાં પણ જ્યાં જ્યાં પોતાની નજર પહોંચે ત્યાં ત્યાં કાંઇ

કાંઈ લાંબો હાથ કર્યા કરે છે. પૈસાનું દુઃખ હોય અને તાણાતાણી હોય છતાં પણ પૈસામાંજ તેઓ પોતાના મનને રાખી મૂકતા નથી અને પોતાની પાસે જે કાંઇ થોડું ઘણું હોય તેમાંથી પણ તેઓ જરા તરા આપ્યા કરે છે. એટલુંજ નહીં પણ એવી ગરીબી છતાં પણ તેઓ સદાય આનંદમાં રહે છે, અને પરમકૃપાળુ પરમાત્માનો ઉપકાર માન્યા કરે છે. આવો ભગતોમાં અને સંસારિઓમાં ફેર હોય છે.

સંસારિક લોકોને માટે જ્યારે કાંઇ દુઃખ આવી પડે છે ત્યારે તેઓના બાર વાગી જાય છે. એ દુઃખ ગમે તો ધન જતું રહેવાનું હોય, એ દુઃખ ગમે તો મંદવાડનું હોય, એ દુઃખ ગમે તો વહાલાં સગાંના મરણનું હોય, અને એ દુઃખ ગમે તો અપમાન ખમવાનું કે આબરૂ જવાનું હોય, પણ એવે બધે વખતે સંસારિક લોકો હેરાન હેરાન થઇ જાય છે અને એવે વખતે તેઓનાં દુઃખની કાંઇ હદ રહેતી નથી. પણ એને બદલે કોઇ ભગતોની ઉપર જો એ જાતનાં દુઃખો આવી પડે તો તે વખતે તેઓ સંસારિઓના જેવા દુઃખથી દબાઇ જતા નથી. તેઓ એવે વખતે પોતાના મનનું એમ સમાધાન કરે છે કે, દુનિયા દુઃખરૂપજ છે, એટલે દુઃખ પડે તેમાં કાંઇ નવાઇ નથી. પ્રારબ્ધના ભોગ ભોગવવાજ જોઇએ. દૈવ ઇચ્છા બળવાન છે. એમાં કાંઈ આપણું જોર ચાલી શકે નહીં, માટે ફોગટનું દિલગીર થયા કરવામાં શું વળે ? એમ સમજીને તેઓ પોતાના મનને વાળે છે. એટલુંજ નહીં પણ ઉંચા ભગતો તો એમ પણ વિચાર કરે છે કે, પ્રભુએ આ આટલાં દુઃખથીજ આપણો છૂટકો કર્યો એ તેનો મોટો ઉપકાર છે. કારણ કે કદી આ કરતાં પણ બીજાં ઘણાં વધારે દુઃખો પડયાં હોત તો પણ આપણે શું કરી શકત ? કાંઇ વધારે મોટું દુઃખ આવવાનું હશે તેને બદલે આટલાથીજ પ્રભુએ છૂટકો કીધો એ તેનો ઉપકાર છે. એમ સમજીને બહુ અફસોસ કર્યા વિના શાંતિથી તેઓ પોતાના દુઃખોને ભોગવી લે છે અને દુઃખની વખતે પણ તેઓ બહુ નીચે ઉતરી જતા નથી, પણ દુઃખમાંથી પણ તેઓ કાંઈ નવો પાઠ શીખી લે છે. અને દુઃખમાંથી પણ ઉલટા કાંઇક ઉંચે ચઢે છે, એ તેઓની ખુબી છે. આવી રીતે ભગતોમાં અને વ્યવહારિક માણસોમાં ઘણો ફેર હોય છે.

ભાઇ, જોયું કે ભગતોના હૃદયમાં અને સંસારિક લોકોના હૃદયમાં આવા આવા ઘણી જાતના તફાવત હોય છે તેથી કોઇ પણ સારા માઠા પ્રસંગોએ ભગતો પોતાની દૃષ્ટિને બહુજ ઉંચી રાખી શકે છે. પોતાના વિચારોને બહુજ વિશાળ રાખી શકે છે અને પોતાના અંતરને બહુ ધકો પહોંચવા દેતા નથી એ ભગતોમાં વિશેષતા હોય છે. પણ એને બદલે જે વ્યવહારિક માણસો હોય છે તેઓની નજર એવી લાંબી હોતી નથી. તેઓના વિચારો એવા ઉંચા હોતા નથી અને સુખ દુઃખના નાના નાના પ્રસંગોએ પણ તેઓ ધીરજ કે સમતા રાખી શકતા નથી. આવો ભગતોમાં અને સંસારિક લોકોમાં તફાવત હોય છે. માટે ભાઇ, ભગતોના બહારના ખાવાપીવા સામે, સુવા બેસવા સામે, અને કામકાજ સામે જોઇનેજ તેઓનો તોલ કરો માં, પણ તેઓના અંતર સામે જોઇને તેઓની પરિક્ષા કરો અને છેવટ સુધી સંસારના કીચડમાંજ નહીં ફસાઇ રહેતાં આવી જાતના સાચા ભગત થવાની કોશીષ કરો, આવી જાતના સાચા ભગત થવાની કોશીષ કરો.

૫૪–ભાતૃભાવ.

તુલસી આ સંસાર મેં, ભાત ભાતકે લોક;
  સબસે હીલી મીલી ચાલીએ, નદી નાવ સંજોગ.
તુલસી કહે ઇસ જગત મેં, સબસે મીલીએ ધાય;
  કયા જાણે કીસ બેશસે, રામચંદ્ર મીલી જાય.
તુલસી જો જન હેતસે, સેવા જાને કોય:
  નરકો વશ કરવો કહા, નારાયણ વશ હોય.
કબીર ગર્વ ન કીજીએ, રંક ન હસીએ કોય;
  અબ તો નાવ સમુદ્ર મેં, ના જાને કયા હોય.

આપણા ઘરના કુટુંબીયોમાં કોઇ લોભી, કોઈ લ્હેરી, કોઇ ભોળા, કોઇ લુચ્ચા, કોઇ થોડા બોલા, ને કોઇ બકબકીયા હોય છે; તેમજ આ જગત્‌ના જીવોમાં પણ જયાં ત્યાં એવીજ પ્રકૃતિના જીવો સાથે આપણે કામ પડે છે. તો તેમની પ્રકૃતિના દોષો તરફ ન જોતાં તે આપણા પિતા ઇશ્વરના ઉત્પન્ન કરેલા જીવો આપણા ઇશ્વરી સગાઇના સંબંધી છે એમ જાણવું.

પિતા જેમ ઘરમાં છોકરાંઓને એક બીજા સાથે સલાહ સંપથી વરતતા જોઇને રાજી થાય છે, તેમ આપણો પિતા ઇશ્વર પણ જો આપણે સૌ મનુષ્યો સાથે હળીમળી રહીએ તો ઘણોજ રાજી રહે છે.

એક વહાણ કે આગબોટમાં બેઠેલા સૌ માણસો જેમ હળીમળીને દહાડાઓ ગુજારી લેય છે, તેમ આપણે સૌ મનુષ્યોએ પણ એક બીજા સાથે સલાહ સંપથી રહેવાની ટેવ પાડવી.

અને યાદ રાખવું કે, આપણે સૌ નાના મોટા, ધનવાન ને ગરીબો, બધાય એકજ ઇશ્વરી પિતાના પુત્ર છીએ. માટે તુલસીદાસજી કહે છે કેઃ—

દોહરો.

તુલસી આ સંસાર મેં, ભાત ભાતકે લોક;
સબસેં હિલિમિલિ ચાલીએ, નદી નાવ સંજોગ.

આપણે સૌને રહેવાને ઘરરૂપી પૃથ્વી એકજ છે, માથે આસમાનરૂપી છાપરૂં પણ એકજ છે, તેમજ ઘરમાં સુરજરૂપી દીવો પણ સૌને માટે એકજ છે; તેમજ ઇશ્વરે ઉત્પન્ન કરેલા હવાપાણીરૂપી સર્વ પદાર્થોમાં પણ આપણ સૌનો ઇશ્વરે એક સરખોજ ભાગ રાખ્યો હોય એમ જણાય છે.

આપણા પગમાં જ્યારે કાંટો વાગે છે ત્યારે આપણી કેડ વાંકી વળે છે, આપણી આંખ તેને જોવા લાગે છે, આપણો હાથ તે કાંટો કાઢવાની તજવીજ કરે છે ને સઘળું શરીર તેની પછવાડે હેરાન થઇ રહે છે. તેજ પ્રમાણે આપણા મનુષ્ય ભાઇઓ માથે પણ જ્યારે દુઃખ આવી પડયું હોય ત્યારે આપણા શરીરના સર્વ અંગોની માફક તેનાં દુઃખ દૂર કરવાની તજવીજમાં આપણે સૌએ રહેવું જોઇએ.

જે માણસ પ્રભુને ભજે પણ મનુષ્યોનું કલ્યાણ ન ઇચ્છે તે બાપ સાથે મિત્રાઇ રાખે ને તેના દીકરા સાથે વેર રાખે છે એમ સમજવું, અને જે માણસ મનુષ્યોનું ભલું કરે પણ ઇશ્વર ઉપર પ્રેમ ન રાખે તે છોકરાઓ સાથે દોસ્તી રાખે પણ બાપથી અજાણ્યા છે એમ સમજવું.

પ્રભુ કહે છે કે જેણે મને રાજી કરવો હોય, તેણે મારા જનોની સેવા કરવી.

બીજાને દુઃખ થાય તે કરતાં પોતેજ દુઃખ ખમી લેવું એ હરિજનોનો ધર્મ છે.

૫૫–પ્રભુને માન આપવાની રીતો.

પ્રભુને કેવી રીતે માન આપવું જોઇએ એ વાત પણ જાણી લેવી જોઇએ. કારણ કે ઘણા હરિજનોને પ્રભુને માન આપવાનું મન થાય છે, પણ પ્રભુની પ્રભુતા પ્રમાણે પ્રભુને કેમ માન આપવું એ વાત તેઓ જાણતા નથી, તેથી પ્રભુને જેવી રીતે ને જેટલું માન આપવું જોઇએ તેટલું માન તેઓ આપી શકતા નથી. માટે પ્રભુને કેવી રીતે માન આપવું જોઇએ એ વાત પણ જાણવી જોઇએ. એ માટે સંતો એમ કહે છે કે,

આ જગત્‌ની દરેક વસ્તુઓ કરતાં પ્રભુને શ્રેષ્ટમાં શ્રેષ્ટ સમજવા તેનું નામ પ્રભુને માન આપવું છે. આપણા અંગત સ્વાર્થો કરતાં પ્રભુની સેવામાં વધારે ફાયદો છે, એમ સંપૂર્ણ ખાત્રી થઇ જાય ને તે પ્રમાણે વર્તાય તેનું નામ પ્રભુને માન આપવું છે. જગત્‌માં જેટલી જાતના વૈભવો છે, તે બધા વૈભવોના સુખને પ્રભુના આનંદની આગળ એક બિંદુ જેટલા પણ સમજવા નહીં તેનું નામ પ્રભુને માન આપવું છે. આ જગત્‌માં જેટલા જીવો છે, તે સૌ જીવો પ્રભુના છે, એમ સમજી તેઓની ઉપર આત્મભાવ રાખવો એ પ્રભુને માન આપવાની રીતી છે. પ્રભુનો મહિમા સમજવો, પ્રભુના ગુણ ગાવા અને જગત્‌માં પ્રભુનું જ્ઞાન ફેલાવવું તેનું નામ પ્રભુને માન આપવું છે. આપણી ઇચ્છાઓને બાજુએ રાખવી ને પ્રભુની ઇચ્છા પ્રમાણે વરતવું તથા પ્રભુના ભગતોની સેવા કરવી તેનું નામ પ્રભુને માન આપવું છે. અને પોતાના આત્માને જગાડવો અને તેને પ્રભુ તરફ વાળી પ્રભુના પ્રેમમાં, પ્રભુના જ્ઞાનમાં, ને પ્રભુના આનંદમાં તન્મય કરવો, તેનું નામ પ્રભુને માન આપવું છે. બંધુઓ! આવી આવી અનેક રીતે પ્રભુને માન આપી શકાય છે, માટે આમાંથી જે રીતી તમને ફાવે તે

રીતે તમે પ્રભુને માન આપવાની કોશીષ કરજો, એજ અમારી વિનંતિ છે, એટલે તમને પણ માન મળશે.

૫૬.

કોઇનો ભાર ન રાખે મોરારી, આપે વ્યાજ સીખે ગર્થ વાળી–(ટેક)

સુદામાજીના તાંદુલ લીધા, તેના મો'લ કનકનારે કીધા.
દ્રૌપદીજીનું આવ્યુંરે ટાણું, ચીર પૂર્યાં તે નવસે નવાણું.
પાટો બાંધ્યો તે પાડારે જાણી, ચીર પૂર્યાની એ એંધાણી.
થોડું ચંદન કુબજાનું લીધું, એને રૂપ અનુપમ દીધું.
ગોવાળીએ ઓચ્છવ કીધો, વહાલે કરપર ગોવર્ધન લીધો.

૫૬–સાચા વૈરાગ્યનાં લક્ષણો.

વૈરાગ્ય વિના ભક્તિ શોભતી નથી, એ નક્કી વાત છે, અને એ શાસ્ત્રના સિદ્ધાંતની વાત છે તથા મહાત્માઓના અનુભવની વાત છે. માટે વૈરાગ્ય એટલે શું ? એ વાત દરેક હરિજનોએ જાણી લેવી જોઇએ. કારણ કે ઘણા લોકો વૈરાગ્યનો ખરો અર્થ સમજતા નથી, તેથી તેઓ ઘણા ઢોંગીયોને પણ વૈરાગી સમજ્યા કરે છે. જેમ કે,

કેટલાક લોકો ઘરબાર તજવાને વૈરાગ્ય સમજે છે, કેટલાક લોકો લુગડાં બદલવાને વૈરાગ્ય સમજે છે, કેટલાક લોકો જનોઇ કે ચોટલી તજી દેવાને વૈરાગ્ય સમજે છે, કેટલાક લોકો ખાવા પીવાની બાબતમાં કેટલાક નિયમો પાળવા તેને વૈરાગ્ય સમજે છે, અને કેટલાક લોકો કેટલીક જાતના બહારના વેશનેજ વૈરાગ્ય સમજ્યા કરે છે. પણ યાદ રાખજો કે, ખરો વૈરાગ્ય એ બધી બાબતોથી તદ્દન જુદોજ છે. માટે ખરો વૈરાગ્ય કયો ? એ વાત જાણી લેવી જોઇએ. એ માટે આગળ વધેલા મહાન્ ભગતો એમ કહે છે કે,

વૈરાગ્ય બે પ્રકારનો છે. એક મંદ વૈરાગ્ય ને બીજો તીવ્ર વૈરાગ્ય. એ સિવાય વૈરાગ્યના બીજા ત્રણ ભેદ પણ પાડવામાં આવે છે. જેમકે, સત્વગુણી વૈરાગ્ય, રજોગુણી વૈરાગ્ય, અને તમોગુણી

વૈરાગ્ય. એ સિવાય વૈરાગ્યના બીજા પણ બે ભેદ છે. તે એ કે, અંતરનો વૈરાગ્ય અને બહારનો વૈરાગ્ય. આવી રીતે વૈરાગ્યના ઘણા ભેદો છે, પણ એ બધી બાબતો સાથે કાંઇ દરેક હરિજનોને કામ નથી. સાચા હરિજનોએ તો માત્ર એટલુંજ જાણી લેવાની જરૂર છે કે, પોતાની ભક્તિ આગળ વધે, પોતાનો પ્રભુપ્રેમ દ્રઢ થાય, પોતાના અંતરનાં પાપ કપાય, અને પોતાની જીંદગીમાં નવો રસ રેડાય તેવો અને તેટલો સમજણપૂર્વકનો વૈરાગ્ય મેળવી લેવો જોઇએ. એ વૈરાગ્યનું સ્વરૂપ કેવું હોવું જોઇએ એ માટે સંતો એમ કહે છે કે,

અમારા હૃદયમાં પ્રભુપ્રેમ આવે તેવો વૈરાગ્ય અમને જોઇએ છે. અમારી બુદ્ધિમાં નવો પ્રકાશ આવે તેવો વૈરાગ્ય અમને જોઇએ છે. અમારા ધર્મનાં કાર્યોમાં સત્યનું બળ વધે એવો વૈરાગ્ય અમને જોઇએ છે. અમારા મનમાં અનેક પ્રકારની જે નકામી ચિન્તાઓ થયા કરે છે, તે ચિન્તાઓ બળી જાય એવો વૈરાગ્ય અમને જોઇએ છે. અમારા પ્રભુને ઓળખવામાં અમોને જે અંતરાય નડે છે, તે અંતરાયને કાઢી નાખે એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. અમારી સોબત બદલાઇ જાય તેવો વૈરાગ્ય હાલમાં અમોને જોઇએ છે. અમારા વિચારો બદલાઇ જાય અને પ્રભુ તરફના થઈ જાય એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. અમોને અમારા નાથનું સ્વરૂપ સમજાવવામાં મદદ કરે તેવો વૈરાગ્ય અમને જોઇએ છે. અમને અમારા ધર્મના રસ્તામાં ઉપયોગી થાય અને અમે અમારો સેવાધર્મ ખરેખરા બળથી પાળી શકીયે એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. આસપાસના સંજોગો પ્રમાણે કે પ્રારબ્ધના ભોગ પ્રમાણે સુખ દુઃખ ભોગવ્યા કરીએ છતાં તેમાં આસક્તિ થાય નહીં તેવો વૈરાગ્ય અમોને જોઇએ છે. અમારી ઉંચી જાતની ભાવનાઓ દ્રઢ થાય અને તે પ્રમાણે વર્તી શકાય એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. જગતનાં જરૂરી કામકાજ કરતાં છતાં એ બધાથી અમે નીર્લેપ રહી શકીયે એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. અમારા તનની, મનની, ને ધનની બધી શક્તિઓ અમે અમારા આત્માના કલ્યાણાર્થે તથા જગત્ના જીવોના ભલાઅર્થે વાપરી શકીએ એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. અને અમારા મનમાંથી બધી જાતની ફીકર ચિન્તા

મટી જાય તથા ભૂત ભવિષ્યની ફીકરો મટી જાય એવો વૈરાગ્ય અમોને જોઇએ છે. મતલબ કે અમારી ભક્તિ ફળીભૂત થાય તેવો વૈરાગ્ય અમોને જોઇએ છે. કાંઈ બહારના લુખાપુખા વૈરાગ્યમાંજ અમે રહી જવા ઈચ્છતા નથી. માટે હે પ્રભુ! અમારી અંતઃકરણની એજ પ્રાર્થના છે કે, અમોને અમારૂં કલ્યાણ થાય તેવો સાચો વૈરાગ્ય આપો, સાચો વૈરાગ્ય આપો. અને બહારના અધુરા, ઢોંગી, ને ઉપલક વૈરાગ્યથી બચાવવાની કૃપા કરો. આ પ્રમાણે પ્રાર્થના કરશો અને સમજણપૂર્વકનો વૈરાગ્ય મેળવવાની તજવીજ કર્યા કરશો તો વખત જતાં ઈશ્વર કૃપાથી સાચો વૈરાગ્ય મળી શકશે, અને તે પછીજ ખરૂં કામ થઇ શકશે. માટે સાચો વૈરાગ્ય મેળવો, સાચો વૈરાગ્ય મેળવો.

દોહરો.

સાહેબ કે દરબાર મેં, સાચેકું શિરપાવ;
જૂઠ તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.

૫૭–સદ્‌ગુરૂની સાચા શિષ્યો ઉપર કેવી અસર થાય છે? તેનો ખુલાસો.

ગુરૂઓના મહિમા વિષે અને ગુરૂઓની ચમત્કારિક અસરો વિષે ભકતમાળમાં એટલી બધી વાતો આવે છે કે, એ સાંભળીને આપણને અજાયબી લાગ્યા વિના રહે નહીં. કારણ કે આજે આપણે એમાંનું કાંઈપણ જોઇ શકતા નથી, એટલે શાસ્ત્રોની જુની વાતોને આપણે માની શકતા નથી. તેથી પરિણામ એ થાય છે કે, એવી વાતો ઉપરની આપણી શ્રદ્ધા મોળી પડે છે. એ વાતોમાં અતિશયોક્તિ થએલી છે એમ આપણને લાગે છે. એ વાતોમાં કવિઓની કલ્પના ભળી ગઇ છે એમ આપણને લાગે છે. અને એ વાતોના ઉંડા અર્થ કાંઇક જુદા છે અથવા તો દેશકાળ બદલાઇ ગયો છે માટે અસલના જમાનામાં જે બનતું તે હાલના વખતમાં બની શકે નહીં, એવું એવું કાંઇ કાંઇ આપણે માન્યા કરીએ છીએ.

તેથી સદ્‌ગુરૂની સાચા શિષ્યો ઉપર કેવી ને કેટલી બધી અસર હોય છે, એ વાત જેવી સમજવી જોઇએ તેવી આપણે સમજી શકતા નથી. એથી ગુરૂઓને પણ નુકશાન થાય છે અને શિષ્યોને પણ નુકશાન થાય છે. એવી ખરાબીમાંથી બચાવવા સારૂ એક ભક્તરાજ મહારાજ પોતાના શિષ્યોને કહેતા હતા કે,

જેમ લોહચુંબકની પાસે લોઢું ખેંચાઇ જાય છે અને પછી તેનાથી પોતાની મેળે જુદું પડી શકતું નથી, તેમજ જ્યારે મહાન્ સદ્‌ગુરૂ મળે છે ત્યારે સાચા શિષ્યો પણ તેઓની તરફ એટલા બધા જોરથી ખેંચાઇ જાય છે અને એવા ચીવટપણે ગુરૂને વળગી પડે છે કે એ જોઇને આપણને અજાયબી લાગ્યા વિના રહે નહીં.

ગુરૂની તરફ શિષ્ય એટલો બધો ક્યારે ખેંચાય છે એ તમે જાણો છો? જ્યારે ગુરૂમાંથી શિષ્યને દરરોજ અને દરેક ક્ષણે નવો નવો રસ મળતો હોય, ત્યારેજ શિષ્ય તેની તરફ એટલો બધો ખેંચાય છે. જ્યારે શિષ્યના જીવાત્માને ખરેખરી ધર્મજ્ઞાનની ભૂખ લાગી હોય અને એ ભૂખ મટાડી શકે એવો સ્વાદિષ્ટ ખોરાક જ્યારે ગુરૂ તરફથી મળતો હોય, ત્યારેજ એટલા બધા જોરથી શિષ્ય તેને વળગી રહે છે. ગુરૂના આત્મામાંથી જ્યારે નવું જીવન વહેતું હોય અને એ નવા જીવનથી શિષ્ય જ્યારે નવપલ-વિત્ત થતો હોય ત્યારેજ શિષ્ય ગુરૂની સાથે લોહચુંબકની પેઠે જોડાઇ શકે છે. જ્યારે ગુરૂના ગુણો શિષ્યને સમજાતા હોય એટ-લુંજ નહીં પણ ગુરૂના ગુણો શિષ્યના અનુભવમાં આવતા હોય અને શિષ્યની પોતાની અંદર પણ જ્યારે પોતાના ગુરૂના ગુણો આવતા જતા હોય ત્યારેજ તેઓ બન્નેની ખરી એકતા થાય છે. એ વિના બહારના આડંબરોથી કાંઇ હમેશાં શિષ્યો ગુરૂની સાથે જોડાઇ શકતા નથી. લોકલાજથી, આડંબરથી, દેખાદેખીથી, વિવેકથી કે એવાંજ બીજાં કારણોસર ગુરૂ ઉપર જે ભાવ રાખવામાં આવે તે ભાવ કાંઇ હમેશાં ટકી શકતો નથી, પણ હમેશાં ટકી શકે એવો તો ભાવ કાંઇક જુદોજ હોય છે. એવા ગુરૂઓ પણ કાંઇક જુદાજ હોય છે અને એવા શિષ્યો પણ કાંઇક જુદાજ હોય છે. જેમકે,

મહાન્ પવિત્ર પ્રભુપ્રેમવાળા સદ્‌ગુરૂની આંખમાંથી જે જ્યોતિ નીકળે છે, તે જ્યોતિ જોવાથીજ સચા શિષ્યનાં હૃદયમાં અજવાળાં થઈ જાય છે. તેથી તેઓ એવા જાગતી જ્યોતિવાળા ગુરૂને છોડીને બીજે કોઇ ઠેકાણે જઈ શકતા નથી. એવા મહાન્ ગુરૂની વાણીમાં એવું અજબ જેવું બળ હોય છે કે, એ વાણી સાચા શિષ્યનાં અંતરના ઉંડાણમાં ઉતરી જાય છે અને ત્યાં ચમત્કારિક અસર કરી નાંખે છે. એવા ગુરૂઓના હાવભાવમાં, તેઓના કામકાજમાં, તેઓની રહેણીકરણીમાં, અને તેઓના ચહેરામાં એવું આકર્ષણ હોય છે કે એ આકર્ષણ તોડીને ખરા શિષ્યો કદી પણ તેઓની પાસેથી ખસી શકતાજ નથી. તેઓની એ બધી બાબતોની અંદર એવી મીઠાશ હોય છે, તેઓમાં એવી ભભક હોય છે, તેઓમાં એવી સ્વાભાવિકતા હોય છે, અને શિષ્યોના આત્માને કાંઇક ખાસ ગમી જાય એવું તેઓમાં એટલું બધું હોય છે કે એ બધી બાબતોમાંથી શિષ્ય છૂટી શકતોજ નથી. તેને એવા અસરકારક ગુરૂને આધીન થવુંજ પડે છે. એટલુંજ નહીં પણ જ્યારે એને આધીન થાય ત્યારેજ તેઓને ખરો આનંદ આવે છે. પણ અફસોસની વાત એ છે કે, આજના વખતમાં આવા ગુરૂઓ પણ આપણને મળતા નથી અને આવા શિષ્યો પણ આપણને મળતા નથી, એટલે ગુરૂ શિષ્યના મહિમાની ખરી ખુબી આપણે જાણતા નથી. માટે બંધુઓ, અમારી એટલીજ વિનંતિ છે કે, શાસ્ત્રમાં વર્ણવેલી ગુરૂ મહિમાની વાતોને જુઠી માનતાં પહેલાં આ બધી બાબતોનો વિચાર કરજો અને પ્રભુપ્રેમવાળા તથા પવિત્રતાવાળા સદ્‌ગુરૂને શોધવાની કોશીષ કરજો, અને તમે પણ જરાક ભીંજાયેલા થજો. એજ અમારી વિનંતિ છે.

દોહરા.

ગુરૂબિન જ્ઞાન ન ઉપજે, ગુરૂબિન મિલે ન ભેદ;
ગુરૂબિન સંશય ના મિટે, જય જય જય ગુરૂદેવ.
આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ;
સુન્દર મેલા કર દિયા, સદ્‌ગુરૂ મિલા દલાલ.

૫૮–શ્રવણ વિષે.

જેમ શરીરનો ખોરાક અન્ન છે, તેમ જીવનો ખોરાક ભગવદ્‌-વચન છે.

રાતને વખતે રસ્તો દેખાડવા માટે જેમ ફાનસ કામ લાગે છે, તેમ આ જગતના વહેવાર ચલાવવા માટે શ્રવણ કરેલું જ્ઞાન માણસને મોટી મસાલરૂપ થઈ પડે છે.

અરીસામાં મોઢું જોયાથી જેમ મોઢા ઉપરના ડાઘો જણાઈ આવે છે, તેમ શ્રવણ કર્યાથી આપણા અંતરના દોષો આપણને જણાઇ આવે છે.

જેમ એક હથોડો મોટા પથ્થરાને તોડી નાંખે છે, તેમ શ્રવણ કર્યાથી કઠણ હૈયાંઓ પણ નરમ થઇ જાય છે.

જેમ હળ કઠણ જમીનને પોચી કરી નાંખે છે તથા તેમાં રહેલા કાંટાઓને જડ મૂળથી કાઢી નાંખે છે, તેમ શ્રવણભકિતથી ઘણા દુર્ગુણો જાય છે, અને અંતઃકરણ નિર્મળ થઇ જાય છે.

આસમાનમાંથી પડતો વરસાદ જેમ જમીનને પોચી કરીને ઘણાં સુંદર ઝાડોને પોષણ આપે છે, તેમ ભગવદ્‌ વાકય શ્રવણ કર્યાથી અંતઃકરણની સ્વચ્છતા તથા ઘણા ગુણોની વૃદ્ધિ થાય છે.

પાણી વિના જેમ ઝાડ સૂકાઇ જાય છે, તેમ શ્રવણ કર્યા વિના આપણા અંતરનું જ્ઞાન મોળું પડતું જાય છે.

જયારે આપણે બગીચામાં જઇએ છીએ ત્યારે ત્યાંથી સુગંધી-દાર સુંદર ફૂલો આપણે વીણીએ છીએ, તેમજ શ્રવણમાંથી તથા વાંચનમાંથી પણ ઉમદા પવિત્ર વિચારો વીણી લેવા જોઇએ, અને તેને આપણા પોતાના કરી લઇ તે પ્રમાણે ચાલવાની કોશીશ કરવી જોઈએ.

જે અનાજ મુખમાં બરાબર ચવાતું નથી તે પેટમાં પચી શકતું નથી, તેમ કથા વાર્તા આપણે સાંભળીએ પણ તેનો વિચાર ન કરીએ તો તેથી લાભ થતો નથી.

જે માણુસ બહુ સાંભળે પણ વિચાર કરે નહીં તે અરીસામાં મ્હોડું જોઇને પાછું સાફ કરવું ભૂલી જાય તે માણુસના જેવો છે એમ જાણવું.

મરેલાં માણુસને સણુગાર પેહેરાવવો જેમ ફોગટ છે, તેમ પ્રેમ વિનાનાં માણુસને શ્રવણ કરાવવું તે પણ નિરર્થક છે.

જેમ એક વાસણમાં કોઇ વસ્તુ ભરેલી હોય તો તે ખાલી કર્યા વિના તેમાં બીજી વસ્તુ રહી શકે નહીં, તેમ જેનાં અંતર માયાથી ને સંસારિક વાસનાથી બહુ ભરેલાં હોય છે તેને ભગવત કથા સાંભળવાની મરજી થતી નથી.

જે માણુસ માંદો હોય તેને ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન પણ ખાવું ભાવતું નથી તેમ માયાવાદી સંસારીઓને ગમે તેવું સારૂં જ્ઞાન શ્રવણ કરાવીએ તો પણ તે ગમતું નથી.

આપણી આંખ જ્યારે દુખતી હોય છે ત્યારે તે તેજ જોઇ શકતી નથી, તેમ આપણું મન જ્યારે માયામાં ગુંચવાએલું હોય છે ત્યારે તેને ભગવતકથા સાંભળવી ગમતી નથી.

તુલસી પુરવકે પાપસેં,
  પ્રભુ ચર્ચા ન સોહવાય;
જેસેં જ્વરકે જોરસેં,
  ભોજનકી રૂચી જાય.

૫૯—આપણને વિકારોનાં ઇન્જીનો ચલાવતાં આવડે છે પણ તેને રોકતાં આવડતું નથી, તેથી આપણી ખરાબી થાય છે.

એક સંત એમ કહેતા હતા કે, એક વખત એમ બન્યું કે, વિલાયતમાં રેલવેના ઇન્જીનમાં ડ્રાઇવરનો સાત આઠ વરસનો છોકરો ઇન્જીન ઉપર ચડી ગયો. એ વખતે ત્યાં કોઇ નહોતું એટલે લાગ જોઇને તેણે રેલ્વેના ઇન્જીનનો હાથો દાબ્યો, તેથી ઇન્જીન દોડવા

માંડયું પણ એ પછી ઇન્જીનને કેમ અટકાવવું એ વાતની તે છોકરાને ખબર નહોતી, ને સામેથી બીજી ટ્રેન દોડી આવતી હતી, એ જોઇને સૌ લોકો બહુ ગભરાયા, અને છોકરાને બૂમ પાડીને કહેવા લાગ્યા કે, ઇન્જીનનો હાથો બીજી તરફ ફેરવીએ એટલે ઇન્જીન દોડતું અટકી પડશે. પણ છોકરાને એ કળ ફેરવતા આવડતી નહોતી. કોઇએ કહ્યું કે, એ દોડતી ગાડીમાંથી કુદકો મારી નીચે પડી જા, પણ તેમ કરવા એ છોકરામાં હિંમત નહોતી તેથી અંતે પરિણામ એ થયું કે, એ ઇન્જીન બીજી ટ્રેન સાથે અથડાઇ પડયું, તેમાં એ છોકરો માર્યો ગયો અને બીજી ટ્રેનમાંના માણસોને પણ બહુ નુકશાન થયું.

બંધુઓ! આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે, આપણને પણ એ છોકરાની પેઠે વિકારોનાં ઇન્જીનો ચલાવતાં આવડે છે પણ તેને અટકાવવાની કુંચી આપણે જાણતા નથી, તેથી આપણી ખરાબી થાય છે, અને બીજાઓને પણ નુકશાન થાય છે. માટે એવી ખરાબી તથા નુકશાનીમાંથી બચવા સારૂ આપણે આપણા વિચારોને અટકાવવાની કુંચી જાણી લેવી જોઇએ કારણ કે જયારે વિકારો ઓછા થાય ત્યારેજ સહેલાઇથી ધર્મ પાળી શકાય છે, જયારે વિકારો ઓછા થાય ત્યારેજ આપણામાં ખરૂં બળ આવે છે, જયારે વિકારો ઓછા થાય ત્યારેજ નવી જીંદગી મળે છે અને જયારે વિકારો ઓછા થાય ત્યારેજ આ સંસારમાં સ્વર્ગ ભોગવી શકાય છે, તથા મુવા પછી મોક્ષનાં સુખો ભોગવો શકાય છે. માટે જેમ બને તેમ સૌ હરિજનોએ ઇંદ્રિઓના વિકારોને રોકવાની કુંચીઓ શીખી લેવી જોઇએ.

બંધુઓ! વિકારોને અટકાવવાને જુદી જુદી ઘણી કુંચીઓ છે. કારણ કે જુદાં જુદાં માણસને તેઓની પ્રકૃતિ પ્રમાણે જુદી જુદી જાતની કુંચી લાગુ પડે છે. એટલે જેને જે જાતની કુંચી લાગુ પડે તેણે તે જાતના ઉપાયો અજમાવવા જોઇએ. જેમકે, કોઇ માણસો પ્રભુ પ્રેમના બળને લીધે પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણસ યોગના બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણસ તપના બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણસ સત્સંગના બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણસ દાનના

બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણુસ ત્યાગના બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણુસ સદ્‌ગુરૂના બળથી પોતાના વિકારોને રોકી શકે છે, કોઇ માણુસ જયના બળથી પોતાના વિકારોને રોકી શકે છે અને કોઇ માણુસ ધ્યાનના બળથી પોતાના વિકારોને રોકી છે આવી રીતે સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, ક્ષમા વીગેરે ઘણાએ દૈવી ગુણોની મદદથી વિકારોને રોકી શકાય છે. અને જયારે એ પ્રમાણે વિકારોને રોકી શકાય ત્યારેજ ખરો ધર્મ પાળી શકાય છે અને ત્યારેજ પ્રભુ રાજી થાય છે. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણ છે કે, માનસિક વિકારોનાં ઇન્જીનોને દોડાવી દેવાં એમાં કાંઇ બહુ મોટી વાત નથી, પણ એ દોડતાં ઇન્જીનોને અટકાવવાની ચાવી શીખી લેવી ને જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવો, એજ મોટી વાત છે. માટે જેમ બને તેમ વિકારોને અટકાવવાની ચાવી મેળવજો, વિકારોને અટકાવવાની ચાવી મેળવજો એજ અમારી વિનંતિ છે.

૬૦–યાદ રાખજો કે આળસુ જુના ભગતો કરતાં ઉત્સાહી નવા ભગતો પ્રભુના રસ્તામાં બહુ જલદીથી આગળ વધી જાય છે.

કેટલાક ભગતો ઘણી બાબતોમાં ભગત જેવાજ હોય છે, પણ તેમ છતાં તેઓ કાંઇક આળસુ હોય છે અગર ઠંડા ગાર હોય છે તેથી તેઓ જે મુકામે પહોંચેલા હોય ત્યાંના ત્યાંજ પડયા રહે છે, પણ એ પછી બહુ જોરથી તેઓ આગળ વધી શકતા નથી. જેમકે,

એવા ઘણા ભગતો હોય છે કે જેઓ ઘણા વરસો થયાં એની એ દશામાં પડેલા હોય છે. દસ વરસ ઉપર તેઓના જેવા હાલ હોય તેવાજ હાલ હમણાં પણ તેઓમાં દેખાય છે. એવા એ ને એ ઠેકાણે પડયા રહેનારા ભગતોથી કાંઇ શુક્રવાર થતો નથી, અને એવા ઉત્સાહ વગરના ભગતો ઉપર કાંઇ ભગવાન્ રાજી રહેતા નથી. પણ યાદ રાખજો કે, ભગવાનને તો નવા જીવનવાળા ભગતો ગમે

છે. ભગવાનને તો ભક્તિની શરતમાં દોડનારા ભગતો ગમે છે, ભગવાનને તો નવા ઉત્સાહવાળા ભગતો ગમે છે, ભગવાનને તો અંતરના તરફડાટવાળા ભગતો ગમે છે, ભગવાનને તો માયાના મોહ વિનાના ભગતો ગમે છે અને ભગવાનને તો ક્ષણે ક્ષણે નવો નવો આનંદ મેળવારા અને ક્ષણે ક્ષણે કલ્યાણના રસ્તામાં આગળ વધનારા ભગતો ગમે છે. આ વાત બરાબર રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

કોઇ માણસને ઘણા દીકરાઓ હોય તેમાં કોઇ દીકરો એવો હોય કે, તે કદમાં વધે નહીં, જ્ઞાનમાં વધે નહીં, અને બીજી ઘણી બાબતોમાં આગળ વધે નહીં, પણ જેવો હોય તેવો નાનો, ઠીંગણો, અને ઢીલોપોચો તથા રોગી જેવો રહે, તો એવા દીકરાથી કાંઇ બાપને આનંદ થાય નહીં. ભલે એ દીકરો મોટી ઉમરનો હોય અને બીજાઓ એથી નાની ઉમરના હોય પણ નાચતા હોય, કૂદતા હોય, નવું નવું જ્ઞાન મેળવતા હોય, અને બાપાના હુકમો પ્રમાણે દોડતા હોય, તો એ મોટા છોકરા કરતાં પણ પછવાડેના નાના છોકરાઓ બાપને વધારે ગમે છે. તેમજ યાદ રાખજો કે, જુના ઢીલા ભગતો કરતાં ઉત્સાહી નવા ભગતો બહુ આગળ વધી જાય છે. તેથી એમ બને છે કે, ચાલીસ વરસ થયાં જે ભગતો ભક્તિ કરતા હોય તેના કરતાં વરસ બે વરસની ભક્તિવાળો વખતે આગળ નીકળી જાય છે અને ચાલીસ વરસની ભક્તિથી પણ જે કામ ન બની શકતાં હોય તે કામ એક વરસની ભક્તિમાં બની જાય છે. કારણ કે ભક્તિની અંદર મુદ્દત સામે જોવાનું નથી પણ અંદરના તરફડાટ સામે જોવાય છે, હૃદયની સરલતા સામે જોવાય છે, ભક્તિનાં તત્ત્વો પકડવાની ગૃહણશક્તિ સામે જોવાય છે, હૃદયની વિશાળતા સામે જોવાય છે, અંતઃકરણની શુદ્ધતા સામે જોવાય છે અને માનસિક લડાઈ તથા પ્રભુપ્રેમની સામે જોવાય છે, કાંઇ મુદ્દતની સામે જોવાતું નથી. આમ હોવાથી ઢીલાપોચા જુના ભગતો કરતાં સાચા તરફડાટવાળા નવા ભગતો ભક્તિમાર્ગમાં આગળ વધી જાય છે અને પ્રભુના માનીતા થઈ જાય છે. માટે બંધુઓ, વરસોની સામે જોયા કરશો માં અને એ ઉપરથીજ ભગતોની કીંમત કરશો માં, પણ કેટલા જોરથી તે ચાલે છે? અને કેવા માર્ગમાં તે ચાલે છે? એજ જોજો. એટલે

તમે સાચી પરીક્ષા કરી શકશો, અને ભગતોને ઈન્સાફ આપી શકશો, તથા તેઓની મદદમાં રહી શકશો. અને ઢીલાપોચા ભગતો તથા નવા જીવનવાળા ભગતો વચ્ચેનો ભેદ પારખી શકશો. તેથી બેહદ ફાયદો થશે. માટે જાગ્રતિવાળા ભગત થાઓ, જાગ્રતી-વાળા ભગત થાઓ, અને પછવાડેથી ભકિતમાં લાગ્યા છતાં પણ આગળ નીકળી જાઓ, એજ અમારો આશીર્વાદ છે.

આપણા ગામના ઝાંપે ઘણા વર્ષનું જુનું ને બહુ મોટું વડનું ઝાડ હોય અને એ પછી ઘણા વર્ષો બાદ ત્યાં આકુસના આંબાનું ઝાડ ઉગ્યું હોય, એ ઝાડમાં બહુ મીઠાં અને કીમતી ફળ થતાં હોય ને તેથી એ આંબાના ધણીને વડલાના ધણી કરતાં વધારે લાભ મળતો હોય તો એ વડલો બહુ મ્હોટો છે અને જુનો છે એટલાજ માટે તે કાંઇ આંબાથી વધારે કીમતી ગણાય નહીં. તેમજ કોઇ ભગત જુનો હોય પણ તે એટલામાં ને એટલામાં રહી ગયો હોય અને કોઇ નવા ભગતો ભકિતમાં બહુ આગળ વધી ગયા હોય તો એ જુના ભગત પાછળ રહી જાય છે અને નવા ભગતો આગળ નીકળી જાય છે. માટે નવા કે જુના સામેજ જોયા કરવામાં રહી જવું નહીં, પણ ભકિત કોનામાં વધારે છે, તે સામેજ જોવું જોઇએ અને જેનામાં જેટલી લાયકાત હોય તેટલું માન આપવું જોઇએ.

દોહરો.

સાહેબ કે દરબાર મેં, સાંચે કો શિરપાવ,
જૂઠ તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.

૬૧–સંગ બદલાય એટલે બંધુએ બદલાઇ જાય છે, માટે સત્સંગમાં જાઓ.

શાસ્ત્રમાં એમ કહેલું છે કે, ધર્મની ઘણી ક્રિયાઓ છે પણ તે સૌ ક્રિયાઓ કરતાં સત્સંગ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. માટે ધર્મની બધી ક્રિયાઓમાં સત્સંગનો નંબર પહેલો છે અને બીજી બધી ક્રિયા-ઓના નંબર તેથી ઉતરતા છે. સત્સંગમાં એટલું બધું બળ છે તેનું કારણ શું ? એ સમજાવવા માટે એક સંત એમ કહેતા હતા કે,

સત્સંગથી મોટામાં મોટો લાભ એ થાય છે કે, સંગ બદલાઇ જાય છે તેથી દરેક બાબતનાં ચક્કરો ફરી જાય છે. જેમકે,

એક વ્યવહારિક માણુસ હતો. તેના બધા સોબતીઓ પણુ તેના જેવાજ હતા. તેથી જ્યારે તે પોતાના સોબતીઓને મળતો ત્યારે કોઇ તેને એમ પૂછતા કે, ધંધા રોજગાર કેવાક ચાલે છે? અમો તો હમણાં બેઠાબેઠ છીએ. ત્યારે તે પણુ સામે એમ કહેતો કે, અમારૂં પણ એમજ છે. આ સાલ બહુ મંદી ચાલે છે ને નાણાં-ભીડ પણુ બહુ છે. બીજું કોઈ ઓળખાણવાળું મળે ત્યારે તે કહે કે, ભાડાં બહુ વધી ગયાં, આજે દસ ઠેકાણે ફરી આવ્યો પણુ કયાંઇ સસ્તાં ભાડાંની જગ્યા મળતી નથી. ત્યારે આ ભાઇ સાહેબ તેને કહે છે કે, હું પણુ ત્રણુ મહિના થયા જગ્યા ગોતું છું, પણુ હજી મનમાનતી જગ્યા મળતી નથી. કયાં જગ્યા સારી હોય તો ભાડું આકરૂં, ભાડું સસ્તું હોય તો પાડોશ ખરાબ, કોઇ ઠેકાણે નીચી જગ્યા મળે તો ગટરોની દુર્ગંધીનું દુઃખ, અને ત્રીજે ચોથે માળે જગ્યા લેવામાં બાયડીઓ રાજી નહીં! એના ટાંટીયા ચાલે નહીં, એ રોજની માંદીઓ, એની જીંદગી મંદવાડમાંજ જાય, એટલે મને પણુ હજી જગ્યા મળી નથી, તેથી એ ગંધારી ઓરડીમાંજ ગુજારો કરીએ છીએ. એ પછી ત્રીજો મિત્ર મળ્યો. તેણે કહ્યું કે, દેશના કાંઇ કાગળ પત્રો છે? અમારે તો મારા કાકાની જુવાન દીકરી ક્ષયમાં મરી ગઇ તે ખબર કાલે આવ્યા છે, ને વળી લખે છે કે—ગામમાં ઉંદરો પડે છે, માટે જગ્યા બદલવી જોશે! ઉપાધી કાંઇ થોડી છે? આપણુને ગરીબ માણુસને બંધુએ ભારે પડે. આજના વખતમાં જગ્યા પણુ કાંઇ ઘડીકમાં મળે છે? એ સાંભળીને આ ભાઇએ જવાબ દીધો કે, અમારો પણુ પરમ દહાડે દેશમાંથી કાગળ હતો. તેમાં લખે છે કે, ફઇનો દીકરો બહુ બીમાર છે, ને દાકતર કહે છે કે એ કેસ જોખમ ભરેલો છે. વહુને હજી તેરમું વરસ ચાલે છે. ગઇ સાલજ લગ્ન થયાં છે. એ મારી માસીની દીકરી થાય. એ બિચારીનું શું થશે? એ માટે મારો તો હમણુંથીજ જીવ બળ્યા કરે છે. એ પછી દુકાને બેઠા હતા ત્યાં બાજુની દુકાનવાળાએ કહ્યું કે, લો આ પેંડા ખાઓ. મારા કાકુની આજે સગાઇ થઇ તેની ખુશાલીમાં પેંડા

મંગાવ્યા છે. હવે તમારી દીકરીનું વેશવાળ ક્યારે કરો છો? મોતી પણ હવે મોટી થઈ છે હો! એને માટે સારો વર ગોતજો. જ્યાં ત્યાં નાંખી દેશો માં. એ સાંભળીને આ વ્યવહાર ચતુરે કહ્યું કે, એ કાંઈ આપણા હાથમાં છે? જેમ નસીબમાં હશે તેમ થશે. મારી તો ઘણી મરજી છે કે જરાક વધારે છૂટ લઈને લાયક છોકરાને આપવી, પણ એની મા કાંઇ માને તેમ છે? એને મોટા કુળનો મોહ બહુ જબરો છે, અને કુળવાન વર બહુ નાની ઉમરમાંજ વરાઈ જાય છે, એટલે તે કાંઈ સહેલાઇથી મળતા નથી. બને તે ખરૂં, હમણાં તો ત્રણ ચાર માગાં છે પણ ક્યાંઇ મન માનતું નથી. કારણ કે એકની ઉમર બહુ મોટી છે. એક હોશીયાર છે પણ સાવ ગરીબ છે. એક પૈસાવાળો પણ છે ને હોશીયાર પણ છે પણ તેની મા બેન બહુ સખત કહેવાય છે. તેની બે બાયડીઓને દુઃખ દઇ દઇને મારી નાંખી એમ નાતમાં વાતો થાય છે. એટલે ત્યાં પણ દેવાનું મન થતું નથી. અને ચોથું માગું છે, તેમાં પણ કજોડું થાય તેમ છે. વરની ઉમર જરા નાની છે, પાંચ છ વરસ મોટી ઉમરનો વર હોય તો ઠીક. મને હવે મારી મોતીના વેશવાળ માટે બહુ ફીકર થયા કરે છે, ને તેની મા પણ એ માટે ઉતાવળ કર્યા કરે છે, પણ હજી કાંઇ પાટો બાધતો નથી. એ પછી બીજો એક જણો ત્યાંથી ઘીનો નમુનો લઇને નીકળ્યો, તેને પુછ્યું કે, કેમ? શું લીધું? ત્યારે તેણે કહ્યું કે, અમારા શેઠને બતાવવા માટે આ ઘીનો નમુનો લઇ જાઉં છું. ઘીમાં હવે બહુ દગા થઇ ગયા છે. જ્યાં જુવો ત્યાં ચરબીના ભેળવાળુંજ ઘી મળે છે. ત્યારે આણે કહ્યું કે, હું પરમ દહાડે ઘી લઇ આવ્યો તે એવું ખરાબ નીકળ્યું કે મોઢામાં ઘલાતું નથી, ને મારી બાયડી જ્યારે જમવા બેસે ત્યારે રોજ એ ઘી માટે કળકળાટ કરે છે. પણ કરીએ શું? ઘીના ભાવની કાંઇ ખબર છે? બે ત્રણ રૂપીયા ફેરનો માલ લેવા જઇએ એટલે જરા હલકો માલ મળેજ. પચીસ રૂપીયામાં ગુજારો કરવો ને મુંબઇ જેવા શહેરમાં રહેવું એ તે કેમ ચાલે? પણ બાયડીઓને કાંઇ એટલી અક્કલ હોય છે? એને તો 'ગાડલે આવે ને સુંડલે ઉતરે!'

બંધુઓ! જ્યાં સુધી એ માણસ વ્યવહારિક મોહવાદી લોકોની વચ્ચે રહેતો હતો ત્યાં સુધી દરરોજ આવીજ વાતો થયા કરતી હતી,

ને એવાજ વિચારો તેના મગજમાં ઘોળાયા કરતા હતા. કારણ કે, એવો સંગ હતો એટલે એમ થતું હતું. એ પછી એક વખત તે માણસ એક સંતની સોબતમાં આવ્યો. વાત એમ બની કે તેના શેઠને ત્યાં એક મહાત્મા પધારેલા હતા. એ મહાત્માનું કામકાજ કરવા માટે ને તેની ખાતર બરદાસ રાખવા માટે તેના શેઠે તેને મહાત્માની સેવામાં રાખ્યો. એ મહાત્મા ત્યાં બે મહિના રહ્યા એટલા વખતમાં તે માણુસ ઉપર મહાત્માની બહુ સારી અસર થઇ, અને મહાત્માના શિષ્યોમાંથી ઘણા જણની તેને ઓળખાણ થઇ ગઇ. એ પછી એ મહાત્માના શિષ્યમંડળનો જે સત્સંગ ચાલતો હતો તેમાં તે જવા લાગ્યો, અને ત્યાં સત્સંગી મિત્રો પાસેથી નવી નવી વાતો સંભળાવા લાગી. જેમકે,

એક દિવસ એક સત્સંગી મિત્ર મળ્યો. તેણે કહ્યું કે, આજે મહાત્માશ્રીનો કાગળ છે. તેમાં લખે છે કે, સત્સંગમાં ઢીલા પડશો માં. તમારૂં પણ તેમાં નામ લખ્યું છે ને ભલામણ લખી છે કે, શુભ કામ કરવામાં મોળા પડશો માં. ત્યારે તેમણે કહ્યું કે, મેં પણ મહારાજને કાગળ લખ્યો છે ને પુછાવ્યું છે કે, આ ચોમાસામાં મારે શું વ્રત લેવું ? તે જણાવવા કૃપા કરશોજી. એનો જવાબ હજી આવ્યો નથી. ત્યારે પેહેલાએ કહ્યું કે, મારે પણ આ વરસ ચાર મહીના કાંઇક નિયમ લેવા વિચાર છે, માટે તમારી ઉપર પત્ર આવે તે મને વંચાવજો. એ પછી બીજો એક મિત્ર મળ્યો. તેણે કહ્યું કે, મારે ત્યાં એક પંજાબી સાધુ આવેલા છે તે યોગવસિષ્ઠ વાંચે છે, ત્યાં બને તો પધારજો, કથા બહુ સારી થાય છે. ત્રીજા એક સત્સંગી મંદીરમાં મળી ગયા. તેમણે કહ્યું કે, જો તમને માળાની જરૂર હોય તો મારે ત્યાંથી લઇ જજો, કાલે માળાનું પારસલ હરદ્વારથી આવ્યું છે. તેમાં રૂદ્રાક્ષની માળા બહુ સારી છે. ચોથો એક મિત્ર મારકીટમાં શાકભાજી લેવા ટાણે મળી ગયો. તેણે કહ્યું કે, પૂર્ણીમાને દિવસે હું ગુરૂ મહાત્માશ્રીનાં દર્શન માટે જવાનો છું, માટે જો તમારો વિચાર થાય તો કહેજો. સાથે સાથે મજા પડે. ગુરૂજી હમણાં કાશીમાં બીરાજે છે, એટલે કાશીની જાત્રા થઇ જાય. ત્યારે તેણે કહ્યું કે, મારી પણ ઇચ્છા તો છે, ઘણુંકરીને આવીશ. એ પછી નાતમાં જમવા ગયા હતા ત્યાં એ મંડળવાળો

એક ગૃહસ્થ મળી ગયો. તેણે કહ્યું કે, આપણા મંડળ તરફથી એક રાત્રિશાળા ખોલવી છે. એ માટે થોડાક મિત્રો તજવીજ કરીએ છીએ, તેમાં આંનરરી સેક્રેટરી જોઇએ છે. તમે એ કામ કરી શકશો? અમે તો પૈસા આપી છૂટીએ, અમારાથી કાંઇ એવી રોજની ઉપાધી બને નહીં. એ તો તમારા જેવા મહેનતુ માણસનું કામ. ત્યારે તેણે ખુશી થઇને એ કામ કરવાની હા પાડી. એ પછી એ મંડળના બીજા એક મિત્રની ચીઠ્ઠી આવી કે, આજે મારે ત્યાં મારી વરસ ગાંઠની ખુશાલીમાં હરિકથા છે, માટે પધારશો, તેથી ત્યાં ગયા. આવી રીતે સંગ બદલાઇ જવાથી સંજોગો બદલાવા માંડયા, વાતચિત બદલાવા માંડી, જવા આવવાનાં ઠેકાણાં બદલાવા માંડયાં, અને બીજો પણ ઘણી બાબતોમાં ઘણો ફેરફાર થવા લાગ્યો. અને આ બધાનું મુખ્ય કારણ એજ કે, સંગ બદલાવાથી બીજાં બધાં ચક્કરો બદલાવા લાગ્યાં. માટે હે હરિજનો! તમને વારંવાર જે ભલામણ કરવાની છે તે એજ છે કે, સંગ બદલી નાંખો અને સત્સંગમાં લાગ્યા રહો. એટલે તમે વ્યવહારિક સુખોમાં પણ આગળ વધી શકશો, ધર્મમાં પણ આગળ વધી શકશો, અને સત્ય જ્ઞાનમાં પણ આગળ વધી શકશો. એટલુંજ નહીં પણ સંગના બળથી એ બધાં કામો બહુજ સહેલાઇથી ને પોતાની મેળે મેળે થવા લાગશે. માટે સત્સંગમાં મચ્યા રહેજો, સત્સંગમાં મચ્યા રહેજો.

એ માટે મહાત્મા તુલસીદાસજી કહે છે કે,

દોહરા.

બીન સતસંગ ન હરી કથા, તા બીન મોહ ન જાત;
મોહ ગયે બીન રામ પદ, હોય ન દ્રઢ અનુરાગ.

સર્વ સ્વર્ગ અપવર્ગ સુખ, ધરી તુલા એક સંગ;
તુલે ન તાહી સકલ મીલી, જો સુખ લવ સતસંગ.

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ;
તુલસી સંગત સાધુ કી, કટે કોટી અપરાધ.

૬૨–ઈશ્વર કૃપા વિના જીવથી મોક્ષ મેળવી શકાય નહીં.

કોઇ નાનો છોકરો ઝાડ માથેનું ફળ તોડીને ખાઇ લેવા ચાહ્ય, પણ તે ઠીંગણો હોવાને લીધે ફળ લઇ શકે નહીં, પણ જ્યારે તેનો બાપ તેડીને ઉંચો કરે ત્યારેજ તે ફળ લઇ શકે છે; તેમજ મનુષ્ય પણ કાંઇ પોતાના પુરૂષાર્થથી મોક્ષ મેળવી શકે નહીં, પણ ઇશ્વર જ્યારે તેની ઉપર કૃપા કરે ત્યારેજ તે મોક્ષ મેળવી શકે છે.

દૂરની ચીજને જેમ આપણે સાદી આંખે દેખી શકતા નથી પણ દુરબીનથી તે જેમ સાફ દેખી શકાય છે, તેમ પ્રભુ કૃપા વિના આપણે કાંઇ પણ કરી શકતા નથી. પ્રભુ કૃપાથીજ બધું થાય છે.

અંધારામાં રહેલો માણસ જેમ અજવાળાંની મદદ વિના કાંઇ પણ દેખી શકે નહીં તેમજ પ્રભુ કૃપા વિના આપણે કાંઇ પણ કરી શકીએ નહીં, ત્યારે મોક્ષ તો કયાંથીજ મેળવી શકીએ? માટે આપણને દર પળે પ્રભુ કૃપાની જરૂર છે.

બીમાર અશકત માણસ જેમ બીજાંની મદદ વિના ઉઠી બેસી શકે નહીં, તેમજ પ્રભુ કૃપા વિના એકલા જીવથી પણ કાંઇ થઇ શકે નહીં.

જીવ વીનાનો દેહ જેમ મુડદું કહેવાય છે, ને એ મુડદાંથી જેમ કાંઇ થઇ શકે નહીં, પણ જો તેમાં જીવ હોય તોજ બધું થઇ શકે; તેમજ પ્રભુ કૃપા વિના પણ કાંઇ થઇ શકે નહીં. કારણ કે પ્રભુ કૃપા વિના આપણે તો ખાલી શબ જેવાજ છીએ. માટે આપણને દરેક પળે પ્રભુ કૃપાની જરૂર છે.

કોઇ પણ લશ્કરની ટુકડી જ્યારે લડાઇમાં ફતેહ કરી આવે છે, ત્યારે તેનું માન તે લશ્કરને ચલાવનારા કમાન્ડરને મળે છે, તેમજ આપણે પણ જે જે રૂડાં કામો કરીએ છીએ તેનું માન મહાન્ ઇશ્વરનેજ ઘટે છે.

આપણે જાણીએ છીએ કે, ફળ ફૂલનાં ઝાડો જમીનમાંથી થાય છે, પણ જો સૂરજની મદદ તેઓને ન હોય તો એકલી જમીનથી કાંઇ ફળ ફૂલ થઇ શકે નહીં, તેમજ આપણે જે જે કાંઇ

સારાં કામો કરીએ છીએ તે સર્વ ઇશ્વર કૃપાથીજ થાય છે. માટે તેનું માન ખાસ પ્રભુનેજ આપવું જોઈએ.

લખવા માટે આપણી પાસે ગમે તેવી સારી કલમ હોય પણ જો સાહી ન હોય તો એકલી કલમથી કાંઇ લખી શકાય નહીં, તેમજ પ્રભુ કૃપા વિના આપણા એકલા પુરૂષાર્થથી પણ કાંઇ વળે નહીં.

ખેડૂતો બહુ મેહેનત કરીને ખેતરો ખેડીને બીજ વાવે છે, પણ માત્ર પોતાની મેહેનત ઉપરજ ભરૂસો રાખી શકતા નથી, તેથી અંતે ઉંચા હાથ જોડીને દિનતાપૂર્વક કહે છે કે, હે પ્રભુ! અમે તો બધું જોઇ ચુકયા છીએ, હવે તો તું કૃપા કર તો કામ થાય.

દોહરા.

દોડે કોસ હજાર લગ, ઔર બસે લક્ષ્મી પાસ;
બીન દીને રઘુનાથ કે, મીલે ન તુલસીદાસ.

તુલસી તુલસી કા કહો, તુલસી બનકા ઘાસ;
કૃપા ભઈ રઘુનાથ કી, તો હો ગયે તુલસીદાસ.

પદ.

કૃપા વિના પ્રભુજી, કેમ કાર્ય સરે રે;
કેમ કાર્ય સરે રે, કેમ કાર્ય સરે રે—કૃપા૦

અવલંબન આધાર તમારો (૨)
તમ વિના અમારાં કષ્ટ કોણ હરેરે-કષ્ટ—કૃપા૦
જગત તણું રક્ષણ કરવાને (૨)
પ્રભુ પ્રતિજ્ઞા તમારી, કદી નવ ફરેરે-કદી૦—કૃપા૦
શરણ તમારૂં ગ્રહણ કીધું છે (૨)
ભવસિંધુ થકી તે તો સત્ય તરેરે-તે તો૦—કૃપા૦

૬૩–પ્રભુ કૃપાની સાથે આપણા પુરૂષાર્થની પણ જરૂર છે.

ઉપર મુજબ દરેક બાબતમાં પ્રભુ કૃપાનીજ બલીહારી છે, છતાં પણ આપણી તરફથી પણ કાંઇક કરવાની જરૂર છે, અને તે એજ કે:—

જમીન તૈયાર હોય પણ જો વરસાદ ન હોય તો કાંઈ ફળ થાય નહીં, તેમજ વરસાદ જોઈએ એટલો હોય પણ જો જમીન સારી ન હોય તોપણ કાંઇ થઇ શકે નહીં તેવીજ રીતે પ્રભુની કૃપાની સાથે આપણા પુરૂષાર્થ વિના પણ કાંઇ થઇ શકે નહીં અને ઈશ્વરની કૃપા વિના એકલા પુરૂષાર્થથી પણ કાંઇ થઇ શકે નહીં. એ બંને સાથે હોય તોજ કામ થઈ શકે. તેને માટે કહ્યું છે કે:—

દોહરો.

મળવાની પણ નવ મળે, વણ ઉદ્યોગે વસ્ત;
તરી તીર પામે નહીં, જો ન હલાવે હસ્ત.

(ક. દ. ડા.)

સ્કુલમાં અભ્યાસ કરનાર છોકરાઓને પોતાને મેહેનત કરવી પડે છે, તેમજ તેને માસ્તરની મદદની પણ જરૂર છે. પોતે મેહેનત ન કરે તો એકલા માસ્તરની મદદથી કાંઇ શીખી શકે નહીં, તેમજ પોતાની મેહેનત ઘણી હોય પણ જો માસ્તરની મદદ ન હોય તોપણ કાંઇ સારૂં ફળ થઇ શકે નહીં, તેમજ આપણા દરેક કામમાં આપણા પુરૂષાર્થ તથા ભગવદ્ કૃપાની જરૂર છે. ટુંકામાં એટલુંજ કે, જેમ બે પાંખ વિના પક્ષી ઉડી શકે નહીં, અને જેમ બે પૈડાં વિના ગાડું ચાલી શકે નહીં, તેમજ કોઇ માણસ પ્રભુકૃપા તથા પોતાના પુરૂષાર્થ વિના કોઇ પણ કામમાં જય મેળવી શકે નહીં. માટે દરેક માણસને દરેક કામમાં પ્રભુ કૃપા તથા પુરૂષાર્થની જરૂર છે. કારણ કે એ બંને સાથે હોય ત્યારેજ બધાં કામો રૂડી રીતે થઇ શકે છે. તે ઉપરથી એક કવિએ કહ્યું છે કે:—

દોહરો.

બે જણ નિમ્યા હોય ત્યાં, એકે સરે ન અર્થ;
બે કમાડને બારણે, વાસ્યું એક તે વ્યર્થ.

(ક. દ. ડા.)

બે બારણાનું કમાડ હોય તેમાં એકને તાળું દેવાથી કાંઇ ચાલે નહીં, તેમજ એકલા પુરૂષાર્થથી ભગવત કૃપા વિના કાંઇ વળે નહીં.

જોકે પુરૂષાર્થ વિના કાંઇ વળે નહીં એ સાચી વાત છે, તોપણ ભગવત કૃપા એ મોટી વાત છે. માટેજ તેની ઉપર હરિજનોએ

ખાસ ધ્યાન આપવું જોઇએ. કારણ કે એક દુકાનમાં જેમ બે ભાગીયા હોય, તેમાં એકના પૈસા હોય અને બીજાની મેહેનત હોય તો તે દુકાનમાં પૈસા ધીરનાર મોટા ભાગીયાનું નામ ચાલે છે તેમજ આપણો પુરૂષાર્થ એ તો મેહેનત કરનાર નાનો ભાગીઓ છે અને પ્રભુ કૃપા એ તો સાચું નાણું આપનાર મોટો ભાગીઓ છે. એટલે આપણે જે કાંઇ રૂડાં કામો કરીએ તે પ્રભુ કૃપાથીજ પાર પડે છે. માટે તે કામોની અંદર જે કાંઇ માન મળે તે સર્વ માન ઇશ્વરનેજ ઘટે છે, એમ સમજીને આપણાં રૂડાં કામોનું બધું માન ઇશ્વરનેજ આપતાં આપણે શીખવું જોઇએ, એ સૌ હરિજનોનો ધર્મ છે.

ઇશ્વર કૃપા વિષે.

હરિ કરૂણા બીન જગત મેં, પુરી પરે ન આસ;
મૃગ સરિતા પય પી કરિ, ગઇ કોન કી પ્યાસ.

દોડે કોશ હજાર લગ, બસે લક્ષ્મી પાસ;
બીન દીને રઘુનાથ કે, મીલે ન તુલસીદાસ.

તુલસી તુલસી સબ કહે, તુલસી બન કે ઘાસ;
કૃપા ભઇ રઘુનાથ કી, હો ગયે તુલસીદાસ.

પ્રભુ કૃપા વિષે.

પ્રભુની સહાયતા વિનાના મોટા મનસુબા એ ધુમાડાના બાચકા જેવા જાણજો.

જેને ઇશ્વરની સહાય હોય તેનો કોઇ પણ વાંકો વાળ કરી શકે નહીં.

૬૪–સંસારીઓ અને ભગતોના ભેદ. કોઇકને મળતું માન ગધેડાંઓ પોતાની ઉપર લઇને ફરે છે.

સિંધ દેશમાં ગધેડાં ઉપર બેસવાનો રીવાજ છે, તેથી મોટા મોટા અમીર લોકો પણ ગધેડાં ઉપર બેસે છે, અને કેટલાક ભગતો પણ ગધેડાં ઉપર સ્વારી કરે છે. એક વખત એમ બન્યું કે,

કોઈ ભગત પોતાના ઠાકોરજીને તથા પોતાના ધર્મપુસ્તકને ગધેડાં ઉપર મૂકીને મુસાફરી કરતા હતા. એ સીંધી ભગત બહુ જાણીતા હતા એટલે રસ્તામાં જે જે માણસો મળે તે સૌ લોકો ગધેડાં ઉપર બેસાડેલા ઠાકોરજીને પગે લાગતા હતા. તેથી એ ગધેડો એમ સમજતો હતો કે આ બધા લોકો મને માન આપે છે, અને મારા પગે લાગે છે. એમ સમજીને તે ગધેડો એ વખતે ઉભો રહી જતો હતો. એ પછી એક વખત તે ભગતે ગધેડાને માર્યો ને કહ્યું કે, મૂર્ખ ! રસ્તામાં ચાલતે ચાલતે ઉભો કેમ રહી જાય છે? ત્યારે તે ગધેડાએ કહ્યું કે, માન મળે છે તે મૂકીને હું આગળ ચાલ્યો જાઉં ? ત્યારે તે ભગતે કહ્યું કે, અરે મૂર્ખા ! એ માન કાંઇ તને મળતું નથી, પણ તારી ઉપર જે શાસ્ત્રો છે અને તારી ઉપર જે ભગવાનની મૂર્તિ છે, તેને એ માન મળે છે.

આ દાખલો આપીને એક ભક્તરાજ મહારાજ એમ સમજાવતા હતા કે, જે મોહવાદી સંસારિક લોકો છે તેઓ પેલા ગધેડાની પેઠે કોઇકને મળતું માન પોતાની ઉપર લઈ પડે છે, અને વગર મફતના પોતે મનમાં ફુલાયા કરે છે. જેમકે, કોઈકની ગાડીમાં બેઠા હોય ને પોતે ફુલાય છે, કોઇકના માગી લાવેલા દાગીના પહેર્યા હોય ને પોતે મોટાઇ માન્યા કરે છે. કોઈકના લગનમાં ગયા હોય ને પોતે આગળ આગળ થયા કરે છે, કોઈક પાસ થયો હોય ને પોતે ફુલાયા કરે છે. કોઇકને માન મળતું હોય તે પોતે પોતાની ઉપર ઓઢી લેય છે. આવી રીતે મોહવાદી લોકો બધી વાતમાં પોતાનો કક્કો ખરો કર્યા કરે છે, અને જેમાં પોતાને કાંઇ લાગતું વળગતું ન હોય તેવી બાબત પણ પોતાને માથે ઓઢી લેય છે. પણ એને બદલે ભગતો શું કરે છે—એ તમે જાણો છો ? એ માટે સંતો એમ કહે છે કે,

ભગતોને જ્યારે માન લેવાના પ્રસંગો આવી પડે ત્યારે તેઓ પોતે એ માન પોતાની ઉપર લેતા નથી, પણ તેઓ પોતાનું માન પોતાના ભગવાનને સોંપી દેય છે અને કહે છે કે, જે છે તે પ્રભુનું છે, અમારૂં કાંઇ પણ નથી. જો તમે અમારા દાનના વખાણ કરતા હોય તો દાન દેવા માટે જે ધન છે તે પ્રભુનું આપેલું છે. જો તમે અમારા ગુણના વખાણ કરતા હોય તો ગુણનો દાતા પણ ભગવાન્

છે. જો તમે અમારી બુદ્ધિનાં વખાણ કરતા હોય તો બુદ્ધિનો દાતા પણ ભગવાન છે. જો તમે અમોને મળતાં માનથી રાજી થતાં હોય તો એ માન અપાવનાર પણ ભગવાન છે. જો તમે અમારી વાણીથી રાજી થતા હોય તો એ વાણીનો દાતા પણ ભગવાન છે. જો તમે અમારાં કામોથી રાજી થતા હોય તો એ સદ્‌કર્મનો કરાવનાર પણ ભગવાન છે. જો તમે અમારી સેવાને વખાણતા હોય, અમારા સ્વભાવને વખાણતા હોય, અમારા શરીરની તંદુરસ્તીને કે ખૂબસુરતીને વખાણતા હોય, કે અમારી ભકિતને વખાણતા હોય તો એ બધું કરાવનારો ભગવાન છે. એમાં અમારૂં કાંઈ પણ નથી. માટે ભાઇઓ, અમારાં વખાણ કરો માં, પણ જેણે એ બધું આપવાની કૃપા કરેલી છે તે ભગવાનનાં વખાણ કરો. આમ કહીનેજ તેઓ બેસી રહે છે એમ કાંઈ નથી, પણ એ વખતે તેઓ પ્રભુનો ઉપકાર માને છે, અને જ્યારે જ્યારે તેઓને જગતૂના લોકો તરફથી કે પ્રભુ તરફથી મોટાઈ મળે ત્યારે ત્યારે તેઓ ઉલટા વધારે વધારે દીનતાવાળા બનતા જાય છે, અને પોતાના શુદ્ધ અંતઃકરણથી એમ માનતા જાય છે કે, આ પ્રભુનીજ દયા છે. ઓહો! મારો નાથ કેવો દયાળુ છે કે, તે મારા જેવા કંઇ હીસાબમાં નહીં તેવા માણસને પણ આટલી બધી મોટાઇ આપે છે? એમ કહીને તે પ્રભુના ચરણમાં પડે છે, અને ઉપકારના આંસુથી તેની આંખો ભરાઇ જાય છે, તથા એ વખતે બહુ નમ્રતાથી તેનું હૃદય દ્રવીભૂત થઇ જાય છે. એટલે એ સ્થિતિમાં એવા ભગતો ઉલટા વધારે આગળ વધી જાય છે, અને તેઓને મળેલું માનપાન પણ તેઓને આશિર્વાદરૂપ થઇ પડે છે.

બંધુઓ! આ ઉપરથી તમે જોઇ શકશો કે, સંસારિક મોહવાદી લોકો જ્યારે કોઇકને મળતું માન પણ પોતાની ઉપર લઇ પડે છે અને ઉલટા અભીમાનમાં બંધાતા જાય છે, ત્યારે ભગતો પોતાને પોતાની લાયકીથી મળેલું માન પણ ભગવાનને અર્પણ કરી દેય છે, અને જે વખતે તેઓને માન મળે ત્યારે અભીમાનને બદલે તેઓ ઉલટા વધારે નમ્રતાવાળા બને છે. તેથી પરિણામ એ થાય છે કે, સંસારીઓ જ્યારે માનપાનથી અભીમાનના બંધનમાં

બંધાય છે ત્યારે ભગતોને માનપાન ઉલટું આશિર્વાદરૂપ થઇ પડે છે. આવો ભગતોમાં અને મોહવાદી સંસારીઓમાં તફાવત છે. માટે બંધુઓ, અમારી તમને એજ ભલામણ છે કે, કોઇના લેભાગુ ભાડુતી ઉપલક માનમાંજ રહી જાઓ માં, અને એવાં ખોટાં માનનું અભીમાન કર્યા કરો માં, પણ સાચા ભગત બનો, અને જે યોગ્ય માન તમોને મળતું હોય તે પણ તમારા પ્રભુને અર્પણ કરી દો, ને તમે તો તદન નિર્લેપજ રહો. એજ અમારી ભલામણ છે. કારણ કે પ્રભુપ્રેમવાળા સાચા ભગતોના તો એવાજ દિનતાભરેલા વિચારો હોય છે કે,

દોહરા.

કયા મુખ લે બીનતી કરૂં, લાજ આવત હે મોય;
તુમ દેખત અવગુન કરૂં, કેસો ભાઉં તોય.

મેં અપરાધી જન્મ કા, નખશીર ભર્યા બીકાર;
તુમ દાતા દુઃખ ભંજના, મેરી કરો સંભાર.

મુજ અવગુણ હે તુજગુન, તુજ ગુન અવગુન મુજ;
જો મેં બીસરૂં તુજ કો, તુમ મત બીસરો મુજ.

મોમેં ગુન કછુ હય નહીં; તુમ ગુણ ભરે હો ઝાઝ;
ગુન અવગુણ ન બીચારીએ, બાંહ્ય ગ્રહેકી લાજ.

આગુન કીયે તો બહુ કીયે, કરતકમાં નિહાર;
ભાવે બંદા બખશીએ, ભાવે ગર્દન માર.

એટલુંજ નહીં પણ પોતાના મનમાં ઉઠતા માઠા વિચારોને અટકાવવા માટે તેઓ એવાં પદો ગાયા કરે છે કે,

પદ

અપરાધો અમારા પ્રભુ મહા ઘણા રે (૨)
કૃપાસિંધુ તમે ક્ષમા કરો અપરાધ-અપરાધો૦

દોષ જોઇ નહિ રોષ કરો છો (૨)
દયાનિધિ દયામાં નથી કાંઇ મણારે-અપરાધો૦

અભિલાષા રાખીયે તમારી (૨)
અન્ય આશ્રય નથી, પ્રભુ તુજ વિનારે-અપરાધો.
અનુગ્રહ સ્મરી અભિવંદન કરીયે (૨)
તુજ ચરણ પ્રત્યે, સત્ચિહ્ન ધનારે-અપરાધો.

પદ

અપરાધ ક્ષમા કરો મારો, પ્રભુ, અપરાધ ક્ષમા કરો મારો.
નિંદિત કર્મો જે મેં કીધાં (૨) તે પ્રભુ સર્વે નિવારો-પ્ર૦
શરણે રહી પ્રભુ ચરણે વંદુ (૨) ભવજળ પાર ઉતારો-પ્ર૦
દાસ તણું રક્ષણ કરવાનો (૨) છે પ્રભુ ધર્મ તમારો-પ્ર૦
કર જોડીને વિનતિ કરૂં છું (૨) સંકટ સર્વ નિવારો-પ્ર૦

૬૫-ધર્મ પાળવાની સહેલી કુંચી. તું તારૂં પોતાનું પૃથક્કરણ કર.

ઘણા માણસો એમ કહે છે કે, અમોને ધર્મ પાળવો બહુ ગમે છે પણ અફસોસની વાત એ છે કે, અમે અમારા મનને રોકી શકતા નથી, તેથી ધર્મ જેવો પાળવો જોઇએ તેવો પાળી શકતા નથી, માટે સહેલાઇથી ધર્મ પાળી શકાય એવી કુંચી મળી જાય તો કેવું સારૂં ? તેથી ઘણા પંડિતોને તથા ભગતોને તેઓ એ સવાલ પૂછ્યા કરે છે કે, અમારૂં મન વશ રહે અને સહેલાઇથી ધર્મ પાળી શકાય એવી કાંઇ યુક્તિ છે કે ? ત્યારે કોઇ કહે છે કે, સત્સંગ કરો. એટલે સત્સંગના બળથી મન વશ થઇ જશે ને ભક્તિ બન્યા કરશે. કોઇ કહે છે કે, તપ કરો, એટલે તપના બળથી મન વશ થઇ જશે. કોઇ કહે છે કે, શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો, એટલે તમારામાં નવું બળ આવી જશે. કોઇ કહે છે કે, પ્રભુના નામનું સ્મર્ણ કર્યા કરો, એટલે નામના બળથી કામ થઇ જશે. કોઇ કહે છે કે, દાન આપો-દાન આપો. દાનથી બીજાઓના આશીર્વાદ મળે છે એટલે જલદી ભગવાન રાજી થાય છે. કોઇ કહે છે કે પ્રભુની સેવામાં રોકાયેલા રહો, એટલે કામ થઇ જશે અને કોઇ

કહે છે કે, યોગ સાધો, એટલે મન વશ થશે. આવી રીતે જુદા જુદા પંડિતો તથા જુદા જુદા ભગતો જુદી જુદી સલાહ આપે છે, અને જુદો જુદો રસ્તો બતાવે છે. પણ એક અનુભવી મહાત્મા એ માટે એમ કહેતા હતા કે,

હાલના વખતમાં રસાયણશાસ્ત્રનો જમાનો છે અને રસાયણશાસ્ત્રનું કામ એ છે કે, દરેક વસ્તુનું પૃથક્કરણ કરવું એટલે કોઇ પણ વસ્તુમાં કેટલી કેટલી જાતનાં કેટલાં કેટલાં તત્ત્વ રહેલાં છે તે શોધી કાઢવું. એમ કરવાથી અનેક નવી ચીજો બનાવી શકાય છે, અને જે ચીજ હમણાં સુધી બહુ ઉપયોગી ન ગણાતી હોય તેને પણ બહુ કીંમતી બનાવી શકાય છે. જેમકે, એક કોલસાનું પૃથકકરણ કરવું હોય તો રસાયણશાસ્ત્રીઓ તેની ઉપર શોધ કરે છે, અને તેમાં ઑક્સીજન, હાઇડ્રોજન, કાર્બન વીગેરે કેટલી જાતના વાયુઓ રહેલા છે તે શોધે છે. તેમાં પાણીનો ભાગ કેટલો છે? સાકરનો ભાગ કેટલો છે? ક્ષાર કેટલા ટકા છે? ખટાશ કેટલા ટકા છે? નક્કર પદાર્થ કેટલા ટકા છે? એ બધી વાતની તપાસ કરે છે. એથી તેનાં મૂળતત્ત્વો સમજાય છે. તેમાં ભળેલાં બીજાં તત્ત્વો સમજાય છે. એમાંથી નાશ પામી જાય એવાં તત્ત્વો કયાં કયાં છે? અને એમાં કાયમ રહે એવાં તત્ત્વો કયાં કયાં છે? એ બધું જાણી શકાય છે. તેથી રસાયણશાસ્ત્રની મદદવડે ઘણું કામ થાય છે, અને દુનીયામાં ઉથલપાથલ કરી શકાય છે. જેમ જડ વસ્તુઓના પૃથક્કરણથી દુનીઆને અનેક ફાયદાઓ થઇ શકે છે તેમજ જો આપણને આપણા મનનું પૃથક્કરણ કરતાં આવડે તો બહુ મોટું કામ થઇ જાય છે. જેમકે,

હમેશાં આપણે આપણા મનને તપાસવું જોઇએ અને જોવું જોઇએ કે, તેમાં ક્રોધ કેટલા ટકા છે? કયા કયા પ્રસંગોએ ક્રોધ થઈ જાય છે? કેટલી હદ સુધી ક્રોધ વધે છે? એ ક્રોધ પાછો શાથી શમે છે? અને તે ક્રોધને શમતાં કેટલી વાર લાગે છે? કેવા સંજોગોમાં કામ ઉત્પન્ન થાય છે? કામનું જોર પોતાની પ્રકૃતિમાં કેટલા ટકા છે? કામને ઢીલો પાડવામાં કયા ઉપાયો ફત્તેહમંદ થાય છે? કામ કેટલી હદ સુધી દુઃખ દેય છે ને કેટલી હદ સુધી તેને વશ કરી શકાય છે? એ બધી બાબતોનો વિચાર કરવો જોઇએ,

અને તેમાંથી ઉપયોગી કુંચીઓ શોધી કાઢવી જોઇએ. પૈસાનો લોભ આપણા મનની અંદર કુલ કેટલા ટકા છે? લોભને લીધે કેવી દોડાદોડ કરવી પડે છે? કેવી ખોટી ખુશામતો કરવી પડે છે? કેવી માનસિક ચિન્તાઓ ભોગવવી પડે છે? કેવું સાચું ખોટું બોલવું પડે છે? કેવું મનને ઢીલું રાખવું પડે છે? વીગેરે બાબતો તપાસવી જોઇએ.

આવી રીતે આપણાં મનનું પૃથક્કરણ કર્યા કરવું જોઇએ. એમ કરવાથી ટુંક વખતની અંદર કઇ કઇ ભૂલો કેટલા કેટલા ટકા છે તે જણાઇ આવે છે, અને પછી તેને દૂર કરવાના ઉપાયો પણ મળી આવે છે. કારણ કે બહુ મોટી ભૂલને મટાડતાં મહેનત પડે છે, પણ ભૂલનું પૃથક્કરણ થઇ ગયા પછી ભૂલનું જોર તૂટી જાય છે અને તેમાંની નાની નાની એક એક બાબતને દૂર કરતાં કાંઇ મુશ્કેલી પડતી નથી. માટે અંતરના વિકારો તજવાની સહેલામાં સહેલી કુંચી એ છે કે, પોતાના મનમાં રહેલા વિકારોનું પૃથક્કરણ કરવું જોઇએ. જો એમ કરતાં આવડે તો બહુજ સહેલાઇથી મનને વશ કરી શકાય છે. કારણ કે મનનું પૃથક્કરણ કરવાથી અંધારામાં રહેવાતું નથી, પણ સાચી વસ્તુ દેખાઇ જાય છે, તેથી મનને વારે વારે તપાસતાં એમ ખબર પડી જાય છે કે,

આપણામાં ભક્તિ કેટલા ટકા છે? શ્રદ્ધા કેટલા ટકા છે? પરોપકાર કેટલા ટકા છે? વખતનો સદ્ઉપયોગ કેટલા ટકા છે? પ્રભુનો ઉપકાર માનવાની શકિત કેટલા ટકા છે? ભગવત ઇચ્છાને આધીન થવાનું બળ કેટલા ટકા છે? પ્રભુની અને પ્રભુના બાલકોની સેવા કરવાની વૃત્તિ કેટલા ટકા છે? સત્સંગમાં કેટલો વખત જાય છે? ધર્મને અર્થે કેટલો ખર્ચ કરાય છે? ધર્મનું જ્ઞાન મેળવવા માટે કેટલી ભૂખ લાગેલી છે? અને ભગવાન સાથે કેવી રીતે વરતાય છે? એ બધી બાબતો ચોખે ચોખી સમજાઇ જાય છે. તેથી તેમાં ઘણો સુધારો વધારો કરી શકાય છે. માટે બંધુઓ, યાદ રાખજો કે, આવી રીતે પોતાના મનનું માપ કર્યા કરવું, પોતાના અંતરની પરીક્ષા કર્યા કરવી, અને પોતાના મનની વૃત્તિઓનું પૃથક્કરણ કર્યા કરવું એ ધર્મના રસ્તામાં આગળ વધ-

વાનો સૌથી ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. માટે એ અનુભવી ઉપાય અજમાવવાની પણ કૃપા કરજો. એજ અમારી વિનંતિ છે.

વેપારી જેમ પોતાની ખાતાવહી હમેશાં જોયા કરે છે, તેમ આપણે પણ હમેશાં આપણા અંતરની તરફ અને તેમાં ઉઠતા વીચારો તરફ નીગાહ રાખતાં શીખવું જોઇએ.

અરીસામાં મોઢું જોવાથી જેમ મોં ઉપરના ડાઘની ખબર પડે છે, તેમ પોતાના અંતરમાં ઉઠતા વિચારો જોયા કરવાથી અંતઃકરણ ચોખ્ખું થાય છે.

૬૬–ભગતો બૂરા વિચારો સાથે રમ્યા કરતા નથી પણ સંસારીઓ બૂરા વિચારો સાથે રમ્યા કરે છે.

ભગતોમાં અને સંસારીઓમાં ઘણા પ્રકારના ભેદ હોય છે. તેમાં એક આ ભેદ પણ જાણવા જેવો છે કે, દરેક માણસોના મનમાં પ્રસંગોપાત પાપી વિચારો આવી જાય છે. તેમાં કેટલાક વિચારો પોતાના અંતઃકરણમાંથી ઉદ્દ્ભવેલા હોય છે, અને કેટલાક વિચારો બહારથી આવેલા હોય છે. આવી રીતે બન્ને પ્રકારના વિચારો સંસારિક લોકોને પણ આવે છે અને શરૂઆતના ભગતોને પણ આવે છે, પણ તેમ છતાં તે બન્નેની વચ્ચે એટલો ફેર હોય છે કે,

જે ભગતો છે તેઓ પોતાના મનમાં આવી ગએલા બૂરા વિચારો સાથે રમ્યા કરતા નથી, પણ તુરતજ એ પાપી વિચારને ઉડાવી દેય છે, અને પોતાના મનમાં એવો ખરાબ વિચાર આવી ગયો એ માટે દીલગીર થાય છે, અફસોસ કરે છે, અને પ્રભુની માફી માગે છે, તથા પ્રાર્થના કરવા મંડી જાય છે. અને કહે છે કે, હે પ્રભુ? મને હવે આવા વિચારો જોતા નથી. શા માટે આવા કીડાઓ મારા મગજમાં દાખલ થઇ જાય છે? હવે તો એવા દુષ્ટ વિચારોથી મને બચાવ, મને બચાવ, મને બચાવ. એ પછી તે ભગત પોતાના મનમાં આવી ગએલા દુષ્ટ વિચારની સાથે લડાઇ કરે છે. એ વિચારને પોતાના મનમાંથી હાંકી કાઢવા માટે તેનો

તિરસ્કાર કરે છે, તેને ધક્કા મારે છે, અને તેમ છતાં એનો એ વિચાર ફરી ફરીથી તેના મગજમાં આવ્યા કરે છે ત્યારે તે ગુસ્સે થઇ જાય છે, અને તેની સાથે બહુ જબરી લડાઇ કરે છે, અને અંતે તેને હાંકી કાઢે છે. એટલુંજ નહીં પણ એવો દુષ્ટ વિચાર પોતાના મનમાં આવી ગયો એ માટે જુદા જુદા ભગતો જુદી જુદી જાતનાં પ્રાયશ્ચિત કરે છે. જેમકે, કોઇ ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ ઠંડા પાણીએ નાહી નાંખે છે. કોઇ ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ ઉપવાસ કરી નાંખે છે. કોઇ ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે એ પછી તેઓ પોતાના રોજના નિત્યનિયમ કરતાં વધારે જપ કરે છે કે વધારે ધ્યાન ધરે છે. કોઇ ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેના પ્રાયશ્ચિત માટે તેઓ પોતાની શક્તિ પ્રમાણે એજ વખતે દાન આપે છે. કોઇ ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ એ વખતે પોતાનું સ્થાન છોડીને બીજી સુંદર જગ્યાએ તાજી હવામાં ફરવા ચાલ્યા જાય છે. કોઇ ભગતોના મનમાં જ્યારે કાંઇ બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ પોતાના ધર્મનું પોતાનું વ્હાલું પુસ્તક લઇને તેનો પાઠ કરવા બેસી જાય છે. કોઇ ભગતના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે એ વિચારની સાથે લડાઇ કરવા માટે તથા એ પાપની માફી મેળવવા માટે તેઓ એકાંતનું સેવન કરે છે, અને કેટલાક વખત સુધી કોઇની મુલાકાત લેતા નથી. કેટલાક ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ પોતાના મનની નબળાઇ જોઇને અતિશય દીલગીર થાય છે, અને ખુલ્લા દીલે નાનાં બચ્ચાંની માફક એકાંતમાં રોયા કરે છે. અને કેટલાક ભગતોના મનમાં જ્યારે બૂરા વિચારો આવી જાય છે ત્યારે તેઓ પોતાના કરતાં જે શ્રેષ્ટ ભગતો હોય તેઓનો સત્સંગ કરવા તથા પોતાનાં પાપ કબૂલ કરવા તેઓને ત્યાં ચાલ્યા જાય છે. આવી રીતે જેઓ સાચા ભગતો છે તેઓ બૂરા વિચારોથી ડરે છે, અને એ વિચારોને પોતાના મગજમાંથી કાઢી નાંખવાની કોશીષ કરે છે, તથા ફરીથી એવા વિચારો પોતાના મનમાં ન આવી શકે એ માટેના ઉપાયો શોધે છે.

પોતાના મનમાંથી દુષ્ટ વિચારોને કાઢવા માટે ભગતો જ્યારે આવી આવી યુક્તિઓ કરે છે ત્યારે એને બદલે સંસારીઓ એ કામ માટે શું કરે છે? એ તમે જાણો છો? તેઓના મનમાં જ્યારે કોઇ બૂરો વિચાર આવે ત્યારે તેઓ એ બૂરા વિચારની સાથે રમ્યા કરે છે, એમાં ને એમાં મન રાખે છે, ફરી ફરીથી એ વિચારને બોલાવે છે, અને એ વિચાર ભૂલાઇ ગયો હોય અગર મનમાંથી નીકળી ગયો હોય તોપણ તેને યાદ કરી કરીને ફરી ફરીથી એ વિચારના ચીલા પોતાના મનમાં પાડ્યા કરે છે. જેની તેની આગળ એ વિચારોને કહ્યા કરે છે, અને જે વિચાર બહુ નાનો હોય તેને પણ પાણી પાઇ પાઈને, ખાતર નાંખી નાંખીને, વાડ કરી કરીને તથા તાણી તોડીને બહુ મોટો બનાવી દેય છે. એટલુંજ નહીં પણ તેમાંથી ઘણાએ ફણગાઓ ફૂટવા દેય છે અને એ ફણગાઓ સાથે પણ રમ્યા કરે છે. તેથી પરિણામ એ થાય છે કે, એક દુષ્ટ વિચારમાંથી બીજા અનેક દુષ્ટ વિચારો ઉત્પન્ન થઇ જાય છે, અને પછી તેઓ એ દુષ્ટ વિચારોની જાળમાંથી છૂટી શકતા નથી, પણ ઉલટા વધારે ને વધારે તેમાં બંધાતા જાય છે.

આ વાત બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ એમ કહેતા હતા કે, દુષ્ટ વિચારો મનમાં આવી જાય એ સ્વાભાવિક છે. એમાં કાંઇ નવાઇ નથી. કારણ કે જીવ પાપનો ભરેલો છે અને દુનીયામાં પાપ થવાના સંજોગો ઘણા છે, એટલે ભગતોની સામાન્ય સ્થિતિમાં પાપના વિચારો આવી જાય તેમાં કાંઇ નવાઇ નથી. બહુ ઉંચી દશાએ પહોંચ્યા પછી પાપના વિચારો ન આવે એ જુદી વાત છે, પણ શરૂઆતની દશામાં તો પ્રસંગોપાત પાપના વિચારો આવ્યાજ કરે છે; પણ એ વખતે જે સંભાળવાનું છે તે એજ કે, આપણા માથા ઉપરથી પક્ષીઓ ઉડી જાય તેમાં કાંઈ નવાઇ નથી, પણ એ પક્ષીઓ આપણી પાઘડીમાં માળો બાંધીને બેસે તેમ ન થવું જોઈએ. તેમજ ઉડતા બૂરા વિચારો આપણા મનમાં આવીને ચાલ્યા જાય તેમાં કાંઇ નવાઈ નથી, પણ એ વિચારોને મનમાં પકડી રાખવા ને તે વિચારોની સાથે રમ્યા કરવું એજ ખરાબીની વાત છે. માટે જે ચેતવા જેવી વાત છે તે એજ છે કે, મનમાં જે બૂરા વિચારો આવી જાય તે

વિચારોની સાથે રમ્યા કરવું નહીં, પણ એ વિચારો જેમ બને તેમ જલદીથી મનમાંથી દૂર થઇ જાય તેમ કરવું. એજ ભગતોનું લક્ષણ છે, અને ભગતોની પરીક્ષા એજ છે કે, પોતાના મનમાં ઉડતા બૂરા વિચારોની સાથે તે કેવી રીતે લડાઇ કરે છે? જે લોકો એવી લડાઇ કરતા નથી તેઓ સાચા ભગત નથી, અને જેઓ એવી લડાઇ કરે છે તેઓ ભગત છે. માટે આ બધો ખુલાસો કરીને અમે તમને એમ સમજાવવા ઇચ્છીએ છીએ કે, તમારા મનમાં જે જે બૂરા વિચારો આવી જાય તે વિચારોની સાથે રમ્યા કરશો માં. એ ઉડતાં પક્ષીઓને તમારા માથાં ઉપર માળો બાંધવા દેશોમાં, ને ઈંડાં મૂકવા દેશો માં, પણ જેમ બને તેમ બૂરા વિચારોથી દૂર રહેવાની કોશીષ કરજો, એટલે પરમ કૃપાળુ પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે.

સમુદ્રમાં મોજાંઓ જેમ એક પછી એક આવ્યા કરે છે, તેમ મનમાં વિચારો આવ્યા કરે છે; પણ તે મોજાંથી હોડીવાળાઓ જેમ પોતાની હોડીને બચાવી લે છે તેમ ખરાબ વિચારોથી આપણે આપણા મનને બચાવી લેવું જોઇએ.

ખરાબ ઝાડો વાવ્યા વગર પણ ખેતરમાં ઉગી જાય છે, તેમજ માઠા વિચારોને ન બોલાવીએ તોપણ તે પોતાની મેળે મેળે આવી જાય છે. પણ જેમ નકામા ઘાસને ખેતરમાંથી ખોદી કાઢીએ છીએ તેમ માઠા વિચારોને મનમાંથી કાઢી નાંખવા જોઇએ.

કુતરાને ઘરમાં ન આવવા દેવા માટે જેમ જાળી રાખીએ છીએ, તેમ ખરાબ વિચારોને મનમાં આવતા અટકાવવા માટે પણ તજવીજ રાખવી જોઇએ.

મોઢા ઉપર બેઠેલી માખીને જેમ ઉડાવી દઇએ છીએ અને તેમ છતાં હઠીલી માખી જેમ ફરી ફરીથી આવ્યા કરે છે, તેમજ ખરાબ વિચારોને મનમાંથી હાંકી કાઢીએ તોપણ ફરી ફરીથી તે વિચારો આવ્યા કરે છે. માટે તેને કાઢી નાંખવાને જેટલી બને તેટલી તજવીજ રાખજો અને કદી શરૂઆતમાં ખરાબ વિચારોને મનમાં આવતા ન અટકાવી શકો તોપણ એટલું તો સંભાળજોજ કે,

દોહરો.

મન ગયા તો જાને દે,
મત જાને દે શરીર;
ના ખેંચી કમાન તો,
કયા લગેગા તીર ?

૬૭–દુઃખથી દીલગીર થવું નહીં.

સમુદ્રમાં જેમ હમેશાં ભરતી ઓટ થયા કરે છે, તેમ મનુષ્યોની સ્થિતિમાં પણ સુખ દુઃખ તો આવ્યાજ કરવાનાં. માટે દુઃખના દહાડા દેખીને ભગતે કોઇ પણ દહાડે હીંમત રહીત થવું નહીં.

સંકટ ભર્યા બનાવો તો રામ, યુધિષ્ટર, નળ, અને હરીશ્ચંદ્ર જેવા માથે પણ બની ગયા છે ત્યારે માણસ તે તેની પાસે શું ?

સૂરજની પણ એક દિવસમાં ત્રણ દશા થાય છે ત્યારે મનુષ્યને કયારેક કયારેક કાંઇ ધાર્યાં અણધાર્યાં સંકટ આવી પડે તેમાં નવાઇ નથી.

છપ્પો.

એક દીન ગાડે નાવ નાવમાં એક દીન ગાડું;
એક દીન] આણુજ ફરે ફરે નર કોદી ઉઘાડું;
સદા રવિ રહે સાફ આફતે ગ્રહણુજ આવે;
રહે સદાય સુકાળ કાળ કદિ અસર જણાવે;
આ દૈવ ખેલ દુનિયાં વિષે, સૌ દીન સરખા નવ રહે;
જ્ઞાની તો સમજી રહે, અજ્ઞાની રોઇ મરે.

કપાયેલું ઝાડ જેમ પાછું કોઇ દિવસ ઉગી નીકળે છે, અને જેમ અમાસનો ક્ષીણ થયેલો ચંદ્રમા પાછો પ્રકાશને પામે છે, તેમ દુઃખ પામેલા મનુષ્યો પણ પાછા સુખના દહાડા દેખે છે, માટે આપણે દુઃખ દેખીને નિરાશ થઇ બેસવાનું નથી.

અંધારી રાત પછી જેમ તરતજ પ્રકાશવાળો દહાડો આવે છે, અને ગાજવીજ તથા તોફાનની પાછળ જેમ સારો વરસાદ પડે

છે, તેમ ઘણીક વખત દુઃખ પછી સુખભર્યા સારા દહાડા આવતા ઘણાકોને જણાય છે, માટે આપણે પણ હીમત હારવાની નથી.

કવિત.

કબહુક બાગ હાથ, બાજતે નગારે સાથ;
કબહુક પાંઉ પ્યાદે, શિર બોજ સહીએ.

કબહુક મેવા મીસરીકી, અજીરન હોત;
કબહુક મુઠી ભર, ચુનગોજ લઈએ.

કબહુક આપદ્વાર ભીડ હૈ ભીખારન કી;
કબહુક આપ જાય, પરદ્વાર રહીએ.

હારીએ ન હિંમત, બીસારીએ ન હરિનામ;
જેહી બીધ રાખે રામ, તેહી બીધ રહીએ.

*　　*　　*

દુઃખમેં સમરન સબ કરે, સુખમેં કરે ન કોય;
જો સુખમેં સમરન કરે, તો દુઃખ કહાંસે હોય.

સુખમેં સમરન ના કીયા, દુઃખમેં કીયા યાદ;
કહે કબીર તા દાસકી, કોન સુને ફરિયાદ.

સુખકે માથે સીલ પડે, જો નામ હ્દયસે જાય;
બલીહારી વા દુઃખકી, પલ પલ નામ જપાય.

બીપત ભલી હરિ નામ લેત, કાયા કસૌટી દુઃખ;
રામ બીના કીસ કામકી, માયા સંપત સુખ.

જે દુઃખ આવ્યા પછી આપણે ઇશ્વર ભણી વળ્યા છીએ તે દુઃખ નથી પણ ઇશ્વરની કૃપા છે, એમ જાણજો. અને જે સુખ આવ્યા પછી આપણે પ્રભુથી વિમુખ થયા છીએ તે સુખ નથી પણ દુઃખ છે, એમ સમજજો.

નિંદા થયા વિના, મશ્કરી થયા વિના, ને દુઃખો તથા સંકટો સહન કર્યા વિના કોઈ પણ ભગત સ્વર્ગમાં ગયો સાંભળ્યો નથી.

પ્રભુ પોતાના ભગતોને ઉંચે ચ્હડાવવા ચ્હાય છે, માટે તેની પરીક્ષા લેય છે, પણ નાસ્તીકોને ઉંચે ચ્હડાવવા નથી તેથી પ્રભુ તેની પરીક્ષા લેતા નથી.

જેને ઘા વાગ્યા ન હોય તે બહાદૂર ગણાય નહીં, તેમ જેની માથે દુઃખ પડયું નથી તે ભગત થયા નથી, એમ જાણજો.

દરિયામાં મોજાં આવતાં બંધ થશે ત્યારે સંતો ઉપર આવતા દુઃખો બંધ થશે.

દુઃખમાં ભજન થાય છે તેવું બીજે વખતે થતું નથી.

ઘડીઆલને જેમ લોલકની જરૂર છે, તેમ માણસોને દુઃખની જરૂર છે.

તમારે માથે ઇશ્વર જેવો ધણી છે, માટે નિરાશ થશો નહીં.

બાપની ધમકી છોકરાના સારાં માટે હોય છે, તેમ ઇશ્વર આપણને જે દુઃખ આપે છે તે આપણા સારાં માટે છે એમ સમજવું.

પદ.

ગમ ન પડે નરને ગોવીંદની ગતી ન્યારીરે— ગમ૦
અકળ કળા ઇશ્વરની એમાં, શું સમજે સંસારીરે ગમ૦

ઉજળો દિન દેખી જન જાણે, ન્યાલ થયો આ ટાણે;
કાલ દિવસ કેવો દેખાશે, એ તો ઇશ્વર જાણેરે. ગમ૦

પુત્ર જનમ પામ્યાથી, પ્રાણી જીવમાં હરખે જોઇ;
પલકવાર પછી શું નિપજશે, કળી શકે નહીં કોઇ. ગમ૦

રૂડી રસોઇ તૈયાર કરીને, ભોજન પીરસ્યા ભાણે;
ભાગ્ય વિના ભોજન કરવાની, આશા ફોકટ આણેરે. ગમ૦

ચૂનાબંધ હવેલી ચણાવે, જોવા લાયક જેવી;
વાસ્તુ દિન વૈકુંઠ સીધાવે, ઇશ્વરકૃત ગતિ એવીરે. ગમ૦

મોટા મોટા મનસુબા કરી, મોટા પગરણ માંડે;
જાણે નહીં જે જમના કીંકર, કાલ પકડશે કાંઠેરે. ગમ૦

ખારા રણનાં ખુબ ઝાંઝવાં, ભાળી નહીં ભરમાવું;
દુનીયાનાં સુખ એવાં દેખી, ફોકટ શું ફુલાવુંરે. ગમ૦

સંસારી સુખ સ્વપ્ના જેવાં, નહીં ભરૂસો ઝાઝો;
સુખ પામી મગરૂર થવું નહીં, દુખ દેખી નવ દાઝોરે. ગમ૦

મુઠીમાં જે હવા ભરી તે, વહી જતાં શી વાર;
અવશ્ય જાણો એહ તરેહનો, સઘળો છે સંસારરે. ગમ૦

પળમાં છાયો પળમાં તડકો, જગમાં જેમ જણાય;
રાજા પળમાં રાંક બને છે, રાંક બને છે રાયરે. ગમ૦

એક ઘડી આનંદ વધે અને, એક ઘડીમાં શોક;
એકેની સ્થીરતા નથી અંતે, ફળ તેના છે ફોકરે. ગમ૦

કરી શકીએ તે ઉપાય કરવા, અંતે સઘળું સહેવું;
ઈશ્વરની ઈચ્છા પરમાણે, જેમ રાખે તેમ રહેવુંરે. ગમ૦

ક. દ. ડા.

૯૮–પાપ ન કરવું એમાંજ કાંઇ ભગતોની મોટાઇ નથી, પણ ભગવાનને ગમે તેવાં કામો કરવાં એજ તેની મોટાઇ છે.

કેટલાક ભગતો એમ સમજે છે કે, પાપ ન કરવું એટલે બસ છે. પાપથી બચીએ તેનું નામ ભક્તિ. પણ ભક્તિના આવા સાંકડા અર્થથી સાચા ભગતોને સંતોષ થતો નથી. તેઓ તો એમ કહે છે કે, પાપ ન કરવું તેમાં શું નવાઇ? કોઇ પણ સારા માણસો કાંઇ ખાસ ચાહીને પાપ કરતા નથી, પણ પ્રભુને ગમે તેવાં સારાં કામો કરવાં એજ ભગતોની ખુબી છે. આ વાત બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

એક શેઠીયા પાસે નોકર હતો. તે નોકર શેઠને કહેતો હતો કે સાહેબ, હું કોઇ દિવસ તમારી નીંદા કરતો નથી, કોઇ દિવસ તમારો વાંક કાઢતો નથી, કોઇ દિવસ તમારા દુશ્મનો સાથે દોસ્તી રાખતો નથી, સૌ ઠેકાણે તમારાં વખાણ કરૂં છું, તમને માન આપું છું, અને તમારી સલામ ભર્યા કરૂં છું. એ સાંભળીને શેઠે કહ્યું કે, તારી એ બધી વાત સાચી, પણ એમાં શું વળે? કારણ કે એ

માટે કાંઇ હું તને પગાર આપતો નથી, પણ તું મારૂં કામ કર તે સારૂ હું તને પગાર આપું છું. માટે તેં મારૂં શું કામ કર્યું ? એ મને બતાવ. તેમજ યાદ રાખજો કે. પ્રભુ પણ આપણને એમ પૂછશે કે, તમે પાપ ન કર્યું એમાં કાંઇ મોટી વાત નથી, પણ તમે મારે અર્થે ભલાં કામો શું કર્યાં ? એ તો જરા કહો ? તમે કેટલા ગરીબોનાં આંસુ લૂછ્યાં ? તમે કેટલા દુ:ખીઓને મદદ કરી ? તમે કેટલા જણના વાંક માફ કર્યા ? તમે થોડો ઘણો ટેકો આપીને કેટલા જણને આગળ વધાર્યા ? તમે કેટલું જ્ઞાન મેળવ્યું ? તમે ધર્મના કેટલા નિયમો પાળ્યા ? તમે તમારા અંતરાત્મા સાથે કેટલી ઓળખાણ કરી ? તમે તમારી અંદર રહેલી આસુરી વૃત્તિ સાથે કેટલી લડાઇ કરી ? તમે તમારા ભાઇબંધોને કેટલી મદદ કરી ? તમે તમારી અસક્તિની જાળને કેટલી કાપી ? તમે તમારા અંતઃ-કરણના દરવાજા કેટલા ઉઘાડા રાખ્યા ? તમે કેટલી પવિ-ત્રાઇ પાળી ? તમે જગતના સૌ જીવો ઉપર કેટલી દયા રાખી ? તમે મહાત્માઓની સાથે, જ્ઞાનીઓની સાથે અને ભગતોની સાથે કેમ વર્ત્યા ? તમે તમારા નોકરોની સાથે અને કુટુંબની સાથે કેમ વર્ત્યા ? અને તમે તમારા અંતરાત્માની સાથે કેમ વર્ત્યા છો એ તો જરા કહો ? તથા તમે તમારા પિતા અનંત બ્રહ્માંડના નાથની સાથે કેમ વર્ત્યા છો ? અને તેના હુક-મોને કેટલું માન આપ્યું છે ? એ તો જરા કહો ? તમે મારાં વખાણ કરો છો એ મને ખબર છે, તમે મારી નીંદા નથી કરતા એ મને ખબર છે, અને તમે મારે માટે સારા વિચારો ધરાવો છો એ મને ખબર છે, પણ એટલાજ સારૂ કાંઇ પગાર મળતો નથી, પણ મને તો કામ જોઇએ છે. માટે તમે ભગત થયા પછી શું કામ કરી બતાવ્યાં તે મને કહો ?

બંધુઓ ! હમણાં આપણે ભગત થઇને ફરીએ છીએ પણ જે વખતે પ્રભુ આપણને આ પ્રમાણે પૂછશે ત્યારે આપણે શું જવાબ દઇ શકશું એનો કાંઇ વિચાર કર્યો છે ? મતલબ કે પાપથી બચવું એટલું કાંઇ બસ નથી, પણ સાચા ભગતોએ તો જેમ બને તેમ પ્રભુ રાજી રહે તેવાં પુણ્યનાં કામો ખાસ ચાહીને કરવાં જોઇએ. માટે એવાં કામો બને તેવી તજવીજ રાખજો, એજ અમારી વિનંતિ છે.

દોહરો.

રામ ઝરૂખે બૈઠકે, સબકા મુજરા લેત;
જૈસી જીનકી ચાકરી, વૈસા ઉનકું દેત.

૬૯–પ્રભુ કહે છે કે જેઓ મને માન આપશે તેઓને હું માન આપીશ.

આ જગત્‌માં ઘણા પુરૂષોને માન મળે છે, અને એ માન મેળવનારા માણુસો જુદા જુદા પ્રકારના હોય છે. જેમકે, કોઇને તેમની બહાદૂરી માટે માન મળે છે, કોઇને તેમની ઉદારતા માટે માન મળે છે, કોઇને બુદ્ધિબળ માટે માન મળે છે, કોઇને શરીર બળ માટે માન મળે છે, કોઇને ત્યાગ માટે માન મળે છે, કોઇને પરમાર્થનાં કામો કરવા માટે માન મળે છે, કોઇને જગત્‌માં જ્ઞાન ફેલાવવા માટે માન મળે છે, કોઇને નવાં રાજ્યો સ્થાપવા માટે માન મળે છે, કોઇને નવી શોધો કરવા માટે માન મળે છે, કોઇને પોતાની ફરજો બજાવવા માટે માન મળે છે, કોઇને પશુઓ કેળવવા માટે માન મળે છે, કોઇને સમુદ્ર ખેડવા માટે માન મળે છે, કોઇને જગત્‌ની સમૃદ્ધિ વધારવા માટે માન મળે છે, કોઇને તેના સાહસિકપણા માટે માન મળે છે, કોઇ સ્ત્રીઓને તેમના સતીપણા માટે માન મળે છે, કોઇ પુરૂષોને તેમના કુળવાનપણા માટે માન મળે છે, કોઇને તેમના બાપદાદાઓની આબરૂ માટે માન મળે છે. અને કોઇ કોઇ માણુસોમાં કોઇ કોઇ જાતની કુદરતી બક્ષિસ હોય તેને લીધે તેઓ વૈદક, જ્યોતિષ, સામુદ્રિક, વિગેરે વિદ્યાઓમાં બહુજ આગળ વધી ગયેલા હોય છે તેને લીધે તેઓને માન મળે છે. આવી રીતે માન મેળવવાના ઘણા પ્રકાર છે. પણ એ બધા માન કરતાં એક બહુજ મ્હોટું માન બાકી રહી જાય છે, તે જાણવા જેવું છે. કારણ કે એ માનની આગળ બીજાં બધાં માન બહુજ નીચાં પડી જાય છે. એ માટે એક ભકતરાજ મહારાજ પોતાની સત્સંગ મંડળીમાં હરિજનોની આગળ એમ કહેતા હતા કે,

જે ભગતો ભગવાનને માન આપે છે તેઓને ભગવાન માન આપે છે, અને એ ભગવાનનું આપેલું ભક્તિનું માન જગતમાં બીજાં સૌ જાતનાં માન કરતાં ઉત્તમ પ્રકારનું હોય છે. એની આગળ બીજાં બધાં માનો ઝાંખાં પડી જાય છે. કારણ કે ભક્તિ સિવાય બીજી જે કાંઈ બાબતો છે તે બધી બાબતોમાં કાંઇક કાંઇક સ્વાર્થ હોય છે, અને એવી બાબતોમાં જે માન મળે છે તે માન મનુષ્ય તરફથી મળેલું હોય છે, એટલે તે માન અમુક દેશમાં ને અમુક કાળમાંજ રહી જાય તેવું હોય છે; પણ ભગતોને જે માન મળે છે તે માન તો ભગવાન તરફનું હોય છે, અને એ માન તો તેઓના નિસ્પૃહીપણાનું હોય છે, એટલે એ માન ઘણા જમાનાઓ સુધી ટકી શકે છે. જેમકે,

સનકાદીકને જે માન મળે છે, નારદને જે માન મળે છે, વિશ્વામિત્ર, વસિષ્ઠ વિગેરે રૂષિઓને જે માન મળે છે, હનુમાનને જે માન મળે છે, તુકારામ, નૃસિંહ મેહતો, મીરાંબાઇ, કબીર, નાનક અને તુલસીદાસ તથા જ્ઞાનેશ્વર વિગેરે ભક્ત મહાત્માઓને જે માન મળે છે તે માન ઘણા કાળ સુધી રહી શકે તેવું હોય છે. અને દુનિયાની બધી સમજુ પ્રજાઓ તેઓને માન આપી શકે તેવું માન હોય છે. પણ અમુક અમુક ગુણ માટે જે માન મળે તે માન બહુ સાંકડા પ્રદેશમાં રહી જનારૂં હોય છે. જો કે એ વખતે એ માન પણ સારૂં સારૂં ને મ્હોટું મ્હોટું લાગે એ જુદી વાત છે, પણ યાદ રાખજો કે, એવાં બધાં માન સૂરજની આગળદીવ ઝાંખા પડી જાય તેમ ભગતોના માનની આગળ ઝાંખા પડી જાય છે. માટે જો સાચામાં સાચું માન મેળવવું હોય તો ઉંચામાં ઉંચા ભગત થાઓ, ઉંચામાં ઉંચા ભગત થાઓ, અને એવા ભગત થવાની સહેલામાં સહેલી કુંચી એ છે કે, જેમ બને તેમ પરમ કૃપાળુ પરમાત્માને વધારેમાં વધારે માન આપો. અનંત બ્રહ્માંડના નાથને વધારેમાં વધારે માન આપો, અને સર્વશક્તિમાન પરમાત્માને વધારેમાં વધારે માન આપો, એજ સાચા ભગત થવાનો સ્હેલામાં સ્હેલો ને સાચામાં સાચો ઉપાય છે. માટે હે હરિજનો! જેમ બને તેમ પ્રભુને માન આપો, પ્રભુને માન આપો.

૭૦–સંસારિક લોકો અને ભગતોની વચ્ચે શું ફેર હોય છે? તેનો ખુલાસો.

ભગતો હમેશાં સંસારિક લોકોમાંથીજ થાય છે અને સંસારિક લોકોની સાથેજ રહે છે. છતાં પણ ભગતોની વચ્ચે અને સંસારિક લોકોની વચ્ચે બહુ મોટો ફેર હોય છે. એ ફેર જો આપણા ધ્યાનમાં હોય તો પ્રસંગોપાત આપણે પરીક્ષા કરી શકીએ છીએ. માટે સંસારિક લોકો અને ભગતો વચ્ચેનો ફરક બતાવવા સારૂ એક ભક્તરાજ મહારાજ એમ કહેતા હતા કે,

જે સંસારિક લોકો છે તે માટી જેવા છે, અને જે ભગતો છે તે સોના જેવા છે. માટીનો સ્વભાવ એવો છે કે, તે દરેક જાતની નરમ પ્રવાહી ચીજોથી પીગળ્યા કરે છે ને પોચી બની જાય છે. જેમકે, માટી ઉપર પાણી પડે તો પણ તે પોચી થઇને ગળી જાય છે. માટી ઉપર દૂધ પડે તોપણ તે ગળી જાય છે, માટી ઉપર તેલ પડે તોપણ તે ગળી જાય છે. માટી ઉપર મૂત્ર પડે તોપણ તે ગળી જાય છે અને માટી ઉપર દારૂ પડે તોપણ તે પીગળીને પોચી થઇ જાય છે. પણ સોનું પાણીમાં, દૂધમાં, તેલમાં કે દારૂમાં પડયું રહે તોપણ તે પોચું થતું નથી કે પીગળી જતું નથી. તેમજ જે ખરા ભગતો છે તેઓ સંસારિક મોહના પદાર્થોથી અંજાઇ જતા નથી ને તેમાં ખુંચી જતા નથી, પણ જે સંસારિક લોકો છે તેઓને જયાં જયાં વ્હાલું વ્હાલું લાગે ત્યાં ત્યાં તેઓ ફસાતા જાય છે. જયાં જયાં માણસોનાં ટોળાં દેખે ત્યાં ત્યાં તેઓ દોડયા જાય છે. પછી એ ટોળાંઓ ગમે તો વાંદરાઓને જોવા ભેળાં થઇ ગયાં હોય, ગમે તો માણસોનું ટોળું કજીયા સારૂ ભેળું થઇ ગયું હોય, ગમે તો કાંઇ ખેલ તમાસો જોવા લોકોનું ટોળું ભેળું થઇ ગયું હોય, અને ગમે તો કોઈ ગાંડા માણસને જોવા કે કોઇ નાગા માણસને જોવા લોકોનું ટોળું ભેળું થઇ ગયું હોય, પણ તે દરેક ઠેકાણે તેઓ દોડે છે. કારણ કે તેઓનો સ્વભાવ માટી જેવો હોય છે. એટલે તેઓ દરેક જાતની પ્રવાહી ચીજોથી પીગળી જાય છે ને પોચા થઇ જાય છે. પણ યાદ રાખજો કે, ભગતોની બાબતમાં કાંઇ તેમ થતું નથી. તેઓ તો દરેક વખતે ને દરેક ઠેકાણે પોતાની

મજબૂતી જાળવી શકે છે, તેથી જોઇ વિચારીને કામ કરે છે અને જ્યાં પોતાને જવા જેવું હોય ત્યાંજ જાય છે. તેઓ કાંઇ દરેક ઠેકાણે દોડાદોડ કરતા નથી ને તેમાં પણ જે ઠેકાણે જવાથી વખત ફોગટ જાય તેમ હોય, જે ઠેકાણે જવાથી મનને ધક્કો પહોંચે તેમ હોય, જે ઠેકાણે જવાથી મનમાં દૈવી ને આસુરી સંપત્તિનું યુદ્ધ થાય તેમ હોય, જે ઠેકાણે જવાથી ખરાબ દાખલો બેસે તેમ હોય, અને જે ઠેકાણે જવાથી કોઇ પણ જાતનો ભય લાગે તેમ હોય તેવે ઠેકાણે ખરા ભગતો જતા નથી. કારણ કે એવા પ્રસંગો અને એવાં ઠેકાણાંઓથી બચવાનું તેઓમાં બળ આવી ગયેલું હોય છે. માટે તેઓ સોના જેવા સખત ને શુદ્ધ રહી શકે છે. પણ સંસારિક લોકોમાં એવું બળ આવેલું હોતું નથી, તેથી જે જે ખાડા પોતાના રસ્તામાં આવે તે દરેક ખાડામાં તેઓ પડતા જાય છે. આવો ભગતો અને સંસારીઓની વચ્ચે ફેર છે. માટે હવે આ બેમાંથી સારી સ્થિતિ કઇ છે? તેનો વિચાર કરજો, અને જે સારી સ્થિતિ હોય તે પ્રમાણે વર્તવાની કોશીષ કરજો. એજ અમારી તમને ભલામણ છે.

૫૬.

તાદૃશી જન તેને જાણીએ, જેમાં એવા ગુણ હોય,
નિંદા સ્તુતિ કોઇની નવ કરે, સઘળું સમદૃષ્ટિ જોય—સાચા૦

જેના તે દરશન માત્રથી, ટળે પ્રપંચનું ધ્યાન;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાવે અજ્ઞાન—સાચા૦

ગુણ ગાયે ગોવિંદના, પ્રફુલ્લિત તન થાય;
નેત્ર પ્રવાહ વહે પ્રેમનો, હરખે હૃદય રૂંધાય—સાચા૦

પરદુઃખ દેખી દાઝે ઘણું, નવ કરે કોઇનો દ્રોહ;
ઇંદ્રિયજિત સાચા સદા, ન પામે મન મોહ—સાચા૦

સકળ સચરાચરને વિષે, વસ્યા દેખે ભગવાન;
શુભ ઇચ્છે સર્વ જગતનું, લેશ નહિ અભિમાન—સાચા૦

સઘળી લીલા તે અવિનાશીની, જેમાં લુબ્ધ જેનું મન;
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન—સાચા૦

નટવર ઝળકે નેણમાં, કાંતિ કરૂણામય હોય;
શાંત સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઈનો નહિ જોય—સાચા૦

હરિજન વૈષ્ણવને વિષે, જેને અતિ ઘણું વહાલ,
દૃઢ આશરો દીનતા ઘણી, બોલે વચન રસાલ—સાચા૦

વિઠ્ઠલતા વિઠ્ઠલેશસું, મુખે કૃષ્ણનું નામ;
એવા ભગવતના દાસના, હરિદાસ ગુણ ગાય—સાચા૦

૭૧–પ્રભુપ્રેમ વિષે.

પ્રભુપ્રેમ એ સઘળા સદ્દગુણનું મૂળ છે. જેમ મોટા રાજાની સાથે ઘણા નોકરો રહ્યા કરે છે, તેમ પ્રભુપ્રેમની પાછળ પણ ઘણા સ ગુણો પોતાની મેળે આવ્યા કરે છે.

જેમ એક મોટો શ્રીમંત કોઇ ગરીબ પાસેથી નજીવી ચીજ લેવાની ઇચ્છા રાખતો નથી, તેમ પ્રભુપ્રેમમાં રંગાઈ ગયેલા હરિજનો કે સંતો પણ આ જગતના હલકા સુખોની ઇચ્છા કરતા નથી.

સળગતો ચૂલો કે સગડી નવાં લાકડાં કે કોલસા નાંખ્યા વિના જેમ તુરત હોલવાઇ જાય છે, તેમ ઇશ્વર સ્મર્ણ કે પરમાર્થનાં કામો સિવાય પ્રભુપ્રેમ થંડો પડી જાય છે. આ વાત દરેક હરિજને યાદ રાખવા જેવી છે.

કોઈ પણ ઝાડના સારા રોપાની પાસે જ્યારે બહુ ઘાસ કે ઝોકડ ઉગી નીકળે છે ત્યારે તે રોપાને જોરથી ઉગી નીકળતાં અટકાવે છે. તેમ આપણા અંતરમાં ઉગતા પ્રભુપ્રેમરૂપી રોપાને પાપરૂપી ઝોકડ ને ઘાસનાં મૂળીયાં અટકાવ કરનારાં છે એમ જાણવું.

જ્યારે કોઇ ગરીબ માણસને ઘેરે મોટો રાજા આવે છે ત્યારે પેલો ગરીબ જેમ બહુ બહુ રાજી થઈ જાય છે, તેમ જ્યારે ભગતોના હૃદયમાં ભગવત સ્મરણથી આત્મા પરમાત્માનું એકત્રપણું થઇ જાય છે ત્યારે એક અવર્ણનીય આનંદ ઉત્પન્ન થાય છે, જે વાત જેને વીતી હોય તે જાણે છે.

જ્યારે જંગલની એકાદી ગુફામાં મોટા સિંહનો વાસ થાય છે, ત્યારે નજીકમાં રહેનારાં નાનાં નાનાં જનાવરો ત્રાસ પામીને દૂર દૂર ભાગી જાય છે, તેમ આપણા અંતરમાં જ્યારે પ્રભુપ્રેમ ઠરે છે ત્યારે આપણામાં રહેલા ઘણાક દુર્ગુણો પોતાની મેળે દૂર થઇ જાય છે.

ટુંકમાં વર્ષારૂતુ બેઠા પછી જેમ જમીનમાંથી ઘણીક જાતનાં નવાં નવાં ઝાડો ઉગી નીકળે છે, તેમ અંતરમાં પ્રભુપ્રેમ જામી ગયા પછી જીવમાં ઘણી તરેહના ઇશ્વરી સદ્ગુણો આવતા જાય છે.

પ્રેમ વિષે.

(દોહરા.)

પ્રેમ બરાબર યોગ નહીં, પ્રેમ બરાબર ધ્યાન;
પ્રેમ ભકિત બીન સાધવા, સબહી થોથા જાન.

પ્રેમ ભાવ એક ચાહીએ, ભેષ અનેક બનાય;
ભાવે ગૃહમેં બાસકર, ભાવે બનમેં જાય.

જોગી જંગમ સેવડા, સન્યાસી દરવેશ;
બીના પ્રેમ પહોંચે નહીં, દુરલભ સતગુરૂદેશ.

મન પક્ષી તબ લગ ઉડે, વિષય વાસના માંહી;
પ્રેમ બાજકી ઝપટમેં, જબ લગ આયો નાહીં.

પ્રભુ પ્રેમ.

એક ચેલાએ કહ્યું કે, મહારાજ? આજે કાંઇ તમારી કથામાં સ્વાદ આવ્યો નહીં. ત્યારે ગુરૂએ કહ્યું કે બેટા, તેનું કારણ એજ છે કે, આજે તુંને બરાબર ભૂખ લાગી નહીં હોય.

સંસારીઓને જેમ પોતાના વ્હાલા સગાને ઘેર જવાની વારંવાર મરજી થયા કરે છે, તેમ આપણને જ્યારે પ્રભુ મંદિરમાં વારંવાર જવાની ઇચ્છા થાય ત્યારે જાણજો કે હવે ભકિત શરૂ થઇ ચુકી છે.

બળતો દીવો સંતાડી શકાય નહીં તેમ ખરા પ્રેમીઓ જાહેર થયા વિના રહેવાના નથી.

જેનું ચિત્ત ઈશ્વરમાં લાગેલું હોય છે તેને દુનિયા કાંઇ હિસાબમાં રહેતી નથી.

રાણીના બાગમાં જેમ હમેશાં રાણી પોતે હોતી નથી ને ગવર્નરના બંગલામાં જેમ ગવર્નર પોતે હોતો નથી તેમ ઘણી વખત ભગવાનની કથા અને ભગવાનનાં કીર્તનોમાં ભગવાન પોતે પણ હોતા નથી. [સાર એ કે એ બધું પ્રેમ વિનાનું હોય છે.]

ઇશ્વરનો પ્રેમ અને ઇશ્વરનું જ્ઞાન એ બંને સાથેજ રહે છે.

માણસો માણસોનાં બહારનાં કામો જોઇને તેને વખાણે છે, પણ ઇશ્વર તો એજ જુએ છે કે, તે કામો તેણે કેવી મતલબથી કર્યાં છે.

ઇશ્વર અર્થે ખરચેલું બધું સેવીંગ બેંકમાં વ્યાજે મૂકેલું છે એમ જાણજો.

જે પોતાનાં બધાં કર્મ પ્રભુને અર્પણ કરે છે, તે જીવતાં પણ મોક્ષમંજ છે.

સૂરજની સામે ચાલે છે તેને પડછાંયો દેખાતો નથી, તેમ જે ભગવાનની ભક્તિ કરે છે તેને અજ્ઞાન રહેતું નથી.

૭૨–જે કાંઇ શુભ કામો કરવાં હોય તે મોત આવ્યા પહેલાં કરી લો, મોત આવ્યા પછી કાંઇ પણ બની શકશે નહીં.

મહાત્માઓ એમ કહે છે કે, આ જગત્‌ની બીજી કોઇ પણ બાબતોને માટે આપણે કાંઇ નિશ્ચયપૂર્વક કહી શકતા નથી, પણ મૃત્યુ એ એક એવી બાબત છે કે જેને માટે ખાત્રીપૂર્વક એમ કહીજ શકાય કે, એ તો આવવાનુંજ છે. એમાં કાંઇ પણ શક નથી. છતાં પણ ઘણાં માણસો એવાં અજ્ઞાની હોય છે અને એવાં બેદરકાર હોય છે કે, જે કામ મોત પહેલાં કરી લેવાં જોઇએ તે પણ તેઓ કરી શકતા નથી. તેથી છતાં સાધનોએ ખાલી હાથે ચાલ્યાં જાય છે અને મોક્ષ જેવો મહા આનંદ ગુમાવી દેય છે. આ વાત બહુ ખુલાસાવાર સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક માણસની પાસે બૅંકનો ચેક હતો, પણ રૂપીઆ લેવા જવા માટે તે ઢીલ કરવા લાગ્યો અને હમણાં જશું, હમણાં જશું એમ કરવામાં વખત ગુમાવવા લાગ્યો. મુનીમે કહ્યુ કે, એક વાગી ગયો. પછી પાછી યાદી આપી કે બે થઇ ગયા ને ચારે તો બૅંક બંધ થઇ જશે. ત્યારે તે શેઠે કહ્યું કે, હજી તો બે કલાકની વાર છે. બે કલાકમાં તો જે ધારીએ તે કરી શકીએ. બૅંકમાં જવું એ તો દશ મીનીટનું કામ છે. એમાં એટલી બધી ઉતાવળ શું છે? એ પછી ત્રણ વાગ્યા, ત્યારે મુનીમે કહ્યું કે, સાહેબ, ત્રણ થઇ ગયા. તેજુરીમાં રોકડા પૈસા નથી અને ઘણી હુંડીઓ પાકે છે, તેથી વેપારીઓ રાતે પૈસા લેવા આવશે, માટે આજે ચાર વાગ્યાની અંદર ચેક વટાવવો જોઇએ. ત્યારે તે બેદરકાર શેઠે કહ્યું કે, મહેતાજી, તમે તો બહુજ ઉતાવળા છો. હજી તો ત્રણ વાગ્યા છે. ધીરજ રાખો, બધું ઠીક થઇ રહેશે. એમ વાતોમાં ને વાતોમાં, આશામાં ને આશામાં, અને હમણાં રૂપીયા મંગાવી લેશું, હમણાં રૂપીયા મંગાવી લેશું, એવી ખોટી ધીરજમાં ને ધીરજમાં ચાર વાગી ગયા, બૅંક બંધ થઇ ગઇ, અને છતાં ચેકે માત્ર વટાવવાની ખામીને લીધેજ તે શેઠને પોતાની આબરૂ ગુમાવવી પડી, અને હુંડી લઇને આવેલા કરજદારોને પાછા ફેરવવા પડયા.

બંધુઓ! આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે, તમે પણ ઘણી બાબતોમાં શેઠીયા છો, અને ઘણી જાતની બૅંકો ઉપર ચાલી શકે એવા ચેકો તમારી પાસે તૈયાર છે. તેમજ બીજી તરફથી એ વાત પણ યાદ રાખજો કે, જેમ તમારી પાસે ચેક પડેલા છે તેમજ તમારી ઉપર માગનારા પણ ઘણા છે, અને એ માગનારાઓ રાતે ઉઘરાણી કરવા આવે એવા છે. મતલબ કે, મરી ગયા પછી અંધકારના વખતમાં ઇન્સાફ વખતે માગવા આવે એવા ઘણાએ માણસોનાં આપણી ઉપર કરજ છે. આપણી જીંદગી એક બૅંક છે, તેની હયાતીમાં જેટલું કરી લઇએ તે કરી શકાય તેમ છે, અને જ્ઞાનનો, ભકિતનો, સત્યનો, પરોપકારનો, શોધખોળનો, દયાનો, તપનો વીગેરે જે ચેક અત્યારે વટાવવા માગીએ તે ચેક વટાવી શકીએ તેમ છીએ. પણ બૅંક બંધ

થઇ ગયા પછી એટલે કે જીંદગી ખલાસ થઇ ગયા પછી, મોત આવી ગયા પછી કાંઇ પણ બની શકે તેમ નથી. માટે એ બૅંક ઉઘાડી છે એટલા વખતમાંજ કીમતી ચેકો વટાવી લેવા જોઇએ. જો એમાં ગફલતી રાખશો તો છતાં સાધનોએ આ ભવમાં તો દીવાળું કાઢવુંજ પડશે. મતલબ કે તમારી પાસે અનેક જાતનાં સાધનો હાલમાં તૈયાર છે. જેમકે, હજી જીંદગી બાકી છે, હજી તંદરૂસ્તી છે, સદ્બુદ્ધિ છે, હજી હાથમાં કેટલીક જાતની સગવડો છે, હજી ઉંચા ધર્મમાં છીએ, હજી ઇશ્વરના વ્હાલા દેશમાં છીએ, હજી ઘણી જાતની આફતોમાંથી બચેલા છીએ, અને હજી આપણી ઉપર પરમકૃપાળુ પરમાત્માની કૃપા છે. એટલા વખતમાં મોત પહેલાં પ્રભુને ખાતર આપણે કાંઇક પણ ભલાં કામો કરીજ લેવાં જોઇએ; પણ એમાં બેદરકારી રાખીને જો એ અમૂલ્ય તક જવા દેશું તો પછી કાંઇ પણ થઇ શકશે નહીં. માટે હે હરિજનો ! અમારી તમને એજ વિનંતિ છે કે, છતાં સાધનોએ દીવાળું કાઢવા તક આવે એવું ન કરો, છતાં સાધનોએ દીવાળું કાઢવા તક આવે એવું ન કરો; પણ તમારા હાથમાં હમણાં જે ચેક છે, જે અમૂલ્ય તકો છે તેનો લાભ લઇ લો, તેનો લાભ લઇ લો, નહીં તો પસ્તાવું પડશે ને છતાં સાધનોએ અનંત બ્રહ્માંડના નાથની પાસે ખાલી હાથે જવું પડશે. એવી ભયંકર ભૂલ ન થાય એ સંભાળજો.

મારકીટ બંધ થયા પછી જે શાક લેવા જાય તેને શાક મળતું નથી, અને ખાડીમાંથી પાણી નીકળી ગયા પછી જે પોતાની હોડી હંકારે તેની હોડી કંઇ દરીયામાં આગળ વધી શકતી નથી; તેમજ જે માણસ હાલના વખતનો લાભ લીધાને બદલે પાછળના વાયદા ઉપર રહી જશે તે પસ્તાશે. માટે કહ્યું છે કે,

દોહરો.

કાલ કરંતો આજ કર, આજ કરંતો અબ;
અવસર બીત્યો જાત હૈ, ફેર કરેગો કબ ?

૭૩–સંસાર સમુદ્ર તરવા માટે વહાણ જોશે, હાથ પગ પછાડવાથી કાંઇ તે નહીં તરાય.

ધર્મનું લક્ષબિંદુ એ છે કે, સંસાર સમુદ્ર તરવો. કારણ કે જ્યારે સંસાર તરાય ત્યારેજ કર્મનાં બંધનમાંથી છૂટી શકાય છે, જ્યારે સંસાર સમુદ્ર તરાય ત્યારેજ જન્મ મરણના ફેરામાંથી બચી શકાય છે. અને જ્યારે સંસાર સમુદ્ર તરાય ત્યારેજ મોક્ષ મેળવી શકાય છે. માટે સંસાર સમુદ્ર તરવાની ખાસ જરૂર છે. પણ યાદ રાખજો કે હાથ પગ પછાડવાથી કાંઇ સંસાર સમુદ્ર તરી શકાતો નથી, પણ સંસાર સમુદ્ર તરવા માટે તો નાવ જોઇએ છે. એ નાવ કયું ? તે તમે જાણો છો ? એ નાવ તે પ્રભુ ભજનનું નાવ છે. ભજનના નાવ વડે સંસાર સમુદ્ર તરી શકાય છે. તેથી અનુભવી ભગતો કહે છે કે,

વ્રત, ઉપવાસ, દાન, તીર્થસ્નાન, વીગેરે ધર્મનાં જે કાંઇ બહારનાં સાધનો છે તે બધાં સાધનો હાથ પગ હલાવવા જેવાં છે, એટલે હાથ પગ હલાવવાથી નાનકડી નદી કે ગામના ઝાંપાના તળાવમાં તરી શકાય, પણ હાથ પગ હલાવીને કાંઇ સમુદ્ર તરી શકાય નહીં. તેમજ યાદ રાખજો કે, એવાં એવાં ધર્મનાં સાધનોથી કાંઇક થોડી ઘણી મદદ મળે, પણ કાંઇ સંસાર સમુદ્ર તરી શકાય નહીં. સંસાર સમુદ્ર તરવા માટે તો ભજનનું નાવ જોઇએ.

બંધુઓ ! ભજન એ બહુ ભારી વાત છે. એ માટે મહાત્માઓ એમ કહે છે કે, જે ભાગ્યશાળી હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જેનાં અનેક જન્મનાં પુન્ય ઉદય થયાં હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જેનાં પાપ કપાએલાં હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જેને સદ્‌ગુરૂના પંઝા વાગ્યા હોય તેને ભજન કરવું સૂઝે છે. જેના પૂર્વના સંસ્કારો સારા હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જે દુઃખની કસોટીમાંથી પસાર થયા હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જેણે ધર્મના ઘણા રસ્તાઓમાં ઘણો પુરૂષાર્થ કર્યો હોય તેને ભજન કરવાનું સૂઝે છે. જેણે સત્સંગ કર્યા હોય તેને ભજન કરવાનું સૂઝે છે. અને જેની ઉપર અનંત બ્રહ્માંડના નાથની કૃપા ઉતરી હોય તેને ભજન કરવાનું સૂઝે છે. કારણ કે,

ભજન કરવાથી અંતરના દરવાજા ઉઘડી જાય છે. ભજન કરવાથી અનેક જન્મનાં પાપ કપાઈ જાય છે. ભજન કરવાથી અંતરમાં શાંતિ આવતી જાય છે. ભજન કરવાથી જીંદગીમાં મીઠાશ આવતી જાય છે. ભજન કરવાથી જંજાળો ઓછી થતી જાય છે. ભજન કરવાથી નિસ્પૃહિપણું આવતું જાય છે. ભજન કરવાથી ત્યાગ-વૃત્તિ વધતી જાય છે. ભજન કરવાથી ભગવાનનો મહિમા સમજાતો જાય છે. ભજન કરવાથી મનમાં ઘણી જાતનું નવું બળ આવતું જાય છે. ભજન કરવાથી શાસ્ત્રના સિદ્ધાંતો સમજાતા જાય છે અને ભજન કરવાથી સૌ જીવો ઉપરનો આત્મભાવ જાગ્રત થતો જાય છે. આવા આવા ભજનમાં અનેક ફાયદાઓ છે. માટે ભગતો કહે છે કે, જે ભજન છે તે નાવ છે, અને બીજાં સાધનો છે તે હાથ પગ પછાડવા જેવાં છે. અને યાદ રાખજો કે હાથ પગ પછાડવાથી કાંઇ સંસાર સમુદ્ર તરી શકાય નહીં, એ સમુદ્ર તરવા માટે તો ભજનરૂપી નાવજ જોઇએ. માટે જો સંસાર સમુદ્ર તરવાની ઇચ્છા હોય તો ભજનરૂપી નાવને પકડી રાખજો, ને એ નાવનો આધાર છોડશો માં. છોડશો માં, એટલે સહેલાઇથી સંસાર સમુદ્ર તરી શકશો.

૭૪–તમારાં ભલાં કામો તમોને નર્કમાં ન લઇ જાય એ સંભાળજો.

ચોરી, વ્યભિચાર, અદેખાઇ, નિંદા, જૂઠું બોલવું, વિશ્વાસ-ઘાત, હિંસા વીગેરે ખરાબ કામોને લીધે નર્કમાં જવું પડે એ તો જાણીતી વાત છે. એ માટે હરિજનોને કાંઇ કહેવું પડે તેમ નથી. કારણ કે જે સાચા હરિજનો છે, તેઓ કાંઇ એવી જાતનાં નઠારાં પાપો કરતા નથી, પણ જે સજ્જનો છે તેઓ તો ઘણુંકરીને સારાંજ કામો કરે છે. જેમકે, કોઈ શ્રીમંત સજ્જન સદાવ્રત ચલાવે છે, કોઇ ધર્મશાળા બંધાવે છે, કોઇ મંદીરો ચણાવે છે, કોઇ નિશાળો ખોલે છે, કોઇ ઇસ્પિતાળોના ખર્ચો નિભાવે છે, કોઇ અનાથ લોકોને મદદ કરે છે, કોઇ વિદ્યાર્થીઓને સ્કોલરશિપો આપે છે, અને કોઇ પોતાની જાતના લોકોને મદદ કરે છે. આવી રીતે

ઘણાએ સારા માણસો ઘણી જાતનાં ભલાં કામો કર્યા કરે છે. પણ ઘણાએ માણસો એવા હોય છે કે આવાં ભલાં કામો કરવાને લીધે તેઓની અંદર એક જાતનું ખાસ વધારે પડતું અભિમાન આવી જાય છે. એથી તેઓ બહુ ફૂલાઇ જાય છે, અને જાણે પોતે શું કરી નાખ્યું હોય એમ માની લઇ બીજાઓને હલકા ગણ્યા કરે છે. એટલુંજ નહીં પણ પોતે પોતાના પ્રમાણમાં જરાક જેટલું કર્યું હોય છતાં પણ જાણે અમે બહુજ કરી નાખ્યું છે, એમ માન્યા કરે છે. તેથી પરિણામ એ થાય છે કે, બીજાં વધારે સારાં કામો કરતાં તેઓ અટકી જાય છે. એટલુંજ નહીં પણ પોતાના જરાક જેટલાં સારાં કામને લીધે અતિશય મગરૂર બની જાય છે, તેથી તેઓ પોતાના બીજા ભાઇબંધોને હલકા સમજે છે અને તેઓથી અતડા અતડા રહે છે ને આગળ જતાં તેઓથી જુદા પડી જાય છે. આમ થવાથી અંતે પરિણામ એ થાય છે કે, ભલાં કામો કરીને ઉલટા તેઓ નર્કમાં જાય છે. કારણ કે જે અભિમાન કરે તે નર્કમાં પડે, એવો શાસ્રનો સિદ્ધાંત છે. માટે હે હરિજનો! આવી જાતની ભૂલ તમારાથી ન થાય એ સંભાળજો. કારણ કે શાસ્રમાં એમ કહેલું છે કે, જે ભલાં કામો કરવાં તે પ્રભુ પ્રીત્યર્થે કરવાં જોઇએ, તેમાં કોઇ પણ જાતનો અંગત સ્વાર્થ રાખવો નહીં. જે સારાં કામો કરવાં તેનું અભિમાન કરવું નહીં, જે પરમાર્થનાં કામો કરવાં તેની ખોટી મોટાઇ પોતાની ઉપર ઓઢી લેવી નહીં, તથા પરમાર્થનાં કામો કરીને ફૂલાવું નહીં; પણ પરમાર્થનાં કામો કરીને પ્રભૂનો ઉપકાર માનવો જોઇએ. અને વારંવાર તેને કહેવું જોઇએ કે, હે પ્રભુ! મને આવા શુભ કામમાં નીમીત થવા દીધો માટે તને ધન્ય છે–ધન્ય છે. આવી રીતે જીગરની લાગણીથી પ્રભુનો ઉપકાર માનવો જોઇએ. અને એકાદું કામ કરીને અટકી પડવું ન જોઇએ પણ પોતાની શકિત પ્રમાણે આખી જીંદગી સુધી કાંઇક કાંઇક ભલાં કામો કર્યાજ કરવાં જોઇએ. જો એ પ્રમાણે કરતાં આવડે તો સારાં કામોમાંથી સ્વર્ગ મેળવી શકાય છે. પણ જો એ પ્રમાણે કરતાં ન આવડે અને તેને બદલે સારાં કામો કરીને અભિમાનમાં આવી જવાય તો ઉલટું નર્કમાં જવું પડે છે. એટલુંજ નહીં પણ સારાં કામોના અભિમાનને લીધેજ અનેક માણસો નર્કમાં ગયેલા છે. માટે હે

હરિજનો! તમારાથી આવી ભૂલો ન થાય એ સંભાળજો. એજ વિનંતિ છે.

હરિજનોએ પોતાનાં રૂડાં કર્મોનું અભિમાન કરવું નહીં તે વિષે.

પતંગ ઉડાવનારા છોકરાઓ પતંગની દોર જેટલી લાંબી મૂકે છે તેટલો તે ઉંચે જાય છે, તેમ પ્રભુ પણ જેની પાસેથી જેટલું કામ કરાવવા ચાહતા હોય તેટલું કરાવે છે. માટે કોઇ પણ હરિજને પોતાના રૂડાં કર્મોનું અભિમાન કરવું નહીં.

પાણીનો સ્વભાવ જેમ નીચી જગ્યામાં ઢળવાનો હોય છે તેમ આપણે સૌ જીવોની પ્રકૃતિ પણ સદાય માઠાં કર્મો તરફ વળેલી રહે છે, તેમ છતાં તેમાંથી આપણાથી જ્યારે કાંઇ રૂડાં કામ થઇ જાય છે ત્યારે આપણી ઉપર પ્રભુની કૃપા છે એમ જાણી સદાય દીનતાથી રહેવું.

કોઇ પણ પેહેડીમાં બે ભાગીયા હોય તેમાં એક પૈસાવાળો ને બીજો ગરીબ હોય તો તેમાં પૈસાવાળાના નામથી પેઢી ચાલે છે. તેમ પૈસાવાળો ભાગીયો એટલે આપણો પ્રભુ, અને ગરીબ ભાગીયો તે આપણો જીવ, એમ જાણીને આપણાં સઘળાં રૂડાં કર્મો આપણે પ્રભુને અર્પણ કરવાં જોઇએ.

ફાટી ગયેલાં ગજવાંમાં રાખેલા પૈસા જેમ પડી જાય છે, તેમ પ્રભુ પ્રિત્યર્થે ન કરેલાં રૂડાં કામો પણ પરિણામે ફળદાયી થતાં નથી.

બીચારા અભણ ભોટ ખેડુતો જેમ કટકા લુગડાં માટે ઝાઝા દાણા આપી દઇને ઠગાઇ જાય છે, તેમ સંસારીઓ પણ જગત્‌નાં થોડીવારનાં માનને ખાતર બહુ મહેનતથી એકઠું કરેલું ધન પ્રભુ-પ્રિત્યર્થે નહીં પણ કેવળ સંસારના માનને ખાતર ખરચી નાંખતા જણાય છે.

સોય એક દિવસ દરજીને કહેવા લાગી કે, જો, મેં કેટલાં બધાં કપડાં શીવી નાંખ્યાં છે? ત્યારે દરજીએ કહ્યું કે, વાત ખરી, પણ શીવતી વખત તું કેના હાથમાં હતી? તે તેં હજી વિચાર્યું નથી, તેથી એમ બોલે છે. માટે હે હરિજનો! આપણે સૌ પણ

સઘળા સતકર્મો હરિના કરાવ્યા કરીએ છીએ, એમ જાણીને અભિમાન કરશો નહીં. પણ સઘળી વાતે એની કૃપા સમજીને એની બલિહારી જાણતા રહેજો.

આ વાતનો સાર એમ સમજવાનો છે કે, આપણે જીવો સોય જેવા છીએ, અને બુદ્ધિના આપનાર પ્રભુ આપણને ચલાવનાર છે, એમ જાણવું. માટે કહ્યું છે કેઃ—

લેનેકું હર નામ હૈ, દેનેકું અન્ન દાન;
તરનેકું આધીનતા, બુડનેકું અભિમાન.
કોટી કરમ લાગે રહે, એક ક્રોધકી લાર;.
કીયા કરાયા સબ ગયા, જબ આયા અહંકાર.

ભગવત્ પ્રિત્યર્થે કર્મ કરવાની રીત.

માણસો માણસોનાં કામ જોય છે; અને તેનાં વખાણ કરે છે, પણ ઈશ્વર કાંઇ માણસોનાં બહારનાં કામ જોતો નથી પણ કઇ મતલબસર કામ કરેલું છે તે મતલગ જુએ છે.

માટે તમારાં રૂડાં કામો જેવાંકે, સેવા, સ્મર્ણ, પાઠ, પૂજા, તીર્થ, વ્રત, તપ, દાન, ને યજ્ઞ ગમે તેવાં મોટાં હોય પણ તે જો પ્રભુ પ્રિત્યર્થે ન હોય તો તેની કીંમત ઇશ્વરની નજરમાં કાંઇ પણ નથી એમ જાણજો.

દૂધ વીગેરે ચીજો જો અપવિત્ર વાસણમાં હોય તો તે જેમ પવિત્ર માણસોને કામ આવતી નથી, તેમજ આપણાં રૂડાં કામો પણ જો પ્રભુપ્રિત્યર્થે નહીં પણ બીજી કોઇ મતલબથી કરવામાં આવે છે તો તે પ્રભુ અંગીકાર કરતા નથી.

જેમ એક મોટો રાજા પ્રેમથી આપેલી નાની ભેટ લઇને મોટું ઇનામ આપી દેય છે તેમ ઇશ્વર પણ પોતાના ભગતની રૂડી મતલબ જોઇને તેની થોડી સેવા માટે મોટું ફળ આપી દેય છે.

પારસમણી લોઢાનું સોનું બનાવી દેય છે તેમ ભગવદ્ અર્થે કરેલાં નાનાં નાનાં કામો પણ બહુ મોટાં થઇ પડે છે.

ગમે તેવું પરમાર્થનું મોટું કામ હોય પણ તે જો દુનિયામાં કે રાજદરબારમાં માન મેળવવા માટે કરવામાં આવે છે તો તેની કીંમત ઈશ્વરની નજરમાં મોટી હોતી નથી.

માટે સર્વ ધર્મના સર્વ હરિજનોએ કર્મો પ્રભુ પ્રિત્યર્થે કરતાં શીખવું એ ભક્તિમાર્ગનો સૌથી મોટો સિદ્ધાંત છે.

દોહરો.

મુક્ત મનુષ્ય તનુ પાયકે, કરત હરિસેં હેત;
પાપ ભાર શિર પર ભરે, જીવત જૈસે પ્રેત.

અભિમાન વિષે.

ઉંચે બેઠે ના લહે, ગુણ બીન બડપણ કોય;
બેઠા દેવલ શીખરપર, વ્યાસ ગરૂડ ન હોય.
જો પાવે અતિ ઉંચ પદ, તાકો પતન નિદાન;
જયોં તપી તપી મધ્યાન્હ લગ, અસ્ત હોત હે ભાન.
ઉંચે પાની ના ટીકે, નીચે હી ઠહરાય;
નીચા હોય સો ભર પીએ, ઉંચ પીયાસા જાય.

પોતાનાં ઝાઝાં વખાણ સાંભળવાની ટેવ રાખવી એ જરા જરા ઝેર ખાવાની હોંસ રાખવા જેવું છે.

જે પોતાને મને પોતાને મોટો માની બેસે છે, તેને પ્રભુ સૌથી હલકો ગણે છે.

જેના હૃદયમાં પ્રભુનો વાસ હોય છે ત્યાં હુંપણું હોતું નથી, અને જ્યાં હુંપણું હોય છે ત્યાં પ્રભુનો વાસ હોતો નથી.

માણસોમાં સાબાશી મેળવવા માટે જે જે કામો કરીએ છીએ તેની ઇશ્વરની નજરમાં કાંઇ પણ કિંમત નથી.

આ જગત્માં માન મેળવવા માટે જે ધન ખરચવામાં આવે છે તેની હરિની હજુરમાં કાંઇ પણ કિંમત હોતી નથી.

૭૫–જો ગુરૂના અવગુણ જોશો તો તે તમને નકામા થઇ પડશે.

યાદ રાખજો કે તમે ગમે તેવા ડાહ્યા હોય, ગમે તેવા ભલા હોય, ગમે તેવા લાયકીવાળા હોય, ગમે તેવી સગવડોવાળા હોય, અને ગમે તેવા સારા સંસ્કારોવાળા હોય, છતાં પણ જો મોક્ષ મેળવવો હોય તો સદ્‌ગુરૂ વિના ચાલે તેમ નથી. પ્રભુના ઘરનો રસ્તો બતાવી શકે તેવો ગુરૂ તો જોશેજ, છતાં પણ અફસોસની વાત એ છે કે, આજના વખતમાં લોકો ગુરૂ તરફ બહુ દોષની દૃષ્ટિથી જુવે છે. પણ એમ કરવાથી ગુરૂઓને જેટલું નુકશાન થાય છે તે કરતાં આપણને પોતાને ઘણુંજ વધારે નુકશાન થાય છે. આ વાત સ્પષ્ટતાથી સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

જે પાણીનો ઝરો વહેતો હોય અને જે ઝરાનું પાણી આપણે પીતા હોઇએ તે ઝરામાં ધૂળ નાખવાથી ઉલટું આપણુંજ પાણી ખરાબ થાય છે. એવીજ રીતે જે ગુરૂઓ પોતાને સીધે રસ્તે ચાલ્યા જતા હોય, પોતાની શકિત પ્રમાણે ધર્મનો ઉપદેશ કર્યા કરતા હોય, અને પોતાના સંપ્રદાય પ્રમાણે વર્ત્યા કરતા હોય તેઓની નિંદા કરવાથી ને તેઓના દોષ જોવાથી તેઓની તરફથી આપણને જે લાભ થવો જોઇએ તે લાભ થઇ શકતો નથી. માટે યાદ રાખજો કે, કોઇ ગુરૂઓની ખાતર તેઓના દોષ ન જોવા એમ નથી. કારણ કે તેઓને તો ઘણાએ શીષ્યો હોય છે. એટલે તેમાંથી કદાચ કોઇ શિષ્ય ખસી જાય તો તેઓને કાંઇ બહુ મોટી નુકશાની થઇ જતી નથી; પણ પોતાને બીજો ઉત્તમ ગુરૂ મળ્યા વિના જે શિષ્ય પોતાના ચાલતા ગુરૂને છોડી દેય તેને તો જરૂર નુકશાન થાય છે. માટે બની શકે ત્યાં સુધી કોઇની અંગત બાબતમાં ઉતરવું નહીં, અને તેમના સ્વભાવના કે પ્રકૃતિના દોષો જોઇ તેમને છોડી દેવા નહીં. પણ એવો વિચાર કરવો કે,

માટીના રામપાત્રમાં દૂધપાક ભરેલો હોય તેથી કાંઇ એ દૂધપાકનો સ્વાદ કે ગુણ ઓછો થઇ જતો નથી. આપણને માટીના વાસણ સાથે કામ નથી પણ તેની અંદર ભરેલા દૂધપાક સાથે કામ છે.

બેશક, એટલું ખરૂં છે કે, જો એ દૂધપાક માટીના રામપાત્રને બદલે ચાંદીના વાટકામાં કે સોનાના વાટકામાં ભરેલો હોય તો ઘણો વધારે આનંદ થાય, ને તેમાં એ દૂધપાક ઘણો વધારે શોભે, એમાં કાંઈ શક નથી; પણ તેમ છતાં સાથે સાથે એટલી વાત પણ યાદ રાખવી જોઇએ કે, દૂધપાક ઘણે ઠેકાણે મળી શકે છે પણ તેને ભરવા માટે સોના રૂપાનાં પાત્ર કાંઇ ઠેકાણે ઠેકાણે મળતાં નથી. અને એવાં પાત્ર ન મળે તે સારૂ રામપાત્રમાં કે દડીઆમાં ભરેલા દૂધપાકને કાંઇ તજી દેવાનો નથી. તેમજ જે શુદ્ધ ચારિત્રવાળા ઉત્તમ ગુરૂઓ છે તેઓની અંદર જે ધર્મ રહેલો છે તે સોનાના વાસણની અંદર અમૃત રહેવા જેવી વાત છે, અને જે ગુરૂઓની અંદર કેટલીક જાતના દોષો રહેલા છે છતાં પણ જેનામાં ધર્મનું જ્ઞાન છે, જેનામાં ભકિત છે, અને જેનામાં ધર્મનો ઉપદેશ કરવાની શકિત છે, તેઓ પોતે જો કે માટીના રામપાત્ર જેવા છે, પણ તેઓની અંદર જ્ઞાન ભકિત રૂપી દૂધપાક ભરેલો છે. માટે એવા પાત્ર સામે જોઇને કાંઇ દૂધપાકને તજી દેવાય નહીં. બેશક, એટલું ધ્યાનમાં રાખવું કે, ઉત્તમ પાત્રમાં દૂધપાક મળે તેનો આનંદ કાંઇ ઓરજ છે, પણ કદી સોના રૂપાના વાસણ ન મળે તો પાંદડાના પડીઆમાંથી કે માટીના રામપાત્રમાંથી પણ દૂધપાક ખાવામાં કાંઇ અડચણ નથી. તેમજ કદી ગુરૂ નબળો પોચો હોય કે કોઇ જાતના દોષવાળો હોય તો પણ તેની પાસેથી ધર્મના સત્ય સિદ્ધાંતો શીખી લેવામાં કાંઇ અડચણ નથી. માટે હે હરિજનો! યાદ રાખજો કે, હાલના વખતમાં અસલના વખતના જેવા ગુરૂઓ મળી શકશે નહીં. કારણ કે જમાનો બદલાઇ ગયો છે. એટલે ચાલતા જમાનાના દોષો ગુરૂઓમાં આવ્યા વિના રહેવાના નથી. તેથી જો ગુરૂઓના દોષ સામે જોવામાંજ રહી જશો તો તેઓની પાસેથી તમને જે લાભ મળવો જોઇએ તે લાભ મળી શકશે નહીં. અને તમે ધર્મની બાબતમાં પાછળ રહી જશો. એવી ભૂલ ન થાય એ સંભાળજો અને ગુરૂઓનો દોષ છોડી તેમાંથી ગુણો લેવાય તેમ કરજો. એજ અમારી ભલામણ છે. કારણ કે અમે જોયેલું છે કે, સતયુગના જેવા ગુરૂઓ કળીયુગમાં મળી શકશે નહીં, અને ગુરૂ મહિમાના શાસ્ત્રમાં જેવાં વર્ણનો છે, તેવા ગુરૂ મહિમાવાળા શિષ્યો પણ હાલ વખતમાં મળી શકશે નહીં. માટે પરસ્પર

એક બીજાને નિભાવી લઈ તેમાંથી જેટલો ધર્મ સધાય તેટલો સાધી લેજો. એજ અમારો વિનંતિ છે.

૭૬–પ્રભુ કહે છે કે વાતો કરવાવાળા ભગતો અમને નથી જોતા, પણ અમને તો કામ કરવાવાળા ભગતો જોઇએ છે.

ઘણાએ અનુભવી ભગતો હાલના વખતને માટે એમ કહે છે કે, આ વાતોનો જમાનો છે. એટલે જ્યાં જોઇએ ત્યાં જુદા જુદા પ્રકારની બહુ વાતો થયા કરે છે. જેમકે, જેને સંસાર સુધારાની વાતો ગમતી હોય તે લોકો એ જાતની વાતો કર્યા કરે છે. જેને હુન્નર કળાની વાતો ગમતી હોય તે લોકો એ જાતની વાતો કર્યા કરે છે. જેને રાજ્યમાં સુધારા વધારાની વાતો ગમતી હોય તે લોકો એ જાતની વાતો કર્યા કરે છે. અને જેને ધર્મની વાતો ગમતી હોય તે લોકો ધર્મની વાતો કર્યા કરે છે. આમ જુદા જુદા લોકો જુદા જુદા પ્રકારની વાતો કર્યા કરે છે, પણ તે બધી બાબતોમાં ધર્મની વાતો બહુ મુખ્યતાથી હોય છે, અને ધર્મ સિવાયની જે જે વાતો કરે તેમાં પણ વચ્ચે વચ્ચે ધર્મને ઘુસાડતા જાય છે. કારણ કે ધર્મ એ જીવનું જીવન છે, ધર્મ એ જીંદગીની મીઠાશ છે, અને ધર્મ એ આત્માનો સ્વભાવ છે. તેથી ધર્મ વિના માણુસો રહી શકતાં નથી. માટે પોતાથી પાળી શકાય નહીં છતાં પણ તેઓ ધર્મની બહુજ વાતો કર્યા કરે છે, અને બધે ઠેકાણે ધર્મને ઘુસાડી દેય છે. એટલુંજ નહીં પણ જ્યાં પોતાનો ખાનગી સ્વાર્થ હોય અને મોહભરેલા વિકારો તથા આશા તૃષ્ણા હોય તેમાં પણ તેઓ ધર્મને ઘુસાડી દેય છે. આ બધું જોઇને સાચા ભગતોને બહુ દીલગીરી થાય છે. કારણ કે તેઓ એમ સમજે છે કે,

ધર્મની વાતો કરવી એ જુદી વાત છે અને ધર્મ પાળવો એ જુદી વાત છે. ધર્મની વાતો કરવી એ બાબત બહુ સહેલી છે, પણ ધર્મ પાળવો એ વાતોડા ભગતો માટે બહુ મુશ્કેલ વાત છે. બંધુઓ, યાદ રાખજો કે ધર્મની વાતો કરવી એમાં કાંઇ નવાઇ

નથી, ધર્મની વાતો કરવી એમાંજ કાંઇ ખાસ ખુબી નથી, અને ધર્મની વાતો કરવાથીજ કાંઈ પ્રભુ રીઝતો નથી; પણ ધર્મનાં કામો કરવાથીજ પ્રભુ રાજી થાય છે. માટે જો સાચા ભગત થવું હોય તો વાતોમાંજ ન પડયા રહેવું જોઈએ, પણ ધર્મનાં કામો કરી બતાવવાં જોઈએ. કારણ કે જીભના લબકારાથીજ કાંઇ પ્રભુ રાજી થઇ જતા નથી, પણ ભકિતનાં કામો કરવાથીજ પ્રભુ રાજી થઇ શકે છે. માટે પ્રભુને રાજી કરવાની કુંચીજ એ છે કે, ધર્મનાં કામો કરવાં જોઇએ. કારણ કે,

ખાવાની વાતો કરવાથી કાંઇ પેટ ભરાઇ જતું નથી, દવાની વાતો કરવાથી કાંઇ રોગ મટી જતા નથી, ખેતીની વાતો કરવાથી કાંઇ જમીનમાં બી વવાઇ જઇને મોલ તૈયાર થઇ જતા નથી, ભણવાની વાતો કરવાથી કાંઈ પરીક્ષામાં પાસ થઇ જવાતું નથી, સંચાની વાતો કરવાથી કાંઇ સંચાઓ ગોઠવાઈ જઇને કામ કરવા મંડતા નથી; અને રાજયની ઉથલ પાથલની વાતો કરવાથી કાંઇ રાજા બની જવાતું નથી. તેમજ ધર્મની ને ભકિતની વાતો કરવાથી કાંઈ ભગત બની જવાતું નથી. કારણ કે વાતો કરવી એ જુદી વાત છે અને બોલ્યા પ્રમાણે કરી બતાવવું ને કહ્યા પ્રમાણે પાળી બતાવવું એ જુદી વાત છે. કારણ કે માત્ર બોલી નાંખવું એ તો આજના જમાનાનો પ્રવાહ છે ને એ તો એક જાતની ગમત છે, એટલે એમાં કાંઇ મોટી વાત નથી; પણ ધર્મના કામો કરવાં અને ધર્મ પાળવો તેમાંજ ખુબી છે, અને એ બહુ મોટી વાત છે. માટે પ્રભુ કહે છે કે, આ બુદ્ધિબળના જમાનામાં વાતુડા ભગતની માત્ર ધર્મની વાતોથીજ હું કાંઇ રાજી થઈ જતો નથી, પણ જે હરિજનો ધર્મનાં કામો કરે અને રૂડી રીતે ધર્મ પાળે તેની ઉપરજ હું ખરેખરો રાજી થાઉં છું. માટે જો મને રાજી કરવો હોય તો તમે માત્ર લુખીપુખી ધર્મના બહારની વાતોમાંજ રહી જાઓ માં, પણ ધર્મનાં કામો થાય તેમ કરો, ધર્મનાં કામો થાય તેમ કરો. એટલે તમારૂં કલ્યાણ થશે.

૭૭-વિશ્વાસ વિષે.

જ્યારે તમને ઇશ્વરમાં આસ્તા આવે ત્યારે તમારા અંતરમાં ઘણાએ ઉત્તમ સદ્ગુણોનો પાયો પડયો એમ જાણજો.

એક શેઠે પોતાના નોકરને કહ્યું કે, જા, હવે હું તને મારી નોકરીમાંથી રજા આપું છું, ત્યારે તે નોકરે કહ્યું કે, સાહેબ, મારે તમારી નોકરીમાંથી રજા લેવી નથી. ત્યારે તે શેઠે કહ્યું કે, તેનું કારણ? નોકરે કહ્યું કે, તમને તો મારા જેવા ઘણાએ નોકર મળશે પણ મને તમારા જેવો શેઠ મળવો નથી.

માણસનું ભલું કરીને તેનો બદલો માણસ પાસેથી શું માગે છે? પ્રભુ પાસેથી માગ. કારણ કે, પ્રભુ ઘણું આપી દેય તેવા છે.

ભકિત કરતાં છતાં તમારૂં ધાર્યું ન થાય ત્યારે જાણજો કે કાંઇક વધારે સારૂં થવું છે.

વિશ્વાસી હરીજનનાં વ્હાણુ ઝોકાં તો ખાશે, પણ ડુબી જશે નહીં.

ભકિતનાં ફળ તેની મોસમમાં મળે છે.

તમે પ્રભુના થાઓ તો પ્રભુ તમારા થશે.

હરિજનો સદાય એમજ જાણે છે કે, પ્રભુ જે કરે છે તેમાં આપણું કલ્યાણજ હોય છે.

હરિજનોનાં અંતરમાં વિશ્વાસનું મોટું બળ હોય છે.

યાદ રાખજો કે ઇશ્વરના રાજ્યમાં અંધેર નથી.

જેને ભગવદ્ આશરાનું બળ હોય છે, તેને કોઇ વાતની ફિકર ચિંતા રહેતી નથી.

થોડામાંથી ઝાઝું કરી લેવું હોય તો ઇશ્વરમાં ભરૂસો રાખો.

દોહરા.

એક ભરોસો એક બલ, એક આશ વિશ્વાસ;
સ્વાંતિ બુંદ રઘુનાથ હય, ચાતક તુલસીદાસ.

ગંગા જમના સરસ્વતી, સાત સમુદ્ર ભરપૂર;
તુલસી ચાતકકે મતે, બીન સ્વાંતિ સબ ધૂર.

કબીર છીપ સમદ્રકી, રટે પીયાસ પીયાસ;
 ઓર બુંદકો ના ગ્રહે, સ્વાંતિ બુંદકી આશ.
સીતાપતિ રઘુનાથજી, તુમ લગ મેરી દોડ;
 જૈસે કૈઆ ઝાઝકો, ચલ ન શકત કછુ ઓર.
કાહુકે ધન ધામ હય, કાહુકો પરીવાર;
 તુલસી મોસમ દીનકું, સીતારામ આધાર.
નહી વિદ્યા નહી બાહુ બળ, નહી ખરચનકો દામ;
 તુલસી મોસમ પતીતકી, તુમ પત રાખો રામ.
સબ દેખે પરખે લીખે, બહુત કહે કયા હોય;
 તુલસી સીતારામ બીન, અપનો નાંહી કોય.

* * *

દ્વાર ધણીકે પડ રહે, ધક્કા ધણીકા ખાય;
 કબહુ ધણી નીવાજહી, જો ઘર છાંડ ન જાય.
રામ નામ રટતે રહો, જબ લગ ઘટમેં પ્રાણ;
 કબહુક દીનદયાળકું, શબ્દ પડેગો કાન
રામ નામ કહેતે રહો, ધરે રહો મન ધીર;
 કબહુક કાજ સુધારહીં, કૃપા સિંધુ રઘુવીર.
પડે રહે દરબારમેં, ધક્કા ધણીકા ખાય;
 કબહુક લહેર દરીઆવકી, દુઃખ દરીદ્ર જાય.

૭૮–આપણે આપણા બંધુઓના વાંક ખમી લેવા જોઇએ તેનાં કારણો.

આપણી ભકિત આગળ વધી શકતી નથી તેનાં ઘણાં કારણોમાં આ પણ એક મુખ્ય કારણ છે કે, આપણે આપણા સગાં વહાલાંઓ તથા આપણા પાડોશીઓના વાંક સામે જોયા કરીએ છીએ. તેથી આપણું મન હલકું થતું જાય છે, આપણો ગુસ્સો વધતો જાય છે, આપણામાં અદેખાઇ વધતી જાય છે, અને આપણામાં વેરભાવની લાગણી વધતી જાય છે, તેથી આપણે ભકિતમાં આગળ

વધી શકતા નથી. પણ એને બદલે જો આપણને એકબીજાના વાંક માફ કરતાં આવડે તો મનમાંથી ઘણી જાતના વિકારો ઓછા થઇ જાય ને અંતરમાં શાંતિ રહે; તેથી પ્રેમપૂર્વક પરમ કૃપાળુ પરમાત્માનું ભજન કરી શકાય. કારણ કે ભજન કરવાની મુખ્ય કુંચી એજ છે કે, મનને શાંત રાખતાં શીખવું જોઇએ. અને મન શાંત રાખવાનો ઉપાય એ છે કે, આપણાં ભાઈ બ્હેનોની ભૂલો માફ કરતાં શીખવું જોઇએ. કારણ કે એવી ભૂલો માફ કરતાં ન આવડે તેને લીધે મન બગડયા કરે છે, તેથી મન ચંચળ થાય છે, તેમાં જુદા જુદા વિકારો જાગૃત થાય છે, અને પછી આગળ જતાં ભકિત ઉડી જાય છે. એવી ખરાબી ન થાય માટે આપણે આપણાં સગાંવહાલાં તથા પાડોશીઓનો વાંક માફ કરતાં શીખવું જોઈએ. આ વાત સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના હરિજનો આગળ કહેતા હતા કે,

પરમાત્માએ આ સૃષ્ટિની રચના એવા પ્રકારની કરી છે કે, આપણને એકબીજાની મદદ વિના ચાલી શકેજ નહીં. જગત્‌ની વ્યવહારિક વસ્તુઓ માટે પણ એકબીજાની મદદની જરૂર પડે છે. એટલુંજ નહીં, પણ આપણા મનની અંદર જે અનેક પ્રકારની વૃત્તિઓ છે તેને પોષણ આપવા માટે પણ બીજા માણસોની સોબતની આપણને જરૂર પડે છે. મતલબ કે આપણા શરીરની રચના એવી છે કે, બીજાઓની મદદ વિના તે ટકી શકેજ નહીં. આપણા મનની રચના એવી છે કે, બીજાઓની સોબત વિના તે રહી શકેજ નહીં. અને આ જગત્‌ની રચના એવી છે કે, એકબીજાની અસર એકબીજાને પહોંચ્યા વિના રહેજ નહીં. એટલુંજ નહીં પણ એકબીજાની મદદ વિના મોક્ષ મેળવી શકાયજ નહીં, એવો કુદરતનો નિયમ છે, એવો સૃષ્ટિનો ક્રમ છે, અને એવી પ્રભુની ઇચ્છા છે. માટે જાણ્યે અજાણ્યે પણ તથા સીધી રીતે અગર આડકતરી રીતે પણ આપણને બીજાઓની મદદની તો જરૂર પડશેજ. જેમકે, આપણા શરીરના જુદા જુદા અવયવોને એકબીજાની મદદની જરૂર પડે છે, તેમજ આપણને આપણી આસપાસના માણસોની મદદની જરૂર પડશે. જેમકે, આપણા શરીરમાં જીભ, હાથ, પગ, કાન, નાક આંખ, દાંત, નખ, વિગેરે એકએકથી

જુદાં જુદાં છે, અને તે દરેકનું કામ પણ જુદું જુદું છે, છતાં પણ તે સૌની મદદથીજ ટકી શકે છે. એમાં કોઇ અવયવથી કદી કાંઇ ભૂલ થઇ તો પણ તેને તજી દેવાતો નથી. જેમકે, કોઇ વખત દાંતની ભૂલ થાય છે તેથી જીભ કચરાય જાય છે, પણ દાંતની એ ભૂલ માટે કાંઇ હથોડો લઈને દાંતને પાડી નંખાતા નથી. દાંતની એ ભૂલ ચલાવી લેવી પડે છે. જો કે દાંતની ભૂલથી જીભ કચરાય એ કાંઇ સારૂં થયું ગણાય નહીં, અને એવો બનાવ બને તે કાંઇ કોઇને ગમે નહીં, છતાં પણ દાંતની અને જીભની રચનાજ એવી છે, તેનો સંબંધ એવો છે, અને તેને રહેવાનું ઠેકાણુંજ એવું છે કે, કોઈ કોઇ વખત એમ બન્યા વિના રહેજ નહીં. તેવીજ રીતે આપણાં સગાંવહાલાંઓ સાથેના આપણા સંબંધો પણ એવા પ્રકારના છે કે, તેઓની કે આપણી કોઈને કોઇ બાબતમાં ભૂલ થયા વિના રહેજ નહીં. માટે આપણે તેઓની એવી ભૂલોથી જીવ ન બાળવો જોઇએ, અને મનને ન ઉશ્કેરવું જોઇએ. કારણ કે આપણી ઇચ્છા ન હોય છતાં પણ કોઈને કોઇ જાતની ભૂલો તો થયાજ કરશે, અને એ દરેક ભૂલ વખતે જો આપણે આપણા મનને બાળ્યા કરશું તો આપણો આરો કયાં આવી શકશે? અને આપણો ધર્મ કેમ રહી શકશે? અને ધર્મ નહીં રહે ત્યારે કલ્યાણ કેમ થશે? માટે આપણે વિચાર કરવો જોઈએ કે, એક બીજાની ભૂલો ખમી ખાધા વિના છુટકોજ નથી. માટે આપણા સ્નેહીઓ ઉપર દયા કરવાની ખાતર નહીં પણ આપણા પોતાના ફાયદા સારૂ આપણે આપણા બંધુઓની ભૂલો માફ કરતાં શીખવું જોઇએ. અને યાદ રાખજો કે, જ્યારે આપણે તેઓની ભૂલો માફ કરશું ત્યારે તેઓ આપણી ભૂલો માફ કરશે. અને એ વખતે પરમકૃપાળુ પરમાત્મા ભકતવત્સલ ભગવાન પણ આપણી ભૂલો માફ કરશે. એથી આપણે બહુ સહેલાઇથી અંતરની શાંતિના, પ્રભુપ્રેમના, તથા મોક્ષના આનંદ ભોગવી શકશું. માટે આ બધા લાભ મેળવવા સારૂ આપણે આપણા બંધુઓની ભૂલો માફ કરતાં શીખવું જોઇએ. કારણ કે એમાંજ તેઓનું અને આપણું પોતાનું બન્નેનું કલ્યાણ છે, એ વાત નક્કી સમજજો. વળી જોઇએ છીએ તો જગત્‌ના જડ પદાર્થોમાં પણ એવો ધર્મ દેખાય છે કે, સાકરને મોટા પથરાથી વાટીએ કે

ખાંડી નાંખીએ તો પણ તે પોતાની મીઠાશ મૂકતી નથી. ને ફળવાળાં ઝાડોને પથરા મારીએ છીએ તો પણ તે ફળ આપે છે; તેમજ સુખડને ઘસીએ અને લોબાનને અગ્નિમાં નાંખી બાળી નાંખીએ તોપણ સુગંધ આપે છે, પણ પોતાના ઉત્તમ ગુણ મૂકતા નથી. તેમ જો આપણા સૌથી એમાંનું કાંઇ કાંઇ બની શકે તો સારી વાત છે.

૭૯–તમે પ્રથમ જગતનું ભલું કરો એટલે પછી ભગવાન તમારૂં ભલું કરશે.

સૌ લોકોની એવી ઇચ્છા હોય છે કે, પરમ કૃપાળુ પરમાત્મા અમારૂં ભલું કરે તો સારૂં. અમને જે જે વસ્તુઓ, જે જે વૈભવો, તથા જે જે સાધનો જોઇએ છીએ, તે બધું તુરતજ આપે તો સારૂં. અને પ્રભુ જલદી જલદી અમારૂં કલ્યાણ કરી દેય ને અમને મોક્ષ આપી દેય તો સારૂં. આવી રીતે ઘણા માણસો જલદી ફાયદો માગી લેવાની ઇચ્છા રાખે છે, પણ એ માટે જે મહેનત કરવી જોઇએ તે કરતા નથી, તેથી તેઓ પાછળ રહી જાય છે. આ વાત બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

ગાય પાસેથી જો આપણને દૂધ જોતું હોય તો પ્રથમ તેને ઘાસ દાણો ખવરાવવો જોઇએ. એ પછી તે દૂધ આપે છે, તેમજ આપણે પણ પ્રભુ પાસેથી આપણી મનગમતી વસ્તુઓ મેળવવી હોય તો, પ્રથમ જગત્ની સેવા કરવી જોઇએ. કારણ કે કુદરતનો એવો નિયમ છે કે, સેવા કર્યા વિના મેવા મળતા નથી જેમ ગાયની સેવા કર્યા વિના દૂધ મળતું નથી, તેમજ જગતની સેવા કર્યા વિના આપણું કલ્યાણ થઇ શકતું નથી. માટે આપણાથી બની શકે તે પ્રમાણે આપણે જગત્ની સેવા કરવી જોઇએ. આ સાંભળીને કેટલાક માણસો એમ કહે છે કે, અમારામાં સેવા કરવાનું બળ ક્યાં છે? અમારી પાસે સેવા કરવાનાં સાધનો ક્યાં છે? અને અમારી જરાક જેટલી સેવાથી જગત્ને શું અસર થાય? એના જવાબમાં સંતો કહે છે કે,

આ બધા વિચારો ખોટા છે. આવા તર્ક આળસુ માણસો કરે છે. આવા પ્રશ્નો જેને કાંઇ કરવું ન હોય તેવા ઢીલાપોચા માણસો કરે છે. આવા પ્રશ્નો અજ્ઞાનીઓ કરે છે, અને આવી વાતો પોતાના પ્રભુનું બળ નહીં સમજનારા તથા પોતાના આત્માને નીચો પાડનારા હલકા લોકો કરે છે. કારણ કે શાસ્ત્રનો અને મહાત્માઓનો તો એજ સિદ્ધાંત છે કે, દરેક માણુસની અંદર જુદી જુદી ઘણી જાતની બહુજ ઉત્તમ શકિતઓ રહેલી છે. એ શકિતઓનો ઉપયોગ કરવા માટેજ મનુષ્ય અવતાર આપવામાં આવેલો છે. એટલુંજ નહીં પણ કાંઇને કાંઇ ન્હાની મ્હોટી ભલાઇ કરવાનાં સાધનો દરેક માણસોની આસપાસ હોય છે, અને ન્હાનામાં ન્હાનો બનાવ પણ જગત્ ઉપર કાંઇક સારી કે માઠી અસર કર્યા વિના રહેતોજ નથી, એવી જગત્‌ની રચના છે. માટે આપણે આપણી શકિતના પ્રમાણમાં આપણા બંધુઓની સેવા કરવીજ જોઇએ. પણ તેમાં એટલી વાત યાદ રાખજો કે સેવાના પ્રકાર અનેક છે, અને જુદા જુદા માણસોને તેઓની જુદી જુદી પ્રકૃતિ પ્રમાણે તથા જુદા જુદા સંજોગો પ્રમાણે જુદી જુદી જાતની સેવા કરવી ગમે છે. જેમકે,

કોઇ માણુસ શરીર બળથી બીજા લોકોને ફાયદો થાય તેમ કરે છે. કોઇ માણુસ ધનની મદદથી બીજાઓનું ભલું થાય તેમ કરે છે. કોઇ માણુસ પોતાના બુદ્ધિબળથી જગત્‌ને ફાયદો કરે છે. કોઇ માણુસ પોતાના ચારિત્રના બળથી લોકો ઉપર અસર કરે છે. કોઇ માણુસ પોતાના અનુભવનો બીજાઓને લાભ આપીને તેઓને ફાયદો કરે છે. કોઇ માણુસ પોતાની વાણીના બળથી લોકોનું ભલું કરે છે. કોઇ માણુસ પોતાના મધુર અવાજથી લોકોની સેવા કરે છે. કોઇ માણુસ પોતાના ધર્મના બળથી જગત્‌માં સારો દાખલો બેસાડે છે. કોઇ માણુસ તપ કરીને લોકોને ફાયદો કરે છે. કોઇ માણસ અનેક પ્રકારના કષ્ટ ભોગવી પરદેશોમાં રખડીને પોતાના બંધુઓને ફાયદો કરે છે. કોઇ માણુસ નવી શોધો કરીને દુનિયાને મહાન્ લાભ કરી આપે છે. કોઇ માણુસ શાન્તિ ભોગવીને તથા પોતાનું મોત સુધારીને ઘણા લોકોને સારો દાખલો આપી જાય છે. આવી રીતે અનેક રસ્તે

જગતનું ભલું કરી શકાય છે. માટે પોતાનામાં જે જાતની શકિત હોય તે શકિતનો જનસેવામાં ઉપયોગ કરવો જોઇએ, અને કોઇ પણ જીવોનું ભલું થાય તેવાં કાંઇક પણ કામો કરી બતાવવાં જોઈએ જ્યારે એમ થાય ત્યારેજ પ્રભુ આપણું ભલું કરે છે. કારણ કે કુદરતનો એવો નિયમ છે કે, જેમ પ્રથમ ગાય ને ચારો ખવરાવ્યા વિના દૂધ મળેજ નહીં તેમજ લોકોનું ભલું કર્યા વિના પ્રભુની કૃપા મળી શકતીજ નથી. માટે જો પ્રભુની કૃપા મેળવવી હોય અને પોતાનું કલ્યાણ કરવું હોય તો પોતાનાથી જે રસ્તે બની શકે તે રસ્તે જગત્‌ની સેવા કરવી જોઇએ. કારણ કે શાસ્ત્રનો ને મહાત્માઓનો એ સિદ્ધાંત છે કે, જગત્‌ની સેવામાં પ્રભુની સેવા આવી જાય છે. માટે પ્રભુની સેવા કરવા સારૂ પ્રથમ પ્રભુના જીવોની સેવા કરવી જોઇએ. પ્રભુની સેવા કરવા સારૂ પ્રથમ જગત્‌ના જીવોની સેવા કરવી જોઈએ. એ વાત યાદ રાખજો ને તે પ્રમાણે વરતવાની કોશીષ કરજો, એટલે પ્રભુ તમારૂં કલ્યાણ કરશે.

ઉપજાતિ વૃત.

અરે રૂડો માનવ દેહ આવ્યો,
બહુ પ્રતાપી પ્રભુએ બનાવ્યો;
તમે વિચારો હિત જો તમારૂં,
કરો કરો કાંઇક કામ સારૂં.

(ક. દ. ડા.)

૮૦–સાચા ભગત થવાની સહેલી કુંચી.

ભગત થવાથીજ કલ્યાણ થઇ શકે છે એ નક્કી વાત છે. કારણ કે દુનીયાના બધા ધર્મોનો એ ખાસ સિદ્ધાંત છે કે, ભગત થયા વિના ઉદ્ધાર થાય નહીં. ભગત થયા વિના જીંદગીની સાર્થકતા થાય નહીં. ભગત થયા વિના આત્માનો વિકાસ થાય નહીં અને ભગત થયા વિના અંતરનાં પાપ જાય નહીં. માટે જો કાંઇક ઉંચતા મેળવવી હોય અને જીંદગીનો ખરો લ્હાવ લેવો હોય તો

આપણે ભગત થવું જોઇએ. અને કદી પૂરેપૂરા તુરતમાં ન બની શકાય તો પણ તેથી દીલગીર નહીં થતાં ભગત બનવાની કોશેષ કરવી જોઇએ.

ભગત થવાથીજ જીંદગીની સાર્થકતા થાય છે. એટલુંજ નહીં પણ દુનીયાના બધા ધર્મો ભગત થવાનીજ આજ્ઞા આપે છે. અને જગત્‌નાં સૌ સારાં માણુસો પણ આપણુને એમજ કહે છે કે, ધર્મ પાળો, ધર્મ પાળો, અને ભગત થાઓ, ભગત થાઓ. આવી રીતે ભગત થવા ચોતરફથી આપણુને વારંવાર કહેવામાં આવે છે તેથી એ જાતના સંસ્કારો આપણા મનમાં પડી જાય છે, એટલે ભગત થવાનું આપણુને ગમ્યા કરે છે. છતાં પણ અફસોસની વાત એ છે કે, આપણે સાચા ભગત થઇ શકતા નથી. એનું કારણ શું? એ માટે એક સંત એમ સમજાવતા હતા કે,

ભગત થવા માટે આપણે સૌ આપણા ધર્મમાં થઇ ગયેલા ભગતોનાં જીવનચરિત્રો વાંચીએ છીએ, તેઓની કથા સાંભળીએ છીએ, અને તેનાં પદો ગાઇએ છીએ. એથી આગળ વધેલા જરા વધારે ઉદાર વિચારના હરિજનો દુનીયાના બીજા ધર્મોના ભગતોના જીવનચરિત્રો પણ વાંચે છે, તેનાં વખાણ કરે છે, અને તેમાંથી કાંઇક સાર લેવાની કોશીષ કરે છે; છતાં પણ તેઓને બરાબર અસર થતી નથી. કારણ કે એ બધી બાબતો બહુ સારી છે છતાં પણ તે બહારની છે, એટલે તેમાંથી જે લાભ મળવો જોઇએ તે લાભ મળી શકતો નથી. માટે જો સાચા ભગત થવું હોય તો તેની સહેલી કુંચી એ છે કે, પોતાના અંતરની પોથી વાંચતાં શીખવું જોઇએ. જેમકે,

ભક્તમાળમાં નરસીંહ મહેતાનું જીવનચરિત્ર વાંચીને આપણે તેનાં વખાણ કરીએ છીએ, અને ભગવાને તેની હુંડી સ્વીકારી હતી એ માટે અજબ થઇએ છીએ; પણ જરા વિચાર તો કરો કે, જેમ ખરે વખતે પરમકૃપાળુ પરમાત્માએ નરસીંહ મહેતાને મદદ કરી હતી તેમ તેણે તમને પોતાને ખરે વખતે તમારી જીંદગીમાં કેટલી બધી મદદ કરેલી છે, એ તો જરા જુઓ? દુ:ખ વખતે, મંદવાડ વખતે, અણધારી આફત આવવાની હતી તે વખતે, ઢોઢીયાંની મારામારી હતી તે વખતે, આબરૂ જવાની

તૈયારી હતી તે વખતે, અને રસ્તામાં તથા દુકાનોમાં ને ઘરમાં તેણે કેટલી બધી વખત કેટલી બધી જાતની મદદ કરેલી છે? એ તમે જરા જુઓ તો ખરા? ભકતમાળની ચોપડી વાંચવાથી તમને જેટલો ફાયદો થશે તે કરતાં આવી રીતે તમારી જીંદગીની પોથી વાંચવાથી તમને ઘણોજ વધારે લાભ થશે. માટે હવે જો સાચા ભગત થવું હોય તો તમે તમારી જીંદગીની પોથી વાંચતાં શીખો.

તુકારામની કથા જ્યારે તમે સાંભળો છો ત્યારે તમને ઘણી અજાયબી લાગે છે, અને એમ થાય છે કે, તુકારામ ચોકી કરતા હતા તે ખેતરમાંથી પક્ષીઓ દાણા ખાઇ ગયાં, છતાં પણ તે ખેતરમાં દાણાની ઉપજ વધી પડી. આ વાત સાંભળીને તમે અજબ થયા કરો છો, અને તુકારામને ભગવાને જેવી મદદ કરી હતી તેવી મદદ આપણને કરે તો કેવું સારૂં? એમ તમે ઇચ્છો છો. પણ જરા તમારી જીંદગીની પોથી તો વાંચી જુઓ કે શું તમોને ભગવાને એવી જાતની મદદ નથી કરી? બંધુઓ, જરા જુઓ તો ખરા કે તમારા ખેતરમાં પણ ઘણાંએ પક્ષીઓ ચણી જાય છે, છતાં પણ ઉલટી ઉપજ વધે છે. જેમકે, બાળકો, કુટુંબ, નાત એ બધાં પક્ષીઓ છે, તેને તમે ખવરાવો પીવરાવો છો, છતાં પણ છેલ્લાં દસ વરસ કરતાં હમણાં તમારી ઉપજ વધી છે. પ્રથમના કરતાં હમણાં તમારો પગાર વધ્યો છે, અને પ્રથમના કરતાં તમારી સગવડો હાલમાં વધી છે. એ શું પ્રભુનો ઉપકાર નથી? બીજું એમ પણ જુઓ કે, કામ, ક્રોધ, લોભ, અદેખાઇ, અભીમાન વિગેરે પક્ષીઓ તમારા હૃદયના ખેતરમાંથી ઘણીએ લુટ પાડી જાય છે, છતાં પણ જ્ઞાનમાં, ભક્તિમાં, દયામાં, પરોપકારમાં અને એવાજ બીજા ઘણા સદ્ગુણોમાં શું તમે આગળ નથી વધ્યા? હું કહું છું કે જરૂર તમે એ બધી બાબતોમાં આગળ વધ્યા છો. અને તમારા શરીરના તથા ઘરના ખેતરમાંથી ઘણાં પક્ષીઓ ચણી જાય છે, છતાં પણ પરિણામે તમારા ખેતરમાં ઘણી વધારે આબાદી થઇ છે, એ જરા જુઓ તો ખરા? શું આમાં પ્રભુની દયા નથી? અને શું આમાંથી કાંઇ શીખવા જેવું નથી? બેશક, યાદ રાખજો કે, જેઓ પોતાની આંખો ખુલ્લી રાખે તેઓને માટે પોતાના જીવનમાંથીજ ઘણુંએ જાણવાનું મળી શકે તેમ છે. માટે ભાઇઓ

અને બહેનો? આજ દિવસ સુધી તમે બીજા ભગતોના જીવનચરિત્રો વાંચવામાંજ રહી ગયા છો, પણ હવે તમે પોતે તમારૂં પોતાનું જીવન વાંચતાં શીખો, એટલે તમને ઘણો વધારે ફાયદો થશે.

આપણે જ્યારે ગીતા વાંચીએ છીએ ત્યારે ભગવાને અર્જુનને દિવ્યચક્ષુ આપ્યાં એ પ્રસંગ સાંભળીને આપણે બહુ અજબ થઇએ છીએ અને અર્જુન ઉપર ભગવાનની કેટલી બધી કૃપા હતી, તેનાં વખાણ કરવા મંડી જઇએ છીએ. ને એટલામાંજ રહી જઇએ છીએ. પણ જે પ્રભુએ અર્જુનને દિવ્યચક્ષુ આપ્યાં તેજ પ્રભુની આપણી ઉપર પણ કેટલી બધી દયા છે? અને તે આપણને પણ આપણા પ્રમાણમાં કેવી રીતે દિવ્યચક્ષુ આપે છે, એ વાત આપણે જોતા નથી. પણ તે માટે એક સંત એમ કહેતા હતા કે, અર્જુનને અર્જુનની યોગ્યતા પ્રમાણે ભગવાને દિવ્યચક્ષુ આપ્યાં હતાં અને આપણને આપણી યોગ્યતા પ્રમાણે તે દિવ્યચક્ષુ આપે છે. જેમકે,

આ જગતમાં ઘણાં માણસો એવાં છે કે, જેઓને સાદી સમજણ પણ હોતી નથી, તેને બદલે આપણે બહુ ઊંડી વસ્તુઓ પણ સમજી શકીએ છીએ એવી ભગવાને આપણને બુદ્ધિ આપેલી છે. એ શું એક પ્રકારનાં દિવ્યચક્ષુ નથી? ઘણી વખત એમ બને છે કે, ભૂત ભવિષ્યની કોઇ કોઇ બાબતોની આપણને સમજણ પડી જાય છે, એવી સમજણ કોઇ વખત કલ્પનાથી આવી જાય છે, કોઇ વખત સ્વપ્નાથી આવી જાય છે, કોઇ વખત કોઇની વાતો સાંભળવામાંથી આવી જાય છે, કોઇ વખત બુદ્ધિબળથી આવી જાય છે, અને કોઇ વખત અંતરની પ્રેરણાથી એમ બની જાય છે. એ શું એક પ્રકારનાં દિવ્યચક્ષુ જેવું નથી? અને હે હરિજનો! ધર્મનાં જે જે રહસ્યો બીજા અજ્ઞાનીઓને દેખાતાં નથી, તે તે રહસ્યો તમને દેખાય છે. જેમકે, શ્રદ્ધાની ખુબી, પ્રભુપ્રેમનું બળ, પરમાર્થનો આનંદ, અને તપનું ફળ, એ બધી અદ્રશ્ય વસ્તુઓ તમને તમારી ભકિતના પ્રમાણમાં સ્પષ્ટ દેખાય છે. એ શું એક જાતનાં દિવ્યચક્ષુ નથી? બંધુઓ, આવી ઘણી ઘણી રીતે પરમ કૃપાળુ પરમાત્મા આપણને દિવ્યચક્ષુ આપે છે, પણ આપણે આપણી જીંદગીની પોથી વાંચતા નથી એટલે એ બાબતો જેવી રીતે સમજવી જોઇએ તેવી રીતે સમજી શકતા નથી. માટે હે હરિજનો! અમારી

તમને એજ ભલામણ છે કે, જેમ અસલના થઇ ગયેલા ભગતોના ચરિત્ર વાંચો છો, તેમ તમારી પોતાની જીંદગી વાંચતાં શીખો, એટલે તમે જલદીથી ભગત થઇ શકશો.

પ્રભુ પોતાના ભગતોને મૂકતા નથી.

જીવ જીવકે આશરે, જીવ કરત હય રાજ;
તુલસી રઘુવર આશરે, કયું બીગડેગો કાજ?
તુલસી તલપ ન છોડીએ, નિશ્ચે લીજે નામ;
મનુષ્ય મજુરી દેત હૈ, કયું રખેગો રામ?
આશા તો એક રામકી, દુજી આશ નિરાશ;
નદી કીનારે ઘર કરે, કબુ ન મારે પ્યાસ.

૮૧—નીતિ વિષે.

સત્ય વચન અરૂ દીનતા, પર સ્ત્રી માત સમાન;
ઇનકું વૈકુંઠ ના મીલે, તુલસીદાસ જમાન.
સતીઆ સત નવ છોડીએ, સત છોડે પત જાય;
સતકી બાંધી લક્ષ્મી, ફીર મીલેગી આય.
પર નિંદા પર નારી અરૂ, પર દ્રવ્યનકી આશ;
છોડી તિનો બાતકું, ભજો એક અવિનાશ.
કંચન ત્યાગો સહજ હય, સેહેજ ત્રીયાકા નેહ;
માન બડાઇ ઇર્ષા, તુલસી દુર્લભ એહ.

* * *

જહાં દયા તહાં ધર્મ હૈ, જહાં લોભ તહાં પાપ;
જહાં ક્રોધ તહાં કાલ હૈ, જહાં ક્ષમા ત્યાં આપ.
કંચન તજવો સુલભ હૈ, સુલભ ત્રીયાકો નેહ;
નિંદા સ્તુતિ ત્યાગવો, તુલસી દુર્લભ એહ.
લેનેકું હર નામ હૈ, દેનેકું અન્નદાન;
તરનેકું આધીનતા, બુડનેકુ અભિમાન.

જે પોતે પોતાનો ઇન્સાફ નહીં કરે તેનો ઇન્સાફ જમદૂત કરશે.

ભકિત કરતાં એકાદો કાયદો તોડાતો હોય તે સારો છે, પણ જે બીલકુલ ભકિતજ ન કરતો હોય તે તો ઘણોજ ખરાબ છે, એમ જાણજો.

રાજમાર્ગ મૂકીને જે જંગલની વાટે ચાલશે તે તો લુટાઇ જશે ને માર્યા જશે, તેમજ જે નીતિનો પંથ તજીને બીજા ઢોંગમાં પડશે, તેના પૈસા પણ જશે ને તે નર્કમાં પડશે.

હમણાં આપણે કેવું સારૂં લખ્યું છે, કેવું સારૂં બોલ્યા છીએ અને કેટલું બધું ભણ્યા છીએ ? તે કાંઇ ઇન્સાફ વખતે પૂછવામાં નહીં આવે, પણ માત્ર કેવી રીતે વર્ત્યા છીએ એજ ત્યાં પૂછવામાં આવશે, ને એજ ત્યાં કામ લાગશે.

છાપરાં વિનાનું ઘર ને ધર્મ વિનાનું માણસ, એ બે સરખાં છે.

જે કુદરતને માન આપે છે પણ કુદરતના બનાવનારને ભૂલી જાય છે, તે ખુદ ધણીને છોડીને ફોટોગ્રાફને પૂજે છે, એમ સમજવું.

સઘળી નદીઓ સમુદ્ર ભણી જાય છે, તેમ સઘળા ધર્મો ઇશ્વરનું જ્ઞાન આપે છે.

જો તું પ્રભુનો પુત્ર હોય તો તારા બાપની આબરૂ પ્રમાણે ચાલ.

ઇશ્વર પાસે કહેવા સાંભળવા કરતાં પાળવાની કિંમત ઘણી વધારે છે.

૮૨–ભગતોની જાત સામે ન જુઓ પણ એના જ્ઞાન સામે જુઓ અને એના પ્રભુ પ્રેમ સામે જુઓ.

દોહરો.

જાત ભાત પૂછો નહીં,
જબ પૂછો તબ જ્ઞાન;
મોલ હોત તરવારકા,
પડા રહે ન દો મ્યાન.

કેટલાક હરિજનો એવા હોય છે કે, તેઓને નાતજાતનો અને વર્ણાશ્રમનો બહુ મોહ રહી ગયેલો હોય છે, તેથી તેઓ જે જે ભગતોને મળે તેઓની જાતભાત પૂછયા કરે છે, અને માત્ર ઉંચી કે હલકી જાતની ખાતરજ તેઓના મનમાં બહુ પક્ષપાત રહ્યા કરે છે. આવી ભૂલ ન થાય અને ભૂલથી સાચા ભગતોને ગેરઈન્સાફ ન થાય તથા પોતે પણ અંધારામાં ન રહી જાય માટે એક સંત પોતાના ભગતોને સમજાવતા હતા કે,

ભાઈઓ ! મ્યાનની સામે ન જુઓ પણ મ્યાનની અંદર જે તરવાર રહેલી છે, તે તરવારની સામે જુઓ. તેમજ ભગતોની જાત ભાત સામે ન જુઓ, પણ તેઓના ઇશ્વરીજ્ઞાનની સામે જુઓ, અને તેઓના પ્રભુપ્રેમની સામે જુઓ. જાતભાત એ તો બહારના મ્યાન જેવી છે, અને અંદરનું જ્ઞાન એ તરવાર જેવું છે. માટે જો તરવાર સારી હોય ને મ્યાન કદી ખરાબ હોય તો એથી કાંઇ તરવારનું પાણી ઓછું થઇ જતું નથી, કે એથી કાંઇ તરવારની કીંમત ઘટી જતી નથી. તેમજ કોઈ ભગતો કદી હલકી જાતના હોય તેથી કાંઇ તેઓ ભગવાનની આગળ હલકા ગણાતા નથી. કારણ કે ભકિતનો આધાર કાંઇ જાતભાત ઉપર નથી, પણ અંદરના પ્રભુ પ્રેમ ઉપર છે. માટે ભાઇઓ, પ્રભુપ્રેમનું બળ રાખો, ઇશ્વરીજ્ઞાનનું બળ રાખો, અને ભગતોની ભાવનાઓ સામે જુઓ. તેઓની પવિત્રતા સામે જુઓ. તેઓની ઉંચી જાતની રહેણી કરણી સામે જુઓ. તેઓની ભલાઇ સામે જુઓ. તેઓના સ્વાર્થ-ત્યાગ સામે જુઓ. તેઓની કર્તવ્યબુદ્ધિ સામે જુઓ. તેઓના જાગેલા જીવ તરફ જુઓ. તેઓની સોબત સામે જુઓ. તેઓના અભ્યાસ સામે જુઓ. તેઓના ત્યાગ તરફ જુઓ અને તેઓ જે વિશ્વાસની અદૃશ્ય દોરી ઉપર દ્રઢતાથી ચાલ્યા જાય છે, તે તરફ જુઓ. એકલી નાતજાત તરફજ શું જોઇ રહ્યા છો ? વળી બીજી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, કઇ જાતમાં જન્મ મળવો એ કાંઇ આપણા અખત્યારની વાત નથી, પણ પુરૂષાર્થ કરવો ને પોતાની ભકિત વધારવી એ તો આપણા અખત્યારની વાત છે. માટે સાચા હરિજનોએ નાતજાતના ઝગડામાં પડી રહેવું નહીં, અને કોઇ ભગત કદી હલકી નાતનો હોય તે સારૂ તેનું

અપમાન કરવું નહીં, કે તેને ઉતરતા પ્રકારનો ભગત સમજવો નહીં. પણ જે પ્રમાણે તેનામાં યોગ્યતા હોય તે પ્રમાણે તેને માન આપવું જોઇએ. જો એમ કરતાં આવડે તોજ પ્રભુ રાજી થાય છે, અને તોજ આપણું જલદીથી કલ્યાણ થાય છે. માટે બંધુઓ, ભગતોની જાતભાત જોવામાંજ રહી જશો માં, પણ તેઓની ભક્તિ સામે જોવાય તેમ કરજો. એજ અમારી ભલામણ છે.

ઉંચા કુળનું અભીમાન ન કરવા વિષે.

ઉંચા કુળ કીસ કામકા, જ્યાં નહીં હરીકો નામ;
  તુલસી તાતે સુપચ ભલો, મુખલે હરીકો નામ.

નીચ નીચ સબ તર ગયે, સંત ચરણ લૌલીન;
  જાતહીકે અભીમાનસે, ડૂબે બહુત કુલીન.

ચતુરાઇ ચૂલે પડી, ધીક પડયો આચાર;
  તુલસી ભગવત ભક્તિ બીન, ચારો વર્ણ ચમાર.

જાત નહીં જગદીશકું; હરીજનકું કયા હોય ?
  જાત ભાત કુલ કીચમેં, ડૂબ મરો મત કોય.

માટે મોટા સંતો તો ઠોકી વગાડીને કહે છે કે, ગમે તેવી હલકી જાતનો હોય પણ જો તેના અંતરમાં પ્રભુનો વાસ થઇ જાય તો તેની જાત પણ ઉંચી થઇ જાય છે. માટે તેઓ કહે છે કે,

દોહરો.

જાત હમારી આતમા, પરમેશ્વર પરીવાર;
  સગા હમારા સંત હય, શીરપર સરજનહાર.

૮૩–દેહથી આત્માને જુદો પાડી શકીએ ત્યારેજ મોક્ષ મળી શકે છે.

સૌ હરિજનોને મોક્ષ મેળવવાની ઇચ્છા હોય છે. કારણ કે મોક્ષ મેળવ્યાથી બધી જાતનાં દુઃખો જતાં રહે છે, અને મોક્ષ મેળવ્યાથી જન્મ મરણના ફેરામાંથી છુટાય છે. મોક્ષ મેળવ્યાથી ઇશ્વરની હજુરમાં રહી શકાય છે. મોક્ષ મેળવ્યાથી ઇશ્વરરૂપ બની

શકાય છે, અને મોક્ષ મેળવ્યાથી અનંત કાળના અખંડ આનંદ ભોગવી શકાય છે. માટે સૌ હરિજનો મોક્ષ મેળવવાની ઇચ્છા રાખે છે, અને તેમ છતાં કોઇ કોઇ જમાનામાં કોઇ કોઇ મહાત્માઓજ મોક્ષ મેળવી શકે છે. બાકી તો બધા જન્મ મરણના ફેરામાંજ રહી જાય છે. આનું કારણ શું? એ વાત સમજાવવા માટે એક મહાત્મા કહેતા હતા કે,

દેહના અભીમાનને લીધે માણસો પોતાના દેહના સુખો તરફજ જોયા કરે છે, અને એ માટેજ માથાકુટ કર્યા કરે છે એટલુંજ નહીં પણ એવા મોહવાદીઓ પોતાના દેહ ઉપર એટલી બધી આસકિત રાખે છે કે, તેઓ દેહનેજ આત્મા માની લેય છે. તેથી તેઓને સત્ય જ્ઞાન થતું નથી, અને તેઓ બંધનમાંથી છૂટી શકતા નથી. કારણ કે શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે, આત્મા દેહથી તદન જુદો છે. જેમકે, દેહ નાશવંત છે અને આત્મા અમર છે. દેહ ક્ષય વૃદ્ધિવાળો છે, અને આત્મા જેવો છે તેવોજ હમેશાં રહેવાવાળો છે. દેહમાં રોગ, શોક અને દુઃખ રહેલાં છે, પણ આત્મામાં તો અખંડ આનંદજ રહેલો છે; અને જુદા જુદા કર્મ પ્રમાણે જુદા જુદા જન્મમાં જુદા જુદા દેહ થયા કરે છે, પણ તે બધા દેહોમાં આત્મા તો એકનો એકજ અને એનો એજ હોય છે. આવો દેહમાં ને આત્મામાં તફાવત છે. માટે દેહથી આત્મા તદન જુદો છે, એમ પ્રથમ શાસ્ત્રના સિદ્ધાંતોથી ખાત્રી થઇ જવી જોઇએ, અને પછી એ વાત પોતાના અનુભવથી સિદ્ધ થવી જોઇએ. જ્યારે એમ થાય ત્યારે મોક્ષ મળી શકે છે, ને ત્યારેજ જીવનમુક્તિનાં સુખો ભોગવી શકાય છે. કારણ કે દેહના મોહને લીધેજ બધી જાતનાં દુઃખો ઉત્પન્ન થાય છે, અને એથી ઉલટું જ્યારે દેહ આત્માથી જુદો છે એમ ખાત્રીપૂર્વક અનુભવ થઇ જાય અને એ અનુભવ કાયમ રહે ત્યારે બધી જાતનાં દુઃખો ઉડી જાય છે, અને આત્મિક આનંદનાં સુખો મળ્યા કરે છે. દેહ આત્માથી કેવી રીતે જુદો પડે છે, એ વાત સમજાવવા માટે એક મહાત્મા એમ કહેતા હતા કે,

નાળીયેર અને તેની ઉપરની કાચલી એ બન્ને તદન જુદાં જુદાં છે, છતાં પણ જ્યાં સુધી નાળીયેરમાં ભીનાશ હોય ત્યાં સુધી તે

કાચલીને વળગી રહે છે. એ વખતે જો નાળીયેરને ફોડીએ તો કાચલી સાથે નાળીયેર પણ ફૂટી જાય છે અને કાચલીને વળગી રહે છે. પણ નાળીયેરને જો સુકવીએ તો તેની અંદરની ભીનાશ સૂરજના તાપથી સુકાઇ જાય છે, એટલે કાચલીથી નાળીયેરનો ગોટો અંદર જુદો પડી જાય છે. એ વખતે કાચલીને ભાંગી નાંખીએ તો નાળીયેર તેની સાથે વળગેલું રહેતું નથી. તેમજ દેહ અને આત્મા માટે પણ સમજવાનું છે, અને જેમ કાચલીથી નાળીયેરનો ગોટો જુદો પડી જાય છે તેમજ દેહથી આત્મા જૂદો પડી જાય છે. એ વખતે આત્માને દેહનું બંધન નડતું નથી, એથી તે મોક્ષનાં સુખો ભોગવી શકે છે, પણ આમ બનવાનું મુખ્ય કારણ જાણવું જોઇએ, અને તે કારણ એજ છે કે,

જેમ સૂર્યનો તાપ લાગવાથી નાળીયેરનો ગોટો કાચલીથી જુદો પડી જાય છે, તેમજ દેહને ને આત્માને જુદા પાડવા માટે પણ કંઇક તાપ લાગવો જોઇએ. એવા તાપને શાસ્ત્રમાં તપ કહે છે. તપ કરવાથી આત્મા દેહથી જુદો પડી જાય છે. કારણ કે તપ કરવાથી દેહ સાથે સંબંધવાળા આત્માનું સ્વરૂપ શુદ્ધ થતું જાય છે. તપ કરવાથી દેહનું અભીમાન ગળતું જાય છે તપ કરવાથી મનનો નાશ થતો જાય છે. તપ કરવાથી વાસનાનો ક્ષય થતો જાય છે, અને તપ કરવાથી બુદ્ધિ નિર્મળ થતી જાય છે. તેથી આત્માનું સ્વરૂપ સહેલાઇથી સમજી શકાય છે. માટે જો મોક્ષની ઇચ્છા હોય તો દેહથી આત્મા જુદો છે એ વાતની પ્રથમ સંપૂર્ણ ખાત્રી કરવી જોઇએ અને એ પછી દેહથી આત્મા જુદો છે એ વાતનો પોતે જાતે અનુભવ કરવો જોઇએ. અને એ પછી તે અનુભવ હમેશાં ટકી રહે ને નજર આગળ તર્યા કરે તેમ કરવું જોઇએ. અને યાદ રાખજો કે, એ બધું જુદી જુદી જાતના તપથી થાય છે. વળી તપની જાતો ઘણી છે, માટે તમારાથી તમારી સ્થિતિ પ્રમાણે ને દેશકાળ પ્રમાણે જે જાતનું તપ બની શકે તે જાતનું તપ કરજો, તે જાતનું તપ કરજો. એટલે તપના બળથી દેહનું અભિમાન ઓછું થશે અને આત્માને દેહથી જુદો પાડી શકાશે. એટલે પરિણામે મોક્ષનાં મહા આનંદદાયક સુખો ભોગવી શકાશે, એમાં કાંઇ પણ શક નથી. માટે સ્થિતિ પ્રમાણેનાં તપ કરો, સ્થિતિ પ્રમાણેનાં તપ કરો.

૮૪–જ્ઞાની ભગતોની વાતો સાંભળવાથી થતા ફાયદા વિષે.

દોહરો.

બહુત પુન્ય કરી મીલત હય, જ્ઞાનીકો સંગ આય;
સબ ગ્રંથનકો તત્વ સો, પલમેં દેત બતાય.

ડાહ્યા માણસો એમ કહે છે કે, હે ભાઇઓ! ભગતોનો સંગ કરજો, ને ભગતોની વાતો સાંભળજો. ઘણાએ ધર્મવાળાં માબાપો પોતાનાં છોકરાંઓને વારંવાર એવી શીખામણ દેય છે કે, તમે હરિજનોની વાતો સાંભળજો ને તેઓનો સંગ કરજો. અને સારા શિક્ષકો પણ પોતાના વિદ્યાર્થીઓને એવોજ ઉપદેશ કરે છે કે, જેમ બને તેમ તમે વિદ્વાનોના વિચારોનો લાભ લેજો. જે કર્મયોગી મહાત્માઓ હોય તેમને પગલે ચાલજો, અને જ્ઞાનીઓના સહવાસમાં રહેજો આ પ્રમાણે ચોતરફથી જ્ઞાનીઓની વાતો સાંભળવા માટે સૌ ભલામણ કરે છે. માટે આપણે જાણવું જોઇએ કે, જ્ઞાની મહાત્માઓની વાતોમાં એટલી બધી શું વિશેષતા હોય છે કે જેથી કરીને તેઓની વાણી સાંભળવા સૌ લોકો આગ્રહ કરે છે. આ બાબત સ્પષ્ટ રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ એક સત્સંગ મંડળીમાં પોતાના હરિજનોને સમજાવતા હતા કે,

સમુદ્રનું પાણી ખારૂં હોય છે, અને પૃથ્વી ઉપરના બીજા ઘણાએ ખાડા ખાબોચીયાનું પાણી પણ મેલું, ગંદીલું, ને જતુંઓવાળું હોય છે, પણ એજ પાણી જ્યારે વરાળરૂપી આકાશમાં ઉડી જાય છે અને વાદળાંઓમાંથી વરસાદરૂપે પાછું નીચે પડે છે, ત્યારે તે પાણી બહુ ચોખ્ખું ને બહુ ગુણવાળું બની જાય છે. તેમજ હમણાં જે જે વાતો આપણને સામાન્ય લાગતી હોય, અને જે બાબતો આપણી ઉપર અસર કરી શકતી ન હોય, તેવી બાબતો પણ જ્યારે મહાત્માઓના હૃદયમાં થઇને તેઓની વાણી મારફત આપણા કાનમાં આવે છે, ત્યારે તે બાબત આપણને અસરકારક લાગે છે. અને ઉંચી લાગે છે. આવો મહાત્માઓનો પ્રભાવ છે. માટે તેઓની વાણી સાંભળવાની જરૂર છે. મહાત્માઓની વાતોમાં અજબ જેવું બળ હોય છે તેનું કારણ એ છે કે,

મહાત્માઓની વાતોમાં તેઓના અંતઃકરણની પવિત્રતા મળેલી હોય છે. મહાત્માઓની વાતોમાં તેઓના મનની દૃઢતા મળેલી હોય છે. મહાત્માઓની વાતોમાં તેઓના અંતરનું સત્ય મળેલું હોય છે. મહાત્માઓની વાતોમાં તેઓનો વૈરાગ્ય મળેલો હોય છે. મહાત્માઓની વાતોમાં તેઓનાં અંતઃકરણની ઉદારતા મળેલી હોય છે. તેઓની વાતોમાં તેઓનો પ્રેમ મળેલો હોય છે. તેઓની વાતોમાં તેઓનો જાતી અનુભવ ભળેલો હોય છે. તેઓની વાતોમાં તેઓના તપનું બળ ભળેલું હોય છે. તેઓની વાતોમાં તેઓની આત્મિક શ્રદ્ધા પ્રસરેલી હોય છે. તેઓની વાતોમાં બીજાઓની વાતો કરતાં ઘણી વિશેષતા હોય છે. અને તેઓની વાતોમાં ભગવાનની વીજળી હોય છે. માટે ભગતોની વાતો સાંભળવા જેવી હોય છે. એટલુંજ નહીં પણ જ્ઞાની મહાત્માઓની ટુંકી વાતોમાં પણ ઘણો અર્થ હોય છે. તેઓની સામાન્ય વાતોમાં પણ ખાસ વિશેષતા હોય છે. તેઓની સાદી સાદી વાતોમાં પણ ચમત્કાર હોય છે. અને જે વાતો બીજાઓને મોઢેથી સેંકડો વખત સાંભળતાં છતાં આપણુને કાંઇ પણ અસર ન થાય તેવી વાતો પણ જ્યારે મહાત્માઓને મોઢેથી સાંભળીએ છીએ ત્યારે તેની તુરતજ બહુ મોટી અસર થાય છે. માટે જેમ બને તેમ જ્ઞાની ભગતોનીજ વાતો સાંભળવી જોઇએ. કારણ કે તેઓની વાતો સાંભળવાથી શું શું ફાયદા થાય છે એ તમે જાણો છો? યાદ રાખજો કે,

મહાત્માઓની વાતો સાંભળવાથી ઘણાએ માણસો રાક્ષસો મટીને દેવ બની ગયા છે. મહાત્માઓની વાતો સાંભળવાથી ઘણાં માણસોને ધન મળી ગયાં છે. ઘણાં માણસોને સત્તા મળી ગઇ છે, ઘણાં માણસોની કીર્તિ વધી ગઇ છે, ઘણાં માણસોને છોકરાંઓ મળી ગયાં છે, ઘણાં માણસોના અધીકાર વધી ગયા છે, ઘણાં માણસોના દેહના રોગો મટી ગયા છે, અને ઘણાં માણસોના મનના અફસોસ મટી ગયા છે. આવું મહાત્માઓની વાણીમાં બળ છે. માટે જો મનમાનતાં કામ કરી લેવાં હોય તો પણ તે મહાત્માઓની વાણી સાંભળવાથી થઇ શકે તેમ છે, અને જો ધર્મના ઉંડાણમાં પેસવું હોય, આત્મિક આનંદ મેળવવો હોય, જન્મ મરણના ફેરામાંથી છૂટવું હોય, અને અનંત બ્રહ્માંડના નાથની સાથે તન્મય થવું હોય, તો એ પણ મહાત્માઓની વાણીથી બની શકે તેમ છે. ટુંકામાં

એજ કે, તમને આ દુનીયાનું કે પરલોકનું જે કાંઇ જોતું હોય તે બધું પ્રભુના પ્યારા મહાત્માઓની વાણીમાંથી મળી શકે તેમ છે. માટે હે હરિજનો! અમારી તમને સૌને એજ ભલામણ છે કે, જેમ બને તેમ મહાત્માઓના ચરણનું ને તેઓની વાણીનું સેવન કરજો, મહાત્માઓના ચરણનું ને તેઓની વાણીનું સેવન કરજો, એટલે પ્રભુ તમારૂં કલ્યાણ કરશે.

દોહરા.

પારસમેં ઓર સંતમેં, બડો અંતરો જાન;
 વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

સંત ધનંતર વૈદ સમ, જેસો રોગી જેહુ;
 બનાવત હે તાહીકું, તેસો ઓખદ દેઉ.

બકરા હાથ કસાઇકે, માજન ધાય છુડાત;
 મુકત કહે ત્યું સંતજન, કરત જ્ઞાનકી બાત.

સૂર્ય સંત તમકું હરે, તાતે ભયે સમાન;
 મુકત બહાર તમ રવી હરે, સંત હરત અજ્ઞાન.

સંત સબનકો હીત કરે, દે સાચો ઉપદેશ;
 મુકત મીલાવે રામસેં, સ્વારથ નહીં લવ લેશ.

જબહી મીલે જન સંતકો, તબહી ભયો કલ્યાન;
 મુક્ત કહે જન પ્રગટકો, સંત દેત તેહી જ્ઞાન.

દોષ કલંક મીટાયકે, શુદ્ધ કરત હૈ સંત;
 મુકત મીલાવે સબહીકું, પ્રગટ રૂપ ભગવંત.

સંત બડે પરમારથી, દેત સબનકું જ્ઞાન;
 મુકત મીલે જન તાહીકું, તાકો કરત કલ્યાન.

જ્ઞાન ભકિત વૈરાગ સહીત, સંત સરલ ચિત હોય;
 મુકત કહે ભવ તરનમેં, અતિ બડો નૌકા સોય.

બહુત પુન્ય કરી મીલત હય, જ્ઞાનીકો સંગ આય;
 સબ ગ્રંથનકો તત્વ સો, પલમેં દેત બતાય.

૮૫–પાપ વિષે.

રાજાના ગુન્હેગારોને તો તુરંગમાં પડવું પડે છે, પણ પ્રભુના દ્રોહીઓને તો નર્કની ધગધગતી મોટી અગ્નિમાં પડવું પડશે.

માટે આપણુને વિચાર થાય છે કે, ઉનાળાની ગરમી ન ખમી શકતા બીચારા નાજુક મનુષ્યો પ્રભુને વીસારીને નર્કની અગ્નિની મોટી જવાળાઓ કેમ સહન કરી શકશે ?

આ ઠેકાણે આપણે દરેક હરિજનોએ યાદ રાખવાનું છે કે, નર્કમાં આપણને ઠંડક કરવા માટે કોઇ પણ પંખો કરનાર મળનાર નથી.

માટે ડાહ્યા મનુષ્યોએ તો હમણાથીજ પ્રભુ રીઝવવાનાં એવાં ઉત્તમ સાધનો સાધી લેવાં જોઇએ કે, નર્કની વાતો તો સ્વપ્ને પણ આવે નહીં.

કુંભારનો ગધેડો પણ કુંભારના ઘરના સંગાડાની અગ્નિથી દૂર દૂર રહ્યા કરે છે, ત્યારે જે મનુષ્યે નર્કની અગ્નિ બહુ દુઃખદાયક છે એમ શાસ્ત્રદ્વારાએ સાંભળી લીધું છે, છતાં પણ તેનાથી દૂર રહેવાનાં ને પ્રભુ ભજી લેવાનાં સાધનો કરતો નથી ત્યારે તે મનુષ્ય તો પેલા કુંભારના ગધેડાથી પણ વધારે મૂર્ખ છે એમ થયું.

એક માણસે કોઇ એક મૂર્ખ જેવા માણસને ઘણાક લાકડાંઓ ભેગાં કરીને સળગાવતો જોયો. ત્યારે તેને પેલો માણસ પૂછવા લાગ્યો કે, ભાઇ, આટલાં બધાં લાકડાં શા માટે સળગાવે છે ? ત્યારે તેણે કહ્યું કે, મેં મારે માટે સળગાવ્યાં છે અને હું તેમાં બળી મરવાનો છું. આ સાંભળીને પેલા માણસે જાણ્યું કે, ઓહો ! આ તે કેટલીક મુરખાઇ ? પોતાને હાથેજ પોતે લાકડાં ભેળાં કરી બળી મરે છે !

ભાઇઓ ! પાપીઓ પણ ઉપલા માણસ જેવાજ જાણવા કે જેઓ નર્કની અગ્નિમાં બળી મરવા માટે નઠારાં કર્મોમાં સદાય મચ્યા રહે છે.

દોહરા.

પાપ પુણ્ય છુપ છુપ કરો, સોવત કરો કે જાગ,
તુલસી કબ લગ છુપ રહે, ઘાસ ઘુસાઇ આગ.

પારસકે પરસતે કંચન ભઇ તરવાર;
તુલસી તીનું ના ગયે, ધાર માર આકાર.

જેમ એક ન્હાનું ગાબડું મોટાં વ્હાણને ડુબાડી દેય છે, તેમ નાનું પાપ પણ જીવને નર્કમાં લઇ જાય છે.

સિંહનું બચ્ચું નાનું હશે, ત્યારે તેને સ્હેલાઇથી મારી શકાશે, પણ મોટું થયા પછી મારવું મુશ્કેલ થઇ પડશે. તેમ પાપને પણ તેવુંજ જાણજો.

એક સાપના ડંખથીજ માણસ મરી જાય છે, મરણ માટે કાંઇ ઝાઝા સાપના ડંખની જરૂર નથી; તેમજ નર્કમાં જવા માટે એકજ પાપ ઘણું છે. માટે સંભાળજો.

પાપ કરીને કોઇ છેવટ સુધી સુખીઓ થયો હોય તો કહો ?

હે હરિજનો ! ક્યારેક એક ઝીણું દોરડું મોટાં વ્હાણને અટકાવી રાખે છે, આગળ વધવા દેતું નથી. તેમ તમારામાં રહેલી થોડી ઘણી માયા પણ તમોને ભક્તિમાં આગળ વધતા અટકાવી ન રાખે એ સુરત રાખજો.

માણસો દુઃખથી ડરે છે પણ જે પાપથી દુઃખ પેદા થાય છે તે પાપને તજવા ચહાતાં નથી. એ કેવી નવાઇ છે!

જે લોભને માટે પાપ કરશે તેને તે પાપથી લાભ થવાનો નથી.

ઝેર ઉતારવાની દવાઓ વહેંચાય છે માટે કાંઇ ઝેર ખવાય નહીં, તેમ ભગવાનની ભકિતથી ઘણાં પાપો બળી જાય છે, માટે કાંઇ પાપ કરાય નહીં.

જ્યારે ભરેલા વાસણને ખાલી કરીશ ત્યારે તેમાં બીજી વસ્તુ રહી શકશે, માટે પાપને દીલમાંથી કહાડ ને પ્રભુને ભજ.

જો પાપને નહીં મારી નાંખો તો પાપ તમોને મારી નાંખશે.

પાપ એ એક એવું મોટું દરદ છે, કે જેને સાધારણ વૈદની દવા તો લાગુ પડતી નથી. (એટલે કે હોશીયાર વૈદરૂપી સારા ગુરૂની જરૂર છે.)

પાપ શીખવા માટે કાંઇ નિશાળો હોતી નથી, તે તો પોતાની મેળે શીખાય છે.

પાપનું ફળ દુઃખ છે.

અંતરમાં દુષ્ટ વિચારોને રમવા દેવા એ પ્રભુના પવિત્ર મંદિરોને ભ્રષ્ટ કરવા જેવું છે.

જાડો થએલો કસાઇના ઘરનો બકરો જેમ કપાઇ જશે, તેમ મોજ મજામાં પડેલા પાપીઓના પણ એજ હાલ થવાના છે. માટે એની તે વાતો શું કરવી?

તારા પાપો તને શોધી કહાડશે.

પાપ કરવામાં શરમ છે, પણ કબૂલ કરવામાં બહાદુરી છે.

પાપી વિષે.

સાપ વીંછીને ડંખ મારતાં શીખવવા કોઇ જતું નથી, એ તો જન્મની સાથે પોતાની મેળેજ શીખતા આવે છે.

મરી ગએલાને જેમ દવા ફાયદો કરતી નથી, તેમ અજ્ઞાનિને જ્ઞાન આપવું ફોગટ છે.

જેની જીભ નઠારી હોય તેનું હૈયું પણ નઠારૂં છે, એમ જાણજો.

જે બાઇલરમાં અગ્નિ બળતી હોય તેની ચીમનીમાંથી ધુમાડો ઉંચે ચ્હડે છે, તેમ જેના પેટમાં ઝેર ભર્યું હોય તેનાં મુખમાંથી કડવાં વચનો નીકળે છે.

મરેલા માણસને વારસો મળતો નથી પણ જીવતાને મળે છે, તેમ સત્સંગમાં તો પ્રેમીઓનાં કાર્ય થશે. પ્રેમહીણાઓ તો રઝળીજ મરવાના.

જડજો ઘણા દયાળુ હોય છે, તોપણ ખૂનીને તો ફાંસીએ ચડાવવાનાજ. તેમજ આપણા પ્રભુ બહુજ દયાળુ છે, તોપણ પાપીને તો શિક્ષા કરવાનાજ.

મોટા પથરાઓને ઘણના મોટા માર જોશે, તે વિના તેના ટુકડા થવાના નથી, તેમ કઠણ હૈયાના માણસોને જેવો તેવો બોધ લાગવાનો નથી.

બાવળનું ઝાડ મોટું થાય છે તે બળી મરવા માટે, તેમ પાપી મોટા થાય છે તે નર્કમાં જવા માટે.

કાંટાની અણી કાઢવા કોઇ જતું નથી, તેમ દુરીજનો તો જન્મ-થીજ નઠારા હોય છે.

કહો કે મરચાંને કોણ તીખાં કરવાં બેઠું હતું ?

કયારેક કયારેક મોટા પંડિતો મોટા પાપી હોય છે.

પાપીઓ હમેશાં મોટા મહેલમાં રહે છે ને ધર્મિઓ સડેલી ઝુંપડીઓમાં પડી રહે છે, તેથી કાંઇ ઈશ્વરને ઘેરે અન્યાય છે એમ કોઇ સમજશો નહીં.

જે ઝેર વેર રાખીને ફરે છે ને બીજાના વાંકને માફ કરતો નથી. તે પરલોક જવાના પુલને પોતાને હાથેજ પોતે તોડે છે.

૮૬–મોતથી ડરવું નહીં, કારણ કે એમાં પણ પ્રભુની કાંઇક દયા હોય છે.

દુનીયાના બધા ધર્મોનો એ સિદ્ધાંત છે કે, સુખથી ફૂલાઇ જવું નહીં અને દુઃખથી દીલગીર થઇ જવું નહીં. છતાં પણ આપણે જોઇએ છીએ કે, જગત્‌માં બહુજ થોડાં માણસોને એ ઉપદેશ બહુ કામ લાગે છે, બાકી સૌ માણસો પોતાને ધર્મવાળા સમજ્યા કરે છે, પણ દુઃખમાં દીલાસો લઇ શકતા નથી. માટે દરેક હરિજનોએ દુઃખના વખતે ધીરજ રાખતાં શીખવું જોઇએ.

બંધુઓ ! આ દુનીયામાં ઘણા પ્રકારનાં દુઃખો છે, પણ તેમાં મોતનું દુઃખ સૌથી વધારે ભયંકર છે. તેથી જ્યારે આપણા કોઇ સ્નેહીનું મરણ થાય ત્યારે આપણે ધીરજ રાખી શકતા નથી, અને તેમાં પણ સ્ત્રીઓનું જ્ઞાન તો એ વખતે સાવ માર્યુંજ જાય છે. વિવેક વીસરી જાય છે, સ્મૃતિ ભમી જાય છે, અને ડહાપણ દૂર

ખસી જાય છે. કારણ કે તેઓ બહુ મોહવાદી હોય છે અને દુઃખનાં રહસ્યો જાણવાની તસ્દી લેતી નથી, તેથી તેઓ વધારે અફ્સોસમાં ડૂબી જાય છે. પણ અફ્સોસમાં ડૂબવાથી પરિણામ એ થાય છે કે, ધર્મ ઢંકાઇ જાય છે, અને દીલગીરીને લીધે અધર્મ વધી જાય છે, તથા નર્ક સામે ખડું થઇ જાય છે. આવી મહાન્ ખરાબી ન થાય માટે શાસ્ત્રો તથા સંતો વારંવાર આપણને એમ કહે છે કે, મોતનો અફ્સોસ કરો માં, મોતનો અફ્સોસ કરો માં. પણ એ વાત આપણને ગળે ઉતરતી નથી. માટે એ બાબત સમજાવવા સારૂ એક સંત કહેતા હતા કે,

ઘેટાંઓને જ્યારે ડુંગર ઉપર ચડાવવાનાં હોય ત્યારે તેનો ભરવાડ ઘેટાંના બચ્ચાંને ઘેટાંની પાસેથી તેડી લેય છે. કારણ કે નાનાં બચ્ચાંઓ કાંઇ ડુંગર ઉપર ચડી શકે નહીં, તેઓમાં કાંઇ એટલું જોર હોય નહીં, અને બચ્ચાંઓ ચાલે નહીં ત્યાં સુધી તેની માતાઓ પણ આગળ વધી શકે નહીં. માટે તાજું લીલું ને સુંદર ઘાસ ચરાવવા માટે ઘેટાંના ટોળાંને જ્યારે પહાડ ઉપર ચડાવવાની ભરવાડની ઇચ્છા થાય ત્યારે તે તેનાં બચ્ચાંઓને ઉપાડી લેય છે. તેમજ યાદ રાખજો કે, કોઇ કોઇ વખત પ્રભુ પણ એમજ કરે છે. તેને જ્યારે એવી ઇચ્છા થાય કે અમુક માણસને મારે જ્ઞાન ભક્તિના પહાડ ઉપર ચડાવવું છે, પણ તે માણસ એવા મોહમાં ફસાઇ ગયેલું છે કે, તેનું અમુક વ્હાલું સગું દૂર ન થાય ત્યાં સુધી તે માણસ એ રસ્તામાં આગળ વધી શકશે નહીં. માટે એવે વખતે પ્રભુ તેના બાલકને કે તેનાં બીજાં કોઇ સ્નેહીને ઉપાડી લેય છે. એથી એ વખતે જો કે તેને બહુ દુઃખ થાય છે પણ અંતે તેથી તે માણસને બહુ ફાયદો થાય છે. કારણ કે તે જ્ઞાન ભક્તિના પહાડ ઉપર ચડી શકે છે. માટે સમજી લેજો કે આપણા સ્નેહીઓનાં મરણમાં પણ પ્રભુની દયા હોય છે. કારણ કે તેઓ જીવતાં હોય ત્યારે આપણાથી જે કામો નથી થઇ શકતાં તે કામો તેઓના મરણ બાદ થઇ શકે છે. જેમકે,

અમે ઘણાએ એવા દાખલા જોએલા છે કે, સગાંઓના મરણને લીધે લોભીઆ માણસો ઉદાર બની ગયેલા છે, રોગી માણસો નીરોગી બની ગયેલા છે, મૂર્ખ માણસો ડાહ્યા બની ગયેલા છે,

પાપી માણસો પૂણ્યશાળી બની ગયેલા છે, ક્રોધી માણસોએ પોતાના ક્રોધ છોડેલા છે, કામી માણસોએ પોતાની વિષય વાસનાઓ છોડેલી છે, અદેખાઓએ પોતાની અદેખાઇ છોડેલી છે, અભીમાનીઓએ પોતાનાં અભીમાન છોડેલાં છે, વેરીઓએ પોતાનાં વેર છોડેલાં છે અને વ્હાલાં સ્નેહીઓનાં મરણને લીધેજ ઘણાએ નાસ્તીકો આસ્તિક થઇ ગયેલા છે, તથા ઘણાએ મોહવાદીઓ ત્યાગી થઇ ગયેલા છે. આવી રીતે સ્નેહીઓનાં મોતથી પણ ઘણાં માણસોના જીવનમાં ઘણી જાતના ફેરફારો થઇ જાય છે. માટે મોતથી દીલગીર થવું નહીં, અને સ્નેહીઓના મરણના દુઃખમાં દબાઇ જવું નહીં. પણ એવા મુશ્કેલ વખતે પણ ધીરજ રાખતા શીખવું જોઇએ અને એવા દુઃખમાંથી પણ દીલાસો મળી શકે તેવા ઉપાયો કરવા જોઇએ તથા તેવું જ્ઞાન મેળવી રાખવું જોઇએ. એમ કરવું એ કદી બીજાઓને ગળે ન ઉતરે તો એ જુદી વાત છે, પણ હરિજનોએ તો દુઃખમાં દીલાસો રાખતાં શીખવુંજ જોઇએ. કારણ કે એ વિના ભક્તિ ફળીભૂત થતીજ નથી. અને દુઃખમાં દીલાસો રાખવાનો સર્વથી સારો ઉપાય એ છે કે, આપણા ફાયદાને માટેજ દુઃખો આવે છે, એ વાત બહુજ ઉંડાણથી સમજી લેવી જોઇએ. જો એમ કરતાં આવડે તો ઘણી જાતનાં દુઃખો ઓછાં થઇ જાય છે અને પ્રભુના રસ્તામાં આગળ વધી શકાય છે. માટે મરણના દુઃખથી દીલગીર થશો માં, ને એવે વખતે બને એટલી ધીરજ રાખજો. એજ અમારી ભલામણ છે.

દુઃખથી દીલગીર ન થવા વિષે.

ભુંજગી છંદ.

પ્રભુને ગમે તે સમે સહુ સહેવું, સદા રાજી રાજી રૂદેમાં રહેવું;
કદી હેબકી હામ હૈયે ન હારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૧

સજ્યો ઈશ્વરે વિશ્વનો ખેલ એવો, જુઓ માંડવો મેહનો હોય જેવો;
થનારો ઘડીમાં ઘડીમાં જનારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૨

મળે એક કાળે વિવાની વધાઇ, મળે એક કાળે મહા ભોગ ભાઇ;
ન ચાલે સદા કાળ સારો નઠારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૩

જતી હોય જો આબરૂ એક કાળે, થતી હોય કાયા કદી ભંગ ભાલે;
પ્રભુની પૂરી એવી ઈચ્છા વિચારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૪
જુઓ જાનકી રામ રાજાની રાણી, ખલે તેડીને રાવણે રોતી આણી;
ધરી ધૈર્યને જોગ જેવો ગુજાર્યો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૫
સતી દ્રૌપદીને સભા મધ્ય આણ્યાં, પતી દેખતાં પાપીએ વસ્ત્ર તાણ્યાં;
તથાપિ ન તે તો તજ્યાં પ્રાણ પ્યારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૬
પીડા ભૂપ પામ્યો હરિશ્ચંદ્ર પૂરી, જીવ્યો કષ્ટ કાળે કરીને મજૂરી;
બડા હાથી હોદ્દે હતો બેસનારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૭
કદી મિત્ર કેરૂં મહા કષ્ટ જોઇ, ઘણા ગાભરા થૈ રહેવું ન રોઈ;
ઉપાયો કરી આપદાથી ઉગારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૮
કૂવામાં પડેલો કદી એક કોઇ, રહ્યો મિત્ર તેનો કૂટે માથું રોઈ;
કૂટયાથી કહો તે બચે શું બિચારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૯
કશી જુકિત ચાલે નહિ જયાં કદાપિ, દિલે ધારી જોવું ન રોવું તદાપિ;
ભજે દેવ શાંતી સજે એજ સારો, ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૧૦

૮૭–સિપાઇ ન હોય છતાં પણ જે સિપાઇનો ખોટો વેષ પહેરીને ફરે તેને સખ્ત સજા થાય છે, તેમજ જે માણસ ભગત ન હોય છતાં પણ ભકિતનો વેષ રાખીને ભકિતના ઢોંગ કરે તેને પણ સખ્ત સજા થાય છે.

ભક્તિની મહત્તા જેમ અતિશય છે અને ભક્તિનાં રહસ્યો જેમ બહુજ મોટાં છે, તેમજ બીજી તરફથી ભક્તિની બાબતમાં પોલાણ પણ બહુજ ચલાવી શકાય છે. કારણ કે જેમ એક તરફથી આત્મનિવેધન ભક્તિ તથા પરાભક્તિ બહુજ કઠણ છે, તેમજ બીજી તરફથી ભક્તિનો બહારનો વેષ પહેરી લેવો એ વાત બહુજ સહેલી છે. જેમકે દોઢીયાં બે દોઢીયાંની માળા પહેરી લેવામાં કાંઇ મુશ્કેલી પડતી નથી, તિલક છાપા કરવામાં કાંઇ મુશ્કેલી

પડતી નથી, અને ચોક્કસ પ્રકારના ભક્તિના દેખાવો કરવામાં તથા ચોક્કસ પ્રકારના ભગતોને શોભે તેવાં કપડાં પહેરવામાં કાંઇ મુશ્કેલી પડતી નથી. એ બધી વાતો બહુજ સહેલાઈથી બની શકે છે. અને મૂર્ખમાં મૂર્ખ માણસ પણ ભક્તિનાં બહારનાં ચિન્હ બહુજ જલદીથી ધારણ કરી શકે છે. કારણ કે તેઓ એમ જોય છે કે, ભક્તિનાં બહાનાં ધારણ કરવાથી પણ ઘણી જાતના લાભો મેળવી શકાય છે, અને એ બહાનાને લીધે ઘણા લોકોને પોતાના વિશ્વાસમાં લઇ શકાય છે, તથા ઘણા લોકોને ઠગી શકાય છે. આમ હોવાથી વળી તે બધું બહુજ સહેલાઇથી બની શકે તેમ હોવાથી ઘણા લોકો ભક્તિનાં બહારનાં ચિન્હો ધારણ કરી લેય છે. કારણ કે એમ કરવામાં કોઇની તરફથી કાંઇ પણ અંકુશ નથી, પણ એમ કરવું એ કામ ઉલટું સારૂં ગણાય છે. તેથી ઘણાએ અજ્ઞાન લોકો અંતરમાં જરા પણ ભક્તિ ન હોય છતાં પણ બહારથી ભક્તિનો વેષ રાખીને ફરી શકે છે. કારણ કે એવો વેષ પહેરીને ભગત ગણાવાની તજવીજ કરતા ઢોંગીઓને તેમ કરતાં અટકાવવા માટે કાંઇ પણ સાધન નથી. જેમકે બૅરિસ્ટર થયા વિના કોઇ માણસ બૅરિસ્ટરનો ઝભો પહેરીને ફરે તો તેને શીક્ષા થાય છે. કોઇ માણસ ગ્રેજ્યુએટ થયા વિના ગ્રેજ્યુએટની બનાવટી ડીગ્રી અગર ખોટી સનંદ લઇને ફરે તો તેને શીક્ષા થાય છે. અને કોઇ માણસ સરકારી અમલદાર ન હોય છતાં પણ સરકારી અમલદારનો વેષ પહેરીને ફરે તો તેને સખત શીક્ષા થાય છે. આવી રીતે ઘણી બાબતોમાં ખોટો વેષ પહેરનારને તથા તેવી જાતના ઢોંગ કરી લોકોને છેતરનારને શીક્ષા થાય છે, પણ ભક્તિની અંદર જે ઢોંગ કરે અને ભક્તિનો બહારનો વેષ ધારણ કરે તેને જરા પણ કોઇ પણ જાતની શીક્ષા થતી નથી, પણ ઉલટાં તેનાં વખાણ થાય છે, અને તેને એ ઢોંગને લીધેજ કેટલીક જાતની સગવડો મળે છે. તેથી ભકિતમાર્ગની અંદર ઢોંગી ભગતોનું જોર બહુ વધારે હોય છે. પણ એવો ખોટો ઢોંગ કરનારા અને ભકિતનો વેષ રાખી પોતાનો સ્વાર્થ સાધનારા ઢોંગી ભગતોએ જાણવું જોઇએ કે, અદલ ઇન્સાફી ઇશ્વરના રાજ્યમાં કાંઇ પોલાણ નથી. એનો ન્યાય બહુ સખ્ત છે, અને એની સજામાંથી કદી પણ કોઇ પણ રીતે છટકી શકાય તેમ નથી.

કારણ કે એના નિયમો કદિ પણ બદલાય નહીં તેવા છે. એની સત્તા સર્વત્ર છે. એ સર્વવ્યાપક છે અને એના કાયદાઓ પરિપૂર્ણ છે. એને ત્યાં કોઇનો લાગવગ ચાલતો નથી, એને ત્યાં અંધારૂં ચાલતું નથી, એને ત્યાં ઉંચનીચપણું જોવાતું નથી, અને એના કાયદા ફરતા નથી. તે તો સદૈવ અબાધિતજ છે. એટલે એના ન્યાયમાંથી કાંઇ છટકી શકાય તેમ નથી. માટે ઢોંગી ભગતો પોતાના ઢોંગમાં આ દુનિયામાં કદિ થોડો વખત ફાવી જાય તેથી તેઓએ ફૂલાઇ જવું નહીં. કારણ કે સિપાઇનો ખોટો વેષ પહેરનારને પણ પોલીસ સખ્ત શીક્ષા કરે છે ત્યારે ભક્તિનો ખોટો વેષ પહેરી દુનિયાને ઠગનારને તથા પોતાના અંતરાત્માને ઠગનારને પ્રભુ કેમ છોડી દેશે ? યાદ રાખજો કે ઢોંગી ભગતો પ્રભુની શીક્ષામાંથી કદિ પણ બચી શકે તેમ નથી. માટે ભક્તિનો ઢોંગ કરતાં પહેલાં અને ભક્તિના ખોટા વેષો પહેરી લોકોને ઠગતા પહેલાં આ બધી બાબતોનો વિચાર કરજો, એમ અમારી ભલામણ છે. કારણ કે આવો વિચાર નહીં કરનારા આપણા દેશમાં કરોડો માણસો છે, એથી તેઓની પોતાની ખરાબી થાય છે અને દુનિયાની પણ ખરાબી થાય છે. માટે એવી પોલમાં ને એવી ભૂલમાં ન પડયું રહેવાય એ સંભાળજો. કારણ કે અનંત બ્રહ્માંડના નાથનો ઇન્સાફ બહુ આકરો છે, અને એ સજામાંથી છટકી શકાય તેમ નથી. એ જરૂર યાદ રાખજો.

૮૮–ઈશ્વર વિષે.

કોઇ માણસ દાન દેવા મ્હાય પણ લેનાર લેય નહીં તો તેમાં દેનારનો વાંક નથી, તેમ ઇશ્વર તો એવીજ રીતે સૌને મુક્તિ દેવા ચાહે છે, પણ જીવો લેવા ચાહતા નથી એમાં ઈશ્વરનો વાંક ગણવો નહીં.

તમે જેટલું ભગવાનને અર્થે કરશો તેથી ભગવાન પોતે તમને વધારે કરી દેખાડે તેવા છે, એટલું યાદ રાખજો.

ઇશ્વરને કાંઇ આપણી ગરજ નથી, પણ આપણુને સૌને ઇશ્વરની ગરજ છે, એમ જાણજો.

આપણે જેટલું પ્રભુ પાસેથી માગીએ છીએ તે કરતાં પ્રભુ સદાય આપણને વધારે આપે છે.

ઇશ્વર કહે છે કે જે મારૂં કહ્યું કરશે તેનું કહ્યું હું કરીશ. એટલે કે જે એના હુકમો પાળશે તેને મનવાંચ્છીત ફળ મળશે.

પરમાત્માને પોતાનું ધાર્યું કરવા માટે કાંઇ સાધનની ખોટ નથી.

આપણા અદલ ઇન્સાફી પ્રભુને કોઇ વ્હાલો કે વેરી નથી.

ઘરની બધી વસ્તુઓ કરતાં દાગીનાની તીજોરી ઉપર જેમ આપણું વધારે હેત રહે છે, તેમ ઇશ્વરનું જગતના સૌ જીવો માથે સરખું હેત છે; તો પણ હરિજન વૈષ્ણવ અને સંતો તો તેને તીજોરી જેવા વ્હાલા છે.

પ્રભુ તો દીન જનોના બેલી છે, જોરાવરના નથી.

જે ઇશ્વરના હુકમો પાળશે નહીં તેને કોઇ દિવસ ઇશ્વરનાં દર્શન થવાનાં નથી.

જીવને ઇશ્વર પાસેથી ભાગીને કયાં જશે ?

આપણને જે કાંઇ જોઇએ છે તે બધું પ્રભુમાં છે.

ગમે ત્યાં જાઓ પણ પ્રભુ વિના કયાંઇ સુખ નથી.

ભગતોનું ધન, બળ, જીવન અને સર્વસ્વ ભગવાન છે.

ભગતોને ભગવાન ઘણાજ સારા, ઘણાજ મોટા ને ઘણાજ વ્હાલા લાગે છે.

માનું ચિત્ત જેમ છોકરાંમાં રહે છે. તેમ ભગવાનનું ચિત્ત ભગતોમાં રહે છે.

નાના બાળકનું સઘળું કામ મા કરે છે, તેમ હરિજનનો સઘળો વહેવાર પ્રભુ ચલાવશે.

સમુદ્રમાં જેટલું પાણી છે તે કરતાં પણ આપણા પ્રભુના અંતરમાં વધારે દયા છે.

આંધળાની લાકડી, રંકનું રતન, માંદાંની દવા, નિર્બળનું બળ ને ડૂબતાનું વ્હાણુ, તે ઇશ્વર છે.

સરકારી કચેરીમાં અરજ કરવા માટે દિવસો ને વખતો નક્કી કરેલા હોય છે, પણ પ્રભુની કચેરી સદાય સૌને માટે ખુલ્લી છે.

જેને સારામાં સારો શેઠ જોતો હોય તેણે પ્રભુની ભકિત કરવી.

ઇશ્વર એટલા માટે અવતાર લેય છે કે માણસો તેને જાણે ને ઓળખી શકે.

જે તુંને ભૂલતો નથી તેને તું કાં ભૂલી જાય ?

જેને મોક્ષ ધામે જવું હોય તેણે આસ્તાને મારગે ચાલવું.

પ્રભુ ઠોકર ખવરાવે છે, પણ પાડી નાંખતા નથી.

સૂરજનાં અજવાળાં માટે પ્રભુને જો આપણને કાંઇ કર આપવો પડત તો આપણે શું આપી શકત ? તેનો વિચાર કર્યો છે?

ઇશ્વર ચ્હાય તે કરે.

ઇશ્વરને કાંઇ ઇલાજ શોધવાની જરૂર નથી.

મોટો તો એક પ્રભુ છે.

બુદ્ધિના દાતા પ્રભુ છે, માટે સૌ સારાં કામોનું માન ઇશ્વરને ઘટે છે.

ઇશ્વરથી ન બને એવું કાંઈ પણ કોઇએ સાંભળ્યું નથી.

ઘણુની દરેક ગાયને જેમ ગોવાળ ઓળખે છે, તેમ પ્રભુ પોતાના દરેક જણને જાણે છે.

આપણે માગીએ છીએ તે કરતાં પ્રભુ આપણને ઘણું વધારે આપે છે. એટલે કે, આપણે ઘડીક વારનાં લૌકિક સુખો માગીએ છીએ, તેને બદલે તે કાયમનાં અલૌકિક સુખો આપે છે.

ઇશ્વરને આપણે જોતા નથી, પણ ઇશ્વર આપણને જોય છે.

જેણે દાંત આપ્યા છે તે ચાવણું આપશે માટે બેફિકર રહો.

જો તું પ્રભુની જીકરમાં રહીશ તો પ્રભુ તારી ફિકરમાં રહેશે.

પદ.

કયા બોલે ? અબ કયા બોલે ?
મન મગન ભયા અબ કયા બોલે ?

તેરા સાહેબ હે તુજ ભીતર,
બાહેર નેના કયા ખોલે ?—મન.

સુક્ષ્મણા નાડી અમીરસ લાવે,
પ્યાલા ભરભર અણુતોલે—મન,

હંસે પાયા માન સરોવર,
દુજી જગ્યાપર બગ ડોલે—મન.

કહત કબીરા સુણો ભાઇ સાધુ,
સતગુરૂ પાયા અણમોલે—મન.

સ્વર્ગનો આનંદ ભાગ ૧ લો

સમાપ્ત.

સ્વર્ગનો આનંદ.

૧–નીયમ રાખવાથી થતા ફાયદા વિષે.

સંતો એમ કહે છે કે, નિયમો એ અજબ જેવી વસ્તુ છે. નીયમોમાં પ્રભુનો હાથ હોય છે, નીયમોમાં કુદરતની મદદ હોય છે, અને નીયમોમાં પ્રકૃતિને બદલવાનું બળ રહેલું છે. તેથી ધર્મના સારા સારા નીયમો રાખવાથી વખત જતાં બહુજ ફાયદો થાય છે. કારણ કે સામાન્ય લોકો એવા સ્વભાવના હોય છે કે, તેઓ પોતાના કલ્યાણ માટે પણ પોતાના બળથી કે પોતાની સમજણથી ઘણી જાતનાં કામો કરી શકતા નથી, પણ ચોક્કસ પ્રકારના કેટલાક નીયમો લીધાથી એ નીયમોના જોરને લીધે તેઓ કેટલાંક કામો કરી શકે છે. તેથી એવા માણસોને ધર્મના કેટલીક જાતના નીયમો રખાવવાની ખાસ જરૂર છે. માટે સામાન્ય લોકો એવા નીયમો લે અને નીયમો ઉપર તેમની શ્રદ્ધા બેસે તે સારૂ નીયમો રાખવાથી થતા ફાયદાઓની જુદી જુદી વાતો જુદા જુદા મહાત્માઓ કહ્યા કરે છે. તેમાંની એક વાત એક ભક્તરાજ મહારાજે પોતાના હરીજનોની આગળ કહી હતી કે,

એક વાણીઓ હતો. તે બહુ ગરીબ સ્થિતિનો હતો, પણ તેમ છતાં સારા સ્વભાવનો ને શ્રદ્ધાવાન્ હતો, પણ તેનામાં બીજી કાંઇ ઝાઝી આવડત કે ઉંડી સણુજણ નહોતી. એ માણુસ ધન

મેળવવા માટે બહુ ફાંફાં મારતો હતો, અને ઘણાએ સાધુ સંતની પાછળ પાછળ ફરતો હતો. એ પછી એક વખત તેની શ્રદ્ધા બેસે તેવા કોઈ સાધુ આવી પ્હોંચ્યા. તેની પાસે એ ગરીબ વાણીઆએ પોતાની સ્થિતિ જણાવી અને કહ્યું કે, મહારાજ! મને ધન મળે એવો કાંઈક રસ્તો બતાવવાની કૃપા કરો.

ત્યારે તે મહારાજે કહ્યું કે, બેટા, તારા પાડોશમાં જે કુંભાર રહે છે તે કુંભારનું તારે હમેશાં મોઢું જોવું. એ કુંભારનું મોઢું જોયા વિના કદી પણ તારે જમવું નહિ, એવો નીયમ રાખ, એટલે તને ફાયદો થઇ જશે. એ પછી તે વાણીઆએ કુંભારનું મોઢું જોવાનો નીયમ રાખ્યો. પણ તેમાં કોઇ કોઇ દિવસ એમ બનતું કે, પેલો કુંભાર બહુ વહેલો ઉઠીને માટી ખોદવા માટે જંગલમાં ચાલ્યો જતો હતો, તેથી જો તેનું મોઢું ન જોવાણું હોય તો તે શેઠ જંગલમાં તે કુંભારની પાછળ પાછળ જતો હતો. એમ કરતે કરતે કેટલીક મુદત વીત્યા બાદ એક દીવસ તે વાણીઆને ઘેરે મેહમાન આવ્યા. તેની સાથે જમવા બેસવાની જરૂર હતી, અને તે દીવસે કુંભાર રાતમાં બહુજ વહેલો ઉઠીને ચાલ્યો ગયો હતો તેથી એ વાણીઆથી કુંભારનું મોઢું જોવાયું નહોતું, માટે જમવાની ઉતાવળને લીધે કુંભારનું મોઢું જોવા સારૂ તે વાણીઓ તે કુંભારની પાછળ જંગલમાં ગયો. દૈવયોગે એવું બન્યું કે, તે દિવસે જે ઠેકાણે કુંભાર માટી ખોદતો હતો તે ઠેકાણે માટી ખોદતે ખોદતે જમીનમાં દાટેલા દ્રવ્યનો ચરૂ મળી આવ્યો. તેમાંથી કુંભાર ધન કાઢતો હતો તે વખતે એ વાણીયાએ તેને જોયો, એટલે તે કુંભારને એમ લાગ્યું કે, જો આ વાણીઓ પોલીસમાં આ વાત જાહેર કરશે તો બધું ધન પોલીસ લઈ લેશે, ને મને કાંઇ મળશે નહિ. એ કરતાં આ ધનમાંથી વાણીઆને અરધો ભાગ આપું તો પણ મારી પાસે ઘણું ધન રહેશે. એમ ધારીને એ કુંભારે તે વાણીઆને કહ્યું કે, શેઠ, તમારો આ ધનમાં અરધો ભાગ છે, માટે તમે આમાંથી અરધું ધન લઇ લો, ને આ વાત કોઇને કહેશો માં. એ પ્રમાણે વાણીઆને કુંભારનું મોઢું જોવાનો નીયમ રાખવામાંથી પણ ઘણો લાભ થઇ ગયો ને ઘણું ધન મળી ગયું.

આ દાખલો આપીને હરીકથા કરવાવાળાઓ તથા ભગતો એમ સમજાવતા હતા કે, ગધેડાં હાંકનાર જંગલી કુંભારનું મોઢું જોવાનો નીયમ રાખવામાંથી પણ કોઈ વખત જ્યારે આવા ફાયદા થઈ જાય છે ત્યારે જો મહાત્માઓનાં મોઢાં જોવાનો નીયમ રાખ્યો હોય, દેવનાં દર્શન કરવાનો નીયમ રાખ્યો હોય, માળા ફેરવવાનો નીયમ રાખ્યો હોય, સત્સંગમાં જવાનો નીયમ રાખ્યો હોય, હમેશાં દાન આપવાનો નીયમ રાખ્યો હોય, સમજણપૂર્વક વ્રત કરવાનો નીયમ રાખ્યો હોય, પરમાર્થનાં કામો કરવાનો નીયમ રાખ્યો હોય, સંતોની સેવા કરવાનો નીયમ રાખ્યો હોય, અને શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો નીયમ રાખ્યો હોય, તો એથી આગળ જતાં કેટલા બધા ફાયદા થઇ જાય? તે વીચારવું કાંઇ મુશ્કેલ નથી. માટે જેનાથી બની શકે તેણે કાંઈક પણ નાના કે મોટા જેવા પાળી શકાય તેવા ધર્મને અનુસરતા નીયમો લેવા જોઇએ, અને એ નીયમો પોતાની સ્થિતિને બંધ બેસતા થાય તેવા હોવા જોઇએ, તથા દેશકાળ સામે જોઇને જે નીયમો લેવાની જરૂર હોય તેવા નીયમો લેવા જોઇએ, અને જે નીયમો લેવાથી આપણું પોતાનું ભલું થાય, તથા બીજા ઘણા જણનું ભલું થાય તેવા નીયમો લેવા જોઇએ. જો એવા નીયમો લીધા હોય અને તે નીયમો વિધિપૂર્વક ને શ્રદ્ધા તથા દ્રઢતાપૂર્વક પળાતા હોય તો આગળ જતાં તેનાથી જરૂર જરૂર ને જરૂર ફાયદો થાય છે. કોઇકને કોઇક પ્રકારનો ફાયદો અવશ્યમેવ થાય છે. કેટલીક વખત એમ પણ બને છે કે, કેટલીક જાતના નીયમોના ફાયદા પ્રત્યક્ષ રીતે જેવા જોઇએ તેવા દેખાતા નથી, છતાં પણ જો વિચાર કરીએ તો તેના અદ્રશ્ય ફાયદાઓ ઘણાજ વધારે હોય છે. અને એ અદ્રશ્ય ફાયદાઓ જ્ઞાનદ્રષ્ટિવાળાઓ જોઇ શકે છે. માટે કદી શરૂઆતમાં આપણને નીયમોના ફાયદાઓ સીધી રીતે પૂરેપૂરા ન દેખાય તો પણ નીયમો પાળવા જોઇએ. કારણ કે યોગ્ય નીયમોથી જરૂર ફાયદા થાય છે. માટે ઓ હરિજનો! તમારાથી બની શકે તેવા સારા નીયમો લેવાની ને તે પાળવાની તજવીજ રાખજો, એજ અમારી વિનંતિ છે.

૨–ભગતોમાં ઘણાએ સદ્ગુણો હોય છે, પણ તેની સાથે કોઇ કોઇ દુર્ગુણ પણ હોય છે પણ તેથી કાંઇ તેનું ભગતપણું મટી જતું નથી.

ભગતોનો મહીમા બહુ મોટો છે. કારણ કે ભગતોમાં અતીશય યોગ્યતા હોય છે. ભગતોની ભલાઇ માટે આપણે વારે વારે ઘણી વાતો સાંભળ્યા કરીએ છીએ. ભગતોની ઉદારતા વિષે આપણે વારેવારે સાંભળીએ છીએ. ભગતોની દ્રઢતા માટે આપણને માન હોય છે, ભગતોનાં ચારિત્ર ઉપર આપણને વિશ્વાસ હોય છે અને ભગતોના ચમત્કારોની સેંકડો વાતો જગત્માં ચાલ્યા કરે છે. એટલે આ બધાંને લીધે ભગતોને માટે લોકોને બહુજ ઉંચો ખ્યાલ બેસી ગએલો હોય છે. પણ કેટલીક વખત એમ બને છે કે, કેટલાક ભગતોમાં ઘણી જાતના બહુ સદ્ગુણો હોય છે પણ એ સદ્ગુણોની સાથે બીજી કાંઇક નાની નાની ભૂલો કે ખામીઓ પણ હોય છે, તેથી એવી ભૂલો કે ખામીઓ જોઇને ઘણાં માણસો પોતાના મનમાં મુંઝાયા કરે છે, અને એમ માની લેય છે કે આ ભગત બરાબર નથી જેમ કે,

કોઇ માણસ બહુ સારો ભગત હોય, ધર્મના ઘણા નીયમો પાળતો હોય, દુઃખીઓની સેવા કરતો હોય, ધર્મના ઘણા સિદ્ધાંતો ઉપર બહુ વિશ્વાસ હોય, અને પ્રભુને અર્થે શરીરનાં તથા મનનાં દુઃખો સહન કરતો હોય, તેવા ભગતો પણ કોઇ કોઇ ભીખ માગે છે. કોઇ કોઇ ગાંજો પીએ છે. કોઇ કોઇ ગાયો વીગેરેની ઉપાધી રાખે છે, અને કોઇ કોઇની વાતોમાં વ્હેમનો ભાગ વધારે હોય છે. આવું આવું કાંઇક કાંઇક જોઇને કેટલાક માણસો એમ ધારી લેય છે કે, આ માણસ બરોબર ભગત નથી. પણ યાદ રાખજો કે, એમ ધારવું એ ભૂલ છે. કારણ કે ઘણા ગુણોની સાથે એકાદી કોઇ બાબત ઢીલી પોચી હોય તેથી કાંઇ ભક્તિ ઉડી જતી નથી. એ વાત સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

કોઇ મોટા શેઠીયાના ખીસામાં નોટોનાં બંડલો હોય, ગીની હોય, રૂપીઆ હોય, અને સાથે થોડાં દોઢીયાં ને પાઇઓ પણ પડી હોય, તેથી તેના ખીસામાં દોઢીયાં ને પાઇઓ જોઇને કાંઇ તેને ગરીબ કહેવાય નહિં. કારણ કે દોઢીયાં ને પાઇ તેની પાસે હોવા છતાં પણ નોટો ગીનીઓ રૂપીઆ વગેરે પણ તેની પાસે છે, એટલે તે કાંઇ ગરીબ કહેવાય નહિં તેમજ યાદ રાખજો કે, જે ભગતોની પાસે પ્રભુપ્રેમનો ઉંચામાં ઉંચો માલ છે, જે ભગતોની પાસે શુદ્ધ ચારિત્રરૂપી સોનાની ખાણો છે, જે ભગતોની પાસે ધર્મનું ધન છે, જે ભગતોની પાસે તપશ્ચર્યાનું બળ છે, જે ભગતોની પાસે ઇશ્વરીજ્ઞાનનો પ્રકાશ છે, જે ભગતો શ્રદ્ધાના અદ્રશ્ય તાર ઉપર દોડયા જાય છે, જે ભગતો પરમાર્થને ખાતર પોતાના સુખોનો ભોગ આપે છે, અને જે ભગતો આત્મિક ઉંડાણમાં રમ્યા કરે છે, તે ભગતોની અંદર ખાવામાં, પીવામાં, સુવામાં, બેસવામાં, ઉઠવામાં કે બીજી કોઇ રહેણી કરણીમાં કોઇ વખત આપણી દૃષ્ટિએ કાંઇ નાની નાની ભૂલો દેખાતી હોય તો એટલાજ કારણસર કાંઇ તેઓની ભક્તિ ઉડી જતી નથી, કે એટલાજ કારણસર કાંઇ તેઓ ભગત મટી જતા નથી. બેશક, એટલું ખરૂં છે કે, કોઇ પણ જાતની ભૂલ વિનાના ભગત થવું એ બહુજ ઉંચી વાત છે, પણ એવા ભગતો તો કરોડોમાં કોઇકજ હોય છે. બાકી તો જેને જેવા સંસ્કારો હોય, જેને જેવું જ્ઞાન હોય, જે ભગત જે દેશમાં કે જે ધર્મમાં ઉછરેલા હોય, અને જેવી જેની પ્રકૃતિ હોય, તે પ્રમાણે તેના બહારના આચારવિચાર હોય છે. એ સિવાય બીજી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, ખરેખરી રીતે જે બાબતો ભૂલરૂપી ન હોય તેને પણ કોઇ કોઇ વખત આપણા જુદા સંજોગોને લીધે આપણે ભુલ તરીકે માની લઇએ છીએ, અને દોષનો આરોપ કર્યા કરીએ છીએ. પણ ખરી રીતે જોતાં તેઓમાં ખરેખરો દોષ હોતો નથી. માટે ભગતોની પરીક્ષા કરવા જાઓ ત્યારે તેઓને ગેરઇનસાફ-ન થાય માટે આ બધી બાબતો ધ્યાનમાં રાખવાની મહેરબાની કરજો, એમ અમારી ભલામણ છે.

૩–ઇન્જીન ઘણા ડબાઓને ખેંચી જાય છે, તેમ સદ્‌ગુરૂઓ ઘણા હરિજનોને પ્રભુના રસ્તામાં લઇ જાય છે.

જ્યારે ઘણા ગાડાંવાળાઓ રાતને વખતે ઠંડા પોરે ગાડાં જોડે છે ત્યારે જ્યાં સારો રસ્તો હોય, સીધી સડક હોય, અને રસ્તાના ભોમીયા થઇ ગએલા સારા બળદો હોય ત્યારે એમ બને છે કે, એક આગલો ગાડાવાળો જાગે છે ને બાકીના ઘણા ગાડાંવાળાઓ પોતાના ગાડાંમાં ઉંઘી જાય છે. પણ આગલો ગાડાંવાળો હોશીયાર હોય અને તે જાગતો બેઠેલો હોય અને બીજાઓને માટે રસ્તો સાફ કરી આપતો હોય તેથી ઉંઘતા ગાડાંવાળાઓનાં ગાડાં પણ સવાર પડે ત્યાં ઠેકાણાસર પહોંચી જાય છે. આ દાખલો આપીને એક ભગત મહારાજ એમ સમજાવતા હતા કે, જો આપણે જાગતા ગુરૂને શરણે જઇએ, જેણે રસ્તો જોયેલો હોય તેનો આશરો પકડીએ, જે આગેવાન થઇ શકે અને બીજા સૌથી પોતાનું ગાડું પહેલું રાખી શકે તેવા મહાત્માની પાછળ પાછળ ચાલીએ અને વાઘ, વરૂ, ખાડા ખબડા, તથા ચોર વગેરેથી બચાવી શકે તેવા ગુરૂની સાથે સાથે ચાલીએ તો આપણે ઉંઘ્યા કરીએ છતાં પણ આપણાં ગાડાંઓ વખતસર ઠેકાણે જઇ પહોંચે છે. મતલબ કે જેઓ જાગતા ગુરૂનું શરણ લે છે તેઓ પોતે કદી ઢીલા પોચા હોય, માંદા સાજા હોય, ઓછી મહેનત કરી શકે તેવા હોય, જ્ઞાનમાં ગરીબ હોય, ભક્તિમાં ઠંડા હોય, અને આપવા મુકવામાં બાંધી મુઠીના હોય, છતાં પણ એવા મહાત્માની સાથે તેઓનું કામ થઇ જાય છે, અને પોતે અરધા ઉંઘણસી છતાં પણ ધારેલે મુકામે વખતસર પહોંચી જાય છે.

ગાડાંઓનો દાખલો ગામડાંઓનો છે, એટલે તે તમને ન સમજાતો હોય તો એ માટે ઇન્જીનનો દાખલો પણ જાણવા જેવો છે. આપણે જોઇએ છીએ કે, રેલ્વે ટ્રેનમાં જે આગલું ઇન્જીન હોય છે તે જાગતું હોય છે, તે ગરમ હોય છે, તે બળવાન્ હોય છે, તે ગતિમાન્ હોય છે, અને તે બીજા ઘણા ડબાઓને ખેંચીને લઇ જાય તેવું હોય છે. તેથી એક ઇન્જીનના જોરને લીધે તેની પાછળ

બીજા સેંકડો ખાલી કે માલ ભરેલા ડબાઓ ઘસડાઇ જાય છે. તેમજ જાગતા, જોરાવર, ભકિતમાન્ ને જ્ઞાનવાન્ સદ્‌ગુરૂ પણ પોતાની સાથે સેંકડો ભગતોને ખેંચીને પ્રભુના રસ્તામાં લઇ જાય છે, એ વખતે આપણે જોઇએ છીએ કે, ઇન્જીનમાં જેવી કળો હોય છે, ઇન્જીનમાં જેવી ગોઠવણો હોય છે, ઈન્જીનમાં જેવું અગ્નિનું બળ હોય છે, અને ઇન્જીનમાં જેવી બીજી અનેક કરામતો હોય છે, તથા ઇન્જીનને ચલાવનારા જેવા હોશીઆર ઇન્જીનીઅર ઇન્જીનની પાસે હોય છે, તેમાંનું કાંઇ પણ ઇન્જીનની પાછળ લાગેલા ડબાઓમાં હોતું નથી. છતાં પણ ઈન્જીનના જોરને લીધે તેની પાછળ લાગેલા ડબાઓ ઇન્જીનની સાથેજ ટાઇમસર ધારેલા મુકામે પહોંચી જાય છે. તેમજ જે ગુરૂ અંદરથી માલવાળા હોય છે, જે ગુરૂ આત્મિક બળવાળા હોય છે, અને જે ગુરૂ પોતાના પુરૂષાર્થના બળથી પોતાના બીજા હરીજનોને પોતાની પાછળ ખેંચી શકે તેવા હોય છે, તે ગુરૂઓના સંગથી ઢીલા પોચા ભગતોનું પણ કામ થઇ જાય છે, અને તેઓની પોતાની અંદર કાંઇ ખાસ ખૂબી ન હોય છતાં પણ એવા સદ્‌ગુરૂના જોરે તેઓએ શોધી કાઢેલા રસ્તા ઉપર બહુ સલામતી સાથે બહુ દૂર સુધી પહોંચી શકાય છે. માટે બંધુઓ અને બ્હેનો! મારી તમને એજ ભલામણ છે કે, જે જાગતા ગુરૂઓ છે, જે બળવાન્ મહાત્માઓ છે, અને જેની સાથે રહેવાથી ઉંઘતે ઉંઘતે પણ ગાડાંઓ પહોંચી જાય તેમ છે, તેવા સદ્‌ગુરૂઓના શરણમાં રહેજો, એટલે બહુ થોડી મહેનતે તમારૂં ઘણું કામ થઈ જશે, એમાં કાંઇ પણ શક નથી. માટે ગમે તેવા લેભાગુ ગુરૂને ત્યાં પડયા રહેશો માં, પણ જે જાગતા ગુરૂઓ હોય, અને જે તમારા કરતાં પોતાનું ગાડું આગળ રાખી શકે તેવા હોય, તેના શરણમાં જજો, અને તેની સાથે સાથે ચાલજો, એટલે તેની સાથે તેના બળથી તમારૂં પણ કામ થઇ જશે. અને તમે કદી ઢીલા પોચા હશો અગર રસ્તાના ભોમીઆ નહિ હો તો પણ તેઓને લીધે તમને ઘણો ફાયદો થઇ જશે. માટે બળવાન્ જાગતા ગુરૂઓને શોધજો, એજ મારી તમને ભલામણ છે.

૪–જેમ પતંગ દોરીને આધીન છે, તેમ ભગવાન્ કહે છે કે હું ભક્તને આધીન છું.

પોતાના ભગતોને ભગવાન્ કેટલી બધી મોટાઇ આપે છે એ તમે જાણો છો? પૂરાણોમાં ઘણે ઠેકાણે એમ કહેલું છે કે, ભગવાન્ ભક્તને હાથ છે. મતલબ કે અમુક વખતે કેટલાંક કામો કરવાની ભગવાન્‌ની મરજી ન હોય છતાં પણ ભગતો ઉપરના પ્રેમને ખાતર તે વખતે તે કામો તેને કરવાં પડે છે. એટલુંજ નહીં પણ ભગતો ઉપરના પ્રેમને ખાતર કોઇ કોઇ વખત ભગવાન એવા ચમત્કારો કરી નાંખે છે કે, એ જોઇને દુનીયાં અજબ થઇ જાય છે. આનું કારણ ભગવાનનું ભક્તવત્સલપણું એજ છે. કારણ કે, ભગતો પોતાના જોરથી ભગવાનની પાસે પોતાની મરજી પ્રમાણે કામો કરાવી શકે છે એમ કાંઇ નથી, પણ સાચા ભગતો તો એમજ સમજે છે કે, પ્રભુ અતીશય દયાળુ છે, તેથી પોતાની દયાને લીધે તથા પોતાના ભગતોનો મહીમા વધારવાને માટે તેઓ ભગતોને હાથે પતંગ જેવા બન્યા કરે છે. એટલે એમાં જે બલીહારી છે તે ભગતોની નથી, પણ ભગવાનની છે. બેશક, ભગતોની એટલી ખુબી સાચી કે, તેઓ પોતાના પ્રેમના જોરથી ભગવાનને ખેંચી શકે છે, ભગવાનના હૃદયને પીગળાવે છે, અને કેટલાંક ભલાં કામો ભગવાન પાસે કરાવી લેય છે; પણ તેમ છતાં તેઓ પોતાના શુદ્ધ અંતઃકરણથી ખાત્રીપૂર્વક એમજ સમજે છે કે, આમાં અમારી કાંઇ ખૂબી નથી, પણ અમારા નાથની કૃપાથીજ બધું થયા કરે છે, અને અમને તો તે માત્ર નિમિત્તરૂપજ બનાવે છે, અને તે પણ એટલાજ સારૂ કે, જગત્‌માં પ્રભુનો મહીમા ફેલાય, મોહવાળા જીવોમાં ભક્તિનો પ્રેમ ફેલાય, અને ભગતોનું બળ જાણવાથી તેઓને કોઇ દિવસ પણ ભગત થવાનું મન થાય, તે સારૂજ તે પોતાના ભગતોને મોટાઇ આપ્યા કરે છે, ભગતોને હાથે જ્યાં ત્યાં ખેંચાયા કરે છે, અને ભગતોનાં ઘણાં કામો અણધારી રીતે તથા ચમત્કારીક રીતે ઉકેલી દે છે.

ભગતોને હાથ ભગવાન છે, એમ જે પુરાણોમાં કહેલું છે તે તદ્દન સાચી વાત છે, અને એ બહુ સમજવા જેવી વાત છે. કારણ કે

ભગતોને હાથે ભગવાન છે એ વાત જુનામાં જુની છે, અને તે વાત દુનીયાના બધા ધર્મોમાં જુદે જુદે રૂપે કહેલી છે. છતાં પણ એ વાત અજબ જેવી છે, એમાં કાંઈજ શક નથી. એ ચમત્કારીક ને આનંદદાયક વાતમાંથી બીજી બે વાત સમજવા જેવી નીકળે છે, અને તે એ કે, એક તો એમાં ભગવાનની મોટાઇ દેખાય છે, ભગવાન્ કેવા દયાળુ છે? ભગતો ઉપર તેનો કેવો અદ્‌ભૂત પ્રેમ છે? અને જીવોને તારવા માટે તેની કેટલી બધી પ્રબળ ઇચ્છા છે? એ તેમાંથી દેખાઇ આવે છે, બીજું, તેમાંથી ભગતોની મોટાઇ પણ સમજાય છે, અને ભગતોની ઉપર કેવી મહાન્ જવાબદારી રહેલી છે? તેનો ખ્યાલ પણ એથી આવી શકે છે. ભગવાન ભગતને આધીન છે એ માટે ભગતોએ કાંઇ ફૂલાઇ જવાનું નથી, પણ પોતાની જવાબદારી કેટલી મોટી છે, તે એમાંથો સમજવાનું છે. ભગવાન્ જ્યારે ભગતોને એટલો મોટો દરજ્જો આપે ત્યારે ભગતોએ પોતાની કેવી રહેણી કરણી રાખવી જોઇએ? કેવી પવિત્રાઇથી વર્તવું જોઇએ? અને કેટલું બધું સાચવી સાચવીને ચાલવું જોઇએ, તે એમાંથી સમજાય છે અને એ બધું બની શકે તે સારૂજ ભક્તિમાર્ગના ગ્રંથોમાં એમ કહેલું છે કે, જેમ પતંગ દોરી મૂકનારને આધીન છે, તેમ ભગવાન્ ભક્તને આધીન છે. માટે આ વાતમાંથી જે સાર લેવાનો છે તે એજ છે કે, ભગતોનો મહીમા બહુ મોટો છે, અને ભગવાનની દયા એ કરતાં પણ ઘણી વધારે મોટી છે. માટે એવી ભગવાનની અખૂટ દયા મેળવવા સારૂ ભગતોનો મહીમા સમજવાની અને પછી ભગત બનવાની કોશીષ કરો. ભગત બનવાની કોશીષ કરો.

૫–ભગવાન્‌ના ભગતો હમેશાં શાન્તિવાળા હોય છે.

મહાત્માઓ એમ કહે છે કે, ભગવાનના ભગતો હમેશાં શાંતિવાળા હોય છે. એ માટે તેઓ એવું દૃષ્ટાંત આપે છે કે, પાણીનો સ્વભાવ હમેશાં શીતળ છે, માત્ર અગ્નિના સંયોગને

લીધે જ તે ગરમ થાય છે, પણ જો અગ્નિનો સંયોગ ન હોય તો કુદરતી રીતે કાંઇ તેમાં ગરમી હોતી નથી, કારણ કે તેનો સ્વભાવ સ્વાભાવિક રીતેજ ઠંડકના ગુણવાળો છે. તેમજ ભગતોનો સ્વભાવ પણ હમેશાં શાન્તિવાળો હોય છે, પણ આજુબાજુના સંજોગોને લીધે જ્યારે ક્રોધ વગેરેનો પ્રસંગ આવી પડે ત્યારેજ તેઓ ગરમ થાય છે, પણ એ ગરમી પણ તેઓમાં બહુ થોડોજ વખત રહે છે. જ્યારે એ સંજોગો બદલાઇ જાય ત્યારે એ ગરમી પણ નીકળી જાય છે. કારણ કે એ ગરમી કાંઇ સ્વભાવની નથી, પણ બહારથી સંજોગોને આધારે છે, એટલે સંજોગો બદલાઇ જતાં ગરમી નીકળી જાય છે. અને પાછી પોતાના સ્વભાવ પ્રમાણેની શાંતિ આવી જાય છે, જેમ અગ્નિનો સંયોગ મટી જાય ત્યારે ગરમ થયેલું પાણી પાછું ઠંડું પડી જાય છે, તેમજ ક્રોધના પ્રસંગો વીતી જાય એટલે તુરતજ ભગતો પાછા શાંત થઇ જાય છે. કારણ કે તેઓને શાંતિ વ્હાલી હોય છે, તેઓ શાંતિને ચહાનારા હોય છે, અને શાંતિ મેળવવા માટે ઘણા પ્રકારની મહેનત લેનારા હોય છે. એટલુંજ નહિં પણ ભક્તિના બળને લીધે પ્રભુના આશીર્વાદવાળી શાંતિ તેઓના સ્વભાવની અંદર આવી ગયેલી હોય છે, તેથી તેઓ ક્રોધના પ્રસંગો વીતતાં પાછા તુરતજ શાંત થઇ શકે છે. કારણ કે તેઓ એમ સમજે છે કે,

શાંતિ છે તે અમારી ભક્તિનાં હલેસાં છે. શાંતિ છે તે બીજાઓના પ્રપંચોથી ને બીજાઓની નીંદાથી બચવાનું બખ્તર છે. શાંતિ છે તે માયાની સામે લડવાનાં ભગતોનાં હથીયાર છે. શાંતિ છે તે ભગતોની આનંદદાયક દવા છે. શાંતિ છે તે ઇશ્વરના આશીર્વાદ છે. શાંતિ એ પ્રભુની વ્હાલી વસ્તુ છે. શાંતિ એ ભગવાનનો પોતાનો ગુણ છે. શાંતિ એ સ્વર્ગનું તત્ત્વ છે. શાંતિ મહાત્માઓમાં વસનારી છે. શાંતિ મેળવવા માટે દેવતાઓ પણ હમેશાં યત્ન કર્યા કરે છે, શાંતિમાં બધી જાતનાં સુખ રહેલાં છે અને શાંતિનો મોક્ષની સાથે સંબંધ છે. માટે દુનીયાના બધા ભગતો બધા દેશમાં ને બધા કાળમાં શાંતિને શોધ્યા કરે છે. એટલુંજ નહિ પણ તેઓ શાંતિને પોતાની જીંદગીનું તત્ત્વ બનાવે છે. કારણ કે શાંતિના ફાયદા તેઓએ અનુભવેલા

હોય છે. તેથી તેઓએ પોતાના સ્વભાવમાંજ શાંતિને પકડી લીધેલી હોય છે. પણ દુનીયામાં બીજા જે વ્યવહારીક લોકો છે, તેઓને કાંઇ શાંતિની એટલી બધી કિંમત હોતી નથી, શાંતિ વિષેની આટલી બધી સમજણ પણ હોતી નથી, અને શાંતિના સુખના ઉંડા જાતિ અનુભવ પણ હોતા નથી, તેથી તેઓ શાંતિ મેળવવા માટે પૂરતી મહેનત પણ કરતા નથી, અને શાંતિ રાખી પણ શકતા નથી. એવા લોકોના સ્વભાવમાં શાંતિ આવેલી હોતી નથી, તેથી તેઓ વાતવાતમાં છેડાઇ પડે છે, ને ગરમ થઇ જાય છે. એટલુંજ નહિ પણ જયાં એક સાદા વચનથી ચાલી શકે તેમ હોય ત્યાં પણ તેઓ દસ આકરાં વચનો બોલી દેય છે, અને વગર મફતના કજીઆ કરી નાંખે છે, પણ ભગતો એમ કરતા નથી. કારણ કે તેઓ શાંતિનો મહીમા સમજે છે, એટલે શાંતિ તેઓના હૃદયમાં આવીને વસેલી હોય છે. તેથી જયારે બહુ ક્રોધના પ્રસંગો આવી પડે ત્યારેજ થોડી વાર તેઓ ગરમ થાય છે, અને ગરમ થઇને પણ તુરતજ પાછા ઠંડા પડી જાય છે. પણ સામાન્ય લોકો એમ કરી શકતા નથી. તેઓ તો વાતવાતમાં ગરમ થઇ જાય છે, અને એ ગરમીને ઘણો વખત સુધી રાખી મુકે છે. આવો સંસારીઓની અને ભગતોની વચ્ચે ફેર છે. માટેજ સંસારીઓ કરતાં ભગતો શ્રેષ્ટ છે. માટે જો ભકિતના આનંદો ભોગવવા હોય અને પ્રભુને હૃદયમાં પધરાવવા હોય તો અંતરની શાંતિ રાખતાં શીખજો, અંતરની શાંતિ રાખતાં શીખજો. એજ અમારી ભલામણ છે.

૬–માયાથી બચવાનો ઉપાય.

ઘણાં માણસોને ભકિત કરવી બહુ ગમે છે, પણ તેઓની મુખ્ય મુશ્કેલીઓ એ હોય છે કે, માયા તેઓને બહુ નડયા કરે છે, તેથી ભકિત બરોબર બનતી નથી. એ માટે શરૂઆતના ભગતો માયા સામે લડાઇ કરવા બહુ ફાંફાં માર્યા કરે છે, અને બહુ દોડાદોડી કર્યા કરે છે; છતાં પણ માયાને તેઓ જીતી શકતા નથી, તેથી માયાની સામે તેઓની ફરીયાદ ચાલુ ને ચાલુ હોય છે એ દુઃખમાંથી હરિજનોને છોડાવવા માટે એક મહાત્મા કહેતા હતા કે,

ગામડાઓમાં ઘાસનાં જંગલો હોય છે. એ ઘાસનાં જંગલોમાં વારંવાર આગ લાગ્યા કરે છે, અને ઘાસની આગમાં પૂછવુંજ શું ? જરા બેદરકારી રહે તો થોડી મીનીટમાં બળી જવાય. એ માટે ઘાસના બીડમાં રહેનારા ને ઘાસ કાપનારા ગામડીઆ લોકો ઘાસમાં લાગતી આગમાંથી બચવા માટે એવા ઉપાયો કરી રાખે છે કે, પ્રથમ પોતાની આસપાસનું ઘાસ પોતાને હાથે કરીને બાળી દેય છે, એટલે પછી દૂરના ઘાસમાં આગ લાગે અને તે આગ તેઓના કમ્પાઉન્ડ સુધી પહોંચે તોપણ તેઓને કાંઇ નુકસાન થતુ નથી. કારણ કે તેઓએ પોતાની આસપાસનું ઘાસ પોતાને હાથે કરીને અગાઉથીજ બાળી દીધેલું હોય છે, એટલે દૂરના ઘાસની આગ તેઓના ફળીયાં સુધી પહોંચે તોપણ તેઓને ઇજા કરી શકતી નથી. તેમજ જે ભગત પ્રથમ પોતે પોતાના મનમાંથી "હું અને મારૂં" એ બે વાનાને પોતાને હાથે કરીને સમજણપૂર્વક બાળી નાખે, તેને બહારની દુનીયાની માયાની આગ હેરાન કરી શકતી નથી. માટે માયાને જીતવાનો સૌથી ઉત્તમમાં ઉત્તમ ઉપાય એ છે કે, પ્રથમ પોતે પોતાના હું પણાને કાઢી નાંખવું અને મારા પણાને બાળી દેવું, એટલે પછી બહારની માયા તમને નડી શકશે નહિં.

બંધુઓ ! યાદ રાખજો કે, જેના મનમાં હું પણાની માયા ભરેલી છે તેનેજ બહારની માયા દુઃખી કરી શકે છે, પણ જેણે પ્રથમથીજ પોતાના મનની અંદર રહેલી એ માયાને બાળી મૂકી હોય તેને પછી બહારની માયાની આગ બાળી શકતી નથી, માટે સાચી રીતે અને સહેલાઇથી માયાને જીતવા સારૂ આપણા મનમાં રહેલી માયાને આપણે હાથે કરીને સમજણપૂર્વક બાળી દેવી જોઇએ, અને જો એ થોડીક માયાને બાળી દેતાં આવડે તો પછી આખી દુનીયાની બહુ મોટી માયાની ઘણી મોટી આગ પણ આપણને હેરાન કરી શકતી નથી. જેમ ઘાસના બીડમાં રહેનારા ગામડીઆઓ પોતાના ઝુંપડાની આસપાસનું થોડૂં ઘાસ બાળી નાંખવાથી જંગલની મોટી આગોમાંથી બચી શકે છે, તેમ જે ભગતો પોતાનામાં રહેલા હું પણાના ઘાસને સળગાવી દેય છે તેને જગતની મોટી માયા હેરાન કરી શકતી નથી. માટે માયાને જીતવાનો

સૌથી સહેલો અને સાચો ઉપાય એ છે કે, આપણા મનમાં જે 'હું અને મારૂં" એવી માયા રહેલી છે તને પ્રથમ બાળી મુકવી જોઇએ, એટલે પછી બીજી કોઇ પણ જાતની માયા નડી શકશે નહિં, માટે બંધુઓ! બહારની માયાને જીતવાનાં ફાંફાં છોડી દઇને તમારા અંતરમાં રહેલી માયાને કાઢવાની કોશેષ કરો એટલે તમે માયાથી બચી શકશો, એમાં કાંઇ પણ શક નથી. કારણ કે એ દુનીયાના લાખો મહાત્માઓનો અનુભવી ઉપાય છે. માટે એજ રસ્તે ચાલવાની કોશેષ કરો.

૭–ગુરૂઓના ઉપદેશથી કેટલાક માણસોને બહુજ ફાયદો થાય છે, અને કેટલાક માણસોને મુદલ ફાયદો થતો નથી તેનાં કારણો.

સત્સંગના મંડળોમાં ઘણાં માણસો જાય છે, હરિકથાઓમાં ઘણાં માણસો જાય છે, અને જુદા જુદા સાધુ સંતોની પાસે પણ ઘણાં માણસો જયા કરે છે, અને તેઓની કથા વાર્તા સાંભળ્યા કરે છે, તથા તેઓની પાસેથી કાંઇક ખાસ ઉપદેશ પણ લેય છે, પણ તેમાં કેટલાક લોકોને એવા ઉપદેશોની કોઇ કોઇ ઠેકાણેથી બહુજ અસર થઇ જાય છે, અને કેટલાક લોકો વરસોના વરસો સુધી કથાઓ સાંભળ્યા કરે છે, કીર્તનો કર્યા કરે છે, ભજનો ગાયા કરે છે, અને મંદીરોમાં દોડયા કરે છે; છતાં પણ તેઓને ઉપદેશની ખરેખરી ચોંટ જરા પણ લાગતી નથી. પણ તેઓ સાવ સુકા ટાટ જેવા હોય છે. એ જોઇને ઘણાં માણસોના મનમાં એવો સવાલ ઉઠે છે કે, આ બધા લોકો દોડાદોડી તો બહુ કરે છે, પણ તેમને ગુરૂના ઉપદેશની કાંઇ અસર થઇ હોય એમ તો જરા પણ જણાતું નથી. કારણ કે જેની ઉપર ગુરૂનો પંજો પડે તેનાં તો નેણ ને વેણ બદલાઇ જાય છે, જેની ઉપર સદ્ગુરૂનો પંઝો પડે તેના આચારવિચાર બદલાઇ જાય છે, તેની રહેણીકરણી બદલાઈ જાય છે, તેના હાવભાવ બદલાઇ જાય છે, તેની કામ કરવાની રીતો બદલાઈ જાય છે, તેની સોબત બદલાઇ જાય છે, અને તેના અંતરના

દરવાજા ઉઘડી જાય છે. ટુંકામાં એજ કે, જેનો ઉપર સદ્ગુરૂનો પંજો પડે તેનું જીવન બદલાઇ જાય છે, અને જેને ઉપદેશની અસર ન થાય તે માણસો જેવા હોય તેવા ને તેવાજ રહે છે. એટલે એ બન્નેનો તફાવત જોઇને ઘણા લોકોને એવો સવાલ પૂછવાનું મન થાય છે કે, આ માણસ ઉપર તમારા ગુરૂની અસર કેમ થતી નથી? તેના જવાબમાં સંતો કહે છે કે,

જે ઝાડ મૂળીયાંવાળું હોય તેના મૂળમાં જો પાણી રેડવામાં આવે તો તેને ફાયદો થાય છે અને તે ખીલે છે, પણ મૂળીયાં વિનાના ઝાડ ઉપર ગમે એટલું પાણી રેડવામાં આવે તો પણ તેથી કાંઇ ફાયદો થાય નહીં. તેમજ યાદ રાખજો કે, જે માણસોની અંદર પ્રભુપ્રેમ હોય છે તેઓનેજ ગુરૂઓથી ફાયદો થાય છે, પણ જેઓની અંદર પ્રભુપ્રેમ ન હોય તેઓને ગુરૂઓના ઉપદેશથી કાંઇ બહુ ફાયદો થતો નથી. એ માટે કેટલાક ભગતો એમ પણ કહે છે કે, જે ડાળ ઝાડની સાથે વળગેલી હોય તે ડાળ મોટી થઇ શકે છે અને ફળ ફૂલ આપી શકે છે, અને એ ડાળને પાણીથી ફાયદો થાય છે, પણ જે ડાળ ઝાડથી જુદી કપાઇ ગયેલી હોય તે ડાળને પાણી સીંચવાથી કાંઇ ફાયદો થતો નથી. કેટલીક કપાયેલી ડાળો ફરીથી ઉગતી હોય એ જુદી વાત છે, પણ બધે ઠેકાણે કાંઇ એમ બનતું નથી, તેમજ જે ભગતો ભગવાનની સાથે શ્રદ્ધાના તારથી જોડાએલા હોય તેઓને સદ્ગુરૂનો ઉપદેશ ફાયદો કરી શકે છે, પણ જેઓ એવી રીતે પ્રભુ સાથે જોડાએલા ન હોય ને કપાઇ ગયેલી ડાળ જેવા હોય તેઓને ગુરૂઓના ઉપદેશથી કાંઇ સંગીન લાભ થતો નથી. માટે કોઈ પણ શિષ્યને જ્યારે ઉપદેશની અસર ન થાય ત્યારે હમેશાં તેમાં ગુરૂનોજ દોષ સમજવો નહિ, પણ કેટલીક વખત શિષ્યના હ્રદયમાં પ્રભુપ્રેમ ન હોય તેને લીધે પણ ગુરૂના ઉપદેશની અસર થતી નથી. તેમજ કેટલીક વખત કેટલાક ગુરૂઓ એવા પણ હોય છે કે, જેઓને ઉપદેશ દેતાં આવડતો નથી, સમય સમજીને, દેશકાળ સમજીને, અને સામા માણસની પ્રકૃતિ સમજીને ઉપદેશ ન અપાય તો એવા ઉપદેશમાંથી કાંઇ ફાયદો થતો નથી. માટે કોઇ માણસને જ્યારે ઉપદેશ ન લાગે ત્યારે એમ સમજવું કે કાં તો તેનો

ગુરૂ કાચો છે, અગર તો એ માણસની પોતાનીજ કાંઇક ખામી છે. છતાં પણ ઘણા લોકોને હાલના વખતમાં એવી ટેવ પડેલી છે કે, તેઓ પોતાનો વાંક જોતા નથી, પણ ગુરૂનોજ વાંક જોયા કરે છે. માટે એવી ભૂલ ન થાય એ સંભાળજો, અને સદ્દગુરૂઓ પાસેથી બને તેટલો લાભ લેવાય તેમ કરજો, એજ અમારી ભલામણ છે.

૮–હાલના વખતમાં કેટલાક લોકોનું જ્ઞાન કેવું છે તેનો નમુનો !

એક શેઠીયો હતો. તે માનપાનનો બહુ ભૂખ્યો હતો, તેથી એવો ડોળ કર્યા કરતો હતો કે, મને ઘણું જ્ઞાન છે, અને હું બહુ વાતો જાણું છું. તેથી જ્યારે પોતાનાં વખાણ કરવાની કોઇ પણ તક મળે ત્યારે તે ફૂલાઇ ફૂલાઇને પોતાનાં વખાણ કરતો હતો. એક વખત એમ બન્યું કે, કોઇ વિદ્વાન્ ને નિસ્પૃહી સન્યાસી તેને ઘેરે આવી ચડયા, ત્યારે એ શેઠીયાએ તે સન્યાસીને બીજા ઓરડામાં પોતાનું સુંદર કબાટ બતાવ્યું, અને કહ્યું કે, જુઓ, આ જ્ઞાનેશ્વરી ગીતા છે, જુઓ આ શ્રીમદ્દ ભાગવત્ છે, આ જુઓ યોગવસિષ્ટ છે, આ વાલ્મીકી રામાયણ છે અને આ દશ ઉપનિશદ છે. એ શિવાય બીજા કબાટમાં યોગભાષ્ય પણ છે. એ સાંભળીને તે નિસ્પૃહી સન્યાસીએ કહ્યું કે, શેઠ, આ બધું તો તમારા કબાટમાં છે, પણ તમારા અંતરમાં એમાંનું કંઇ પણ કયાં છે? તમારી પાસે તો ચાહનો પ્યાલો પડેલો છે, તમારી પાસે તો લડાઇનાં ચિત્રોની ચોપડી પડેલી છે, તમારી પાસે તો આજના છાપાનો વધારો પડેલો છે, તમારી પાસે તો નવા નાટકની ચોપડી પડેલી છે, તમારી પાસે તો બેટ બોલ પડેલાં છે, તમારી પાસે તો આ ઝવેરી બેઠેલા છે, તમારી પાસે તો તમને ઘડી ઘડી ભડકાવનારા દલાલો વીંટાઇ વળેલા છે અને તમારા અંતરમાં હોળી સળગ્યા કરે એવાં કાગળીયાંના થોકડાઓ તમારી પાસે પડેલા છે. એમાં કાંઇ યોગ ને ઉપનિષદ તો દેખાતુંજ

નથી. એ સાંભળીને તે શેઠ બિચારો ઝંખવાણો પડી ગયો અને કહ્યું કે, બીજા શેઠીયાઓને ત્યાંતો એવાં પુસ્તકો પણ નથી, જો ઘરમાં હશે તો કોઇક દહાડો અંતરમાં પણ આવશે.

બંધુઓ! એ શેઠીયાની પેઠેજ આપણું જ્ઞાન પણ એવુંજ ઉપલકીયું છે. આપણે પણ જ્યારે વખત મળે ત્યારે જ્ઞાનની મોટી મોટી ડંફાસો મારીએ છીએ, પણ આપણા રોજના કામો સામે જોઇએ તો તેમાં પોલમપોલ હોય છે. રોજના વિચારો સામે જોઇએ તો તેમાં ગોટાળો હોય છે અને રહેણી કરણી સામે જોઇએ તો એ પણ વિચિત્રજ હોય છે. કારણ કે આપણી વાતોનું જ્ઞાન જુદું છે અને આપણી વર્તણુક જુદી છે તેથીજ આપણને ખરેખરો લાભ થતો નથી. કારણ કે આપણું જ્ઞાન આપણને કામ આવતું નથી, તેથી એ જ્ઞાન શોભતું નથી અને ફળ પણ આપતું નથી. માટે હે હરિજનો! હવે વાતોમાંજ રહી જાઓ માં, પણ જે જ્ઞાન તમોને ગમે છે, જેનાં તમે વખાણ કરો છો અને કોઈ કોઇ વખત જે જ્ઞાન પ્રમાણે વર્તવા માટે તમે આતુર થાઓ છો, તે જ્ઞાન તમારા રોજના કામમાં આવે તેમ કરો, એટલે તમને ઘણો ફાયદો થઇ જશે, અને તમે બહુ સહેલાઇથી ભક્તિના રસ્તામાં આગળ વધી શકશો. માટે સત્ય જ્ઞાન અનુભવમાં આવે તેમ કરો. સત્ય જ્ઞાન અનુભવમાં આવે તેમ કરો.

૯–ધર્મના રસ્તામાં આગળ વધવા માટે કાંઇક એકાદું નાનું પણ સાચું સાધન પકડી લેવું જોઇએ.

એક મોટી આગબોટ ઉત્તર ધ્રુવના મુલક તરફ જતી હતી, તે રસ્તામાં સમુદ્રમાં લોહચુંબકના ખડકો આવ્યા, તેથી આગબોટ એ ખડકો તરફ પરાણે પરાણે ખેંચાઇ જવા લાગી. આગબોટની દિશા બદલવા માટે કેપ્ટન બહુજ મહેનત કરે પણ તેમ છતાં આગબોટ તો લોહચુંબકના ખડકો તરફજ જવા લાગી.

એ જોઇને કેપ્ટને આગબોટ ઉપરના ઉતારૂઓને ચેતવણી આપી કે, આગબોટ હવે મારા અખત્યારમાં રહેતી નથી, તે લોહચુંબકના ખડકો તરફ ખેંચાતી જાય છે, માટે તમે નાની નાની લાઇફ બોટોમાં ઉતરી પડો. એ સાંભળીને આગબોટમાં બેઠેલા કેટલાક માણુસોને એવો વિચાર થયો કે, આવડી મોટી આગબોટ જ્યારે આપણને નહિ બચાવી શકે ત્યારે બિચારી નાનકડી હોડી આપણને કેવી રીતે બચાવી શકશે? એમ ધારીને ઘણાં માણસો આગબોટમાંથી હોડીમાં ઉતર્યાં નહિં અને કેપ્ટનનો વિશ્વાસ રાખનારાં કેટલાંક માણુસો નાની નાની હોડીઓમાં ઉતરી પડયાં. એ પછી થોડી વારમાં આગબોટ લોહચુંબકના પહાડ પાસે ખેંચાઇ ગઇ, તેથી તેના ખીલાઓ ને પાટીયાંઓ જુદાં પડી ગયાં, ને આગબોટ ડુબી ગઇ, ને તેમાં રહેલાં માણુસો માર્યાં ગયાં. પણ જે લોકો નાની હોડીઓમાં બેઠેલા હતા તેઓ બચી ગયા. કારણ કે એ હોડીઓ લાકડાંની હતી, તેમાં લોઢું નહોતું, એટલે તેને લોહચુંબકની અસર થઇ નહિં, તેથી તેઓની હોડીઓ સલામત રહી, અને તેઓ બચી ગયા.

આ દાખલો આપીને એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે, બધાં અંગવાળો આખો ધર્મ તે મોટી આગબોટ જેવો છે, પણ તેનાં ઘણાં અંગો હોવાથી એ બધાં અંગો બધાં માણુસોથી કાંઇ વિધીસર પાળી શકાય નહિં. જેમ એ આગબોટમાંના લોઢાંને લોહચુંબકનો ખડક મળ્યો ને લોઢાને પોતાની તરફ ખેંચી લીધું, તેમ ધર્મનાં બધાં અંગ પાળવા જતાં કોઇ કોઇ અંગમાં મોહના ખડક તરફ ખેંચાઇ જઇએ છીએ, અને પછી એમ બને છે કે, એ વખતે આપણા ધર્મની આગબોટ આપણા કબજામાં રહેતી નથી. તે વિરૂદ્ધ દિશામાં ચાલવા માંડે છે. જેમકે જવું હોય ઉગમણું ને આથમણું ચાલ્યું જવાય છે. એટલે કે ધર્મના રસ્તામાં જવું હોય તેને બદલે માનના રસ્તામાં, મોહના રસ્તામાં, લોભના રસ્તામાં, ક્રોધના રસ્તામાં, અદેખાઇના રસ્તામાં કે સ્વાર્થના રસ્તામાં ચાલ્યું જવાય છે. માટે એવા ભયમાંથી બચવા સારૂ જે સાધન આપણી સ્થિતિને બંધ બેસતું હોય તેવું એકાદું નિર્દોષ ને જોખમ વગરનું સાધન પકડી લેવું

જોઇએ. એવા સાધનનું નામ નાની હોડી છે. મતલબ કે જપ, તપ, દાન, વ્રત, નીયમ, દર્શન, ધ્યાન, પરોપકાર, સત્સંગ વિગેરેમાંથી કોઇ પણ એક અંગને બહુ દ્રઢતાથી પકડી રાખવું જોઇએ અને તેને પોતાનું કરી લેવું જોઇએ. જો એમ કરતાં આવડે તો જે કામ ઘણા અંગવાળા પણ પાળી ન શકાય ને ન બની શકે તેવો ધર્મ પરાણે પાળવાથી થાય તે કરતાં પ્રભુના નામનું સ્મર્ણ કર્યા કરવાથી અગર તેનું ધ્યાન ધરવાથી અગર તેના ગુણ ગાન કર્યા કરવાથી અગર તેના પ્રેમને ઓળખવાથી અથવા તેના સ્વરૂપને ઓળખવાથી એવી રીતે એક એક અંગ મજબૂત રાખવાથી ઘણો ફાયદો થઇ જશે. બધાં અંગવાળો સંપૂર્ણ ધર્મ પાળવો એ બહુ મોટી વાત છે, પણ તેની સાથે એ બહુ મુશ્કેલ વાત છે, પણ પોતાને ફાવી ગયેલું એકાદું નિર્દોષ ધર્મનું અંગ પાળવું ને તેને પકડી રાખવું એ બહુ સહેલી વાત છે. માટે બંધુઓ! ધર્મની આગબોટમાં બેસી આ સંસાર સમુદ્રમાં મુસાફરી કરવાની છે, પણ તેમાં જ્યારે લોહચુંબકના ખડકો જેવા મોહના ખડકો આડા આવી જાય, સ્વાર્થના ખડકો આડા આવી જાય, અને વિકારોના તથા અજ્ઞાનપણાના ખડકો આડા આવી જાય ત્યારે જપ, તપ, ધ્યાન પ્રેમ, જ્ઞાન વગેરે જીંદગી બચાવનારી નાની નાની હોડીઓની મદદ લેજો, એટલે તમે સલામત રહી શકશો. માટે ભાઇઓ! એવી નાની હોડીઓમાં શું વળે? એમ ધારી એવાં સારાં, સહેલાં ને સાચાં સાધનોની મદદ નહિ લો તો મુશ્કેલીમાં આવી પડશો, અને યાદ રાખજો કે સમુદ્રમાં મુસાફરી કરનારી આગબોટને ખડકો તો નડશેજ. કોઇ ઠેકાણે લોહચુંબકના પહાડો આવશે, કોઇ ઠેકાણે બરફના પહાડો આવશે, અને કોઇ ઠેકાણે પત્થરના ખડકો તથા પવનનાં તોફાનો આવશે. માટે નાનકડી લાઇફ બોટની તો જરૂર પડશેજ. તેમજ ધર્મની આગબોટ આ સંસાર સમુદ્રમાં ચાલે છે તેને પણ અનેક જાતનાં તોફાનો નડશેજ. માટે એવે વખતે કામ લાગે તેવાં એકાદાં મજબૂત નિર્દોષ ને સાચાં સાધનને પકડી રાખજો, એજ અમારી વિનંતિ છે.

૧૦-મોક્ષના માર્ગમાં ઉડી શકવાની કુંચી.

ધર્મ એ એવી સુંદર વસ્તુ છે કે તે જાણે અજાણે સૌને ગમ્યા કરે છે. ધર્મ એ એવી અલૌકીક બાબત કે જાગેલા જીવો તેની તરફ ખેંચાયેલાજ રહે છે, અને ધર્મ એ એવું અમૂલ્ય તત્ત્વ છે કે જેના મહિમ્ન બધા કાળમાં મહાત્માઓ ગાયા કરે છે. છતાં પણ અફસોસની વાત એ છે કે, એટલો બધો મીઠો મીઠો લાગતો છતાં પણ પૂરેપૂરો ધર્મ પાળી શકાતો નથી. તેથી ઘણાએ હરિજનો પોતાના અંતઃકરણમાંથી દીલગીર થયા કરે છે, અને મુંઝાયા કરે છે કે, ધર્મ પાળવા માટે અને મોક્ષના માર્ગમાં જવા માટે અમે આટલી આટલી મહેનત કરીએ છીએ છતાં પણ અમે કેમ આગળ વધી શકતા નથી? એના જવાબમાં એક મહાત્મા કહેતા હતા કે,

વિમાનને આકાશમાં ઉડાડવા માટે તેમાં ગ્યાસ ભરી રાખી હોય અને બીજી પણ ઘણી જાતની તૈયારીઓ કરી રાખી હોય પણ જ્યાં સુધી તેનાં દોરડાં છેડેલાં ન હોય ત્યાં સુધી તે ઉડી શકતું નથી, પણ જ્યારે તેને બાંધી રાખેલાં દોરડાંની ગાંઠો છોડી નાંખીએ અગર એ દોરડાંઓને કાપી નાંખીએ ત્યારેજ તે ઉંચે જઇ શકે છે. તેમજ યાદ રાખજો કે, આપણને પણ મોક્ષના માર્ગમાં ઉડવાનું છે, અને એ માટે આપણામાં ગ્યાસ પણ ભરાઇ ચુકી છે, એટલે કે તરફડાટ જાગ્યો છે, પ્રેમ આવ્યો છે, આકર્ષણ થયું છે, અને તેના આનંદો પણ સમજાયા છે ને દેખાયા છે, છતાં પણ હજી ઉડી શકાતું નથી, કારણ કે હજી દોરડાં બાંધી મુકેલાં છે. એ દોરડાં કયાં? એ તમે જાણોછો? આશા એ દોરડું છે. તૃષ્ણા એ દોરડું છે. સંસારનો મોહ એ દોરડું છે. કુટુંબની આસકિત એ દોરડું છે. વિષયો ભોગવવાની મનમાં રહી ગએલી વાસના એ દોરડું છે. અને હુંપણું એ દોરડું છે. આ બધાં દોરડાંઓ હજી કપાયાં નથી, તેથી આપણા ધર્મનું વિમાન મોક્ષ માર્ગમાં ઉડી શકતું નથી. માટે જો એ વિમાનને મોક્ષ ધામમાં જવા દેવું હોય તો આ બધાં આસકિતનાં દોરડાંઓ કાપી નાંખવાં જોઇએ. પણ અફસોસની વાત એ છે કે, એ દોરડાં કાપી નાંખવાનું આપ-

ણુાથી ગની શકતું નથી, તેથી આપણે મોક્ષ માર્ગમાં આગળ વધી શકતા નથી.

ઘણાએ ભગતોના બલુનો ગ્યાસ ભરાઇ ગયેલાં હોય છે અને ઉડવાની તૈયારીમાં હોય છે, પણ કોઇ કોઇ પ્રકારનાં બંધનોમાં બંધાઇ ગયેલાં હોય છે તેને લીધે ઉડી શકતાં નથી. માટે મોક્ષના માર્ગમાં ઉડવાની સહેલામાં સહેલી કુંચી એ છે કે, સંસારની આસક્તિનાં દોરડાંઓ કાપી નાખવાં જોઇએ. પણ આસક્તિનાં દોરડાંઓ કાપી નાંખવા એટલે શું? એનો અર્થ ઘણા માણસોને સમજાતો નથી, માટે આ ઠેકાણે જણાવવાની જરૂર છે કે, આસક્તિનાં દોરડાંઓ કાપી નાખવાં એટલે ઘરબાર તજવાનું નથી, સંસારની આસક્તિ છોડી દેવી એટલે કાંઇ નાતજાતને તજવાની નથી, આસક્તિનાં દોરડાંને કાપી નાંખવાં એટલે કાંઇ ધંધારોજગારને તજી દેવો તેમ નથી, આસક્તિનાં દોરડાંઓ કાપી નાંખવા એટલે કાંઇ સ્નેહીઓ ઉપર હેત ન રાખવું એમ નથી, અને આશા તૃષ્ણાનાં દોરડાંઓ કાપી નાંખવા એટલે કાંઇ બાવા બની જવાનું, રાખ ચોળી બેસવાનું, કે ગુફામાં ગરી બેસવાનું નથી, પણ આસક્તિનાં દોરડાં છોડી નાંખવાં એટલે કે સત્ય વસ્તુને સમજી લેવી અને મનમાંથી દુનીયાદારીનો મોહ ઓછો કરી નાંખવો તેનું નામ આસક્તિનાં દોરડાં કાપવાં છે. અંતરમાંથી ઇશ્વરની ઓળખાણ કરી લેવી અને જગતની વસ્તુઓનું ક્ષણભંગુરપણું સમજી લેવું તેનું નામ દોરડાં કાપવાં છે. પ્રભુના પ્રેમમાં ભીંજાયેલા રહેવું અને જગતના સુખ દુઃખના ધક્કા અંતરમાં વાગવા દેવા નહિ તેનું નામ દોરડાં કાપવાં છે. જ્ઞાનનાં આનંદો ભોગવ્યા કરવા, પવિત્રાઇની લેહેઝત લીધા કરવી, અને પોતાના આત્માને વિકાર વિનાની ઉંચી દશામાં રાખવો, તેનું નામ દોરડાં કાપવાં છે. માન, અપમાન, જય, પરાજય અને લાભ, હાની વગેરે બાબતોને નાની નાની સમજી તે સારૂ જીવ બાળવો નહિ, પણ જીવને તો ઇશ્વરની સાથેજ જોડી રાખવો તેનું નામ દોરડાં કાપી નાંખવા એ છે. અને પ્રારબ્ધના ભોગે તથા ભાગવત્ ઇચ્છાથી જે કાંઇ કરવું પડે તે કરતાં છતાં પણ અંતરમાંથી નિર્વિકારી રહેવું અને પ્રભુ તરફના તરફડાટને હમેશાં કાયમ રાખવો તેનું નામ દોરડાં કાપવાં એ છે. જો આવી રીતે વરતતાં આવડે

તો રૂડી રીતે ગૃહસ્થાશ્રમ ભોગવતાં છતાં પણ મોક્ષ મેળવી શકાય છે. માટે બંધુઓ! આવી ઉત્તમ રીતે દોરડાં કાપતાં શીખો. આવી ઉત્તમ રીતે દોરડાં કાપતાં શીખો. એજ મોક્ષ માર્ગમાં ઉડવાની સહેલામાં સહેલી ને સાચામાં સાચી કુંચી છે.

૧૧–બહુ ભકિત કરવા જતાં ઘરસંસાર ખરાબ થઇ જાય નહિ એ સંભાળજો.

ઘણી વખત એમ બને છે કે, ઘણાએ હરિજનો એવા કાચા હોય છે કે, બહુ ભકિત કરવા જતાં પોતાના સંસારને બગાડી નાંખે છે. પણ યાદ રાખજો કે, પોતાના ઘરસંસારને બગાડી નાંખવો એનુંજ નામ કાંઇ સાચી ભકિત નથી. પોતાના સંસાર વ્યવહારના સંબંધને તોડી નાખવા એનુંજ નામ કાંઇ સાચી ભકિત નથી અને પોતાની આવકનાં સાધનો ગુમાવી દેવાં ને દરીદ્રતામાં સડયા કરવું એનુંજ નામ કાંઇ સાચી ભકિત નથી. પણ જે ચતુર ભગતો છે તે તો પોતાના ઘરસંસારના વ્યવહાર ચલાવવામાં પણ પક્કા હોય છે, અને પરમકૃપાળુ પરમાત્માની ભકિત કરવામાં પણ બહુ પક્કા હોય છે અને એવી રીતે સંસારનું ને ભકિતનું એ બન્ને અંગ બરોબર રાખવાં એજ ખુબીની વાત છે, અને એમાંજ ભગતોની મોટાઇ છે. કારણ કે બધું તજી દઇને બાવા બની જવું ને પછી ભકિત કરવી એમાં કાંઇ મોટી વાત નથી, પણ સંસારનો બોજો ઉપાડતાં છતાં ભકિત કરવી એજ ખુબીના વાત છે. સંસારની પોતાની બધી ફરજો બરાબર રીતે બજાવતાં છતાં ભકિત કરવી એજ ખુબીની વાત છે, અને બહારથી બરોબર રીતે સંસારમાં વળગી રહ્યા છતાં અંતઃકરણમાંથી જ્ઞાનના બળથી ને પ્રભુપ્રેમના બળથી સંસારને કાઢી નાંખવો તેનુંજ નામ ખરી ભકિત છે ને એજ ગીતાનો સિદ્ધાંત છે.

જો ભકિતનાં બન્ને અંગ બરોબર ન હોય તો એક તરફ ઝુકી પડાય છે, એ વાત બરોબર રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક ખગોળશાસ્ત્રી હતો. તે આકાશના તારાઓ જોવામાં એટલો બધો લીન થઇ જતો કે, બીજી બાજુ જમીન ઉપર દૃષ્ટિ કરતોજ નહિ. તેથી પરિણામ એ થતું કે, કોઇ વખત તેનો પગ ખાડામાં પડી જતો, કોઇ વખત તેને ઠોકરો વાગતી, કોઇ વખત તેના પગમાં કાંટાઓ ખુંચી જતા, અને કોઇ વખત તે ઉંડા ખાડાઓમાં પડી જતો હતો, તેથી તેનો એ ભાગ ખરાબ થઇ ગયો હતો. તેમજ જે માણસો માત્ર એકજ તરફ જોયા કરે છે અને બીજી બાજુ ધ્યાન રાખતા નથી તેઓના પણ એવાજ હાલ થાય છે. માટે ભકિત કરવા જતાં પોતાનો સંસાર ન બગડી જાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ.

ઉંચી જાતના ભગતો એમ કહે છે કે, જો ભગવાનનું સ્વરૂપ બરાબર સમજાય, જીવોનું સ્વરૂપ બરોબર સમજાય, અને આપણા સંબંધમાં આવતા જગત્‌ના પદાર્થોનું સ્વરૂપ બરોબર રીતે સમજાય તો પછી ભકિત એ જુદી વસ્તુ છે અને જગત્ એ જુદી વસ્તુ છે એમ લાગતું નથી, પણ સંસાર રૂડી રીતે ચલાવવો એ પણ ભકિતનું એક અંગ છે એમ લાગી જાય છે. તેથી સંસારના વ્યવહાર ચલાવવામાં મુશ્કેલી પડતી નથી, પણ તેમાંથી ઉલટો આનંદ આવે છે. કારણ કે એવા ભગતો એમ સમજે છે કે, જેમ પ્રભુના નામનું સ્મરણ કરવું એ ભકિતનું એક અંગ છે, મનને વશ રાખવું ને ઇંદ્રિઓનો નિગ્રહ કરવો એ ભકિતનું એક અંગ છે, દાન દેવું એ ભકિતનું એક અંગ છે, પ્રભુનું જ્ઞાન મેળવવું એ ભક્તિનું એક અંગ છે, અને પોતાના સ્વાર્થો તજીને તપ કરવું એ જેમ ભકિતનું એક અંગ છે તેમજ ભગવાનની ઇચ્છા પ્રમાણે પોતાનો ઘર સંસાર ચલાવવો અને ભગવાનના હુકમ પ્રમાણે સંસારની ફરજો બજાવવી, એ પણ ભક્તિનું એક અંગ છે. એટલે તપ, દાન, વ્રત, નામ સ્મર્ણ વગેરે ભકિતનાં અંગોથી જેમ ભકતને ફાયદો થાય છે, તેમજ પ્રભુએ સોંપેલો ઘર સંસારનો ભાર ઉપાડવાથી પણ ભગતોને ફાયદો થાય છે. કારણ કે સંસાર પણ પ્રભુના વિરાટ સ્વરૂપની અંદર આવી જાય છે. સંસાર કાંઇ પ્રભુના સ્વરૂપની બહાર નથી. માટે જે ઉંચા ભગતો છે તેઓ સંસાર અને ભકિત એવી બે જુદી જુદી બાબતો માનતા નથી, પણ

સંસાર એ પણ ભક્તિનુંજ એક અંગ છે, એમજ સમજે છે. તેથી સંસાર તેઓને ઉલટો આનંદરૂપ થઇ પડે છે, અને સંસારમાંથી પણ પોતાની ભક્તિના બળે તેઓ અનેક પ્રકારના સાર તથા અનુભવો લઇ શકે છે. તેથી પ્રભુનો ઉપકાર માનતે માનતે સંસાર ભોગવે છે, અને ભક્તિનાં બીજાં અંગો પાળવામાં પણ શૂરાપૂરા હોય છે.

પણ જે કાચા ભગતો છે, જે અધૂરા ભગતો છે, અને જે એકતરફી દોરવાઇ ગયેલા ભગતો છે તેઓ એમ માને છે કે, સંસાર એ જુદી વાત છે અને ભક્તિ એ જુદી વાત છે. ભક્તિને અને સંસારને કાંઇ સંબંધ નથી, એટલુંજ નહિ પણ કેટલાક તો એથી પણ આગળ વધીને વળી એમ સમજે છે કે, સંસાર અને ભક્તિ એ બંન્ને પરસ્પર તદ્દન વિરૂદ્ધ છે, માટે જે બહુ ભક્તિમાં પડી જાય તે સંસારમાં રહી શકેજ નહિ, અને જે બહુ સંસારમાં મચ્યા રહે તેઓ ભક્તિ કરી શકેજ નહિ. કારણ કે સંસાર અને ભક્તિ એ બંને આગ અને પાણી જેવી વાત છે, એટલે એ બંને વાનાં કદી પણ સાથે રહી શકેજ નહિ. માટે જો સાચી ભક્તિ કરવી હોય તો સંસારને તજી દેવો જોઇએ. આવી જાતના વિચારવાળા ઘણા માણસો હોય છે, પણ આગળ વધેલા ભગતો કહે છે કે, એમ કરવું એ કાંઇ બરોબર નથી. એટલુંજ નહિ પણ સંસાર અને ભક્તિ બંનેને પરસ્પર વિરૂદ્ધ સમજવાં એ અધુરૂં જ્ઞાન છે, અને એવા ખોટા જ્ઞાનથી કાંઇ ખરો ફાયદો થાય નહિ. માટે જેમ બને તેમ વધારેમાં વધારે ભક્તિ થાય અને રૂડામાં રૂડી રીતે સંસાર ચલાવી શકાય તેમ કરવું જોઇએ.

૧૨–ભગતો નીંદાથી દીલગીર થતા નથી.

ભગતોમાં ને સંસારીઓમાં ઘણી જાતના ફેર હોય છે. તેમાં એક એ ફેર પણ જાણવા જેવો હોય છે કે, સામાન્ય લોકોની જ્યારે કોઇ નીંદા કરે ત્યારે તેઓને બહુજ માઠું લાગી જાય છે; પણ ભગતોની જ્યારે નીંદા થાય ત્યારે તેઓને તેમાં એટલું બધું

માઠું લાગતું નથી. આ વાત બહુ ચોખી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ એમ કહેતા હતા કે,

કોઇ સુંદર સ્ત્રી સીધે રસ્તે ચાલી જતી હોય અગર ઘરમાં કે ફળીયામાં કોઇ ઠેકાણે ઉભી હોય, ત્યાં કદી કોઇ આંધળો માણસ આવી નીકળે અને અજાણતાં તે બાઇના શરીર સાથે અથડાઇ જાય તોપણ એ બાઇને ગુસ્સો લાગતો નથી, પણ ઉલટી તે આંધળાની તેને દયા આવે છે. તેમજ જ્ઞાની ભગતો અજ્ઞાનીઓની ખોટી નીંદાથી દીલગીર થતા નથી, પણ ઉલટી તેઓની દયા ખાય છે. કારણ કે તેઓ એમ જાણે છે કે, નીંદા કરનાર માણસ અજ્ઞાન છે, તેને સાચી વાતોની ખબર નથી, તે માણસ અમારા અંતરના હેતુઓ જાણતો નથી, અને કોઇની ખોટી નીંદા કરવાથી પોતાની કેટલી બધી ખરાબી થાય છે એ વાત પણ જાણતો નથી તેથી તે નીંદા કરે છે. માટે જે અજ્ઞાનીઓ છે તે આંધળા જેવા છે. એમ સમજીને ભગતો તેમની નીંદાની દરકાર કરતા નથી.

મહાત્મા કબીર ભગત એમ કહેતા હતા કે, નીંદા કરનારનો તો અમારે ઉપકાર માનવો જોઇએ. કારણ કે ધોબીઓ તો પૈસા લઇને માત્ર કપડાંજ ધોઇ આપે છે, પણ નીંદકો તો વગર પૈસાએ અમારાં પાપ ધુવે છે, માટે એનો તો ખાસ ઉપકાર માનવો જોઇએ.

સંસારી લોકોને નીંદા બહુ આકરી લાગે છે, તેનું કારણ એ છે કે, દુનીઆની દરેક બાબતનો તેઓને અતીશય મોહ હોય છે. બીજાઓના મતને તેઓ ઘણુંજ વજન આપે છે, અને બીજાઓ જે વાતો કહે તેને તેઓ બહુ સાચી કે બહુ ખોટી માની લેય છે, તેથી તેઓને વધારે પડતું દુઃખ થાય છે. પણ જે ભગતો છે તેઓ શાસ્ત્રના વચનોનેજ કીંમતી સમજે છે, અને સંસારીક લોકોની વાતોને બહુ નજીવી સમજે છે. બીજું એ કે, પોતાના જ્ઞાનને લીધે અને ભકિતના બળને લીધે તેઓ એમ માને છે કે, સામાન્ય લોકો પોતાના સ્વાર્થને ખાતર અને જગતના મોહને ખાતર ગમે તેવા ગપ

ગોળા ઉડાવ્યા કરે તેમાં કાંઇ નવાઇ નથી, પણ એવા ગોળાઓના ઘા અમે અમારા અંતરમાં શા માટે વાગવા દઇએ? કોઇ કદી અમને ખરાબ કહે તો એથી અમારૂં શું ગયું? અને કોઇ કદી અમારાં વખાણ કરે તો એથી પણ શું? આવી રીતે માન અપમાનમાં તેઓની સમદ્રષ્ટિ થઇ ગયેલી હોય છે, તેથી તેઓ નીંદાથી ડરતા નથી, માટે યાદ રાખજો કે, હરિજનોએ નીંદાની દરકાર રાખવી નહિ. કારણ કે ભગતોની ઘણી વાતો સંસારિક લોકોને ગમતી નથી, એટલે તેઓ નીંદા તો કરવાનાજ, એમાં કાંઇ નવાઇ નથી. કારણ કે સંસારીઓ અને ભગતો વચ્ચેનો મતભેદ અનાદી કાળથી ચાલ્યો આવે છે અને અનંત કાળ સુધી ચાલ્યા કરશે. એટલે ભગતોની નીંદા તો થાયજ. માટે ખરા હરિજનોએ લોકોની ખોટી નીંદાથી ડરવું નહિ અને નીંદા કરનાર ઉપર ગુસ્સે થવું નહિ, પણ તેઓ અજ્ઞાની છે એમ સમજી તેઓની તરફ ઉદારતાથી વર્તવું જોઇએ, એજ સાચા ભગતનું લક્ષણ છે.

૧૩–ગુરૂ કરો તે જોઇ તપાસીને કરજો, નહિ તો ફાયદાને બદલે ઉલટું નુકસાન થઇ જશે.

ગુરૂ સંબંધી આપણા દેશમાં બહુ અજ્ઞાન ચાલ્યા કરે છે. કારણ કે ઘણાએ ગુરૂ વંશપરંપરાના હોય છે, ઘણાએ ગુરૂ પોતાના કામને માટે તદ્દન નાલાયક હોય છે, ઘણાએ ગુરૂ ગુરૂપણાની યોગ્યતા વિનાના હોય છે, અને ઘણાએ ગુરૂઓ પોતાનો ધંધો શીખ્યા વિનાના હોય છે. તેથી ગુરૂઓની બાબતમાં ઘણી જાતનું અંધેર ચાલ્યા કરે છે. તે સારૂ સંભાળીને ગુરૂ કરવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

મારવાડમાં પાણીના કુવા હોય છે. એ કુવા બહુ ઉંડા હોય છે, એટલે કુવા ઉપર ઉભા રહીને જોવાથી તેના તળીયામાં પાણી છે કે નહિ, એ વાતની ખબર પડતી નથી. એવા કુવામાં તપાસ કર્યા વિના કોઇ માણસ પાણી મેળવવાની આશાએ પોતાનો ઘડો તેમાં

સીંચે અને દોરડું ઢીલું મૂકયા કરે, પણ જો એ કુવામાં પાણી ન હોય તો પરિણામ એ થાય છે કે, પાણી આવવું તો બાજુએ રહ્યું પણ ઉલટો પોતાનો માટીનો ઘડો હોય તે પણ ફૂટી જાય છે, અને ત્રાંબા પીતળનું વાસણ હોય તો તેમાં ગોબા પડી જાય છે. તેજ પ્રમાણે જે લોકો કાંઇક વસ્તુ મેળવવાની ઇચ્છાએ કે ધર્મ મેળવવાની ઇચ્છાએ ગુરૂ પાસે જાય છે તે ગુરૂની અંદર જો ગુરૂપણાની યોગ્યતા ન હોય તો તેમની પાસેથી કાંઇ મળી શકતું નથી. એટલુંજ નહિ પણ એવા ગુરૂ પાસે જવાથી ઉલટું કાંઇક નુકસાન થઇ જાય છે. માટે ગુરૂ કરવાની બાબતમાં બેદરકારી રાખશો માં, પણ જેમ બને તેમ સારામાં સારા ગુરૂ શોધાય તેમ કરજો. કારણકે ગુરૂ આપણને શામાટે જોઇએ છે? તે તમે જાણો છો? એ માટે સંતો એમ કહે છે કે,

આપણને ધર્મની તરસ લાગે છે તે તરસ છીપાવવા માટે ગુરૂની જરૂર છે. આપણને શાંતિ જોઇએ છે તે શાંતિ મેળવવા માટે ગુરૂની જરૂર છે. આપણા આત્માને પ્રભુપ્રેમની ભૂખ લાગે છે તે માટે ખોરાક મેળવવા સારૂ ગુરૂની જરૂર છે. આપણી જીંદગીમાં કાંઇક મીઠાશની જરૂર છે, એ મીઠાશ લાવવા માટે ગુરૂની જરૂર છે. આપણી નબળાઇઓ દૂર કરવા માટે ગુરૂની જરૂર છે. આપણે જે રસ્તાના અજાણ્યા છીએ તે રસ્તામાં જવું છે, માટે જે એ રસ્તાનો ભોમીઓ હોય તેવા ગુરૂની જરૂર છે. આપણે આસુરી સંપત્તિની સાથે લડાઇ લડવાની છે એ લડાઇમાં જેણે ફત્તેહ મેળવેલી હોય એવા ગુરૂની આપણને જરૂર છે. આપણને અભયપણું જોઇએ છે માટે ઘણી જાતનું અભયપણું આપી શકે એવા ગુરૂની આપણને જરૂર છે. આપણને ઘણી જાતનાં બંધનોમાંથી મુકત થવાનું છે માટે જેનાં પોતાનાં બંધનો છૂટયાં હોય અને જે આપણાં બંધનો છોડાવી શકે તેવા હોય, તેવા ગુરૂની આપણને જરૂર છે. આપણામાં રહેલો પ્રેમનો પ્રવાહ બહાર વહેવા ઇચ્છે છે, પણ કેટલાંક કારણોસર એ પ્રેમનો પ્રવાહ બહાર વહી શકતો નથી ને અંદર અંદર મુંઝાયા કરે છે. એ પ્રેમના પ્રવાહને વહેવાનો રસ્તો કરી આપે તેવા ગુરૂની આપણને જરૂર છે. આપણા જીવ સંબંધી, આ જગત્ સંબંધી, સ્વર્ગ સંબંધી, કર્મ સંબંધી, પુનર્જન્મ સંબંધી

સુખ દુઃખ આવવાનાં કારણો સંબંધી અને ઇશ્વર સંબંધી, એવા અનેક પ્રશ્નો અને ઘણી શંકાઓ આપણા મનમાં છે, તે બધી શંકાઓનો ખુલાસો કરી શકે અને આપણા મનનું સમાધાન કરી શકે તે માટે આપણને ગુરૂની જરૂર છે, અને પરમાત્મા સાથે આપણા જીવાત્માની ઓળખાણ કરવાની છે, એ મહાન્ કામ કરી શકે તે માટે આપણને ગુરૂની જરૂર છે.

હવે વિચાર કરો કે, હમણાં આપણે જે ગુરૂઓને ગુરૂ તરીકે માની લીધેલા છે, તે ગુરૂઓ આપણા મનનું સમાધાન કરી શકે તેવા છે કે નહિ? આપણી જીંદગીમાં મીઠાશ ભરી શકે તેવા છે કે નહિ? આપણી તરસ મટાડે તેવા છે કે નહિ? અને આપણે જે રસ્તામાં જવા ઇચ્છીએ છીએ તે રસ્તાના તેઓ પૂરેપૂરા ભોમીઆ છે કે નહિ? એ વાતની તપાસ કરીને પછી તેઓને ગુરૂ બનાવજો. જેની તેની પાસે કાન ફુંકાવી દેશો માં, અને જેની તેની કંઠી બંધાવી લેશો માં, પણ જે કુવામાં પાણી હોય તે કુવામાંજ તમારો ઘડો સીંચજો, એટલે તમને પાણી મળશે. પણ એને બદલે તપાસ કર્યા વિના ઉજ્જડ પડેલા કુવામાં જો તમારો ઘડો સીંચશો તો પાણી મળવું તો બાજુએ રહ્યું પણ ઉલટો ઘડો પણ ફૂટી જશે. માટે ગુરૂ કરતાં પહેલાં બહુજ સંભાળજો, અને જેનામાં ગુરૂ થવાની યોગ્યતા હોય તેનેજ ગુરૂ બનાવજો, એજ અમારી ભલામણ છે.

૧૪–સત્સંગના પ્રકાર. સાચો સત્સંગ ને ખોટો સત્સંગ એવા બે પ્રકારના સત્સંગ છે, તે વિષે.

સત્સંગ એ બહુજ મોટામાં મોટી વસ્તુ છે, એ દુનીઆના દરેક મહાત્માઓનો સિદ્ધાંત છે. તેથી સૌ હરિજનોને સત્સંગ ગમે છે, પણ સત્સંગ બે પ્રકારના છે. એક પ્રકારનો સત્સંગ એવો છે કે, જેમાં કેટલાક હરિજનો મળે છે પણ એ બધા કાંઇ ગમત કરીને પાછા છુટા પડી જાય છે. જેમકે નાચવું, કુદવું,

ગાવું, બજાવવું, કાંઇ વેષ કહાડવા, પરસાદો વ્હેંચવા અને સમયને અનુસરતી ન હોય એવી જુની જુની વાતો સાંભળીને ચાલ્યા જવું તેને પણ કેટલાક લોકો સત્સંગ કહે છે. પણ ખરા ભગતો કહે છે કે, એનું નામ કાંઇ ખરો સત્સંગ કહેવાય નહિ. કારણ કે એવા સત્સંગથી કાંઇ અંતરાત્મા જાગતો નથી. એવા સત્સંગથી કાંઇ પ્રભુની ઓળખાણ થતી નથી. એવા સત્સંગથી કાંઇ અંતરમાં તાલાવેલી ઉઠતી નથી, એવા સત્સંગથી કાંઇ જુની ટેવો ને બુરાં વ્યસનો જતાં નથી, એવા સત્સંગથી કાંઇ મન ઠરતું નથી, એવા સત્સંગથી કાંઇ હૃદયની ગાંઠો તુટતી નથી, એવા સત્સંગથી કાંઇ હૃદયના તાર કંપતા નથી, એવા સત્સંગથી કાંઇ હૃદય વિશાળ થતાં નથી, એવા સત્સંગથી કાંઇ જીવ જાગતો નથી, અને એવા ઢીલાપોચા તથા પોલમપોલવાળા પરસાદીયા સત્સંગથી કાંઇ જ્ઞાનનું કે ભક્તિનું જોર વધતું નથી. માટે એવા જીગરના જોશ વિનાના અને અંતરના ઉમળકા વિનાના તથા સાચી સમજણ વિનાના મેળાવડાઓને ખોટો સત્સંગ કહેવામાં આવે છે. ત્યારે હવે સાચો સત્સંગ કયો? એના જવાબમાં ભગતો કહે છે કે,

જે સત્સંગમાં પોતાના દુર્ગુણો તજવાની વાતો થતી હોય, જે સત્સંગમાં આત્માના બળની વાતો થતી હોય, જે સત્સંગમાં પ્રભુના મહીમાની વાતો થતી હોય, જે સત્સંગમાં પ્રભુના પ્રેમનો પ્રવાહ વહેતો હોય, જે સત્સંગમાં હૃદય ઝુકતું જાય તેવા જ્ઞાનના ખુલાસા થતા હોય, જે સત્સંગમાં નવી વીજળી હોય, જે સત્સંગમાં સાચી લભક હોય, જે સત્સંગમાં બંધનો છુટી ગયેલા મહાત્મા હોય, જે સત્સંગમાં સ્વર્ગના આનંદોનાં વર્ણનો થતાં હોય, જે સત્સંગમાં આત્માના અભયપણાની વાતો સમજાતી હોય, જે સત્સંગમાં માયાના મોહથી બચવાની કુંચીઓ મળતી હોય, જે સત્સંગમાં પ્રભુ સાથે લયલીનતા થતી હોય, જે સત્સંગમાં ભગતોનાં ઉત્તમ ચરિત્રોનાં પકડી શકાય તેવાં વર્ણનો થતાં હોય, જે સત્સંગમાં પાપથી બચવાની કુંચીઓ મળતી હોય, જે સત્સંગમાં વિરહની અગ્નિ જાગતી હોય, જે સત્સંગમાં સ્વાભાવિક ઝમઝમાટ હોય, જે સત્સંગમાં કુદરતી આકર્ષણ હોય, જે

સત્સંગમાં દૈવિ ને આસુરી સંપત્તિનાં વર્ણનો થતાં હોય, જે સત્સંગમાં પ્રભુને હાજરા હજુર સમજીને વાતો થતી હોય, જે સત્સંગમાં જુના સિદ્ધાંતોને નવા રૂપમાં સમજાવવાની કળા હોય, જે સત્સંગમાં સૌનો સરખો દરજ્જો હોય, જે સત્સંગમાં સત્યની ધારા વહ્યા કરતી હોય, અને જે સત્સંગમાં પ્રભુ પોતે પધારતા હોય, તે સત્સંગ સાચો સત્સંગ કહેવાય છે. અને એવા સાચા સત્સંગથીજ ખરો લાભ થાય છે. માટે સત્સંગ કરવા જતી વખત ગમે ત્યાં ચાલ્યા જશો માં, પણ આ બધી વાતો ધ્યાનમાં રાખજો, અને જ્યાં સાચો સત્સંગ થતો હોય, ત્યાં જવાની મહેરબાની કરજો, એજ અમારી વિનંતિ છે.

૧૫–દરેક પ્રસંગે ભગતો બહુ શાંતિ રાખી શકે છે તેનાં કારણો.

વ્યવહારિક લોકોમાં અને ભગતોમાં જે મુખ્ય ભેદ હોય છે તે તેઓની અંતરની શાંતિનો હોય છે. કારણ કે ભગતો જેવી શાંતિ રાખી શકે છે તેવી શાંતિ સામાન્ય સંસારિક માણસો રાખી શકતાં નથી, તેથી તેઓ દુઃખી થાય છે, અને ભગતો શાંતિ રાખી શકે છે માટે તેઓ આનંદમાં રહી શકે છે. ભગતોની શાંતિ જોઇને ઘણાં માણસોને શાંતિમાં રહેવાનું મન થાય છે, પણ એની કુંચી તેઓને મળતી નથી, અને કદી કુંચી મળે તો પણ તેને વાપરતાં આવડતી નથી, તેથી તેઓ શાંતિ રાખી શકતાં નથી. આ વાત બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

અમે જાત્રાએ ગયા હતા ત્યારે ત્યાં એવું જોયું કે, બદ્રીનારાયણના રસ્તામાં જે આનંદ હતો ને જે મુશ્કેલીઓ હતી તે આનંદ ને તે મુશ્કેલીઓ અમને જગન્નાથજીમાં દેખાઇ નહીં, અને જગન્નાથજીમાં દરીયાની જે શોભા હતી તે શોભા અમને બદ્રીનારાયણના રસ્તામાં દેખાઇ નહીં. જગન્નાથજીમાં સૌ સાથે બેસીને જમવાની જે મજા પડી તે મજા અમને દ્વારકામાં પડી

નહીં, અને ખાવા પીવા માટે દ્વારકામાં જેવી સુંદર ને સ્વાદિષ્ટ વસ્તુઓ મળતી હતી તેવી સ્વાદિષ્ટ વસ્તુઓ અમને રામેશ્વરમાં મળી નહીં. એજ પ્રમાણે એક દેશનાં ફળ બીજા દેશમાં ન મળે, એક દેશની હવા બીજા દેશમાં ન મળે, અને ઉતારાની સગવડો તથા ગાડી ઘોડાની સગવડોમાં પણ જુદે જુદે ઠેકાણે ઘણોજ ફેર પડી જતો, છતાં પણ એ બધું અમે ખુશીથી ચલાવી લેતા હતા, અને જ્યાં જેમ હોય તેમ નીભાવી લેતા હતા. એટલુંજ નહીં પણ પ્રતિકૂળ સંજોગોમાંથી પણ આનંદ મેળવતા હતા. જેમકે બદ્રીનારાયણના રસ્તામાં બહુ ટાઢ વાતી ત્યારે એ ટાઢનો અફસોસ નહીં કરતાં ટાઢ મટાડવા માટે ઉલટા ખૂબ ચાલવા મંડતા હતા. વળી એ મુસાફરીમાં કોઇ વખત કોઇ ગામમાં વધારે ખરચ લાગતો અને કોઇ ગામમાં બહુ ઓછું ખર્ચ લાગતું હતું, છતાં પણ અમે અમારી શાંતિ રાખી શકતા હતા. કારણ કે પહેલેથીજ અમને ખબર હતી કે, મુસાફરીમાં આવી મુશ્કેલીઓ તો હોયજ, અને આવી વિરોધતા તો હોયજ એમાં નવાઇ શું? જો એટલું પણ ન ખમી શકાય તો પછી જાત્રા કેમ કરી શકાય? અને જાત્રાના આનંદ કેમ લઇ શકાય? માટે મુસાફરી વખતે એવી એવી અગવડો ભોગવી લેવાની તો ટેવ પાડવીજ જોઇએ. કારણ કે જેને એવી ટેવ પાડતાં આવડે તે દરેક ઠેકાણે સુખી રહી શકે છે.

બંધુઓ! આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે, આ દુનીઆમાં આવવું એ પણ એક પ્રકારની જીવાત્માની મુસાફરી છે. અને યાદ રાખજો કે, મુસાફરીમાં બધે ઠેકાણે કાંઇ બધા પ્રકારની સગવડો હોય નહીં. માટે જ્યાં જેમ હોય તેમ ચલાવી લેતાં અને તેમાંથી આનંદ મેળવતાં શીખવું જોઇએ. પણ ભગતો અને સંસારિક લોકોની વચ્ચે આ ઠેકાણે જે તફાવત પડે છે તે તફાવત એ છે કે ભગતો આ દુનીઆને મુસાફરી સમજે છે તથા ધર્મશાળા સમજે છે, અને સંસારિક લોકો તેને બાપુકાં ઘર સમજે છે, તેથી ભગતો જેમ હોય તેમ ચલાવી લેય છે, ને તેમ છતાં શાંતિમાં રહે છે, અને સંસારીઓને ચલાવી લેતાં આવડતું નથી, તેથી તેઓ ઘણી જાતની સગવડો

હોવા છતાં પણ દુઃખી થયા કરે છે. કારણ કે તેઓ આ દુનીઆને મુસાફરી સમજતા નથી પણ બાપનાં ઘર સમજે છે, અને જાણે અમરપટ્ટો લઇને આવ્યા હોય તેમ વર્તે છે. તેથી તેઓ દુઃખી થાય છે. માટે જો અંતરની શાંતિ રાખતાં શીખવું હોય તો આ જીંદગીને મુસાફરી સમજીને અને દુનીઆને ધર્મશાળા સમજીને ચલાવી લેતાં શીખજો. તથા વિરૂદ્ધ સંજોગોમાંથી પણ આનંદ મેળવતાં શીખજો. એટલે ભગતોની પેઠે તમે પણ અંતરની શાંતિ રાખી શકશો.

૧૬–ભગતોનાં ચિન્હો ધારણ કરવાથી કાંઇ ભગત થઇ જવાતું નથી.

ભગતોનો વેષ લીધેલાં ઘણાં માણસોને આપણે જોઈએ છીએ; પણ તેઓમાં કાંઇ સાચી ભકિત દેખાતી નથી. કારણ કે ભકિતનો વેષ પહેરી લેવો એમાં કાંઇ બહુ મોટી વાત નથી, એ તો બહુ સહેલાઇથી બની શકે તેમ છે, અને લાભેલોભે તો જરૂર એમ થઇ જાય છે. જેમકે, કોઇ લોકો પેટ ભરવા સારૂ ભગતોનાં ચિન્હો ધારણ કરે છે. કોઈ લોકો ભગત ગણાવા સારૂ ભગતોનાં ચિન્હો ધારણ કરે છે, કોઇ લોકો પૂજાવા સારૂ ભકિતનો ડોળ કરે છે, કોઇ માણસો બીજાઓની દેખાદેખીથી ભકિતનાં ચિન્હો ધારણ કરે છે, અને કોઇ માણસો પોતાના ઉપરીને કે પોતાનાં સગાં વ્હાલાંઓને રાજી રાખવા સારૂ ભગતોનો વેષ પહેરીને ફર્યા કરે છે, પણ યાદ રાખજો કે, ભગતોનો વેષ પહેરવાથી કાંઇ સાચી ભકિત આવી જતી નથી. એ વાત ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના સત્સંગમંડળમાં કહેતા હતા કે,

વિલાયતમાં એક ગૃહસ્થને ત્યાં વાંદરો પાળેલો છે. તે વાંદરાને માણસોના જેવી બધી રીતભાત શીખવેલી છે. તેથી એ વાંદરો પાટલુન પહેરે છે, કોટ પહેરે છે, નેકટાઇ બાંધે છે, ટોપી પહેરે છે, માથાના વાળ ઓળે છે, તેમાં તેલ નાંખે છે, અરીસામાં મોઢું જોવે છે, ખુરસી ઉપર બેસે છે, છરીકાંટાથી જમે છે, રાત્રે

ખાટલામાં સૂવે છે, અને બપોરે પોતાના શેઠની સાથે ગાડીમાં બેસીને ઑફીસમાં જાય છે. આ પ્રમાણે માણસોની પેઠે બધું તે વાંદરો કરે છે, છતાં પણ માણસોનાં જેવાં ચિન્હો ધારણ કરવાથી વાંદરો કાંઇ માણસ બની જાય નહીં. વાંદરો એ તો વાંદરોજ, તેમજ ઘણાં માણસો ભગતોનાં ચિન્હ ધારણ કરે છે, એટલે કે ભગતોના જેવી માળાઓ પહેરે છે, ભગતોની પેઠે તિલકો કરે છે, ભગતોની પેઠે પાઠપૂજા કરે છે, ભગતોની પેઠે દેવ-દર્શન જાય છે અને ભગતોના જેવાં લૂગડાં પહેરે છે. આવી રીતે બહારનાં બધાં ચિન્હો ધારણ કરે છે, પણ તેથી કાંઇ અંતરની ભકિત તેઓમાં આવતી નથી. કારણ કે ભગતનો વેષ લઇ લેવો એ જુદી વાત છે, અને અંદરથી ખરેખરા ભગત બની જવું એ જુદી વાત છે. જેમકે,

જે અંદરથી ખરેખરા ભગત થયેલા હોય તેઓનાં નેણ બદલાઈ જાય છે, તેઓનાં વેણ બદલાઈ જાય છે, તેઓની રીતભાત બદલાઇ જાય છે, તેઓના વિચારો બદલાઇ જાય છે, તેઓના સિદ્ધાંતો બદલાઇ જાય છે, તેઓના મિત્રો બદલાઇ જાય છે, તેઓની ભાવનાઓ બદલાઈ જાય છે, તેઓના સંબંધો બદલાઇ જાય છે, અને તેઓનાં હ્રદયો નવાં બની જાય છે. ટુકામાં એજ કે, જે સાચા ભગતો થાય તેઓને નવું જીવન મળી જાય છે. જે સાચા ભગતો થાય તેની આંખોમાં પવિત્રતા આવી જાય છે, જે સાચા ભગતો થાય તેઓની વાણીમાં નવું બળ આવી જાય છે, જે સાચા ભગતો થાય તેઓના ચ્હેરા ઉપર ભક્તિનું તેજ આવી જાય છે, જે સાચા ભગતો થાય તેઓના અંતરમાં આનંદ આવી જાય છે અને જે સાચા ભગતો થાય તેઓને ધીમે ધીમે સાચું જ્ઞાન મળી જાય છે, તથા પ્રભુના પ્રેમનો ઉભરો તેઓના હ્રદયમાંથી છલકાયા કરે .છે આવી સ્થિતિ કયાં? અને વેષ લીધેલી સ્થિતિ કયાં? માટે બંધુઓ! યાદ રાખજો કે, જેમ માણસનાં ચિન્હો ધારણ કરવાથી વાંદરો માણસ બની જતો નથી તેમજ ભગતોનાં બહારનાં ચિન્હો ધારણ કરવાથી કાંઇ અંતરની સાચી ભકિત આવી જતી નથી. માટે ભકિતનાં બહારનાં ચિન્હો ઉપરથીજ ભગતોને ઓળખવાની ભૂલ કરશો માં, પણ તેઓનાં

અંતર સામે જોજો, અને સાચા ભગતોને શોધી તેઓની સેવા ચાકરી થાય તેમ કરજો. કારણ કે આ જુઠાઈનો જમાનો છે, આ વેષધારીઓનો વખત છે, માટે સંભાળીને ચાલજો, અને બહારના વેષજમાં રહી જશો માં, પણ આ અંતરમાંથી સાચા ભગત થવાય તેમ કરજો, એજ મારી ભલામણ છે.

૧૭–સાચા ભગતોને ગરીબડાં અજ્ઞાન માણસો ગમે છે, પણ ખોટા ડોળઘાલુ ભગતો ગમતા નથી.

ભગતોના જીવનમાં ઘણી બાબતોમાં બહુ સચ્ચાઈ આવી જાય છે, તેથી તેઓનાં હૃદય બહુ વિશાળ ને ઉદાર બની જાય છે, એટલે ગરીબોની ઉપર તેઓનો પક્ષપાત થાય છે, તેથી ગરીબોને તેઓ વધારે ચાહે છે. અજ્ઞાનીઓને તેઓ આદરમાન આપે છે, ને તેઓનું જ્ઞાન વધે તેમ કરે છે. દીનતાવાળાઓના તેઓ દાસ બને છે, અને જેઓ થાકી ગયેલા હોય, હારી ગએલા હોય, દુઃખી થઇ ગએલા હોય, અને અમારામાં તો કાંઇ નથી એવી નમ્રતાવાળા હોય, ને તેમ છતાં પોતાની એ બધી નબળાઇ દૂર કરવા માગતા હોય તેવા માણસો ભગતોને બહુ ગમે છે. પણ એને બદલે જે માણસો ભગતોનો ખોટો ડોળ રાખીને ભગતો જેવા થઇને ફરતા હોય, અને પોતાનામાં ગુણ ન હોય, તથા પોતાનામાં બળ ન હોય છતાં પણ ભગત બનીને લોકોને ઠગતા હોય ને તેઓના પૈસા તથા આબરૂ હરતા હોય, અને તેઓને અજ્ઞાનતાના વિચારોમાં રાખી મૂકતા હોય એવા ખોટા ડોળઘાલુ ભગતોને જોઇને સાચા ભગતો તેઓની ઉપર બહુ ચીડાય છે. કારણ કે જે સાચા ભગતો હોય છે તેઓને અસત્ય ગમતું નથી. તેઓને દાંભીકપણું ગમતું નથી. અને તેઓને ચાવવાના દાંત જુદા અને દેખાડવાના દાંત જુદા એવી સ્થિતિ ગમતી નથી. તેથી તેઓ એવા ડોળઘાલુ ખોટા ભગતોથી દૂરના દૂર રહે છે. એવા ભગતોની સાથે તેઓ ચાલતા નથી, એવા દાંભિક ભગતોની સાથે તેઓ દોસ્તી રાખતા નથી, અને એવા મિથ્યાચારવાળા ભગતો તેઓની

સાથે ચાલે એ તેઓને ગમતું નથી. કારણ કે બહારથી જોતાં તેઓ ભગત જેવા હોય છે, પણ અંદરથી જોતાં તેઓ ભગતોના જેવા અંતરના બળવાળા અને સદ્ગુણી હોતા નથી, માટે તેઓ ભગતોને ગમતા નથી. આ વાત દાખલા દલીલોથી સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના મંડળમાં કહેતા હતા કે,

જ્યારે કોઇ મોટા રાજાની સ્વારી નીકળે છે ત્યારે તેમાં હાથીઓની આગળ ઘોડાઓની હારો હોય છે, પણ તે ઘોડાઓને પોતાની આગળ ચાલતા જોઈને હાથીઓ રાજી થાય છે. ઘોડાઓની અદેખાઇ હાથીઓને થતી નથી, કારણ કે હાથી જુએ છે કે, આ બિચારા ઘોડાઓ અમારાથી નાના છે માટે તે મદદને યોગ્ય છે. એટલે હાથીની આગળ ઘોડાઓ ચાલે તેમાં હાથીને ગુસ્સો લાગતો નથી, પણ હાથીની સાથે જ્યારે ઉંટ ચાલવા માંડે ત્યારે તે હાથીને ગમતું નથી, તેથી ઉંટ ઉપર હાથી ચીડાઇ જાય છે. કારણ કે જેટલો હાથી ઉંચો લાગે છે તેટલોજ ઉંટ પણ ઉંચો લાગે છે, પણ હાથીમાં જેવું બળ છે અને હાથીમાં જેવી અક્કલ છે તેવી અક્કલ અને તેવું બળ ઉંટમાં નથી, તેથી ઉંટ હાથોની સાથે ચાલે તે હાથીને ગમતું નથી. તેજ પ્રમાણે જે ગરીબડા અજ્ઞાન ભગતો નાના હોય એટલે કે દીનતાવાળા હોય, તેઓ સાચા ભગતોને ગમે છે, પણ જે બહારના દેખાવમાં ઉંટની પેઠે મોટા લાગતા હોય પણ અંદરથી બળની બાબતમાં અને અક્કલની બાબતમાં “અઢારે અંગ વાંકાં જેવા હોય” તેવા ડોળઘાલુ ભગતો સાચા ભગતોની હારમાં ગણાયા કરે તે એ સાચા ભગતોથી સહન થતું નથી. એટલે સાચા અને ખોટા ભગતો વચ્ચે હમેશાં કલવાશ રહ્યા કરે છે.

આ વાત ઉપરથી સાચા ભગતોની મહત્તા સમજી શકાય છે અને ભગતો કેવા ભલા હોય છે, કેવા ગરીઓના બેલી હોય છે, કેવા દીનતાવાળાના દાસ હોય છે, અને દાંભિકોના કેવા દુશ્મન હોય છે, તે બધું બરોબર સમજી શકાય છે. માટે હે હરિજનો! જો તમારે સાચા ભગતોના વ્હાલા થવું હોય તો જેમ બને તેમ સત્યતાવાળા, દીનતાવાળા, પ્રભુપ્રેમવાળા, અને અંતરના બળવાળા થજો,

એટલે તમે ભગતોના વ્હાલા થઇ શકશો. પણ એને બદલે જો ડોળ ઘાલુપણામાં રહી જશો, બહારથી ભક્તિનાં ચિન્હ ધારણ કરવાં અને અંદરથી પોલાણ રાખવું એવી સ્થિતિના થઇ પડશો, અને અઢારે અંગ વાંકાં રાખીને આડંબરમાં ઉંટની પેઠે ઉંચા થઇ પડશો તો એ કાંઇ હાથીઓને ગમવાનું નથી, ને એથી કાંઇ ફાયદો પણ થવાનો નથી, પણ ઉલટું ઘણુંજ નુકસાન થશે. એ વાત યાદ રાખજો, અને એવી ભૂલ ન થાય માટે જેમ બને તેમ ચેતીને ચાલજો. એજ અમારી ભલામણ છે.

૧૮–શિષ્યોએ પોતાના ગુરૂને કહેવું જોઇએ કે, મહારાજ! બીજું બધું તો ઠીક છે પણ હવે તો અમને પાપના બંધનમાંથી છોડાવવાની કૃપા કરો.

એક બહુ ભલો માણસ હતો. તે વારંવાર જુદા જુદા કેદખાનામાં જતો હતો અને કોઇ દિવસે કેદીઓને સારી સારી મીઠાઇ ખાવા માટે આપતો, કોઇ દીવસ કેદીઓને જરૂર જેટલાં કપડાં આપતો, કોઇ વખત કેદીઓને વાંચવા જેવાં પુસ્તક આપતો, અને કોઇ વખત કેદીઓને જરૂરની દવા આપતો હતો. એ શિવાય કેદીઓના બંધનો ઢીલાં થાય અને તેઓને થોડા કલાક કામ કરવું પડે એવા ઉપાયો પણ તે ભલો માણસ કરતો હતો. મતલબ કે કેદીઓને આરામ મળે અને તેઓ પોતાનાં દુઃખો ભૂલે એવા દરેક ઉપાયો તે પરમાર્થી સજ્જન કરતો હતો. એ પછી એક દિવસ તેણે એ કેદીઓને પુછ્યું કે, આ શિવાય બીજું કાંઇ તમને જોઇએ છે? ત્યારે તે કેદીઓએ કહ્યું કે, ખાવું, પીવું, લૂગડાં લત્તાં, પુસ્તકો અને દવા એ તો બધું ઠીક છે, પણ હવે તો અમને આ કેદખાનામાંથી છોડાવવાની કૃપા કરો. કારણ કે કેદખાનામાં રહીને કોઇ કોઇ દિવસ કાંઇ ખાવા પીવાનું જરાતરા સુખ ભોગવવું એ કાંઇ ખરૂં સુખ નથી, ખરૂં સુખ તો બંધનમાંથી સાવ છુટીએ ત્યારેજ થાય છે.

આ દાખલો આપીને એક ભક્તરાજ મહારાજ પોતાના મંડળના હરિજનોને એમ સમજાવતા હતા કે, એક સંત હતા. તે બહુ ગુણી

હતા અને શાસ્ત્રનો ને સાહિત્યનો તેમને બહુ શોખ હતો, તેથી તેઓ નવી નવી જાતના ચમત્કૃતિવાળા શ્લોકો પોતાના શિષ્યોની પાસે બોલતા, અને તેના જુદા જુદા અર્થ સમજાવીને લોકોને રીઝવતા હતા. વાલ્મિક, વ્યાસ, કાળીદાસ, માઘ, ભવભૂતિ, બાણુ વીગેરે જુના કવિઓનાં કાવ્યની ખુબીઓ સમજાવતા હતા. ચમત્કારિક દૃષ્ટાંતો આપીને લોકોને હસાવતા હતા, અને જુનાં તથા નવાં સાહિત્યમાંથી વીણી કાઢેલા ટુચકાઓ પ્રસંગોપાત ફેંકયા કરતા હતા, તેથી સાંભળનારા લોકો રાજી રાજી થઇ જતા હતા. એ પછી એક દિવસ એક હરિજને તે ગુરૂ મહારાજને કહ્યું કે, મહારાજ ! આપ અમને જે માલ પીરસો છો તે બહુજ સરસ છે, એમાં કાંઇ શક નથી, એથી અમને બહુ આનંદ થાય છે, પણ તેમ છતાં મહારાજ! હવે તો અમને એ કરતાં કાંઇક વધારે જોઇએ છે. હવે તો અમારાં બંધનો દૂર થાય તેવી અમારી ઉપર કૃપા કરો. અમારાં પાપ દૂર થાય એવો ઉપદેશ અમને આપો, કારણ કે પાપને લીધેજ બધી જાતનાં બંધનો છે, અને બંધનોને લીધેજ બધી જાતનાં દુઃખો છે, તથા બંધનોને લીધેજ જન્મ મરણનાં દુઃખો છે. માટે હવે તો અમારાં પાપ કપાય તેવા ઉપાય અમને બતાવો. સાહિત્યનો આનંદ તો બહુ ચખાડયો, એ મીઠાઇ તો ખૂબ ખવરાવી, હવે તો અમારાં બંધનો કપાય તેમ કરો.

બંધુઓ ! આજ પ્રમાણે તમે પણ જ્યારે સત્સંગમાં જાઓ ત્યારે રમુજી વાતો સાંભળીને રાજી થયા કરવામાંજ રહી જશો માં, પણ પાપ ઓછાં થાય એવા ઉપાયો શોધવાની તજવીજ કરજો. કારણ કે બહારનાં બીજાં બધાં જે કાંઇ સુખો છે તે તો ઉપલકીયાં છે, અને જરાક વારનાં છે, પણ પાપ જવાથી અંતરમાં જે આનંદ આવે અને જે શાંતિ મળે તેની ખુબી કાંઇક ઓરજ છે. એટલુંજ નહીં પણ બધી જાતનાં બંધનોનો સંબંધ એક પાપની સાથેજ છે. જો પાપ નીકળી જાય તો બધી જાતનાં બંધનો પોતાની મેળેજ તુટી જાય છે. માટે જે જે મહાત્માઓને મળો, જે જે ભગતોને મળો, જે જે સાધુઓને મળો, અને જે જે જ્ઞાનીઓને મળો તેઓની પાસે એવીજ પ્રાર્થના કરજો કે, અમારાં પાપ દૂર થાય અને અમારાં બંધનો કપાય એવી અમારી ઉપર કૃપા કરો.

એ પ્રમાણે જો માગણી કર્યા કરશો અને એવી ભાવના રાખ્યા કરશો તો ધીમે ધીમે પાપ ઓછાં થઇ જશે, અને બંધનો કપાતાં જશે, તેથી ભકિત વધતી જશે, અને અંતરનો આનંદ તથા સંતોષ મળી શકશે. માટે પાપ કપાય તેવી તજવીજ કરજો. પાપ કપાય તેવી તજવીજ કરજો.

૧૯–ભગતોની ખરી ખુબી દુઃખના વખતમાંજ દેખાય છે, સુખના વખતમાં તેની કીંમત સમજાતી નથી.

એક મહાત્મા એમ કહેતા હત કે, આકાશમાં જે તારાઓ હોય છે તેની શોભા રાતને વખતે દેખાય છે. દિવસે સૂર્યના તેજમાં કાંઇ તારાની ખુબી દેખાય નહીં. તેમજ ભગતોની ખુબી પણ સુખના વખતમાં સમજાતી નથી, પણ દુઃખને વખતેજ ભગતોની ખુબી માલમ પડે છે અને તેમનો મહિમા સમજાય છે. કારણ કે સુખ છે તે દીવસ છે, અને દુઃખ છે તે રાત્રી છે.

બંધુઓ ! સુખ તો સૌને ગમે પણ દુઃખમાં ટકી રહેવું અને દુઃખ વખતે પણ પોતાના ધર્મો બરોબર રીતે પાળવા એજ ખુબીની વાત છે. દુનીયાં બધી જ્યારે દુઃખથી કાયર થઇ જાય છે, નાનાં નાનાં દુઃખોનાં પણ રોદણાં રોયા કરે છે, અને નવાણું સુખ હોય ને માત્ર એકજ દુઃખ હોય તોપણ એ એક દુઃખને સારૂ નવાણું જાતના સુખમાંથી પણ સુખ લઇ શકતાં નથી, એવા દુનીઆદારીનાં માણસો હોય છે. એટલે એવાં માણસો દુઃખ વખતે હારી જાય, રોય, પછાડા મારે, અને કલ્પાંત કરી મૂકે તેમાં કાંઇ નવાઇ નથી, પણ નવાઇ તો એજ છે કે એવા ભયંકર દુઃખના વખતે પણ ભગતો દુઃખ સહન કરી શકે છે, એટલુંજ નહીં પણ દુઃખમાં ઉલટા વધારે પ્રકાશે છે અને વધારે શોભે છે. એજ ભગતોની ખુબી છે.

ઘણાંએ માણસો એવાં અભાગ્યાં હોય છે કે, તેઓ સુખમાં પણ શોભી શકતાં નથી, સુખ ભોગવતાં પણ તેઓને આવડતું નથી,

તેથી ઘણા પ્રકારનાં સુખ હોય છતાં પણ તેઓ હમેશાં દુઃખી દેખાયા કરે છે, અને એરંડીયું પીધા જેવું મોઢું કરીને ફર્યાં કરે છે. તેને બદલે દુઃખને વખતે પણ આનંદમાં રહેવું અને દુઃખની જરાએ દરકાર કરવી નહીં, એટલુંજ નહીં પણ કાંઇક મોટાં સુખને માટેજ દુઃખ આવેલું છે એમ સમજીને પોતાની ઉપર દુઃખ આવવા માટે પણ પ્રભુનો ઉપકાર માનનારા ભગતોનાં દીલ કેવાં વિશાળ હશે? અને પ્રભુ પ્રેમથી કેવાં ભરપૂર હશે? એનો જરા ખ્યાલ તો કરો?

ભગતો વ્યવહારિક લોકો કરતાં ઘણાજ ઉંચા છે, એનું કારણ હવે તમને સમજાયું કે નહીં? મતલબ કે સંસારિક લોકો સુખમાં પણ શોભી શકતા નથી ત્યારે ભગતો દુઃખમાં ખાસ ચાહીને વધારે શોભી શકે છે. કારણ કે સુખના વખતમાં ભગતો ઠંડા રહે છે. સુખના વખતમાં ભગતો પોતાનું ઘર પકડીને બેસી રહે છે, સુખના વખતમાં ભગતો શાંતિવાળા બની જાય છે, અને સુખના વખતમાં ભગતો વિચારી વિચારીને પગલું ભરનારા બની જાય છે. કારણ કે સુખથી તેઓ ડરે છે. સુખમાં અનેક પ્રકારના મોહ રહેલા હોય છે, માટે સુખને તેઓ બહુ સંભાળી સંભાળીને વાપરે છે. પણ દુઃખને વખતે સાચા ભગતોમાં નવી તેજી આવી જાય છે. દુઃખને વખતે તેઓના બળના દરવાજા ઉઘડી જાય છે. દુઃખને વખતે તેઓની સહનશીલતાની કસોટી થાય છે, દુઃખને વખતે તઓની ઉપરના ઘણા પડદા નીકળી જાય છે, અને દુઃખને વખતે તેઓના પ્રભુપ્રેમનો નીસો વધી જાય છે. તેથી એ વખતે તેઓની ખુબી કાંઇક જુદાજ પ્રકારની બની જાય છે. એટલે તેઓ દુઃખમાં વધારે વધારે શોભી શકે છે.

બંધુઓ! તમને ખબર હશે કે ભકતરાજ નરસીંહ મહેતા, મહાત્મા તુકારામજી, ગોસ્વામી તુલસીદાસજી, મીરાંબાઈ, કબીરજી અને બીજા ઘણાએ ભગતો સુખને વખતે જેવા શોભતા હતા તે કરતાં દુઃખને વખતે ઘણાજ વધારે પ્રકાશીત થયા હતા. કારણ કે ભકતો તે આકાશમાં રહેલા તારા જેવા છે, અને તારાઓની ખુબી તો રાતેજ સમજાય છે, તેમજ ભગતોની ખુબી પણ દુઃખને વખતેજ સમજાય છે. માટે જો સાચા ભગત થવું હોય, તો દુઃખથી કાયર થશો માં, દુઃખથી દીલગીર થશો માં, અને

દુઃખથી દબાઇ જશો માં, પણ દુઃખ વખતે પણ પરમકૃપાળુ પરમાત્માનો ઉપકાર માનવાનું મન થાય એવી સ્થિતિ અનુભવજો એજ અમારી ભલામણ છે.

૨૦—ભક્તિને ભગતો કેવી સમજે છે? અને સંસારીઓ કેવી સમજે છે? તેનો ખુલાસો.

ભક્તિ એવી અમૂલ્ય વસ્તુ છે કે તે સૌને કુદરતી રીતેજ બહુ ગમે છે. તેથી ભગતો પણ ભકિત કરે છે અને સામાન્ય લોકો પણ ભકિત કરે છે, પણ એ બન્નેની ભકિતમાં બહુ તફાવત હોય છે. ભગતો ભકિતને પોતાના શરીરની ચામડી જેવી સમજે છે અને એ પ્રમાણે વરતે છે, એટલે શરીરની ચામડી જેમ શરીરથી જુદી પડી શકે નહીં, તેમ તેઓની ભકિત પણ તેઓના અંતઃકરણથી જુદી પડી શકતી નથી. એ શિવાય આપણા શરીરની ચામડીને કાંઇ ઇજા થાય તો તુરતજ આપણને દુઃખ થાય છે, તેમજ સાચા ભગતોની ભકિતને કાંઇ ઇજા થાય અગર તેમાં કાંઇ વિઘ્ન આવે તો તેઓને પણ દુઃખ થાય છે. મતલબ કે આપણા શરીરની જીવતી ચામડી સાથે જેવો આપણો સંબંધ છે તે કરતાં પણ ભગતોને પોતાની ભકિતની સાથે વધારે સંબંધ હોય છે. હવે સંસારિક લોકોની ભકિત કેવી હોય છે તે આપણે જોઇએ. એ માટે એક ભકતરાજ મહારાજ એમ કહેતા હતા કે,

પાઘડી, પછેડી, ડગલો વીગેરે કોઇ કોઈ વખત કામ લાગે તેવાં લૂગડાં આપણે પાંહરીયે છીએ અને જરૂર ન હોય ત્યારે એ લુગડાંને શરીર ઉપરથી ઉતારીને પાછાં ખીંટી ઉપર મૂકીએ છીએ કે કબાટમાં મૂકીએ છીએ. તેમ સામાન્ય લોકોની ભકિત પાઘડી, અંગરખો, પછેડી, કે કોઈ કોઇ દિવસ જરાક વાર પહેરવાની સાડી જેવી હોય છે. મતલબ કે જયારે કાંઇ ઓચ્છવ હોય ત્યારે તેઓમાં ભકિત આવી જાય છે, જયારે શ્રાદ્ધ, મકરસંક્રાત, ગ્રહણ, વીગેરે પર્વણીના દિવસો હોય ત્યારે જરાક વાર તેઓમાં ભકિત આવી જાય છે. જયારે કોઇ મોટા ગુરૂ પધારેલા હોય ત્યારે થોડોક વખત

તેઓમાં ભક્તિ આવી જાય છે, જ્યારે મંદીરોમાં કે તીર્થોના સ્થળમાં જાય ત્યારે તેઓમાં જરાક વાર ભક્તિ આવી જાય છે અને જ્યારે હરિકથામાં કે સત્સંગમંડળમાં જાય ત્યારે તેઓમાં થોડો વખત ભક્તિ આવી જાય છે, પણ એ પ્રસંગ વીતી જાય એટલે પછી ભક્તિને કોઇ ખુણા ઉપર મૂકી દેય છે. મતલબ કે જેમ ડગલો ઉતારીને ખીંટી ઉપર મૂકી દેવાય છે તેમજ તેઓ પોતાના ભક્તિના વિચારોને અને ભક્તિનાં આચરણોને બાજુએ મૂકી દેય છે. એ વખતે અંતઃકરણના કોઇક અંધારા ખૂણામાં ભક્તિ બિચારી પડેલી હોય છે, કારણ કે તેઓની ભક્તિ બહારનાં લૂગડાં જેવી છે, કાંઇ શરીરની ચામડી જેવી નથી.

ભગતોની ભક્તિ તેઓને મનમાનતાં ફળ આપી શકે છે, અને સામાન્ય લોકોની ભક્તિ તેઓને મનમાનતાં ફળ આપી શકતી નથી, એનું કારણ હવે તમને સમજાયું કે નહીં ? અને સાચા ભગતોમાં તથા સંસારિક લોકોમાં કેટલો બધો તફાવત છે? એ વાત પણ તમોને સમજાણી કે નહીં ? બંધુઓ ! યાદ રાખજો કે, જ્યાં સુધી ભક્તિને બહારનાં લૂગડાં જેવી રાખી મૂકશો ત્યાં સુધી તમારી તે ભક્તિ તમને આનંદ આપી શકશે નહીં, ત્યાં સુધી તમારી તે ભક્તિ તમને શાંતિ આપી શકશે નહી, ત્યાં સુધી તમારી તે ભક્તિ તમારા મનના ખુલાસા કરી શકશે નહીં, ત્યાં સુધી તે ભક્તિ તમને મોક્ષના માર્ગમાં લઇ જશે નહીં, અને ત્યાં સુધી તે અધૂરી ભક્તિ, તે માત્ર નામની ભક્તિ, તે બહારની ભક્તિ, તે ઉપલકીયા ભક્તિ, અને તે અંતરમાંથી તાળી લાગ્યા વિનાની ભક્તિથી કાંઇ તમે ઈશ્વરી આનંદ ભોગવી શકશો નહીં. એ બધું થવા માટે તો ભક્તિને કપડાં જેવી નહીં પણ શરીરની ચામડી જેવી બનાવવી જોઇએ. ત્યારેજ તેનો ખરો લાભ મળી શકે. માટે બંધુઓ ! આ બે જાતની ભક્તિમાંથી તમારામાં હજી કઇ જાતની ભક્તિ છે? તેનો વિચાર કરજો, અને કઇ જાતની ભક્તિ હોવી જોઇએ ? તેનો પણ ખ્યાલ કરજો. અને પછી જેમ યોગ્ય લાગે તેમ વરતજો, એજ અમારી ભલામણ છે.

૨૧–ભકિતના પ્રકાર. આપણે માત્ર પ્રભુ પાસે કાંઇ ને કાંઇ માગ્યા કરવાનીજ ભકિત જાણીએ છીએ.

એક જાત્રાના સ્થળમાં કોઇ બહુ મોટો પંડિત ગયો, ત્યારે ત્યાંના ગોર લોકો એ પંડિત પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, અમે ચતુર્વેદી બ્રાહ્મણ છીએ, અમે સૌથી ઉંચામાં ઉંચા બ્રાહ્મણ છીએ. અમને બીજા કોઇ બ્રાહ્મણના હાથનું ખપે નહીં, વીગેરે ઘણી વાતો કરી. ત્યારે એ પંડિતજીએ કહ્યું કે, બ્રાહ્મણોનાં લક્ષણો શું ? અને જે ખરા બ્રાહ્મણો હોય તેઓની કામગીરી શું, એ તમે જાણો છો ? ત્યારે તે ગોરે કહ્યું કે, જમના મૈયાના પ્રતાપથી એ બધું જાણવાની કાંઇ જરૂર પડતી નથી. જજમાનો માલ ખવરાવે છે તે ખાઇએ છીએ, ભાંગ પીએ છીએ, કુસ્તી કરીએ છીએ, અને જજમાનોની જે બોલાવીએ છીએ. બાકી બીજું કાંઇ વધારે અમે જાણતા નથી. તમે મોટા પંડિત છો માટે બ્રાહ્મણોના ધર્મ જાણતા હશો, તે કહો તો કાન પવિત્ર થાય, અને પાછો તમારા જેવો કોઇ માણસ પૂછે કે, બ્રાહ્મણના ધર્મ શું છે? તો જવાબ દેવા કામ લાગે.

ત્યારે તે પંડિતે કહ્યું કે, વિદ્યા ભણવી ને જ્ઞાન મેળવવું એ બ્રાહ્મણોનું પહેલું કામ છે. બીજા માણસોને વિદ્યા ભણાવવી ને ધર્મનું જ્ઞાન આપવું એ બ્રાહ્મણોનું બીજું કામ છે. પોતાનો સ્વાર્થ તજીને પ્રભુને અર્થે યજ્ઞ કરવા એ બ્રાહ્મણોનું ત્રીજું કામ છે. પોતાના યજમાનો પાસે તથા બીજા લોકો પાસે યજ્ઞ કરાવવા એ બ્રાહ્મણોનું ચોથું કામ છે. દાન આપવું એ બ્રાહ્મણોનું પાંચમું કામ છે, અને જરૂરને વખતે કે આફતને વખતે અગર વિદ્યાર્થી અવસ્થામાં દાન લેવું એ બ્રાહ્મણનું છઠું કામ છે. આવી રીતે છ જાતની કામગીરી બ્રાહ્મણોને માથે છે. તમે બહુ ઉંચા બ્રાહ્મણો છો અને તીરથના ગોર છો માટે તેમાંથી તમે કેટલાં કામો કરો છો, એ કહેવાની કૃપા કરો.

ત્યારે તે ગોરે કહ્યું કે, અમારે ત્યાં ભણવાની રીત નથી. જમના મયાના પ્રતાપથી ખાવાનું મળ્યા કરે છે એટલે ભણવાની ઉપાધી

તે કોણ કરે ? હમણાં થોડાં વરસ થયાં કોઇ કોઇ છોકરાઓ ભણે છે, બાકી અમારા વખતમાં કોઇ ભણતું નહીં, એટલે હું પણ ભણેલો નથી, ત્યારે બીજાને તો ક્યાંથીજ શીખવી શકું ? માટે એ બે વાતમાં મીંડું છે. તેમજ યજ્ઞ કરતાં કે કરાવતાં પણ આવડતું નથી, એટલે એ બે કર્મ પણ અમારાથી બનતાં નથી. બાકી રહી દાન આપવાની ને દાન લેવાની વાત, તેમાં દાન આપવાની વાતમાં પણ અમે સમજતા નથી, કારણ કે દાન આપવું એ શ્રીમંતોનું કામ છે ને એ યજમાનોનું કામ છે, ને અમે તો ગોર છીએ, માટે કોઇ ભૂલેચૂકે અમારે ઘેરે માગવા આવે તો બાયડી કે છોકરાંઓ જે હાજર હોય તે કહી દે કે, "આ બ્રાહ્મણનું ઘર છે," એટલે સૌ ચાલ્યા જાય, તેથી દાન આપવાની બાબત પણ અમારાથી બનતી નથી. અમે તો માત્ર બ્રાહ્મણપણાનું એકજ કર્મ જાણીએ છીએ અને તે એ કે, દાન લેવું લેવું ને લેવું. માગીને પણ લેવું, તાણ કરીને પણ લેવું, અને ધમકી દઇને તથા નાનકડો કજીયો કરીને પણ લેવું; એટલી વાત અમે જાણીએ છીએ.

આ દાખલો આપીને એક સંત પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે, ભાઇઓ બ્રાહ્મણપણાના છ અંગોમાંથી માત્ર એકજ અંગ જેમ ઘણા બ્રાહ્મણોએ પકડી રાખેલું છે અને તેમ છતાં તેઓ પોતાને ઉંચા બ્રાહ્મણ ગણાવ્યા કરે છે, તેમજ ઘણા ભગતો પણ એવા હોય છે કે, ભક્તિનાં ઘણાં અંગોમાંથી તેઓ માત્ર કેટલાક તીર્થગોરોની પેઠે એકજ અંગ જાણે છે, અને તે એજ કે, કાંઇ ને કાંઇ પોતાની જરૂરની વસ્તુ પ્રભુ પાસે વારંવાર માગ્યા કરવી. જેમ કે, હે ભગવાન્ ! મને ધન આપો. હે પ્રભુ ! મારાં છોકરાં છૈયાં સુખી રહે તેમ કરો. હે નાથ ! મારો રોગ મટી જાય તેમ કરો. હે પ્રભુ ! મારી લાજ રાખજો. હે નાથ ! મારૂં આયુષ્ય વધારજો. હે પ્રભુ ! મને મારા ધંધા રોજગારમાં ફત્તેહ આપજો. હે પ્રભુ ! મારૂં કુટુંબ વૃદ્ધિ પામે ને આબાદ થાય તેમ કરજો. અને હે પ્રભુ ! મારા દુશ્મનોનો નાશ થાય તેમ કરજો. આવી રીતે વારંવાર કાંઇ ને કાંઇ માગ્યાજ કરે છે. મંદિરોમાં જાય ત્યાં પણ એજ પ્રાર્થના, તીરથોમાં જાય ત્યાં પણ એજ માગણી અને કોઇ સારો સાધુ સંત મળે તો તેની પાસે પણ એજ માગણી

કર્યા કરે, અને આવી સ્થિતિને તેઓ ભકિત સમજ્યા કરે છે!! પણ જેમ તીરથના કેટલાક ગોરો દાન માગવા શિવાય બ્રાહ્મણપણાનાં બીજાં કર્મ જાણુતા નથી, કે કરતા નથી, તેમજ આવા ભગતો પણ ભગવાન્ પાસે કાંઇ ને કાંઇ માગ્યા કરવું એ શિવાય ભકિતનાં બીજાં અંગો જાણુતા નથી અને તેમ છતાં તેઓ પોતાને ભગત સમજ્યા કરે છે. એવી ભૂલ ન થાય માટે ભકિતનાં બીજાં અંગો પણ જાણી લેવાં જોઇએ. એ માટે ભગતો કહે છે કે,

ભગવાનની ઇચ્છાને આધીન થવું અને પોતાની સ્થિતિમાં આનંદથી રહેવું એ ભકિતનું એક અંગ છે. ખાતાં, પીતાં, સુતાં, બેસતાં, ઉઠતાં, રમતાં, ભમતાં, અને કામકાજ કરતાં દરેક બાબતમાં પ્રભુનો ઉપકાર માનવો એ ભકિતનું એક અંગ છે. મનને રોકવું, ઇંદ્રિઓ વશ રાખવી, અને પોતાના સ્વાર્થને જીતવો એ ભકિતનું એક અંગ છે. પ્રભુને ખાતર શરીરનાં તથા મનનાં કષ્ટો સહન કરીને તપ કરવું ને તેમાંથી કાંઇક રૂડાં પરિણામો નીપજાવવાં એ ભકિતનું એક અંગ છે. ભગવાનના ભકતોની સેવા કરવી, તેઓને જરૂરને વખતે મદદ કરવી, અને તેઓને પગલે પગલે ચાલવું એ ભકિતનું એક અંગ છે. લાયક ખાતાંઓમાં કે લાયક માણસોને પ્રસંગોપાત સમજણપૂર્વક દાન આપવું એ ભકિતનું એક અંગ છે. પ્રભુના પવિત્ર નામનું સ્મરણ કરવું એ ભકિતનું એક અંગ છે. વેદ, ઉપનિષદ્, ગીતા વીગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરવો એ ભકિતનું એક અંગ છે. અને દૈવી તથા આસુરી સંપત્તિની માનસીક લડાઇ લડવી અને તેમાં દૈવી સંપત્તિની જીત થાય તેમ કરવું એ ભકિતનું એક અંગ છે. આવી રીતે ભકિતનાં ઘણાં અંગો છે, પણ એ બધાં અંગો સામે જોતા નથી, કે તેમાંના થોડાં અંગો પણ પાળતા નથી, પણ માત્ર પોતાના સ્વાર્થની વાતો પ્રભુ પાસે માગ્યા કરવી એટલી એકજ વાત પાળે છે. તે ભગતોને કેવા સમજવા? એનો જરા ખ્યાલ કરજો, અને એવી સ્વાર્થનીજ ભકિતમાં ન રહી જવાય એ સંભાળજો.

૨૨–પીપ જેવા ભગતો વિષે.

ભગતોનો મહીમા જેમ મોટો છે તેમ ભગતોના પ્રકાર પણ ઘણા છે. એ બધા પ્રકાર જો જાણી લીધા હોય તો આપણે કઇ જાતના ભગત છીએ તે આપણને ખબર પડે છે. માટે આપણા પંડના સુધારા સારૂ ભગતોના પ્રકાર જાણી લેવા જોઇએ. એ માટે એક ભકતરાજ મહારાજ પોતાના સત્સંગીઓને એમ કહેતા હતા કે,

કેટલાક ભગતો પીપ જેવા હોય છે. પીપની બનાવટ એવી છે કે, તેને જે બાજુ દોડાવીએ તે બાજુ ઢળી પડે છે. તેમજ કેટ-લાક માણસો એવા હોય છે કે, તેઓને જ્યારે કોઇ જરા મજબૂત ગુરૂ મળી જાય છે અગર કાંઇ સારી સોબત મળી જાય છે કે વ્યવહારીક કોઇ કારણસર મનને ધક્કા લાગી જાય છે ત્યારે તેઓ ભકિતના પૂરમાં પડી જાય છે, એટલે એ વખતે જો આપણે તેઓને જોયા હોય તો એમ લાગે કે, આ તો બહુ ભારે ભગત છે. પણ તેઓનો એ વેગ થોડા વખત માટેજ હોય છે. એ પછી જ્યારે સંજોગો બદલાય અને કોઇ નવા મિત્રો મળી જાય ત્યારે તેઓ પાછા સંસાર તરફ ગબડી પડે છે. એ વખતે તેઓ પાછા સંસારિક કામકાજોમાં એટલા બધા લુબ્ધ થઇ જાય છે કે, એ જોઇને આપણને આશ્ચર્ય લાગ્યા વિના રહે નહીં. વળી વરસ બે વરસ પછી જ્યારે તેઓને બીજા કોઇ હરિજનો મળી જાય ત્યારે તેઓ પાછા એ તરફ ઝુકી જાય છે, જાત્રાએ નીકળી પડે છે, અને મહિ-નાઓના મહિનાઓ સુધી બહાર ફર્યા કરે છે. એ વખતે ઘર કયાં પડયું છે? ને ધંધા રોજગારના શું હાલ થયા છે? તેની તેઓ દરકાર રાખતા નથી. એવી સ્થિતિ થોડો વખત ભોગવ્યા પછી વળી જ્યારે લગ્ન વિવાહના પ્રસંગો આવી પડે, અગર સગાવ્હાલાંમાં મરણ થઇ જાય ત્યારે તેઓ પાછા એટલા બધા વ્યવહારમાં ખુંચી જાય છે કે, તેઓની ભકિત કયાં ઉડી ગઇ? એ વિચારવું મુશ્કેલ થઇ પડે છે. આવી રીતે કોઇ વખત સંસારમાં ઝુકી જાય છે અને કોઇ વખત ભકિતમાં ઝુકી જાય છે. અને તે બંને બાજુમાં થોડો વખત બહુ જોરથી ઘુસી જાય છે, પણ યાદ રાખજો કે આવા ઢંગધડા વગરના માણસોથી કાંઇ સાચી ભકિત થઇ શકતી

નથી. માટે આવા ભગતોને સંતો પીપ જેવા ગબડી પડનારા ભગતો કહે છે.

બંધુઓ ! ભક્તિની ખરી ખુબી એ છે કે, ભલે ધીમે ધીમે પણ તેનો અખંડ તાર ચાલ્યા કરવો જોઇએ. વચમાં વચમાંથી એ તાર તૂટી જવો જોઇએ નહીં. મતલબ કે, જીંદગીના છેડા સુધી ભક્તિ થાય તેમ કરવું જોઇએ. વચમાં વચમાં મૂકી દેવાય તે ભક્તિ કાંઇ ફળીભૂત થઇ શકતી નથી માટે સમજણપૂર્વક ભક્તિ થાય અને એક સરખી રહેણીકરણી રહે તેમ કરવું જોઇએ. એજ સૌ ભગતોની સલાહ છે અને એમાંજ શ્રેય છે. માટે પીપ જેવા ભગત ન રહી જવાય એ સંભાળજો.

૨૩–માત્ર મંદિરોમાંજ નહીં પણ હવે તો અમને સૌ ઠેકાણે ભક્તિ જોઇએ છે.

ઘણા માણસો એવા હોય છે કે, તેઓ મંદીરોમાં જાય એટલો વખત ભગત રહી શકે છે, કેટલાક માણસો પોતાની ભજન કરવાની ઓરડીમાં બેસે એટલો વખત ભગત હોય છે. કેટલાક માણસો કોઇ હરિજનોની સોબતમાં હોય એટલો વખત ભગત રહે છે. અને કેટલાક માણસો જ્યારે ધર્મનાં પુસ્તકોનો પાઠ કરતા હોય ત્યારે તેઓમાં ભક્તિ દેખાય છે; પણ એ પછી જ્યારે તેઓ સંસાર વ્યવહારના કામકાજમાં લાગે ત્યારે તેઓની ભક્તિ ઉડી જાય છે પણ યાદ રાખજો કે એવી અમુક ઠેકાણાની ભક્તિથીજ કાંઇ ખરે-ખરૂં કલ્યાણ થઈ જતું નથી, પણ કલ્યાણ થવા માટે તો દરેક ઠેકાણે અને દરેક પ્રસંગોએ હમેશાં ભક્તિ રાખવાની જરૂર છે. જેમ કે,

હવે તો આપણને રેલ્વેમાં બેસીએ ત્યાં પણ ભક્તિ જોઈએ છે. વીમાવાળાઓની સાથે ભક્તિ જોઇએ છે, દુકાનોમાં ભક્તિ જોઇએ છે, કોરટોમાં ભક્તિ જોઈએ છે, સ્મશાનોમાં ભક્તિ જોઇએ છે, આભડવા જવામાં ભક્તિ જોઇએ છે, નાતો જમાડવામાં તથા જમવામાં

ભકિત જોઇએ છે, ડાકટરો સાથે ભકિત જોઇએ છે, બજારોમાં ભકિત જોઇએ છે, દુઃખને વખતે ભકિત જોઇએ છે, મંદવાડમાં ભકિત જોઇએ છે, વીશીઓમાં ખાવા પીવામાં ભકિત જોઇએ છે, નોકરો સાથે ભકિત જોઇએ છે, ઘરના ભાડુતો સાથે ભકિત જોઇએ છે, પાડોશીઓ સાથે ભકિત જોઇએ છે, અમલદારો સાથે ભકિત જોઇએ છે, સ્કુલોમાં ભકિત જોઇએ છે, કુટુંબમાં ભકિત જોઇએ છે, ભાડુતી ગાડીવાળાઓ સાથે ભકિત જોઇએ છે, કારખાનાઓમાં કામ કરતા મજુરો સાથે ભકિત જોઇએ છે, વૃદ્ધો સાથે ભકિત જોઇએ છે, સદ્‌ગુરૂઓ સાથે ભકિત જોઇએ છે, વખતના ઉપયોગની સાથે ભકિત જોઇએ છે, નાટકોમાં ભકિત જોઇએ છે, સીનોમેટોગ્રાફમાં ભકિત જોઇએ છે, સરકસોમાં ભકિત જોઇએ છે, ગ્રામોફોનમાં ભકિત જોઇએ છે, સ્ત્રીઓની સાથેની વર્તણુંકમાં ભકિત જોઇએ છે, બાલકોની સાથે ભકિત જોઇએ છે, ફરવા જવાના મેદાનોમાં ભકિત જોઇએ છે, મેળાઓમાં ભકિત જોઇએ છે, ઘણી જાતની સરતોમાં ભકિત જોઇએ છે, અને લડાઇના મેદાનમાં પણ ભકિતની જરૂર છે. આવી રીતે જીંદગીના દરેક પ્રસંગોમાં જ્યારે ભકિત કામ લાગે ત્યારેજ તે ભકિતથી ખરૂં કલ્યાણ થાય છે, પણ એને બદલે જ્યાં સુધી માત્ર અમુક એકાદી બાબતમાંજ ભકિત બીચારી સમાઇ જાય ત્યાં સુધી કાંઇ એવી ભકિતથી ખરો ફાયદો થતો નથી. માટે બંધુઓ! જેમ બને તેમ જીંદગીના દરેક સારા માઠા પ્રસંગોમાં તથા દરેક ઠેકાણે ભકિત રહી શકે તેમ કરજો, એજ અમારી વિનંતિ છે.

૨૪—ભકિત વિના રહી શકેજ નહીં તેવા ભગતો વિષે.

બંધુઓ! ભગતોના ઘણા ભેદો છે અને ભક્તિનાં ઘણાંએ ઉંડાં રહસ્યો છે, એ જાણવાથી આપણી ભક્તિને નવું બળ મળે છે અને તે સજીવન થાય છે. માટે આપણે જો સાચા ભગત થવું હોય તો જેમ બને તેમ ભક્તિની ખુબીઓ જાણવી જોઇએ અને ભગતોના

પ્રકાર જાણવા જોઇએ. એ સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનો આગળ કહેતા હતા કે,

જેમ માછલાં પાણીની બહાર રહી શકેજ નહીં તેમ કેટલાક ભગતો એવા હોય છે કે તેઓ ભકિત વિના રહી શકતાજ નથી. એવા ભગતો પાણી વિના જેમ માછલાં તરફડે છે, તેમ ભકિત વિના તરફડયા કરે છે. આવી દશાને ભકિતની વ્યસન દશા કહેવામાં આવે છે. અને જ્યારે એવી દશા થાય ત્યારેજ પરમકૃપાળું પરમાત્મા ખુબ રાજી થાય છે, અને એ પછીજ અનંતકાળનું મોક્ષનું સુખ મળે છે. માટે માછલાંનો જેવો પાણીની સાથે સંબંધ છે તેવો ભકિતની સાથે ભગતોને સંબંધ થાય તેમ થવું જોઇએ, અને તેમ કરવું જોઇએ. મતલબ કે એવા તાળી લાગેલા ભગતોની દશા એવી હોય છે કે,

જો તેઓને પોતાના નિયમો પાળવાનું ન બને તો તેઓના અંતરમાં અતિશય તરફડાટ થાય છે, તેઓને પરમકૃપાળુ પરમાત્માની સ્તુતિ તથા પ્રાર્થના કરવાની તક ન મળે તો તેઓનું મન અંદરથી મુંઝાયા કરે છે, તેઓને પોતાના ઇષ્ટ દેવનું ધ્યાન ધરવાની તક ન મળે કે પોતાના પ્રભુના પવિત્ર મંગલદાયક નામનું સ્મરણ કરવાની તક ન મળે તો તેઓ પોતાના મનમાંથી મુંઝાયા કરે છે. એવા ભગતો હમેશાં પોતાની પાઠપૂજામાં જેટલો વખત ગાળતા હોય તેટલો વખત કોઇ કારણસર તેઓને ન મળે તો તેઓ દીલગીર થાય છે. ભકિતનાં કામોને છોડી દઇને સંસાર વ્યવહારનાં કામોમાં જો તેઓને વધારે ધ્યાન આપવું પડે તો તેઓ મુંઝાઇ જાય છે. તેઓને હમેશાં સત્સંગ કરવાની જે ઉત્તમ ટેવ હોય તેમાં કાંઇ વિઘ્ન આવી પડે અને સત્સંગથી થોડો વખત પણ છુટું થવું પડે તો તેઓના અંતરમાં બહુ તાલાવેલી થયા કરે છે. તેઓ પોતાની ઓળખાણવાળા ભલા ભગતોને જે દાન દક્ષણા આપ્યા કરતા હોય તે પ્રમાણે કોઇ વખત કાંઇ કારણસર ન આપી શકે તો તેઓને પોતાના મનમાંથી બહુ ખોટું લાગ્યા કરે છે. આવા તાળી લાગેલા ભગતો જે જાતની શાંતિમાં હંમેશાં રહેતા હોય તે જાતની શાંતિમાં ન રહી શકે એવા ક્રોધ, લોભ વીગેરેના પ્રસંગો કદી આવી પડે તો એ વખતે તેઓ બહુજ દીલગીર

થાય છે. અને પોતાની શાન્તિનો ભંગ થવા માટે અંદરથી તેઓનો જીવાત્મા તરફડયા કરે છે અને પોતાને જે કર્તવ્યો કરવાનાં છે તથા જે કર્તવ્યો તેઓ હમેશાં કરી રહ્યા છે તે કર્તવ્યો કરવામાં ને તે ફરજો બજાવવામાં જો કાંઇ અડચણો આવી પડે અને તેથી પોતાની ફરજો બરોબર ન બજાવી શકાય તો તેઓનું મન અંદરથી તરફડયા કરે છે. અને સૌ માણસો સાથે તેઓ હમેશાં દરેક ઠેકાણે ને દરેક બાબતોમાં ભલાઇ રાખતા હોય છતાં પણ કોઈ દુષ્ટ માણુસ તેમને વારંવાર હેરાન કર્યા કરતો હોય એવા માણુસ સાથે કોઈ વખત જરા સખ્તાઇથી વરતવું પડે તોપણ તેઓ પોતાના મનમાંથી દીલગીર થાય છે, અને એમ ઇચ્છે છે કે આવો પ્રસંગ ન આવ્યો હોત તો ઠીક થાત. આવી રીતે ભકિતની દરેક બાબતોમાં તેઓ બહુજ ચુસ્ત રહે છે, અને જો કદી કોઇ પણ અંગમાં જરા પણ ગફલતી થાય તો તેઓનું હૃદય અંદરથી તરફડયા કરે છે. આવા ભગતો કે જેઓ ભક્તિ વિના રહી શકતાજ નથી તેઓની સરખામણી મહાન્ ભગતો માછલાંની સાથે કરે છે, અને કહે છે કે, માછલાં જેમ પાણી વિના રહી શકતાં નથી તેમ આવા ભગતો ભક્તિ વિના રહી શકતા નથી. અને યાદ રાખજો કે ભકિત વિના રહી શકાય નહીં એ સ્થિતિ બહુ ઉંચી છે. માટે જો જરા પણ ભકિત છુટી જાય તો અંદરથી ખરો તરફડાટ થાય એવી સ્થિતિ મેળવવાની તજવીજ કરજો, એજ અમારી ભલામણ છે. કારણ કે એમાં કલ્યાણ છે, એમાં આત્માની ઉન્નતિ છે, અને એમાં પરમકૃપાળુ પરમાત્મા રાજી છે. માટે એવી સ્થિતિ મેળવવાની કોશીષ કરજો. એવી સ્થિતિ મેળવવાની કોશીષ કરજો.

૨૫–પંડિતોમાં અને ભગતોમાં શું ફેર છે? તેનો ખુલાસો.

બંધુઓ! ઘણી વખત એમ બને છે કે, ઘણા પંડિતો એને એ ઠેકાણે રહી જાય છે, અને તેમના ઉપદેશથી ભગત થયેલા માણુસો તેમના કરતાં બહુ વધારે આગળ નીકળી જાય છે. આ વાત

બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

એક મોટી સડક ઉપર રસ્તો બતાવનારૂં એક પાટીયું હતું. એ પાટીયામાં રસ્તાનું નામ લખેલું હતું. જેમકે, સ્ટેશનનો રસ્તો, બંદર ઉપર જવાનો રસ્તો, ફલાણે ગામ જવાનો રસ્તો, વીગેરે. એ પાટીયું ખોડેલા થાંભલાની પાસે ચોમાસામાં એક વેલો ઉગી નીકળ્યો. તે વેલો થાંભલાને વીંટાતે વીંટાતે પાટીયાં પાસે પહોંચ્યો, અને પછી વધતે વધતે તે પાટીયાંને ઢાંકી દેવા લાગ્યો, અને તેનાથી પણ આગળ વધવા લાગ્યો. એ જોઇને તે રસ્તો બતાવનાર પાટીયાંએ તે વેલાને કહ્યું કે, અરે, ઓ વેલા ! જરા વિચાર તો કર, હું અંહિ કેટલાં બધાં વરસ થયાં ઉભેલું છું, અને સૌને રસ્તો બતાવવાનું કામ કરૂં છું, તેને તું ઢાંકી કેમ દેય છે? અને મ રી આગળ તું કેમ નીકળી જાય છે?

ત્યારે તે વેલાએ કહ્યું કે, પાટીયાં ભાઇ, તમે સૌને રસ્તો બતાવો છો એ વાત ખરી, પણ તમે પોતે કાંઇ આગળ વધતા નથી, અને હું તો દરરોજ અને દરેક ક્ષણે આગળ વધ્યા કરૂં છું, માટે હું તમારાથી આગળ નીકળી જાઉં ને તમને ઢાંકી દઉં તેમાં કાંઇ નવાઇ નથી. તમે ભલે જુના છો અને હું આજકાલનો ઉગી નીકળેલો નવો છું, છતાં પણ તમે એ ને એ ઠેકાણે રહેવાવાળા છો, અને હું તો દરરોજ આગળજ વધનારો છું, માટે તમે મને કેમ પહોંચી શકશો? એ સાંભળીને તે પાટીયું બિચારૂં શરમાઇ ગયું અને વિચારમાં પડી ગયું.

આ દાખલો આપીને તે ભકતરાજ મહારાજ હરિજનોને એમ સમજાવતા હતા કે, જે પંડિતો છે, જે ઉપદેશકો છે, જે ગુરૂઓ છે, અને જે હરિકથાઓ કરનારા છે તેઓ બીજાઓને રસ્તો બતાવ્યા કરે, પણ પોતે આગળ વધે નહીં તો તેઓ ત્યાંના ત્યાંજ રહે છે, અને જે હરિજનો તેઓના ઉપદેશ પ્રમાણે ચાલ્યા કરતા હોય તેઓ તેમનાથી આગળ નીકળી જાય છે. અને યાદ રાખજો કે હમેશાં વધુ ભાગે એમજ બને છે કે, એવા ડાહી ડાહી વાતો કરનારા પંડિતો બિચારા એ ને એ ઠેકાણે રહી જાય છે, અને

કર્ત્તવ્યમાં લાગી ગયેલા ભગતો તેઓનાથી આગળ નીકળી જાય છે. કારણ કે તેઓ નવા જીવનવાળા હોય છે અને દરરોજ આગળ વધનારા હોય છે. આવો પંડિતો અને ભગતોની વચ્ચે ફેર છે. માટે બંધુઓ! અમારી તમને એવી ભલામણ છે કે, વીતંડાવાદ કરનારી પંડિતાઇમાંજ પડયા રહેશો માં, અને એવી પંડિતાઇમાં પડયા રહીને લુખા ને સુકા બની જશો માં, પણ જેમ બને તેમ સાચી ભકિતમાં લાગેલા અને પ્રભુના રસ્તામાં રોજ રોજ આગળ વધી શકાય તેવા પ્રભુપ્રેમી ભગત થજો. એજ અમારી ભલામણ છે. કારણ કે એમાંજ અંતે કલ્યાણ છે.

દોહરા.

પંડિત ઔર મસાલચી, દોનોં સુચે નાહિં,
  ઔરનકૂં કરૈ ચાંદના, આપ અંધરે માંહિ.

કહેતે સો કરતે નહીં, મુખકે બડે લબાડ;
  કાળા મુખ લે જાયગા, સાહેબ કે દરબાર.

સાહેબકે દરબારમેં, સાચેકું સીરપાવ;
  જુઠા તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.

કરની બીન કથની કથે, ગુરૂપદ લહે ન સોય;
  બાતોંકે પકવાનસે, ધાયા નાહીં કોય.

પાની મીલે ન આપકો, ઓરકું બક્ષત ક્ષીર;
  આપન મન નિશ્ચલ નહીં, ઓર બંધાવત ધીર.

પદ જોડે સાખી કહે, સાધન પડ ગઇ રોસ;
  કાઢા જલ પીવે નહીં, કાઢી પીયનકી હોંસ.

કહેણી મીસરી ખાંડ હે, રહેણી તાતા લોક;
  કહેણી કેવે રહેણી રખે, એસા વીરલા કોક.

કરની બીન કથની કથે, અજ્ઞાની દિન રાત;
  કુક્કર જ્યું ભૂંકત ફીરે, સુની સુનાઇ બાત.

૨૯-પ્રભુ ભજવાની જરૂરીયાત વિષે.

છંદ.

નરતન પાય જતન કરે ઐસે જિસમેં વો કરતાર મિલે;
ઐસી ઉત્તમ યોનિ પદારથ ફિર નહિં વારંવાર મિલે.

બને હૈં પૂરણ કર્મ કુછ ઐસે ઉસીકી હૈ યહ પ્રભુતાઈ;
જો તૂને સંસારમેં હૈ યહ સુંદર નર દેહી પાઇ.

પાયકે ઐસી કંચન કાયા ભજન કરો હરિકો ભાઇ;
જન્મ જન્મકી બિગડી બાત સબ ઇસી જન્મ મેં બનજાઇ.

સુખ દુઃખ ભોગ પિતા ઔ માતા ઔર સકલ સંસાર મિલે;
ઐસી ઉત્તમ યોનિ પદારથ ફિર નહિં વારંવાર મિલે.

મિલા તુઝે અનમોલ રત્ન યે અબ ઉપાય તૂ ઐસા કર;
ત્યાગ સકલ કામના જગતકી હિત ચિતસે હરિ નામ સુમર.

વાસુદેવ ભજ નારાયણ તૂ કૃષ્ણ કૃષ્ણ ઔર કહો હર હર;
જીતે યે ભવસિંધુ જગતસે ક્ષણમેં જાયે પાર ઉતર.

જન્મ મરણ નહિં હો તેરા નહિં જગમેં ફિર અવતાર મિલે;
ઐસી ઉત્તમ યોનિ પદારથ ફિર નહિં વારંવાર મિલે.

કર વિચાર મનમેં અપને તૂ કિસ કારણ જગમેં આયા;
કિસ કારણ સંસારમેં તુઝકો મિલી હૈ યહ કંચન કાયા.

જિસને કુછ નહિં ભજન કિયા નહિં મુખસે ગુણ ગોવિંદ ગાયા;
સુંદર જન્મ ગઁવાય વૃથા વો અંતકાલ ફિર પછતાયા.

લખ ચૌરાસી પડે ભરમતા યમદૂતોંકી માર મિલે;
ઐસી ઉત્તમ યોનિ પદારથ ફિર નહિં વારંવાર મિલે.

દુર્લભ યે જામા નરકા હૈ મિલા બડે સંયોગોંસે;
દેવીસિંહ કહતા હૈ સદા સમઝાયકે યે સબ લોગોંસે.

ભજન કરો આનંદ રહો ઔર છુટો દુઃખ સુખ ભોગોંસે;
હર્ષ સદા મનમેં વ્યાપે ઔર શુદ્ધ ચિત્ત રહો સોગોંસે.

બનારસી કહે ઔર જન્મમેં નહિં ઉસકા દીદાર મિલે;
ઐસી ઉત્તમ યોનિ પદારથ ફિર નહિં વારંવાર મિલે.

(બનારસીમાંથી.)

પ્રભુ ભજવાની જરૂરીયાત વિષે.

૫૯.

વારે વારે મનખો નહીં આવેરે, રે તમે ભજન સત્વાયાં કરજો—
અવસર નહીં આવે રે, તમે ભજન સત્વાયાં કરજો.

સંસાર સાગર મહાજળ ભરીયો, તરી સકો તો કોઇ તરજો રે. (૨)
જગજીવનના ઝાઝ લઇને, (૨) ઓલે પાર ઉતરજો.—અવસર
દોનું દીવા તારી આગળ ઝળકતે, નાભી કમળ બીચ ધરજો રે, (૨)
હૃદય કમળમાં હેત કરીને (૨) અમર વરને વરજો.—અવસર

માણેકચોકમાં માણુ ભરજો, ભરી સકો તો કોઇ ભરજો રે. (૨)
હીરા માણેક લાલ ઝવેરી (૨) પારખ થઇ પરખજો.—અવસર
સદ્‌ગુરૂ મળીઆને સંશય ટળીયા, સદ્‌ગુરૂને શીશ ધરજો રે, (૨)
મેધા પ્રતાપે ભણે ભવાનીદાસ (૨) અમરાપુરમાં ભળજો.—અવસર.

૨૭–ભગવદ્ ઇચ્છાને આધીન થવા વિષે.

ઘરનો ધણી પોતાની મરજી પડે તેમ પોતાના ઘરની વસ્તુઓમાં ફેરફાર કરે, તેમાં નોકરોથી કાંઇ કહેવાય નહીં, તેમ જગત્‌ને ચલાવવા માટે ઇશ્વર ગમે તેમ વરતે, તેમાં આપણને કાંઇ પણ બોલવાનો હક નથી.

સીપાઇઓને કમાન્ડર દોડવાનું કહે તો દોડે છે, પાછા ફરવાનું કહે તો પાછા ફરે છે, ને સામે જવાનું કહે તો સામે જાય છે; તેજ પ્રમાણે આપણે પણ ભગવાનના સીપાઇઓ છીએ, માટે આપણા વિષે જેમ તેની ઇચ્છા હોય તેમ વરતવું એ આપણું કામ છે.

આંધળો જેમ દોરનાર ઉપર આધાર રાખે છે, તેમ આપણે પણ આપણા દોરનાર પ્રભુ ઉપર આધાર રાખવો.

જ્યાં આપણી ગતી પહોંચતી નથી તે કામમાં હમેશાં આપણે બીજા ઉપર આધાર રાખીએ છીએ. જેમકે, કૉર્ટના કામમાં વકીલ

ઉપર આધાર રાખીએ છીએ, ને મંદવાડ વખતે જેમ ડૉકટર હુકમ કરે તેમ આપણે કરીએ છીએ, તેમજ આપણા સઘળા જીવન-ગાળામાં પ્રભુ જેમ આપણને રાખવા ધારે તેમ રહેવું એ આપણા સૌનું કામ છે.

નાટકના ઍકટરોએ પોતાના મૅનેજરના હુકમ મુજબ વેષ લેવો જોઇએ, તેમ પ્રભુ આપણને જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આપણે રહેવું જોઇએ.

જ્યારે લશ્કરનો મોટો સરદાર જેને કમાન્ડર-ઇન-ચીફ કહે છે તેનો હુકમ જ્યારે લશ્કરી ખાતામાં બહાર પડે છે ત્યારે લશ્કરમાં નોકરી કરનારા નાના મોટા દરેક સીપાઇને તે પ્રમાણે ચાલવું પડે છે, તે પ્રમાણે આપણે સૌએ પણ જે ટાણે પ્રભુની જેવી ઇચ્છા હોય તેને તાબે થઇને સંતોષથી તેમ વરતી લેવું જોઇએ.

પાણીને જેવા વાસણમાં નાંખીએ તેવું રૂપ તે લેય છે, તેમ આપણે પણ પ્રભુ જેમ રાખે તેમ રહેતાં શીખવું જોઇએ.

ગાડીમાં જોડેલો ઘોડો તો દોડયો જાય પણ હાંકનાર જેણી ગમ ખેંચે તેણી ગમ ઘોડાને ચાલવું પડે છે, તેમ આપણને પ્રભુ જે માર્ગે અને જેવી રીતે ચલાવે તેમ ચાલવું.

આપણે તો એક ઇન્જીન છીએ, ને આપણા પ્રભુ તે ઇન્જીનના ચલાવનાર છે. તે આગળ કળ દાબે તો આગળ જવું ને પાછળ કળ ફેરવે તો પાછળ હઠવું. આપણને તો એ જેમ ચલાવે તેમ ચાલવું એજ આપણું કામ છે.

દરેક માણસના ખીસાનાં નાનાં ઘડીઆલો ગામની વચ્ચેનાં એક મોટાં ઘડીઆલના ટાઇમ પ્રમાણે રાખવાં પડે છે તેમ દરેક નાના મોટાં માણસોએ ભગવદ્ ઇચ્છા પ્રમાણે વરતવાની ટેવ પાડવી જોઇએ.

જે ભગવાન કરે તે ભગને ખુશીથી સહન કરવું જોઇએ.

પ્રભુ આપણી પાસેથી જે કરાવવા ચાહતા હોય તે આપણે કરવું તેનું નામ આધીનતા છે.

જે પોતાની ઈચ્છાને ઇશ્વર ઇચ્છામાં લય કરશે તેની બધી ઇચ્છા પ્રભુ પુરી પાડશે.

હરિની ઈચ્છા વિના એક પાંદડું પણ ખરતું નથી.

જે છોકરો બાપની શિક્ષા ખમી લેય છે તેની માથે બાપનું હેત રહે છે, તેમજ જો પ્રભુના વ્હાલા થવું હોય તો જેમ હરિ રાખે તેમ રાજી રહો.

આપણને ગમતાં હોય તે નહીં, પણ પ્રભુ આપણી પાસેથી જે કામો કરાવવા ચાહતા હોય તે આપણે કરવાં જોઇએ.

ખરા હરિજનો હમેશાં હરિની ઈચ્છામાંજ રાજી રહે છે.

પ્રભુ કોઈને દુઃખ દેતા નથી, સુખ દુઃખ તો સૌના કર્મના ભોગ છે.

હરિનું હારદ તો હરિ જાણે.

૨૮–સંતની સેવામાં પ્રભુની સેવા આવી જાય છે.

દોહરો.

નરતન ધરી જાકું નહીં, સંત અસંત પિછાન,
મુકત કહે તાકો નહીં, કોટી જન્મ કલ્યાન.
બડ ભાગીસે હોત હે, સાચે સંતકી સેવ;
મુકત કહે તેહી રીજત, અલખ નિરંજન દેવ.

જગતના બધા મહાત્માઓનો એવો મત છે કે, સંતની સેવા કરવી એ બહુજ મોટી વાત છે. કારણ કે જે સંતો છે, જે ભગતો છે, જે મહાત્માઓ છે, જે જ્ઞાનીઓ છે, જે વૈષ્ણવો છે, અને જે બ્રાહ્મણો તથા સાધુઓ છે તેઓમાં જો તેઓના નામ પ્રમાણે ખરેખરા ગુણો આવી ગયા હોય, જો તેઓ સત્ય વસ્તુને સમજી ગયા હોય, જો તેઓમાં પ્રભુપ્રેમ આવી ગયો હોય, અને જો તેઓના અંતરની આસક્તિ છૂટી ગઇ હોય તો તેઓની સેવા કરવાથી અતીશય લાભ થાય છે. કારણ કે જે સંત છે તે જગતનું અજવાળું છે. જે સંત છે તે દુનીયાની દીવાદાંડી છે. જે સંત છે તે

ઇશ્વરના કૃપાપાત્ર છે. જે સંત છે તે રાજા મહારાજાઓને પણ સેવવા યોગ્ય છે. જે સંત છે તે જગત્‌ના ઘણા જીવોને આ પારથી પેલે પાર લઇ જનાર નૌકા છે. જે સંત છે તે હીરા માણેકની ખાણ જેવા છે. જે સંત છે તે જગત્‌માં આનંદ વધારનારા છે. જે સંત છે તે ગુરૂઓના ગુરૂ છે. જે સંત છે તે શાસ્ત્રોના સિદ્ધાંતોના જીવતા દ્રષ્ટાંતરૂપ છે. જે સંત છે તે પ્રભુનો મહીમા ફેલાવનારા છે. જે સંત છે તે ઇશ્વરના ઐશ્વર્યને આ જગત્‌માં ખેંચી લાવનારા છે. જે સંત છે તે ઘણા માણસોને નવું બળ, નવી વીજળી અને નવી જીંદગી આપનારા છે. જે સંત છે તે જગત્‌માં મંગળરૂપ છે. જે સંત છે તે આ દુનીયા ઉપર ઉતરેલા ઇશ્વરના આશીર્વાદ જેવા છે. જે સંત છે તેમાં પ્રભુની પ્રભુતા છે. જે સંત છે તે મનુષ્યમાં ઉત્તમતાના નમુનારૂપ છે. જે સંત છે તે ધર્મના સ્તંભ જેવા છે. જે સંત છે તે ઘણા માણસોના ઘણા જન્મના પાપને ધોઇ નાખનારા છે. જે સંત છે તે ઘણા જીવોને ઘણી જાતના ફળ આપી શકે તેવા છે. અને જે સંત છે તે પ્રભુના પ્રતિનિધિ જેવા છે. એટલુંજ નહીં પણ કેટલાક લોકો એમ પણ કહે છે કે, જે સંત છે તે આપણાથી સમજી શકાય તેવું ભગવાનનું પોતાનુંજ બીજુંરૂપ છે. માટે આવા સંતની સેવા કરવાથી તેમાં પ્રભુની સેવા આવી જાય છે. આ વાત બરાબર રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોના મંડળમાં કહેતા હતા કે,

ભાઇઓ ! ગર્ભવંતી સ્ત્રીને જમાડવાથી તેનું બાળક પણ સાથે જમી જાય છે, એ બાળકને જમાડવા માટે કાંઇ જુદી તજવીજ કરવી પડતી નથી, તેમજ સંતની સેવામાં પ્રભુની સેવા આવી જાય છે. કારણ કે સાચા સંતોની અંદર વિશેષતાથી ભગવાન રહેલા હોય છે, એટલે સંતની સેવામાં ભગવાનની સેવા થઇ જાય છે. એ માટે શાસ્ત્રોમાં પણ પ્રભુએ કહેલું છે કે, હું જેવો સંતના હૃદયમાં રહું છું તેવો બીજા કોઇના હૃદયમાં રહેતો નથી. માટે જે હરિજનોએ ભગવાનની સેવા કરવી હોય તેઓએ પૂર્ણ પ્રેમથી સાચા સંતની સેવા કરવી જોઇએ. એટલે સંતની સેવામાં સ્વાભાવિક રીતેજ પ્રભુની સેવા આવી જાય છે.

૨૯–આપણી ધર્મની કેટલીક ક્રિયાઓ ફળ-દાયક થતી નથી, તેનું કારણ શું?

દુનીયાના જુદા જુદા ધર્મવાળાઓ પોતપોતાના ધર્મ નિમિત જુદી જુદી ક્રિયાઓ કરે છે, પણ તેમ છતાં આપણે જોઇએ છીએ કે, એ ક્રિયાઓથી જે લાભ થવો જોઇએ તે લાભ તેઓને થતો નથી. આમ થવાનું કારણ શું? એના જવાબમાં વિચાર નહીં કરનારા લોકો એમ કહે છે કે, નસીબમાં હોય તો થાય. નસીબ વિના કાંઇ થાય છે? બીજાઓ એમ કહે છે કે, કળીયુગમાં ફળ મળે નહીં, એ બધી બાબતોનાં ફળ મળતાં તે વખત તો ગયા. ત્રીજાઓ કહે છે કે, ભગવાનની કૃપા હોય તો ફળ મળે, એની કૃપા વિના કાંઇ ન થાય. ચોથા કહે છે કે, આપણું મન સાફ નથી માટે આપણને ધર્મની ક્રિયાઓનાં ફળ મળતાં નથી, અને પાંચમો કહે છે કે આપણો પુરૂષાર્થ ઢીલો છે માટે ફાયદો થતો નથી. આવી રીતે જુદા જુદા માણુસો જુદી જુદી વાતો કહે છે, પણ કોઇ હરિજનો એ બાબતમાં મૂળ સુધી પહોંચતા નથી, એટલે સત્ય હકીકત જણાતી નથી, અને ખરો ફાયદો થતો નથી. આ બાબત બહુ ચોખ્ખી રીતે સમજાવવા માટે એક કથાકાર સત્સંગ મંડળીમાં હરિજનો આગળ કહેતા હતા કે,

એક મંદીરની અંદર પૂજારી બાવા હતા. તે બહુ પ્રભુ-પ્રેમી હતા અને ભગવત ધ્યાનમાં ઘણો વખત ગાળતા હતા. તે બાવાજીએ એક બીલાડી પાળી હતી. એ બીલાડી ઉપર બાવાજીનો બહુ પ્યાર હતો, અને બીલાડી પણ બાવાજી વિના રહી શકતી નહીં, તેથી બાવાજી જ્યારે ધ્યાનમાં બેઠા હોય ત્યારે પણ બીલાડી તેમના ખોળામાં જઇને બેસતી, તેમના પગ ચાટતી, અને તેમના હાથ ઉપર નખોરીયાં ભરાવતી હતી. આમ વારેવારે થવાથી ધ્યાન ધરવામાં બાવાજીને બહુ અડચણ થતી હતી, પણ તેમ છતાં બીલાડી ઉપર તેઓને એવો પ્યાર હતો કે તેને તજી શકતા નહીં. એ માટે પછી બાવાજીએ એવી યુક્તિ કરી કે, પોતે જ્યારે ધ્યાન ધરવા બેસે ત્યારે બીલાડીને એક ઠેકાણે બાંધી રાખતા હતા. આમ ઘણો વખત ચાલ્યું. એ વખતે બાવાજીના

શિષ્યો જોયા કરતા હતા કે, બાવાજી જ્યારે ધ્યાનમાં બેસે છે ત્યારે ધ્યાનમાં બેસવા અગાઉ બીલાડીને બાંધી રાખે છે. એ પછી વખત જતાં શિષ્યો બદલાઇ ગયા, અને ગુરૂજી શા માટે બીલાડીને બાંધતા હતા તે વાત ધ્યાનમાં રહી નહીં, પણ તેઓને એમ લાગ્યું કે, ધ્યાન વખતે બીલાડીને બાંધી રાખવી એ પણ ધર્મનો કાંઇ નીયમ હશે ને એથી ધ્યાન ઠીક થતું હશે. આમ તેઓ અનુમાન કરવા લાગ્યા, પણ એવી બાબતમાં ગુરૂને પછી ખુલાસો કરવાની હિંમત ચાલે નહીં તેથી અંદર અંદર ધ્યાન સાથે બીલાડીનો શું સંબંધ છે તેની ફીલસુફી ચલાવવા લાગ્યા. એ પછી થોડા વખતમાં બાવાજી સ્વર્ગવાસી થયા ને તેમનો શિષ્ય તેમની ગાદી ઉપર આવ્યો. તે પણ જ્યારે ધ્યાનમાં બેસે ત્યારે બીલાડીને બાંધી રાખવા લાગ્યો. જો કે તેણે કાંઇ બીલાડી પાળી નહોતી અને તેને કાંઇ ધ્યાન વખતે બીલાડી દુઃખ દેતી ન હોતી તો પણ ગુરૂજી બીલાડીને બાંધી રાખતા હતા માટે ચેલાજી પણ તેને બાંધી રાખવા લાગ્યા. એ પછી ચેલાજી પણ સ્વર્ગવાસી થયા ને તેમના ચેલા ગાદીએ આવ્યા. તે ભાઇ સાહેબને ધ્યાનમાં બેસતાં પણ આવડતું નહોતું અને તેને ધ્યાનની દરકાર પણ નહોતી, તેમજ તેમને કાંઇ બીલાડી અડચણ પણ કરતી નહોતી; છતાં પણ તેઓ પોતાની પાસે બીલાડીને બાંધી રાખવા લાગ્યા. એટલુંજ નહીં પણ મંદીરમાં બીલાડી ન હોય તો ગામમાંથી ગમે તે બીલાડીને પકડીને મંદીરમાં બાંધી રાખવા લાગ્યા. એ પછી કોઇ ભગત એ બાવાજીને પૂછે કે, "મહારાજ! બીલાડીને કેમ બાંધી છે?" ત્યારે મહારાજ જવાબ દેતા કે, "એ મંદીરકા રીવાજ હય. વો તો આગેસેં ચલી આતી હેં. અમેરા ગુરૂજી એસા કરતે થે, ઓર ગુરૂકા ગુરૂજી બીલીકું બાંધને થે. બડા પુરૂષકી બાત બડાહી જાણે. તુમ લોકકું ઇસમેં કુચ્છ ખબર નહીં પડેગા" આવો જવાબ મહારાજ આપતા હતા.

આ દાખલો આપીને તે કથાકાર એમ સમજાવતા હતા કે, આવીજ રીતે આપણા ધર્મની અંદર ઘણી જાતની ક્રિયાઓ ઘુસી ગએલી છે. એ ક્રિયાઓના હેતુઓ આપણે જાણતા નથી, પણ માત્ર ચાલતી આવેલી રીત પ્રમાણે આપણે કર્યા કરીએ છીએ,

તેથી આપણને ખરો ફાયદો થતો નથી. માટે હવે આ બુદ્ધિબળના જમાનામાં આપણે અંધશ્રદ્ધામાં ન પડયું રહેવું જોઇએ, પણ જેમ બને તેમ ધર્મની બધી દરેક ક્રિયાઓનાં ઉંડાં રહસ્યો સમજવાં જોઈએ, અને તેનાં મૂળતત્ત્વોને પકડવાં જોઈએ. યાદ રાખજો કે, આપણા પવિત્ર શાસ્ત્રોની અંદર ધર્મની બધી જાતની ક્રિયાઓના મૂળતત્ત્વો સમજાવેલાં છે. કોઇ પણ ક્રિયા એવી નથી કે જે શાસ્ત્રમાં ન હોય, માટે જ્યાં આપણને ન સમજાય ત્યાં શાસ્ત્રનો આધાર લેવો જોઇએ અને મહાત્માઓના અનુભવનો લાભ લેવો જોઇએ. જો એમ કરીએ તોજ ખરો ફાયદો થાય. એ વિના કાંઇ સાચો ફાયદો થાય નહીં. માટે હે હરિજનો! મારી તમને એજ ભલામણ છે કે, ધર્મની જે જે ક્રિયા કરો તે સમજી સમજીને કરજો, અને તુરત ફળ મળે તેવી રીતે કરજો. "આગેથી ચલી આતી હે" એવી પોલમાં પડયા રહેશો માં. કારણ કે હવે બુદ્ધિબળનો જમાનો છે, હવે કાંઇ અંધકારનો સમય નથી, તેમજ વખત ગુમાવવાનો સમય નથી. માટે બુદ્ધિમાં ઉતરી શકે, અનુભવમાં આવી શકે, અને શાસ્ત્રની સંમતિ હોય તેવી, તથા દેશકાળને અનુકુળ હોય તેવી, અને જલદીથી ફળ આપે તેવી ધર્મની ક્રિયાઓ કરજો. એજ અમારી વિનંતિ છે.

૩૦–દુનિયાદારીના લોકો ભગતોની મિત્રાઇને યોગ્ય નથી પણ તેઓની દયાને યોગ્ય છે, માટે તેઓની સાથે દોસ્તી રાખીને તેમાં લુબ્ધ થવું નહીં, પણ તેઓની ઉપર દયા રાખવી જોઇએ.

મહાત્માઓ એમ કહેછે કે, ભગતોનો દરજ્જો બહુ ઉંચો છે. અને દુનિયાદારીના મોહવાદી સંસારી જીવોનો દરજ્જો બહુ નિચો છે, એટલે એ બન્ને દોસ્ત થવાને યોગ્ય નથી. કારણ કે સરખી સ્થિતિના ને સરખા વિચારના માણસો સાથે દોસ્તી થઇ શકે છે, પણ જ્યાં વિચારોની વિરૂદ્ધતા હોય અગર સ્થિતિમાં મ્હોટો ફેરફાર હોય ત્યાં સાચી દોસ્તી થઇ શકતી નથી. જેમકે,

સતિઓને અને વેશ્યાઓને દોસ્તી હોઇ શકે નહીં. પવિત્ર માણુસોને અને દારૂડીઆઓને દોસ્તી હોઇ શકે નહીં. હિંસા નહીં કરનારને પારાધીની સાથે દોસ્તી થઇ શકે નહીં. શ્રીમંતને અને ભીખારીને દોસ્તી થઇ શકે નહીં. બ્રાહ્મણને અને ચંડાળને દોસ્તી થઈ શકે નહીં. વિદ્વાનને ને મૂર્ખોને દોસ્તી થઇ શકે નહીં. તેમજ મોહવાદી સંસારી માણુસોને અને સંસારમાંથી આસકિત છૂટી ગયેલા ભગતોને પણ દોસ્તી થઇ શકે નહીં. માટે સંતો કહે છે કે, ભગતની દોસ્તી કરવા લાયક જગત્ નથી પણ દયા રાખવા લાયક જગત્ છે. કારણ કે જે પોતાના સરખા દરજ્જાના હોય તેની સાથે દોસ્તી થાય છે, પણ જે પોતાથી ઉતરતા દરજ્જાના હોય તેની સાથે કાંઇ પણ સાચી દોસ્તી થતી નથી, પણ તેની ઉપર તો દયાજ રાખવામાં આવે છે. તેમજ જગત્‌ના લોકોનો દરજ્જો અને ભગતોનો દરજ્જો કાંઇ સરખો નથી. એ બન્નેના દરજ્જામાં બહુજ ફેર છે. કારણ કે ભગતોની ઉત્તમતા કયાં, અને મોહવાદી સંસારિક માણુસોના મનની હલકાઇ કયાં? એ બન્નેની વચ્ચે કોઇ પણ મેળ મળી શકે તેમ નથી. કારણ કે તેઓની સ્થિતિમાં ઘણોજ તફાવત છે. એટલે તેઓની વચ્ચે સાચી દોસ્તી થઇ શકેજ નહીં; પણ તેમાં તો માત્ર એટલુંજ બની શકે કે, ભગતો પોતાની ભલાઇથી જગત્‌ના સામાન્ય લોકો ઉપર જેટલી બને એટલી દયા રાખી શકે.

હરિજનો! યાદ રાખજો કે, મિત્રાઇ એ જુદી વાત છે, અને દયા એ જુદી વાત છે. પણ જે ઠેકાણે મિત્રાઈ ઘટતી હોય ત્યાં મિત્રાઇ કામની છે. અને જે ઠેકાણે દયા ઘટતી હોય ત્યાં દયા કામની છે. સંસારીઓ ભગતોથી ઉતરતા છે એ વાત ખરી, પણ એ માટે તેઓ કાંઈ તિરસ્કાર કરવા યોગ્ય નથી, અગર તેઓને ખરાબ સમજીને તેઓથી કાંઇ દૂર ભાગી જવાનું નથી, પણ તેઓની ઉપર દયા રાખવાની છે, અને તેઓનું ભલું થાય તેમ કરવાનું છે, અને જેને એમ કરતાં આવડે તેજ ભગતો શ્રેષ્ઠ છે.

મોહવાદી જીવોની સાથે મિત્રાઇ રાખવાથી તેઓના જેવા બની જવાય છે, અને તેથી પરિણામ એ થાય છે કે, ભક્તિનો રંગ

ઉડી જાય છે. એમ ન થાય માટે ચેતીને ચાલવા સારૂ અને પ્રભુ કૃપાથી પોતાને જે ઉંચી સ્થિતિ મળેલી છે, તેને સાચવી રાખવા સારૂ મોહવાદીઓની દોસ્તીમાં ન પડવું જોઇએ, પણ તેઓની ઉપર દયા કરવી જોઇએ.

મોહવાદી સંસારી માણસોમાં અને ભગતોમાં શું ફેર હોય છે, એ તમારે જાણવું છે? તો જાણી લો કે,

ભગતો ભગવાનને પુજનારા હોય છે અને મોહવાદી સંસારિઓ પોતાના લોકાચારના રિવાજોને પુજનારા હોય છે. ભગતોને જગતના નાશ પામી જાય તેવા પદાર્થોની આસકિત ઓછી થયેલી હોય છે અને સંસારીઓમાં દીનપ્રતિદીન એ આસકિત વધતી જાય છે. ભગતો આ જગત્‌ના સંસારિક સંબંધોની સગાઇઓને બહુ નાની સમજે છે અને જરૂર પડે તો એ સગાઇઓને પ્રભુને અર્થે તોડી શકે છે, પણ વ્યવહારિક લોકો એવી સગાઇઓને બહુજ મ્હોટી સમજે છે, અને એવી બહારની સગાઇઓ વધારતા જાય છે, અને બીજી તરફથી એવી સગાઇઓમાંથી ઉત્પન્ન થતાં વેર ઝેરને પણ વધારતા જાય છે. ભગતો પોતાના અંતઃકરણમાં રહેલા ઇશ્વરી અવાજને મુખ્ય સમજે છે, અને વ્યવહારિક લોકો પોતાના જેવા બીજા લોકોના વિચારોનેજ મુખ્ય સમજે છે. ભગતોની ભાવનાઓ બહુ ઉંચા પ્રકારની હોય છે, અને સંસારીઓના મનમાં અનેક જાતની પ્રપંચીક ખટપટોનાજ વિચારો ભરેલા હોય છે. ભગતોને ભગવદ્ ઇચ્છાને આધીન થવાનીજ કાળજી હોય છે, અને સંસારીઓને પોતાની ઇચ્છા પાર પાડવાની ફીકર હોય છે. ભગતોને મરણનો ડર મટી ગયેલો હોય છે, અને સંસારીઓ વાત વાતમાં ન્હાનામાં ન્હાની ચીજોથી પણ ડર્યા કરે છે. આવા આવા અનેક જાતના ભેદો સંસારીઓ અને ભગતોની વચ્ચે રહેલા છે, માટે તેઓ બન્નેની વચ્ચે કદી પણ સાચી દોસ્તી થઇ શકેજ નહીં, પણ તેઓ દયાને પાત્ર છે, અને ભગતો તેઓની ઉપર દયા કરવા યોગ્ય છે. માટે જો સાચા ભગત થવું હોય તો સંસારિક લોકોના દોસ્ત બનશો માં પણ તેઓની ઉપર દયા રાખતાં શીખજો. એજ અમારી ભલામણ છે. કારણ કે તેઓની દોસ્તીથી મનમાં ઘણી

જાતના કલેશ થશે, અને તમને એમ લાગશે કે, આ દોસ્તી કરવામાં અમે બહુ મ્હોટી ભૂલ કરેલી છે. પણ એને બદલે એવા લોકોની ઉપર દયા રાખવાથી તમારા મનને આનંદ થશે, અને દયાને રસ્તે તમે તેઓ તરફની તમારી ફરજ બજાવો તેથી પ્રભુ પણ રાજી થશે. માટે જગત્‌ને તરછોડશો માં કે તેનો તિરસ્કાર કરશો માં, પણ તેની ઉપર દયા રાખજો. દયા રાખજો

દોહરો.

તુલસી આ સંસારમેં, ભાત ભાતકે લોક;
સબસે હીલી મીલી ચાલીએ, નદી નાવ સંજોગ.

૩૧–ભગતને કેમ ઓળખવા તેનો ખુલાસો.

ભક્તિનો ડોળ રાખીને ફરનારા આ જગત્‌માં ઘણા માણસો હોય છે. કારણ કે બહારથી ભગતોના જેવો દેખાવ કરવો ને તીલક માળા વિગેરે ભગતોનાં ચિન્હ ધારણ કરી લેવાં એમાં કાંઇ મ્હોટી વાત નથી, એ તો ઘણાએ ઢોંગીઓ પણ કરી શકે છે. કારણ કે એમ કરવાથી ભક્તિના બહાના નીચે લોકોને છેતરી શકાય છે અને પોતાનો સ્વાર્થ સાધી શકાય છે. તેને લીધે હાલના વખતમાં ઢોંગી ભગતો બહુ વધી પડેલા છે, તેથી સાચા ભગતોને ઓળખવામાં સામાન્ય લોકોને મુશ્કેલી પડે છે, અને એવા ઢોંગી ભગતોને લીધે ઘણી વખત સાચા ભગતોને પણ ગેરઇન્સાફ થાય છે. એવી ભૂલ ન થાય માટે ખરા ભગતોને અને ખોટા ભગતોને ઓળખતાં શીખવું જોઇએ. એ ઓળખાણ કરવી બહુ મુશ્કેલ છે, છતાં પણ એ માટે એક સામાન્ય નિયમ સૂચવવા માટે એક સંત કહેતા હતા કે,

ભગતોનું ખરૂં લક્ષણ એ છે કે, તેઓને પોતાના પ્રભુના બાળકો ઉપર બહુ પ્રેમ હોય છે, પોતાના ધર્મ બંધુઓ ઉપર બહુ પ્રેમ હોય છે, પોતાના દેશના લોકો ઉપર બહુ પ્રેમ હોય છે અને દુનિયાના બધા જીવોના ભલા માટે બહુ કાળજી હોય છે, તેથી એવા ભગતો સૌ સાથે બહુજ ભલાઇ રાખે છે, અને સૌનું ભલું

કરવા માટે પોતાના તનથી, મનથી, અને ધનથી જેટલી બને તેટલી કોશીષ કરે છે. કારણ કે તેઓ પોતાના શુદ્ધ અંતકરણથી એમજ સમજે છે કે, પ્રભુના જીવોની સેવા કરવી એનુંજ નામ પ્રભુની સાચી સેવા છે, એમ સમજીને તથા એ સિદ્ધાંતને પોતાની નજર આગળ રાખીને તેઓ કામકાજ કરે છે, અને જે એમ કરે એજ સાચા ભગતો છે. કારણ કે ભગતોનું જે સામાન્ય લક્ષણ છે, તે એજ છે કે, પ્રભુના જીવો ઉપર પ્રેમ રાખવો, અને તેમાં પણ હરિજનો ઉપર ખાસ પ્રેમ રાખવો, એ ભગતોનું લક્ષણ છે. માટે જો સાચા ભગતોને ઓળખવા હોય તો તેની બહુ ટુંકી, સહેલી ને સાચી પરીક્ષા એજ છે કે, તે હરિજનોની સાથે કેવી રીતે વર્તે છે? તેની તપાસ કરવી. એ તપાસમાં જો તમને એમ લાગે કે, હરિજનોની સેવા કરવા માટે તેઓ તૈયાર છે, હરિજનોના સુખ માટે પોતાના ખીસાં ઉપર કાતર મૂકવા તૈયાર છે, હરિજનોના લાભ માટે તેઓ પોતાની મહેનતથી પરસેવો ઉતારવા તૈયાર છે, હરિજનોના ભલા માટે પોતાનો લાગવગ વાપરવાની મહેનત કરે છે, હરિજનોના ભલા માટે તેઓ પોતાના અંગત સ્વાર્થને બાજુ ઉપર મૂકે છે, હરિજનોના ભલા માટે તેઓ ભૂખ તરસ ખમી શકે છે, હરિજનોના ભલા માટે તેઓના મનમાં ઘણી જાતના વિચારો થયા કરે છે, અને હરિજનોના ભલા માટે તેઓ પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કર્યા કરે છે. એમ જો તમને લાગે તો જાણવું કે, એ માણસ ખરો ભગત છે. પણ એને બદલે ભક્તિનો બીજો ગમે એટલો ડોળ છતાં પણ જો પોતાના બંધુઓ ઉપર પ્રેમ ન હોય, તેઓને માટે દોઢીયાં ખરચવામાં જીવ ન ચાલતો હોય, તેઓને માટે મહેનત કરતાં કંટાળો લાગતો હોય, અને લોકોના સુખ માટે કાંઇ પરવાર ન હોય તો જરૂર એમ જાણી લેવું કે, આ માણસ સાચો ભગત નથી. કારણ કે અસલના વખતમાં ભગતોની પરીક્ષા જુદી રીતે થતી હોય એ જુદી વાત છે, પણ હાલના વખતમાં તો પ્રભુના જનોની સેવા કરવી એજ સૌથી મ્હોટામાં મ્હોટો ને ઉંચામાં ઉંચો ધર્મ છે. માટે એ બાબતમાં જેઓ પક્કા હોય તેઓને સાચા ભગત સમજવા અને એ બાબતમાં જે ઢીલાપોચા હોય તેને કાચા ભગત અગર ખોટા ભગત સમજવા.

બંધુઓ! તમારી આસપાસ જે ભગતો હોય તેની આ રીતે પરીક્ષા કરજો અને તમને પોતાને એમ લાગતું હોય કે હું ભગત છું, તો તમારી પોતાની પણ આ રીતે કસોટી કરજો, અને એમાં જો તમને એમ લાગે કે, મનુષ્ય જાત ઉપરનો તમારો પ્રેમ વધતો જાય છે, અને તેની સેવા માટે તમે દિનપ્રતિદિન વધારે ભોગ આપી શકો છો તો એમ જાણવું કે હવે તમારામાં સાચી ભક્તિ આવતી જાય છે. પણ જો જનસેવા તરફ તમારામાં બેદરકારી હોય તો જાણવું કે હજી ભક્તિ છેટી છે. કારણ કે કેટલાક સંતો એમ કહે છે કે, પ્રભુનો મહિમા બતાવનારા પ્રભુના બાળકો ઉપર જેઓને પ્રેમ આવી શકતો નથી તેઓને અદૃશ્ય પ્રભુ ઉપર કેવી રીતે પ્રેમ આવી શકે? માટે ભક્તિનો નિયમ એવોજ છે કે, પ્રથમ માણસો ઉપર પ્રેમ આવે છે, અને પછી વધતે વધતે અંતે પ્રભુ સુધી એ પ્રેમ પહોંચી શકે છે. માટે હે હરિજનો! જો સાચા ભગત થવું હોય તો જેમ બને તેમ પ્રભુનાં જીવો ઉપર, માણસો ઉપર અને તેમાં પણ ખાસ કરીને પ્રભુના વહાલા હરિજનો ઉપર પ્રેમ રાખજો, ને તેઓની સેવા કરજો, એટલે તમારી ભક્તિ પ્રભુ જલદીથી અંગીકાર કરશે. એમાં કાંઇ શક નથી. માટે એમ વરતવાની કોશીષ કરજો. એજ અમારી ભલામણ છે.

પરમાર્થ વિષે.

હરિગીત છંદ.

તું તીર્થમાં જ્યાં ત્યાં વિચરનો, ધર્મ જાણીને ધર્યો,
વૈરાગ્યથી વસ્તી તજીને, વન વિષે જઇને વસ્યો;
ભગવાં ધરીને ભટકતો રહી, પેટ ભીખીને ભર્યું,
શી રીતે ઈશ્વર રીઝશે, તેં સારૂં કોઈનું શું કર્યું?
તેં નિત્ય સ્નાન ત્રિકાળ કીધું, ચાડી ગોમય ચોળીને,
તેં પંચગવ્ય વિશેષ પ્રાશન, કીધું ઘોળી ઘોળીને;
આહાર એકજવાર કરવો, એવું વ્રત તેં આચર્યું,
શી રીતે ઈશ્વર રીઝશે, તેં સારૂં કોઈનું શું કર્યું?
તેં હોમ હવન ઘણાં કર્યાં, ઘી હવનમાં હોમ્યાં ઘણાં,
તેં ચાલતી નદીએ ચડાવ્યાં, દૂધ દહીં ગાયો તણાં;

બહુ વર્ષ મુખ મુનિવ્રત ધર્યું, તે ઠીક તુજ મનમાં ઠર્યું,
શી રીતે ઈશ્વર રીઝશે, તેં સારૂં કોઈનું શું કર્યું ?

તેં નવ નવાં નૈવેદ કરીને, તે પ્રસાદી તું જમ્યો,
ઉપવાસને એકાસણાં કરી, દેહને બહુ તેં દમ્યો;
ખાડો ખણીને દાટીયું, જે અન્ન જમતાં ઉગર્યું,
શી રીતે ઈશ્વર રીઝશે, તેં સારૂં કોઈનું શું કર્યું ?

તેં પ્રાર્થના પ્રભુની કરી, મુખ વિવિધ વચન ઉચ્ચારીને,
તેં સ્તોત્ર પાઠ ઘણાં કર્યાં, નિત્ય નિત્ય નિયમો ધારીને;
ગદગદ સ્વરે ગુણગાન કરતાં, આંખથી આંસુ ઝર્યું,
શી રીતે ઈશ્વર રીઝશે, તેં સારૂં કોઈનું શું કર્યું ?

ભગવાન લુખી ભક્તિથી, રીઝે નહિ તલ માત્ર તે,
પણ ભક્તિ પર ઉપકાર સાથે, થાય પ્રભુ પ્રિયપાત્ર તે;
તેં વગર વાદ વિવાદ કીધા, કામ તેથી શું સર્યું ?
શી રીતે ઈશ્વર રીઝશે. તેં સારૂં કોઈનું શું કર્યું ?

(ક. દ. ડા.)

૩૨–પંડિતોમાં અને ગુરૂઓમાં શું ફેર છે? તેનો ખુલાસો.

કેટલાક પંડિતો શાસ્ત્રના જ્ઞાનમાં બહુ કુશળ હોય છે, ધર્મની ઝીણી ઝીણી ઘણીએ કુંચીઓ જાણે છે, નવા નવા અનેક પ્રકારના તર્ક કરી શકે છે, અને બોલવામાં પણ બહુ જબરા હોય છે. ભાષણો, આખ્યાનો, હરિકથાઓ વીગેરે કરીને શ્રોતા-ઓને રીઝવી દેય છે. એક તરફથી ઘણા પંડિતો જ્યારે આવા હોય છે ત્યારે બીજી તરફથી કેટલાક ધર્મગુરૂઓ એવા હોય છે કે, તેઓ શાંત જીંદગી ગાળે છે, પોતાના કર્મકાંડોમાં મચ્યા રહે છે, ઝાઝી વાતો કરવા તેમને પુરસદ હોતી નથી, અને ઘણી વખત તેઓનું જ્ઞાન પણ પંડિતોના પ્રમાણમાં બહુ થોડું હોય છે; છતાં પણ તેઓ ઘણા માણસોનાં જીવન સુધારી શકે છે, અને ઘણા માણસોના માનસિક વિકારોનાં દરદો મટાડી શકે છે. તેથી કોઇ કોઇ ગુરૂઓને એમ લાગે છે કે, અમે મોટા છીએ,

અને કોઇ કોઇ પંડિતોને પોતાના બુદ્ધિબળને લીધે એમ લાગે છે કે, અમે મોટા છીએ. હવે આપણે જાણવું જોઇએ કે, પંડિતોમાં અને ગુરૂઓમાં શું ફેર છે? એ સ્પષ્ટ રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ એમ કહેતા હતા કે,

પંડિતો છે તેઓ ગાંધી જેવા છે. ગાંધીની દુકાનમાં ઘણી જાતની દવાઓ હોય છે, પણ કયા રોગ ઉપર કઇ જાતની દવા કેટલા પ્રમાણમાં વાપરવી એની તેઓને પૂરેપૂરી ખબર હોતી નથી. તેમજ પંડિતોના મગજમાં પણ વિકારો મટાડવાની ઘણીએ યુકિતઓ ભરેલી હોય છે, અને એ બધી તેઓની જીભને ટેરવે હોય છે, પણ તેમ છતાં તેનો જેટલો લાભ લેવો જોઇએ તેટલો લાભ તેઓ લઇ શકતા નથી, અને પોતાના કે બીજાના મહાન્ રોગોને તેઓ મટાડી શકતા નથી. પણ જે ગુરૂઓ છે તેઓ વૈદ્યોના જેવા છે, એટલે તેઓની પાસે કદી ઘણી જાતની દવાઓ તૈયાર ન હોય તો પણ તેઓ દવા બતાવી શકે છે. એ દવા ભલે ગાંધીની દુકાને મળતી હોય પણ તે બતાવનાર વૈદ છે, અને તેનો ઉપયોગ કેમ કરવો તે શીખવનાર તથા રોગને કેમ દૂર કરવા એ કળા જાણનાર વૈદ છે. માટે ગાંધી કરતાં વૈદ્ય શ્રેષ્ઠ છે. તેમજ ચતુરાઇની વાતો કરનારા પંડિતો કરતાં પાપ છોડાવનારા ગુરૂઓ શ્રેષ્ઠ છે. ટુંકામાં એજ કે ગાંધીમાં અને વૈદમાં કેટલો ફેર છે તેટલો ફેર પંડિતોમાં અને ગુરૂઓમાં છે. તેથી એમ બને છે કે, પંડિતો પાસે વીકારો ટાળવાની દવાઓ હોય છે પણ એ દવાઓને વાપરવાની કુંચીઓ હોતી નથી, અને ગુરૂઓમાં તો પ્રભુપ્રેમ મુખ્ય હોય છે, એટલે એ પ્રેમને લીધે અંતરના વિકારો મટાડવાના ઉપાયો તેઓને આવડે છે. એટલે દરજ્જે તેઓ વધારે દાનને પાત્ર છે. માટે બંધુઓ, આપણા સંબંધમાં આવતા પંડિતો તથા ગુરૂઓ માટે આવા ખુલાસા જાણી લીધા હોય તો ફાયદો થાય છે, અને તેઓની સાથે કેમ વર્તવું તે સમજાઇ જાય છે. માટે પંડિતોને તથા ગુરૂઓને તેઓની લાયકી પ્રમાણે માન તથા દાન આપજો. એજ અમારી ભલામણ છે.

૩૩–મૂર્ખોના વખાણો પર ધૂળ નાંખીને જ્યારે તું ગુરૂનાં કઠણ વચનો સહન કરીશ, ત્યારેજ તને પ્રભુનો રસ્તો મળશે.

જેને પ્રભુ ન ગમે એવા માણસો આ દુનિયામાં બહુજ થોડા હોય છે, બાકી તો સૌ માણસોને પ્રભુ ગમે છે. પ્રભુનો પ્રેમ ગમે છે, પ્રભુનું જ્ઞાન ગમે છે, અને પ્રભુનું ઐશ્વર્ય સૌને ગમે છે. છતાં પણ આપણે જોઇએ છીએ કે, બહુજ થોડાં માણસો પ્રભુના રસ્તામાં ચાલી શકે છે, બાકી સૌ પોલંપોલમાંજ રહી જાય છે. આમ કેમ થાય છે તેનું ખરૂં કારણ હરિજનોએ જાણવું જોઇએ. એ સમજાવવા માટે એક સંત કહેતા હતા કે,

ઘણાએ હરિજનો પ્રભુની ભક્તિના માર્ગમાં અને જ્ઞાનના માર્ગમાં આગળ વધી શકતા નથી તેનું ખરૂં કારણ એ હોય છે કે, તેઓ ગુરૂઓનાં કઠણ વચનો સહન કરી શકતા નથી, પણ માત્ર મૂર્ખ લોકોના વખાણુજ સાંભળ્યા કરે છે, તેથી તેઓ સાચી ભક્તિ કરી શકતા નથી. કારણ કે અજ્ઞાનીઓ પોતાના સ્વાર્થ સારૂ કે પોતાના અજ્ઞાનને લીધે સાચી વસ્તુ નહીં સમજવાથી જે વધારે પડતાં વખાણ કરે તેમાં કાંઇ માલ હોતો નથી, તેથી તેઓની ખરાબી થાય છે. જેમકે,

પોતે નાત જમાડે ત્યારે ઘણાએ નાતીલાઓ કહે છે કે, તમે તો ભારે કરી. આવું જમણ તો કોઇ ન કરે. તમારે ઘેર તો આવોજ જશ આવ્યા કરે છે, તમારા બાપ પણ નાતો જમાડવાની બાબતમાં બહુ ભારે હતા. જ્યારે છોકરાંનું વેશવાળ થાય ત્યારે સ્નેહીઓ, સગાંઓ, અને ઓળખાણ પીછાણવાળાઓ કહે છે કે, વાહ વાહ ! બહુ સારૂં કર્યું. આજના વખતમાં તો જે કરી લીધું તેજ કામ. આપણામાં કયાંય કન્યાનું ઠેકાણું છે ? ન્હાની ઉમરમાં છોકરાંઓ વરાઇ જાય એ પણ નસીબદારીની એક નિશાની છે. તમે ભાગ્યશાળી છો એટલે ત્રણ વરસના છોકરાંનું વેશવાળ થઇ ગયું, બાકી આપણી નાતમાં ચાલીસ ચાલીસ વરસની ઉમરના વાંઢાઓ રખડે છે, પણ કયાં કોઇ આપે છે ?

તમે જાત્રા કરવા જાઓ છો એ બહુ ભારે કામ કરો છો. તમારી વહુની તબીયત સારી નથી ને ડોસી પણ સાજાં માંદાં છે, છતાં પણ એ બધાંને નહીં ગણતાં સૌને લઇને જમનાં પાન કરવા જાઓ છો, એ આનંદની વાત છે. એવું જોખમ ખેડવાનું કામ તમારાથીજ બને. થયું થઇ જાય ને રહ્યું રહી જાય, જુઓને તમારા વેહેવાઇને પંદર વરસ થયા જાત્રાની માનતા છે, પણ હજી સુધી ઘરમાંથી ક્યાં નીકળી શકે છે? અને તમે આ બધાં માંદાં સાજાંને પણ ઉપાડી જાઓ છો, એ ખુબીની વાત છે.

તમે દાવો બાંધી દીધો એ ઠીક કર્યું. એ વિના એ ભાઇ સાહેબ કાંઇ સમજે તેવા નથી. એ તો એજ લાગના. હવે તમારો દાખલો જોઇને બીજા છ જણ તેની ઉપર ફરિયાદી માંડશે, એટલે એના ગોટાળા બધા ઉઘાડા થઇ જશે. ભલેને સગો ભાઇ હોય તોપણ શું થયું? પણ વહેવારની વાતમાં દમડી પણ શા માટે મૂકીએ? તમે ખૂબ હિમત કરી છે, હવે તે ઠેકાણે આવી જશે. તમારા ભાઇ ઉપર દાવો બાંધવા માટે હું તમને ધન્યવાદ આપું છું. ફોગટના દબાયા કરીએ તેમાં શું વળે? એ તો એજ લાગના. તમને પણ કામ લેતાં બહુ ઠીક આવડે છે હો?

તમે પરણ્યા એ બહુ સારૂં કર્યું. હજી તમારી ઉમર માત્ર અડતાલીસ ઓગણપચાસ વરસની હશે. વહુ તેર વરસની મળી ગઇ એ ઠીક થયું. આ ત્રીજી વખતની છે કે? તમારે છ દિકરાઓ છે એ વાત ખરી, પણ ઘડપણમાં બાયડીની મદદ વિના કેમ ચાલે? એ તો તમે ઠીક કર્યું, મેં સાંભળ્યું કે તમારા ભાઇ આ લગ્ન કરવામાં વિરૂદ્ધ હતા પણ તમે તેઓની વાત માની નહીં, એ ઠીક કર્યું. તમારૂં શરીર હમણાં જરા ઘસાણું છે પણ નવીના હાથના રોટલા ખાશો એટલે સાજા થઇ જશો. તમારા જેવા ગૃહસ્થને કાંઇ બાયડી વીના ચાલે? લોકોના બોલવાની દરકાર ન રાખવી, આપણે આપણો સ્વાર્થ સાચવવો. શેઠ, તમે પક્કા છો હો!

આવી આવી બાબતોમાં આવા વ્યવહારિક લોકો જ્યારે આવી જાતના વખાણ કરે છે ત્યારે એને બદલે એવી વાતોમાં સદ્ગુરૂઓ શું કહે છે? એ તમે જાણો છો? તેઓ કહે છે કે,

બેટા, નાતો જમાડવામાં પૈસા ઉડાવવા એ કરતાં ધર્મના કામોમાં પૈસા ખરચવા એ વધારે સારી વાત છે. તેં પંદરસો રૂપીયા નાત જમાડવામાં ખરચ્યા તેને બદલે ૫૦૦ રૂપીઆ એ કામમાં ખરચ્યા હોત તો શું ન ચાલત? અને બાકીના હજાર ભગવાનને અર્થે પરમાર્થનાં કામો કરવામાં વાપર્યા હોત તો તને કેટલું બધું પૂણ્ય થાત?

ભાઇ, આજના જમાનામાં કયાંય ત્રણ વરસની ઉમરના છોકરાની સગાઇ કરવી હોય કે? એવાં કજોડાં શા માટે કરવાં જોઇએ? એવી ભૂલ મૂર્ખ ગામડીઆઓ કરે એ જુદી વાત છે, પણ તમારા જેવા શેઠ એવી ભૂલ કરે એ શું દિલગીરીની વાત નથી? હમણાંથી ન કર્યું હોત તો તમારો દીકરો શું આખી જીંદગી સુધી વાંઢો રહી જાત?

જાત્રા જવું એ સારી વાત છે, પણ માંદાં માણસોને ઉપાડી જવાં એ તો ભૂલ છે. ડાકટરની સલાહ હોય ને જાઓ તો જુદી વાત છે, બાકી નહીં તો જમના પાન કરવાં જતાં માને કે બાયડી ને ખોઇ આવશો, પરદેશમાં જવાની મજા તો જ્યારે તંદુરસ્તી સારી હોય ત્યારેજ હોય છે, કાંઇ આવા મંદવાડમાં જાત્રા હોય? આવી ઉંધી સલાહ તમને કોણ આપે છે? ભીખાભાઇ જાય છે માટે તમારે પણ જવું જોઇએ એ કયાંની રીત?

તમારા ભાઇ સામે દાવો બાંધવામાં તમે બહુ મ્હોટી ભૂલ કરી છે. ગમે તેમ પણ તમારે એ બાબતમાં કાંઇક ખમી ખાવું જોઇએ. મને લાગે છે કે તમે બહુ ઉતાવળા થયા છો. કદી થોડા ઘણા રૂપીઆ નુકશાની ખમવી પડે તો પણ પોતાના ભાઇની ખાતર એ ભોગવી લેવી જોઇએ, પણ કોરટે ચડવું એ ઠીક નહીં, અને તેમાં પણ તમારા જેવા હરિજને તો એવી નાની વાત સારૂ કોરટમાં નજ જવું જોઇએ. હજી પણ જો બને તો દાવો પાછો ખેંચી લો, ને ઘરમેળે સમાધાન કરો.

શેઠ, તમે ત્રીજી વખત પરણ્યા એ બહુ ભૂલ કરી છે. એ ખબર સાંભળીને હું તો બહુ દિલગીર થયો છું. તમારે ઘેરે છ છોકરાઓ છે, અને છોકરીને ઘેર પણ છોકરાઓ છે. હવે તો તમારે રીટાયર થવાનો

વખત છે. એવા વખતમાં જંજાળ વધારવી જોઇએ, કે ઘટાડવી જોઇએ? મફતનો કલેશ શા માટે ઘરમાં ઘાલ્યો? મેં તો તમને અગાઉ પણ એજ સલાહ આપી હતી કે, હવે એ ઉપાધીમાં પડશો માં. અડતાલીશ વરસની ઉમરે તેર વરસની છોકરી સાથે પરણવું એનો અર્થ શું? એ બીચારીને જુવાનીમાંજ વિધવા બનાવવી એજ કે બીજું કાંઇ?

બંધુઓ! મૂર્ખો જયારે આવી આવી જાતની ભૂલો માટે પણ આવાં આવાં વખાણો કર્યા કરે છે, ત્યારે સાચા સંતો આવી આવી બાબતોમાં સાચી વાતો કહી દેય છે, તેથી ઘણી વખત ઘણી જાતની ભૂલોમાંથી આપણે બચી જઇએ છીએ. એટલે પ્રભુના માર્ગમાં વધારે જોરથી ચાલી શકીએ છીએ. માટે યાદ રાખજો કે, મૂર્ખોનાં વખાણ સાંભળવા તે કરતાં સદ્‌ગુરૂઓનાં કઠણ વચન સાંભળવાં એ વધારે સારી વાત છે. કારણ કે એથી ધર્મના રસ્તામાં આગળ વધી શકાય છે. માટે બંધુઓ, અને બ્હેનો, અમારી તમને એજ ભલામણ છે કે, મૂર્ખોના ખોટાં વખાણમાં રહી જશો માં, પણ ભગતોનાં કડવાં વચનો ખમી લેવાની ટેવ પાડજો એટલે ભકિત-માર્ગમાં જલદીથી આગળ વધી શકશો.

સદ્‌ગુરૂના જ્ઞાનની અસર.

પદ.

મારા મારા મારા ગુરૂજી, મોયે જ્ઞાનકે ઘાસે મારા.
કચ્ચા કોટ પક્કે દરવાજા, તીયાં ઘાયલ કરતે પોકારા. ગુરૂજી.
છરીઍ ન મારા કટારી ન મારા, વચનુંકા માર હૈ ન્યારા. ગુરૂજી.
આંખે અંધલા કાને બહેરા, પાંઉ પાંગળા કરી ડાલા. ગુરૂજી.
ઓખદ ગોળી કછુએ ન લાગે, કયા કરે વૈદ બીચારા. ગુરૂજી.
કહત કબીરા સુનો ભાઇ સાધુ, સદ્‌ગુરૂ વૈદ હમારા. ગુરૂજી.

૩૪–તમારી ચાવી ઢીલી થઈ છે તેને ફરીથી જરા ટાઇટ કરો એટલે આગળ વધી શકશો.

જગતના કલ્યાણના રસ્તામાં અને પ્રભુના રસ્તામાં આપણે આગળ વધી શકતા નથી તેનું કારણ શું ? એ સમજાવવા માટે પોતાના હરિજનોને એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

ઘડીઆળની ચાવી જ્યારે ઢીલી થઇ જાય છે ત્યારે ઘડીઆળ બરાબર ચાલી શકતું નથી ને સરખો ટાઇમ આપી શકતું નથી, પણ એ પાછી જ્યારે તેની ચાવીને ફરીથી ટાઇટ બનાવીએ એટલે તે સરખી રીતે ચાલવા માંડે છે. તેમજ આપણે આપણા કલ્યાણના રસ્તામાં આગળ વધી શકતા નથી તેનું એક કારણ એ છે કે, આપણી ચાવી ઢીલી થઇ ગઇ છે તેથી આપણે મોળા પડી ગયેલા છીએ, એટલે એ મોળા પડવાને લીધે આપણે આગળ વધી શકતા નથી. માટે જો ખરી રીતે આગળ વધવું હોય તો આપણે આપણી ચાવીને ફરીથી પાછી તેજ બનાવવી જોઇએ. પણ આમ ટુંકામાં કહી દેવાથી ઘણા લોકો સમજી શકશે નહીં, માટે આપણી ચાવી ઢીલી થઇ છે એટલે શું ? અને તેને ફરીથી કેવી રીતે પાછી ટાઇટ બનાવવી જોઇએ એ વાત જાણવી જોઇએ. એ માટે અનુભવી મહાત્માઓ એમ કહે છે કે,

આપણા કર્ત્તવ્યમાં મોળાપણું આવે તેનું નામ ચાવી ઢીલી થઇ ગઇ છે, આપણો પ્રભુપ્રેમ દબાએલો રહે તેનું નામ ચાવી ઢીલી છે, આપણું જ્ઞાન સંકુચીત રહે અને તેને વધારવાની પ્રબળ ઇચ્છા થાય નહીં તેનું નામ ઢીલી ચાવી છે. નજીવા નજીવા સ્વાર્થોમાંજ પડયું રહેવાય અને પરમાર્થનાં કામો કરી શકાય નહીં તેનું નામ ચાવી ઢીલી છે. પ્રભુનો મહિમા સમજાય નહીં અને તેના ગુણગાન ગવાય નહીં તેનું નામ ઢીલી ચાવી છે. પ્રભુના માર્ગમાં ચાલનારા પ્રભુના વહાલા સંતોની સેવા કરાય નહીં ને તેઓના સત્સંગમાં રહેવાય નહીં તેનું નામ ઢીલી ચાવી છે. પ્રભુને અર્થે જપ, તપ, વ્રત, દાન, યાત્રા, વિગેરે શુભ કર્મો થાય નહીં ને વ્યવહારિક ન્હાનાં ન્હાનાં પ્રપંચી કામો કરવામાંજ જીંદગી ચાલી જાય

તેનું નામ ઢીલી ચાવી છે. અને આપણો આ આત્મા ઘરડો થાય નહીં તેવો છે, માંદો પડે નહીં તેવો છે, મરી જાય નહીં તેવો છે, અને કદી પણ નાશ પામે નહીં તેવો છે, અને અક્ષર રહેવાવાળો છે. એવા આત્માનું બળ સમજાય નહીં તેનું નામ ઢીલી ચાવી છે.

હવે આપણી ઢીલી પડી ગયેલી ચાવીને ટાઈટ કરવી એટલે શું ? એ માટે સંતો એમ કહે છે કે, આપણા આળસને ઉડાડવું ને સત્કર્મ કરવામાં લાગી જવું તેનું નામ ચાવી ટાઈટ કરવી છે. જો આપણે સુતા હોઇએ તો જાગવું, પથારીમાં જાગતા હોઇએ તો બેઠા થવું, બેઠા હોઇએ તો ઉભા થવું, ઉભા હોઇએ તો ચાલતા થવું, ચાલતા હોઇએ તો દોડવું, અને દોડતા હોય તેમણે મોટરમાં, રેલ્વેમાં, આગબોટમાં કે વિમાનમાં બેસી જવું, ને જલદી જલદી આગળ વધવું તેનું નામ ચાવી ટાઈટ કરવી છે. આપણા કલ્યાણની ને પ્રભુની જે વાતો આપણને હાલમાં ન સમજાતી હોય તે વાતો સમજવા માટે ખરા દીલથી મહેનત કરવી, તેનું નામ ચાવી ટાઈટ કરવી છે. ધર્મના નિયમો પાળવા માટે બળ મેળવવા સારૂ પરમ કૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરવી તેનું નામ ચાવી ટાઈટ કરવી છે, અને કર્મના ફળની આશા રાખ્યા વિના પ્રભુને અર્થે રૂડાં કામો કરવાં તેનું નામ ચાવી ટાઈટ કરવી છે. માટે હે હરિજનો ! જો ખરૂં કલ્યાણ કરવું હોય તો આવી રીતે તમારી ઢીલી પડી ગયેલી ચાવીને ફરીથી ટાઈટ કરજો, ને ધર્મના રસ્તામાં વળવાની તથા પ્રભુને પગલે પગલે ચાલવાની કોશીષ કરજો, એટલે જરૂર કલ્યાણ થઇ શકશે. પણ એને બદલે જો ઢીલી ચાવીવાળા રહી જશો તો કાંઇ થઇ શકશે નહીં, માટે ઢીલી ચાવીવાળા ન રહી જવાય તે સંભાળજો. એજ અમારી વિનંતી છે.

૩૫–સમુદ્રમાંથી વહાણ ચાલ્યું જાય તેની કાંઇ પણ નિશાની પાછળથી રહેતી નથી, તેમજ તમારી પણ કાંઇ પણ નિશાની રહેવાની નથી, માટે જો ડાહ્યા હોય તો ચેતજો.

મહાત્માઓ કહે છે કે, આ સંસાર છે તે પણ એક જાતનો સમુદ્ર છે. સમુદ્રની સાથે સંસારની સરખામણી કરવાનું કારણ એ છે કે, સમુદ્રમાં જેમ લહેરો ઉઠયા કરે છે તેમ સંસારમાં તરંગો ઉઠયા કરે છે. સમુદ્રમાં જેમ ભરતી ઓટ થયા કરે છે તેમ સંસારમાં પણ ભરતી ઓટ થયા કરે છે. સમુદ્રમાં જેમ અનેક જાતનાં જીવજંતુઓ રહેલાં છે તેમજ સંસારમાં અનેક પ્રકારના જીવો રહેલા છે. સમુદ્રમાં જેમ ખારાશ રહેલી છે. તેમજ સંસારમાં પણ કેટલીક જાતની ખારાશ રહેલી છે સમુદ્રમાં જેમ અમૃત રહેલું છે, તેમ સંસારમાં પણ સ્વર્ગ રહેલું છે. સમુદ્રનો જેમ પાર પામી શકાતો નથી તેમજ સંસારનો પણ પાર પામી શકાતો નથી. અને સમુદ્ર જેમ નૌકા વડે તરાય છે, તેમજ સંસાર પણ જ્ઞાનરૂપી નૌકાવડે તરાય છે. આવી રીતે ઘણી બાબતોમાં સંસારની સાથે સમુદ્રની સરખામણી થઇ શકે છે, પણ એ બધી જાતની સરખામણી સાથે હાલમાં આપણને કામ નથી. હાલમાં તો આપણે એક બહુ અગત્યની સરખામણી સાથે કામ છે, અને તે એ કે આપણે આ જગતની અંદર જે કાંઇ કામો કરીએ તે કામો માટે બહુ ફૂલાયા કરીએ છીએ, અને કેટલાક માણસો તો પોતાની નામનાની ખાતરજ કામો કરે છે, પણ નામના એ કેવી નજીવી વસ્તુ છે, અને કેટલી થોડી વાર રહેનારી છે એનું તેઓને ભાન હોતું નથી. એ ભાન આપવા માટે સંતો કહે છે કે,

સમુદ્રની અંદર ન્હાનાં મ્હોટાં હજારો વહાણો દરરોજ ચાલ્યાં જાય છે, એટલુંજ નહીં પણ હજારો ટનની ને કરોડો રૂપીઆની કિંમતની બહુ મ્હોટી મ્હોટી મનવારો તેની ઉપર ફર્યા કરે છે,

એ મનવારો જ્યારે ચાલી જાય ત્યારે સમુદ્રના પાણીમાં ખાંચો પડે છે, એ ખાંચો-એ ચીલો જરાકવાર દેખાય છે, પછી પાછો થોડી વારમાંજ ગુમ થઈ જાય છે. એ પછી કોઈ માણસ તેનો ચીલો જોવા માગે તો એ ચીલાનો પત્તો મળતો નથી. તેમજ યાદ રાખજો કે, આપણે જે કાંઇ કામો કરીએ છીએ તે બધાં કામો એ વખતે ગમે તેવાં સારાં લાગતાં હોય, ને ગમે તેટલાં મ્હોટાં લાગતાં હોય, પણ અમૂક વખત પછી તેની કાંઇ પણ નિશાની રહેતી નથી, અને તેમ છતાં એ કામોના મોહમાં આપણે પડયા રહીએ છીએ, અને એ કામો માટે જોઇએ તે કરતાં ઘણાજ વધારે ફૂલાયા કરીએ છીએ, ને તેનું અભિમાન કર્યા કરીએ છીએ. પણ એ બધી વસ્તુઓ કેટલી ન્હાની છે? કેટલી થોડી વાર રહેનારી છે? અને આ સંસારરૂપી સમુદ્રમાં એની અસર શું બિસાતમાં છે? એ વાતનો જ્યારે આપણે વિચાર કરીએ ત્યારે આપણને અજાયબી લાગે છે, અને એમ થાય છે કે, જે સારાંમાં સારાં ને મ્હોટામાં મ્હોટાં કામો છે તે પણ આ સંસાર સમુદ્રમાં કાંઇ બિસાતમાં નથી. ત્યારે તેવાં કામો સારૂ શા માટે અભિમાન કરવું જોઇએ? આમ સમજીને જે ખરા હરિજનો છે તેઓ પોતાના કોઇ પણ કામોનું અભિમાન કરતા નથી, કે કોઇ પણ કામોમાં આસક્તિ રાખતા નથી, પણ પોતાનાં બધાં કામો પરમ કૃપાળુ પરમાત્માને અર્પણ કરી દેય છે, એટલે તેઓને પોતાનાં કામોમાંથી નામ મેળવવાની, માન મેળવવાની, કે યાદગીરી રાખવાની ઇચ્છા રહેતી નથી, તેથી તેઓ કર્મના અભિમાનથી છૂટી જાય છે, અને એ અભિમાનથી છૂટી શકાય એટલે બહુજ મ્હોટું કામ થઇ જાય છે, કારણ કે એ નામનું ને માનનું બંધન સારા સારા ભગતોને પણ બહુ હેરાન કર્યા કરે છે, માટે એથી છુટવું જોઇએ. અને તેમાંથી છૂટવા માટે એ કુંચી ધ્યાનમાં રાખવી જોઇએ કે, જેમ સમુદ્રમાં ચાલ્યાં જતાં વહાણની પાછળથી કાંઇ પણ નિશાની રહેતી નથી, તેમજ માણસોના કોઇ પણ કામોની કાંઇ પણ નિશાની વખત જતાં આ સંસારમાં રહેતી નથી. માટે કોઇ પણ કામોનો મોહ ન રાખવો જોઇએ, અને નામનાની જાળમાં ન ફસાવું જોઇએ, પણ જેમ બને તેમ આપણાં બધાં કામો પરમકૃપાળુ પરમાત્માને અર્પણ કરી દેવાં જોઇએ. એજ ભગતનું લક્ષણ છે, એજ પ્રભુનો હુકમ છે, ને એમાંજ આપણું કલ્યાણ છે.

૩૬–જેમ વધારેમાં વધારે ગરીબ, કંગાળ ને દુઃખી દેખાવનો ભીખારી હોય તેમ તેને સૌથી પ્રથમ ભીખ દેવાનું સૌને મન થાય છે; તેમજ જે પોતાના કર્મોનું અભિમાન છોડી પાપ કબૂલ કરે તેની ઉપર પ્રભુની કૃપા જલદી ઉતરે છે.

ધર્મનાં રહસ્યો સમજાવતી વખત મહાત્માઓ કહે છે કે, તમારા કર્મોનું અભિમાન છોડી દો. કારણ કે ભલે શુભ કર્મ હોય પણ તેનું અભિમાન કરવાથી સારાં કામની પણ કિંમત ઘટી જાય છે. કારણ કે અભિમાન બહુજ ખરાબ વસ્તુ છે તેથી તે પ્રભુને ગમતું નથી. માટે ગીતામાં પણ પ્રભુએ કહેલું છે કે, કર્મોનું અભિમાન કરો માં, કર્મોનાં ફળની ઇચ્છા રાખો માં, અને કર્મોનો મોહ રાખો માં. તેમજ હું કર્મો કરૂં છું એમ મનમાંથી સમજો માં, પણ તમારા દરેક શુભ કર્મો ઇશ્વરને અર્પણ કરો. એટલુંજ નહીં પણ એથી આગળ વધીને પ્રભુએ તો એમ પણ કહેલું છે કે, જે કર્મોના ફળની ઇચ્છા રાખે છે તે કૃપણ છે. આવી રીતે શાસ્ત્રોનો ચોખ્ખો હુકમ છે. માટે મહાત્માઓ બહુ ભાર મૂકીને એ બાબત સમજાવે છે, અને એ વાત ભાવિક લોકોને સમજાવવા માટે હરિકથા કરવાવાળાઓ કહે છે કે,

જે ભીખારી બહુ ગરીબ હોય, જેની પાસે કંઇજ ન હોય, અને જે ખરેખરો કંગાળ હોય તેને આપવાનું સૌને મન થાય છે, તેમજ જે ભગત પોતાના કર્મોનું અભિમાન છોડી દે ને દીનતાવાળો બની જાય, આધીનતાવાળો બની જાય, અંતરમાંથી ગરીબડો બની જાય, અને મારાથી કાંઇ બની શકતું નથી પણ હું તો હજી પાપમાંજ પડેલો છું એમ જેને લાગી જાય, તેની ઉપર પ્રભુની કૃપા બહુ જલદીથી ઉતરે છે. કારણ કે જે માણસને પોતાના કર્મોનું અભિમાન રહેતું હોય તેઓને એમ લાગે છે કે, અમે ફલાણે વખતે ફલાણું કામ કર્યું છે, ફલાણે ઠેકાણે ફલાણું કામ કર્યું છે, અમુક માણસને અમુક પ્રકારની મદદ આપી છે, હજી

અમુક અમુક કામ અમારે કરવાનાં છે, આવા આવા વિચારો જેના મનમાં રમતા હોય તેને પોતાના કર્મોના અભિમાનમાંથી એક જાતની ખુમારી ચ્હડે છે, એવા કર્મોના અભિમાનીઓને પોતાના કર્મોનું જોર રહે છે, અને અમારા કર્મોના બળે અમને અમુક અમુક પ્રકારના ફાયદા થશે એમ તેઓને લાગ્યા કરે છે, તેથી તેઓમાંથી પ્રભુના વિશ્વાસનું બળ ઓછું થઇ જાય છે, દીનતાનું બળ ઓછું થઈ જાય છે, આધીનતાનું બળ ઓછું થઇ જાય છે, અને ઇશ્વરની કૃપા સમજવાનું બળ તથા ઇશ્વરનો ઉપકાર માનવાનું બળ ઓછું થઇ જાય છે. એટલે પોતાનાં કર્મોના અભિમાનવાળા ભગતો જ્ઞાનમાં તથા ભકિતમાં મોળા પડે જાય છે. પણ એને બદલે જે ભગતો પોતાનાં કર્મોના અભિમાન વિનાના હોય છે, અને જેણે પોતાના કર્મો અનંત બ્રહ્માંડના નાથને અર્પણ કરેલાં હોય છે, તે ભગતો દીનતાવાળા હોય છે, તે ભગતો વિશ્વાસવાળા હોય છે, તે ભકતો આધીનતાવાળા હોય છે અને તે ભકતો ઇશ્વરની કૃપા સમજનારા હોય છે, તેથી તેઓની ભકિત ફળીભૂત થાય છે. એટલે તેઓ પરમાર્થનાં ઘણાં વધારે કામો કરી શકે છે. કારણ કે તેઓ એમ સમજે છે કે, અમે જે કાંઇ કરીએ છીએ તે અમારૂં નથી પણ ઇશ્વરનું છે, અને અમે જે કાંઇ કરીએ છીએ તે અમારા બળથી કરતા નથી પણ તે સર્વ શકિતમાન અમારી પાસે કરાવે છે. અમે તો માત્ર તેનાં હથિઆર છીએ, અમે તો ફકત નિમિત્તરૂપ છીએ, અને અમે તો દોરી સંચાના પુતળાં જેવાં છીએ, પણ અમોને પ્રેરણા કરનાર તો કોઇક જુદોજ છે. આમ સમજવાથી તેઓમાં કાંઈક ખાસ નવું બળ આવી જાય છે, એટલે જાણે તેઓને કાંઇક ખજાનો મળી ગયો હોય ને તેમાંથી થોડું થોડું ખરચ્યા કરતા હોય એવી તેઓની સ્થિતિ થઇ જાય છે. જાણે કાંઇક કુદરતી ઝરો મળી ગયો હોય અને એ ઝરો પોતાની અંદર થઇને વહ્યા કરતો હોય એમ તેઓને લાગે છે. અને જાણે પોતે ખાલી પોલી વાંસની ભૂંગળી જેવા હોય અને એ વાંસળીને વગાડનાર, તેમાં સુર ફેંકનાર કોઇ બીજોજ હોય એમ તેને લાગે છે. તેથી એવા અર્પણ થયેલા મહાન્ ભગતોતો ઘણું વધારે કામ કરી શકે છે. કારણ કે તેઓને કદિ પણ ખૂટે નહીં એવો ખજાનો મળી ગયેલો હોય છે. એટલે તેઓ બહુ છૂટથી

પરમાર્થનાં કામો કરી શકે છે. પણ એને બદલે જેઓ પોતાના કામોનું અભિમાન કરનારા હોય છે તેઓ બધું પોતાની અંદરથી થતું હોય ને પોતેજ કરતા હોય એમ માને છે. તેથી તેઓ બહુજ થોડું કરી શકે છે. કારણ કે માણસોની અંદર તે કેટલોક માલ હોય? માણસોની પાસે તે કેટલીક મીલકત હોય? અને માણસોની પાસે તે કેટલાક સદ્‌ગુણો હોય? તે કાંઇ આપણાથી અજાણ્યું નથી. એટલે જે માણસ બધું પોતાની અંદરથી કરવા ધારે તે બહુજ થોડું કરી શકે છે, પણ જે માણસ ઇશ્વરની અંદરથી લઇને કરવા માંડે તે ઘણું કરી શકે છે. માટે બંધુઓ! જો તમારે વધારેમાં વધારે, મોટામાં મોટાં તથા સારામાં સારાં કામો કરવાં હોય તો કર્મોનું અભિમાન છોડી દો, કર્મોના ફળની ઇચ્છા છોડી દો, અને બ્રહ્માર્પણ કર્મો કરતાં શીખો. એટલે ઘણાં વધારે કામો કરી શકશો, પણ એને બદલે જો કર્મોના અભિમાનમાં રહી જશો તો રખડી પડશો. માટે આપણા કર્મોનું અભિમાન ન થઇ જાય એ સંભાળજો. આપણા કર્મોનું અભિમાન ન થઇ જાય એ સંભાળજો.

દીનતા વિષે.

લઘુતાસે પ્રભુતા વધે, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી મીશરી ખાત હે, હસ્તી ફાકત ધૂળ.
નાનક નાના હો રહો, જેસી નાની દુબ;
ઓર ઘાસ સુક જાયગી, દુબ ખુબકી ખુબ.

મોટા લોકોની આગળ બેસવું તે કરતાં હરીજનોની પાછળ બેસવું સારૂં છે.

ફળવાળી ડાળો જેમ સદાય નમેલી દેખાય છે, તેમ દીનતાવાળા હરીજનોની તો એ રીતિ છે. બાકી તમે તમારી મરજી પડે તેમ કરો.

જેને માન જોતું હોય એવા મોટા રાજાઓને કોઇ પણ યાદ કરતું નથી, અને તુકારામ, નરસીંહ મહેતો, મીરાંબાઇ વિગેરે ભગત કે જેને માન જોતું નહોતું તેના વખાણના ઘેર ઘેર ગીતો ગવાય છે.

જો મોટું થવું હોય તો, નાના થઇને રહેજો.

દીનતા આવી કે મોક્ષને માર્ગે ચડયા સમજજો.

પવિત્ર ભગતો હમેશાં પોતાને પાપી સમજ્યા કરે છે, અને માયાવાદી પાપીઓ હમેશાં પોતાને પવિત્ર સમજે છે.

નીચે ઉભેલાને પડી જવાની ધાસ્તી નથી, તેમજ દીનતાવાળાનું બુરૂં થતું નથી.

૩૭–જોર જુલમથી કે મોજશોખના સાધનોથી જે ભજન થાય તે કાંઈ સાચું ભજન નથી.

ઘણાએ હરિજનોને પરમ કૃપાળુ પરમાત્માની ભક્તિ કરવાનું મન થાય છે, પણ તેમ છતાં તેઓ પોતાના અંતરના પ્રેમથી ભક્તિ કરી શકતા નથી, પણ જ્યારે તેઓની ઉપર કાંઇ દબાણ થાય, અગર તેઓને કાંઇ ખાસ આનંદ મળે તેવા બનાવો બને ત્યારેજ તેઓ થોડો વખત થોડી ઘણી ભક્તિ કરે છે. જેમકે,

ઘણા છોકરાઓને તેમનાં માબાપો ફરજ પાડે છે ત્યારે તેઓ મંદીરમાં જાય છે. ઘણી વખત ઘણા માણસોને તેઓના ગુરૂઓ દબાણ કરે છે કે શરમાવે છે ત્યારે તેઓ ભક્તિમાં લાગે છે. કેટલાક માણસોને તેઓના મિત્રો તાણ કરીને સત્સંગમાં તેડી જાય છે. જેમકે ફલાણા સાધુ આવ્યા છે તેનો ઉપદેશ સાંભળવા જેવો છે. દક્ષીણી કથાકાર બહુ સારી કથા કરે છે, તે સાંભળવાની મજા પડશે. બંગાળી યોગીનાં આસનો જોવા જેવાં છે, એવી તક ફરીથી કયાં મળશે? માટે ચાલો મારી સાથે. હમણાં લક્ષ્મીનારાયણના મંદીરમાં બહુ ઉસ્તાદ ગવૈયો આવેલો છે, એના ભજનો સાંભળવા જેવાં છે, માટે ચાલો અરધો કલાક મંદીરમાં જઇ આવીએ. પંઢરપુરનો અશાડી મેળો જોવા લાયક છે પણ ત્યાં એકલું જવું ન ફાવે, માટે તમે આવો તો જઇ આવીએ. નાશકની હવા હમણાં બહુ સારી છે, વળી સોમવતી અમાસ પણ આવે છે ને ગ્રહણ પણ આવે છે એટલે જો તમે ચાલો તો અઠવાડીયું પખવાડીયું નાશકમાં મોજ કરી આવીએ. આપણા કાકુના મોવાળા ઉતરાવવાની માનતા છે તેથી કાકુની માને અડદની દાળની બાધા છે એટલે આ સાલ પ્રભાસ-

પાટણ જવા વિચાર છે, પણ તમે તથા બીજા કોઇ દોસ્તો સાથે હોય તો મજા પડે, એકલું જવા વિચાર નથી, તમારી વહુએ પણ હા પાડી છે, હવે તમને નહીં છોડું. આવવું પડશે હો ? મશ્કરી નહીં સમજતા. માટે હવે આજથી તૈયારી કરજો. કારણ કે આજે બીજ તો થઇ ગઇ એટલે હવે અઠવાડીયામાં અહિંથી નીકળવું પડશે. આવી આવી રીતે મિત્રોની, સગાંઓની તથા પાડોશીઓની તાણને લીધે ઘણા માણસો ભજનમાં જાય છે.

એ શિવાય કેટલાક માણસો કાંઇ કાંઇ લાલચોને લીધે તથા નવું નવું જોવા જાણવાના શોખને લીધે પણ ભજનમાં જાય છે. જેમકે આજે ફલાણા શેઠને ત્યાં સત્ય નારાયણની કથા છે ત્યાં દુનો ભરીને પ્રસાદ મળશે, માટે ચાલો જરા આંટો મારી આવીએ. આજે હરિકથામાં આપણા દીવાન સાહેબ પધારવાના છે માટે ચાલો જઇએ. આજે વાલીબાઇને ત્યાં કથા છે તે આપણે ત્યાં કથામાં આવ્યા કરે છે માટે તેને ત્યાં જવું જોઇએ, ન જઇએ તો તેને માઠું લાગે. કેમ સાંભળ્યું કે ? કયાં ગઇ ? કાકુડાની મા કયાં ગઇ ? જો આજે વાલીબાઇને ત્યાં કથામાં જવું છે હો ? ભૂલી જતી નહી, જરૂર જજે. હું મારા સાહેબની સાથે ત્યાં જઇશ.

આવી આવી રીતે કાંઇ દબાણ, કાંઇ લાલચ, કાંઇ આકર્ષણ અને કાંઇ મોજમજાની ખાતર ઘણા લોકો ભજનમાં જાય છે, કાંઇ અંતરના પ્રેમને લીધે ભજનમાં જતા નથી. પણ એવાં ભજન માટે એક મહાત્મા એમ કહેતા હતા કે,

જે ઘોડો ચાબુક મારવાથીજ બરાબર ચાલે અને ચાબુક બંધ થાય ત્યારે પાછો ઢીલો પડી જાય તે ઘોડો કાંઇ સારો કહેવાય નહીં. તેવા ઘોડાની કાંઇ ઘણી કીંમત ગણાય નહીં, અને એવા ચાબુકથી ચાલનારા ઘોડાનો ધણી કાંઇ તે ઘોડા ઉપર રાજી રહે નહીં. તેમજ યાદ રાખજો કે, જે ભજન શરમને લીધે થાય, દબાણને લીધે થાય, દેખાદેખીને લીધે થાય, મોજમજાની ખાતર થાય અને કોઇ માણસોને રાજી રાખવાને ખાતર થાય તે ભજનમાં પણ કાંઇ બહુ માલ હોતો નથી. કારણ કે જયારે એવા સંજોગો

જતા રહે ત્યારે તેઓનું ભજન પણ ઉડી જાય છે. માટે એવા સંજોગને આધારે થયેલાં ભજનની કાંઇ બહુ કીંમત નથી. પણ એવા સંજોગો વિના પણ પોતાના અંતરના પ્રેમથી જે ભજન થયા કરે તેજ સાચું ભજન છે. અને એવાં સાચાં ભજનથીજ ખરો ફાયદો થાય છે. માટે હે હરિજનો! જો જીંદગીની સાર્થકતા કરવી હોય, સાચું ભજન કરવું હોય, પરમકૃપાળુ પરમાત્માને રીઝવવો હોય, અને આત્મિક સંતોષ મેળવવો હોય તો સંજોગોને આધારે થઇ જતાં જરાવારનાં બહારનાં ભજનોને આધારે પડયા રહેશો માં, પણ શુદ્ધ અંતઃકરણથી ને હૃદયના ઉંડા પ્રેમથી ભજનને ખાતર ભજન થાય, તથા પ્રભુને ખાતર ભજન થાય તેમ કરજો. એટલે પરમકૃપાળુ પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે.

૩૮–ખેડુતોને વાઘ વરૂ, સિંહ વગેરેથી જેટલું બીહવાનું છે તે કરતાં સસલાં, શિઆળ, ખીસકોલી તથા ઉંદર વગેરેથી વધારે બીહવાનું છે. કારણ કે તે ખેતરોમાં વધારે નુકશાન કરી શકે છે. તેમજ મોટાં પાપોથી આપણે જેટલું ડરવાનું છે તે કરતાં નાનાં પાપોથી આપણે વધારે બીહવાનું છે. માટે નાનાં પાપોની સંભાળ રાખતાં શીખો.

આપણે સૌ હમેશાં જે જાતનાં પાપો કરતા નથી તે જાતનાં પાપોથી ડર્યા કરીએ છીએ. જેમકે, ખૂન, ચોરી, વ્યભિચારી જુઠું બોલવું, દારૂ પીવો, જુગાર ખેલવો, વિશ્વાસઘાત કરવો, ખોટી સાક્ષી પુરવી વગેરે મોટાં પાપોથી ડર્યા કરીએ છીએ, અને તેનાથી ડરવુંજ જોઇએ એમાં કાંઇ શક નથી, કે એમાં કાંઇ નવાઇ

નથી; પણ જે જોવાનું છે તે એ કે, સારાં માણસો કાંઇ એવાં મોટાં પાપો કરતા નથી, અને એવાં પાપો કરવાના પ્રસંગો કાંઇ વારે વારે આવતા નથી; એવાં મોટાં પાપ તો ઉતરતા વર્ગના અજ્ઞાન લોકો કરે છે, અને તે પણ કોઇક વખતે બને છે. એટલે એવાં મોટાં પાપો આપણને કાંઇ બહુ નુકસાન કરી શકતાં નથી, પણ આપણાથી દરરોજ જે નાનાં નાનાં પાપો થઇ જાય છે તેની બહુજ સંભાળ રાખવાની છે. અને તેમ છતાં એવાં નાનાં પાપો તરફ તો આપણે જોતાજ નથી, એ માટે એક ભક્તરાજ મહારાજ દાખલો આપતા કે,

સિંહ, વાઘ, વરૂ, રીંછ વગેરે બહુ વિકરાળ ને ફાડી ખાનારાં જાનવરો છે પણ ખેડુતોના ખેતરમાં તે કોઇકજ વખતે નુકસાન કરે છે, પણ નાનાં શિઆળ, સસલાં, ઉંદર, ઉધઇ, ખીસકોલી અને ચકલાંઓ વગેરે નાનાં પ્રાણીઓ પાકનાં ખેતરોમાં બહુજ મોટી નુકસાની કરે છે. તેમજ ચોરી, ખૂન, હિંસા વ્યભિચાર વગેરે મોટાં પાપો કરતાં દરરોજનાં નાનાં પાપો આપણી વધારે ખરાબી કરે છે, અને તેમ છતાં નાનાં પાપો તરફ આપણું લક્ષ રહેતું નથી. એ બાબતમાં આપણે બહુ બેદરકારી રાખીએ છીએ. જેમકે, પારકી નિંદા કરવી એ પાપ છે, તેમ છતાં આપણે હમેશાં ઘણા માણસોની નિંદાની કાંઇ કાંઇ વાતો કર્યા કરીએ છીએ. અને પુરસદનો દુરૂપયોગ કરવો એ પાપ છે, અને તેમ છતાં આપણે આપણી ફુરસદનો સારો ઉપયોગ તો કયારેકજ કરીએ છીએ. બાકી તો ઘણે ભાગે ફુરસદનો માઠો ઉપયોગજ થાય છે. જરૂર કરતાં વધારે ખાવું તે પાપ છે, અને તેમ છતાં જયારે કાંઇ સારૂં ખાવાનું મળે ત્યારે જરૂર બે ચાર કોળીઆ વધારે ખાઇએ છીએ, અને તેમાં પાપ સમજતા નથી. કોઇને કડવાં વચનો કહેવાં, સંભળામણી કરવી, કે મેહેણાં મારી લેવાં એ પાપ છે, અને તેમ છતાં જયારે ત્યારે આપણે એવી ભૂલો કર્યા કરીએ છીએ. પરમાર્થ કરવાની નાની નાની તકો આપણને ઘણીએ મળે છે, પણ એવી દશમાંથી એક તકનો પણ આપણે પૂરેપૂરો લાભ લેતા નથી. સારી જીભવાળાની તકો પણ ઘણી હોય છે ને તેમ કરવાની જરૂર હોય તેવા પ્રસંગો પણ આવ્યા કરે છે;

છતાં પણ એવી બાબતોમાં આપણે બેદરકાર રહીએ છીએ, એટલું પણ આપણાથી બનતું નથી. જે બનાવ બની ગયો હોય અને જે બાબત આપણા હાથમાં ન હોય તેનો અફસોસ ન કરવો જોઇએ, અને તેમ છતાં આપણે જોઈએ છીએ કે, એવી જાતનાં પાપ આપણે વારેવારે કર્યા કરીએ છીએ, એટલુંજ નહીં પણ એ પાપને અટકાવવાની કોશિશ પણ કરતા નથી, અને ઘણા લોકો તો દિલગીર થવાના પાપને પાપ તરિકે પણ માનતા નથી. આળસ રાખવું એ પાપ છે, અને તેમ છતાં આપણી જીંદગીનો ઘણો ભાગ આળસ ખાઇ જાય છે. દરરોજ કોઇને કોઇ બાબતમાં આળસ આડું આવ્યા કરે છે, એથી ઘણી જાતની ફરજો બજાવવી રહી જાય છે, અને તેમ છતાં આળસનાં પાપની આપણે દરકાર કરતા નથી. લોકોને મળવા હળવા માટે તથા કયાંઇ જવા આવવા માટે વખત નક્કી કરેલો હોય તે ટાઇમસર આપણે જતા નથી, એ પણ એક પ્રકારનું પાપ છે. અને એ પાપ કયારેકજ થાય છે એમ નથી, પણ ઘણુંકરીને દરરોજ અથવા જ્યારે ત્યારે એવાં પાપ થયા કરે છે, પણ એની આપણે કાંઇ દરકાર રાખતા નથી. ખાવા પીવામાં, સુવા બેસવામાં, પહેરવા ઓઢવામાં, હરવા ફરવામાં તથા શરીરની સ્વચ્છતા રાખવામાં આપણે બેદરકાર રહીએ છીએ, તેથી માંદા પડીએ છીએ, અને તેમ છતાં એવી બેદરકારી રાખવી તેમાં આપણે પાપ સમજતા નથી. નાની નાની વાતોમાં મન બગાડવું ને ગુસ્સે થયા કરવું એ પાપ છે, અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે આપણી જીંદગીમાં દરરોજ એવા બનાવો વારંવાર બન્યા કરે છે. આવાં આવાં અનેક જાતનાં નાનાં નાનાં પાપો દરરોજ થયા કરે છે. પણ તે નાનાં પાપોનો સરવાળો અંતે બહુ મોટો થઇ પડે છે, અને તેમાંથી આગળ જતાં બહુ મોટી ખરાબી થાય છે, પણ તેમ છતાં આવાં દરરોજનાં નાનાં પાપોથી આપણે ડરતા નથી. કારણ કે આવાં પાપોને આપણા ઘણા લોકો પાપ તરીકે સમજતા નથી, અને જેઓ તેને પાપ સમજે છે તેઓ પણ તેને નાનાં પાપ સમજે છે, અને એવાં પાપથી બચવામાં બેદરકારી રાખે છે. પણ એ યાદ રાખજો કે, ખેતરમાં વાઘ વરૂ જેટલું નુકસાન કરે છે તે કરતાં શિઆળ, સસલાં, ખીસકોલી ને ઉધઇ વગેરે વધારે નુકસાન કરે છે. તેમજ બ્રહ્મહત્યા, ગૌહત્યા, વગેરે

મોટાં પાપો આપણને જેટલું નુકસાન કરે તે કરતાં દરરોજનાં નાનાં પાપો આપણું વધારે નુકસાન કરે છે. કારણ કે ગૌહત્યા બ્રહ્મહત્યા વગેરે મોટાં પાપો કાંઇ આપણે કરતા નથી. એટલે આપણાથી જે પાપ ન થાય તે પાપ કાંઇ આપણને નડી શકતાં નથી, પણ જે પાપ આપણાથી દરરોજ થયા કરે છે તે પાપ આપણને નડે છે, ને આપણી જીંદગી બગાડે છે, અને તેમ છતાં એવાં નાનાં પાપોનું આપણને ભાન રહેતું નથી, તેથી એવાં પાપોની બાબતમાં આપણે બેદરકારી રાખીએ છીએ, એટલે અંતે પરિણામ એ થાય છે કે, આપણી જીંદગી બગડતી જાય છે. એમ ન થાય માટે જેમ બને તેમ દરરોજ થતાં નાનાં પાપોથી બચવાની કોશિશ કરો. અને જ્યારે નાનાં પાપો બંધ થશે ત્યારે પછી મોટાં પાપ થવાનો તો સંભવજ કયાંથી? કારણ કે નાનાં પાપ એ મોટાં પાપનો દરવાજો છે. માટે પ્રથમ નાનાં પાપ અટકાવો એટલે મોટાં પાપ એની મેળે અટકી જશે. અને નાના પાપને અટકાવવાં એમાં કાંઇ મહેનત જેવું નથી. જરાક વધારે ધ્યાન રાખીએ ને એવાં પાપને પાપ સમજતાં શીખીએ તથા તેની ખરાબીનો વિચાર કરીએ તો એવાં નાનાં નાનાં પાપો બહુ સહેલાઇથી અટકાવી શકાય છે. માટે આપણી જીંદગીમાં દરરોજ બનતાં ઉપલી જાતનાં નાનાં નાનાં પાપોને અટકાવવાની કોશિષ કરો. નાનાં નાનાં પાપોને અટકાવવાની કોશિષ કરો.

૩૬–દ્રૌપદીજીએ કરેલી ભગવાનની સ્તુતિ.

બિન કાજ આજ મહારાજ, લાજ ગઇ મેરી;
દુઃખ હરો દ્વારકાનાથ, શરણુ મેં તેરી; ટેક.

દુઃષાસન વંશ કઠોર, મહા દુઃખદાઇ;
જિન પકડો મેરો ચીર, લાજ નહીં આઇ;
અબ ભયો ધર્મકો નાશ, પાપ રહ્યો છાઇ;
દેખી અધમ સભાકે ઓર, નાર વિખ લાઇ;
શકુની દુર્યોધન કરણુ, ખડે કર ઘેરી. દુઃખ. ૧

તુમ દીનનકી સુદ્ધિ લેત, દેવકીનંદન;
મહિમા અનંત ભગવંત, ભક્ત દુઃખ ભંજન;
તુમ કીયો સીયા દુઃખ દૂર, શંભુ ધનુ ખંડન;
અતિ આરત મેદન ગોપાલ, મુનિ મન રંજન;
કરૂણા નિધાન ભગવાન, કરો કયા દેરી. દુઃખ. ૨

તુમ સુનિ ગજેંદ્રકી ટેર, વિશ્વ અવિનાશી;
ગ્રાહ મારી છુટાયે બંધ, કાઢી પગ ફાંસી;
મેં ધરૂં તીહારો ધ્યાન, દ્વારકા વાસી;
અબ કાહે રાજ સમાજ, કરાવત હાંસી;
અબ કૃપા કરો યદુનાથ, બની ચિત ચોરી. દુઃખ. ૩

તુમ પત રાખી પ્રહ્લાદ, દીન દુઃખ ટાર્યો;
ભયે ખંભ ફાડ નરસિંહ, અસુર સંહાર્યો;
વ્રજ ખેલત કેશી બકી, બગાસુર માર્યો;
મથુરા મુષ્ટિક ચાણુર, કંસ સંહાર્યો;
તુમ પિતા માતકી જાય, કટાઇ બેડી. દુઃખ. ૪

ભક્તન હિત લીયે અવતાર, કનાઇ તુમને;
નલ કુબેરકી જડ યોનિ, છુટાઇ તુમને;
બ્રજ વિનતાકું સુખ દીયો, કનાઇ તુમને;
પ્રભુ અબ વિલંબ કયું કરો, અમારી બેરી. દુઃખ. ૫

બેઠે સબ રાજ સમાજ, નીતિ જિન ખોઇ;
નહિ કહત ધર્મકી બાત, સભામેં કોઇ;
પાંચો પતિ બૈઠે મૌન, કોન ગતિ હોઇ;
લે નંદનંદનકો નામ, દ્રોપદી રોઇ;
કર કર વિલાપ સંતાપ, સભામેં ટેરી. દુઃખ ૬

સુનિ દીન બંધુ ભગવાન, ભક્ત હિતકારી;
હરી ભયે ચીરમેં આપ, હર્યો દુઃખ ભારી;
ખેંચત હાર્યો મતિ મંદ, બીર બલકારી;
રખ લઈ દીનકી લાજ, આપ બનમારી;
હરખત બરશત સુર સુમન, બજાવત ભેરી. દુઃખ ૭

કૃપા કરી દ્વારિકાનાથ, મનોહર માયા;
અંબરકા લગાયા પહાડ, અંત નહીં પાયા;
ત્રૈલોક ચતુર દસ ભૂવન, ચીર દરસાયા;
બંદી ગણેશ પરસાદ, કૃષ્ણ ગુણ ગાયા;
દીનનકી દીનાનાથ, વિપત્તિ નિવેરી. દુઃખ. ૮

૪૦–પ્રભુના ઇન્સાફ વખતે તમારી જીંદગી કેવી દેખાશે? તેનો વિચાર કરો.

ઘણા માણસોને ભક્તિ કરવાનું મન થાય છે છતાં પણ ભક્તિમાં આગળ વધી શકતા નથી. એમ શા માટે થાય છે? તેનાં કારણો દરેક હરિજનોએ જાણવાં જોઇએ. કારણ કે તે જાણવાથી કોઇ વખત આપણી ભૂલ આપણને સમજાય છે, તેથી તેમાં સુધારો કરી શકાય છે ને પ્રભુના રસ્તામાં આગળ વધી શકાય છે, માટે પ્રભુના રસ્તામાં જે જે અડચણો આડી આવે છે તે જાણી લેવી જોઇએ. એવી અડચણો સમજાવતી વખત એક ભકતરાજ મહારાજ પોતાના હરિજનોને કહેતા હતા કે,

આપણે સૌ અહીં હાલમાં આપણી જીંદગી કેવી દેખાય છે તેનો વિચાર કરીએ છીએ, એટલુંજ નહીં પણ આપણી આસપાસના થોડાક લોકોમાં આપણી જીંદગી સારી દેખાય તે સારૂ આપણે ઘણી જાતના ડોળડીમાક કરીએ છીએ, ખોટા ખોટા આડંબર રાખીએ છીએ, અને વિવેકોના ચીલામાં ચાલ્યા કરીએ છીએ, ને એમ સમજીએ છીએ કે, ફલાણા ફલાણા કરતાં અમે બહુજ સારા છીએ. એટલુંજ નહીં પણ આપણી જીંદગીનું વધારે સારાપણું બતાવવા માટે જેઓની જીંદગી આપણા કરતાં વધારે સારી હોય તેઓની પણ કાંઇક ન્હાની ન્હાની ભૂલો શોધીએ છીએ, અને એ ભૂલોને મ્હોટી મ્હોટી કરીને બતાવીએ છીએ. પણ ખરા ભગતો કહે છે કે, જે માણસે સાચા ભગત થવું હોય તેઓએ તો એવોજ વિચાર કરવો જોઇએ કે,

પ્રભુ જો ઇન્સાફ કરવા બેસે તો તેના ઇન્સાફ વખતે મ્હારી જીંદગી કેવી લાગે? એજ વાતનો ખ્યાલ કરવો જોઇએ. જેમકે, પ્રભુ મને પૂછે કે, તેં કોઇની નિંદા કરી છે? તો એ વખતે મ્હારી જીંદગી મને કેવી લાગે? પ્રભુ ઇન્સાફ વખતે ભરદરબારમાં મને પૂછે કે, તેં વ્યભિચારના વિચાર કર્યા છે કે નહીં? એ વખતે મ્હારી જીંદગી મને કેવી લાગે? ભરકચેરીમાં પ્રભુ મને પૂછે કે, તું જુઠું બોલ્યો છે કે નહીં? એ વખતે મને મ્હારી જીંદગી કેવી લાગે? પ્રભુ ન્યાયના સિંહાસન આગળ જ્યાં સત્ય સ્વરૂપો ખડાં થાય છે, અને જ્યાં આપણાં દરેક કર્મો હાજર થાય છે, જ્યાં કોઇપણ જાતના બહારના સાક્ષી પૂરાવાની જરૂર પડતી નથી, અને જ્યાં ન્યાયાધીશની આંખમાંથી સત્યના તેજનો અગ્નિ ઝરતો હોય છે, ત્યાં જ્યારે મને એમ પૂછવામાં આવે કે, તેં પ્રભુના કોઇ પણ જીવોને દુઃખ દીધું છે કે નહીં? ત્યારે મ્હારી જીંદગી મને કેવી લાગશે? હજારો મુક્ત પુરૂષોની વચ્ચે પ્રભુ જ્યારે એમ પૂછશે કે, તું જેટલું સત્ય સમજેલો હતો એમાંથી તેં કેટલું સત્ય પાળેલું છે? ત્યારે મારી જીંદગી કેવી લાગશે? ન્યાયી પ્રભુ પોતાના ઇન્સાફ વખતે જ્યારે એમ પૂછશે કે, તારે જે જે કર્ત્તવ્ય કરવાનાં હતાં એમાંથી તેં તારી ફરજ કેટલી બજાવી છે? ત્યારે મારી જીંદગી કેવી લાગશે? પ્રભુ જ્યારે એમ પૂછશે કે, મેં તને મારા રસ્તામાં આગળ વધવા માટે જે જે અનુકૂળતાઓ આપી હતી એમાંથી તેં કેટલી અનુકૂળતાઓ ને કેટલી તકોનો લાભ લીધો છે? ને કેટલી અનુકૂળતાઓને કેટલી તકો ગુમાવી છે? એ વખતે મ્હારી જીંદગી મને કેવી લાગશે અને પ્રભુ કહેશે કે, મેં તને મ્હારી જે જ્યોતિ આપી હતી, મેં તને મ્હારો જે પ્રકાશ આપ્યો હતો, મેં તને મારૂં જે સામર્થ્ય આપ્યું હતું, મેં તને મારૂં જે અભયપણું આપ્યું હતું, મેં તને મ્હારૂં જે અમરપણું આપ્યું હતું, મેં તને મ્હારી જે સ્વતંત્રતા આપી હતી, અને મારૂં જે નિર્લેપપણું આપ્યું હતું એમાંથી તેં કેટલું વાપર્યું છે? અને કેટલાને દાટી રાખ્યું છે? એ વખતે મારી જીંદગી મને કેવી લાગશે?

બંધુઓ! આવી રીતે ઇન્સાફ વખતે આપણી જીંદગી કેવી લાગશે તેનો આપણે વિચાર કરવો જોઇએ. પણ અફસોસની વાત

એ છે કે, હાલમાં તો આપણે માત્ર એટલોજ વિચાર કરીએ છીએ કે, આ નવા લુગડાં પહેરતી વખત આપણે કેવા દેખાઇએ છીએ? આ વરઘોડામાં આપણે કેવા દેખાઈએ છીએ? નાતમાં જમવા જઇએ ત્યારે કેવા દેખાઇએ છીએ? મંદીરમાં દર્શન કરવા જઇએ ત્યારે કેવા દેખાઇએ છીએ? સભામાં જઇએ ત્યારે કેવા દેખાઈએ છીએ, દીકરો પરણાવીએ ત્યારે કેવા દેખાઇએ છીએ? આપણે ઘેર નાત જમાડીએ ત્યારે કેવા દેખાઇએ છીએ? નાહીને અરીસામાં મ્હોઢું જોઇએ ત્યારે કેવા દેખાઈએ છીએ? બાલ હોળીએ ને હજામત કરાવીએ ત્યારે કેવા દેખાઇએ છીએ? સ્ત્રીઓની અંદર ગપ્પા મારતા હોય ત્યારે કેવા દેખાઇએ છીએ? ક્રીકેટનું બેટ હાથમાં પકડેલું હોય ત્યારે અગર બાઇસીકલ ઉપર બેઠેલા હોય કે ચસ્માં ચડાવેલાં હોય ત્યારે કેવા દેખાઇએ છીએ? અને કોઇ સાથે વાદવિવાદ કરતા હોઇએ ત્યારે આપણી હોશિયારી કેવી દેખાય છે? એજ વાતનો હાલમાં આપણે વિચાર કરીએ છીએ; તેથી અભિમાની બની જઇએ છીએ. તેથી મનમાંને મનમાં ફોગટના ફૂલાયા કરીએ છીએ, અને તેથી ભકિતમાંથી નીચે પડતા જઈએ છીએ. કારણ કે અહિં હમણાં આપણી જીંદગી કેવી લાગે છે તેનાજ વિચારમાં ને તે જોવામાંજ આપણે રહી જઇએ છીએ. પણ યાદ રાખજો કે, જેને સાચા ભગત થવું છે, તે કંઇ એવી વાતોમાં રહી જતા નથી, પણ તે તો એમજ સમજે છે કે, પ્રભુ દરેક પળે આપણા કામો જોયા કરે છે, અને તેનો ઇન્સાફ કર્યા કરે છે. માટે પ્રભુની નજરમાં તેના ઇન્સાફ વખતે આપણે ખરાબ લાગીએ નહીં તેવી રીતે આપણે વરતવું જોઇએ. અને યાદ રાખજો કે, જેને એ પ્રમાણે વરતતાં આવડે તેઓ બહુ જલદીથી પ્રભુના વહાલા ભગત થઇ શકે છે. માટે જો સાચા ભગત થવું હોય તો ઈશ્વરના ઇન્સાફ વખતે તમારી જીંદગી કેવી લાગે છે તેનો વિચાર કરજો. એજ અમારી ભલામણ છે.

૪૧–ઉપદેશની અસર કેટલાક માણસોને બહુ જલદીથી થાય છે અને કેટલાક માણસોને એ અસર થતી નથી, તેનું કારણ શું?

ધર્મના ઉપદેશ ઠેકાણે ઠેકાણે થયા કરે છે. કથા કરનારાઓ ઠેકાણે ઠેકાણે કથા કર્યા કરે છે. દરેક મંદિરોમાં કોઇને કોઇ પ્રકારનો સત્સંગ ચાલ્યા કરે છે અને જ્યાં જ્યાં જઇએ ત્યાં ત્યાં પ્રસંગોપાત કાંઇને કાંઇ સારી વાતો સંભળાયા કરે છે. એટલુંજ નહીં પણ જગતની દરેક વસ્તુઓ જાણે અજાણે ઘણી જાતનું જ્ઞાન આપી રહી છે, છતાં પણ ઘણા માણસોને જેવી જોઈએ તેવી અસર થતી નથી, તેનું કારણ શું? આ માટે એક સંત એમ કહેતા હતા કે,

બુદ્ધિવાનોને દરેક વસ્તુઓ ઉપદેશ આપી શકે છે અને તેઓ દરેક વસ્તુમાંથી જ્ઞાન લઈ શકે છે, પણ જે મૂર્ખો છે તેઓને સારામાં સારા ઉપદેશથી પણ કાંઇ અસર થતી નથી. છતાં પણ ઘણા લોકો એવા હોય છે કે, તેઓ ગુરૂઓનો અને ઉપદેશકોનો વાંક કાઢયા કરે છે, અને કહે છે કે, ગુરૂઓ સારા નથી, એટલે અમે શું કરીએ? પણ યાદ રાખવું કે આવી રીતે ધર્મગુરૂઓનો વાંક કાઢનારા માણસોની પોતાનીજ ભૂલ હોય છે, એ વાત સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

એક બહુ મ્હોટો પંડિત હતો. તેનામાં જુદી જુદી બાબતોનું એટલું બધું જ્ઞાન હતું કે એ જોઇને સૌ લોકો બહુ અજબ થતા હતા, અને એ વિદ્વાનનાં બહુ વખાણ કરતા હતા. એ પછી કોઇ માણસે એ પંડિતને પૂછયું કે, આવું અજબ જેવું જ્ઞાન અને આટલું બધું જ્ઞાન આપે કયાંથી મેળવ્યું?

ત્યારે એ પંડિતે કહ્યું કે, મેં મૂર્ખો પાસેથી જેટલું જ્ઞાન મેળવ્યું છે તેટલું જ્ઞાન પંડિતો પાસેથી મેળવ્યું નથી. એ સાંભળીને પેલો માણસ બહુ અજબ થયો, અને તેના માન્યામાં એ વાત આવી નહીં. તેથી તેણે કહ્યું કે, એ વાત કેમ મનાય? ત્યારે એ મહાનૂ પંડિતે કહ્યું કે, મૂર્ખોની ભૂલો જોઇને હું તેમાંથી શીખામણ લેતો હતો. જેમકે,

હું જ્યારે બહારના ડોળડીમાકવાળા પણ અંદરથી સુક્કાટાટ રહી ગયેલા ભગતને જોતો ત્યારે તેની પાસેથી હું એમ શીખતો હતો કે, આવી રીતે બહારનો ઠાઠમાઠ રાખનારાઓને કાંઈ ખરો લાભ થતો નથી, પણ તેઓ તો માત્ર ફોતરાં ખાંડવામાંજ રહી જાય છે, એમ જોઈને ડોળડીમાકથી હું દૂર ખસી જતો. જે માણસો જરૂર કરતાં વધારે ખાતા, પછી હેરાન થતા ને પેટમાં દુઃખવાની તથા ઝાડા થવાની ફરિયાદ કરતા તેમને જોઈને હું મિતાહારી થતાં શીખ્યો હતો. જે માણસો જાહેર સભાઓમાં વિદ્વાનોનાં ભાષણો સાંભળવા માટે જતા નથી અને સત્સંગનો લાભ લેતા નથી તેઓ પછાત રહી જાય છે, અને જેઓ એવી બાબતોનો લાભ લેય છે તેઓ આગળ વધી જાય છે, એમ જોઇને હું એવી બાબતોનો બહુ વિશેષતાથી લાભ લેવા લાગ્યો. જેઓ બહુ અફસોસ કરે છે તેઓના બૂરા હાલ થાય છે. એમ જોઇને તેઓની પાસેથી ખોટો અફસોસ ન કરવાની વિદ્યા હું શીખ્યો. જેઓ ઉદ્યોગી જીવન ગાળે છે તેઓ સુખી હોય છે, અને જેઓ આળસુ જીવન ગાળે છે તેઓ દુઃખી હોય છે. એમ જોઇને આળસમાં ન રહેવું એ વાત હું શીખ્યો. જેઓ પોતાનાં બાળકોને ભણાવતા નથી ને ઘરસંસારી કેળવણી આપતા નથી તેઓની ખરાબી થાય છે, અને તેઓનાં બાળકોનું પણ ભવિષ્ય બગડે છે, એ જોઇને બાળકોને કેળવણી આપવી જોઇએ એ વાત હું શીખ્યો. જેઓ વધારે પડતું બોલે છે ને દરેક બાબતમાં દોઢડાયા થાય છે તેઓને અપમાન સહન કરવું પડે છે, એ જોઇને એમ ન કરવાની રીતી હું શીખ્યો. જેઓ કોઇપણ જાતનું વ્યસન રાખે છે તેઓને એટલું પરાધીન થવું પડે છે ને હેરાન થવું પડે છે, એ જોઇને હું વ્યસન ન કરવું એ વાત શીખ્યો. અને જે માણસો ધર્મ પાળતા નથી તેઓને શાન્તિ મળતી નથી, એ વાત જોઇને તથા એવા અધર્મીઓને દુઃખી થતા જોઇને હું ધર્મના ફાયદા શીખ્યો. આવી રીતે મૂર્ખો પાસેથીજ મેં ઘણું જ્ઞાન મેળવ્યું છે. અને જો કોઇ પણ માણસ ધારે તો એવી રીતે મૂર્ખો પાસેથી પણ ઘણું જ્ઞાન મેળવી શકે છે. માટે અમારા ગુરૂ મહારાજ અમને એમ કહેતા હતા કે, પોતે ઠોકર ખાધા પછી જ્ઞાન મેળવવું એ બીજા નંબરની વાત છે. પણ મૂર્ખોને ઠોકર ખાતા જોઇને તેઓની પાસેથી જ્ઞાન

મેળવવું એ પહેલા નંબરની વાત છે. માટે મેં તો મારૂં ઘણું જ્ઞાન મૂર્ખો પાસેથી મેળવેલું છે. હવે વિચાર કરો કે જે લોકો એમ કહેછે કે, ઉપદેશકો સારા નથી તેથી અમે શું કરીએ ? ધર્મ ગુરૂઓ સારા નથી તેથી અમે શું કરીએ ? આજના વખતમાં અમને કોઇ મોટા મહાત્મા મળી જતા નથી એટલે અમે કયાંથી સુધરીએ ? આ બધી વાતો માત્ર કહેવાની છે, અને મૂર્ખાઇની છે. કારણ કે જેને જ્ઞાન મેળવવું હોય તે તો મૂર્ખો પાસેથી પણ જ્ઞાન મેળવી શકે છે, અને જેને જ્ઞાન મેળવવું નથી તેને મહાન્ પંડિતો કે પવિત્ર ધર્મ ગુરૂઓ પણ કાંઇ અસર કરી શકતા નથી. માટે હે હરિજનો ! ગુરૂઓનો વાંક કાઢયા કરવામાંજ પડયા રહેશો માં, પણ જ્યાંથી મળે ત્યાંથી ધર્મનું જ્ઞાન મેળવજો. અને પોતાની ફરજો રૂડી રીતે બજાવાય તથા પ્રભુના માર્ગમાં આગળ વધાય તેમ કરજો, એજ અમારી ભલામણ છે.

૪૨–દુઃખની ખુબી. દુઃખ ઉપર સ્વાર થતાં આવડે તો કામ થઇ જાય છે.

દુઃખને વખતે દીલાસો રાખવા માટે તથા દુઃખમાંથી પણ કાંઇક લાભ લઇ લેવા માટે જેટલા દાખલા આપીએ તેટલા થોડાજ છે. કારણ કે દુનીઆમાં ખરેખરૂં જેટલું દુઃખ છે તે કરતાં ઘણુંજ વધારે દુઃખ લોકોએ માની લીધેલું છે એટલુંજ નહીં પણ કરોડો લોકો દુઃખનું ખરૂં સ્વરૂપ જાણતાજ નથી, તેથી દુઃખથી અતીશય ડર્યા કરે છે. એનું પરિણામ એ થાય છે કે, જેઓ દુઃખથી દબાઇ જાય છે તેના બૂરા હાલ થઇ જાય છે, અને જે દુઃખની ઉપર ધણીપણું કરી શકે છે તેને દુઃખ બહુજ મદદગાર થઇ પડે છે. માટે દુઃખની ઉપર સ્વાર થતાં આવડવું જોઇએ. એ વાત બરાબર રીતે શીખવવા માટે એક ભક્તરાજ મહારાજ હરિજનોને સમજાવતા હતા કે,

વીજળીની ટ્રામ ઝપાટાબંધ ચાલી જતી હોય તે ટ્રામની ઉપર જો આપણે ચ્હડી બેસીએ તો બહુ જલદીથી ધારેલે

ઠેકાણે પહોંચી જઇએ છીએ. પણ ટ્રામમાં બેસવાને બદલે જો એજ ટ્રામની નીચે પડી જઇએ તો તુરતજ કચરાઇ મરીએ છીએ, અગર હાથ પગ કે શરીરનું બીજું કોઇ એકાદું અંગ ગુમાવી બેસીએ છીએ, અને મંદવાડનો ખાટલો નાંખવો પડે છે. હવે જુઓ કે ટ્રામની નીચે પડી જવાથી જ્યારે આવા હાલ થાય છે ત્યારે ટ્રામમાં ઉપર બેસી જવાથી પાંચ સાત માઇલ દૂર જવું હોય ત્યાં પણ ફક્ત થોડીકજ મીનીટોમાં આનંદપૂર્વક પહોંચી શકાય છે, ને તેમાં જરાએ પરિશ્રમ પડતો નથી. બંધુઓ, આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે દુઃખ છે તે વીજળીની ટ્રામ જેવું છે, તેની ઉપર જો તમોને સ્વારી કરતાં આવડશે તો તમે બહુ જ જલદીથી તમારા કલ્યાણના રસ્તામાં આગળ વધી શકશો. પણ એને બદલે જો તમે દુઃખની નીચે દબાઇ જશો તો તમારા બહુ ભુંડા હાલ થઇ જશે. માટે હું જે તમને શીખવવા માગું છું તે એ છે કે, કોઇપણ જાતના દુઃખથી તમારે કદી પણ કાયર થવું નહીં, કે હીંમત હારવી નહીં, પણ જેમ બને તેમ દરેક જાતના દુઃખ વખતે ખૂબ મજબૂતી રાખવી, અને દુઃખમાંથી પણ કાંઇક ખાસ લાભ મેળવી લેવાય તેમ કરવું જોઇએ. કારણ કે બીજા સામાન્ય લોકોના કરતાં હરિજનોમાં જે વિશેષતા છે તે એજ છે કે, તેઓ દુઃખથી દબાઇ જતા નથી, પણ તેઓ પોતાની ઉપર આવી પડેલાં દુઃખની ઉપર સ્વાર થઇ શકે છે.

દુઃખની ઉપર સ્વાર થવું એટલે શું ? એનો અર્થ એજ છે કે, જ્યારે દુઃખ આવી પડે ત્યારે તેથી દીલગીર થઇ જવું નહીં, તેની ચિંતા કર્યા કરવી નહીં, પોતાની ફરજો ચુકવી નહીં, અને પોતાના મનને ઢીલું પડવા દેવું નહીં, તથા પોતાના નસીબનો કે દૈવનો દોષ કાઢવો નહીં, પણ ખાત્રીપૂર્વક રીતે એમ સમજી લેવું કે, આપણને કાંઇક મદદ કરવા માટેજ આ દુઃખ આવેલું છે. માટે તેનો કાંઇક ખાસ લાભ લઇ લેવો જોઇએ. બીજું એમ પણ સમજી લેવું કે, દુઃખની મારફત પણ હરિજનો ઉપર પરમકૃપાળુ પરમાત્માની કૃપા ઉતરી શકે છે. દુઃખની મારફત પણ નસીબ ખુલી શકે છે. અને બહુ લાંબો માર્ગ દુઃખની મદદથી બહુ ટુંકા વખતમાં કાપી શકાય છે. એટલુંજ નહીં પણ આપણી અંદર

દબાઇ રહેલા ઘણાએ સદ્દગુણો દુઃખને લીધે ખીલી નીકળે છે માટે આ બધી બાબતો સમજીને દુઃખને વખતે પણ ધીરજ રાખવી, અને દુઃખમાંથી પણ કાંઇક કામ કાઢી લેવું, તેનું નામ દુઃખની ઉપર સ્વારી કરવી છે. અને દુઃખને આવેલું જોઇને અગર દુઃખ આવવાનું છે એમ જાણીને ભયભીત થઇ જવું, દીલગીરી કર્યા કરવી, જેની તેની આગળ દુઃખનાં રોદણાં રોયા કરવાં, અને દુઃખના વખતમાં કોઇ પણ જાતનું કામ કરવું સૂઝે નહીં તથા પોતાની ફરજોનું પણ ભાન રહે નહીં તેનું નામ દુઃખની નીચે પડી જવું છે. અને જે આવી રીતે દુઃખની નીચે આવી જાય તેઓ દુઃખના ભારથી કચરાઇ મરે છે, અને જેને દુઃખની ઉપર રહેતાં આવડે તેને ઘણી જાતના ફાયદા થઇ જાય છે. માટે હે હરિજનો ! મારી તમને એવી ભલામણ છે કે, તમે દુઃખથી કાયર થશો માં. જેમ આકાશ વાદળાં વિનાનું હોય નહીં તેમજ દુનીયા દુઃખ વિનાની હોય નહીં. દુનીયામાં દુઃખ તો રહેવા-નાંજ, માટે દુઃખમાંથી પણ સુખ મેળવી લેવાય તેમ કરજો, અને દુઃખ વખતે પણ પોતાનો ધર્મ પાળવામાં ભૂલ ન થાય એ સંભા-ળજો. જો એમ કરી શકશો તોજ તમારી ભક્તિ ટકી શકશે, ને તોજ તમારી ઉપર પ્રભુ રાજી રહેશે, માટે દુઃખનો લાભ લેવાય તેમ કરજો. દુઃખનો સદ્દઉપયોગ થાય તેમ કરજો.

૪૩--સૌથી સરસ દવા નારાયણનું નામ છે.

હર એક ઢૂંઢતે હૈં જંગલમેં દવા રસાયનકી બૂટી;
નારાયણ હૈં સંજીવન ભાઇ વો બૂટી હમને લૂટી.
કોઇ ઢૂંઢતા ઉસ બૂટી કો જિસમેં પારા તુરત મરે;
કોઇ ખોજતા જડીકો જો તન કાયાકે દુઃખ હરે.
બહુત લોગ ખોદેં પૃથ્વીકો વૃક્ષ કાટતે હરે ભરે;
ઉનકો ભી ફિર યમ કાટેગા કહે શબ્દ યે ખરે ખરે.
હરી હરી બૂટી હૈ સમઝો હરી નામ હૈ સબસે પરે;
ઉસ બૂટીકો જિસને પાયા વો ભવસાગર સહજ તરે.
રામ રસાયન પાઇ હમને ઔર રસાયન સબ છૂટી;
નારાયણ હૈં સંજીવન ભાઇ વહ બૂટી હમને લૂટી.

કોઇ કહે હમ સિંગરફ મારે ઔર કાઢે ગંધકકા તેલ;
કોઇ દેખતે જડી બિરંગી કોઇ ઢૂંઢતે અમ્મર બેલ.
હમને સબકો દેખા યારો યે તો હૈ સબ જૂઠે ખેલ;
અમર નામ હૈ દત્ત નિરંજન ઉસકો અપને મનમેં મેલ.
મનકો મારકે બનાલે કુસ્તા જો ગુજરે રહ દિલપર ઝેલ;
તનકો શોધકે શુદ્ધ કરો તુમ તજો જૂઠ ઔર તજો ઝમેલ.
જૌન શખ્સ ફૂંકે ધાતુકો ઉનકે કહિયે કિ હૈં ફૂટી;
નારાયણ હૈ સંજીવન ભાઇ વહ બૂટી હમને લૂટી.
કોઇ મારતે અભરખ તાંબા કોઇ ફૂંકતે હૈં હરતાલ;
હમને અપને મનકો મારા મિલે હમે ગોવિંદ ગોપાલ.
કોઇ કહે હમ ચાંદી મારેં જિસસે હો કુછ ધન ઔર માલ;
ઇન કર્મોંકો જો કોઇ કરતા ઉસકા હોતા હાલ બેહાલ.
કોઇ કહે હમ સોના મારેં ઔર કરેં પૈસોં કો લાલ;
ઠગ ઠગ કે લૂંટે દુનિયાકો ઉસકો એક દિન ઠગેગા કાલ.
બહુત ઘેટતે ખરલમેં ધાતૂ સંતોને કાયા કૂટી;
નારાયન હૈ સંજીવન ભાઇ વો બૂટી હમને લૂટી.
કોઇ મારતે હૈં કલઇ કો જિસમે હોવે પુષ્ટ શરીર;
ઘરકો ફૂંકકે તબાહ કિયા વો અમીરસે હો ગયે ફકીર.
સાધૂકા નાહિં ધર્મ જો કિ મારેં ધાતૂ કર કે તદબીર
કહે દેવીસિંહ હરી હરી કહો યહ જિહ્વા હૈગી અકસીર.
ખાક સારખી જબાં રસાયન ઇસમેં હૈ હર એક તાસીર;
જબાંસે વહ મુર્દેકો જિલાદે જબાંસે દે ડાલે જાગીર.
બનારસી યે કહેં હમારી રામ નામ હૈગી ઘૂંટી;
નારાયણ હૈ સંજીવન ભાઇ વહ બૂટી હમને લૂટી.

સૌથી સરસ બુટ્ટી ભગવાનનું નામ છે.

પદ.

પીજારે બુટ્ટી નામકી પીજારે બુટ્ટી (૨)
તુમ સદા રહો અલમસ્ત નામકી પીજારે બુટ્ટી (૨) નામકી.
ઘેરી ઘેરી નદીયાં નાવ પુરાણે જદપી લે છુટી મોરે પ્યારે (૨)

હરીકા ભજન કબુ નહીં કીના (૨) હૈયેકી પુટીરે ભજન બીન
હૈયેકી ફૂટી—તુમ સદા.
તન કર કુંડી મનકર સોટા ચીનકી રગડ બુટ્ટીં મોરે પ્યારે (૨)
કોઇ કોઇ સાધુજન પી ગયે ભાઇ (૨) લખ ચોરાશી છુટી
ભજનકર ચોરાશી છુટી રે—તુમ.
સદ્‌ગુરૂ હમકુ બહોત સમજાયા એક નહીં સુજી મોરે પ્યારે (૨)
દાસ બીહારી હરી ગુણુ ગાઇ લે (૨) ઓર બાતા જુઠીરે,
ભજનબીન ઓર બાતા જુઠીરે. તુમ.

૪૪–ગાય ભેંસ વિગેરે ઢોરો પ્રથમ ખોરાક ખાઇને પછી વાગોળે છે, તેમ આપણે પણ સારી સારી વાતો સાંભળીને પછી તેનું મનન કરવું જોઇએ.

ધર્મ સંબંધી, નીતિ સંબંધી, તથા જીંદગીની ફરજો બજાવવા સંબંધી ઘણી વાતો આપણે સાંભળીએ છીએ, પણ પાછળથી તેમાંથી બહુ થોડું યાદ રહે છે, અને જે કાંઇ યાદ રહ્યું હોય તેમાંથી પણ બહુજ થોડું અનુભવમાં આવી શકે છે. આમ થવાનું કારણ શું છે? શું આપણી સ્મરણશકિત ખરાબ છે? નહીં. કારણ કે બધા માણસોની સ્મરણશકિત કાંઇ ખરાબ હોય નહીં. તેમજ બીજી ઘણીએ વગર જરૂરની વાતો આપણને યાદ રહે છે. જેમકે, કોઇએ આપણને ગાળ દીધી હોય, કોઇ ઠેકાણે આપણું અપમાન થયું હોય કે કોઇ દિવસ કોઇ બાબતમાં અતિશય આનંદ મળ્યો હોય તો એવી વાતો સહેલાઇથી ભૂલાતી નથી. એટલુંજ નહીં પણ એવી ન્હાની ન્હાની અનેક વાતો આપણને ઘણા વરસો સુધી યાદ રહે છે. એ ઉપરથી સમજી શકાય છે કે, ધર્મની ઉંચી વાતો આપણને યાદ રહેતી નથી તેમાં કાંઇ સ્મરણશકિતનો દોષ નથી. ત્યારે બીજો સવાલ એ છે કે, શું આપણી બુદ્ધિમાં ખામી છે? આપણી બુદ્ધિ શું મંદ છે? આપણી બુદ્ધિ શું જડ છે? અને આપણી બુદ્ધિ શું પોતાનું

કામ કરી શકે તેવી નથી ? એ સંબંધી વિચાર કરતાં પણ આપણને એમ લાગે છે કે, આપણી બુદ્ધિ જરૂર જેટલી છેજ, અને જો તેને વધારે ખીલાવવા માગીએ તો તે ખીલી શકે તેમ છે, એમાં કાંઇ શક નથી. આપણી બુદ્ધિ માર્ફત આપણે ઘણું કામ કરીએ છીએ તેના દરરોજ ઘણા પુરાવા આપણને મળે છે. એટલે એમાં કોઇની સાક્ષી લેવા જવું પડે તેમ નથી, છતાં પણ આપણે જોઇએ છીએ કે, જે બુદ્ધિ આપણને દુનિયાદારીનાં ઘણાં કામોમાં સાહ્યતા આપે છે ને મદદ કરે છે તેજ બુદ્ધિ ધર્મનાં ઉંડાં તત્ત્વો સમજવામાં આપણને જેટલી જોઇએ તેટલી મદદ કરતી નથી, એનું કારણ શું ? એ વાત વિચારવા જેવી છે કારણ કે આ દુનિયાદારીની બીજી જે કાંઇ વાતો છે તે તો ઘડીકવારની છે, અને ક્ષણીક આનંદ આપે તેવી છે. પણ જે ધર્મની વાતો છે તે તો અતિશય આનંદ આપે તેવી છે, અને મુવા પછી પણ કામ લાગે તેવી છે. એટલુંજ નહીં પણ અનંત કાળની શાન્તિ આપે તેવી છે, માટે આપણે ધર્મની વાતોમાં જેમ બને તેમ વધારે લક્ષ આપવું જોઈએ. પણ આપણે જોઇએ છીએ કે એમ બની શકતું નથી. એનું કારણ શું ? એ સમજવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના સત્સંગ મંડળમાં કહેતા હતા કે,

શાસ્ત્રમાં એમ કહેલું છે કે શ્રવણ પછી મનન જોઇએ, અને મનન પછી નિદીધ્યાસન જોઇએ, ત્યારે પકકું જ્ઞાન થાય છે. એકલા શ્રવણથી એટલે કે માત્ર સાંભળી લેવાથી કાંઇ સાચો ફાયદો થઇ જતો નથી, પણ ખરો ફાયદો તો શ્રવણ પછી તેનું મનન કરવાથીજ થાય છે. જેમ ગાય, ભેંસ, વિગેરે ઢોર પ્રથમ ખાવાનું મળે ત્યારે જલદી જલદી ખાઈ જાય છે, અને પછી ફુરસદ મળે ત્યારે એ ખાધેલું પોતાની હોઝરીમાંથી પાછું મ્હોઢામાં લાવીને વાગાળે છે, ને તેનો રસ ચુસે છે ત્યારે ઢોર મજબુત થાય છે, અને જે વાગોળેલું હોય છે, તેજ પાચન થાય છે, પણ વાગોળ્યા વિનાનું માત્ર ખાધેલુંજ હોય તે કાંઇ પાચન થઇ શકતું નથી, અને તેમાંથી કાંઇ નવું લોહી બની શકતું નથી. માટે ખાધેલી ચીજોને વાગોળીને જેમ પશુઓ તેમાંથી સત્ય ચૂસે છે તેમજ ધર્મની, ભક્તિની, જ્ઞાનની, અને આત્માના કલ્યાણની બીજી જે જે વાતો આપણે સાંભળી હોય તે બધી વાતોનું નિરાંતે મનન કરવું જોઇએ જો એમ કરતાં આવડે તો ખરો ફાયદો થાય છે.

બંધુઓ, હમણાં આપણે ઘણુંએ સાંભળીએ છીએ પણ તેમાંથી કાંઇ વળતું નથી, અને બધું સાંભળેલું આ કાનેથી આ કાને નીકળી જાય છે, તેનું કારણ એજ છે કે, ધર્મની જે જે ઉંચી વાતો આપણે સાંભળીએ છીએ તેનું મનન કરતા નથી, એટલે એ વાતો આપણને યાદ રહેતી નથી કે ઉપયોગી થઇ પડતી નથી. માટે ધર્મની વાતો સાંભળ્યાથીજ કાંઇ રાજી થઇ જવાનું નથી, પણ તેનું મનન કરવાની જરૂર છે, અને મનન કરવાની રીતી એ છે કે, ધર્મની જે બાબત આપણને સારી લાગી હોય, જે નિયમો પાળવા જેવા લાગ્યા હોય, અને જે બાબત કરવા જેવી લાગી હોય તે વાતોનું આપણે ચિન્તવન કર્યા કરવું જોઇએ, તેમાંજ મનને રમાડયા કરવું જોઇએ. તેમાંજ જીવને પ્રોઇ રાખવો જોઇએ, અને જયારે જયારે તક મળે ત્યારે ત્યારે એજ બાબતોનો વિચાર કરવો જોઇએ, તથા એ વિચારોને અમલમાં મુકવા સારૂ બીજા જે જે વિચારોની કે સાધનોની જરૂર પડે તે બધું મેળવવું જોઇએ, એમ કરવું તેનું નામ મનન છે. માટે જો ધર્મને સિદ્ધ કરવો હોય તો ધર્મની વાતો સાંભળીને વાંચીને, કે ગાઇનેજ રાજી થઇ જવું નહીં, ને એટલામાંજ કાંઇ સાર્થકતા સમજી લેવી નહીં, પણ સાંભળેલી કે વાંચેલી ઉંડી વાતોનું મનન થાય તેમ કરવું જોઇએ. જો આ વાત ધ્યાનમાં રાખશો અને તે પ્રમાણે વરતવાની કોશીષ કરશો તો તમને ઘણો ફાયદો થયા વિના રહેશે નહીં. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણ છે કે, જેમ સંતોની વાણી સાંભળવાની ઇચ્છા રાખો છો તેમજ તેનું મનન કરીને તેને અંતરમાં ઉતારવાની કોશીષ કરજો. એટલે બહુ સહેલાઇથી ધર્મ પાળી શકશો. એ મહાત્માઓના અનુભવની વાતો છે, માટે ઉતાવળે ખાધેલું પાછું નિરાંતે વાગોળવાની યુક્તિ ધ્યાનમાં રાખજો, અને વિચાર કરજો કે, પશુઓને પણ આવી સરસ યુક્તિ આવડે છે ને તે પણ તેનો લાભ લેય છે, ત્યારે આપણે મનુષ્ય થઇને જો એટલું પણ ન કરી શકીયે તો તો પછી પશુઓ કરતાં પણ ઉતરતા ગણાઇએ, તેમાં કાંઇ નવાઇ નથી માટે એવી ભૂલ ન થાય તે સંભાળજો. એજ અમારી વિનંતિ છે.

૪૫–ગુરૂના દોષ ન જોતાં તેની પાસેથી તમને કામ લાગે તેવું જ્ઞાન લઇ લો.

ઘણા હરિજનોને ધર્મ પાળવાનું બહુ મન હોય છે, છતાં પણ ધર્મના રસ્તામાં જેટલા આગળ વધવા જોઇએ તેટલા તેઓ આગળ વધી શકતા નથી. એનું કારણ એ છે કે, તેઓ ગુરૂના દોષ જોવામાં રહી જાય છે, તેથી પોતાના ગુરૂ પાસેથી જે લાભ મેળવવો જોઇએ તે લાભ તેઓ મેળવી શકતા નથી. એવી ભૂલ ન થાય માટે એક સંત પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે,

તળાવમાં કે નદીમાં ઘણી વખત મૂએલાં માછલાં હોય છે, તેના તળીયામાં હાડકાં પણ પડેલાં હોય છે, તેમાં કાદવ કચરો પણ હોય છે, અને બીજાં ઝીણાં ઝીણાં જીવતાં જંતુઓ પણ હોય છે, એ બધાં સામું જોયા કરીએ તો કાંઇ આરો આવે નહીં. કારણ કે એવી એવી ચીજો તો તેમાં રહેવાનીજ, એ બધું પૂરેપૂરૂં કાંઇ દૂર થાય નહીં. જેને તરસ લાગી હોય તેણે માત્ર એટલુંજ જોવું જોઇએ કે, તેમાંનું પાણી પીવા લાયક છે કે નહીં? જો પાણી પીવા લાયક હોય તો તેમાં પડેલી બીજી ખરાબ વસ્તુઓ સામે નહીં જોતાં ચોખ્ખું પાણી પી લેવું. તેમજ ગુરૂઓની બાબતમાં પણ એટલુંજ ધ્યાન રાખવું કે, તેઓ આપણને જે જ્ઞાન આપે છે તે જ્ઞાન આપણા કામનું છે કે નહીં? જો ગુરૂનાં ખાનગી કામોમાં ઉંડા ઉતરીએ તો તેમાં આપણને નહીં ગમે તેવું કાંઇક ને કાંઇક દેખાયા વિના રહેશેજ નહીં. કારણ કે ગુરૂ એ પણ મનુષ્ય છે, એટલે મનુષ્ય સ્વભાવમાં જે નબળાઇઓ કુદરતી રીતેજ રહેલી છે તે નબળાઇ કાંઇક અંશે તેમનામાં પણ હોય છે, એટલે કોઇક ને કોઇક પ્રકારની ખામી તો ગુરૂઓમાં પણ રહેવાનીજ. બીજું એ કે, દરેક માણસની દ્રષ્ટી જુદી જુદી હોય છે, અને દરેક માણસની પાપ પુણ્યની ભાવનાઓ પણ જુદી જુદી હોય છે. જેમકે કેટલાક માણસો આભડછેટમાં બહુજ પાપ માને છે, અને કેટલાક માણસો આભડછેટમાં બહુ પાપ માનતા નથી. કેટલાંક માણસો પરદેશ જવામાં બહુ પાપ માને છે, અને કેટલાક માણસો પરદેશ જવામાં પાપ માનતા નથી કેટલાક માણસો ધર્મની કથા સાંભ-

ળવામાં અતિશય પૂણ્ય માને છે, કેટલાક માણસો તેમાં સાધારણ પૂણ્ય માને છે અને કેટલાક માણસો કેટલીક જાતની કથાઓને પૂરાણનાં ગપોડાં કહે છે. કેટલાક માણસો કેળવણીમાંજ પૈસા ખરચવા ઇચ્છે છે, અને કેટલાક માણસો કહે છે કે, છોકરાઓને અંગ્રેજી ભણાવવાથી તેઓ ધર્મભ્રષ્ટ થઇ જાય છે, ને છોકરીઓને ભણાવવાથી તેઓ પણ બગડી જાય છે. આવા વિચારને લીધે તેઓ પોતાનું દાન મંદીરોમાં આપે છે, પણ કેળવણીમાં આપતા નથી; અને કેળવણીની મહત્તા સમજનારા કેળવણીમાં પૈસા ખરચે છે, તેઓ મંદીરોમાં પૈસા ખરચતા નથી. આવી રીતે જુદા જુદા માણુસોને જુદી જુદી બાબતો ગમે છે, એટલે પોતાને ગમની બાબત ઉપર તેઓ ભાર મૂકે છે, અને જે બાબત પોતાને ન ગમતી હોય તેની વિરૂદ્ધમાં તેઓ બોલે છે, અને ગુરૂઓ પણ એજ પ્રમાણે કરે છે, તેથી જે માણુસોને જે જાતના વિચારો ગમતા હોય તે માણુસ તે જાતના વિચારના ગુરૂને પ્રસંદ કરે છે, અને પોતાને જે જાતના વિચારો ન ગમતા હોય તે જાતના વિચારો ધરાવનાર ગુરૂની નિંદા કરે છે. આવી રીતે હોવાથી જુદા જુદા ગુરૂઓમાં જુદા જુદા માણુસોને જુદા જુદા દોષ દેખાય છે, પણ ખરી રીતે જોતાં તેઓમાં એટલા બધા દોષ હોતા નથી. અને બીજી રીતે જોતાં જેવા જોઇએ તેવા ખરેખરા મહાન્ ગુરૂ મળવા પણ બહુ મુશ્કેલ છે. માટે જેમ નદી, તળાવના તળીઆમાં કાદવ કચરો પડેલો હોય છે છતાં પણ તેમાંથી ચોખ્ખું પાણી પી લઇએ છીએ, તેમજ કોઇ ગુરૂઓમાં કદી કાંઇ દોષ જણાતો હોય તો પણ તે દોષને બાજુએ રાખી તેના ઇશ્વરી જ્ઞાનમાં જે સત્ય હોય તે સત્ય પકડી લેવું જોઇએ. એમ ન કરતાં દોષ જોવામાંજ રહી જવાય તો સાવ ખાલી રહી જવાય છે, ને કાંઇ પણ લાભ થતો નથી. માટે એવી ભૂલ ન થાય એ સંભાળજો અને સારગ્રાહી થઇ સાધારણ ગુરૂમાંથી પણ તમારૂં કામ કાઢી લેજો. એજ અમારી ભલામણ છે.

૪૬-ઘણા માણસો પોતાના શોખની અંદર ફર્યા કરે છે અને તેને ભકિત માન્યા કરે છે, એવી ભૂલ ન થાય એ સંભાળજો.

ઘણા માણસો જ્ઞાનની વાતો કર્યા કરે છે, હરિકથાઓ સાંભળ્યા કરે છે, પુરાણોની રસીક વાતો બીજાઓની આગળ કહ્યા કરે છે, અને તેને ભક્તિ માન્યા કરે છે, અને પોતાના મનમાંથી એમ રાજી થયા કરે છે કે, અમે બહુ સારી રીતે ભક્તિ કરીએ છીએ. કેટલાક લોકો તબલાં, સારંગી, જાંઝ પખવાજ વીગેરે વાજીંત્રો વગાડે છે, તથા ગાય છે. અગર પોતાને સારાં ભજનો સાંભળવા ગમતાં હોય તે સારૂ પોતાના શોખને લીધે જે મંદિરોમાં એવાં ભજનો ગવાતાં હોય તે ઠેકાણે જયા કરે છે, અને તેને ભક્તિ સમજ્યા કરે છે. કેટલાક માણસો ફૂલના હિંડોળા જોવા માટે મંદિરોમાં જાય છે, કેટલાક માણસો રથ જાત્રાના ઉત્સવ જોવા માટે મંદિરોમાં જાય છે, કેટલાક માણસો અન્નકોટ વખતે જે મીઠાઈઓ તથા શાક-ભાજીની રચના કરેલી હોય તે જોવા માટે મંદિરોમાં જાય છે, કેટલાક માણસો સોના રૂપાનાં પારણાં ઝૂલતાં જોવા માટે મંદિરોમાં જાય છે, કેટલાક માણસો મંદિરોમાં થતી ભભુકાદાર લાઇટ જોવા માટે તથા દેવના મોટી કીમતના દાગીનાઓ જોવા માટે મંદિરોમાં જાય છે, કેટ-લાક લોકો વખણાઇ ગયેલા ગુરૂઓને રાજી રાખવા અને તેમની ઓળ-ખાણ કરવા માટે મંદિરોમાં જાય છે, અને કેટલાક માણસો પોતાની ઉદારતા બતાવવા સારૂ દાન આપવા માટે મંદિરોમાં જાય છે, તથા કેટલાક માણસો ભગત ગણાવા સારૂ અને ઘણા લોકો પોતાના વખાણ કરે તે સારૂ મંદિરોમાં જાય છે. આવી રીતે પોતાના જુદા જુદા શોખને પૂરા પાડવા સારૂ તેઓ મંદિરોમાં ફર્યા કરે છે અને તેને ભક્તિ માન્યા કરે છે !! પણ અમારા ભગત બાપા કહેતા હતા કે,

આવી રીતે જે લોકો પોતાના શોખની અંદર ફર્યા કરે છે તેઓ કાંઇ સાચા ભગત નથી. કારણ કે તેઓ કાંઇ પ્રભુને ખાતર એ બધું કરતા નથી, પણ એ પ્રમાણે કરવાથી તથા જવા આવવાથી પોતાના મનને એક જાતનો આનંદ થાય છે અને પોતાનો શોખ

પૂરો પડે છે, તેને લીધે તેઓ ભજનમાં મળે છે તથા મંદિરોમાં જાય છે. પણ યાદ રાખજો કે એ બધા કાંઇ સાચા ભગત નથી, અને એવી રીતે પોતાની મોજને ખાતર પોતાને ગમ્મત મળે એવે ઠેકાણે ફર્યા કરવું તેનું નામ કાંઇ સાચી ભક્તિ નથી. કારણ કે, એવી રીતે ફૂલ મંડળીઓ જોઇને રાજી થયા કરવામાં તમારૂં શું વળ્યું ? એવી રીતે લુખીપુખી જ્ઞાનની વાતો કર્યા કરવામાં તમારૂં શું વળ્યું ? ભજનો, કિર્તનો સાંભળવામાં ને તેથી રાજી થઇ ફૂલાયા કરવામાં તમારૂં શું વળ્યું ? અને બહુ લાઇટ તથા બહુ મોટી કિંમતનાં ઘરેણાં જોવાથી તમારૂં શું વળ્યું ? યાદ રાખજો કે આ બધી તો પોતાની મોજની વાતો છે; એ કાંઇ ખરી ભક્તિની વાતો નથી. કારણ કે ખરી ભક્તિ એટલે શું ? એ તમે જાણો છો ? શાસ્ત્રો કહે છે કે, પોતાના આત્મા વડે પરમાત્માને પકડવો તેનું નામ સાચી ભકિત છે, અને એમ કરવું એ કાંઇક જુદીજ વાત છે. એ કાંઇ આવાં મોજીલાંપણામાંથી બનતું નથી, પણ એ તો અંતરના સાચા તરફડાટમાંથીજ બની શકે છે. માટે આજથી ચોખ્ખી રીતે એમ સમજી લ્યો કે, આત્મા વડે પરમાત્માને પકડવો એ વાત કાંઇ જુદીજ છે, અને પોતાના શોખને ખાતર તથા આંખ, કાન નાક, વીગેરે પોતાની ઈંદ્રિયોને રાજી રાખવા સારૂ પોતાના શોખના વિષયોની પાછળ પાછળ ફર્યા કરવું એ કાંઇક જુદીજ વાત છે. આ બંને વચ્ચેનો તફાવત સમજાશે તો કોઇક દિવસ પણ પોતાની ભૂલ સમજાશે, અને સાચી ભક્તિમાં જવાનું મન થશે. માટે બંધુઓ! છેવટ સુધી આવી જાતની ભૂલમાં ન પડયા રહેવાય એ સંભાળજો, અને આત્મા વડે પરમાત્માને પકડવાની સાચી ભકિત થાય તેમ કરજો. એજ અમારી વિનંતિ છે.

૪૭-ખરા પ્રેમી ભગતોનો માર્ગ સૌથી જુદોજ હોય છે.

દુનિયામેં લાખોંઇ પંથકો હમને દેખા ભાલા હૈ;
પર જો દેખા તો કુછ આશકોંકા પન્થ નિરાલા હૈ.
કોઇ બદનપર ખાક મલે ઔર સેલી કફની ડાલે હૈં;
કોઇ રંગાવે વસ્ત્રકો અપના વેશ સંભાલે હૈ.

કોઇ મૌન હોકર બૈઠે નહિં કિસીસે બોલે ચાલે હૈં;
કોઇ ફૂડાયે કાન કો પિયે વો મદકે પ્યાલે હૈં.

કોઇને લમ્બા તિલક દિયા ઔર પહને તુલસી માલા હૈ;
પર જો દેખા તો કુછ આશકોંકા પન્થ નિરાલા હૈ.

કોઇ રાત દિન ખડે રહેં ઔર કોઇ હાથ ઉઠાયે હૈં;
કિસીકો દેખા તો વહ બૈઠે ઔર ધ્યાન લગાયે હૈં.

કિસીને અપને બદનકો દાગા તનુપર છાપે ખાયે હૈં;
કિસીને અપને શીશપર લંબે બાલ બઢાયે હૈં.

કિસીકે તનુપર વસ્ત્ર નહીં ઔર કોઇ ઓઢે મૃગછાલા હૈ;
પર જો દેખા તો કુછ આશકોંકા પન્થ નિરાલા હૈ.

કોઈ સેવડા બના ઔર કોઇ કહે કિ હમતો દંડી હૈં;
કોઇ તપસ્યા કરેં ઔર કોઇ બને વનખંડી હૈં.
કિસી કે મઠપર ધ્વજા ઉડે ઔર કહીં ફરકતી ઝંડી હૈં;
વિના ઇશ્ક કે હુવે જો ફકીર વો પાખંડી હૈં.

કિસીને મસજીદ બનવાઇ ઔર કોઇને રચા શિવાલા હૈ;
પર જો દેખા તો કુછ આશકોંકા પન્થ નિરાલા હૈ.

કોઇ કહે હમ યતી હૈં ઔર કોઇ બના જગત્ મેં વૈરાગી;
બિના ઇશ્ક કે કિસી કી લવ નહિં સદ્ગુરૂસે લાગી.
બનારસીને ઇશ્ક મેં અપની જીતેજી કાયા ત્યાગી;
દુઇ ન મુતલક રહી ઔર દુબધાભી સુનકે ભાગી.

રામકૃષ્ણકા સખુન યહી સમઝો તુમ સબપર બાલા હૈ;
પર જો દેખા તો કુછ આશકોંકા પન્થ નિરાલા હૈ.

(બનારસીમાંથી.)

૪૮–ગવર્નરના મહેલમાં રજા વિના હઠ કરીને ચાલ્યા જાય તેને શિક્ષા થયા વગર રહે નહીં, તેમજ જે હઠ કરીને ધર્મના એકાદ અંગમાં બહુ આગળ વધી જાય ને બીજાં અંગોની દરકાર રાખે નહીં તેને પણ શિક્ષા થાય છે. માટે ધર્મનાં બધાં અંગો સંભાળવાં જોઇએ.

ઘણા લોકોને ધર્મ પાળવો બહુ ગમે છે પણ ધર્મનાં બધાં અંગોની સંભાળ રાખતાં આવડતું નથી, તેથી આગ્રહ રાખીને, હઠ કરીને અથવા ધર્માંધપણાના વેગમાં તણાઇ જઈને પોતાને ગમતું હોય તે એકાદા અંગમાં બહુ આગળ વધી જાય છે. જેમકે, કોઇને માળા ફેરવવાનું બહુ ગમતું હોય તે ઘણો વખત માળા ફેરવ્યા કરે છે, પણ દાન દેવું તથા જ્ઞાન મેળવવું વગેરે ધર્મના બીજા અંગોમાં તે બહુ પાછળ રહે છે. કોઇ બાઇઓને મંદિરમાં દેવનાં દર્શન કરવામાં બહુ ભાવ હોય છે, તેથી એ બાબતમાં બહુ દોડાદોડી કરે છે અને એમાં ઘણો વખત ગુમાવે છે, પણ જગતની વસ્તુઓનો મોહ ઓછો રાખવાની બાબતોમાં, તથા અફસોસ નહીં કરવાની બાબતમાં, બીજાઓના વાંક માફ કરવાની બાબતમાં અને સત્ય શોધવાની બાબતમાં તેઓ બેદરકાર હોય છે. એટલે તેઓમાં દર્શનનું એક અંગ બહુ વધી જાય પણ ધર્મનાં બીજાં બધાં અંગો કાચાં રહી જાય છે. એટલુંજ નહીં પણ જે એક અંગમાં બહુ આગળ વધી જાય તે બીજાં બધાં અંગોમાં પાછળ પડી જાય છે, એટલે તેઓની એવી એકઅંગી ભક્તિ તેઓને જેવું જોઇએ તેવું ફળ આપી શકતી નથી. આવીજ રીતે ઘણાં માણસો વૈરાગ્યમાં આગળ વધી જાય છે અને એ એક અંગને બહુ મજબૂતીથી પકડી રાખે છે, પણ દુનિયા તરફની પોતાની ફરજો બજાવવાના અંગમાં તેઓ બહુજ બેદરકાર હોય છે. માણસો સાથે ભલાઇ રાખવાની બાબતમાં તેઓ ઢીલા હોય છે, અને જગતની વસ્તુઓની કિંમત સમજવાની બાબતમાં તેઓ તદ્દન અજ્ઞાન હોય છે. એથી એકલા ત્યાગના અંગથી તેઓને ધર્મનું પુરેપુરૂં ફળ મળતું નથી.

કેટલાક માણસો મનુષ્ય જાતની સેવા કરવાના કામમાં બહુ લાગેલા હોય છે, પણ આત્મિક તત્ત્વ સમજવાની બાબતમાં તથા ઇશ્વરી ભાવનાને ખીલવવાની બાબતમાં બહુ બેદરકાર હોય છે. અને કેટલાક માણસો જ્ઞાન મેળવવા તથા દરેક ઝીણી ઝીણી બાબતો પણ બહુ સ્હેલાઇથી સમજી જાય તેવી શકિતવાળા હોય છે, પણ ધર્મની બહારની ક્રિયાઓ પાળવાની બાબતમાં તથા વિધિનિષેધ જાળવવામાંની બાબતમાં તેઓ બેદરકાર હોય છે. આવી રીતે ઘણાં માણસોમાં ધર્મનું એકાદું અંગ બહુ મજબૂત હોય છે, પણ બીજાં બધાં અંગો તરફ તેઓની બેદરકારી હોય છે, તેથી તેઓની ભકિત ફળીભૂત થઇ શકતી નથી. કારણ કે એકઅંગી ભકિતથી કાંઇ શુકરવાર થઇ શકે નહીં. એ માટે એક મહાત્મા કહેતા હતા કે,

જ્યારે હારમોનીયમ વગાડવું હોય ત્યારે તેની બધી ચાવીઓ બરાબર રીતે જાણવી જોઇએ, અને જે વખતે જે સુરની જરૂર પડે તે ચાવી વગાડવી જોઇએ. તો મીઠાશ ભરેલો આનંદદાયક અવાજ નીકળી શકે. પણ એને બદલે જો કોઇ માણસને એકજ જાતનો સુર વગાડતાં આવડે અને બીજા બધા સુરો વગાડતાં ન આવડે તો તેના એક સુરથી કાંઇ સાંભળનારાઓ રાજી થાય નહીં, પણ ઉલટો તેઓને કંટાળો લાગે; અને જેને માત્ર એકજ સુર વગાડતાં આવડે તેને કાંઇ વાજું વગાડતાં આવડયું કહેવાય નહીં. તેમજ જે માણસો ધર્મનું એકાદું અંગ પાળે ને બીજાં અંગો તરફ બેદરકાર રહે તે માણસે કાંઇ ધર્મ પાળ્યો કહેવાય નહીં. માટે જો ખરો ધર્મ પાળવો હોય અને ધર્મ પાળવાથી જે બેહદ ફાયદા થાય છે તે મેળવવા હોય તો ધર્મનાં બધાં અંગો જાણવાં જોઇએ, અને તે દરેક અંગ સૌ સૌની જરૂર પ્રમાણે પાળી શકાય તેવી કોશિષ કરવી જોઇએ.

ધર્મનું એકાદું અંગ બહુ પાળવાથી ઝાઝો ફાયદો થતો નથી, એટલુંજ નહીં પણ કેટલાક મહાત્માઓ તો એમ કહે છે કે, બીજાં બધાં અંગોને પડતાં મૂકીને એકાદા અંગમાં બહુજ આગળ નીકળી જવું એ બહુ મોટો ગુનોહ છે. કારણ કે ધર્મ ઇશ્વરે નિર્માણ કરેલો છે, અને તેનાં અંગો પણ તેણેજ નક્કી કરી આપેલાં છે,

તથા ક્રમે ક્રમે ધર્મનાં બધાં અંગોમાં કેમ આગળ વધવું તેની સમજ પણ શાસ્ત્રો મારફત પ્રભુએ આપેલી છે. તે બધી વાતોને ભૂલી જઇને માત્ર એકાદ અંગમાં હદ બહાર આગળ વધી જવું એ પ્રભુના હુકમનું અપમાન કરવા બરાબર છે. તેથી જેમ કોઇ ગવર્નરે કે રાજાએ હદ બાંધી આપી કે, અમુક રસ્તે અમુક વખતે અમુક હદ સુધી આવવું એથી વધારે આગળ વધવું નહીં, તેમજ વખતમાં કે જગ્યામાં ફેરફાર કરવો નહીં, તેમ છતાં એ હુકમનું અપમાન કરીને જો કોઇ માણસ ગવર્નરના મહેલ તરફ આગળ વધે તો તેને શિક્ષા થાય છે. તેમજ પરમકૃપાળુ પરમાત્માએ ધર્મનાં જે અંગો મુકરર કરી આપેલાં છે, જે ટાઇમ નક્કી કરી આપેલો છે, અને દરેક અંગમાં આગળ વધવા માટે જે ક્રમ બતાવેલો છે, જે હદ બતાવેલી છે, તે બધાંનું ઉલ્લંઘન કરીને પ્રભુના દરબારમાં ઘુસી જવાની કોશિષ કરીએ તો ઉલટી શિક્ષા થાય છે. માટે ધર્મ પાળવા જતાં એવી શિક્ષામાં ન સપડાઇ જવાય એ સાંભાળજો, અને જેમ બને તેમ ધર્મનાં બધાં અંગો બહુ સારી રીતે પાળી શકાય તેમ કરજો. જો તમે એમ કરશો તો થોડો ધર્મ પાળવામાંથી પણ ઘણું ફળ મળી જશે. અને જો વગર વિચારે એકઅંગી ભક્તિમાં તણાઇ જશો તો ઘણી મહેનત કરવા છતાં પણ કાંઇ ફળ મળશે નહીં, એટલુંજ નહીં પણ ઉલટી ખરાબી થશે. એમ ન થાય માટે ધર્મનાં બધાં અંગો સંભાળવાની કોશિષ કરજો અને દેશ-કાળ પ્રમાણે તથા આપણી સ્થિતિ પ્રમાણે જેટલું પાળી શકાય તેટલું પાળવાની કોશિષ કરજો એટલે પરમકૃપાળું પરમાત્મા થોડો ધર્મ પાળ્યો હોય તેમાંથી પણ ઘણું ફળ આપશે, એ નક્કી વાત છે, એ શાસ્ત્રનો સિદ્ધાંત છે અને ભગવાનનો આપેલો કોલ છે. માટે એકઅંગી ભક્તિમાં રહિ જાઓ માં પણ ધર્મનાં બધાં અંગોમાં આગળ વધી શકાય તેમ કરો. બધાં અંગોમાં આગળ વધી શકાય તેમ કરો.

૪૯–તમારા હૃદયને તમે જેટલું વિશાળ બનાવશો તેટલું તમને પ્રભુમાંથી વધારે મળી શકશે.

બન્ધુઓ ! યાદ રાખજો કે પરમકૃપાળુ પરમાત્મા પાસે કાંઇ ખોટ નથી. એની પાસે તો દરેક બાબતોના અખૂટ ભંડારો ભરેલા છે. જેમકે, પ્રભુ શાંતિનો સમુદ્ર છે, પ્રભુ કૃપાનો ભંડાર છે, પ્રભુ જ્ઞાનનું શિખર છે, પ્રભુ પ્રેમના અવતાર છે, પ્રભુ દયાના સાગર છે, પ્રભુ ક્ષમાના ભંડાર છે, પ્રભુ લક્ષ્મીના પતિ છે, પ્રભુ નોધારાના આધાર છે, પ્રભુ ભગતોના મનોરથ પૂર્ણ કરનારા છે, પ્રભુ પરોપકાર માટે અવતાર લેનારા છે, પ્રભુ ભક્તિને વધારનારા છે, પ્રભુ પાપીઓને તારનારા છે, પ્રભુ વિકારોને ટાળનારા છે, પ્રભુ ભગતોને મોક્ષ આપનારા છે, પ્રભુ સૌ જીવોનું કલ્યાણ ઇચ્છનારા છે, પ્રભુ અધમોનો ઉદ્ધાર કરનારા છે, પ્રભુ ભક્તવત્સલ છે, પ્રભુ સિદ્ધિઓના દાતા છે, અને પ્રભુ અનેક જાતનું અનેક રીતે મંગળ કરનારા છે. આવા સર્વશક્તિમાન કૃપાના ભંડાર પરમાત્મા છે, તેથી જે જે મહાન્ ભગતો છે તેઓ દરેક પળે તેની કૃપાનો અનુભવ કર્યા કરે છે, અને પોતાને જે જોઇએ તે સર્વશક્તિમાન પ્રભુમાંથી મેળવ્યા કરે છે; પણ ઘણા હરિજનોને આ જાતનો અનુભવ થતો નથી તેથી તેઓ એમ કહે છે કે,

તમે સૌ એમ કહો છો કે, અમને જે જોઇએ તે બધું પ્રભુમાંથી મળ્યા કરે છે, પણ તમારી એ વાત અમને તો સમજાતી નથી. કારણ કે અમે પણ ઘણો વખત થયા ભક્તિ કરીએ છીએ પણ અમને તો અમારૂં મનમાન્યું કાંઇ મળતું નથી. આના જવાબમાં એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

ભાઇઓ ! સમુદ્રની અંદર પાણીની કાંઇ ખોટ નથી, પણ જેની પાસે જેવડું વાસણ હોય તેટલું પાણી તે સમુદ્રમાંથી લઇ શકે છે. તેથી જેની પાસે ન્હાનું વાસણ હોય તેને થોડું પાણી મળે છે, અને જેની પાસે મ્હોટું વાસણ હોય તેને વધારે પાણી મળે છે. એમાં કાંઇ સમુદ્રનો દોષ નથી. તેમજ જે ભગતનું હૃદય જેટલું વિશાળ

થયેલું હોય તેટલું તે પ્રભુ પાસેથી વધારે મેળવી શકે છે, અને જે ભગતોના હૃદય નાનાં રહી ગયેલાં હોય તેઓ પ્રભુ પાસેથી થોડું લઇ શકે છે. એમાં કાંઇ પ્રભુનો વાંક નથી, પણ આપણા હૃદયને આપણે વિશાળ ન બનાવીએ એ આપણોજ વાંક છે. માટે પરમકૃપાળુ પરમાત્મા પાસેથી આપણાં કલ્યાણનાં સાધનો જો આપણે વધારે મેળવવાં હોય તો આપણે આપણાં હૃદયને જેમ બને તેમ વિશાળ બનાવવાં જોઇએ અને હૃદયને વિશાળ બનાવવાની યુક્તિ એ છે કે,

જેમ બને તેમ સત્સંગનું બળ રાખવું, એટલે સત્સંગના બળથી હૃદય વિશાળ થાય છે. ધર્મ સંબંધી ઘણી બાબતોના સાચા ખુલાસા મેળવી લેવા એટલે હૃદય વિશાળ થાય છે. જેમ બને તેમ ભક્તિનું બળ વધારવું એટલે હૃદય વિશાળ થાય છે. અંતરમાંથી ઉંડી સાચી શ્રદ્ધાને જાગૃત કરવી એટલે તેના બળથી હૃદય વિશાળ થાય છે. બની શકે એટલો ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવો એટલે હૃદય વિશાળ થાય છે. પોતાના અંગત સ્વાર્થને છોડી દેવો એટલે હૃદય વિશાળ થાય છે. કર્મયોગી તથા જ્ઞાનયોગી મહાત્માઓને પગલે ચાલવું એટલે હૃદય વિશાળ થાય છે. મનને વશ રાખવા માટે બની શકે તેવું તપ કરવું એટલે હૃદય વિશાળ થાય છે. દેશ અને કાળની સ્થિતિ સમજવી તથા પોતાની આસપાસના સંજોગોનો વિચાર કરવો તેથી હૃદય વિશાળ થાય છે. સંસારના મિથ્યાપણાનો વિચાર કરવો અને મોતનો ભય રાખવો તેથી હૃદય વિશાળ થાય છે. દયા, સત્ય, બ્રહ્મચર્ય, પરોપકાર, ક્ષમા વિગેરે સદ્‌ગુણોનું જોર રાખવું તેથી હૃદય વિશાળ થાય છે. પ્રભુ સર્વવ્યાપક છે અને સૌ જીવોમાં પ્રભુનો અંશ છે, એમ સમજવાથી ને અનુભવ અંતરમાં ઉતારવાથી હૃદય વિશાળ થાય છે. અને આત્માનું અમરપણું તથા પરમકૃપાળુ પરમાત્માનો મહીમા સમજવાથી હૃદય વિશાળ થાય છે. આપણા હૃદયને વિશાળ બનાવવાના આવા આવા અનેક ઉપાયો છે, તેમાંથી જે જે ઉપાયો આપણને આપણી યોગ્યતા પ્રમાણે ઠીક લાગે તે તે ઉપાયો આપણે અજમાવવા જોઇએ, અને જેમ બને તેમ આપણું હૃદય વિશાળ થાય તેમ કરવું જોઇએ. કારણ કે જેમ હૃદય વિશાળ હોય તેમ તેમાં

વિશેષ પ્રભુની કૃપા ભરી શકાય છે. અને જેમ હૃદય સાંકડું હોય તેમ તેમાં પ્રભુ કૃપા થોડી રહે છે. તેથી અનંત બ્રહ્માંડનો નાથ સર્વશક્તિમાન હોવા છતાં અને દરેક ક્ષણે તેની કૃપાનો વરસાદ વરસી રહ્યા છતાં પણ હલકા હૃદયવાળાને બહુજ થોડું મળે છે, અને ઉત્તમ હૃદયવાળાને ઘણુંજ વધારે મળે છે. માટે પ્રભુ પાસેથી આપણને જે જે ઉંચી વસ્તુ જોતી હોય તે મેળવવા માટે પ્રથમ આપણે આપણી યોગ્યતા વધારવી જોઇએ, અને આપણાં હૃદય વિશાળ થાય તેમ કરવું જોઇએ. જો એમ કરતાં આવડે તો પ્રભુને ત્યાં કોઇ પણ વસ્તુની ખોટ નથી. આપણને આપણા હૃદયના પ્રમાણમાં જે જોઇએ તે પરમકૃપાળુ પરમાત્મા પાસેથી મળી શકે તેમ છે. માટે હે હરિજનો ! પ્રભુનો દોષ નહીં કાઢતાં તમારાં પોતાનાં અંતઃકરણો વિશાળ થાય તેમ કરો. તમારાં પોતાનાં અંતઃકરણો વિશાળ થાય તેમ કરો. એટલે પ્રભુ પાસેથી જે જોઇએ તે તમોને મળી શકશે, અને જેટલું જોઇએ તેટલું મળી શકશે. એમાં કાંઇ પણ શક નથી એ નક્કી સમજજો.

૫૦—નઠારાં કર્મથી દૂર રહેવા વિષે.

જે ફોતરાં વાવે છે તેના ખેતરમાં કોઇ દિવસ દાણા ઉગતા સાંભળ્યા નથી તેમ જે માઠું કરે છે તેનું સારૂં થતું નથી, માટે સાચા સંતોએ સદાય પાપથી દૂર રહેવું.

સળગતો અંગારો જેમ લુગડાંમાં દાબ્યો ડુબ્યો રહી શકે નહીં તેમ હે પાપી, તારાં પાપો પણ ગુપ્ત રહેવાનાં નથી.

જરૂર કરીને કોઇક દિવસ પણ અંતે તારાં પાપો તુંને પકડી પાડશે.

આ ટાણે દુઃખ દેખીને દહાડા કહાડવા એ સારા છે, પણ પાપ કરીને અંતે જમપુરમાં મહા દુઃખ સહન કરવાં મોટાં મુશ્કેલ થઇ પડશે.

એટલા માટે પવિત્ર સંતો મરણ પામવું એ સારૂં ગણતા, પણ પાપથી જીવવું એ કદી પણ પસંદ કરતા નહીં.

આંખમાં પડેલાં કસ્તરને કાઢયા વિના આંખથી સાફ દેખાતું નથી, તેમ અંતરમાં રહેલા પાપને ટાળ્યા વિના ચોખ્ખું ઇશ્વરી જ્ઞાન થતું નથી.

જે ઝાડનાં મૂળમાં કીડ લાગી હોય છે તે જેમ કોઇક દહાડે સડીને પડી જાય છે તેમ જેના અંતરમાં પાપે ઘર કર્યું હોય છે તેને પણ અંતે કોઇક દહાડે મોટું સંકટ સહન કરવું પડે છે.

જેના પગમાં કાંટો ભોંકાએલો હોય છે તે જેમ જલદીથી ચાલી શકતો નથી, તેમ જેના અંતરમાં પાપકર્મ અમલ કર્યા કરે છે તે ભક્તિમાર્ગમાં આગળ વધી શકતા નથી. માટે હરિજનોએ સદા સર્વદા સર્વ પ્રકારે પાપથી દૂર દૂર રહેતાં શીખવું.

આપણે જેમ કાનમાં કાનખજુરાને પેસવા દેતા નથી તેમ આ કાને કરીને કોઇને કોઇની નિંદા ન સંભાળાય તો ઠીક, અને આપણે જેમ ઝેર ખાઇ જવા ચાહતા નથી તેમ કોઇના પરાયા પૈસા ન રખાય તો ઠીક, એવું જાણીને હરિજનોએ પર નિંદા અને પરદ્રવ્યથી દૂર દૂર રહેવાની તજવીજ કરવી.

વાટફાડુ લુટારાના નજરાણા જેમ સારો રાજા લેવા ચહાતો નથી, તેમ અધર્મથી સંગ્રહ કરનાર ધનવાળાનું ધન પ્રભુ પોતાની સેવામાં અંગીકાર કરતા નથી. માટે પાપ કરીને ધર્મ કરવું એ કાંઈ ધર્મ નથી, એમ દરેક હરિજને જાણી લેવું.

કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાન;
તબ લગ પંડિત મુરખો, તુલસી એક સમાન.
જેસી નીત હરામમેં, તેસી, હરિમેં હોય;
ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોય.

ભાઇઓ! ખરાબ કર્મોથી બચવાની સૌથી સ્હેલી ને સાચી કુંચી એ છે કે, ખરાબ સોબતથી બચવું. કારણ કે દુઃસંગ માટે સંતો એમ કહે છે કે,

જે લુહારની દુકાને બેસશે તેને અગ્નિના તણખા ઉડયા વિના રહેવાના નથી, તેમ જે માઠી સંગતમાં રહેશે તેનું તો માઠું જ થવાનું.

બાવળ નીચે બેસનારને કાંટા વાગ્યા વિના રહેતા નથી, તેમ દુઃસંગનો કરનાર કોઇ દિવસ લાભ પામ્યો સાંભળ્યો નથી.

સાકરની ઉકળતી ચાસણી પાસે જેમ માખીઓ જતી નથી, તેમ ક્રોધીઓની પાસે સારા માણસ જવા ચાહતા નથી.

ઘાસમાં આગ જલ્દી લાગી જાય છે તેમ ભોળા લોકોને દુઃસંગ જલદી લાગી જાય છે.

૫૧–મહાત્માઓમાં જે મહાત્માપણું છે તે એજ છે કે, "સહન કરતાં શીખવું" માટે આપણે પણ ખમી ખાતાં શીખવું જોઇએ.

ધર્મનું એક મોટામાં મોટું ફરમાન એ છે કે, ખમી ખાતાં શીખવું જોઇએ. સહન કરતાં શીખવું જોઇએ. તિતિક્ષા કરતાં શીખવું જોઇએ. તિતિક્ષા એટલે જે દુઃખોને આપણે દૂર કરી શકીએ તેમ હોય તેવાં દુઃખો પણ ખમી લેવાં, તેનું નામ તિતિક્ષા છે. એ માટે શ્રી કૃષ્ણ ભગવાને શ્રીમદ્‌ભગ્વદ્‌ગીતામાં એમ કહેલું છે કે, હે અર્જુન! જે સુખ અને દુઃખ છે તે તો ઇંદ્રિયોના વિષય છે, અને તે આવે તથા જાય એવાં છે, માટે એને તું સહન કર. કારણ કે જે એવા સુખ દુઃખમાં સમાનતા રાખી શકે છે, તે મોક્ષ પામવાને યોગ્ય છે. આ પ્રમાણે પ્રભુનો હુકમ છે. માટે દરેક હરિજનોએ ધીરજથી ને શાન્તિથી દુઃખો ખમી લેતાં શીખવું જોઇએ.

બંધુઓ! દુઃખો ખમી લેવાં એમ કહીને કાંઇ પ્રભુ અટકેલા નથી, પણ અવતારી પુરૂષોએ પોતાના ચારિત્રથી પણ એ વાતની સાબીતી આપેલી છે. જેમકે, વિષ્ણુ ભગવાનને ભ્રગુ ઋષિએ છાતીમાં લાત મારી હતી, એ વખતે પણ ગુસ્સે નહીં થતાં પ્રભુએ ભ્રગુ ઋષિને ઉલટું એમ કહ્યું હતું કે, મહારાજ! મારી છાતી પણ બહુ કઠણ છે અને તમારા પગ બહુ કોમળ છે. માટે તમારા પગને દુઃખ થયું હશે. એમ કહીને તેઓ ભ્રગુ ઋષિના પગ ચાંપવા લાગ્યા. હવે વિચાર કરો કે, ભ્રગુ ઋષિને શિક્ષા કરવાની શું વિષ્ણુ

ભગવાનમાં શક્તિ નહોતી ? અગર તેને શ્રાપ દેવાની શક્તિ નહોતી ? અગર ભૃગુએ લાત મારી તે વખતે મ્હોડું બગાડતાં અને ગુસ્સે થતાં તેમને આવડતું નહોતું ? બંધુઓ ! એ બંધુએ થઇ શકે તેમ હતું, પણ તેમ કરવા કરતાં સહન કરવું તેમાં વધારે ખુબી છે, અને સહન કરવું એ મહાત્માઓનો સ્વભાવ છે. માટે તેઓએ એવું અપમાન અને એવું દુઃખ સહન કર્યું હતું. કારણ કે એ દાખલાથી દુનીયા જોઇ શકે કે, વિષ્ણુ ભગવાન પોતે જ્યારે આટલું બધું સહન કરે છે ત્યારે તેના ભગતોએ અને અલ્પ શકિત-વાળા માણુસોએ તો કેટલું બધું સહન કરતાં શીખવું જોઇએ ?

પુરાણોમાં આવીજ વાતનો બીજો પણ એક દાખલો બહુ જાણુવા જેવો છે, અને તે એ કે, સમુદ્ર મંથન વખતે તેમાંથી નીકળેલું હળાહળ ઝેર શીવે પીધું હતું. હવે વિચાર કરો કે, જો મહાદેવની મરજી ન હોય તો તેને કોણ ઝેર પાઈ શકે તેમ હતું ? કયા દેવમાં કે કયા દૈત્યમાં એવી શકિત હતી કે જે મહાદેવને ઝેર પાઇ શકે? મહાદેવને ઝેર પીવાની ફરજ પડે એવાં કોઇ પણ કારણો નહોતાં, છતાં પણ માત્ર પરમાર્થને ખાતરજ જગત્‌ના કલ્યાણને ખાતરજ તેઓએ ઝેર પીધું હતું. એટલુંજ નહીં પણ તેમણે એ ઝેરને પોતાના ગળામાં રાખીને જગત્‌ને એમ બતાવેલું છે કે, જો ઝેરને બહાર ફેંકી દઇએ તો બીજા લોકોને નુકશાન થાય, અને જો પોતે પી જઇએ તો પોતાને નુકશાન થાય, માટે ઝેર તો અધરજ રાખવા જેવી ચીજ છે. તેમજ દુનીયાદારીના ઘણા ઝેરો માટે પણ આપણે વિચાર કરવો જોઇએ. જેમકે, ક્રોધનું ઝેર, લોભનું ઝેર, અદેખાઇનું ઝેર, કામનું ઝેર, વિગેરે ઝેરો જો જગત્‌માં ફેંકીયે તો કોઇક લોકોને નુકશાન થાય છે. અને જો એ ઝેર આપણે આપણા અંતરમાં ઉતારી જઇએ તો આપણા શરીરને નુકશાન થાય છે. માટે એવાં ઝેરોને અધર રાખતાં શીખવું જોઇએ, અને બીજાંઓના ભલાની ખાતર કેટલાક કડવા ઘુંટડા ગળે ઉતારી જવા એ હરિ-જનોનું કામ છે. એ સારૂજ દુનીયાના દરેક મહાન્ ધર્મોમાં સહન કરવાની વાત ઉપર બહુજ ભાર મૂકેલો હોય છે. એટલુંજ નહીં પણ દુનીયાના બધાયે અવતારી પુરૂષો, સિદ્ધ પુરૂષો તથા પેગમ્બરો ઘણુંએ સહન કરતા હતા. જેમકે, જૈનોના તીર્થંકર મહાવીર સ્વામીએ

અતિ કષ્ટો સહન કરેલાં છે. હિંદુઓના અવતારોમાં રામ, કૃષ્ણ વિગેરે ભગવાનોએ અનેક જાતનાં દુઃખો વેઠેલાં છે. ખ્રીસ્તીઓના પેગમ્બર જીસસ ક્રાઇસ્ટ પણ અનેક જાતનાં દુઃખો વેઠીને ક્રૉસ ઉપર મુવા હતા. યાહુદીઓના પેગમ્બર મુસાએ પણ એના જીવનમાં ઘણી જાતનાં દુઃખો વેઠયાં હતાં. પારસીઓના પેગમ્બર અશો જરથુસ્તએ પણ ઘણી જાતનાં દુઃખો વેઠયાં હતાં, અને મુસલમાનોના પેગમ્બર હજરત મહમદ સાહેબને પણ ઘણાં દુઃખો સહન કરવાં પડયાં હતાં. એ સિવાય જુદા જુદા સંપ્રદાયો ચલાવનારા આચાર્યોને પણ અનેક જાતનાં દુઃખો ખમવાં પડયાં હતાં અને તે બધાં દુઃખો પ્રભુની ખાતર તેઓએ સહન કર્યાં હતાં. કારણ કે સહન કરવું એ દુનીયાના દરેક ધર્મનો મહાન્ સિદ્ધાંત છે. કારણ કે સહન કરવાથી ધર્મની કસોટી થાય છે, અને સહન કરવાથી આપણી અંદર ગુપ્ત રહેલી ઘણી જાતની શક્તિ ખીલે છે. માટે જો સાચી ભક્તિ કરવી હોય અને પ્રભુના વહાલા થવું હોય તો આપણે આપણા પ્રમાણમાં ખમી ખાતાં શીખવું જોઇએ, ખમીખાતાં શીખવું જોઇએ.

૫૨–મહાન્ ભગતો જગત્નાં દુઃખો કેમ ખમી શકે છે ? અને દુઃખ ભોગવતાં છતાં તેઓ કેમ આનંદમાં રહી શકે છે ? એનો ખુલાસો.

એ માટે સંતો કહે છે કે, જેઓ સાચા ભગતો છે તેઓ પોતાના શુદ્ધ અંતઃકરણથી હમેશાં એમ સમજે છે કે, દૈવ ઇચ્છાથી અમારી ઉપર જે દુઃખો આવી પડે છે તે દુઃખો અમારા કલ્યાણને માટેજ હોય છે, અને તે દુઃખો અમોને ઇશ્વરી અલૌકીક સુખો આપવાને માટેજ હોય છે. જેમ કોઇ ભલો બાપ પોતાના દીકરાને કોઇ કારણસર ધમકાવે ત્યારે જુવાન દીકરાને તે વખતે એ ધમકી ગમતી નથી. પણ બંધુઓ ! બાપની એ ધમકીમાં પણ બાપનું હેતજ હોય છે, અને એ ધમકીમાંજ તે છોકરાનું ભવિષ્યનું સુખ સમાએલું હોય

છે. તેમજ પ્રભુ તરફથી ભગતોની ઉપર જે દુઃખો આવી પડે તે દુઃખોની અંદર પણ પ્રભુની દયા હોય છે અને તે દુઃખોને લીધે ભગતો વધારે જોરથી ભક્તિમાર્ગમાં આગળ વધી શકે છે. માટે તેઓને દુઃખમાં પણ આનંદ હોય છે. બીજું તેઓ એ પણ સમજે છે કે, સારા સારા વૈદો પણ નાજુક પ્રકૃતિવાળા બાળકોને, સ્ત્રીઓને, તથા બિમારોને ઘણી વખત કડવાં ઓસડ પાય છે. કારણ કે હમણા એ ઓસડો પીતી વખત કડવાં લાગે છે, પણ એ પછી તેમાંથી જે ફાયદો થવાનો હોય છે તે બહુ કિંમતી હોય છે. માટે જે ડાહ્યા માણસો છે, તેઓ ઓસડની કડવાશ સામે જોયા કરતા નથી પણ તેમાંથી જે ફાયદો થવાનો છે તેની સામે જોયા કરે છે. તેમજ જે મહાન્ ભગતો છે, તેઓ પોતાની ઉપર આવી પડતા થોડી વારનાં સંસારિક દુઃખોની સામે જોયા કરતા નથી, પણ એ દુઃખો ભોગવી લેવાથી જે મહા આનંદ મળવાનો છે, અને જે અલૌકિક સ્થાનમાં જવાનું છે તે સ્થાનને તેઓ જોયા કરે છે. તેથી તેઓ દુઃખની વચ્ચે પણ આનંદમાં રહી શકે છે.

આવી રીતે દુઃખ ખમી લેવામાં પણ ફાયદો છે, એમ હરિજનો સમજે છે. માટે તેઓ દુઃખ દૂર કરવાની પ્રાર્થના કરતા નથી, પણ તેઓ એવી પ્રાર્થના કરે છે કે હે, પ્રભુ! અમોને અમારી ઉપર આવી પડતાં દુઃખો સહન કરવાનું બળ આપ. અને યાદ રાખજો કે તેઓની એ પ્રાર્થના મંજુર થાય છે. તેથી દુઃખ ખમવાની તેઓમાં શક્તિ આવી જાય છે, એટલે તેઓને દુઃખથી દબાઇ જવું પડતું નથી કે કાયર થવું પડતું નથી, પણ ઉલટા દુઃખ વખતે પણ તેઓ આનંદમાં રહી શકે છે. માટે જો એવા ભગતોના જેવો આનંદ ભોગવવો હોય તો દુઃખથી દીલગીર થાઓ માં, પણ ભગવત ઇચ્છાથી જે દુઃખો આવી પડે તે ભોગવી લો, અને એ દુઃખો ખમી લેવાનું પ્રભુ બળ આપે એવી તેની પ્રાર્થના કરો. એટલે દુઃખ છતાં પણ તમે ઇશ્વરી આનંદ ભોગવી શકશો.

જેઓ મહાન્ ભગતો છે તેઓ દુઃખ દૂર કરવાની પ્રાથના કરતા નથી, પણ "દુઃખ ખમી લેવાની શક્તિ આપો" એવી પ્રાથના કરે છે. તેનું કારણ શું? એ તમો જાણો છો? એનું કારણ એ છે કે, આ જગત્‌ની રચનાજ એવી છે, મનુષ્યનો સ્વભાવજ એવો

છે, અને સંસારના સંબંધોજ એવા છે કે, દુઃખ તો થયા વિના રહેજ નહીં. એટલુંજ નહીં પણ કેટલીક જાતનાં દુઃખો ભોગવ્યાં વિના જે જાતના અનુભવો મળવા જોઇએ તે જાતના અનુભવો મળી શકતા નથી, અને એવા અનુભવો મેળવ્યા વિના ઇશ્વરી રસ્તામાં આગળ પણ વધી શકતું નથી તથા એવા દુઃખો ભોગવ્યા વિના અંતરનો ઇશ્વરી મહાઆનંદ પણ ભોગવી શકાતો નથી. માટે ભગતો દુઃખોને દૂર કરવાની પ્રાર્થના કરતા નથી. કારણ કે દુઃખો દૂર થવાથી કાંઇ ખરો લાભ લેવાતો નથી, પણ ગીતાના સિદ્ધાંત પ્રમાણે તિતિક્ષા સહન કરવાથી એટલે કે દુઃખો ખમી ખાવાથીજ ખરો લાભ થવાનો છે. માટે જેઓ સાચા ભગતો છે તેઓ દુઃખ દૂર કરવાની પ્રાર્થના કરતા નથી, પણ દૈવ ઇચ્છાથી જે દુઃખો આવી પડે તે ખમી ખાવાનું બળ મેળવવાની તેઓ પ્રાર્થના કરે છે. માટે જો આપણે પણ તેવા સાચા ભગત થવું હોય અને તેઓના જેવો અલૌકિક ઇશ્વરી આનંદ ભોગવવો હોય તો આપણે પણ દુઃખની વખતે દીલગીર ન થવું જોઇએ, પણ દુઃખ ખમી લેવાનું બળ મેળવવાની પ્રાર્થના કરવી જોઇએ. જો એમ કરીએ તો ઘણી જાતનાં દુઃખોની વચ્ચે પણ મહા ઇશ્વરી આનંદ ભોગવી શકાય છે.

આ બધી વાતો સાંભળીને કોઇ કહે છે કે, ભગતો હમેશાં આનંદમાં રહી શકે છે એમ લોકો વાતો કરે છે, પણ અમે એ વાત માનતા નથી. કારણ કે અમે જોએલું છે કે, ઘણાએ ભગતોથી જ્યારે કાંઇ પાપ થઇ જાય છે ત્યારે તેઓ બહુ અફસોસ કરે છે અને રૂએ છે. માટે જો તેઓ હમેશાં આનંદમાં રહેતા હોય તો તેઓ શા માટે રડે? ને શા માટે દીલગીર થાય? એ સિવાય અરિસામાં મોહું જોવાથી જેમ મોઢા ઉપરનાં ગુમડાં જણાઇ આવે છે, તેમ બહુ વિચાર કરીને પોતાના હૃદયને તપાસે છે ત્યારે તેમાં રહેલા દોષો જણાઇ આવે છે. એ વખતે તેઓ શા માટે દિલગીર થાય છે? એના ખુલાસામાં મહાત્માઓ કહે છે કે,

આપણા પ્રભુ બહુ પવિત્રમાં પવિત્ર છે, અને આનંદસ્વરૂપ છે, તેથી પોતાના ભગતોની ભૂલોને જોઇ શકતા નથી. માટે તેઓમાંથી એ દોષોને દૂર કરવા સારૂ અને તેને શુદ્ધ બનાવી આનંદ આપવા-સારૂ તેઓની પાસે પશ્ચાતાપ કરાવે છે. જેમ કોઇ પુત્રએ

કાંઇ ભૂલ કરી હોય અને પછી ભૂલ કરીને રડતો રડતો બાપની માફી માંગતો હોય તે છોકરો જેમ બાપને ગમે છે, અને દયાળુ બાપ તેને માફ કરે છે, તેજ પ્રમાણે માણસો જ્યારે પ્રભુની પાસે પોતાના અપરાધ કબૂલ કરે છે અને દીનતા આણી માફ માગે છે ત્યારે પ્રભુ તેઓની ઉપર દયા કરી તેઓના અપરાધ માફ કરે છે અને તેને મહા આનંદ આપે છે. માટે યાદ રાખજો કે, ભગતોના પશ્ચાતાપનાં આંસુઓ પણ ઈશ્વરી આનંદ મેળવવાને માટેજ હોય છે. એટલુંજ નહીં પણ પ્રભુએ ઘણે ઠેકાણે શાસ્ત્રોની અંદર એમ કહ્યું છે કે, મને જેવાં પશ્ચાતાપનાં આંસુ વહાલાં છે, તેવી તમારી બહારની સામગ્રી વહાલી નથી. આમ હોવાથી મોટાં મોટાં બળી-દાનો, મોટા મોટા ઉત્સવો, મોટા મોટા યજ્ઞો, અને મોટા મોટા દાનોથી પ્રભુ જેટલા રાજી થાય તે કરતાં શુદ્ધ અંતઃકરથી પશ્ચા-તાપનાં જે આંસુઓ પડે તેથી પ્રભુ વધારે રાજી થાય છે, અને બીજી કોઇ પણ વિધિઓ કરતાં ખરા પશ્ચાતાપનાં થોડાંક આંસુ-ઓથી પાપ જલદીથી ધોવાઇ જાય છે. માટે યાદ રાખજો કે, પવિત્ર થવા સારૂ અને ઇશ્વરી આનંદ મેળવવા સારૂ ભગતો દિલગીર થાય છે, તેથી તેઓને દિલગીરીમાંથી પણ આગળ જતાં આનંદ જ ઉત્પન્ન થાય છે. માટે ખરો આનંદ મેળવવા સારૂ સાચા ભગતોની પેઠે પોતાનાં અંતરમાં રહેલાં પાપોને દૂર કરવા માટે શુદ્ધ અંતઃકરણથી પશ્ચાતાપ કરતાં શીખવું જોઇએ. કારણ કે એ પણ ઇશ્વરી આનંદ મેળવવાની એક કુંચી છે.

૫૩—નામ સ્મર્ણનું મહાત્મ્ય.

હર જગે પૈ દેખા કહીં નહીં તૂ દેખા;
જહાં યાદ હૈ તેરી વહીં વહીં તૂ દેખા.

ગયે વિહિસ્તમેં હમ દેકુાં ન તુઝકો પાયા;
બુતખાને મેં ભી નહીં નજર તૂ આયા.

કાબા કિબલા મક્કા મસ્જિદ ઢુંઢવાયા;
કાશી મથુરામેં બહુત દિનોં ભરમાયા.

જાજાકર ગંગાસાગર સિંધુ નહાયા;
મૈં તેરે ઇશ્કમેં ચારોં તરફ ઉઠ ધાયા.

નહિં મૈંને પ્યારે ઔર કહીં તૂ દેખા;
જહાં યાદ હૈ તેરી વહીં વહીં તૂ દેખા.

જંગલ વસ્તી સબ ઉજાડ હમને છાના;
નહિં દેખા તુઝકો દેખા રે સભી જમાના.

કોઇ મતવાલા કહતા હૈ કોઇ મસ્તાના;
જો જો કુછ જિસને કહા વો હમને માના.

ફૂબફૂ ફિરા દર દરકા હુઆ દિવાના;
નહિં પાયા પ્યારે તેરા કહીં ઠેકાના.

અબ યાદ કરી તો દિલમેં યહીં તૂ દેખા;
જહાં યાદ હૈ તેરી વહીં વહીં તૂ દેખા.

સર પટક પટક કર પહાડપર દે મારા;
ઔર આહ આહ કર કરકે બહુત પુકારા.

દેખા દેવલ દેહરા ઔર ઠાકુરદ્વારા;
સરતાપા સબકો દેખદેખ કર હારા.

ઘર બાર તજા આલમસે લિયા કનારા;
જૈસી કુછ ગુજરી વૈસે કિયા ગુજારા.

યે બાતેં હમકો યાદ રહી તૂ દેખા;
જહાં યાદ હૈ તેરી વહીં વહીં તૂ દેખા.

સબ દેખા હમને ગુલશન ઔર ગુલ્લાલા;
બન ફકીર બન બન ફિરા પહન વનમાલા.

દેખા પત્તા પત્તા ઔ ડાલી ડાલા;
હૈ સબ મેં તૂ ઔ સબસે રહૈ નિરાલા.

યહ બનારસીકા કલામ રસકા ઢાલા;
હૈ અરજ મેરી યહ સુનો નંદકે લાલા.

તુઝ દિલપર પર આશિક હૂં મહીં તૂ દેખા;
જહાં યાદ હૈ તેરી વહીં વહીં તૂ દેખા.

અહંકાર ન કરવા વિષે.

છંદ.

જો કહતા હમ કરતે વો દુઃખ ભરતા હૈ;
જો કરતા જગકે કાર વહી કરતા હૈ.
જો કહતા હમને વેદ પઢે હૈં ચારી;
ઉસકો કહતે હરિ ઇસકી મતિ હૈ મારી.
કોઇ કહતા હમ ક્ષત્રી હૈં હમ બ્રહ્મચારી;
સબ અહંકારમેં ફૅંસે હુયે નરનારી.
જોહં બુદ્ધીકો તજે કરૈ નાચારી;
ઉસકો મિલતે ઇક પલભરમેં ગિરિધારી.
જો નિષ્ફલ પૂજા કરૈ વહી તરતા હૈ;
જો કરતા જગકે કાર વહી કરતા હૈં.
જો કહતા હમ તો નિત્ય દાન કરતે હૈ;
ઉસકા પરમેશ્વર નહીં માન કરતે હૈં.
જો દેત વસ્તુ મનમેં ગુમાન કરતે હૈં;
વો સ્વર્ગ છોડ ફિર નરક પાન કરતે હૈં.
જો અહંકાર તજિ હરિકા ધ્યાન કરતે હૈં;
ઉસકા સ્વામી આદર અરૂ માન કરતે હૈં.
જો કરતા હૈ સો વહી વહી ધરતા હૈ;
જો કરતા જગકે કાર વહી કરતા હૈ.
જો કહતા હમ હૈં બડે કવીશ્વર જ્ઞાની;
ઉસકો હરિ કહેતે ઇસકી મિથ્યાવાની.
કોઇ કહતા હમ હૈં બડે વીર બલવાની;
ઉસકો હમ કહતે યહ તો હૈ દહકાની.
કોઇ બનકે બૈઠે રાજા ઔર કોઇ રાની;
ઇસ પૃથ્વીપર હૈ બડે બડે અભિમાની.
ઇસ અહંકારસે અપના દિલ ડરતા હૈ;
જો કરતા જગકે કાર વહી કરતા હૈ.

જો કહતા મૈંને બડા જંગ જીતા હૈ;
વહ મરતા હૈ ફિર કભી નહીં જીતા હૈ.
જિસ જિસને મનમેં અહંકાર જીતા હૈ;
વહ દો દિનમેં દુનિયાસે હો બીતા હૈ.
અબ દેવીસિંહ દિલ ફટા હુઆ સીંતા હૈ;
જો કામ કિયા પ્રભુકે અર્પણ દેતા હૈ.
કહે બનારસી હરિભક્ત નહીં મરતા હૈ;
જો કરતા જગકે કાર વહી કરતા હૈ.

(બનારસીની લાવણીમાંથી.)

૫૪–ઇંદ્રિઓના પ્રવાહને રોકવાનો સહેલો અને સાચો ઉપાય.

ઘણાએ હરિજનોની એવી ઇચ્છા હોય છે કે, અમારી ઇંદ્રિઓ વશ થાય તો સારૂં. કારણ કે જ્યારે ઇંદ્રિઓ વશ થાય ત્યારેજ ખરો ધર્મ પાળી શકાય છે. ઇંદ્રિઓને વશ કર્યા વિના જે બહારનો ધર્મ પળાય છે તે ધર્મ ઉપર છરો હોય છે, તે ધર્મ ઢીલો હોય છે, તે ધર્મ અધૂરો હોય છે, અને તે ધર્મમાં પોલાણ હોય છે. માટે એવા ધર્મથી ખરો લાભ થતો નથી. જો ખરેખરો લાભ થાય એવો ધર્મ પાળવો હોય તો પ્રથમ પોતાની ઇંદ્રિઓને વશ કરવી પડે છે. કારણ કે ઇંદ્રિઓને વશ કરવી એ ધર્મ પાળવાની કુંચી છે. ઇંદ્રિઓને વશ કરવી એ ધર્મનું બહુ મોટું પગથીયું છે, અને ઇંદ્રિઓને વશ કરવી એ અજબ જેવા બળની વાત છે. માટે બધા હરિજનો પોતપોતાની ઇંદ્રિઓના વિકારોને રોકવાની કોશીષ કરે છે, છતાં પણ આપણે જોઇએ છીએ કે, કોઇકજ ભગત પોતાની ઇંદ્રિઓને રોકી શકે છે. બાકીના લાખો માણસ તો ઇંદ્રિઓના પ્રવાહને રોકી શકતા નથી. તેથી અધૂરા ધર્મમાંજ રહી જાય છે. આમ કેમ થાય છે? તેનું કારણ આપણે જાણવું જોઇએ, અને ઇંદ્રિઓના પ્રવાહને રોકવાની કોઇક સહેલી કુંચી મેળવવી જોઇએ. એ માટે એક ભક્તરાજ મહારાજ એક સત્સંગ મંડળમાં એમ કહેતા હતા કે,

જેમ પાણીનો બહુ મોટો પ્રવાહ વહ્યો જતો હોય તે પ્રવાહને રોકવા માટે તેમાં ખોબો ભરીને ધૂળ નાંખીએ તેથી કાંઇ એ પ્રવાહ અટકે નહીં એવા મોટા પ્રવાહમાં એટલી ધૂળ તો ક્યાંઇ ને ક્યાંઇ તણાઇ જાય. તેમજ યાદ રાખજો કે ઇંદ્રિઓનો જે પ્રવાહ છે તે પ્રવાહનો વેગ પણ અતીશય બળવાન છે. એટલે આસન, પ્રાણુયામ, નેતિ, ધોતિ, ગાવું, બજાવવું, ટીલાં ટપકાં, કંઠી માળા, અને મકરસંક્રાંત કે ઘરણુનાં દેખાવનાં દાનોથી કાંઇ ઇંદ્રિઓના પ્રવાહને રોકી શકાતો નથી. કારણ કે એ બધી બાબતો ખોબો-ખોબો માટી નાંખવા જેવી છે, પણ એટલી માટી નાંખવાથી કાંઇ ઇંદ્રિઓનો પ્રવાહ અટકી શકતો નથી. તેને અટકાવવા માટે તો બહુ મજબૂત પથ્થરો નાંખવા જોઇએ, અને બહુ પાકો બંધ બાંધવો જોઇએ, ત્યારેજ એ પ્રવાહને રોકી શકાય. તેમજ યાદ રાખજો કે, જે પ્રભુનો પ્રેમ છે તેજ સાચું સાધન છે. એ પ્રેમના બળવડેજ ઇંદ્રિઓને વશ કરી શકાય છે. તે વિના બીજાં સાધનોથી કદી પણ ઇંદ્રિઓના પ્રવાહને રોકી શકાતો નથી. માટે બંધુઓ, જો ઇંદ્રિઓના પ્રવાહને રોકવો હોય તો અંતરના પ્રભુપ્રેમને જગાડવો જોઇએ. કારણ કે એ પ્રેમનું બળ અલૌકીક છે. એ માટે મહાત્માઓ તો એમજ કહે છે કે, ધર્મનાં અનેક સાધનો છે પણ એ બધાં સાધનો પ્રભુપ્રેમની આગળ બહુજ નાનાં છે. એટલે કોઇ પણ સાધનથી જે કામ ન કરી શકાય તે કામ પ્રભુ પ્રેમથી કરી શકાય છે. કારણ કે પ્રભુપ્રેમ એ અલૌકીક વસ્તુ છે, અને એ પ્રેમનો ઝરો ખુદ પ્રભુમાંથી વહે છે અને એ પ્રેમમાં એવું મહાન્ બળ છે કે જગત્‌ની કોઇ પણ વસ્તુ કે કોઇ પણ શકિત પ્રભુ પ્રેમને અટકાવી શકતી નથી. આવું પ્રભુ-પ્રેમમાં બળ છે. માટે ઇંદ્રિઓના બળવાન વેગને પ્રભુપ્રેમજ રોકી શકે છે. બીજાં નાનાં નાનાં સાધનો ઇંદ્રિઓના પ્રવાહના વેગને રોકી શકતાં નથી. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણુ છે કે, જો સાચી ભક્તિ કરવી હોય તો ઇંદ્રિઓના પ્રવાહને રોકવો જોશે, અને ઇંદ્રિઓના પ્રવાહને રોકવા માટે પ્રભુનો પ્રેમ જોશે. પ્રભુપ્રેમના બળ વિના ઇંદ્રિઓના પ્રવાહને રોકી શકાતોજ નથી. માટે પ્રભુપ્રેમ મેળવો, પ્રભુપ્રેમ મેળવો,

અને પ્રભુપ્રેમને સાચવવાની તથા વધારવાની કોશીષ કરો. એજ અમારી ભલામણ છે.

મન પક્ષી તબ લગ ઉડે, વિષય વાસના માંહિ
પ્રેમ બાજકી ઝપટમેં, જબલગ આયે નાહિં.

૫૫–મહાત્મા બનવાનો સહેલો ઉપાય.

એક ભક્તરાજ મહારાજ પોતાના મંડળમાં હરિજનોને એમ કહેતા હતા કે, ભાઇઓ અને બ્હેનો ! તમે ઘણા દિવસ સુધી મારી સેવા કરેલી છે અને ઘણા દિવસ સુધી આપણે સાથે બેસીને ભગવાનનાં ભજન કરેલાં છે, માટે આજે તમને એક બહુ ઉંચી જાતની સાદી ને સહેલી કુંચી બતાવી દઉં છું. એ કુંચી ધ્યાનમાં રાખશો તો તમારૂં ઘણુંએ કામ થઇ જશે.

બંધુઓ ! એ કુંચી બીજી કાંઇજ નહીં પણ મહાત્મા બનવાની કુંચી છે. તમે સૌ આજ દિવસ સુધી એમ સમજો છો કે, મહાત્મા બનવું એ બહુજ મુશ્કેલ છે, પણ મારો અનુભવ મને એમ કહે છે કે, જો મહાત્મા બનવાની કુંચી હાથ આવી જાય તો પછી મહાત્મા બની જવામાં જરાએ વાર લાગતી નથી. માટે આજે તમને મહાત્મા બનવાની કુંચી કહું છું. એ કુંચી એ છે કે, તમારા મનમાં હમેશાં શું રમત રમાય છે એ જોયા કરો, ને તેમાં સુધારા કર્યા કરો તો તમે મહાત્મા થઇ શકશો. તમને એમ લાગશે કે, બસ આટલીજ કુંચી ? પણ ભાઇઓ, કુંચી તે કેવડીક હોય ? કુંચી તો હમેશાં નાનીજ હોય છે, ને તેમ છતાં તેથી બહુ મોટાં ને અટપટાં તાળાં પણ ઉઘડી જાય છે. આજે આ કુંચી ઉપર જો ખૂબ વિવેચન કર્યું હોય, એ સંબંધી વાત કરવામાં ખૂબ મરી મસાલો ભભરાવ્યો હોય, તેમાં ખૂબ મોણ નાંખીને વાત કરી હોય, અને ઘણી જાતના દાખલા દલીલો આપીને વાતો કરી હોય તો એ વાત બહુ રસીક લાગે છે, અને વાતની રસીકતામાં તેનું રહસ્ય ઢંકાઇ જાય છે. અને તેમ છતાં આપણા દેશના ઘણા પંડિતો જુના વખતની રીત પ્રમાણે અલંકારીક ભાષામાંજ ધર્મની વાતો

કર્યા કરે છે. પણ બહુજ ટુંકામાં જલદીથી સમજી જવાય તે સારૂ હું તમને બહુજ સહેલી રીતે મહાત્મા બનવાની કુંચી બતાવી દઉં છું, અને તે એજ કે, તમારા મનમાં રમાતી રમત જોયા કરો. જેમકે,

તમે જમવા બેસો છો ત્યારે તમને કેવા વિચારો આવે છે? ઝાઝું ખાવાના વિચારો આવે છે કે થોડું ખાવાનું મન થાય છે? સ્વાદનો મોહ થાય છે કે પેટને ભાડું આપવાનીજ ઇચ્છા રહે છે? તમારી સાથે જમવા બેસનારને સારૂં સારૂં ખવરાવવાની મરજી થાય છે કે સારૂં સારૂં તમોને પોતાનેજ ખાઇ જવાનું મન થાય છે? જમવાના પદાર્થો વધારે હોય તો સારૂં એવી ઇચ્છા થાય છે કે થોડા હોય તો સારૂં એમ લાગે છે? પરબારા માલ મળે તેમાં રાજી થાઓ છો કે પોતાને ઘેરે બીજાઓને ખવરાવીને રાજી થાઓ છો? ભોજનના પદાર્થો જે પૈસામાંથી મેળવેલા છે તે પૈસા ધર્મથી મેળવેલા છે કે અધર્મથી મેળવેલા છે? અને ભોજન કરતી વખત વારંવાર પરમકૃપાળુ પરમાત્માનો ઉપકાર માનવાનું મન થાય છે કે બીજી બીજી બાબતોમાંજ મન ફર્યા કરે છે? તેનો વિચાર કરજો. આજ પ્રમાણે સૂતી વખત તમારા મનમાં કઇ જાતની રમત રમાય છે? પથારીમાંથી ઉઠતી વખત તમારી દ્રષ્ટિ સામે પ્રથમ કઇ જાતના વિચારો આવે છે? નહાતી વખત કઇ જાતના ખ્યાલો હોય છે? કોઇ સાથે વાતો કરતી વખત કેવા વિચારો હોય છે? બાયડી છોકરાં માટે તથા માબાપ માટે કઇ જાતની ગણત્રી મનમાં થયા કરે છે? એકાંતમાં બેઠા હો ત્યારે મનમાં કઇ જાતના વિચારો ઘોળાય છે? જ્યારે માન કે અપમાન મળ્યું હોય ત્યારે મનની સ્થિતિ કેવી હોય છે? જ્યારે પોતાનો ધંધો રોજગાર કે નોકરી કરતા હોય તે વખતે મનની સ્થિતિ કેવી હોય છે? મિત્રો સાથે મોજમજાની વાતો કરતા હોય ત્યારે કેવી સ્થિતિ હોય છે? અને જ્યારે મંદીરમાં દર્શન કરવા કે પૂજા કરવા ગયા હોય ત્યારે મનમાં કઇ જાતના વિચારો આવ્યા કરે છે? એ બધું જો તપાસ્યા કરશો તો દરેક બાબતમાંથી તમારી નબળાઇ તમને સમજાશે, અને જો એ નબળાઇને દૂર કરવા માટે તમે મહેનત કરશો તો થોડા વખતમાં તમે બહુ સારા મહાત્મા થઇ શકશો.

બંધુઓ! મહાત્મા બનવાના શાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવેલા છે. પણ તે બધા ઉપાયોમાં પોતાના મનની અંદર રમાતી રમત

જોયા કરવી ને તે ઉપરથી પોતેજ પોતાની પરીક્ષા કરવી ને તેમાં સુધારો વધારો કરવો એ ઉપાય મને બહુજ ઉત્તમમાં ઉત્તમ લાગે છે. માટે મારા અનુભવની આ કુંચી હું તમને બતાવી દઉં છું અને આશા રાખું છું કે એથી તમને ઘણો ફાયદો થશે. માટે હવે આ કુંચી વાપરતાં શીખજો, એજ મારી અરજ છે.

૫૬–ભગતોમાં અને સંસારીઓમાં શું ફેર હોય છે તેનો ખુલાસો.

ભગતો અને બીજા સંસારિક લોકોની વચ્ચે ઘણી બાબતોમાં બહુજ તફાવત હોય છે. જો કે ઉપલક નજરે જોનારા માણસોને એવા તફાવત બહુ દેખાતા નથી, પણ જેઓ ઉંડા ઉતરી શકે છે અને ભગતોના જીવનનો અભ્યાસ કરે છે તેઓને બહુ ચોખ્ખી રીતે એમ સમજાય છે કે, ભગતોના જીવનમાં ને વ્યવહારિક લોકોના જીવનમાં બહુ મોટો તફાવત હોય છે. એ તફાવત જો આપણે જાણીએ તો આપણે પણ કોઇક દીવસ સારા ભગત થઇ શકીએ. માટે ભગતોમાં અને બીજા સામાન્ય લોકોમાં શું તફાવત હોય છે? તે વાત આપણે જાણવી જોઇએ. એ સમજાવવા માટે એક પંડિતજી પોતાના વ્યાખ્યાનમાં કહેતા હતા કે,

ગાયને પોતાનાં વાછડાંને ધવરાવવા માટે પાનો ચ્હડે છે, એટલુંજ નહીં પણ જો તે વાછડાંને ન ધવરાવે તો તેને ઉલટું બહુ દુઃખ થાય છે. તેમજ જે ભગતો છે તેઓને પોતાના બંધુઓને અર્થે પરમાર્થનાં કામો કરવાનો પાનો ચ્હડે છે. એટલુંજ નહીં પણ જો એવાં કામો કરવાની તક ન મળે તો તેઓ ઉલટા બહુ દુઃખી થાય છે. ભગતોને પરમાર્થનાં કામો કરવાનો જ્યારે પાનો ચ્હડે છે ત્યારે બીજા વ્યવહારિક લોકો પોતાના ખાનગી સ્વાર્થોમાં એટલા બધા ઘુસી ગયેલા હોય છે કે, તેઓને જો પરમાર્થનાં કામો કરવાં પડે તો મનમાંથી દુઃખ થાય છે, અને જાણે કોઇની વેઠ કરવી પડતી હોય તેમ બીજાઓના દબાણથી, લોકલાજથી કે એવાજ કાંઇ કારણથી પોતાના મન ઉપર જોરજુલમ કરતે કરતે

તેઓ એવાં કામો કરે છે. એટલે તેઓનાં કામોમાં રસકસ હોતો નથી, અને તાણી તોડીને પરાણે પરાણે કરેલાં કામોથી કાંઇ તેઓનો શુકરવાર થતો નથી. કારણ કે ભાવના પ્રમાણે ફળ મળે છે. એટલે ક્યાં ભગતોની પરમાર્થનાં કામો કરવા માટે પાનો ચ્હડેલી સ્થિતિ! અને ક્યાં વ્યવહારિક સ્વાર્થી લોકો પાસે જોરજુલમથી કરાવેલાં, કે ભય આપીને કરાવેલાં, કે લાલચ આપીને કરાવેલાં કામોની કિંમત? આવો ભગતોમાં અને વ્યવહારિક લોકોમાં તફાવત હોય છે.

બંધુઓ! હવે વિચાર કરો કે, આ તફાવત કેટલો બધો મોટો છે? કારણ કે શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, જે સ્વાર્થ છે તે આંધળો છે. સ્વાર્થ જીંદગીની મીઠાશ લૂટી લેય છે. સ્વાર્થ પવિત્રતાનું બળ ઓછું કરી નાંખે છે. સ્વાર્થ તપની કિંમત ઘટાડી નાંખે છે. સ્વાર્થ દાન આપવામાં આડો આવે છે. સ્વાર્થ મોહની નવી નવી જાળો પાથરતો જાય છે. સ્વાર્થ પરમકૃપાળુ પરમાત્માથી વિમુખ કરે છે. સ્વાર્થ જ્ઞાનને ખીલવા દેતો નથી. સ્વાર્થ પ્રભુપ્રેમને આગળ વધતો અટકાવી રાખે છે. સ્વાર્થ ધર્મનાં કામોમાં પણ વ્યાજખાઉ મારવાડીઓના જેવી નફા ટોટાની ગણત્રી કર્યા કરે છે. સ્વાર્થ ન દેખાતો હોય ત્યાં પણ ઘુસી જાય છે. અને ઉંચા ભગતોને તથા મોટા માણસોને પણ સ્વાર્થ નીચા પાડી દેય છે. ટુંકામાં એજ કે, માયાનું બીજું રૂપ સ્વાર્થ છે. માટે જેમ બને તેમ સ્વાર્થની બાબતમાં સાવચેત રહેવું જોઇએ. તેને બદલે વ્યવહારિક લોકો દીનપ્રતિદીન નજીવા નજીવા સ્વાર્થમાં ફસાતા જાય છે. એટલુંજ નહીં પણ રોજ રોજ વધારે વધારે સ્વાર્થમાં ફસાતા જાય છે. પણ એને બદલે જે સાચા ભગતો છે, તેઓ દીનપ્રતિદીન સ્વાર્થ છોડતા જાય છે, અને પરમાર્થ વધારતા જાય છે. કારણ કે તેઓ એમ સમજે છે કે,

મનુષ્ય જીવનની જે ખૂબી છે તે પરમાર્થમાંજ છે. કારણ કે જ્યારે મહા કઠીન સ્વાર્થનો ત્યાગ થઇ શકે ત્યારેજ પરમાર્થ બની શકે છે; અને યાદ રાખજો કે, જેનાં ધન્ય ભાગ્ય હોય તેનાથીજ પરમાર્થ બની શકે છે. કારણ કે પરમાર્થ કરવો એ કાંઇ નાની સુની વાત નથી. ક્યારે પરમાર્થ બની શકે એ તમે

જાણો છો ? જ્યારે બુદ્ધિ વિશાળ થાય ત્યારે પરમાર્થ બની શકે છે. જ્યારે અંતરમાંથી પ્રેમનો પ્રવાહ ઉછળવા માંડે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે પ્રભુને અર્થે આપેલું ફોગટ જતું નથી એવી ખાત્રી થાય ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે જગતનું મીથ્યાપણું સમજાય ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે હૃદયમાં બળ આવે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે નવું જીવન આવે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે સદ્‍ગુરૂનો પંજો વાગે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે હૃદયના દરવાજા ઉઘડે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે સત્સંગનું બળ વધે ત્યારે પરમાર્થ થઇ શકે છે. જ્યારે શુભ સંસ્કારોનો ઉદય થાય ત્યારે પરમાર્થ થઇ શકે છે. અને જ્યારે અનંત બ્રહ્માંડનો નાથ પોતે આપણા અંતઃકરણમાં આવે ત્યારે આપણાથી પરમાર્થ થઇ શકે છે. માટે આવી ઉત્તમ વસ્તુ પરમાર્થ છે, અને તે ભગતોમાં છે; માટે ભગતો બીજા સ્વાર્થી સામાન્ય લોકોના કરતાં શ્રેષ્ટ છે. માટે હે હરિજનો ! જો તમારે સાચા ભગત થવું હોય તો જેમ બને તેમ સ્વાર્થને અંકુશમાં રાખતાં શીખજો, અને પરમાર્થની ભાવનાને વધારજો એટલે તમે સાચા ભગત થઇ શકશો.

૫૭–મરણ વિષે.

ચલતી ચક્કી દેખકે, દીયા કબીરા રોય;
દો પડ ભીતર આયકે, સાબીત રહા ન કોય.

મોતનો દહાડો પ્રભુએ આપણને એટલા માટે નથી જણાવ્યો કે, એ આપણે હમેશાં યાદ રાખતા રહીએ ને પાપથી બચીએ.

સાપના દર ઉપર જે હમેશાં નીધા રાખે છે તેને જેમ સાપ કરડી શકતો નથી; તેમ જે મોતને હમેશાં યાદ રાખે છે તેને મોત કાંઇ દુઃખ દઇ શકતું નથી.

જેના ગળામાં ફાંસીનું દોરડું હોય છતાં પણ હસતો હોય તે કેવો મુરખો ? તેમ કાળને મોઢે પડેલા આપણે બધા સંસારીયો પણ તેવાજ છીએ એમ જાણજો.

તમારી પાછળ જન્મ્યા હતા તે મરી ગયા છે ને તમે હજી જીવો છો, એ વાતનો તમે કોઇ દિવસ વિચાર કર્યો છે? જો વિચાર ન કર્યો હોય તો હવે વિચારો.

જેમ તાર ઑફીસનો સીપાઇ આપણું નામ પૂછતો ફરે છે, તેમ મોત પણ આપણી પાછળ ફરે છે એમ જાણજો.

યાદ રાખજો કે, આપણે જન્મ્યા છીએ તેજ વખતે મોત પણ આપણી સાથેજ જન્મેલું છે.

દોહરા.

જાના હૈ રહનાં નહીં, મરના બીસવા બીસ;
દો દિન દુનિયાં કે લીએ, મત ભૂલો જગદીશ.

ધન જોબન યું જાયગો, જા વિધિ ઉડત કપૂર;
નારાયણ ગોપાલ ભજ, કયું ચાખે જગ ધૂર.

છંદ.

દમ પર દમ હર ભજ નહીં ભરોસા દમકા;
એક દમમેં નિકલ જાયેગા દમ આદમકા.

હૈ જબતકસે દમમેં દમ ભજ હર હર તૂ;
દમ આવે ના આવે ઇસકી આશ મત કર તૂ.
એક નામ પ્રભૂકા જપ હિરદેમેં ધર તૂ;
નર ઇસી નામસે તરજા ભવસાગર તૂ;
બલ કરતા થોડે જીનેકે ખાતર તૂ;
વોઃ હૈ સાહબ જલ્લાદ જરા તો ડર તૂ.
વહાં અદલ બડા હૈ હિસાબ હો દમ દમકા;
એક દમમેં નિકલ જાયેગા દમ આદમકા.
જીનેકા ફલ યહ રામ નામ જપના હૈ;
જબ ઘેરે કાલ તો કહાં જાય છિપના હૈ.

ઇસ નરકો એક દિન આતિશમે તપના હૈ;
દમ જાય નિકલ તન મિટ્ટીમેં ખપના હૈ.

એક દમકા બસેરા દુનિયા રૈન સપના હૈ;
ટુક દેખો આઁખેં ખોલ કૌન અપના હૈ.

સબ જૂઠા માયા મોહ કુટુંબ હુમ દમકા;
એક દમમેં નિકલ જાયેગા દમ આદમકા.

જો આયા જગમેં અમર નહીં રહનેકા;
નરબદા ધાગરા અટક નહીં બહેનેકા.

કર લાખ જતન તૂ માયાકે ગહેનેકા;
દર મિલે વહી જો હૈ તેરે લહેનેકા.

હરવક્ત કભી નહીં જમકા દંડ સહેનેકા;
કરનેકી કોઇ બુરા નહીં કહેનેકા.

ઇસ જગમેં નાતા હૈગા બોલતે દમકા,
એક દમમેં નિકલ જાયેગા દમ આદમકા.

એક દમમેં દમ આદમકા નિકલ જાવેગા;
ફિર પીછે હાથ મલમલકે પછતાવેગા.
જબ શ્રીકૃષ્ણકી શરણાગત આવેગા;
તો જીવનમુક્તી ઇસ જગમેં પાવેગા.

કહે દેવીસિંહ જો હરકે ગુણ ગાવેગા;
વો: પ્રાણી જગબંધનસે છૂટ જાવેગા.

કુછ કયામ જગમેં નહીં સુનો ઇસ દમકા;
એક દમમેં નિકલ જાવેગા દમ આદમકા.

૫૮–બીજા કોઇ પણ જાતના બળ કરતાં જ્ઞાનનું બળ શ્રેષ્ઠ છે.

પુરાણોમાં એવી વાત છે કે, વિશ્વામિત્ર નામે ક્ષત્રી રાજા હતા. તે શરીર બળમાં, ધન બળમાં, અને સૈન્યના બળમાં બહુજ જોરાવર હતા. છતાં પણ ગરીબડા બ્રાહ્મણોના જ્ઞાનના બળ આગળ તેઓને ઝુકી જવું પડયું હતું. ધનનું બળ, માનનું બળ, સત્તાનું

બળ, શરીરનું બળ, હથીયારોનું બળ, અને બીજા લાખો માણસોની મદદનું બળ, એ બધાં બળ જ્ઞાનના બળની આગળ તુચ્છ છે. એમ વિશ્વામિત્ર રાજાની ખાત્રી થઇ જવાથી તેમણે કહ્યું હતું કે, જે એકલા બળની નૌકા છે તે ફૂટેલી નૌકા છે. એટલે એવી ફૂટેલી નૌકાથી કાંઇ સમુદ્ર તરી શકાય નહીં. પણ એને બદલે જે જ્ઞાનની નૌકા છે તે સાજી નૌકા છે, એટલે તે વડે સમુદ્ર તરી શકાય છે. આમ ખાત્રી થઇ જવાથી જ્ઞાન મેળવવા માટે અને બ્રાહ્મણ બનવા માટે વિશ્વામિત્ર રાજાએ પોતાનું રાજપાટ તજી દીધું હતુ અને ઋષિ બનવા સારૂ જંગલમાં જઇને હજારો વરસ સુધી તપ કર્યું હતું, અને અંતે જ્ઞાન મેળવ્યું હતું.

બંધુઓ! દુનીયાદારીના વૈભવો, મોજશોખો, અને સત્તાની તથા બળની જે જે વાતો છે, તે બધી બાબતો ફૂટેલી હોડીના જેવી છે, અને જ્ઞાનનું જે બળ છે તે બળ અખૂટ છે, તે બળ અજીત છે, તે બળ સનાતન છે, અને તે બળ એ ઇશ્વરનું વ્હાલું બળ છે. માટે એ બળ મેળવવા લાયક છે. પણ તેમાં એટલું યાદ રાખજો કે, દુનીયામાં ઘણી જાતની લૌકીક વિદ્યાઓ છે, તે વિદ્યાઓના બળ માટેની આ વાતો નથી, પણ ઋષિમુનિઓ જે જ્ઞાનના બળને વખાણે છે, અને જે જ્ઞાનનું બળ મેળવવા માટે મહારાજા વિશ્વામિત્રે પોતાનું રાજ્ય તજી દીધું હતું તે જ્ઞાન આત્માનું છે, તે જ્ઞાન પરમાત્માનું છે, અને એ જ્ઞાનમાંજ ખરૂં બળ છે, અને એ જ્ઞાન તેજ સંસાર સમુદ્ર તારનારી સાચી નૌકા છે. તેથીજ શાસ્ત્રોમાં એમ કહેલું છે કે, જ્ઞાનથીજ મુક્તિ મળે છે, કાંઇ મુંડ મુંડાવ્યાથી મુક્તિ મળતી નથી. માટે જો સાચું બળ મેળવવું હોય ને સંસાર સાગર તરવો હોય તો પરમાત્માના જ્ઞાનનું બળ મેળવવું જોઇએ. એ સિવાયનાં બીજાં બધાં બળ ફૂટેલી હોડી જેવાં છે, એ મહાત્મા વિશ્વામિત્રનો સિદ્ધાંત યાદ રાખજો. એજ અમારી ભલામણ છે.

૫૯–તમારે ત્યાં રોગ ન આવી શકે એવો ચોકીદાર રાખવો જોઇએ.

આ દુનિયામાં ઘણી જાતના દુઃખો રહેલાં છે. કારણ કે મનુષ્ય શરીરની રચનાજ એવા પ્રકારની છે અને જગત્‌ની વસ્તુઓની બનાવટજ એવા પ્રકારની છે કે, તેના સંયોગ કે વિયોગમાંથી દુઃખ થયા વિના રહેજ નહીં. માટે દુનીયામાં દરેક ઠેકાણે કોઇને કોઇ જાતનાં દુઃખો દેખાય છે. જેમકે, કોઇને દરીદ્રતાનાં દુઃખો હોય છે, કોઇને ધંધારોજગારનાં દુઃખો હોય છે, કોઇને શરીરના રોગોનાં દુઃખો હોય છે, કોઈને માનસિક દુઃખો હોય છે, કોઇને જન્મનાં દુઃખો હોય છે, કોઇને મરણનાં દુઃખો હોય છે, કોઈને રાજ્યનાં દુઃખો હોય છે, કોઈને સમાજનાં દુઃખો હોય છે, કોઇને છોકરાંઓનાં દુઃખો હોય છે, કોઈને દુશ્મનોનાં દુઃખો હોય છે, અને કોઇને ધર્મનાં દુઃખો હોય છે. આવી રીતે જુદા જુદા માણસોના ઘરમાં તથા મનમાં જુદી જુદી જાતનાં દુઃખો ઘુસી ગયેલાં હોય છે. એવાં દુઃખો રાજાઓના ઘરમાં પણ હોય છે, ગરીબોના ઘરમાં પણ હોય છે, સાધુઓના મનમાં પણ હોય છે. સ્ત્રીઓમાં તો એવી જાતનાં દુઃખો ઢગલે ઢગલા હોય છે. બાળકોમાં પણ કેટલાંક દુઃખો હોય છે. ઉંચ વર્ણના લોકોના ઘરમાં પણ એવાં દુઃખો હોય છે. નીચ વર્ણના લોકોમાં પણ એવા દુઃખો હોય છે. શ્રીમંતોના ઘરમાં પણ એવાં દુઃખો હોય છે અને મોટા મહેલોમાં, સમુદ્રમાં, જંગલોમાં, પહાડોની ગુફાઓમાં, અને આકાશના પોલાણમાં રહેનારાઓમાં પણ કોઈને કોઇ જાતના દુઃખો ઘુસી ગયેલા હોય છે. જે ઠેકાણે બહુ મોટા ચોકીદારો ચોકી કરતા હોય અને કોઇને પણ ન જવા દેતા હોય તેવે ઠેકાણે પણ દુઃખો ઘુસી જાય છે. માટે હવે આપણે એક એવો ચોકીદાર ગોતી કાઢવો જોઇએ કે, જે ચોકીદાર આપણા શરીરની અંદર રોગને આવવા દે નહીં, આપણા મનની અંદર શોકને આવવા દે નહીં, અને કોઇ પણ જાતના દુઃખોને આવવા દે નહીં એવા ચોકીદારની હવે આપણને જરૂર છે. બંધુઓ! એવો ચોકીદાર કયો ? એ તમે જાણો છો ? એ માટે એક ભક્તરાજ મહારાજ પોતાના હરિજનોને એમ સમજાવતા હતા કે,

ભગવાનનું જે સત્ય જ્ઞાન છે અને પોતાના આત્માના સ્વરૂપનું જે સત્ય જ્ઞાન છે, તે સાચો ચોકીદાર છે. એ ચોકીદાર એવો છે કે, તેની ચોકીમાંથી કોઇ પણ જાતનું દુઃખ આવી શકતું નથી. કારણ કે સત્ય જ્ઞાનથી એમ સમજી જવાય છે કે, મારો જે આત્મા છે તે પરમાત્માના સંબંધવાળો છે, તે પરમાત્માની કૃપાવાળો છે, અને તે અલૌકીક મહાન્ ગુણોવાળો છે. જેમકે, મારો આત્મા ઘરડો થતો નથી, મારો આત્મા મરતો નથી, મારા આત્માને ખાવું પીવું પડતું નથી, મારા આત્માને ભૂખ તરસ લાગતાં નથી, મારા આત્માને ઉંઘની જરૂર નથી, મારા આત્મામાં કોઇ પણ જાતનાં દુઃખો આવી શકેજ નહીં. અને મારા આત્માને જગત્‌ના કોઇ પણ જીવો કે કોઇ પણ વસ્તુઓ દુઃખી કરી શકેજ નહીં, માટે મારામાં દુઃખ હોયજ નહીં, મારામાં દુઃખ હોય નહીં. મારામાં દુઃખ હોયજ નહીં. આવો જેને સંપૂર્ણ નિશ્ચય થઇ જાય તેને જ્ઞાનરૂપી એવો ચોકીદાર મળી જાય છે કે, તેના મનમાં દુઃખો ઘુસી શકતાંજ નથી. માટે ભાઇઓ અને બ્હેનો! એવો સાચો મજબૂત, અને મહાન્ ચોકીદાર મેળવવાની તજવીજ કરો. એટલે જે દુઃખો દવાથી નથી મટી શકતાં, જે દુઃખો ધનથી નથી મટી શકતાં, જે દુઃખો મિત્રોની મદદથી નથી મટી શકતાં, જે દુઃખો લોકોના દિલાસાથી નથી મટી શકતાં, જે દુઃખો ઘણી જાતનાં પુસ્તકો વાંચવાથી નથી મટી શકતાં, જે દુઃખો અનેક જાતના પ્રયત્નોથી નથી મટી શકતાં, અને જે દુઃખો શ્રીમંતો તથા રાજાઓની મહેરબાનીથી પણ નથી મટી શકતાં તે બધાં દુઃખો એવા સત્ય જ્ઞાનથી મટી જશે. માટે જગત્‌નાં બધાં દુઃખોને દૂર કરી શકે એવા ચોકીદારને રાખતાં શીખો. એવા ચોકીદારને રાખતાં શીખો. એટલે કોઇ પણ જાતનાં દુઃખ તમારા મનમાં ઘુસી શકશે નહીં.

૬૦–યાદ રાખજો કે, ધર્મ પાળવામાં પ્રથમ મહેનત પડે છે પણ પાછળથી મહેનત પડતી નથી.

દુનીયામાં ઘણાં માણસોને પોતપોતાનો ધર્મ પાળવો બહુ ગમે છે, છતાં પણ આપણે જોઇએ છીએ કે, બહુજ થોડાં માણસો ધર્મ પાળી શકે છે. બાકી કરોડો માણસો તો એમના એમજ રહી

જાય છે. આનું કારણ શું ? એ માટે એક મહાત્મા એમ કહેતા હતા કે, આ દુનીયામાં ધર્મસંબંધી કેટલાક, બહુ ખોટા વિચારો લોકોના મનમાં ઘુસી ગયેલા છે. જેમકે, કેટલાકો એમ કહે છે કે, ધર્મ પાળવો એ તો તરવારની ધાર ઉપર ચાલવા જેવું છે. કેટલાકો એમ કહે છે કે, માથાં મૂકયા પછી ધર્મ પાળી શકાય છે. કેટલાકો એમ કહે છે કે, કરોડો જન્મનાં પુન્ય ઉદય થાય ત્યારે ધર્મ પાળી શકાય છે. કેટલાકો એમ કહે છે કે, ભગવાન્ જ્યારે ખાસ કૃપા કરે ત્યારે ધર્મ પાળી શકાય છે. કેટલાકો એમ કહે છે કે, જ્યારે જગત્નાં બધાં સુખો તજી દેવાય ને સંન્યાસ લેવાય ત્યારેજ ધર્મ પાળી શકાય છે. અને કેટલાકો એમ કહે છે કે, મરી જવું એ સહેલી વાત છે પણ ધર્મ પાળવો એ મુશ્કેલ છે. આવી આવી વાતો સાંભળીને ઘણાં માણસોને એમ લાગી જાય છે કે, આપણાથી ધર્મ પાળી શકાય તેમ નથી. પણ મહાત્માઓ એમ કહે છે કે, એ વાત ખોટી છે. કારણ કે ધર્મ પાળવો એ બહુજ સહેલી વાત છે. આ વાત બરાબર રીતે સમજાવવા માટે એક સંત એમ કહેતા હતા કે,

પક્ષીઓ જ્યારે પ્રથમ ઉડતાં શીખે છે ત્યારે તેઓને મહેનત પડે છે, પણ જ્યારે ઉડતાં આવડી જાય ત્યારે તેઓને બહુજ આનંદ થાય છે. એટલુંજ નહીં પણ બહુ ઉંચે ઉડયા પછી પાંખો પણ હલાવવી પડતી નથી, પણ પોતાની મેળે ઉડયા કરે છે. તેમજ પ્રથમ ધર્મ પાળતી વખતે શરૂઆતમાં જરાક મહેનત પડે છે, પણ ટેવ પડી ગયા પછી, ભક્તિ જાગી ગયા પછી, અને સાચી સમજણ આવી ગયા પછી ધર્મ પાળવામાં જરાએ મહેનત પડતી નથી. પણ એ વખતે ધર્મ પાળવાથી ઉલટો આનંદ થાય છે, અને સ્વાભાવિક રીતેજ ધર્મ પળાયા કરે છે. માટે યાદ રાખજો કે, ધર્મ પાળવામાં કાંઈ દુઃખ નથી, પણ ધર્મ પાળવામાં તો ઉલટો આનંદ છે, અને તેમાં પણ ધર્મ પાળતે પાળતે જ્યારે સ્વાભાવિકતા આવી જાય અને વ્યસન દશા થઇ પડે ત્યારે ધર્મ પાળવા સારૂ જરા પણ નવી મહેનત લેવી પડતી નથી, પણ પોતાની મેળે મેળે સ્વાભાવિક રીતે ધર્મ પળાયા કરે છે. અને એવી સ્થિતિ થાય તેજ ઉંચા ભગત

કહેવાય છે, અને તેજ ખરો ધર્મ કહેવાય છે. માટે બહુ ચોખ્ખી રીતે સમજી લેવા જેવી અને બીજાઓને સમજાવવા જેવી વાત એ છે કે, ધર્મ પાળવામાં દુઃખ નથી પણ આનંદ છે. ધર્મ પાળવામાં મહેનત નથી પણ સ્વાભાવિકતા છે. ધર્મ પાળવો એ માથું મૂકવા જેવું કામ નથી પણ જીંદગી વધારવા જેવું કામ છે. અને ધર્મ પાળવો એ કષ્ટ સહન કરવાનુ કામ નથી પણ ઘણી જાતનાં સુખો મેળવવાનું કામ છે. આવી જાતની ખાત્રી થાય તો ઘણા લોકો નીરાશ થતા અટકે અને ધર્મ પાળવાનું બળ મેળવી શકે. માટે હે હરિજનો ! તમારા ભાઇ બ્હેનોને હવે એમ સમજાવવાની મહેરબાની કરજો કે, ધર્મ પાળવો તેમાં દુઃખ નથી, પણ આનંદ છે. એ મહાન્ સિદ્ધાંત તમે જેટલો ફેલાવી શકશો તેટલું તમને વધારે પુન્ય થશે, અને તેટલા તમે પ્રભુના વધારે કૃપાપાત્ર થશો. માટે ધર્મ પાળવામાં દુઃખ નથી પણ આનંદ છે, એ વિચાર ફેલાવવાની તસ્દી લેજો, એજ અમારી ભલામણ છે.

૬૧–પાપીઓ પોતાના પાપનો પશ્ચાત્તાપ કરવાથી શુદ્ધ થઇ શકશે, પણ પોતાના શુભ કામોનું અભિમાન કરનારા રખડી પડશે.

મહાત્માઓ કહે છે કે, પાપ એ લોખંડની બેડી છે, તેથી તે ગમતી નથી. માટે કોઇક વખતે પણ તે જશે, પણ શુભ કામોનું અભિમાન તે તો સોનાનાં કડાં સાંકળાં જેવું છે, તેને કાઢવું નહીં ગમે, માટે સંભાળજો.

જે સારા માણસો છે, તેઓ પાપ કર્મથી ડરે છે, એટલે બહુ મોટાં પાપો તેઓ કરતા નથી. બીજા કેટલાક લોકો એવા હોય છે કે જેઓ સંજોગને આધારે પાપ કરે છે, પણ પછી જયારે સંજોગો બદલાઇ જાય, અવસ્થા બદલાઇ જાય, અને વિચારો બદલાઇ જાય ત્યારે થઇ ગયેલાં પાપો માટે તેઓને પશ્ચાત્તાપ થાય છે. અને પશ્ચાત્તાપ એ એવો બળવાન અગ્નિ છે કે તે થયેલાં પાપને બાળી

નાખે છે. કારણ કે જ્યારે વિચારો બદલાઈ જાય ત્યારે પશ્ચાત્તાપ થાય છે. જ્યારે જ્ઞાન આવે ત્યારે પશ્ચાત્તાપ થાય છે. જ્યારે અંતરમાં ધર્મનું બળ આવે અને જ્યારે પોતાનું ચારિત્ર સુધારવાની ઇચ્છા થાય, તથા પ્રભુની કૃપા થાય ત્યારેજ પાપનો પશ્ચાત્તાપ કરવાનું સૂઝે છે. આવો પશ્ચાત્તાપ કિંમતી છે, માટે પશ્ચાત્તાપથી પવિત્રતા મળી શકે છે. કારણ કે જે વખતે સાચો પશ્ચાત્તાપ થાય છે તે વખતે અંતરની બધી લાગણીઓ જાગી જાય છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે અંતરમાં તાલાવેલી થાય છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે અંતરમાં હોળી બળવા માંડે છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે ઉંડાણમાંથી નિઃસાસા નીકળવા મંડે છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે ઇંદ્રિયોના વિકારો ઢીલા પડી જાય છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે માઠા વિચારો ભાગી જાય છે. જ્યારે સાચો પશ્ચાત્તાપ થાય છે ત્યારે શરીરમાંનું લોહી તપી જાય છે અને શરીર શિથિલ પડી જાય છે. જ્યારે સાચો પશ્ચાતાપ થાય છે ત્યારે અંદરથી મન પાપથી ડરી જાય છે. જ્યારે સાચો પશ્ચાતાપ થાય છે ત્યારે દૃષ્ટિ બદલાઇ જાય છે. જ્યારે સાચો પશ્ચાતાપ થાય છે ત્યારે ચ્હેરા ઉપર એક જાતનું તેજ આવી જાય છે. અને જ્યારે સાચો પશ્ચાતાપ થાય છે તે પછી જાણે નવો અવતાર થઇ ગયો હોય તેમ માણુસ બદલાઇ જાય છે. આવું પશ્ચાત્તાપમાં બળ છે. માટે અંતરના ખરા પશ્ચાત્તાપથી પાપી માણુસો પણ પવિત્ર થઇ શકે છે. એ પછી સુખી જીંદગી ભોગવી શકે છે, અને મુઆ પછી મોક્ષના સુખો ભોગવી શકે છે. આવી રીતે પશ્ચાત્તાપના બળથી પાપીઓ પણ પવિત્ર થઇ શકે છે ને મોક્ષ મેળવી શકે છે.

હવે આપણે વિચાર કરવો જોઇએ કે, જ્યારે પાપી માણુસો પણ પવિત્ર થઇ શકે છે ને મોક્ષ મેળવી શકે છે, ત્યારે શુભ કામો કરનારા પવિત્ર માણુસો મોક્ષ મેળવે તેમાં તો નવાઈજ શું? પણ તેમ છતાં ઘણી વખત એમ બને છે કે, પાપી માણુસો પશ્ચાત્તાપથી શુદ્ધ થઇ આગળ વધી જાય છે અને સારાં કામ કરનારા ભલા માણુસો પોતાના શુભ કામના અભિમાનને લીધે પાછળ રહી

જાય છે. કારણ કે અભિમાન એ ઘણીજ ખરાબ વસ્તુ છે. અભિમાન એ એક જાતનું આકરૂં ઝેર છે. અભિમાન એ માણુસને નીચે પછાડનાર રાક્ષસ છે. અભિમાન એ નાનકડા શુભ કામને પણ બહુ મોટું કરી બતાવનાર છે. તેથી બીજાં વધારે મોટાં કામો કરી લેવાની તક રહેતી નથી. અભિમાન એ માણુસોની એક જાતની બહુ મોટી નબળાઇ છે. અભિમાન એ બહુ મોટો દુર્ગુણ છે. અભિમાન એ પોતાનો હલકી જાતનો સ્વાર્થ છે. અભિમાન એ એક જાતનો મોહ છે. અને અભિમાન એ બીજા ઘણી જાતના દુર્ગુણોનું મૂળ છે. માટે અભિમાનને કાઢવું જોઇએ એ દુનિયાના દરેક શાસ્ત્રોનો સિદ્ધાંત છે. માટે દરેક હરિજનોએ જેમ બને તેમ અભિમાનને ઓછું કરવું જોઇએ. તેને બદલે જે માણુસો પોતાના અભિમાનને વધારે છે અને અમે આ કામ કર્યું, અમે ફલાણું કામ કર્યું, અને અમે ફલાણું કામ કરવાના છીએ, એવી બડાઇમાં જેઓ રહી જાય છે અને પોતાનાં વખાણ કરીને તથા પોતાનાં વખાણુ સાંભળીને રાજી થયા કરે છે ને મનમાં ને મનમાં ફૂલાયા કરે છે, તેઓનું અભિમાન વધતું જાય છે. એટલે તેઓ સારા માણુસો હોય અને શુભ કામો કરનારા હોય છતાં પણ તેઓ માત્ર એક અભિમાનના દોષને લીધેજ નીચા પડી જાય છે, અને મોક્ષના રસ્તામાંથી ભ્રષ્ટ થઇ જાય છે. કારણ કે જે અભિમાન છે તે પાપ કરતાં પણ વધારે ખરાબ છે. કારણ કે પાપ છે તે લોઢાની બેડી છે એટલે કોઇક વખત એ બેડીને કાઢી નાખવાનું મન થાય છે, તેથી પાપના બંધનમાંથી છૂટી શકાય છે. પણ પોતે જે સારાં કામ કરતા હોય ને તેનું અભિમાન કરતા હોય તે તો સોનાની બેડી જેવું છે, અને સોનાની બેડી કાઢી નાખવી ગમતી નથી, એવો લોકોનો સ્વભાવ છે. એ સ્વભાવને લીધે સારા સારા માણુસો પણ પોતાનાં શુભ કર્મોનાં અભિમાનમાં રહી જાય છે, તેથી છતાં સાધનોએ તેઓ નીચા પડી જાય છે. પણ એને બદલે જેઓ પાપીઓ છે, તેઓને પોતાનાં પાપ કઠે છે, તેથી તેઓ પશ્ચાત્તાપ કરીને અંતે શુદ્ધ થાય છે. પણ જેઓ શુભ કર્મોના અભિમાનમાં રહી જાય છે તેઓ ભલા માણુસ હોવા છતાં પણ પાછળ રહી જાય છે. માટે આવી ભૂલમાં ન પડયા રહેવાય એ સંભાળજો. કારણ કે એવી ભૂલથી

મોક્ષનો માર્ગ ચુકી જવાય છે, અને આત્માનું અકલ્યાણ થઇ જાય છે. માટે શુભ કામોના અભિમાનરૂપી સોનાની બેડીમાં ન પડયું રહેવાય એ સંભાળજો. શુભ કામોના અભિમાનરૂપી સોનાની બેડીમાં ન પડયું રહેવાય એ સંભાળજો.

૬૨-જગત્ સાથે કેવી રીતે વર્તવું? તેનો ખુલાસો.

ઘણાં માણસોને ભક્તિ કરવી બહુ ગમે છે. છતાં પણ જેવી ભકિત કરવી જોઇએ તેવી ભકિત તેઓથી બની શકતી નથી. એનાં ઘણાં કારણો છે. તેમાં એ પણ એક મુખ્ય કારણ છે કે, જગત્‌ની સાથે કેમ વરતવું તેની ઘણા હરિજનોને ખબર હોતી નથી. તેથી પરિણામ એ થાય છે કે, કાં તો તેઓ જગત્ તરફ અતિશય બેદરકાર બની જાય છે, અને કાં તો તેઓ જગત્‌માં લુબ્ધ થઇ જાય છે. પણ એ બન્ને વાત બરાબર નથી. જગત્‌માં લુબ્ધ થવાથી નર્કમાં જવું પડે છે, અને જગત્ તરફ બેદરકારી રાખી પોતાની ફરજો નહીં બજાવવાથી પણ ખરાબી થાય છે. માટે જેમ આસકિત કામની નથી, તેમજ ખોટો ત્યાગ પણ કામનો નથી. કારણ કે આપણે જોઇએ છીએ કે, જેઓ ત્યાગ કરે છે તેઓ પણ કાંઇ સાચો ત્યાગ કરતા નથી, પણ કોઇનો ત્યાગ બળાત્કારનો હોય છે, કોઇનો ત્યાગ ક્રોધનો હોય છે, કોઇનો ત્યાગ દુઃખનો હોય છે, કોઇનો ત્યાગ સ્વાર્થનો હોય છે, કોઇનો ત્યાગ દેખાદેખીનો હોય છે, કોઇનો ત્યાગ લાચારીનો હોય છે, કોઇનો ત્યાગ કમાવાની અશકિતનો હોય છે અને કોઇનો ત્યાગ માત્ર નામનોજ હોય છે. અને આવી જાતના ત્યાગથી કાંઇ ઉત્તમ ફળ મળે નહીં, તેમાં કાંઈ નવાઈ નથી. માટે ખોટા ત્યાગમાં કે અતિ આસકિતમાં સાચા ભગતોએ ન રહેવું જોઇએ. ત્યારે તેઓએ કેવી રીતે રહેવું જોઇએ? એના ખુલાસામાં અનુભવી ભગતો કહે છે કે,

શ્રીમંત લોકો પોતાનાં છોકરાંઓને સાચવવા માટે આયાઓ રાખે છે. એ આયા ન્હાનાં બાળકોને ધવરાવે છે, નવરાવે છે, કપડાં પહેરાવે છે, ફરવા તેડી જાય છે, તેને બોલતાં શીખવે છે, અને તે માંદા પડે તો તેની બહુજ કાળજીપૂર્વક સારવાર કરે છે. પણ તેમ છતાં એ આયા પોતાના મનમાંથી પક્કી રીતે એમ સમજે છે કે, "આ છોકરાં કાંઇ મ્હારાં નથી. એ છોકરાં તો મ્હારા શેઠનાં છે, હું તો મ્હારી ફરજ બજાવવાની ખાતર અને શેઠના હુકમની ખાતર તથા મ્હારા સ્વાર્થની ખાતર તેઓની સેવા કરૂં છું." તેમજ દરેક ભગતોએ પોતાના અંતઃકરણમાંથી બહુજ ચોખ્ખી રીતે એમ સમજી લેવું જોઇએ કે, આ જગત્ કાંઇ અમારૂં નથી, પણ એ તો અમારા પ્રભુનું છે. માટે તેની અમે જે કાંઇ સેવા કરીએ છીએ એ અમારા સ્વાર્થને માટે એટલે કે અમારા કલ્યાણને માટે કરીએ છીએ. તેની જે કાંઇ સેવા કરીએ છીએ તે અમારા પ્રભુના હુકમની ખાતર અને અમારા પ્રભુએ સોંપેલી ફરજ બજાવવાની ખાતર કરીએ છીએ. આવી રીતે સમજવાથી જગત્ તરફથી આપણી ફરજો બરાબર રીતે બજાવી શકાય છે. અને તેમ છતાં તેમાં મોહ થતો નથી. માટે આયાઓ જેમ પોતાનાં શેઠનાં છોકરાંઓ સાથે બહુજ સારી રીતે વરતે છે છતાં પણ એ છોકરાંને પોતાનાં સમજતી નથી, તેમજ આપણે પણ જગત્‌ની સાથે બહુ સારી રીતે વરતવું જોઇએ, તેમ છતાં તેને આપણું ન માની લેવું જોઇએ; પણ પ્રભુનું છે એમ સમજીને કામ લેવું જોઇએ. જો એમ કરતાં આવડે તો તટસ્થ રહી શકાય છે, અને ખોટી આસક્તિમાંથી તથા ખોટા ત્યાગમાંથી બચી શકાય છે. માટે હે હરિજનો! અમારી તમને એજ વિનંતિ છે કે, જો સાચા ભગત થવું હોય તો જગત્‌ના ખોટા ત્યાગમાં કે જગત્‌ની ખોટી આસક્તિમાં ફસાઇ પડશો માં પણ જગત્‌ને પ્રભુનું સમજીને પ્રભુએ સોંપેલી તમારી ફરજો, બરોબર રીતે બજાવાય તેવી રીતે વરતજો એટલે જગત્‌માં રહ્યા છતાં, અને કડવા મીઠા અનુભવ લીધા છતાં તમારૂં કલ્યાણ થઇ શકશે.

મન વિષે.

મનકે હારે હાર હય, મનકે જીતે જીત;
પરબ્રહ્મકુ પામીએ, મનમેં હોય પ્રતીત.

મન દીયા કહી ઔરહી, તન સાધોકિ સંગ;
કહે કબીર કોરી ગજી, કૈસે લાગે રંગ.

એતો ગતિ હુય અટપટી, ઝપપટ લખે ન કોય;
જો મનકી ખટપટ મીટે, ચટપટ દરશન હોય.

સાંઇ આગે સાચ હો, સાંઇ સાચ સુહાય;
ભાવે લંબે કેશ કર, ભાવે મુંડ મુંડાય.

બનતે બનતે બન ગયો, તુલસી ઘરકે માંહી;
શીતલ શબ્દ ઉચારીએ, અહં આનીએ નાહી.

મનકે હારે હાર હૈ, મનકે જીતે જીત;
મન મીલાવે રામકું, મનહી કરે ફજેત.

કરડકણા કૂતરાને જેમ તેનો ધણી ટુંકો બાંધવા ચાહે છે, તેમ આપણે પણ આપણાં મનને વશ કરતાં શીખવું જોઇએ.

અંતર શુદ્ધ કર્યા વિના કોઇ પણ પ્રભુપદ પામ્યા નથી.

ત્યાગ કરવો એટલે જગતને મનમાંથી કાઢી નાંખવું એમ છે.

બહુ ખરચ કરીને દૂર દૂરનાં તીર્થોમાં ભટકવું તેના કરતાં ઘરમાં બેસીને મન શુદ્ધ કરવું એ મોટું તિર્થ છે.

આપણા મોટા દુષ્મનો તો આપણી અંદરજ છે.

જે પોતાનું મન વશ કર્યા વિના ભગત થઇને ફરે છે, તે ભગત નથી પણ ઢોંગી છે.

બે ધણીની નોકરી નહીં થાય, એકની થશે. માટે તારા દિલને અરધું ઇશ્વરને ને અરધું દુનિયાને ન આપ.

જ્યારે હરિ મંદીરમાં જાઓ ત્યારે પોતાના મનને ઘેરે મૂકી જશો માં.

જેમ એક લોટામાં બે વસ્તુઓ સાથે રહી શકતી નથી, તેમ માયાથી ભરેલાં હૈયામાં પ્રભુ ટકી શકતો નથી.

૬૩–પ્રભુ પાસે થોડું માગો તો પણ તે ઘણું આપી દેય તેવા છે.

ભગવાનનો મહીમા સમજવાથી તેની ઉપર સાચો પ્રેમ આવી શકે છે. માટે દરેક હરિજનોની એ મુખ્ય ફરજ છે કે, તેઓએ જેમ બને તેમ પ્રભુનો મહીમા સમજાય તેમ કરવું જોઇએ. એ વાત બહુ સારી રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાની મંડળીવાળાઓને એમ સમજાવતા હતા કે,

એક માણસ જંગલમાં ચાલ્યો જતો હતો. ત્યાં તેણે એક બહુ ફળવાળા મોટા આંબાને જોયો. તેમાં ઘણી કેરીઓ પાકેલી હતી, તે ખાવાનું મન થયું. તેથી તેને એમ લાગ્યું કે, આ આંબામાંથી પાંચ સાત કેરીઓ મને મળે તો કેવું સારૂં? એ પછી તે મજબૂત માણસે ખૂબ જોરથી આંબાની એક મોટી ડાળ હલાવી, એટલે તેમાંથી પચાસ સાઠ કેરીઓ નીચે ખરી પડી. એ જોઇને તે માણસ બહુ અજબ થયો ને બહુ રાજી થયો. કારણ કે તેને તો પાંચ સાત કેરીઓ જોઇતી હતી, તેને બદલે પચાસ સાઠ કેરી મળી ગઇ.

બંધુઓ ! આજ પ્રમાણે અનંત બ્રહ્માંડના નાથ પાસે આપણે થોડું માગીએ તો પણ તે ઘણુંએ આપી દેય તેવા છે. પણ તેમાં શરત માત્ર એટલીજ છે કે, આંબાને હલાવતાં આવડવો જોઇએ. આંબાને હલાવવાનું બળ મેળવવું જોઇએ, તો કેરીઓ મળી શકે. તેમજ પરમકૃપાળુ પ્રભુ પાસેથી ફળ મેળવવાં હોય તો પ્રભુને હલાવતાં શીખવું જોઇએ. જો પ્રભુને હલાવતાં આવડે તો મરજી મુજબના ફળ મેળવી શકાય છે.

બંધુઓ ! વીજળીને ચલાવતાં આવડે તો તેનાથી મહાન્ કામો થાય છે. પવનને વાપરતાં આવડે તો તેથી મહાન્ સમુદ્ર ખેડી શકાય છે. વરાળને ચલાવતાં આવડે તો તેથી દુનીયાના ધંધા રોજગારમાં મોટી ઉથલ પાથલ કરી શકાય છે. અને ઝાડને હલાવતાં આવડે તો પણ ઘણાં ફળ મેળવી શકાય છે. ત્યારે જેને પ્રભુને હલાવતાં આવડે તેને મહાન્ ફળો મળે તેમાં કાંઇક નવાઇ નથી. તેને અમર ફળો મળે તેમાં કાંઇ નવાઇ નથી. અને તેને જીંદ-

ગીની સાર્થકતા કરનારાં ફળો મળે તેમાં કાંઇ નવાઇ નથી. માટે જો એવાં અમૂલ્ય ફળ જોઇતાં હોય તો પ્રભુને હુલાવતાં શીખવું જોઇએ. પ્રભુને કેમ હુલાવી શકાય? એ માટે સંતો તથા શાસ્ત્રો એમ કહે છે કે,

પ્રભુને હુલાવવા એટલે પ્રભુને જગાડવા, પ્રભુને હુલાવવા એટલે પ્રભુનું આપણી તરફ ધ્યાન ખેંચવું, અને પ્રભુને હુલાવવા એટલે પ્રભુની કૃપા મેળવવી, તેનું નામ પ્રભુને હુલાવવા છે. એમ કરવા માટે સર્વશક્તિમાન મહાન્ પરમાત્માની પ્રાર્થના કરવી જોઇએ. તેનું જ્ઞાન મળે તેવાં પુસ્તકો વાંચવાં જોઇએ. તેના વહાલા હરિજનોની સોબતમાં રહેવું જોઇએ. તેનાં ભજન કીર્તન કરવાં જોઇએ. તેના પવિત્ર નામનો જપ કરવો જોઇએ, અને તેનું ધ્યાન ધરવું જોઇએ. આ બધા તેને હુલાવવાના ઉપાયો છે. એમાંથી જે ઉપાય તમને અનુકૂળ આવે તે ઉપાય બહુ જોરથી વીધીપૂર્વક અજમાવજો, એટલે તમને ધાર્યાં કરતાં ઘણાંજ વધારે ફળો મળી શકશે. એમાં કાંઇજ શક નથી. માટે આવી રીતે કોઇ પણ રીતે પ્રભુને હુલાવતાં શીખો, પ્રભુને હુલાવતાં શીખો, એટલે કે તેની કૃપા મેળવતાં શીખો, અને તમારી તેની તરફની લાગણી તથા યોગ્યતા બતાવતાં શીખો. એટલે તેના દરબારમાં કાંઇ ફળની ખોટ નથી. એમ કરતાં આવડે તો ફળ તો વગર માગે પણ મળી શકે તેમ છે, એ ખાત્રી રાખજો.

૬૪–દુઃખ આવી પડે ત્યારે ધીરજ રાખવી જોઇએ તે વિષે.

એક વખત એક ગૃહસ્થને ત્યાં પીંજરામાં બે પંખી પુરાઇ ગયાં. તે બન્ને પંખી એકજ જાતનાં હતાં, એકજ પીંજરામાં હતાં, એક સરખા સંજોગોથીજ પકડાઇ ગયાં હતાં, અને તે બન્નેને ખોરાક પણ સરખોજ મળતો હતો. છતાં પણ તે એમાંથી એક પક્ષી ખાતું હતું, પીતું હતું, પીંજરામાં ફરતું હતું, પોતાની ભાષામાં બોલતું હતું, અને જે માણસો એ પંખી ઉપર પ્રેમ રાખે તેની સાથે હળી મળી જવાની તે કોશીષ

કરતું હતું. તેથી તે સુખી દેખાતું હતું. પણ એની સાથે જે બીજું પંખી હતું તે ખાતું નહોતું, પીતું નહોતું, બોલતું નહોતું, રમતું ભમતું નહોતું, અને કોઇ સાથે હળતું ભળતું નહોતું, પણ પીંજરાના એક ખુણામાં પડયું રહેતું હતું, અને ઉદાસ થઇને તથા નીરાશ થઇને દુઃખમય જીંદગી ગાળતું હતું. પરિણામ એ થયું કે, જે પંખી આનંદમાં રહેતું હતું ને સૌને આનંદ આપતું હતું તે પંખી મસ્તાનું બની ગયું, સૌનું વ્હાલું થઇ પડયું, અને ઘણાં વરસો સુધી જીવી શકયું, પણ જે પંખી એકલસૂરૂં રહ્યું, કોઇ સાથે હળ્યું મળ્યું નહીં, સુખનાં સાધનો છતાં સુખ ભોગવી શકયું નહીં અને દુઃખમાં દબાઇ ગયું, તે પંખી ઝુરી ઝુરીને, દુઃખી થઇને, માંદું પડીને થોડા દિવસમાં મરી ગયું.

આ દાખલો આપીને એક ભકતરાજ મહારાજ પોતાના હરીજનોને એમ સમજાવતા હતા કે, બન્ને પંખી પીંજરામાં પૂરાયેલાં હતાં; છતાં પણ એ કેદખાનામાં પણ કેટલીક જાતનો આનંદ મેળવવો હોય તો મેળવી શકાય તેમ હતું, અને એ પરાધીનતામાં પણ કેટલીક જાતનું સુખ જોતું હોય તો મળી શકે તેમ હતું. તેમજ આ દુનીયામાં ઘણાં માણસોને ઘણી જાતની પરાધીનતા હોય છે, અને ઘણી જાતનાં કેદખાનાં હોય છે, તથા ઘણી જાતના વિયોગો ખમવા પડે છે; છતાં પણ એ બધાં દુઃખોની વચ્ચે પણ જો સુખ ભોગવતાં આવડે તો બીજાં ઘણી જાતનાં સુખો પણ હોય છે. અને જેઓ એવાં સુખો ભોગવે તેઓ આનંદમાં રહી શકે છે, તંદુરસ્ત રહી શકે છે, અને લાંબી જીંદગી ભોગવી શકે છે. પણ એને બદલે જે માણસ દુઃખોથી કાયર થઇ જાય, દુઃખમાં દબાઇ જાય, દુઃખથી નીરાશ થઇ જાય અને દુઃખને લીધે હારી જઇને પોતાની ફરજ બજાવવાની છોડી દેય તે માણસનું શરીર બગડી જાય છે, તેઓનું મન બગડી જાય છે, તેઓ જુવાનીમાંજ ઘરડા થઇ જાય છે, અને તેઓ વ્હેલા વ્હેલા મરી જાય છે.

બંધુઓ ! આ દુનીયાંની રચનાજ એવી છે અને જીવોનો સ્વભાવજ એવો છે કે, તેઓને દુઃખ પડયા વિના રહેજ નહીં. એટલે નાનું કે મોટું, થોડું કે ઝાઝું, અને લાંબુ કે ટુંકું, તથા

અંતરનું કે બહારનું કાંઇક પણ દુઃખ તો પડવાનુંજ, એમાં કાંઇ શક નથી. પણ જે એવા દુઃખને વખતે ધીરજ રાખી શકે તેઓને ફાયદો થાય છે, અને જે દુઃખમાં દબાઇ જાય તેનો નાશ થાય છે. માટે હે હરિજનો ! અમારી તમને એવી ભલામણ છે કે, દુઃખના પ્રસંગોએ કાયર થઇ જશો માં, હિંમત હારી જશો માં, અને પોતાની ફરજ બજાવવામાં ચુકી જશો માં, પણ ધીરજ રાખીને દુઃખની સામે ટકી રહેજો ને લડયા કરજો, એટલે દુઃખની વચ્ચેથી પણ તમે સુખ મેળવી શકશો. કારણ કે દુઃખીઓને દયાળું પ્રભુ બહુ જલદીથી મદદ કરે છે, માટે દુઃખથી કાયર થશો માં, એજ અમારી ભલામણ છે.

૬૫–ભગત થવું હોય તો ભકિતનાં ચિન્હો રાખવાં પડશે.

ઘણા માણસો એવા હોય છે કે તેઓને ભકિત કરવી બહુ ગમે છે, પણ ભકિતનાં બહારનાં ચિન્હો રાખવા ગમતાં નથી. એ વાત બરાબર રીતે સમજાવવા માટે એક ભકતરાજ કહેતા હતા કે,

એક બ્રાહ્મણ હતો. તે એક ઑફીસમાં પટાવાળા તરીકે નોકરીએ રહ્યો. એ વખતે શું કામ કરવું તે પૂછતાં જણાવ્યું કે, ચીઠ્ઠી પત્રી લાવવી લઇ જવી જોઇશે, ઉઘરાણી કરવા જવું જોઇશે, ચોકી કરવી પડશે, વખતસર હાજર થવું પડશે, સાહેબની સાથે મુસાફરીમાં જવું પડશે, અને બીજું જે કાંઇ પરચુરણ કામ બતાવે તે કરવું પડશે. એ બધું તે બ્રાહ્મણે કબૂલ કર્યું ને પગાર ઠરાવ્યો. એ પછી અજમાયશ દાખલ ઉમેદવાર તરીકે તેને થોડા દિવસ રાખ્યો ત્યારે તે બધું કામ બરોબર રીતે કરવા લાગ્યો, તેથી ખુશી થઇને ઑફીસના સાહેબે તેને પોતાની નોકરીમાં રાખવાનો ઠરાવ કર્યો, ને તેને ઓફીસની સીપાઇગીરીનો પટો કમરે બાંધવા આપ્યો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, સાહેબ, હું આપની ઑફીસનું બધું કામ કરી શકીશ પણ પટો બાંધી શકીશ નહીં. પટો બાંધતાં મને શરમ લાગે છે. પટાવાળાનું કામ કરવામાં મને વાંધો નથી પણ પટો

બાંધવામાં મને વાંધો છે. એ સાંભળીને સાહેબે કહ્યું કે, તું કઇ ઑફીસનો માણસ છે તે પટા વિના લોકોને કેમ ખબર પડે? અમારી ઑફીસના પટાવાળાએ ઑફીસના નામનો પટો બાંધવોજ જોઇએ. એમાં શરમ લાગે તે કાંઇ ચાલે નહીં. એવી ખોટી શરમવાળાઓથી પટાવાળાની નોકરી થઇ શકતી નથી. માટે જો નોકરી કરવી હોય તો પટો બાંધો નહીં તો ચાલતા થાઓ.

આવીજ રીતે જો પ્રભુની નોકરી સ્વીકારવી હોય તો ભક્તિનું બહારનું ચિન્હ કાંઇક પણ રાખવું પડશે. ભગવાનનું નામ લેવું ગમે છતાં પણ નામ લેતાં શરમ લાગ્યા કરે, માળા ફેરવવી ગમે છતાં પણ માળા ફેરવતાં શરમ લાગ્યા કરે, દર્શનમાં ભાવ આવ્યા કરે છતાં પણ મંદીરે જતાં ને દેવને દંડવત કરતાં મનમાં સંકોચ લાગ્યા કરે, અને ગુરૂ ઉપર હેત આવે છતાં પણ ગુરૂની સેવા કરતાં શરમ લાગ્યા કરે એ કેમ પાલવે? અને તેમ છતાં આપણે જોઇએ છીએ કે ઘણા માણસોને ભકિત કરવી ગમે છે, છતાં પણ ભકિતના બહારના નિયમો પાળવામાં તેઓને ખોટી ખોટી શરમ લાગ્યા કરે છે. પણ યાદ રાખજો કે, અંતરમાં પ્રભુપ્રેમ આવ્યા છતાં બહારની એવી ખોટી શરમ રાખવી એ બહુ મોટી ભૂલ છે, અને એવી ભૂલ કરવાથી ભક્તિથી બહારને બહાર રહી જવાય છે. કારણ કે શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે,

જેમ અંતરની ભક્તિની માણસોને જરૂર છે તેમજ ભકિતના કેટલાંક બહારનાં ચિન્હો તથા સાધનો રાખવાની પણ જરૂર છે. કારણ કે એવાં ચિન્હો અને સાધનોની મદદથી અંતરની ભકિત પુષ્ટ થાય છે, અને બીજા હરિજનોને એ બાબતો બહુ ઉપયોગી થઇ પડે છે. બહારનાં ચિન્હોની જરૂરીયાત સંબંધી તથા તેના કાયદાઓ સંબંધી ઘણી વખત ઘણે ઠેકાણે કહેવાઈ ગયું છે એટલે એ સંબંધી વધારે વીવેચન કરવાની જરૂર નથી, પણ ટુંકામાં માત્ર એટલુંજ કહેવાનું છે કે, ઑફીસની નોકરી નોંધાવવી ને પટો બાંધવાની ના પાડવી એ કાંઇ ચાલી શકે તેમ નથી. તેમજ સાચી ભક્તિ કરવી હોય ને બધાં અંગવાળી પૂરેપૂરી ભક્તિ કરવી હોય તો ભક્તિનાં બહારનાં જરૂરનાં ચિન્હો રાખવા પડશે ને તેમ છતાં ખોટી શરમમાં રહી જશો તો એટલી તમારી

ભક્તિ અધૂરી રહી જશે, અને પ્રભુના દરબારમાં જો તમારી નોકરી નોંધાયલી હશે તો તેમાં એટલી કચાશ રહી જશે, અને જરાક શરમની ખાતર જીંદગી સુધારનારી તથા જન્મ મરણના ફેરામાંથી બચાવનારી ભક્તિની બાબતમાં કચાશ રાખવી એ કેટલી બધી મોટી ભૂલ છે? તેનો જરા વિચાર કરજો, ને એવી ભયંકર ભૂલ દૂર થાય તેમ કરજો, એજ અમારી વિનંતિ છે.

૬૬–ભગત થવા માટે કાંઇ જગત્ તજી દેવાની જરૂર નથી, પણ પ્રભુમાં પ્રેમ રાખવાની જરૂર છે.

આપણા લોકોની અંદર એવી જાતના વિચારો ઘુસી ગએલા છે કે, ભગત થવા માટે જગત્‌ને તજવું જોઇએ. જગતને અને ભગતને કાંઇ બને નહીં. આવી જાતના વિચારોને લીધેજ આપણા દેશમાં બાવન લાખ માણસો બાવા થઇ ગએલા છે, અને સોળ લાખ માણસો ફકીર બની ગએલા છે. પણ ખરા સંતો એમ કહે છે કે, ભગત થવા માટે કાંઇ ઘરબાર તજવાની જરૂર નથી. ભગત થવા માટે કાંઇ બાયડી છોકરાંઓને તજવાની જરૂર નથી. ભગત થવા માટે કાંઇ નાત જાત બદલવાની જરૂર નથી. ભગત થવા માટે કાંઇ કપડાં બદલવાની જરૂર નથી અને ભગત થવા માટે કાંઇ ખાવું પીવું તજી દેવાની જરૂર નથી. પણ ભગત થવા માટે માત્ર એકજ ચીજની જરૂર છે, અને તે એ કે, પરમકૃપાળુ પરમાત્માનો અખંડ પ્રેમ મેળવવો. એ પ્રેમની અંદર ધર્મનાં બીજાં બધાં અંગો પોતાની મેળે મેળેજ સ્વાભાવિક રીતેજ આવી જાય છે. આ વાત બહુ સ્પષ્ટ રીતે સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ કહેતા હતા કે,

કોઇ સદ્‌ગુણી નીશાળીઓ દરરોજ સ્કુલના ટાઇમસર નીશાળે જાય, ત્યાં બરાબર પોતાનું લેસન કરે, અને સ્કુલમાંથી છુટ્યા પછી સાંજે ફરવા જાય, કાંઇ ગમત જોવા જેવી હોય તો તે જોવા માટે જાય, રસ્તામાં કોઇ મિત્રનું ઘર આવતું હોય તો તેને ત્યાં જાય, એ બધું કર્યા છતાં વખતસર પોતાના બાપને

ઘેરે તે પહોંચી જાય, તો એવી રીતે ફરવા હરવા માટે તેનો બાપ કાંઇ તેને ઠપકો આપતો નથી, પણ ઉલટો એથી તે પિતા રાજી થાય છે. તેમજ આપણે પણ આપણાં ઘર સંસારિક કામો કરવા છતાં અને વિધિસર ભોગ ભોગવવા છતાં જો વખતસર ઇશ્વરના દરબારમાં હાજરી આપ્યા કરીએ તો આપણા ભોગોથી કે આપણા સંસારથી કાંઇ પ્રભુ દીલગીર થતો નથી, પણ ઉલટો તે રાજી થાય છે. કારણ કે આ સંસાર કાંઇ ભગવાનની વિરૂદ્ધ નથી, અને શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ભોગ કે વૈભવો ભોગવવા એ કાંઇ પ્રભુથી વિરૂદ્ધ નથી. પણ એ બધાના મોહમાં પડી જવું અને પ્રભુ ઉપરના પ્રેમને વીસારી મૂકવો એ પ્રભુથી વિરૂદ્ધ છે. માટે જે સંભાળવા જેવું છે તે એજ છે કે, પ્રભુના પ્રેમને વીસારવો ન જોઇએ. ભોગ ભોગવતાં છતાં જો પ્રેમને સાચવી શકાતો હોય તો એ ભોગથી કાંઇ મોક્ષમાર્ગમાં વિઘ્ન આવતું નથી. ભોગ કાંઇ મોક્ષમાર્ગમાં નડતરરૂપ નથી, પણ મોહ નડતરરૂપ છે. અને યાદ રાખજો કે, ઘરસંસાર તજી દેવાથીજ કાંઇ બધી જાતના મોહ મટી જતા નથી. જેનું મન કાચું છે, જેને સાચી સમજણ આવેલી નથી, અને જેના મનમાં વાસનાઓ ભરેલી છે, તે માણસ કદી જંગલમાં જાય, પર્વતોના શીખરો ઉપર જાય, ગુફાઓમાં રહે, અને પાણીની કે અગ્નિની અંદર રહે તો પણ તેનો ઉદ્ધાર થતો નથી. અને એને બદલે કોઇ સાચો ભગત નાત જાતમાં રહેતો હોય, બૈરાં છોકરાંઓથી વીંટાયેલો રહેતો હોય, માનપાન મેળવતો હોય, અને ભગવાને આપેલી પ્રસાદીઓના પ્રસાદ લેતો હોય, છતાં પણ જો તેને તત્વ ઓળખાઇ ગયું હોય, પ્રભુ સાથે તાર લાગેલો હોય, દુનીયાનું ક્ષણભંગુરપણું સમજાઇ ગએલું હોય, અને મનમાંથી વાસનાઓ છૂટી ગઇ હોય તો એ ભગત સંસારમાં રચ્યોપચ્યો દેખાતો હોય છતાં પણ એનો મોક્ષ થાય છે. કારણ કે મોક્ષનો સંબંધ કાંઇ બહારના ત્યાગ કે બહારના ભોગની સાથે નથી, પણ મોક્ષનો સંબંધ તો આત્માના છુટાપણાની સાથે છે. મોક્ષનો સંબંધ તો જ્ઞાનની સાથે છે. મોક્ષનો સંબંધ તો અંતઃકરણની વૃત્તિઓની સાથે છે અને મોક્ષનો સંબંધ તો પ્રભુનું સ્વરૂપ સમજવાની સાથે છે. માટે વિધીસર ભોગ ભોગવવાથી

કાંઇ ભગત થવામાં અડચણ આવતી નથી. માટે બંધુઓ! આ બધા ખુલાસા ધ્યાનમાં રાખીને જેમ બને તેમ અંદરથી આસકિત છૂટી જાય તેમ કરજો, અને બહારના ઉપલકીયા ખોટા ત્યાગ તરફ ઢળી પડશો માં, પણ ભોગ ભોગવતે છતે અંતરમાંથી સાચો ત્યાગ રખાય ને સાચા ભગત થવાય તેમ કરજો. એજ અમારી ભલામણ છે.

ખરા પ્રેમીઓનાં લક્ષણ.

પદ.

રે ઓધા શું રે થયું વ્રજનારને રે,
મહી સાટે વેચે છે મોરારને રે (૨) ઓધા.
ગોપી પ્રેમે મંદીરમાંથી નીસર્યાં રે (૨)
રે એના શરીરની શુદ્ધ બુદ્ધ વીસર્યાં રે (૨) ઓધા
રે એવી આતુરતા લાગી એના અંગમાં રે
રે મારો વહાલો બીરાજે એના સંગમાં રે(૨) ઓધા.
કાંણુક કારણ થયું છે એને વાટમાં રે (૨)
રે બહુ નામી બીરાજે એના માટમાં (૨) ઓધા.
રે નરભેરામના સ્વામીની રીત છે રે (૨)
રે મારે પૂર્વ જન્મની પ્રીત છે રે (૨) ઓધા.

સાધુજનો માટે.

આપણને જે દવાથી લાભ થયો હોય, તે દવા આપણે જેમ બીજા દરદીને તરતજ કહી દઈએ છીએ, તેમ દરેક મહાત્મા સંત કે હરિજને પોતાને ભકિતમાર્ગનાં જે સાધનોથી લાભ થયો હોય તે સૌને કહી દેવાં જોઇએ.

એકના ઘરમાં આગ લાગી હોય ને બીજા પાડોશીના ઘરમાં પાણી હોય, અને જો તે પાડોશી તેની આગ હોલવવા માટે પોતાનું પાણી ન આપે તો તે જેમ ખોટું કરે છે, તેમ જે સંત પુરૂષો પોતાના જ્ઞાનનો બીજાને લાભ નથી આપતા તે પણ છે તેવુંજ કરે છે, એમ જાણવું.

એક માણસના ઘરના દીવામાંથી બીજો માણસ પોતાનો દીવો બાળી જાય તેથી કંઇ દીવાનું તેજ ઓછું થતું નથી, તેમ જ્ઞાન આપવાથી જ્ઞાન કાંઇ ઘટતું નથી, તે તો સાધારણ સંસારીઓ પણ સમજે છે.

સૌ શાસ્ત્રોમાં બધાય દાનો કરતાં જ્ઞાનદાન સૌથી મોટું છે, એ આપણે બધા સમજીએ છીએ. તે છતાં પણ જો આપણે જ્ઞાની હોઇએ ને બીજા કોઇને જ્ઞાન ન દઇએ તો જેમ એક માણસ એક નાદાન છોકરાને સરપને પકડતો દેખીને તેને ન અટકાવે, અથવા એક માણસ કોઇને કુવામાં પડેલો જોઇને પોતાનું દોરડું આપી બહાર કાઢવાની મેહેનત ન કરે તે જેવી ભૂલ કરે છે, તેવીજ ઉપર કહેલા જ્ઞાનીઓ ભૂલ કરે છે, એમ જાણવું.

દરેક સંસારી સારો માણસ પણ જ્યારે કોઇ પણ બીજા માણસ માથે મોટો પથરો પડવાનો હોય કે એવો કાંઇ અકસ્માત થવાનો હોય ત્યારે તરતજ તેને ચેતવી દેય છે, તેમ મહાત્મા અને જ્ઞાની સાધુઓ પણ ગરીબ સંસારીઓને જન્મ-જન્માંતરનાં દુઃખોથી દૂર રહેવાને ચેતવશે ત્યારેજ જગત્‌નો ઉદ્ધાર થશે.

સંત બડે પરમારથી, દેત સબકું જ્ઞાન;
  મુકત કહે જાકો મીલે, તાકો કરત કલ્યાન.
સંત ધનંતર વૈદ સમ, જેસો રોગી જેહુ;
  મુકત બતાવત તાહીકું, તેસો ઓખદ તેઉ.
જ્ઞાન ભકિત વૈરાગ સહિત, સંત સરલ ચિત હોય;
  મુકત કહે ભવ તરનકો, અતિ બડે નૌકા સોય.

મસ્ત અબધુતોની રીતિ.

છંદ.

જીસકે દિલપર દિલવરકા નામ બસ્તા હૈ;
ઉન મસ્તોંકા દેખો ઉલટા રસ્તા હૈ.
સર્દીમેં આશક પીતે હૈં સરદાઇ;
ગર્મીમેં શંખિયા ખાય રહે ગર્માઇ.
બારિશમેં સૂખે ધૂપમેં હો હરિયાઇ:
ઐસે મસ્તોંસે સભી બાત બનિઆઇ.

વો દાગકો સમઝે દિલપર ગુલદસ્તા હૈ;
ઉન મસ્તોંકા દેખો ઉલટા રસ્તા હે.

વો દિનકો સોવે સારી રાત ભર જાગે;
શૂરોંસે લડે ગિદ્દીકો દેખકર ભાંગે.
નહિં મીલે તો માંગે ભીખ મિલે તો ત્યાગે;
ઐસે શાહોંસે હરેક બાદશાહ માંગે.
અનમોલ હૈ સૌદા વો ભી ઉન્હેં સસ્તા હૈ;
ઉન મસ્તોંકા દેખો ઉલટા રસ્તા હૈ.

ખેતીકો સુખા ઉસરમેં અન્ન ઉપજાવેં;
આશિક સાદિક જો ચાહે કર દિખલાવેં.
ઐસે મસ્તોંકો કોઇ નહીં હઁસતા હૈ;
ઉન મસ્તોંકા દેખો ઉલટા રસ્તા હૈ.

જબ પેટ ભરૈ તબ ખાનેકો મઁગવા તે;
ઔર ભૂખ લગે તો કુછ ભોજન નહિં ખાતે.
મૂરખસે સીખેં પણ્ડિતકા સમઝાતે;
કહે બનારસી હમ નઇ નઇ બાતેં ગાતે.
ઈસ કદરસે જો કોઇ અપના દિલ કસ્તા હૈ
ઉન મસ્તોંકા દેખો ઉલટા રસ્તા હૈ.

દોહરા.

સબ વન તો તુલસી ભઇ, અરૂ પર્વત સાલીગ્રામ;
સબે નદી ગંગા ભઇ, જો ચીને આતમરામ.

સબહી દેવ તેહી રીઝત, સબહી તીરથ તેહી પાસ;
મુકત કહે જેહી સંત ઉર, શ્રી હરિકીન નિવાસ.

જાત હમારી આતમા, પરમેશ્વર પરીવાર;
સગા હમારા સંત હય, શીરપર સરજનહાર.

૬૭–નિયમો પાળવાથી કેટલું બધું કામ થઇ જાય છે તેનો ખુલાસો.

એક સંત હરિજનોને એમ સમજાવતા હતા કે, ભાઇઓ, ધર્મના રસ્તામાં આગળ વધવા માટે તમારે તમારાથી બની શકે તેવા કોઇ પણ જાતના નીયમો પાળવા જોઇએ. કારણ કે નીયમ એ બહુ મોટી વસ્તુ છે. નીયમથી મુશ્કેલ બાબતો પણ બહુ સહેલી થઇ પડે છે, અને નીયમથી અલભ્ય લાભ મળી શકે છે. આવું નિયમમાં બળ છે. કારણ કે દુનિયાં નીયમને આધારે રહેલી છે. ચંદ્ર સૂર્ય પ્રભુના નીયમ પ્રમાણે ચાલે છે. પવન અને અગ્નિ પ્રભુના નીયમ પ્રમાણે પોતપોતાનું કામ કરે છે. આકાશના તારાઓનો નીયમ પ્રમાણે ઉદય અસ્ત થાય છે. સમુદ્રમાં ભરની ઓટ નીયમ પ્રમાણે થાય છે. દુનીયામાં શરદી ગરમી કુદરતના ચોક્કસ નીયમો પ્રમાણે થાય છે. ઝાડોમાં ફળ ફૂલ નીયમો પ્રમાણે થાય છે. અને આપણા શરીરના ફેરફારો પણ શરીરશાસ્ત્રના નીયમો પ્રમાણે થાય છે. આવી રીતે બ્રહ્માંડની દરેક મોટી તેમજ નાની વસ્તુઓ નીયમોને આધીન છે. તેજ પ્રમાણે ધર્મની બાબતમાં પણ નીયમોથી ઘણું કામ થઇ જાય છે. નીયમોના આટલા બધા ફાયદા છતાં પણ કેટલીક વખત કેટલીક જાતના નીયમો પાળવાથી, પાળનારને તકલીફ થાય છે, અને કેટલીક જાતના નીયમો એવા હોય છે કે, જે આપણા ખ્યાલમાં પણ ઉતરી શકતા નથી. છતાં પણ એવા નીયમો પાળવાથી પણ પરિણામે ઘણો લાભ થાય છે, અને મુશ્કેલ બાબતો પણ બહુ સહેલી થઇ પડે છે. આ વાત સમજાવવા માટે તે સંત એમ કહેતા હતા કે,

એક દોઢીયાંવાળી ટીકીટને માટે નામદાર ઇંગ્રેજ સરકારે એવો નીયમ ઠરાવેલો છે કે, આખા હિંદુસ્તાનમાં કોઇ પણ ઠેકાણે એક દોઢીયાનું કાર્ડ પોસ્ટખાતું પહોંચાડી શકે. આ નીયમને લીધે રંગુનથી એક દોઢીયામાં દ્વારકા કાગળ પહોંચી જાય છે, અને રામેશ્વરથી બદ્રીનારાયણ સુધી એક દોઢીયામાં કાગળ પહોંચી જાય છે. હવે એજ કાર્ડને એક ઘેરથી બીજે ઘેર પોસ્ટમાં મોકલવું હોય અગર ગામમાં ને ગામમાં મોકલવું હોય તો પણ એક દોઢીયું પડે છે. એ જોઇને તર્ક કરનારાઓને એમ લાગે કે, એક માઇલ કાગળ

લઇ જવાનું પણ એક દોઢીયું ! અને બે હજાર માઇલ દૂર કાગળ લઇ જવાનું પણ એક દોઢીયું ! એ કેમ બને ? એ શું ગેરવ્યાજબી નથી ? પણ જ્યાં નીયમ થયો ત્યાં એવો તર્ક કાંઇ કામ લાગે નહીં. તેમજ ધર્મની બાબતમાં પણ એવા ઘણા નીયમો છે કે, જે નીયમો બહુ સહેલા હોય છે, બહુ સાદા હોય છે, અને બહારથી જોતાં કાંઇ ઉંડી ફીલસુફી દેખાય નહીં તેવાં હોય છે; છતાં પણ એ નીયમો પાળવાથી અજબ જેવો ફાયદો થઇ જાય છે. કારણ કે, એ નીયમો ધર્મના હોય છે, એ નીયમો આત્માની ઉન્નતીના હોય છે, એ નીયમો મહાત્માઓના બનાવેલા હોય છે, એ નીયમો શાસ્ત્રોએ પસંદ કરેલા હોય છે અને એ નીયમોમાં ભગવાનની ઇચ્છા આવી ગએલી હોય છે. એટલે ધર્મના નાના નાના નીયમો પાળવાથી પણ બહુ મોટું ફળ મળી જાય છે. એમાં કાંઇ શક નથી. માટે હે હરિજનો! અમારી તમને એજ ભલામણ છે કે, બની શકે એટલા ધર્મના નીયમો પાળજો. એટલે આગળ જતાં તમને અણધાર્યો લાભ થઇ જશે. એમાં કાંઇ પણ શક નથી માટે ધર્મના નીયમો પાળજો, ધર્મના નીયમો પાળજો.

૬૮–ભૂખ ન લાગે તેને માંદા સમજવા, તેમજ જેને પરમાત્માની ભૂખ ન લાગે તેને પણ માંદા સમજવા.

એક સંત એમ કહેતા હતા કે, ઘણાં માણસો શરીરના નાના નાના રોગો સામેજ જોયા કરે છે, પણ પોતાના અંતરના મહાન્ રોગો સામે જોતા નથી. જેમકે, ઘણાં માણસો જરૂર કરતાં વધારે ખાય છે, ન ખાવાના પદાર્થો ખાય છે, અને પોતાની પ્રકૃતિ સમજ્યા વિના માત્ર એકલા સ્વાદની સામે જોઇનેજ ખાય છે તેથી તેઓની જઠરાગ્નિ બગડે છે ને તેમાંથી ઘણી જાતના રોગો ઉત્પન્ન થાય છે. એ વખતે એવા માણસો કહે છે કે, અમે માંદા છીએ. તેમને પૂછીએ કે તમને શું મંદવાડ છે? ત્યારે તેઓ કહે છે કે, અમને ભૂખ લાગતી નથી, એ અમારો મંદવાડ છે. અમને ખાધેલું પચતું નથી, એ અમારો મંદવાડ છે. અને અમારી આસપાસ ઘણીએ સુંદર ને સ્વાદિષ્ટ ખાવાની વસ્તુઓ પડેલી છે, એટલુંજ

નહીં પણ અમારા ભાણામાં તે પીરસાયેલી છે, છતાં પણ અમે તેને ખાઇ શકતા નથી, એ અમારો મંદવાડ છે.

આ વાત સાંભળીને આવી ફરીયાદી કરનાર એક શ્રીમંતને એક ભક્તરાજ કહેતા હતા કે, જેમ ખોરાક ખાવાની ભૂખ લાગતી નથી એ એક જાતનો રોગ છે, તેમજ આપણા જીવાત્માને પરમાત્માની ભૂખ લાગતી નથી, એ પણ એક જાતનો બહુ મોટો રોગ છે. પણ અફસોસની વાત એ છે કે, આપણે આપણા પેટની ભૂખની જેટલી દરકાર કરીએ છીએ, તેટલી દરકાર આપણા જીવની ભૂખ માટે કરતા નથી. જેમ ભૂખ મરી ગયેલા માણસને સારી સારી વસ્તુઓ ખાવાની પણ ઇચ્છા થતી નથી, તેમજ જેના જીવાત્માને પરમાત્માની ભૂખ લાગતી નથી તેને પણ દયા, પરોપકાર, સત્ય, અહિંસા, ઇંદ્રિયનિગ્રહ, અને તત્ત્વજ્ઞાન વીગેરે ઉંચી ઉંચી વસ્તુઓ પણ ભાવતી નથી. તેથી તેનો આનંદ તેઓ લઇ શકતા નથી. એટલુંજ નહીં પણ જેમ મંદ થઇ ગયેલી જઠરાગ્નિવાળાને લાડુ, લાપસી, પેંડા, બરફી, હલવો, બાસુંદી, અને પાકેલી કેરીનો રસ વીગેરે સ્વાદિષ્ટ ને પુષ્ટીકારક ચીજો પણ પચતી નથી, તેમજ જેના જીવને ઇશ્વરની ભૂખ લાગી નથી તેઓને સત્સંગની, નીતિની, ધર્મની, શ્રદ્ધાની, પ્રેમની, અને જ્ઞાનની વાતો પણ રૂચતી નથી. હવે વિચાર કરો કે, આ બન્ને જાતના રોગમાં કઈ જાતનો રોગ વધારે ખરાબ છે? બહારની ભૂખનો કે અંદરની ભૂખનો? શરીરની ભૂખનો કે આત્માની ભૂખનો? અને ખોરાકની ભૂખનો કે પ્રભુની ભૂખનો? કયો સવાલ વિચારવા જેવો છે, એનો જરા ખ્યાલ તો કરો? માટે બંધુઓ, ફકત દેહના મંદવાડ સામે જોયા કરવામાંજ રહી જાઓ માં, પણ હવે આત્માના રોગ સામે જોતાં પણ શીખો. કારણ કે દેહના રોગ કરતાં અંતરના રોગ બહુ મોટા છે, અને તેની ખરાબીઓ પણ બહુ મોટી છે. માટે છેવટ સુધી એવી ભૂલમાં ન રહી જવાય તેમ કરજો અને જીવને પ્રભુની ભૂખ લાગે તેમ કરજો. એજ અમારી ભલામણ છે. કારણ કે એમાંજ સાચું કલ્યાણ છે. એમાંથીજ જીંદગીની સાર્થકતા થઇ શકે તેમ છે. અને એથીજ અનંતકાળના મોક્ષનાં સુખો મેળવી શકાય તેમ છે. માટે આત્માને પરમાત્માની ભૂખ લાગે તેમ કરજો, આત્માને પરમાત્માની ભૂખ લાગે તેમ કરજો.

૬૯–આપણી ઉપર દુઃખ આવે છે તે સુખને માટેજ હોય છે.

ભગતો પોતાના ધર્મ પાળી શકે તે માટે કેટલીક જાતના ખુલાસા સમજી રાખવાની જરૂર છે. તેમાં એક મુખ્ય વાત આ પણ જાણવા જેવી છે કે, હરિજનોએ દુઃખથી દીલગીર થવું નહીં, દુઃખથી ડગી જવું નહીં, અને દુઃખને માટેજ દુઃખ આવેલું છે એમ સમજવું નહીં; પણ સુખને માટેજ દુઃખ આવે છે એમ ખાત્રી રાખવી જોઇએ. પણ અફસોસની વાત એ છે કે, હાલના વખતમાં બહુ સારા સારા ભગતોને પણ એ વાત સમજાતી નથી, અને તેઓ દુઃખથી ડર્યા કરે છે. પણ મહાત્માઓ એમ કહે છે કે, દુઃખનાં ખરાં કારણો ન જાણીએ તથા દુઃખ પડવાના ઉંડા હેતુઓ ન સમજીએ તેને લીધેજ દુઃખ વધારે દુઃખરૂપ થઇ પડે છે. પણ જો દુઃખની ખુબીઓ સમજાતી હોય તો હાલમાં આપણને દુઃખ જેટલું ભયંકર લાગે છે, તેટલું ભયંકર લાગે નહીં. માટે દુઃખનું સ્વરૂપ સમજાવવા સારૂ એક ભકતરાજ મહારાજ પોતાના સત્સંગ મંડળમાં કહેતા હતા કે,

એક ગામ બહુ મોટી નદીને કીનારે હતું. તે ગામને ઝાંપે નદી કીનારે એક બહુ મોટા વડનું ઝાડ હતું. એ વડ ઘણા વરસનો જુનો હતો. તેની નીચે બહુ છાંયા રહેતી હતી, તેથી ઘણા મુસાફરોને એ વડ નીચે આરામ મળતો હતો. ઘણાં છોકરાંઓ એ વડ નીચે રમતાં હતાં, અને ઉનાળામાં બપોરના તડકા વખતે ઘણાંએ ઢોરો એ વડ નીચે બેસતાં હતાં. તેથી એ વડનું ઝાડ એ ગામના લોકોને બહુ ગમતું હતું. એટલામાં એક સરકારી અમલદારે આવીને એ વડના ઝાડને કપાવી નાંખ્યું. તેથી એ ગામના સૌ લોકો બહુ દીલગીર થયા, અને એ વડનું ઝાડ કપાવનાર અમલદાર માટે ગમે તેવા ખરાબ શબ્દો બોલવા લાગ્યા, અને તેની વિરૂદ્ધમાં તેના ઉપરી અમલદાર ઉપર અરજી કરવા લાગ્યા.

એ પછી એ અમલદારે જે વડ કપાવી નાંખ્યો, તે વડના જાડાં લાકડાંમાંથી બહુ સુંદર ને મોટી હોડી બનાવી. એ હોડીને લીધે દરરોજ સેંકડો માણસો નદીની પાર જવા આવવા લાગ્યા. તેથી ગામનો વેપાર વધ્યો, અને ઘણા લોકોને બહુ ફાયદો થયો. જ્યારે

એ ગામમાં હોડી નહોતી ત્યારે ગામની પાસે રહેલી મોટી નદી ઉતરી શકાતી નહોતી, તેથી ઘણા લોકોને બહુ મુશ્કેલી પડતી હતી. એ મુશ્કેલી હોડીને લીધે દૂર થઇ, તેથી જે લોકો એ વડ કપાવનાર અમલદારને ગાળો દેતા હતા, તેજ લોકો વડમાંથી હોડી બનેલી જોઇને એ અમલદારનો ઉપકાર માનવા લાગ્યા ને તેની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યા.

બંધુઓ! યાદ રાખજો કે, આપણે પણ એ ગામડીયા લોકોના જેવાજ છીએ. આપણો વડલો કપાઇ જાય તે આપણને ગમતું નથી. કારણ કે કપાઇ ગયેલા વડમાંથી હોડી બની જશે અને એ હોડીથી ઘણાં માણસો નદીની પાર જઈ શકશે એ વાતની આપણને એ વખતે ખબર હોતી નથી, પણ વડ કાપનાર ડાહ્યો માણસ તે વાત જાણે છે. માટે આપણે જરા ધીરજ રાખવી જોઇએ, અને આપણી ઉપર જે કાંઇ દુઃખો આવી પડે છે તે બધાંમાં પરમકૃપાળુ પરમાત્માનો દયાળુ હાથ હોય છે, એમ સમજવું જોઇએ. જો એવી ખાતરી થાય અને એમ સમજાઇ જાય કે, ધન જાય તે કાંઇક સદ્દગુણો આપવા માટે જાય છે. નોકરી જાય તે નોકરી કરતાં કાંઇક વધારે ફાયદો આપવા માટે જાય છે. તંદુરસ્તી બગડે તેનાથી પણ કાંઇક નવું જ્ઞાન મળે છે. અને સગાંઓમાં મરણ થાય તેથી પણ ધર્મની વૃત્તિઓ જાગ્રત થાય છે, ને કાંઇક પરમાર્થ કરી શકાય છે. આવી રીતે કાંઇક પણ વધારે લાભ આપવા માટેજ દુઃખો આવે છે, એમ જો ખાતરી થઇ જાય તો દુઃખની દીલગીરી ઓછી થઇ જાય, અને જેટલી દીલગીરી ઓછી થાય તેટલો વધારે સારી રીતે ધર્મ પાળી શકાય છે. માટે દરેક હરિજનોએ જેમ બને તેમ દુઃખમાં ધીરજ રાખતાં શીખવું જોઇએ, અને દુઃખનું પરિણામ સુખજ હોય છે, એમ સમજી દુઃખ-માંથી સુખ મેળવતાં શીખવું જોઇએ. એજ સાચા ભગતોનું લક્ષણ છે.

૭૦–બગડી જાય તેવી ચીજો હોય તેનો જલદીથી નીકાલ કરી નાંખો.

ધર્મ પાળવો એ વાત ઘણા માણસોને ગમે છે છતાં પણ આપણે જોઇએ છીએ કે, બહુજ થોડાં માણસો સાચી રીતે ધર્મ

પાળી શકે છે, અને બાકીનો બહુ મોટો ભાગ તો ધર્મને નામે પોલમપોલમાંજ રહી જાય છે. આનું કારણ શું? એ સમજાવવા માટે એક ભક્તરાજ મહારાજ પોતાના સત્સંગ મંડળમાં એમ કહેતા હતા કે,

રેલવે મારફત જ્યારે કાંઇ માલ મોકલવો હોય ત્યારે રેલવે ખાતાંવાળાઓ માલ મોકલનાર માણસને પૂછે છે કે, તમારા પારસલમાં શું માલ છે? ત્યારે તેને માલની જાત બતાવવી પડે છે. કારણ કે ફળ, ફૂલ, શાકભાજી વીગેરે જલદીથી બગડી જાય એવી ચીજો હોય તેનો જલદીથી નીકાલ કરી નાંખવા રેલવે ખાતાંવાળાઓ કહે છે અને તેની રસીટમાં લખે છે કે, આ માલ સડી જાય તેવો છે, માટે જલદીથી તેનો નીકાલ કરી નાંખવો. અને એજ પ્રમાણે રેલવે ખાતાંના માણસો વરતે છે. તેથી તેઓને બહુ અગવડ ખમવી પડતી નથી. બીજી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, જલદીથી સડી જાય, બગડી જાય, કે ખરાબ થઇ જાય તેવા માલની જોખમદારી રેલવે કંપની પોતાના માથે રાખતી નથી, પણ મોકલનારને જોખમે, એમ ચોખ્ખી રીતે રસીટમાં લખે છે, ને એ પ્રમાણે વરતે છે. એથી તેઓ ઘણી જાતની મુશ્કેલીઓમાંથી બચી જાય છે. એટલુંજ નહીં પણ જો રેલવે ખાતાંવાળાઓ એવો કાયદો ન રાખે અને જલદીથી બગડી જાય એવા માલનો જલદીથી નીકાલ કરવામાં બેદરકારી રાખે તો તેની ઉપર ઘણી જવાબદારી આવ્યા વિના રહે નહીં.

બંધુઓ! આ દાખલો આપીને હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે, જે નાશ પામી જાય એવી વસ્તુઓ છે તેનો તમારે જલદીથી નીકાલ કરવો જોઇએ. પણ અફસોસની વાત એ છે કે, આ જગત્‌ની અંદર અને આપણા ઘરસંસારની અંદર ઘણી વસ્તુઓ બહુ જલદીથી બગડી જાય તેવી છે, છતાં પણ આપણે તેનો જલદીથી નીકાલ કરતા નથી. એટલુંજ નહીં પણ જલદીથી સડી જાય એવા માલની જોખમદારી આપણે આપણી ઉપર ન રાખવી જોઇએ, તેને બદલે આપણે એવા માલની જોખમદારી પણ આપણી ઉપર રાખીએ છીએ. તેથી આપણી મુશ્કેલીઓ વધતી જાય છે, તેથી આપણો મોહ વધતો જાય છે, અને તેથી

આપણી ચિન્તાઓ વધતી જાય છે. એટલે આપણે ધર્મ પાળી શકતા નથી. માટે જો બહુજ સહેલાઇથી ને બહુ સારી રીતે ધર્મ પાળવો હોય તો આપણા ઘર સંસારની અંદર જે બગડી જાય તેવો માલ છે, તેનો જલદીથી નીકાલ કરી નાંખવો જોઇએ અને એ શિવાય બીજા ઘણી જાતના બગડી જાય તેવા માલની જોખમદારી આપણે આપણી ઉપર ન રાખવી જોઇએ. જો એમ કરતાં આવડે તો ઘણી જાતની મુશ્કેલીઓ ઓછી થઇ જાય છે, અને બહુ સહેલાઇથી ધર્મ પાળી શકાય છે. માટે હે હરિજનો! જરા વિચાર કરો કે, જલદીથી નાશ પામી જાય એવી વસ્તુઓ તમારી પાસે કઈ કઇ છે? અને ઘણા વખત સુધી બગડે નહીં એવી વસ્તુઓ તમારી પાસે કઇ કઈ છે? એ બન્ને બાબતોનો તપાસ કરો. એ તપાસતાં એમ જણાય છે કે, આપણું શરીર તથા આપણાં સગાંઓના શરીર જલદીથી બગડી જાય તેવાં છે. તેમાં રોગ થતાં ને મોત આવતાં કાંઇ વાર લાગતી નથી. માટે શાસ્ત્રોમાં શરીરોને ક્ષણભંગુર કહેલાં છે. આવાં ક્ષણભંગુર શરીરોનો આપણે વિશ્વાસ કરીએ છીએ અને તેનો અતીશય મોહ રાખીએ છીએ, તેથી દીલગીર થવું પડે છે ને ખરે-ખરા જોરથી ધર્મ પાળી શકાતા નથી. જેમ શરીર ક્ષણભંગુર છે, તેમજ જગતનું બીજું ધન પણ જલદીથી નાશ પામી જાય તેવું છે. જેમકે, પશુઓ, ઘરબાર, માલમિલ્કત, અને બીજી જે જે વૈભવની ચીજો છે, તે બધીનાં સ્વરૂપો બહુજ ટુંક વખતમાં બદલાઇ જાય તેવાં છે. આગ, પાણી, ચોર, દુકાળ, ધરતીકંપ, વીજળી, રાજ્યદંડ, વીગેરે બાબતોથી તે બધી વસ્તુઓનો ઘડીકમાં નાશ થઇ જાય તેમ છે, અને તેમ છતાં એવી નાશ પામી જાય તેવી વસ્તુઓની જવાબદારી આપણે આપણી ઉપર રાખીએ છીએ, તેથી આપણી ખરાબી થાય છે અને તેથીજ આપણે આપણો ધર્મ રૂડી રીતે પાળી શકતા નથી. માટે જો આપણે ઉત્તમતાથી પૂરેપૂરો ધર્મ પાળવો હોય તો એવી જલદીથી બગડી જાય તેવી વસ્તુઓનો આપણે હાથે કરીને આપણી જીંદગીમાંજ નીકાલ કરી નાંખવો જોઇએ, અને એવી નાશ પામી જાય તેવી વસ્તુઓની જવાબદારી આપણે આપણી ઉપર ન રાખવી જોઇએ. જો એટલું કરતાં આવડે તો બહુ સહેલાઇથી ધર્મ પાળી શકાય છે. માટે નાશ પામી

જાય એવી વસ્તુઓના મોહમાંથી બચવાની કોશીષ કરો, એટલે સારી રીતે ધર્મ પાળી શકશો.

કર્મનાં ફળ કંઈ આપણા હાથમાં નથી. કર્મની ગતિ ન્યારી છે.

છંદ.

કહી પુન્ય કરો તો બડા પાપ હોતા હૈ;
કહી પાપ કીયે સે પુન્ય આપ હોતા હૈ.
કહી અગન મેં રહકે શીતલ તન હોતા હૈ;
કહી જલમેં બસકે અગન રૂપ હોતા હૈ.
કહી દુઃખમેં સુખ હો પ્રાણુ મગન હોતા હૈ;
કહી દાન કીએ સે અતી નીરધન હોતા હૈ.
કહી ગાલી દેને સે ભીજાય હોતા હૈ;
કહી પાપ કરો તો પુન્ય આપ હોતા હૈ.

કહી ભુલ જાઓ તો સબ બીદ્યા આવે હૈ;
કહી પઢે તો વો ફીર સબી ભુલ જાવે હૈ.
કહી પવન અહારી હોકે સબ ખાવે હૈ;
કહી ભોગી હો જીતેન્દ્રી કહલાવે હૈ.
કહી આસીસ દેનેસે ભી શ્રાપ હોતા હૈ;
કહી પાપ કરો તો પુન્ય આપ હોતા હૈ.

કહી જુઠ બોલકે સચા કહલાતા હૈ;
કહી સત્ય બચન કહ નર્ક બીચ જાતા હૈ.
કહી ગુરૂ સે લડકે ચેલા ફલ પાતા હૈ;
કુછ ઉસકા ભેદ લખને મેં નહી આતા હૈ.
કહી બીયોગ કરકેભી મીલાપ હોતા હૈ;
કહી પાપ કરો તો પુન્ય આપ હોતા હૈ.

કહી દુરબલ જાય કે પર્વત લે ઉઠાઇ;
કહી અતી બલવાનસે ઉઠે ન એકો રાઇ.
કેહે દેવસીંગ સચ હૈ ઉસકી પ્રભુતાઈ;
અયે બનારસી તેરી ગતી લખી ન જાઇ.
જો હોતા હૈ વો આપકી આપ હોતા હૈ;

૭૧–દુ:ખ આવવાનું થાય તેની પહેલાંજ દયાળુ પ્રભુ કાંઈક સગવડો આપી દેય છે.

સૌ લોકો દુઃખથી ડર્યા કરે છે, દુ:ખથી કાયર થઇ જાય છે, અને દુ:ખ આવી પડશે તો ? એ ચિન્તામાં હેરાન થયા કરે છે. પણ સંતો એમ કહે છે કે, દુ:ખના ખ્યાલોમાં રહેવું એ પાપ છે, અને તેમાં પણ ભવિષ્યનાં દુ:ખોની ફીકરમાં રહીને હાલમાં દુઃખ ન હોય છતાં પણ દુ:ખી થયા કરવું એ તો ઘણુંજ ખરાબ છે.

બંધુઓ! આપણે દુ:ખથી એટલા બધા ડર્યા કરીએ છીએ તેનું કારણ એ છે કે, આપણે માત્ર દુ:ખની સામેજ જોયા કરીએ છીએ, પણ દુ:ખ આવ્યા પહેલાં દુ:ખ ઓછું થાય માટે પરમકૃપાળુ પરમાત્મા દુ:ખ ખમવાની જે જે અનુકૂળતાઓ આપી દેય છે તે સામે આપણે જોતા નથી. તેથી આપણને દુ:ખ બહુ મોટું મોટું જણાય છે. પણ દુ:ખ આવ્યા પહેલાંજ પ્રભુ બીજી એટલી બધી સગવડો આપે છે કે, જો એ સામે જોઇએ તો આપણું બધું દુ:ખ ઓછું થઇ ગયા વિના રહે નહીં. આ વાત બરાબર રીતે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ હરિજનોને કહેતા હતા કે,

ઘાટના મુલકમાં ગાડીને પહાડ ઉપર ચડવાનું હોય છે, ત્યારે ગાડીને ઉપર ચડતાં બહુ જોર પડે છે. એટલુંજ નહીં પણ કેટલાક પહાડોમાં બુગડા કોતરીને રસ્તા કાઢેલા હોય છે તેમાં બહુ અંધારૂં હોય છે, તેથી જ્યારે ઘાટના મુલકમાં ગાડી પહોંચે ત્યારે અગાઉથીજ ગાડીને બીજું ઈંજીન લગાડે છે, તથા અંધારા ગુફાઓ આવ્યા પહેલાંજ અગાઉથીજ રેલવેવાળાઓ બધી ગાડીઓમાં દીવા કરી રાખે છે. હવે વિચાર કરો કે, પહાડ ચડવાની મુશ્કેલી માટે પણ રેલવે કંપની જ્યારે પહાડ આવ્યા પહેલાંજ અગાઉથીજ બીજું ઇંજીન લગાડે છે અને અંધારૂં આવ્યા પહેલાંજ દીવા કરી રાખે છે, ત્યારે દુ:ખ આવે તેની અગાઉ તે દુ:ખ ખમવા માટે તથા તે દુ:ખ ઓછું થઇ જાય એ માટે પરમકૃપાળુ પરમાત્મા માણસોને શું કાંઇ સગવડો નહીં આપતા હોય ? યાદ રાખજો કે, પ્રભુના રાજ્યમાં દરેક પ્રાણીઓને તેઓના પ્રમાણમાં પ્રથમ સગવડો આપવામાં આવે છે અને તે પછી દુ:ખ આવે છે. જેમકે,

જે પ્રાણીઓને પાણીની અંદર રહેવાનું હોય તે પ્રાણીઓના શરીરની રચના પહેલેથીજ એવી બનાવવામાં આવે છે કે, તેને પાણીમાં રહેવાથી શરદી લાગે નહીં, પાણીમાં રહેવાથી તેમનાં શરીર સડી જાય નહીં, પાણીમાં રહેવાથી તેમને ખોરાકની અડચણ પડે નહીં, પાણીમાં રહેવાથી તેમની પ્રજા ઉત્પન્ન થવામાં અંતરાય આવે નહીં, અને પાણીમાં રહેવાથી તેમને પોતાના જાતિબચાવનાં સાધનો મળ્યા વિના રહે નહીં. એવી બધી ગોઠવણો પ્રથમ પરમકૃપાળુ પરમાત્મા કરે છે અને તે પછી તેને પાણીમાં ઉત્પન્ન કરે છે. આવીજ રીતે જે પક્ષીઓને આકાશમાં ઉડવાનું હોય છે, જે જીવોને પૃથ્વીની અંદર રહેવાનું હોય છે, અને જે જીવોને બીજા જીવોની અંદર રહેવાનું હોય છે, તે સૌને તેઓના પ્રમાણમાં બચાવનાં સાધનો હોય છે, જીંદગી ટકાવવાની સગવડો હોય છે, અને આનંદ ભોગવવાના અવકાશો હોય છે. હવે વિચાર કરો કે, જ્યારે હલકા પ્રકારના જંતુઓને માટે પણ પરમકૃપાળુ પરમાત્મા અગાઉથીજ આટલી બધી તૈયારીઓ કરે છે, ત્યારે તેના કૃપાપાત્ર મનુષ્યો માટે પ્રભુ કેટલી બધી તૈયારી કરતા હશે એનો જરા ખ્યાલ તો કરો ? એ ખ્યાલ કરતાં એમ લાગે છે કે, કોઇ પણ માણસની ઉપર કોઇ પણ જાતનું દુઃખ આવવાનું થાય તેની પહેલાં બીજી ઘણી જાતની અનુકૂળતાઓ તેને મળે છે, તથા એ દુઃખમાંથી પણ દીલાસો મેળવી શકે અને આગળ વધી શકે એવા સાધનો તેને મળે છે. માટે યાદ રાખજો કે, એકલું દુઃખ કદી પણ આવતું નથી, પણ દુઃખ આવ્યા પહેલાં તે ખમવાની શકિતઓ મળે છે, તથા દુઃખ ઓછું લાગે તેવા સંજોગો મળે છે. એટલુંજ નહીં પણ કાંઇક વધારે ફાયદો થઇ શકે એ માટેજ કેટલીક વાર બહુ નાનાં નાનાં દુઃખો આવે છે. માટે હે હરિજનો ! મારી તમને એટલીજ ભલામણ છે કે, દુઃખથી દબાઈ જશો માં, દુઃખથી હારી જશો માં, અને દુઃખથી રીબાયા કરશો માં. પણ જો ખરા ભગત થવું હોય તો દુઃખનો સદ્ઉપયોગ કરતાં શીખજો, અને દુઃખમાંથી પણ કાંઇક મોટો લાભ લઈ લેજો. એજ અમારી ભલામણ છે.

૭૨–પ્રભુપ્રેમવાળા ભગતોની સ્થિતિ કાંઇક જુદીજ હોય છે.

સામાન્ય માણસોમાં અને પ્રભુપ્રેમવાળા ભગતોમાં બહુજ મોટો તફાવત હોય છે. એ તફાવત જાણવાથી આપણને આપણી પોતાની સ્થિતિ સમજાય છે. માટે પ્રભુપ્રેમવાળા ભગતોની સ્થિતિ કેવી હોય છે તે હકીકત આપણે બરાબર રીતે જાણવી જોઇએ. તે સમજાવવા માટે એક ભકતરાજ મહારાજ કહેતા હતા કે,

જે સ્ત્રીના પેટમાં ગર્ભ રહ્યો હોય તેની સ્થિતિમાં અને જે સ્ત્રીઓના પેટમાં ગર્ભ ન હોય તેઓની સ્થિતિમાં બહુ મોટો તફાવત હોય છે, અને એ બન્નેના આચાર વિચારમાં પણ બહુ ફેરફાર હોય છે. જેમકે, ગર્ભ વિનાની સ્ત્રીઓ ગમે ત્યાં ફરેહરે છે, પણ ગર્ભવંતી સ્ત્રી કાંઇ તેઓની માફક હરોફરી શકતી નથી. ગર્ભ વિનાની સ્ત્રીઓ ગમે તે ખાય પીએ છે, પણ ગર્ભવંતી સ્ત્રીથી કાંઇ તેમ ખવાતું પીવાતું નથી; તેને તો પોતાના પેટમાં રહેલા ગર્ભને માફક આવે તેવીજ ચીજો ખાવાની જરૂર પડે છે. ગર્ભ વિનાની સ્ત્રીઓ પોતાને ગમે તે જાતની રમત ગમત કરે છે ને નાચે કુદે છે, પણ ગર્ભવંતી સ્ત્રીથી કાંઇ તેમ બની શકતું નથી. કારણ કે પોતાને પેટમાં ગર્ભ રહ્યા પછી તેનાથી પોતાની મોજમજા સામેજ કાંઇ જોવાતું નથી, પણ ગર્ભના સુખ તરફજ જોવાય છે. આવી આવી ઘણી ઘણી રીતે ગર્ભવંતી સ્ત્રીઓમાં અને ગર્ભ વિનાની સ્ત્રીઓમાં બહુ મોટો તફાવત પડી જાય છે. તેમજ આ દાખલો આપીને હે હરિજનો! હું તમને એમ સમજાવવા ઇચ્છું છું કે,

જે ભગતો છે તેઓની અંદર પ્રભુપ્રેમનો ગર્ભ રહેલો હોય છે અને એ ગર્ભમાં પ્રભુ પધારેલા હોય છે, તેથી એવા પ્રભુપ્રેમવાળા ભગતોની રહેણી કરણીમાં અને સામાન્ય લોકોની રહેણી કરણીમાં ઘણો ફેર હોય છે, કારણ કે ભગતોની અંદર જે ભગવાનનો આવેશ આવેલો હોય છે તે આવેશને જાળવવા માટે તેઓને ઘણી જાતના નીયમો પાળવા પડે છે. જેમકે ખાવાની બાબતમાં, પીવાની બાબતમાં, સુવામાં, બેસવામાં, ઉઠવામાં, કામકાજ કરવામાં, નાવા ધોવામાં, ફરવા હરવામાં, જવા આવવામાં, વાતોચીતો કરવામાં અને

અંતરના સિદ્ધાંતોમાં, સામાન્ય લોકોના વિચારોમાં અને ભગતોના વિચારમાં, બહુ મોટો તફાવત પડી જાય છે. એ તફાવત એટલો બધો મોટો હોય છે કે, જેમ સીમંતવાળી સ્ત્રી બીજી સ્ત્રીઓથી જુદી પડી જાય છે અને તુરતજ ઓળખાઈ જાય છે, તેમજ ભક્તિમાં આગળ વધી ગયેલા સાચા ભગતો પણ બીજા વ્યવહારિક લોકોથી જુદા પડી જાય છે અને તુરતજ ઓળખાઇ આવે છે. માટે જો તમારે સાચા ભગત થવું હોય, ખોટો આડંબર ન રાખવો હોય, દુનીયાને ન છેતરવી હોય અને પોતાના આત્માને ન ઠગવો હોય, તો તમારા અંતરમાં પ્રભુનો ગર્ભ રહેલો છે કે નહીં તે તપાસજો. તમારા આચરણોમાં ફેરફાર થયો છે કે નહીં તે વિચારજો. તમે બીજા વ્યવહારિક લોકોના આચાર વિચારથી જુદા પડી જાઓ છો કે નહીં તે જોજો અને બીજા વ્યવહારિક લોકોના કરતાં તમારા શરીરમાં, તમારી ઇંદ્રિઓમાં, તમારા મનમાં, તમારી બુદ્ધિમાં અને તમારા જીવમાં કાંઈક વધારે સારૂં તત્ત્વ આવેલું છે કે નહીં ? એ બધામાં કાંઇક નવું જીવન આવેલું છે કે નહીં ? અને એ બધી બાબતોમાં તથા એ શિવાય શ્રદ્ધા, ભક્તિ, દાન, પરમાર્થ, વગેરે બાબતોમાં તમારામાં કાંઇ વિશેષતા આવી છે કે નહીં ? તે તપાસજો અને એ બધામાં જો તમને કાંઇક ખાસ ઠીક લાગે, તોજ પ્રભુપ્રેમ આવ્યો સમજજો. પણ જો એવા રીતે કાંઇ વિશેષતા ન દેખાય તો ભક્તિનાં લક્ષણો આવ્યા વિના ભગત ગણાવાનો ઢોંગ કરી બીજાઓને છેતરશો માં અને તમારા પોતાના આત્માને ઠગશો માં. એજ અમારી વિનંતિ છે.

ગુરૂની જરૂર વિષે.

કોઈ પણ અજાણ્યા મારગે જતી વખતે ભોમીયાની જરૂર પડે છે, તેમ ધર્મ માર્ગમાં દરેક માણસને ગુરૂ તો જોઈએજ.

આંધળાને જેમ દોરનારની જરૂર છે, તેમ જ્ઞાનમાં અજાણ્યા એવા આપણે સૌને ગુરૂની જરૂર છે.

કૉર્ટના મોટા કેસમાં જેમ આપણે હોશિયાર બૅરીસ્ટરને રોકીએ છીએ, તેમ આ ભવમાં પાર થવા માટે પણ જો કોઇ ઉસ્તાદ ગુરૂ કરશો તો પાર પડશો.

મોટા દરદને વખતે જે હલકા વૈદ માથે આધાર રાખે છે ત ભૂલ કરે છે, તેમ ઇશ્વરી જ્ઞાન મેળવવા માટે અને જન્મ જન્માંતરના પાપો ધોવા માટે જેવા તેવા ગુરૂ કરતાં કોઇ પૂરો પવિત્ર ગુરૂ ગોતિને તેનું જ્ઞાન લેવાય તો સારી વાત છે.

લોખંડની ઝીણી ચુંક માથે જે પોતાનો ડગલો ટીંગાડશે તેનો ડગલો પડી જશે, અને ખીસામાં રહેલાં ઘડીઆલને ધક્કો પહોંચશે, પણ જો મજબૂત ખીલી માથે રાખશે તો ડગલો ને ઘડીઆલ બેય કાયમ રહેવાનાં; તેમજ જે સારા ગુરૂનો શોધ કરીને તેને આશરે રહેશે તેનો દેહ અને જીવ સારી ગતિને પહોંચશે એવું છે.

ગુરૂ વિષે.

મરેલા પાપી માણસને જીવતો કરીને તેને પાપ કરવાની પાછી તક આપવી, તેના કરતાં કોઈ પાપી માણસને બોધ આપી પવિત્ર કરવો એ કામને અમે તો વધારે ઉત્તમ સમજીએ છીએ.

ગુરૂનું મુખ એ અત્તરની પેટી છે.

જે બીજાને કુવામાંથી બહાર કાઢવા ચાહ્ય તેણે પોતાના પગ ખૂબ મજબૂત રાખવા. [આ વાત સૌ ગુરૂજનોએ જાણવા જેવી છે.]

તમારા ઘરના દીવામાંથી જો કોઇ દીવો કરવા આવે તો તેને ના પાડશો માં. મતલબ કે જ્ઞાનને ફેલાવતા રહેજો.

તમને જે દવાથી આરામ થયો હોય તે દવા બીજા દરદીઓને કહેતા રહેજો. સાર એ છે કે, તમને ભક્તિથી જે લાભ થયો હોય તે બીજાઓને કહેજો.

કેટલાક ગુરૂઓ જ્ઞાન આપે છે, પણ ભક્તિ કરતાં શીખવતા નથી, અને કેટલાએક ગુરૂઓ ભકિત કરતાં શીખવે છે પણ જ્ઞાન આપતા નથી. આ બાબત ઉપર સૌ હરિજનો ધ્યાન આપજો.

ઇશ્વરની કુદરત જોયાથી પ્રભુનો મહિમા સમજાય છે, પણ આપણે સંસારમાં કેમ વર્તવું તે જાણવા માટે શાસ્ત્રો તથા ગુરૂની જરૂર છે.

કૉર્ટના મોટા કેસમાં જેમ હોશીયાર વકીલને ગોતો છો, તેમ જ્ઞાન મેળવવા માટે ગુરૂ વિષે પણ તેવી તજવીજ રહે તો સારી વાત છે.

જેનું જીવન પવિત્ર હોય તેનો બોધ પણ અસરકારક હોય છે.

ઉંઘતા ચેલાઓને ઉંઘતા ગુરૂઓ નહીં જગાડી શકે, તેને તો જાગતા ગુરૂઓ જોશે.

જે મોહલામાં બહુ ઉજાસ ભર્યો ચોખ્ખો દીવો બળતો હોય ત્યાં લોકોને ઝાઝી ઠેસો ખાવી પડતી નથી, તેમ જે ધર્મ કે સંપ્રદાયમાં જ્ઞાનની સારી ચર્ચા થતી હોય તે ધર્મ અને પંથના લોકો સહેલાઇથી પાપમાં પડી જતા નથી.

તમારો ધર્મ રૂડો હોય પણ તમારાં કર્મ સારાં ન હોય તો તમારો ધર્મ તમોને પાર પાડી શકશે નહીં.

માંદી ગાય જેમ ગોવાળ પાછળ ચાલી શકતી નથી, તેમ નઠારા ચેલાઓ ગુરૂના કહ્યા પ્રમાણે વરતી શકતા નથી,

ગુરૂમાં જે પ્રભુને દેખશે તેનાં સઘળાં કાર્યો સ્હેજમાં થઇ જશે.

સારો બગીચો હોય તે માળીનાં આપણે વખાણ કરીએ છીએ, તેમ જેના ચેલા રૂડા હોય તે ગુરૂને પણ વખાણતા રહેજો.

ગુરૂની જરૂરીઆત વિષે.

ગુરૂ બીન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બીન મીલે ન ભેદ;
ગુરૂ બીન સંશય ના મીટે, જય જય જય ગુરૂદેવ.
મન મારનકી ઔષધી, સદ્‌ગુરૂ દેત દીખાય;
ઇચ્છત પરમાનંદકો, સો ગુરૂ શરણે જાય.
તીરથ નાહે એક ફલ, સંત મીલે ફલ ચાર;
સદ્‌ગુરૂ મીલે અનેક ફલ, કહે કબીર વીચાર.
આત્મા ઓર પરમાત્મા, અલગ રહે બહુ કાલ;
સુંદર મેલા કર દીયા, સદ્‌ગુરૂ મીલા દલાલ.
ભેદી લીયા સાથમેં, વસ્તુ દીયા બતાય;
કોટી જનમકા પંથ થા, પલમેં દીયા છુડાય.
ચાર ખાનમેં ભટકતા, કબહુ ન લાગત પાર;
સો તો ફેરા મીટ ગયા, સદ્‌ગુરૂ કે ઉપકાર.
કબીર તે નર અંધ હય, ગુરૂકુ કહતે ઓર;
હરિ રૂઠે ગુરૂ મેલસી, ગુરૂ રૂઠે નહીં ઠોર.

જયું બેલ બનજારકે, ફીરત ઘણેરે દેશ;
ખાંડ ભરી ભુંસ ખાત હે, બીના ગુરૂ ઉપદેશ.
કબીર ગુરૂકી ભક્તિ બીન, રાજા ગદ્ધા હોય;
માટી લધે કુંભારકી, ઘાસ ન ડાલે કોય.
ગુરૂ ગોવિંદ દોનું ખડે, કીનકુ લાગું પાય;
બલીહારી ગુરૂ દેવકી, ગોવિંદ દીયા બતાય.

ગુરૂના ગુપ્ત જ્ઞાન વિષે.

કાન ફૂંકા ગુરૂ હદકા, બેહદકા ગુરૂ ઓર;
બેહદકા ગુરૂ જબ મીલે, લગે ઠીકાના ઠોર.
બેદ થકે બ્રહ્મા થકે, થક ગયે શેષ મહેશ;
ગીતાકું જયાં ગમ નહિં, વહાં સદ્ગુરૂકા દેશ.
ગુંગા હૂવા બાવરા, બહેરા હૂવા કાન;
પાવનસે પંગુલ હૂવા, સદ્ગુરૂ માર્યા બાન.

ગુરૂ ચેલાના ધર્મ વિષે.

શીષ્યનકું એહ ચાહીએ, ગુરૂકો સર્વસ દેત;
ગુરૂકું એસા ચાહીએ, શીષ્યનસે નહી લેત.
ગુરૂ લોભી શીષ્ય લાલચુ, દોનો ખેલે દાવ;
દોનો બુડે બાપડે, બેઠ પથ્થરકી નાવ.

સાચા યોગીઓની સ્થિતિ.

છંદ.

યોગી વહી જો સકલમેં બૈઠે દેખે દશવેં દ્વારકો વોઃ
કારજ કરે જગતકે સબ ઔર લખે અલખ કરતારકો વોઃ
નાચે ગાવે ગાલ બજાવે ધ્યાન આત્મામેં ધરકે;
સબમેં રહે ઔર સબસે ન્યારા પૂરણ હોય યોગ કરકે.
નિર્ભય હોકે વિચરે નિશિ દિન કબહૂં નહીં ચલે ડરકે;
અપને આપમેં આપકો દેખૈ ધન ભાગ હે વા નરકે.
જબ વહ કાયા ત્યાગે તબ પહુંચે પરલે પારકો વોઃ
કારજ કરે જગતકે સબ ઔર લખે અલખ કરતારકો વોઃ

પ્રસન્ન ચિત ઔર બુદ્ધી નિર્મલ કર્મ અકર્મ ન કુછ જાને;
દ્વૈતભાવસે અલગ રહે અદ્વૈત જ્ઞાનકો બખાને.
સમદર્શી ઔર શુદ્ધ સમાધી અપને કો આપે માને;
જીવ બ્રહ્મમેં એક ભાવકર અપને મનમેં પહિચાને.
ભૂમી ભાર ઉતારન કારણુ ધરે આપ અવતારકો વોઃ
કારજ કરે જગતૂકે સબ ઔર લખે અલખ કરતાર કો વોઃ
ત્રૈગુણુકો જીતે ઔર ચૌથે પદપર અપની કરે મતી;
સંપૂણુ સૃષ્ટિકો ભોગ જો કરે વહી હૈ બાલયતી.
ચર અચરમેં અપને આપકો દેખે ઉસકી હોય ગતી;
આપી પિતા ઔર આપી પુત્ર હૈ આપ સ્ત્રી આપ પતી.
ઔર કરે વો પ્રલય ઔર ચાહે રચે સકલ સંસાર કો વોઃ
કારજ કરે જગતૂકે સબ ઔર લખે અલખ કરતારકો વોઃ
પુણ્યપાપસે અલગ રહે દુઃખ સુખકા નહીં વિચાર કરે;
બ્રહ્મજ્ઞાનકી ચર્ચા અપને મુખસે બારંબાર કરે.
આતમદર્શી હોય તો અપને સબ કુલકા ઉદ્ધાર કરે;
દેવીસિંહ યહ કહે વોઃ જો ચાહે સો આપ કરતાર કરે.
ચાહે કરે વોઃ નર પૈદા ઔર ચાહે બનાયે નારકો વોઃ
કારજ કરે જગતૂકે સબ ઔર લખે અલખ કરતાકો વોઃ

૭૩–પ્રભુ કહે છે કે હે ભગતો મારો તમારી ઉપર કેટલો બધો પ્રેમ છે એ તો જરા જુઓ !

એક ભકતરાજ મહારાજ હતા. તે પોતાના સત્સંગ મંડળમાં દરરોજ ભકિતમાર્ગનો ઉપદેશ કરતા હતા. ધર્મના ઉપદેશકો તો ઘણાએ હોય છે પણુ આ ભકતરાજનો ઉપદેશ કાંઇક અજબ જેવો હતો. તેથી સૌ લોકો તેમની તરફ ખેંચાઇ જતા હતા. બીજા ઉપદેશકો કરતાં એ ભગતમાં જે વિશેષતા હતી તે એ હતી કે, બીજાઓ જ્યારે ધર્મના અંગોની વાતો કરતા હતા અને પૂરાણુ ઇતિહાસની વાતો કરતા હતા અને ભગતોના ચરિત્રની વાતો કરતા હતા, ત્યારે આ ભકતરાજ મહારાજ ભગતો ઉપરના પ્રભુના પ્રેમની વાતો કરતા હતા અને શાસ્ત્રોમાંથી ચુંટી કહાડીને ભગવાનનાં પોતાનાં વચનો

ભગવાનની કબૂલાતો તથા ભગવાને ભગતોને આપેલા કોલોની વાતો કહી સંભળાવતા હતા. એટલે લોકો ઉપર તેની બહુ જબરી અસર થતી હતી. જેમકે તેઓ કહેતા હતા કે,

પ્રભુ કહે છે કે, હે વ્હાલાઓ ! તમે મારા માર્ગમાં આવવામાં વાર કેમ લગાડો છો ? હું તમને મળવા માટે કેટલો બધો આતુર છું, એ જરા જુઓ તો ખરા ? અરે વ્હાલાઓ ! તમારાં નામો મેં મ્હારી હથેળીમાં કોતરી રાખેલાં છે, અને તમારે માટે હું નીચું માથું કરીને જોઇ રહ્યો છું. ઓહો ! મારા ભગતો ઉપરનો મારો પ્રેમ કોણ સમજશે ? જે એ પ્રેમ સમજે તેનાં ધન્ય ભાગ્ય છે.

હે હરિજનો ! તમારા સુખ માટે હું હમેશાં તૈયાર ને તૈયાર છું, અને તમોને રાજી રાખવા માટે મારૂં જીગર તલપી રહ્યું છે. હું જ્યારે મ્હારા કોઇ પણ ભગતોની આંખમાં મ્હારો પ્રેમ જોઉં છું, ત્યારે આનંદના ઉભરાથી મારાં રૂવાડાં ઉભાં થાય છે, મ્હારી વાણી ગદગદીત થાય છે, અને મ્હારૂં હૃદય નાચવા માંડે છે. એ દેખાવ તમે જોઇ શકતા હોય તો કેવું સારૂં ?

હું સ્વતંત્રમાં સ્વતંત્ર છું, છતાં પણ હું મારા ભગતોની આગળ કેટલો બધો પરાધીન છું એ વાત કોણ સમજશે ? ખચીત, જે ભગતો એ રહસ્ય સમજે તે ભાગ્યશાળી છે. હું પૂર્ણ કામ છું, મને કોઈ પણ જાતની ઇચ્છા નથી અને હું સદાય તૃપ્ત છું; છતાં પણ મારા ભગતોના સુખ માટે હું હમેશાં તરફડતો રહું છું અને હું નિષ્કામ છું. છતાં પણ મારા ભગતોની કામનાઓ પૂરી કરવા હું હમેશાં દરેક ક્ષણે તત્પર રહ્યું છું.

કોઈ કોઈ વખત મને એમ લાગે છે કે, મારા ભગતોનો ઉપકાર માનવા માટે મારે શું કરવું જોઇએ, તેની મને સમજ પડતી નથી. કારણ કે મુક્તિ કરતાં વધારે બીજુ કાંઇ મારી પાસે આપવાને નથી અને મારા પ્રેમના પ્રમાણમાં મુક્તિ તો મને બહુ ન્હાની લાગે છે. એટલે કોઇ કોઇ વખત ભગતોના ઉપકારમાંથી છુટવા માટે હું મ્હારા મનમાં મનમાં મુંઝાયા કરૂં છું.

હે હરિજનો ! તમે જરા વિચાર તો કરો કે, હું પોતે તમારો ગોવાળ છું. હું તમોને દોરવનારો છું અને હું તમોને તમારા કલ્યાણના રસ્તામાં લઈ જનારો છું; એટલે તમોને કઈ ચીજની

ખોટ પડી શકશે ? યાદ રાખજો કે, જો તમે મારી ગાયો બની જશો અને મ્હારા ગોવાળીયાપણા નીચે આવી જશો, તો તમારા યોગક્ષેમની જવાબદારી મારી ઉપર છે. પછી તમારે કાંઇ ડરવા જેવું નથી.

હે ભગતો ! મારૂં આકર્ષણ તો જરા જુઓ ? એ આકર્ષણમાંથી તમે કેમ છૂટી શકશો ? તમે કદી હમણાં થોડો વખત મારી પાસે કે મારા રસ્તામાં નહીં આવો તો પણ થોડા વખત પછી તમને મારી પાસે આવવુંજ પડશે. કારણ કે મારા આકર્ષણમાંથી કોઇ પણ બચી શકતું નથી. મોડાવેલું સૌને એ આકર્ષણમાં સપડાવું પડે છે.

ઓ વ્હાલાઓ! શીવ બ્રહ્માદીક મારે માટે તરફડે છે, સનકાદિક મુનિઓ મ્હારે માટે સદાય બાળક રહે છે, નારદ જેવા ભગતો મ્હારે માટે વીણા લઇને ગાન ગાતા ફરે છે, અને ઓદ્ધવ તથા અર્જુન જેવા ભગતો મ્હારી ઇચ્છા પ્રમાણે વર્ત્યા કરે છે અને પોતાની લગામ મને સોંપી દેય છે. એવો જે હું તેની તમારી ઉપરની દયા તો જુઓ કે હું તમારે માટે તરફડયા કરૂં છું. જેમ પક્ષીઓને પકડવા માટે પારાધી જાળ પાથરે છે તેમ તમને પકડવા માટે હું જુદી જુદી જાતની જાળ પાથર્યા કરૂં છું. આહ ! જરા આ વાતની ખૂબી તો જુઓ ? ખચીત, જેઓ ભાગ્યશાળી હશે, તેઓજ આનું રહસ્ય સમજી શકશે.

ઓ વ્હાલાઓ ! હું કોણ છું તે તમે જાણોછો ? હું તમારો પિતા છું, હું તમારી માતા છું, હું તમારો ગુરૂ છું, હું તમારો મિત્ર છું, અને હું તમારૂં સર્વસ્વ છું. તમે મ્હારા વારસદાર છો, હું તમારી ચાવીનો માલેક છું અને તમે મારી ચાવીના માલેક છો. ઓહો ! કેવો અજબ જેવો મીઠો સંબંધ ! ખચીત તમે ભાગ્યશાળી છો, તમે ભાગ્યશાળી છો, તમે ભાગ્યશાળી છો. એ વિના મ્હારામાં તમારી ઉપર આવો પ્રેમ હોય નહીં પણ મારો પ્રેમ તમારી સાક્ષી પૂરે છે કે તમે ભાગ્યશાળી છો.

તમે માનશો કે, કોઇ કોઇ વખત મને તમારૂં નશીબદારપણું જોઇને એમ લાગે છે કે, હું મ્હારૂં ભગવાનપણું છોડી દઇને ભગત બની જાઉં તો કેવું સારૂં ? આ વાત હું તમને એટલા માટે

કહું છું કે, ભગતો માટે મારા કેવા ઉંચા વિચાર છે, અને ભગતો ઉપર મારો કેટલો બધો પ્રેમ છે તે તમે સમજી શકો તે સારૂ આ ગુપ્ત વાતો કહું છું.

તમે સૌ મને ન્યાયી કહો છો અને નિષ્પક્ષપાતી કહો છો, પણ આજે મને એમ લાગે છે કે, ખચીત હું બહુ પક્ષપાતી છું. અરે! તમે ભૂલો માં. શા માટે તમે મને નિષ્પક્ષપાતી કહો છો? હું તો મારા ભગતો તરફ અતિશય પક્ષપાતી છું, અતિશય પક્ષપાતી છું એમ આજ ખુલ્લે દીલે હું તમારી આગળ કબૂલ કરૂં છું. મારા આવા પક્ષપાતીપણાનો મહિમા કોણ સમજશે? જે એ મહિમા સમજે તેનો પક્ષપાત કરવા હું હમેશાં તૈયાર છું.

બોલો, હવે તમારે શું કરવું છે? તમારે મારી પાસે ન આવવું હોય તો પણ મ્હારે તમને પરાણે પરાણે ખેંચવા છે, તમને હલકી હલકી વસ્તુઓ ગમતી હોય તો પણ તે ટેવ છોડાવીને મ્હારે તમને સ્વર્ગની ઉત્તમમાં ઉત્તમ વસ્તુઓ આપવી છે, તમને પાપમાં પડયું રહેવું ગમતું હોય તો પણ મ્હારે તમારાં પાપ છોડાવવાં છે અને અનેક પૂણ્યવાનો કરતાં પણ તમને વધારે પૂણ્યવાન બનાવવા છે. તમને તમારી ગરીબાઇમાં સંતોષ થતો હોય તો પણ મ્હારે તમારી એ ગરીબાઇમાંથી તમને ખેંચી લેવા છે અને ઇંદ્રના વૈભવો કરતાં ઘણાં મ્હોટા વધારે વૈભવો મ્હારે તમને આપવા છે. બોલો, એ વાતમાં તમે કેવી રીતે આડા પડી શકશો? તમારો ભાર નથી કે તમે મને એમ કરતાં અટકાવી શકો.

ઓહો! બંધુઓ! હે મિત્રો! ઓ મ્હારા આત્માઓ! મ્હારા આવા અખંડ પ્રેમની, મ્હારા આવા અનંત પ્રેમની અને મ્હારા આવા સાચા પ્રેમની પણ શું તમે કદર નહીં કરી શકો? જ્યારે મ્હારી આવી ઉંડામાં ઉંડી, સાચામાં સાચી ને છેલ્લામાં છેલ્લી વાતો સાંભળીને પણ તમે નહીં જાગો ત્યારે મ્હારા મનને કેટલો બધો કલેશ થશે એનો જરા ખ્યાલ તો કરો?

હવે છેવટ મ્હારે તમને એકજ વાત કહેવાની છે અને તે એ કે, ચોતરફથી હું તમારી ઉપર કૃપાનો વરસાદ વરસાવી રહ્યો છું. જેમકે જુઓને મનુષ્ય અવતાર આપવામાં કૃપા, સદ્‌બુદ્ધિ આપવામાં કૃપા, સારાં માબાપોને પેટે જન્મ આપવામાં કૃપા, રૂડા દેશમાં જન્મ આપવામાં કૃપા, અનુકૂળ સંજોગો આપવામાં કૃપા, ઉત્તમ ધર્મ આપવામાં

કૃપા, આવો સતસંગ આપવામાં કૃપા, આવા કોલ આપવામાં કૃપા અને ભગતોને ખેંચવા માટે હું જે અનેક પ્રકારનાં આકર્ષણો કરૂં છું તેમાં પણ મ્હારી કૃપા કૃપા ને કૃપાજ છે. માટે આવી રીતે તમારી ઉપર જે મ્હારી કૃપાનો વરસાદ વરસી રહ્યો છે. તેની સામે જુઓ અને કૃપાનો લાભ લ્યો, લાભ લ્યો, લાભ લ્યો. એજ મ્હારી તમને ભલામણ છે.

બંધુઓ! ભગવાન પોતે આપણને આ પ્રમાણે કહે એ કરતાં વધારે આનંદની વાત બીજી કઈ? અને એ કરતાં વધારે જાણવા જેવી વાત બીજી કઇ હોય તે મને તો કાંઇ સમજાતું નથી. માટે હે હરિજનો! જો ડાહ્યા હોય તો પ્રભુનો મહિમા સમજો, પ્રભુનો પ્રેમ સમજો, પ્રભુની કૃપા સમજો, પ્રભુનું આકર્ષણ સમજો, પ્રભુની દયા સમજો અને પ્રભુના માર્ગમાં આવો ને પ્રભુને પગલે પગલે ચાલી સાચા ભગત થાઓ, એજ મારી વિનંતિ છે.

૭૪–ઘણા ભગતોની ભકિત સફળ થતી નથી તેનાં કારણો.

આપણે જોઇએ છીએ કે, ઘણા માણસો ભકિત કરવા માટે બહુ દોડાદોડ કરે છે અને ઉપરના આચાર પાળવામાં બહુ ધ્યાન આપે છે, છતાં પણ ભકિતથી તેઓને જે ફળ મળવું જોઇએ તે ફળ મળી શકતું નથી. જેમકે,

જે સાચા ભગતો હોય છે, તેઓના અંતરમાં આનંદ હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓની બુદ્ધિ ધર્મવાળી હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓનાં કામકાજમાં ઇશ્વાર્પણ બુદ્ધિ હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓનું મન ઠરેલું હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓની વાણીમાં મીઠાશ હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓને દુનિયાદારીની ઘણી જાતની ફીકર હોતી નથી. જે સાચા ભગતો હોય છે, તેઓની રેહેણી કરણીમાં અજબ જેવું બળ હોય છે. જે સાચા ભગતો હોય છે, તેઓ ભાવનાઓના પૂરમાં તણાતા હોય છે. જે સાચા ભગતો હોય છે, તે શ્રદ્ધાના અદ્રશ્ય તાર ઉપર ચાલનારા હોય છે. જે સાચા ભગતો હોય છે, તે મહાત્માઓનાં ચરણ સેવનારા હોય છે. જે સાચા ભગતો હોય

છે, તેઓ પ્રભુના બાળકોના દાસ હોય છે અને જે સાચા ભગતો હોય છે, તેઓના મનનું બળ કાંઇ જુદીજ જાતનું હોય છે. કારણ કે તેઓની જીંદગીમાં એક અલૌલિક તત્ત્વ આવી ગયેલું હોય છે. તેથી તેઓ એ પ્રમાણે વરતી શકે છે. માટે જો સાચા ભગત થવું હોય તો એ અલૌકિક તત્ત્વ જાણવું જોઇએ અને તેને મેળવવાની કોશીષ કરવી જોઈએ.

બંધુઓ! ભકિતને અતિશય બળ આપનારૂં એવું અલૌકિક તત્ત્વ ભગતોના જીવનમાં કયું છે? એ તમે જાણોછો? એ અલૌકિક તત્ત્વ તે સ્વાભાવિક વૈરાગ્ય છે. જે ભગતોને સ્વાભાવિક અંતરનો વૈરાગ્ય મળી જાય છે, તેઓનાં નસીબ ખુલી જાય છે. તેઓની દ્રષ્ટી બદલાઇ જાય છે. તેઓના હ્રૃદયના પડદા ઉઘડી જાય છે અને તેઓના જીવનમાં અદ્દભૂત મીઠાશ આવી જાય છે. કારણ કે જે ભગતમાં વૈરાગ્યનું બળ હોય છે, તેનામાં માયાનું બળ રહેતું નથી અને જે ભગતમાંથી માયાનું બળ ઘટી ગયું તે ભગતનાં કામ બહુ જલદીથી થઇ જાય એમાં કાંઇ નવાઇ નથી. માટે જો સાચી ભકિત કરવી હોય તો ઘણી જાતના રોગને ટાળનારી વૈરાગ્યરૂપી ઉત્તમ ઔષધી મેળવવી જોઇએ. કારણ કે એથી કામ, ક્રોધ, લોભ, મોહ, વિગેરે ઘણી જાતના રોગો બહુ જલદીથી મટી જાય છે. એથી ઉલટું આપણે એમ પણ જોઈએ છીએ કે,

જે ભગતોની અંદર સાચા વૈરાગ્યનું બળ હોતું નથી તે ભગતોની ધર્મની બધી ક્રિયાઓ રસકસ વીનાની હોય છે. જે ભગતોની અંદર અંતરના વરાગ્યનું બળ હોતું નથી, તે ભગતો ધર્મની બહારની ગમે તેટલી ક્રિયાઓ કરતા હોય છતાં પણ તેઓને અંતરની શાન્તિ મળતી નથી. જે ભગતોના હ્રૃદયમાં સમજણપૂર્વકનો વૈરાગ્ય હોતો નથી, તે ભગતોના મનમાંથી ઘણી જાતની ઉપાધીઓ ખસતી નથી. જે ભગતોના અંતરમાં કુદરતી વૈરાગ્ય હોતો નથી, તે ભગતોના અંતરમાંથી પોતાના અંગત સ્વાથનાં મૂળીયાં તુટી જતાં નથી. જે ભગતના હ્રૃદયમાં ખરા વૈરાગ્યની ઉત્તમ ઔષધી પહોંચી નથી, તે ભગતના હ્રૃદયમાં ઉંચી જાતનો ઇશ્વરી પ્રેમ દાખલ થઇ શકતો નથી. જે ભગતોના હ્રૃદયમાં ખરો વૈરાગ્ય આવ્યો નથી, તે ભગતોની બુદ્ધિમાં, વાણીમાં ને કામકાજમાં, ચમત્કૃતિ હોતી નથી. અને જે ભગતોના મનમાં સાચો વૈરાગ્ય આવેલો

હોતો નથી, તેઓને જીંદગીની ખરા મજા કે ઇશ્વરી આનંદ ભોગવવાને ખરી મજા મળતી નથી. અને જ્યાં સુધી આ બધું થાય નહીં ત્યાં સુધી ભક્તિ ફળીભૂત થાય નહીં તેમાં કાંઇ નવાઇ નથી. માટે જો સાચી ભક્તિ કરવી હોય અને ભક્તિને ફળીભૂત કરવી હોય તો પરમકૃપાળુ પરમાત્માને અર્થે જે જાતના વૈરાગ્યની જરૂર છે, તે જાતનો સ્વાભાવિક વૈરાગ્ય મેળવવાની ખાસ તજવીજ રાખજો એટલે તમારી ભક્તિ ફળીભૂત થઇ શકશે.

સાચા ત્યાગની ખૂબી.

છંદ.

ઘર મીલે ઉસે જો અપના ઘર ખોવે હૈ;
જો ઘર રખે વો ઘર ઘરમેં રોવે હૈ.
જો રાજ તજે વો મહારાજ કરતા હૈ;
ઓર જાન તજે સો કભી નહી મરતા હૈ.
સુખ ત્યાગે વો ઓર કા દુઃખ હરતા હૈ;
ધન તજે સો ફીર દૌલતસે ઘર ભરતા હૈ.
જો પલંગ તજે તો ફૂલો પર સોવે હૈ;
જો ઘર રખે સો ઘર ઘર મેં રોવે હૈ.
જો પર દારા કો તજે વો પાવે રાની;
ઓર જુઠ બચન દે છોડ સીધ હોય બાની.
જો દુરબુદ્ધિ કો તજે વહી હોવે જ્ઞાની;
મનસા ત્યાગે તો મીલે રીધ મનમાની.
જો સર્વ તજે ઉસકો સબ કુછ હોવે હૈ;
જો ઘર રખે વો ઘર ઘર મેં રોવે હૈ.
જો કુછ ઇચ્છા નહી કરે વો ઇચ્છા પાવે હૈ;
ઓર સ્વાદ તજે તો અમૃત ભોજન ખાવે.
નહી માગે તો ફલ પાવે જો મન ભાવે;
હૈ ત્યાગ મેં તીનો લોક બેદ યું ગાવે.
જો મેલા હોકે રહૈ વો દીલ ધોવે હૈ;
જો ઘર રખે વો ઘર ઘર મેં રોવે હો.
જો પક્ષપાત કો તજે તો સબકો જીતે;
ઓર કામ તજે તો હોય કામ મન ચીતે.

કહે દેવીસીંહ હરનામ જીન્હોને લીતે;
ઉનકો ગોવીંદને બ્રહ્મ લોક પુરી દીતે.
અબ બનારસી ઘર ખોકે બ્રહ્મ જોવે હૈ;
જો ઘર રખે વો ઘર ઘર મેં રોવે હૈ.

૭૫–જગત્‌ની મોટાઇ મેળવવાથીજ કાંઇ સાર્થકતા થઇ જતી નથી.

એક મહાત્મા સાધુ બેઠા હતા. તેમની પાસે કાંઇ સત્યની વાતો ચાલતી હતી એટલામાં ત્યાં એક શેઠીયો આવ્યો એટલે ચાલતી વાત બદલાણી અને ત્યાં બેઠેલા કેટલાક લોકો એ શેઠીયાના વખાણ કરવા મંડયા, તેમ તેમ શેઠીયો ફૂલાવા મંડયો, અને પોતાને મોઢે પોતાના વખાણ કરતે કરતે કહેવા લાગ્યો કે, આ સાલમાં દોઢ લાખ રૂપીયાનો નફો થયો, ફલાણી મીલ નવી લીધી, એ મીલ ચલાવવાવાળા બધાને ખોટ જતી હતી પણ મને તેમાંથી લાખ રૂપીયા મળ્યા. આ વખત સરના ખેતાબનો ચાંદ છે. ધારાસભાની ઉમેદવારી કરવી પડે તેમ નથી. કારણ કે, આપણે તો સાહેબની મદદને લીધે સરકારમાંથીજ ચુંટાવાના છીએ. સરકાર ખીતાબ આપે છે પણ બદલો લઇ લે છે. આ સાલ જુદા જુદા ખાતામાં સાઠ હઝાર આપવા પડયા છે. આવી આવી પોતાના વખાણની ને મોટાઇની વાતો તે કરવા લાગ્યો. એ સાંભળીને મહારાજ જરા હસ્યા, ત્યારે કોઇએ પૂછ્યું કે, કેમ મહારાજ? શું છે? આપને હસવું કેમ આવ્યું? ત્યારે તે મહારાજે કહ્યું કે,

આ કડભાંગલો દુઃખી બીચારો મંકોડો ચાલ્યો જાય છે તેની સામુ જુઓ. એ મંકોડાને જોઇને મને હસવું આવ્યું. ત્યારે પેલા શેઠે કહ્યું કે, એમાં હસવા જેવું શું છે? ત્યારે મહારાજે કહ્યું કે, એ મંકોડાને જોવાથી મને તેના આગલા ભવોનું જ્ઞાન થયું. તેમાં મને એમ દેખાણું કે, આ મંકોડો આજે મંકોડો છે, પણ અગાઉ સાત વખવ સ્વર્ગનો રાજા ઇંદ્ર થયેલો છે, અને દેવોનો અધિપતિ બનીને ઇંદ્રાસન ભોગવેલું છે, પણ તેમ છતાં મોક્ષ મેળવવાની તજવીજ ન કરી અને જગત્‌નો તથા સ્વર્ગની ખોટી મોટાઇમાંજ

રહી ગયો, તેથી સાત સાત વખત ઇંદ્રનો અવતાર મળ્યા છતાં ફરીથી પાછું તેને મંકોડો થવું પડયું છે, અને તેમ છતાં ઘણા માણુસો વહેવારની મોટાઇમાં ને જગતના મોટાઇમાંજ રહી જાય છે, એ જોઇને મને હસવું આવે છે.

એ સાંભળીને એક માણુસે પૂછયું કે, મહારાજ! એટલે બધે ઉંચે દરજ્જે પહોંચ્યા પછી પણ એવા હાલ થાય કે?

ત્યારે મહારાજે કહ્યું કે, જ્યાં સુધી ભગવાન સાથે એકરસ થતાં આવડે નહીં, તથા જ્યાં સુધી ભગવાનના આનંદ કરતાં બીજો આનંદ વધારે સારો લાગ્યા કરે ત્યાં સુધી ફરી ફરી અવતાર લેવો પડે તેમાં કાંઇ નવાઇ નથી. કારણ કે મોટાઇ મેળવી લેવી એમાં કાંઇ મોટી વાત નથી. એમ તો ઘણા માણુસોને પોતાની અંદર કોઇ પણ જાતની લાયકી ન હોય છતાં પણ પૂર્વના સંસ્કારને લીધે ધન મળી જાય છે, ઘણા માણુસોમાં ચોક્કસ યોગ્યતા ન હોય છતાં પણ લાગવગને લીધે અધિકાર મળી જાય છે અને ઘણા માણુસોમાં જુદી જુદી જાતના સંજોગોને લીધે જુદા જુદા પ્રકારની શકિતઓ આવી જાય છે. તેથી તેઓ જગત્માં મોટા માણુસ થઈ પડે છે પણ યાદ રાખજો કે, જગત્માં મોટા માણુસ થઈ પડવું એ જુદી વાત છે, અને ભગવાનની હજુરમાં મોટા બનવું એ જુદી વાત છે. અને જ્યાં સુધી જગત્ના મોહની અંદર પડયું રહેવાય ત્યાં સુધી મોક્ષ મળી શકતો નથી. જ્યાં જગત્ની મોટાઇઓમાંજ મન લોભાયેલું રહે ત્યાં સુધી અનંતકાળનું અવિછિન્ન સુખ મળતું નથી. અને જ્યાં સુધી પ્રભુ સાથે એકતા ન થાય ત્યાં સુધી જન્મ મરણનો ફેરો મળતો નથી. તેથી સાત સાત વખત ઈંદ્ર થયા છતાં પણ ફરીથી મંકોડાના અવતાર પણ લેવા પડે છે, એમાં કાંઇ નવાઇ જેવું નથી. માટે હે હરીજનો! તમે સૌ તમારાથી બને તેમ ચેતીને ચાલજો અને છેવટ સુધી જગત્ની ખોટી મોટાઇમાં પડયાં રહેશો માં, એજ અમારી ભલામણ છે.

ભગવાન પાસે નમ્રતાપૂર્વક પ્રાર્થના.

છંદ.

કર દયા દાસકે કષ્ટ હરો ગિરિધારી;
કરૂણાનિધિ કરૂણા કરો મૈં શરણુ તુમ્હારી.
સબ સંકટ મેરે દૂર કરો અબ સ્વામી;
ઋદ્ધિસિદ્ધિસે મુઝે ભરપૂર કરો અબ સ્વામી.
અપને અબ મુઝે હુજૂર કરૌ તુમ સ્વામી;
ચરણોં કી મુઝે તુમ ધૂર કરો અબ સ્વામી.
યહ કામ તો મેરા જરૂર કરો અબ સ્વામી;
ભકતોંમેં મુઝે મશહૂર કરૌ અબ સ્વામી.
હો નિર્ભય પૂરણ બ્રહ્મ આપ અવતારી;
કરૂણાનિધિ કરૂણા કરૌ મૈં શરણુ તુમ્હારી ॥ ૧ ॥

સબ સંતોંકો આપી તુમને તારા હૈ;
ગ્રહસે યહ ગજકો તુમ્હીંને ઉબારા હૈ.
પ્રહ્લાદ કિ ખાતિર નરસિંહ તનુ ધારા હૈ;
નખસે નાભીકો ચીર અસુર મારા હૈ.
મુઝકો વો નામ શ્રીનારાયણ પ્યારા હૈ;
પ્રભુ તેરે બિન અબ કોઇ ન હમારા હૈ.
કયોં મેરે વાસ્તે કરી દેર વનવારી;
કરૂણાનિધિ કરૂણા કરૌ મૈં શરણુ તુમ્હારી ॥ ૨ ॥

પાંચો પંડાકા સાથ કિયાં હૈ તુમને;
બ્રજમેં સખિયનસે રંગ કિયા હૈ તુમને.
કાલીકો નાથ કે તંગ કીયાહૈ તુમને;
કંસાસે જાય ફિર જંગ કિયા હૈ તુમને.
હરએક રાક્ષસકો તંગ કિયા હૈ તુમને.
સબ અસુરોંકો ચૌરંગ કિયા હૈ તુમને;
અબ મેરે પાંચ ભૂતોંકો માર, મુરારી.
કરૂણાનિધિ કરૂણા કરો મૈં શરણુ તુમ્હારી ॥ ૩ ॥

સબ કસૂર મેરા માફ આપ અબ કીજૈ;
શિર ચરણોંમેં અપને મેરે ધર લીજૈ.

યહ ઉમ્ર સદા દિન રાત ઘડી છીજૈ;
કર મેહર પ્રભૂ કછુ ભક્તિ આપની દીજૈ.
એક અરજી મેરી ગરીબકી સુન લીજૈ;
દિલ ભકિતમેં તુમરી સદા હમારા ભીજૈ.
હરિ હરલો તનુકી પીર હુવા દુખભારી;
કરૂણાનિધિ કરૂણા કરો મૈં શરણુ તુમ્હારી ॥ ૪ ॥

તુમ જો ચાહો સો કરો આપ યદુરાઇ;
રાઈસે ગિરિ કર દેતે ગિરિસે રાઇ.
હૈ સત્ય સત્ય સાચી તેરી પ્રભુતાઇ;
તર ગયે વહી જિસને તુમસે લવલાઇ.
કહે દેવીસિંહ જિન તુમ્હરી મહિમા ગાઈ;
વહ ભવસાગરકે પાર ઉતર ગયા ભાઇ.
કહૈ બનારસી યહ રાંખો લાજ હમારી;
કરૂણાનિધિ કરૂણા કરૌ મૈં શરણુ તુમ્હારી ॥ ૫ ॥

સદ્ગુરૂનો મહિમા.

પદ.

હમારે ગુરૂદીની એક જરી
કહા કહો કછુ કહત ન આવે
અમૃત રસહી ભરી—ટેક

તાકો મરમ સંત જન જાનત, વસ્તુ અમોલ ખરી;
યાતે મોહિ પિયારી લાગત, લેકરી સીસ ધરી.—૧
મન ભુજંગ અરૂ પંચ નાગિની, સૂંઘત તૂરત મરી;
ડાયની એક ખાત સબ જગકોં, સોભી દેખિ ડરી.—૨
ત્રિવિધ વિકાર તાપનિ ભાગિ, દુર મતિ સકલ હરી;
તાકો ગુન સુનિ મીચ પસાઇ, ઔર કવન બપુરી.—૩
નિસ બાસર નહિં તાહિ વિસારન, પલછિન આધ ઘરી;
સુંદરદાસ ભયો ઘટ નિરભિય, સબહી વ્યાધિ ટરી.—૪

ભગવત આનંદમગ્ન થઈ ગએલા ભગતોને ગાવાનું પદ.

પદ.

સખી આજ અમારે આંગણે રમે ચૌદ ભુવનનો સ્વામી રે (૨)
જેણે ગોકુળમાં લીલા કરી હું તો પુરણ પદવી પામી રે (૨) સખી.
જેને જોગી મુની જોતા ફરે નાવે તપસી મુનીને ધ્યાને રે (૨)
તે તો ઘટ ઘટ પર ઘટ રમી રહ્યા મહા વાકય કેરી સાને રે (૨) સખી.
મેં તો ગોદાવરીમાં મંજન કર્યું ને ત્રીવેણીમાં નાહી રે (૨)
સખી દાન ને પુન્ય અતી કર્યાં ત્યારે નીરખ્યા ત્રીભુવન રાય રે (૨) સખી.
સખી ગોકુલ જોયું ને દ્વારકાં જોયાં જગન્નાથને કાશી રે (૨)
સખી અજાણે બહુ આથડી પ્રીતમ વસે મારી પાસે રે (૨) સખી.
સખી કંઠે હીરો ને હાલું ગોતતી મારાં મનમાં મેરામણ મળ્યા રે (૨)
સખી ભાણ ચરણ રવી બોલ્યા મારા ભવના ફેરા ટળીયા રે (૨) સખી.

પ્રભુપ્રેમી ભગતો વિષે.

પદ.

અરે કોઇ પીયે પ્રેમકા પ્યાલા સોઇ નર ભયા મતવાલા. (૨)
છકયા બકે નહિ અલપલ વાણી અંદર ભયા ઉજીયાલા રે, (૨)
એ મસ્તાના દરશ દીવાના (૨) રામ નામ ખુશીયાલા—જે કોઇ.
દાના બોત દરદ નહિ દીલમેં હરદમ રહે હોંશીયાલા રે (૨)
રોમ રોમ સાહેબસે રાચ્યે (૨) જ્ઞાની કે ઘરવાલા—જે કોઇ.
મનહુ મારી ચઢી ખુમારી ખૂબ બોજીયા પ્યાલા રે, (૨)
સુન ધુન સુરત નુરતસે ચઢીયા (૨) નીરખ્યા દીન દયાળા—જે કોઇ.
આશક ઇશક ઉસીસું રહેવે, છુટયા જગ જંજાળા રે (૨)
સોઇ હરીદાસ અજરાયલ જરીઆ (૨) નીરખે હુવા નીહાલા-જે કોઈ.

ભગવાનના દાસ બનવાનો મનને ઉપદેશ.

પદ.

હરિદાસા હરિદાસા બન જા હરિદાસા હરિદાસા,
સુધા સિંધુકી સમીપ બસકે, મુંઢ રહત કયોં પ્યાસા;
દીન હોત કયોં દુખ પાવતરે, બસત પરસકે પાસા—બન.
કામધેનુ સુરદ્રમ ચિંતામનિ, ઇશ્વર અખિલ નિવાસા;
વિનકું છોડ ઓરકું ધાવે, સો તો વૃથા પ્રયાસા—બન.
મનસાદેહ દુર્લભ છિનુ ભંગર, જયું જળ બીચ બતાસા;
અચળ સત્ત એક સેવા હરીકી, સબ કુછ તુરત તમાસા—બન.
સરનાગત વત્સલ બીઠ્ઠલેશ, કયું મન રહત ઉદાસા;
દયારામ સત્ ગુરૂ બતાયા, હે મનસુબા ખાસા—બન.

પદ.

ભજ મન ગોવિંદા, ગોવિંદા, હાંરે તું છોડ જગતકા ફંદા.
નિરાકાર નિર્લેપ નિરંજન સત્ચિત્ આનંદા. (૨)
જાકો બ્રહ્માદિક મુનિ ગાવે, પાવે સુખકંદા—ભજ.
રામકૃષ્ણ પરબ્રહ્મ સનાતન, ગાવત મુનિ વૃંદા (૨)
તાકો જો અવતાર કહત હૈ સો નર મતિમંદા—ભજ
સદ્ગુરૂ કરૂણા કરહી મીટાયો મમ ભવદુઃખ ફંદા
દેવકૃષ્ણ પદ પુરણ પાયો, એહી પરમાનંદા—ભજ

પ્રભુના નામની મજે.

શ્રીરામ કહેનેકા મઝા જીસકી જબાંપે આ ગયા.
મુકત જીવન હો ગયા ચારો પદારથ પા ગયા. શ્રીરામ.
લુંટા મઝા પ્રહ્લાદને ઉસ નામકે પ્રતાપસે,
નરસીંગ હો દર્સન દીયા ત્રીલોકમેં જસ છા ગયા. શ્રીરામ.
ઐસી ખટકની સેવરી કીસ પ્રેમસે સુમરણ કીયા,
પરમાત્મા ઘર આનકે ઉસકે હાથકે ફલ ખા લીયા. શ્રીરામ.
સૌ કોટીકી *તકસીમમેં જબ શંભુને પાયા ઉસે,
જાપે કૃપા ઉનકી ભઇ સદ્ગુરૂસેં દર્શાદીઆ. શ્રીરામ.

* વહેંચણી.

સબસે બડા દરજા કીયા ભકતો કે ઇસ કલી કાલમેં,
નરસીંહ કી હુંડી દ્વારીકાંમેં સામરા સકરા ગયા. શ્રીરામ.
છા રહી કીરત બીમલ રૂતુરાજસી સંસારમેં,
[1]અભ્રકે [2]માનીંદ તુલસીદાસ રસ બર્સા દીયા. શ્રીરામ.

પદ.

બારી કાઢી જગતની બીક રે, વરી હું તો વનમાળી,
મેં તો સમજી વીચારી કીધું ઠીક રે વરી૦
તુચ્છ જાણીને સરવે કીધું ત્યાગ રે વરી૦
મોહી રસીક સલુણાની રાગરે વરી૦
મને ચટકી લાગી છે ચિત્ત માંય રે વરી૦
બીજું વાલા વિના ન સોહાય રે વરી૦
મને કાંઇ ન સુઝે કાજ રે વરી૦
થયું હરિ વિના સરવે હરામ રે વરી૦
હવે નિશંક થઇ છું નચિંત વરી૦
થઇ જગમાં અલૌકીક જીત રે વરી૦
સમજી કીધું છે તન કુરબાન રે વરી૦
બ્રહ્માનંદના વાલાથી બાંધ્યા પ્રાણ રે વરી૦

સમર સમર મન શ્યામ સુંદરકું,
કયા મુખ બક બક કરતા હૈ. ટેક.
જેહિ દીયા નર દેહ અમુલખ,
તાકુ નહિ સમરતા હૈ. સમર.
કામ ક્રોધ મદ લોભ અગ્નિ મેં,
અહોનિશ અંતર જરતા હૈ. સમર.
નિશદિન કાલ ખડા શીર ઉપર,
તાતે કયું નહિં ડરતા હૈ. સમર.
પરધન પરત્રીય કારણ તત્પર,
ફાટી નેને ફરતા હૈ. સમર.

---

૧ અમૃત. ૨ તેના જેવો.

કુન ગતી મેરી હોયગી એસી,
ધડક ન મનમેં ધરતા હૈ. સમર.
(બ્રહ્માનંદ.)

પદ.

પ્યારે તોરી મોરી પ્રીત ન છુટે રે પ્યારે૦
લગી પ્રીત તોસુ શામ સુંદર જેસે,
હીરે ફોર્યો ન ફુટે રે પ્યારે૦ ૧
સમુઝી વિચારી પ્યારે તોસુ જોરી,
કાહુકી તોરાઇ ન તુટે રે પ્યારે૦ ૨
જોરી પ્રીત સાચે સનેહી,
ઓર સનેહી સબ જુઠે રે પ્યારે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે અબ ના છોડું,
છોને જગત સીર પુટે રે પ્યારે૦ ૪

છેલ્લી શિખામણ.

પદ.

લાખ વાતોની એક વાત લેજો, શીખામણ છેલ્લી રે;
દયા રાખીને અન્નદાન દેજો, શીખામણ ૧.
પરધન સાપ પથરો પ્રમાણો; શીખામણ.
પરનાર જનેતા જાણો, શીખામણ ૨.
જુઠ સાથે જરૂર વૈર બાંધો; શીખામણ.
સાસ ઉસાસે રામ તાર સાંધો, શીખામણ ૩.
ગુણ ગોવિંદના આનંદભર ગાવો; શીખામણ.
કામ ક્રોધ લોભ સંગે બાંધો દાવો, શીખામણ ૪.
પોતપોતાનો ધર્મ સર્વ પાળો; શીખામણ.
એમાં અવળું દેખાય તેને ટાળો, શીખામણ ૫.
શિવ વિષ્ણુનું એક નામ સાચું; શીખામણ.
બીજું બાતલ કરોડ કામ સાચું, શીખામણ ૬.
જ્ઞાન મેળવવા સાંભળો ગીતાજી; શીખામણ.
રૂષિરાજ એમ થાય રાજી, શીખામણ ૭.

પ્રભુ પ્રાર્થના.

૫૬.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ (ટેક.)
નરનારી પશુ પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ–દયાળુ.
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠો જામ-દ.
દુનિયામાં દરદ દુકાળ પડે નહીં, લડે નહીં કોઇ ગામ–દયાળુ.
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધે ધનધાન્ય–દયાળુ.
કોઇ કોઇનું બુરૂં નવ ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન–દયાળુ.
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન–દયાળુ.

સ્વર્ગનો આનંદ ભાગ ૨ જો

સમાપ્ત.

જુદાં જુદાં ભજનોમાંથી લીધેલી ધુનો.

૧. રે વેચાણી હું તો હરી વરને હાથે,
નેડો લાગ્યો નંદના નંદન સાથેરે. રે વે૦

૨. જાના હૈ નર જાના હૈ, ઘર છોડી એક દિન જાના હૈ,
દાસ મુકુંદ આશ તજ જુઠી, શ્રી હરિ ચરણુ ઠીકાના હૈ.
જાનો હૈ૦

૩. કાનુડા કેડે ફરવું રે, કોઇથી ન ડરવું. કાનુડા૦
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને,
વ્રજ જીવનજીને વરવું રે કોઇ૦

૪. કાનુડા કેડે ચાલી રે થઇ મતવાલી, થઈ૦
જે ચાલે કાનુડાની કેડે તેની ખેપ ન જાય
કેદી ખાલી રે થઇ૦
બ્રહ્માનંદના નાથ સંગાથે લાગી છે
રંગડાની તાળી રે થઇ૦

૫. તમ સાથે રંગીલા નાથ રે,
બાંધી છે બેલી રે.
મારો હેને ઝાલ્યો છે તમે હાથરે,
ન દેશો મેલી રે.

૬. મારા પ્રીતમ જીવન પ્રાણુ રે,
જીવું છું જોઇને રે.
તમ સંગે કરી છે ઓળખાણુ,
લોક લજ્યા ખોઇને રે.

૭. કાનુડા કેડે જાવું રે સમજીને આવુ (ટેક.)
મોહનનું મેણું મારે માથે કોઇદી બીજાની
નહીં કહાવું રે. સમજી૦

બ્રહ્માનંદ કહે અવર પુરૂષને,
વરવાશી વીખ ખાવું રે. સમજી૦

ગરબી.

૮. વહાલા મારી શુધ બુધ તેં હરી લીધી રે,
તારે લટકે વેરાગણ કીધી વહાલા.

૯. સમુઝી વિચારી પ્યારે તોસુ જયોરી,
કાહુકી તોરાઇ ન તુટે રે પ્યારે૦
પ્રેમાનંદ કે પ્યારે અબ ના છોડું,
છોને જગત્ શીર કુટે રે પ્યારે૦

ધુન.

૧૦. તોરી મોરી લગની લાગી રે લાલા તોરી૦
લગન લગત મેરો સુફલ જનમ ભયો,
દુરમતી સબ દૂર ભાગીરે લાલા૦ ૨
શામ મીલત સબ કાજ સુધરી ગયો,
બાત બની ગઇ આગીરે લાલા૦ ૩

૧૧. તોસુ મોરે મનવા માન્યોરે પ્યારે તોસુ૦
પરમ સત્ય એક શામ સુંદર તુમ,
ઓર સ્વપ્ન સમ જાન્યોરે પ્યારે૦
પ્રેમાનંદકે નાથ અબ ના છોડું,
ચરને ચીત અટકાવ્યો રે પ્યારે૦

૧૨. તેરી લેઉંરે બલૈયા મત જા મથુરા તેરી
કરત જસોદા મૈયા સુતકુ તેનો ભોરા સ્યામ
નહિ ચતુરા તેરી૦

૧૩. તારી નવલ છબી નંદ લાલ રે પ્રીતમ પ્યારારે,
હું તો નીરખીને થૈ છું નિહાલ રે જીવન મારા રે,
મીઠા બોલા રંગીલા માવરે લાગ્યો છે નેડો રે,
નહીં મેલું હું નટવર નાવરે કાન તારો કેડો.

પ્રભુને વિનંતિ.

૧૪. અમે આવ્યા તમારે આસરે અલબેલાજી,
હવે શું કરીએ જઇ સાસરે ? અલબેલાજી (ટેક.)

મને ફેરાનું ફળ અહીંજ મળ્યું અલબેલાજી,
મારૂં મનગમતું મુજને મળ્યું અલબેલાજી—અમે આવ્યા.

આ હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી,
તમે સદાએ રહેજો સાથમાં અલબેલાજી—અમે આવ્યા.

પદ.

૧૫. કેસે જીવુંગી નંદલાલ બીના,
નંદલાલ બીના પ્રતીપાલ બીના.
નેના કેસે ધીર ધરે અબ,
રસીયા રૂપ રસાલ બીના રે મેં૦
કોનકો દરશન કરી કરી જીવું
મધુરીપુ મદન ગોપાળ બીના રે મેં૦
પ્રેમાનંદ કહે વ્યાકુળ વ્રજ વિનતા
સુંદર સ્યામ તમામ બીના રે મેં૦

મહાત્મા ઋષિરાજની પ્રભુપ્રેમ ઉત્પન્ન થાય ને ભકિતને ટેકો મળે તેવી ભજન મંડળીમાં ગાવાની ધુનો.

૧. પ્રાણિયા પ્રાણિયા પ્રાણિયારે, ભજી લેને પ્રભુજીને પ્રાણિયા; આવશે જમ ઉઘરાણીયારે. ભજી લેને. ટેક.

૨. નાવડી નાવડી નાવડીરે, તને હરી ભજ્યાની રીત નાવડી; એળે ઉમ્મર ખોઇ આવડીરે, તને હરી ભજ્યાની. ટેક.

૩. સદા સુખિયા જગતમાં સંત, દુરીજન દુખીયારે; નાવે અકળામણનો અંત, મુરખમાં મુખિયારે.

૪. વ્હાલીડા ચઢજ્યો વ્હારેરે, બલવંત બેલી; કપાશે બંધન કયારેરે બળવંત બેલી. ટેક. વાહાલાજી મારા નથી આ વેળે કોઇ મારૂં, છે શરણું એક તમારૂંરે.

૫. તાણી તાણીરે લીધાં તાણી, મારે વ્હાલીડે ચીતડલાં લીધાં તાણી. ટેક. ઝેર થયાં જગનાં સઉ સુખડાં, લાવણ્યમાંરે લોભાણી. મારે.

૬. દુનિયાં રૂઠીને શું કરશે, પ્રભુ જેના બેલી; કોઇના માર્યા કેમ મરશે, પ્રભુ જેના બેલી. ટેક.

૭. હાંરે લેને લ્હાવો લેને લ્હાવો, હાંરે હવે નહીં મળે ફરી યોગ આવો રે. લેને. ટેક.

૮. અરે જીવ શું કરવા આથડે, પ્રભુની ગમ ગુરૂ વિના નહિ પડે; ટેક.

૯. રાખોને રીત હમારી, હમારા હો તે રાખોને રીત હમારી. ટેક.

૧૦. નહીં ભરૂં નહીં ભરૂં નહીં ભરૂ, પાછાં પગલાં હવે હું તો નહીં ભરૂં.

૧૧. હવે કુણ જાય કાશી, ચિંતા ટળીરે લોલ; મળ્યા વૈકુંઠ-વાસી, વેળા વળીરે લોલ.

૧૨. વારી વારી જાઉં વારી, મારા વ્હાલીડાના મુખડલા પર વારી. ટેક. એ મુખડે મુને એક પલકમાં, ભવજળ બુડતાં ઉગારી. મારા.

૧૩. દાસી દાસીરે હું તો દાસી, મારા વ્હાલીડાની લખ ફેરા હું તો દાસી. ટેક. અણુતેડયા મારે આંગણે આવ્યા, કોટીક ગંગા કાશી. મારા વ્હાલીડાની. ૧. સેવા લીધી છે કરી સિરનાંરે સાટાં, હરામી જનને તો હાંસી. મારા વ્હાલીડાની.

૧૪. રાખો રાખો શરણે હવે શામળિયા, હરિ હરિ શામ-ળિયાજી છો બહુ બળીયા; રાખો રાખો. ટેક.

૧૫. રટવા રટવા આવ્યો છે તું તો રામનેરે, રટવા રટવા. ટેક.

૧૬. નંદલાલા અમે તો તારાં દાસડિયાં, વૃજવ્હાલા અમે તો તારાં દાસડિયાં, નંદલાલા. ટેક.

૧૭. ગોવિંદ જાણ્યા વિના તેં વરસો ગાળિયાંરે, ગોવીંદ. ટેક.

૧૮. ચાકરી ચાકરી ચાકરીરે, કરી લેને પ્રભુજીની ચાકરી; કરી લેને. ટેક

૧૯. નહિ કરૂં નહિ કરૂં નહિ કરૂં, દુરિજનિયાંની સંગત નહિ કરૂં ટેક. વસ્તીમાં વસવાનો નહિ જોગ આવે, તો જંગલમાં ફરતો ફરૂં. દુરિજનિયાં.

૨૦. નવ જાય ઝબકડીથી જામની, રવિ પ્રગટે રહે નહિ રાત; ગુરૂ એવા ગોતીયે બોધ સુણતાં કરમ બળે બાપડાં, ઝટ ખોવાય જીવની જાત, ગુરૂ એવા.

૨૧. સીતારામ સગા છે સમજરે, સમજરે સમજરે સમજરે; હો સીતારામ.

૨૨. ભજન વિના મૂરખ મરે રખડીરે, ભજન વિના. ટેક.

૨૩. રંગરેલ રામ સભા ધન્ય રાતડલી, રંગરેલ ધન્યરે ધન્ય આ વાતડલી.

૨૪. માથે કોપી રહ્યો છે કાળરે, ઉંઘ તને કેમ આવે; પાણી પહેલી બાંધી લેને પાળરે, ઉંઘ તને કેમ આવે.

૨૫. ધીરજ ધરને અરે અધીરા, ઈશ્વર દેશે અન્ન જોને; ખલક તણો છે પ્રભુને ખટકો, માને સાચું મન્ન જોને.

૨૬. પછે નહીં મળે હાવો જોગરે, અવસર આવ્યો છે.

૨૭. જાણી જાણી મેં તો જાણીરે, આ તો દુનીયાં દીવાની. ટેક. પંડીત કાજી વેરાગી પુરાણી, કુણ રાજા કુણ રાણીરે; આ તો દુનીયાં દીવાની. ૧

૨૮. જોતાં જોતાંમાં તન પડી જાશે રે, જોતાં જોતાંમાં તન પડી જાશે; જાશે જાશે જાશેરે, જોતાં જોતામાં. ટેક.

૨૯. દેહ છતે દાસ વીરનો વાલમ, સમરી લે શ્વાસ ઉસાસે રે. જોતાં જોતાંમાં.

૩૦. ભજન વિના અફળ જનમ તારો રે ભજન વિના. ટેક.
ભજન વિના. ભજન.

૩૧. ચેત ચેત રૂષિરાજ કહે છે, વિઠ્ઠલ વરવાનો વારો રે; ભજન વિના. ભજન.

૩૨. કાયરનું નહિ કામ, ન્યારો ભાઇ પંથ અમારો; કાયરનું નહિ કામ.

ભજન સાગરમાંથી લીધેલી ધુનો.

સત્સંગ વિષે.

૧. સુખ કહ્યું ન જાય સત્સંગનું રે,
આઠે અંગમાં આનંદ થાય—સુખ૦

૨. જેને ઘેર હરિજન હરિ જશ ગાય, તેતો નિત્ય ગંગામાં નાય (૨)

૩. જેને ન કીયો સત્સંગ જનમ ધરી, જેને ન કીયો સત્સંગરે-(ટેક)
તાકો કેવલ પશુ કરી માનો (૨) જદપિ મનુષ્યકો,
અંગરે (૨)—જેને૦

ગુરૂ વિષે.

૪. સદ્‌ગુરૂએ અમને મારેલ છેરે શબ્દોનાં બાણુ
એક રામને ભજી લ્યો નિરવાણુરે—સદ્‌૦

ઈશ્વર સ્વરૂપ વિષે.

ઈશ્વર સોથી મોટો છે.

૫. તું અગાધ પરબ્રહ્મ નિરંજન, કો અબ તોહીં લહેરે,

ઈશ્વર નિરાકાર છે.

૬. ઐસા દેશ હમારા સાધો, ઐસા દેશ હમારા હૈ (ટેક)
અલખ અચિંત્ય અરૂપ અનામી,
ગુણુ અવગુણુ તેં ન્યારા હૈ—ઐસા૦

૭. તું અગાધ, તું અગાધ, તું અગાધ દેવા,
નિગમ નેતિ નેતિ કહે, જાને નહી ભેવા—તું૦

૮. તું અગાધ પરબ્રહ્મ નિરંજન, કો અબ તોહીં લહેરે.

ઈશ્વર સાકાર છે.

૯. હમ સાકાર ઉપાસીવે, સબ ગોકુલકે બાસીવે (૨)
ઉદ્ધવ તુમ અદ્વૈત બ્રહ્મ કહો, નિરાકાર ગુનહીનેં;
પ્રેમીજનકા પંથ નહીં હમ, શુષ્ક જ્ઞાની તુમ ચિન્હે-હમ૦

ઈશ્વર સગુણ છે.

૧૦. હમ તો કૃષ્ણ છબીલો ગાવે (ટેક)
તેરો નિર્ગુન બ્રહ્મ હમે નહીં ભાવે-હમ તો૦

ઈશ્વર આ જગતથી નિરાળો છે.

૧૧. તું તો ન્યારો રહીને ખેલેરે નારાયણરે (ટેક)
તારી ઇચ્છા તે સૌ માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
તું નિર્ગુણ પણ ગુણ તુજમાં દીસે ઘણારે-તું તો૦

સૌનો ઈશ્વર એક છે.

૧૨. એ છે નિરાકાર સાકાર એનો કોઇ નથી પામ્યા પાર (ટેક)
ઋષિયો હાર્યા મુનિયો હાર્યા, હાર્યા સંત મહંત;
વેદ પુરાણો પાર ન પામ્યાં, એવો ઇશ અનંત—એ૦

જોગી ન થવા વિષે.

૧૩. નિશ્ચે કરો રામનું નામ, નથી કાંઇ જોગી થઇને જાવું,
નથી ભેખ ભગવો કંઇ કરવો (૨) ભેગું કરીને ખાવું-નિ૦

ભક્તિ વિષે.

૧૪. ભકિત મહા બળવંતીરે, વહાલો વશ થઇ આવે ઘેર (ટેક)
ભક્તિને વશ થઇને વહાલો, વસિયા ગોકુળ ગામ;
આહીરડાને લાડ લડાવ્યાં, એવા સુંદર શ્યામ—ભક્તિ૦

૧૫. ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નાંહીરે (૨)
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહીરે-(ટેક)

૧૬. ભજનકો પરિમાન, એસો હરિભજનકો પરિમાન;
નીચ પાવે ઉંચ પદવી, જલ તરે પાષાણ—એસો૦

ભકિતમાં શરમ ન કરવા વિષે.

૧૭. વરમાળા તો વિઠ્ઠલ વરની, છુટે છેડે ફરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

૧૮. હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
૧૯. ભક્તિ શૂરવીરની સાચીરે, લીધા પછી કેમ મેલે પાછી. (ટેક)
૨૦. હરિરસ મોંઘેરે મૂલ છે, શિરને સાટે વેચાયજી;
શિરનાં સાટાંરે સંતો જે કરે, મહારસ તેને દેવાયજી—હરિ.

૨૧. તમે નામ નારાયણનુંરે, લેતાં ડરશો માં,
તમે ડરતાં હો તોરે, ફરીને કોઇ લેશો માં—ટેક.
૨૨. ભાવે ભજતાં તે ત્રિભુવન નાથ, શરમ તેમાં શાની કરવીરે;
વ્હાલો રીઝવતાં વિશ્વનાથ, શરમ તેમાં શાની કરવીરે.

૨૩. હરિને ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે,
જેની સુરતી શામળીયા સાખ વદે વેદ વાણીરે—ટેક.

૨૪. કોઇ કહે તેને કહેવારે દઇએ,
આપણે હરિ ભજનમાં રહીએરે;
આપણે પ્રભુ ભજનમાં રહીએરે—કોઇ૦

વિશ્વાસ વિષે.

૨૫. મેં ભરોસે અપને રામકે, મેં ભરોસે અપને રામકે (ટેક)
ઓર ન હય કછુ કામકે, મેં ભરોસે અપને રામકે—મેં૦
૨૬. રામરતન ધન પાયો, મૈયા, મેં તો રામરતન ધન પાયો (ટેક)
૨૭. રામ સમરતાંરે કાંઇ ફીકર નહીં, સબ દુ:ખડાં મીટ જાવેરે (ટેક)

હરિ ભજવામાં આળસ ન કરવા વિષે.

૨૮. હરિનામ બિના નર એસા હય;
દીપક બિના મંદિર જૈસા હય--હરિ૦

ભક્તિ જલદી કરવા વિષે.

૨૯. હરિ ભજ્યાનું ટાણું, આ છે રામ ભજ્યાનું ટાણું;
આ છે કૃષ્ણ ભજ્યાનું ટાણું;
ભૂલ્યા શિદ ભમો છોરે, આ છે હરિ ભજ્યાનું ટાણું.
૩૦. કાયા છે ત્યાં સુધી કર સમરણ કીરતારનું રે (ટેક)

૩૧. જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે (ટેક)

૩૨. તારી કાયા નગરમાંરે, ચોર ચોરી કરે નર છાની. (ટેક)

મોત વિષે.

૩૩. તારા મનમાં જાણે છે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે (ટેક)

૩૪. તારે માથે નગારાં વાગે મોતનાંરે,
નથી એક ઘડીનો નિરાધાર;
તોય જાણ્યા નહીં જગદીશનેરે (ટેક)

૩૫. જો વિચારીને જીવ હ્રુદેમાં, મરવું એ તો સહી—(ટેક)
મેડી મંદિરને માળીઆં તારાં, પડયાં રહેશે સહી (૨)
પ્રભુને અર્થે પૈસો ન વાવર્યો, ઠાઠડી ઠાલી ગઇ—જો૦

જગત્‌ના મિથ્યાપણા વિષે.

૩૬. સબી જાન જગત વહેવાર, રેનકા સપના,
તુમ કાયકું કહત હો યાર, ભૂલ કર અપના—(ટેક)

૩૭. ચેત! પ્રાણીઆ નરકની વાટે જાવું—(ટેક)
નરક વાટે જાવું, ઘણું રહેશે તારે પસ્તાવુંરે—ચેત૦

દુઃખ વિષે.

૩૮. નાથ વિના સંકટ કોણુ નિવારે (૨)
સંકટ કોણુ નિવારે, નાથ વિના, સંકટ કોણુ નિવારે-(ટેક)

૩૯. સંકટ સર્વે હરો, ભવપતિ સંકટ સર્વે હરો-(ટેક)

૪૦. મુને ઘડી નથી વિસરતા રામ, હરિવર સંકટ હર્તા-(ટેક)

૪૧. દુસરો કોન સુખદાઇ, શ્યામ બિના,
દુસરો કોન સુખદાઇ રે—(ટેક)

સંત વિષે.

૪૨. ઓ ભાઇરે શાન્તિ પમાડે, તેને તે સંત કહીએ,
એના દાસના દાસ થઇને રહીએ—ઓ૦

૪૩. સાધુ તે જનનો સંગ, બાઇ, મારે ભાગ્યે મળ્યો છે,
મોટા પુરૂષનો સંગ, બાઇ, મારે ભાગ્યે મળ્યો છે—(ટેક)

૪૪. સંતનકે સંગ લાગરે, તેરી આછી બનેગી—(ટેક)
ધ્રુવકી બની પ્રહ્લાદકી બન ગઇ, હરિ સમરણુ વૈરાગરે-તેરી-સંત.

હરિભજનની જરૂરીઆત વિષે.

૪૫. ગોવિંદ ગાવ, મન, ગોવિંદ ગાવ (૨)
રામ કૃષ્ણ ભજવાનો આવ્યો છે દાવ–મન, ગોવિંદ૦

૪૬. ભજન કેમ કરતો નથી પાજીરે, સીતારામ કેમ થાશે રાજી (ટેક)

૪૭. દેવોને છે દુર્લભ એવો મનુષ્યા દેહ આ મળીયો,
તોય હજી હરિભક્તિમાં નથી ચિત્ત તમારો ચડિયો;

૪૮. હરિભક્તિ કરનારે, પલકમેં હોવેગા મરના;
પલકમેં હોવેગા મરના;
અહો હરિજન હૃદય કમલમેં, હરિભક્તિ કરના—(ટેક)

અર્પણ વિષે.

૪૯. સુખ છે તમારા શરણુમાં-હો શામળીયાજી;
એ મારા ગુરૂએ કહ્યું કરણુમાં-હો શામળીયાજી—(ટેક)

૫૦. રામ પીયારા, કૃષ્ણ હમારા, તુંહી તુંહી, પ્રભુ, તુંહી તુંહી હય.
તુંહી તુંહી, રામા, તુંહી તુંહી તુંહી હય (૨)
તુંહી તુંહી, પ્રભુ, તુંહી હય—રામ૦

ભગવદ્ ઇચ્છા વિષે.

૫૧. રામ રાખે તેમ રહીયે, ઓધવજી, રામ રાખે તેમ રહીયે;
આપણુ ચીઠ્ઠીના ચાકર છીયે-ઓધવજી૦

૫૨. શ્રીજી કરેસો ભલી કરેગેં, કયું મનમેં ગભરાતા હય—(ટેક)
ચિંતા તજો ભજો નંદનંદન, ઇતઉતકું કયું ધાતા હય-શ્રી૦

૫૩. હરિજન થઇને, હાણુ વરધ સુખદુઃખ મનમાં નવ ધારીયે,
ટાળ્યાં નહીંજ ટળે, ઘટ સાથે ઘડીયાં હીંમત નવ હારીયે.

૫૪. પ્રભુજીએ ધાર્યું હોય તે થાય;
ડહાપણ કોઈનું કામ ન આવે (૨)
કરોને કોટિ ઉપાય, હાંરે હાંરે કરોને૦-પ્રભુ

૫૫. જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે—(ટેક)
તું અંતરે ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે,
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે-કૃષ્ણને૦

હરિભજનની જરૂરીઆત વિષે.

૫૬. સર્વ તજીને ભજીયે શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાના આધારજો;
ભાગે સંકટ કુડાંરે સંસારનાં,
જેના નામે ઉતરીયે ભવ પાર જો--સર્વ૦

૫૭. બીજું કાંઇ ન વળે રે (૨)
ભજી લેને પ્રભુને બીજું કાંઈ ન વળે રે-(ટેક)

૫૮. જોબનકા મગરૂરી મત કરના, દિન ચારકા હય ચટકા;
રૂપ દેખકે ક્યું મન રાચો, રામ ભજનસે લ્યો લટકા-જો૦

૫૯. ઉઠો ખડા કોઇ ચેતોને પ્યારા, સાન સમજો સદ્‌ગુરૂ કેરી;
જેમ દીપકપર પવન ઝપેટે, કાળ ખડોરે તેરો શિર વેરી-ઉ૦

૬૦. જીવ તેં હરિ ન સમર્યા ઘડી, કાયા કાલ જાશે પડી.

૬૧. શા માટે તું ભજતો નથી, સેહેજે સીતારામ રે;
આ કાયા તો તારી નથી, હાડકાં ને ચામ રે,
તેમાં તે શું મોહી રહ્યો છે, ગાફલ ગુલામ રે-શા૦

૬૨. ધન્ય જેણે હરિગુણ ગાયા-સંસારીયામાં ધન્ય૦
બીજા સૌ જાણજો ભવાયા-સંસારીમાં ધન્ય૦

૬૩. હરિ ભજીયે તો આવે સુખની લહેરજો;
આ દુર્લભ મનુષ્યા દેહનો લ્હાવો લીજીયે--(ટેક)

૬૪. લેહ લગાડી રામને જપો જાવું છે મરી;
જાવું છે મરીરે, કાયા જાશે પડી—લેહ૦

૬૫. હરિસેં કોઇ નહિ બડા, દીવાના, કયું ગફલતમેં પડા—(ટેક)

સ્મર્ણ વિષે.

૬૬. ભજોને ભગવાનને, પછી દિલમાં થાશે ઓરતો;
કરશો કુડાં કામ, વાલીડાની વસ્તુ નથી હોરતોરેજી—ભ.

૬૭. સુમરન બિના સુખ નહીં પાવેગા;
નહીં પાવેગા, નહીં પાવેગા—(ટેક)

૬૮. નારાયણનું નામ લેને તું પ્રાણીરે;
બદ્રીનાથ પ્રગટ જુગ જાણી—(ટેક)

અભિમાન વિષે.

૬૯. ગર્વ કીયો સોઇ નર હાર્યો, સીયારામજીસેં ગર્વ કીયો૦

શ્રીકૃષ્ણ વિષે.

૭૦. જય જય કૃષ્ણ, કમલદલલોચન,
કલિમલમોચન કંસ અરિરે—(ટેક)

૭૧. વ્રજ વહાલુંરે વૈકુંઠ નહીં આવુંરે (૨)
ત્યાં નંદકુંવર કયાંથી લાવુંરે—વ્રજ વહાલું૦

ઢોંગી ભકત વિષે.

૭૨. જુઠા જુઠી ન ઝાલો માળા—હાંરે જુઠા૦
માળા માળા માળા રે—જુઠા૦

૭૩. પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય, તારા દિલનું કપટ ન જાય;
પ્રભુકીર્ત્તન પ્રભુનામ સ્મરણમાં, અતિશય આળસ તારે;

૭૪. અરે શું સમજ્યો વૈષ્ણવ થઇ, અવિદ્યા જો અળગી નવ ગઇ.
જ્ઞાન વૈરાગ્ય ગમે નહીં ગાતાં, રાસકથાના રસીયા;
કામ ક્રોધ મદ લોભ ગર્વ છળ, અંતરથી નવ ખસીયા-
અરે૦

૭૫. વૈષ્ણવ નથી થયોરે, શીદ ગુમાનમાં તું ઘૂમે—(ટેક)
હરિજન જોઇને હૈડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં (૨)

પ્રેમ વિષે.

૭૬. જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે—(ટેક)

૭૭. પ્રેમનો પંથ છે ન્યારો, સરવ થકી પ્રેમનો પંથ ન્યારો—(ટેક)

૭૮. મેં તો હરિગુણ ગાવત નાચુંગી (૨)
નાચુંગી મેંતો નાચુંગી, મેંતો હરિગુણ ગાવત નાચુંગી-(ટેક)

૭૯. દિલ લગાયે રામ ફકીરીમેં—(ટેક)
રામ ફકીરી અદલ ફકીરી (૨)
ચારો ખુટ જાગીરીમેં—દિલ૦

૮૦. વહાલો પ્રેમને વશ થયા રાજીરે;
એમાં શું કરે પંડિત ને કાજી રે—વહાલો૦

૮૧. પ્રેમની વાત છે ન્યારી
ઓધવજી, પ્રેમની વાત છે ન્યારી—(ટેક)
પ્રેમની વાતોમાં ઓધા, તમે ન જાણો;
બીજા શું જાણે સંસારી— ઓધવજી૦

૮૨. વ્હાલો મારો સાચાનો સંગાથીરે, જેણે પ્રીત કીધી—(ટેક)

પરમાર્થ વિષે.

૮૩. સ્થિર કરીને કોઈ આ ઠામ, રે નથી રહેવાનું;
કરી લો કાંઇ રૂડાં કામ, રહેશે કહેવાનું—(ટેક)

૮૪. ભકતોની ભીડ કયાં ન આવ્યો રે, હું તો ભક્તોની૦
એમ કહે છે શ્રી રણછોડ રાયો રે, હું તો ભક્તોની૦

૮૫. જે જન ઓધા મોહે ન બિસારે, તાહે ન બિસારૂં છિન એક ઘડીરે.
મોકુ ભજે ભજું મેં વાકું, કલ ન પડત છિન એક ઘડીરે;

૮૬. કોઇનો ભ ર ન રાખે મોરારી, આપે વ્યાજ સીખે ગર્થ વાળી ટેક
સુદામાજીના તાંદુલ લીધા, તેના મોલ કનકનારે કીધા.

જીવને છેલ્લી શીખામણ.

૮૭. કયાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ જાત છેરે;
મર આપીએ સો સો શીશ, તોય અણુમળ્યાની વાત છેરે.

૮૮. રામ શબ્દની માળા જપો તો, છુટે જનમ જંજાળા;
સદ્‌ગુરુ રામ શબ્દની માળા હોજી.
૮૯. માનો મળી છે મોટી વાત, હાથે આવી તેમાં ન હારજોરે;
કરી જતન દિવસ રાત, સુતાં બેઠાં સંભારજોરે.
૯૦. જે દુઃખ થાય તે થાજો રે, રૂડા રામને ભજતાં. (ટેક)
પિંડ પડે તોએ પડવા રે દેજો, જીવ જાયે તો જાજો રે-રૂડા૦

સાધારણ નીતિ વિષે.

૯૧. ભાવથી પ્રભુ ભજો, પ્રભુ ભજો (૨)
તમે તરકટ કરવાં તજો રે—ભાવથી૦

વ્યભિચાર વિષે.

૯૨. તમે પાછાને વળાવોરે (૨) રાજા રાવણ જાનકી રે;
જાનકી છે ગઢ રે લંકાનો રે કાળ-માતાજી છે ગઢરે-તમે૦

નામ માહાત્મ્ય વિષે.

૯૩. કૃષ્ણ રામા રામા રામા, કૃષ્ણ રામા રામા રામા;
રામા રાયા રઘુબા રે, રાયા રઘુબા રે—કૃષ્ણ૦
૯૪. નામ સુધારસ સાર સરવમાં, પરખી પ્રેમસું પીધોરે;
ભૂતળપતિ પદ તેને ન ભાવે, લહાવો નૌતમ લીધો રે ના૦

કૃપા વિષે.

૯૫. જીરે સુંદીર શ્યામ સોહામણો (૨) જેને નિગમ નિરંતર ગાય;
તેને ભજો ભાવશું. (ટેક)
૯૬. કૃપા કરો કીરતાર, અમો પર કૃપા કરો કીરતાર;
હે પ્રભુ જગદાધાર, અમો પર કૃપા કરો કીરતાર.
૯૭. કૃપા વિના પ્રભુજી, કેમ કાર્ય સરે રે;
કેમ કાર્ય સરે રે, કેમ કાર્ય સરે રે—કૃપા૦

માયા વિષે.

૯૮. હરિ હું શું કરૂંરે, મારો માયા ન મૂકે કેડો. (ટેક)
કોટિ કલ્પ સુધી એણે ભમાવ્યો ભમું હજુ નહીં છેડો;
મુજથી ન છુટે ન આપ છોડાવો, મારો કિયે ભવે નીવેડો-હરિ.

લયલીનતા વિષે.

૯૯. હરિમહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જેને;
અજતનયા ઉમાપતિ વંદે, કરે કમળા પદસેવ જેને.

૧૦૦. ઘેલા અમે ભલે થયારે બાઇ, મારે ઘેલામાં ગુણ લાધ્યું;
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું.
૧૦૧. વહાલા લાગો છો વિશ્વાધારરે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસારરે, સગપણ તમ સાથે.
૧૦૨. મારે આવ્યો અલૌકિક દાવરે, કોઇ મને શું કરશે;
માથા સાટે વર્યા મેં તો માવરે, કોઇ મને શું કરશે.

૧૦૩. વરીએ તો શામળિયો વરીએ રે,
ચતુર વર, વરીએ તો શામળીયો વરીએ (ટેક)

૧૦૪. મારે વર તો વિઠ્ઠલને વરવું છે રે, હાંહાંરે મારે વર તો૦—
બીજાને મારે શું કરવું રે—મારે વર તો૦—
૧૦૫. અખંડવરને વરી, સાહેલી હું તો અખંડ વરને વરી-(ટેક)
ભવસાગરમાં મહાદુઃખ પામી, લક્ષ ચોરાશી ફરી-સાહેલી૦
૧૦૬. ગોકુળ વહેલા પધારજો રે (૨)
મથુરા જાઓ તો મારા સમ હો લાલ—ગોકુળ વહેલા૦

૧૦૭. રસ અગમ અપાર, સુરનર,
પાર ન પામે મન વાણી વડે
મારા વહાલાજી, જોગેશ્વર જોતાં તે કોઇને નહીં જડે-(ટેક)

૧૦૮. એવો અખંડ અમરવર હું વરી, ફરી પડવો નહીં ભવફંદ—અ.
જેનું સ્વરૂપ અતિ સોહામણું, અખિલ લોકનો આનંદ—અ૦

૧૦૯. રે સગપણ હરિવરનું સાચું;
બીજું તો સર્વે ક્ષણભંગુર કાચું--રે સગપણ૦

૧૧૦. જીવને સાટેરે, માળા મારા જીવને સાટેરે (૨)
શું મૂકું મૃત્યુભય માટે, માળા મારા જીવને સાટેરે--(ટેક)
૧૧૧. અનુભવી એ તો એકલું આનંદમાં રહેવુંરે,
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઇ ન કહેવુંરે—(ટેક)
૧૧૨. રામ બાણ લાગ્યાં હોય તે જાણે,
બોલ્યા મૂરખ મનમાં શું આણે—(ટેક)

દીનતા વિષે.

૧૧૩. અપરાધ ક્ષમા કરો મારો, પ્રભુ અપરાધ ક્ષમા કરો મારો.
નિંદિત કર્મો જે મેં કીધાં (૨) તે પ્રભુ સર્વે નિવારો-પ્ર૦

૧૧૪. અપરાધો અમારા પ્રભુ મહા ઘણા રે (૨)
કૃપાસિંધુ તમે ક્ષમા કરો અપરાધ-અપરાધો૦

૧૧૫. ચાકર રાખોજીરે, અમને ચાકર રાખોજી,
શામળીયા ગિરીધારી લાલા ચાકર રાખોજી,

૧૧૬. કૌન કુટિલ ખલ કામી મોસમ, કૌન કુટિલ ખલ કામી-મો૦
તુમસેં કહા છીપા કરૂનાનિધી, તુમ ઉર અંતરજામી—મો૦

૧૧૭. અપરંપાર પ્રભુ અવગુણ મોરા, માફ કરોને મુરારિરે-(ટેક)

પ્રાર્થના વિષે.

૧૧૮. અન્ય નહીં પ્રભુ ત્રાતા;
તુજ વિના, અન્ય નહીં પ્રભુ ત્રાતા. (ટેક)

૧૧૯. હરિ જેવો તેવો હું દાસ તમારો, કરૂણાસિંધુ ગ્રહો કર મારો-ટેક

૧૨૦. પોતાના જનને ઉધારે, જેમ તેમ પોતાના જનને ઉધારે. (ટેક)
કામી ક્રોધી લોભી અધમ અતિ, તેના ત્રાસ નિવારે (૨)

૧૨૧. શરણુ ખરૂં છે તમારૂં, પ્રભુજી મારે શરણુ ખરૂં છે તમારૂં
અનુગ્રહ નાથ અપાર કીધા છે (૨)
હૃદય થકી ન વિસારૂં—હાંહાંરે પ્રભુ, હૃદય૦—પ્રભુજી૦

૧૨૨. દીનનો દયાળ છોડી, કોને શરણુ જાઉં;
કોને શરણુ જાઉં, પ્રભુ, કોને શરણુ જાઉં. (ટેક)

છેલ્લી સ્તુતિ.

૧૨૩. તમે છો પ્રભુ અન્નદાતા અમારા,
તમે છો પ્રભુ સર્વથી શ્રેષ્ઠ સારા.

૧૨૪. શાંતિ શાંતિ શાંતિ, પ્રભુ, શાંતિ સદા આપો. (ટેક)
પરમ કૃપા કરી કૃપાળ, કલેશ કષ્ટ કાપો—શાંતિ૦

સૌનું ભલું ઇચ્છવા વિષે.

૧૨૫. દુનિયાનાં દુઃખ નિવારો રાજ, દયા કરોને હવે દીનબંધુ.
જન પામ્યા છે પીડા પાકી (૨)
બનવાની ન રહી બાકી રાજ—દયા કરોને૦

૧૨૬. સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ. (ટેક)

नारायण. नारायण. नारायण.